ગુ. ૩૫૦૧

卐 ઠળીયા મંડન પ્રગટ પ્રભાવી શ્રી ઋષભદેવસ્વામિને નમઃ 卐

।। ધ્યા. સ્વ.પૂ. આગમોદ્ધારક આચાર્યવર્ય શ્રી આનંદ સાગરસૂરીશ્વરેભ્યો નમઃ ।।

卐 શ્રી આગમોદ્ધારક જૈન ગ્રંથમાલા ગ્રંથાંક 卐

— શ્રા —

# સાગર સમાલોચના સંગ્રહઃ

## યાને

# આગમોદ્ધારકની શાસનસેવા

આ ગ્રંથરત્નમાં —

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક – આગમ વાચના દાતા – બહુશ્રુત – આગમમંદિરોના સંસ્થાપક – વાદિમદ ભંજક – કલિકાલ કલ્પતરૂ – ધ્યા. સ્વ. પ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબશ્રીએ 'સિદ્ધચક' નામના પાક્ષિક પત્રમાં પ્રસંગે - પ્રસંગે અનેક વિષયોની જે સમાલોચના કરી છે તે દરેક સમાલોચનાઓનો સંગ્રહ કરવામાં આવેલ છે. ]

-: સંગ્રાહક :-

અવિચ્છિન્ન તપાગચ્છ સમાચારી સંરક્ષક – પરમ શાસન પ્રભાવક – સિદ્ધહસ્ત લેખક-સમર્થ વ્યાખ્યાતા – શાસનસ્થંભ – મહાવિજયવંત – શાસનકંટકોદ્ધારક પ.પૂ. આચાર્યદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર – શાસન – સમુદાય હિતવત્સલ જ્યોતિર્વિદ્ પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રસાગર સૂરિજી મહારાજ


* પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન *

શ્રી આગમોદ્ધારક ગ્રંથમાલા વતી
પરીખ રમણલાલ જેચંદભાઇ તથા
સૌભાગ્યચંદ ચૂનીલાલ શાહ

જી. ખેડા, મુ. કપડવંજ – ૩૮૭૬૨૦

| | | |
|---|---|---|
| વીર સં. ૨૫૧૮ સને ૧૯૯૨ | અક્ષય તૃતીયા કિં. રૂા ૨૫-૦૦ | વિ. સં. ૨૦૪૮ ફ્રેંચ પી ૫૦૦ |

卐 ઠળીયા મંડન પ્રગટ પ્રભાવી શ્રી ઋષભદેવસ્વામિને નમઃ 卐

।। ધ્યા. સ્વ.પૂ. આગમોદ્ધારક આચાર્યવર્ય શ્રી આનંદ સાગરસૂરીશ્વરેભ્યો નમઃ ।।

[redacted] શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી ગ્રંથમાલા ગ્રંથાંક ૬૦ મો. [redacted]

— શ્રી —

# સાગર સમાલોચના સંગ્રહઃ

## યાને

# આગમોદ્ધારકની શાસનસેવા

આ ગ્રંથરત્નમાં —

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક – આગમ વાચના દાતા – બહુશ્રુત – આગમમંદિરોના સંસ્થાપક – વાદિમદ ભંજક – કલિકાલ કલ્પતરૂ – ધ્યા. સ્વ. પ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબશ્રીએ 'સિદ્ધચક્ર' નામના પાક્ષિક પત્રમાં પ્રસંગે - પ્રસંગે અનેક વિષયોની જે સમાલોચના કરી છે તે દરેક સમાલોચનાઓનો સંગ્રહ કરવામાં આવેલ છે. ]

—: સંગ્રાહક :—

અવિચ્છિન્ન તપાગચ્છ સમાચારી સંરક્ષક – પરમ શાસન પ્રભાવક – સિદ્ધહસ્ત લેખક-સમર્થ વ્યાખ્યાતા – શાસનસ્થંભ – મહાવિજયવંત – શાસનકંટકોદ્ધારક પ.પૂ. આચાર્યદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર – શાસન – સમુદાય હિતવત્સલ જ્યોતિર્વિદ્ પૂ આચાર્ય શ્રી નરેન્દ્રસાગર સૂરિજી મહારાજ


પ્ર....કા....શ...ક અને પ્રા...પ્તિ...સ્થા...ન

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાન મંદિર

વ્ય. શા. જીતેન્દ્રકુમાર લહેરચંદ

જી. ભાવનગર, વાયા – તળાજા, મુ. ઠળીયા-૩૬૪૧૪૫

| | | |
|---|---|---|
| વીર સં. ૨૫૧૮ સને ૧૯૯૨ | અક્ષય તૃતીયા | વિ. સં. ૨૦૪૮ |
| | કિં. રૂા. ૨૫-૦૦ | કોપી ૫૦૦ |


# સહાયકોની શુભ નામાવલી

| રકમ | સહાયક | ગામ |
|---|---|---|
| રૂા. ૫૦૦૦ = | પૂ.આ.શ્રી સૂર્યોદયસાગરસૂરિજી મ.ના ઉપદેશથી શેઠ મીઠાભાઈ કલ્યાણચંદ ધર્મ ફંડ પેઢી | —કપડવંજ |
| રૂા. ૨૦૦૦ = | પૂ પં. શ્રી અશોકસાગરજી મ.ના ઉપદેશથી શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર સંસ્થા. | —પાલીતાણા |
| રૂા. ૨૦૦૦ = | શ્રી તાલધ્વજ જૈન તીર્થ કમિટિની પેઢી | —તળાજા |
| રૂા. ૧૧૦૦ = | પૂ.આ. શ્રી પદ્મસાગરસૂરિજી મ.ના ઉપદેશથી શ્રી જૈન શ્વે. મૂ પૂ સંઘ | —પાલી (મારવાડ) |
| રૂા. ૧૦૦૦ = | પૂ.આ શ્રી વિજયયશોભદ્રસૂરિજી મ. [ડહેલાવાળાના] ના ઉપદેશથી તખતગઢ મંગળ ભુવનના આરાધકો | —પાલીતાણા |
| રૂા. ૧૦૦૦ = | પૂ. પં. શ્રી મહાયશ સાગરજી મ.ના ઉપદેશથી શ્રી જૈન શ્વે મૂ. પૂ. તપગચ્છ સંઘ | —માંડુંગા |
| રૂા. ૧૦૦૦ = | પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ. ના ઉપદેશથી શ્રી અંજનાશ્રીજી આરાધના ભુવનની આરાધક બહેનો તરફથી. ગિરિરાજ સોસાયટી. | —પાલીતાણા |
| રૂા. ૧૦૦૧ = | પૂ.સાધ્વીજી શ્રી પ્રતીક્ષાશ્રીજી મ.ના સ્મરણાર્થે તેમના શિષ્યા પૂ સાધ્વીજી શ્રી મૃદુતાશ્રીજી મ.ના ઉપદેશથી કૃષ્ણનગર નયન નગરની આરાધક બહેનો | —અમદાવાદ |
| રૂા. ૫૦૧ = | પૂ સાધ્વીજી શ્રી મલયાશ્રીજી મ.ના ઉપદેશથી ખાનપુરની આરાધક બહેનો | —અમદાવાદ |
| રૂા. ૫૦૧ = | પૂ. સાધ્વીજી શ્રી વિનીતયશાશ્રીજી મ.ના ઉપદેશથી દાદા સાહેબની બહેનોના જ્ઞાનખાતેથી હ: ચંદનબેન | —ભાવનગર |

શ્રી વર્દ્ધમાન જૈન આગમમંદિરોના સંસ્થાપક-શૈલાના નરેશ પ્રતિબોધક

આ....ગ....મ...વા....ચ...ના....દા....તા

આ....ગ...મો...દ્ધા....રે...ક



જન્મ :

વિ. સં. ૧૯૩૧
અ. વદ ૦))
કપડવંજ

દીક્ષા :

વિ. સ. ૧૯૪૯
મહા શુ. ૫
લીંબડી

વડી દીક્ષા :

વિ. સં. ૧૯૪૯
લીંબડી

પંન્યાસપદ :

વિ. સં. ૧૯૬૦
અ શુ. ૧૩
અમદાવાદ

આચાર્યપદ :

વિ સં. ૧૯૭૪
વૈ. વદ ૧૦
સુરત

સ્વર્ગવાસ :

વિ. સં. ૨૦૦૬
વૈ. વ. ૫ શનિ
સુરત

પૂ. આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજા

## સાગર 'સમાલોચનાસંગ્રહ'ની

# પ્ર...સ્તા...વ...ના

પુસ્તકો, શાસ્ત્રો, ગ્રંથો આદિમાં આમુખ, પ્રાક્કથન કે પ્રસ્તાવના આદિ. આપવાની બહુધા પરંપરા એટલા માટે હોય છે કે–વાચકવર્ગ, તે–તે પુસ્તકના વાંચનનો પ્રારંભ કરતાં પહેલાં પ્રસ્તાવના તરફ નજર નાખે. આનું પણ મુખ્ય કારણ એ હોય છે કે– ગ્રંથમાં રજુ થયેલ રસસભર એવા હોય પદાર્થોની માહિતી તેને પ્રસ્તાવનામાંથી મળી આવે. તેવીજ રીતે ગ્રંથકારની મહત્તા, ગ્રંથપ્રકાશનનો ઉદ્દેશ, સાહાય્યકાદિનો આભાર આદિની સમજણ પણ તે પ્રસ્તાવનામાં આવરી લેવાની હોય છે.

**સાગરજી મહારાજ'** ના લાડીલા નામથી પ્રસિધ્ધ એવા શૈલાના નરેશ પ્રતિબોધક, વાદીગજકેસરી, જ્ઞાનવૃધ્ધ, વયોવૃધ્ધ, સકલાગમનિષ્ણાત, આગમવાચનાદાતા, આગમમંદિર સંસ્થાપક, આગમોધ્ધારક, ધ્યાનસ્થસ્વર્ગત પૂજ્ય આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. શ્રીના નામથી અને તેમના શાસનસંરક્ષક કામોથી જૈન–જૈનેતર સમાજનો કોઈક જ આત્મા અપરિચિત હશે.

કે–જે મહાપુરૂષે પોતાની સમગ્ર જીંદગી, આગમ–શાસ્ત્રોના પઠન–પાઠન મનન-વાંચન અને નિદિધ્યાસનમાં તેમજ સાહિત્યરચનામાં જ પૂર્ણ કરેલ છે. તેવીજ રીતે તાત્વિક વાચનાઓ–તાત્વિક દેશનાઓ–તાત્વિક સમાધાનો–તાત્વિક સમાલોચનાઓ દ્વારા જૈન–જૈનેતરસમાજના વ્યાપક ઘોર અજ્ઞાનઅંધકારને ઉલેચવામાં જ પૂર્ણ કરેલ છે ! એટલુંજ નહિ; પરંતુ તિથિચર્ચા–મતમતાંતરો–તીર્થરક્ષા–સિધ્ધાંતરક્ષા આદિ શાસનરક્ષાને લગતા પ્રશ્નોમાં તન-મનનો ભોગ આપવામાં સદાય કટીબદ્ધ રહેનાર આ એકજ મહાપુરુષ હતા.

આવા વિશ્વવંદ્ય પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશશ્રીએ ખરતર, પાસચંદ, તેરાપંથી, સ્થાનકવાસી, દિગંબર, કાનજી સ્વામી, તુલસીજી, બેતિથિવાળા આદિ

તરફથી શાસન - શાસ્ત્ર અને સામાચારી વિરૂધ્ધના આક્રમણોકારોની ટુંકાણમાં સમાલોચના કરીને તિથિચર્ચા–મુહપત્તિચર્ચા-દેવદ્રવ્યચર્ચા-આર્યાનાર્યચર્ચા-દીક્ષાપ્રકરણ આદિ ભિન્ન ભિન્ન વિષયો પરત્વે જીભાન સદંતર બંધ કરી દીધી હતી.

આવી એકાંતે શાસનહિતકારી એવી આ સમાલોચનાંનો સંગ્રહ, જો 'પુસ્તકરૂપે પ્રસિધ્ધ થાય તો તેવા પ્રકારના ભવિષ્યમાં ઉભા થતાં શાસનપ્રત્યનીકો સામે ચંદ્રહાસખડ્ગનું કામ કરી આપે' એવી અનેક આરાધક આત્માઓની ભાવનાને ધ્યાનમાં રાખીને વિક્રમસંવત્ ૧૯૮૮થી ૨૦૧૨ સુધીના 'સિધ્ધચક્ર' માસિકમાં મુદ્રિત થએલી તે તે સમાલોચનાઓનો ત્રણ વર્ષના સતત પરિશ્રમે સંગ્રહ કરવામાં આવ્યો અને તેને 'સાગર સમાલોચના સંગ્રહ–યાને આગમોધ્ધારકશ્રીની શાસનસેવા' નામે પુસ્તકરૂપે જનતાસમક્ષ રજુ કરતાં આનંદ અનુભવું છું.

આ પુસ્તકરત્નના પ્રકાશનમાં ભાવભર્યું પ્રોત્સાહન આપનાર સમુદાયહિતવત્સલ શ્રુતપ્રેમી-આત્મસખા પૂ.આ શ્રી સૂર્યોદયસાગરસૂરિજી મ.નો આમૂલચૂલ મહત્વનો ભાગ ભજવનાર દીર્ઘઅનુભવી – શાંતમૂર્ત્તિ વિદ્વિલબંધુ પૂ પ્રવર્ત્તક મુનિરાજશ્રી મુનીન્દ્રસાગરજી મ નો તથા પ્રેસકોપી આદિનું કાર્ય કરવામાં મહત્વનો ફાળો આપનાર વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી, શીલવ્રતાશ્રીજી - વિમલયશાશ્રીજી, પૂર્ણકલા શ્રીજી આદિ સાધ્વીગણનો તેમજ બનતી કાળજી રાખી સુંદર મુદ્રણ કાર્ય કરી આપનાર શ્રી અરૂણોદય પ્રીં. પ્રેસના માલીક શ્રીયુત ફતેચંદ ખોડીદાસ ગાંધી આદિનો અને સહાયકોનો તન–મન–ધનનો ભોગ ખરેખર અવિસ્મરણીય રહેશે.

પ્રાન્તે આ 'સાગર સમાલોચના સંગ્રહ યાને આગમોધ્ધારકશ્રીની શાસનસેવા' ગ્રંથરત્નનું આમૂલચૂલ મનન–ચિંતન કરીને અને તેમાં રહેલા પૂ આગમોધ્ધારક આચાર્યદેવેશશ્રીના ઓજસ–ખમીર-શાસનરક્ષાની ધગશને પીછાણીને સુજ્ઞવાચકો પણ સ્વશક્ત્યનુસાર શાસનપ્રત્યનીકોના આક્રમણોનો પ્રતીકાર કરી શાસનરક્ષામાં પોતાના તન–મન–ધનનો ભોગ આપવાપૂર્વક સ્વ–પર કલ્યાણ સાધે એવી શુભેચ્છા

નરેન્દ્રસાગરસૂરિ

પાલીતાણા ૨૦૪૮ ચૈત્ર શુદિ ૧

# સાગર સમાલોચના સંગ્રહ

— યાને —

# આગમોદ્ધારકની શાસનસેવા

સમા. – શાસનકંટકોદ્ધકશિશુ – નરેન્દ્રસાગરસૂરિ

સિદ્ધચક્રપાક્ષિક વર્ષ ૧ અંક ૪ પૃ ૯૫

નોંધ – પત્રકારને વાંચકોએ પત્રદ્વારાએ પૂછેલાં પ્રશ્નના સમાધાન પૂજ્યપાદશ્રીજી 'આગમોદ્ધારક' પાસેથી મેળવી અત્રે પ્રગટ કરાય છે— તંત્રી )

**૧ પ્રશ્ન**-શ્રી પાલચરિત્રનો ઉલ્લેખ શ્રી રત્નશેખરસૂરીશ્વરજીની પહેલાના રચાયેલા કોઇપણ જૈન શ્વેતાંબર કથાનકમાં અગર આગમમાં છે યા નહિ ?

**સમાધાન**–શ્રી કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસુરીશ્વરજી વિરચિત 'શબ્દાનુશાસન'ની ટીકા અને ન્યાસ જુઓ.

**૨ પ્રશ્ન**-શ્રી સિદ્ધચક્રની અંદરના પરમેષ્ઠીઓના રંગો તથા ચક્રેશ્વરીજીનું વાહન સિંહ તેમજ વિમલેશ્વરનું વર્ણન વિસ્તારપૂર્વક કયા ગ્રંથોમાં છે. ?

**સમાધાન** – સેનપ્રશ્નમાં અરિહંતાદિકના શ્વેતાદિક વર્ણોને ધ્યાનમાં ઉપયોગી જણાવે છે. દેવતાઓ જુદા જુદા વાહનો વાપરી શકે છે વળી જ્યેં તરૈ આદિના ધ્વજ આદિમાં પણ અનેક ચિન્હો હોય છે નવા થયેલ અધિષ્ઠાયકોનું શાશ્વતી દ્વાદશાંગીમાં વર્ણન ન પણ હોય ખુદ શ્રી પાર્શ્વનાથ ભગવાનને અંગે ધરેન્દ્ર અને પદ્માવતીનો શ્રીનેમનાથજી ને અંગે અંબિકાનો અધિકાર પણ સુત્રોમાં સામાન્ય કે સવિસ્તર નથી તેમાં પણ ઉપરનું જ કારણ સંભવે છે કદાચ કોઇ પ્રાચીન અપ્રચલિત ગ્રંથોમાં તે અધિકાર હોય તો પણ ના કહી શકાય નહિ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે જ્યારે સિદ્ધચક્ર એ પ્રકારનું જણાવ્યું છે તો જરૂર કોઇ પૂર્વના ગ્રંથોમાં તેનું સ્વરૂપ, તેના રંગ, તેના અધિષ્ઠાયક વગેરેનું વર્ણન હોવું જોઇએ. શ્રી રત્નશેખરસૂરિકૃત શ્રીપાલ ચરિત્રમાં અત્યારે પણ તે દેખાય છે.

**૩ પ્રશ્ન** સિદ્ધચક્ર પાક્ષિક અંક બીજો, પા. ૪૭ પ્ર. ૧૦૬ની અંદર 'વિવેક એક સરખો છે !' અર્થાત્ વિવેક એટલે શું ?

**સમાધાન** – સંસાર અને મોક્ષસંબંધિની અનુક્રમે સર્વથા હેયપણાની અને સર્વથી આદરણીયપણાની જે બુદ્ધિ તે વિવેક ગણવો, અને તે સમ્યક્ત્વના અંગે હોવાથી ચોથા ગુણઠાણાથી સર્વ ગુણઠાણાઓમાં હોય; અને ચોથે ગુણઠાણે પણ ક્ષાયિક સમ્યક્ત્વવાળાને જેવો તે હેયોપાદેયની બુદ્ધિફળરૂપ વિવેક હોય તેવો જ ચૌદમે ગુણઠાણે પણ આત્મ-પરિણામની અપેક્ષાએ હેયોપાદેયનો વિવેક હોય.

**૪ પ્રશ્ન** – શાસનમહેલની સીઢીમાં સમ્યક્ત્વ સંબંધિની ઘટના કયા આગમમાં છે?

**સમાધાન** – સૂયગડાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના ક્રિયાસ્થાન અધ્યયનમાં શ્રાવકના અધિકારમાં ઇણમેવ' ઇત્યાદિ પાઠ સ્પષ્ટ શબ્દોમાં છે



સિદ્ધચક્રપાક્ષિક વર્ષ ૧ અંક ૬ પૃ. ૧૪૩

## પત્રકારનો ખુલાસો

૧ શ્રી પંચવસ્તુમાં 'अन्नमु (ब्रूमु) वगयंति संत' કહીને દીક્ષા અંગીકાર કર્યા પછી પરીક્ષા અને તેનો કાલ છ માસ આદિ જણાવે છે વળી 'स्वचर्याप्रदर्शनादिना' એ વાક્ય, સાધુની ક્રિયા દેખાડવી અરે ! કરાવવી વિગેરે પરીક્ષાકાલમાં જણાવે છે માટે પણ દીક્ષા પછી પરીક્ષા છે વળી 'सावद्यपरिहारेण' એમ જણાવી 'પૃથ્વીકાયાદિકની વિરાધનાનો બરાબર ત્યાગ કરે છે કે કેમ ?' એ દ્વારા પરીક્ષા કરવાની જણાવેલ હોવાથી અને તે પરીક્ષાનો અધિકાર વડીદીક્ષાની યોગ્યતામાં લીધેલો હોવાથી જ પરીક્ષાનો વખત દીક્ષા પછી જાણવો

છજીવનિકાય અધ્યયના જ્ઞાન વીના છકાયનું જ્ઞાન કયાંથી થાય ? અને તેનું જ્ઞાન થયા વિના સ્વતંત્રપણે વધનો પરિહાર કરે કયાંથી ? અને તે સિવાય પરીક્ષ ને યોગ્ય કયાંથી હોય ? અને દશવૈકાલિકના ચોથા અધ્યયને મટે પણ તે જ ગ્રંથમાં અપ્રાપ્ત, અકથિત, અનધિગત, અપરીક્ષિત વગેરે કહીને યોગની આવશ્યકતા, પરીક્ષા પહેલાં હોવાનું સ્પષ્ટ કરે છે.

સામાયિકની સાથે આદિ શબ્દથી પ્રતિક્રમણ વિગેરે કહી પ્રતિદિનોપયોગી સુત્રો વગર ઉપધાને સાધુ થનારને અપાય એમ જણાવે છે; પણ તેથી આવશ્યકના યોગ જે દીક્ષા પછી થયા છે તે ઉડી જતા નથી તેમજ દશવૈકાલિકના યોગ પણ ઉડી જતા નથી. **અર્થાત્ પરીક્ષાનો કાલ દીક્ષા અને વડીદીક્ષા વચ્ચેનો** છે, પૃચ્છાની અપેક્ષએ આ બીજી પરીક્ષા દીક્ષા પછી હોવાથી જ 'पुणो पडिविखज्ज पवयणविहीए' એમ ફેર અનેક વચનવિધિથી પરીક્ષા કરી (કહી) છે.

૨ જૈનશાસ્ત્રમાં 'અસ્પૃશ્યતાનું સ્થાન છે કે કેમ ?' તે બાબતમાં શ્રીનિશીથચૂર્ણિ, પ્રવચનસારોદ્ધારવૃત્તિ પ્રવચનસારોદ્ધાર કીપ્પન, યતિજીતકલ્પ, ગુરૂગુણષત્રિંશિકાવૃત્તિ, ધર્મસંગ્રહવૃત્તિ વિગેરે જોનારને સ્પષ્ટ માલુમ પડશે કે- માતંગ આદિને અસ્પૃશ્યતાદોષને અંગેજ દુષિત ગણી દીક્ષાને અયોગ્ય ગણ્યા છે. અને તેથીજ ચિત્રસંભૂતિમુનિને કોઇ ગચ્છ એટલે સમુદાયવાળા મુનિએ દીક્ષા આપી નથી એમ કહેવાય છે. ઉત્તરાધ્યયન વિગેરે વાંચનારને સ્પષ્ટ માલુમ પડશે કે ચિત્રસંભુતિને કુલદોષથી જ ત્રણ-ત્રણ વખત (બે વખત ગૃહસ્થપણામાં અને એક વખત સાધુપણામાં) તાડન આદિ થયેલાં છે અને તે ખુદ મુનિઓએ પણ અનશન કરી અકાલે શરીરનાશ કરવાનો માર્ગ લેવામાં નીચકુલથી થતી પીડાઓ જ આગલ કરી છે એ વાત શ્રી ભાવવિજયજીકૃત ઉતરાધ્યન ટીકા વગેરેમાં સ્પષ્ટ છે. ગાનારાઓની ઇર્ષ્યામાં તથા લોકોએ ગણેલ રાજાના આદેશભંગના હેતુમાં તથા પ્રધાનની બદદાનમાં પણ નીચકુલના જન્મને જ આગળ કરવામાં (ગણવામાં) આવ્યો છે.

૩ આ પાક્ષિકમાં આવતા પ્રશ્નો, ઘણે ભાગે ચતુર્વિધ સંઘ તરફના હોય છે છતાં નામ આપવા ઇષ્ટ ગણ્યા નથી.

૪ જૈનશાસનને અર્થ અને પરમાર્થ તરીકે અને તે સિવાયની સર્વ વસ્તુને અનર્થ તરીકે માનવાની છે પણ સામાન્ય ત્યાજ્યકોટી તરીકે ઇતરને ગણી કહાડવાના નથી. ઇતર વસ્તુઓજ અનાદિથી રખડાવનાર, ચારગતિની રખડપટ્ટી કરાવનાર છે. માટેજ જુલમગારછે.

૫ જ્ઞાતાસૂત્ર, દર્દુરાંકજ્ઞધ્યયન તથા વિશેષણવતીમાં તિર્યંચોને અન્ત્ય અવસ્થાએ સર્વથા પ્રાણાતિપાતના પચ્ચકખાણ હોવાથી મહાવ્રત છતાંય 'ઇચ્છા-મિચ્છાદિકને પડિલેહણ' આદિ સામાચારીના અભાવથી ચારિત્ર નથી' એમ માન્યું છે.

૬ કર્મના ઉદયથી થએલી ને કર્મબંધ કરાવનારી મોહનીયની પ્રવૃત્તિઓને 'કરવા લાયક તરીકે તો ફકત શ્રદ્ધાહીનો ગણે છે, કોઇપણ શાસનપ્રેમી ગણતો જ નથી.

૭ શ્રી આચારાંગ, નિશીથ ને ઓઘનિર્યુક્તિ જેવા જીનેશ્વર આદિના સમસમયના આગમોમાં દુગુછનીય આદિ કુલોના પ્રવેશ આદિનો સ્પષ્ટ નિષેધ છે.

૮ શ્રદ્ધાહીનયુવકોને ૬૦ વર્ષમાં કોઇપણ વખતની દીક્ષા માનવી જ નથી, તેને તો પોતાને સત્તા જોઈએ. છે.

સિદ્ધચક્ર વર્ષ ૧ અંક ૭ પૃ. ૧૬૬

## પત્રકારના ખુલાસા

**નોંધ** :- આ ખુલાસા, પત્ર-પેપર કે વાર્ત્તા વગેરે દ્વારાએ આવેલી હકીકતોને અંગે છે.

**મલીન માન્યતાઓ** :-

૧ યુવકસંઘ તે સુધારક અને સુધારક તે યુવકસંઘ

૨ નવીન શ્રોતા અને ઉપાસકમાં ભેદ નહિ.

૩ જિનભાષિત પ્રમાણે કહેલ તત્વ, જિનકથિત નહિ.

૪ ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા થયા વિના સૂત્રાદિ વંચાવાય કે વંચાય વા વંચાવવમાં વાંધો નથી.

૫ શ્રાવકને દશવૈકાલિકના ચાર અધ્યયન મુજબ ધર્મ, તેની ધૃતિ, ધર્માચાર ને છજીવનિકાયનું જ્ઞાન જરૂરી છે, તેવું ભિક્ષા માગવાનું જ્ઞાન જરૂરી છે.

૬ 'યોગોદ્વહન'થી આગલ પણ રજા ન હોય તો દીક્ષા ન દેવાય

૭ સ્ત્રીને 'પ્રાણપ્રિય' જાહેર કરવી.

૮ ભવિષ્યમાં સમ્યકત્વ યાવત્ સર્વવિરતિને લહે તેવા સંભવવાળા માતાપિતા હોય અને કુટુંબનો માલીક પુત્ર હોય તેને માટે કહેલ વિધિ, દીક્ષાદ્વેષી મા-બાપ તથા અસ્વાધીન પુત્રાદિને લાગુ કરવી.

૯ સાધુએ ગૃહસ્થોની રાજ્યાપણ, કુટુંબસ્થાપન, તેનું પોષણ વિગેરેની તપાસ કરવી

૧૦ એકલા શ્રાવક-શ્રાવિકાને સંઘ માનવો.

૧૧ શ્રાવક ધર્મના નામે પૈસા ઉઘરાવી પંચેંદ્રિયવધવાળી શિક્ષા આપે કે અપાવે

૧૨ અંગ ઉપાંગ મુજબ તેને ન માનવા, તેમજ અંગોપાંગ સિવાયના શાસ્ત્રો ન માનવા

૧૩ દુઃખીજીવની હત્યામાં ધર્મ માને, પ્રતિજ્ઞાઓને અસ્તવ્યસ્ત કરે, શાસ્ત્રોના કલ્પિત અર્થો કરે તેવાને અનુસરવામાં કલ્યાણ માનવું (રાષ્ટ્રવસ્તુને સંબંધે વાત જુદી છે)

૧૪ દીક્ષા લેવા આવેલ ભાવિક શ્રાદ્ધને કોઇપણ ક્ષણે દીક્ષાનો નિષેધ કરવો.

૧૫ વડીદીક્ષાથી ન્હાના-મોટાપણું ન માનવું.

૧૬ 'નાસ્તિક-અધર્મી' એવા શબ્દોથી ભડકવું.
(આશા છે કે આ સ્થાને સાત, પન્નર કે એકત્રીશમાંની એકપણ તારીખને વજન નહિં અપાય)

૧૭ સાધર્મિકવાત્સલ્ય, તીર્થયાત્રા વિગેરેનું પીકેટીંગ કરનાર તથા વિવાહ, પાર્ટી, ફેરી આદિમાં મિષ્ટાન્ન ઉડાવી ત્યાગી ઉપર સત્તા ચલાવવા તૈયાર થયેલા મસ્તોમાં જ સમાજ તથા ધર્મસુધારણાનું ધ્યેય છે.

૧૮ નહિ બોલાયેલ તથા છાપામાં પણ નહિ દેખાતી ફૂટકુવાણીઓ પ્રસરાવી તેના ફૂટ ઉત્તરો ગોઠવવા.

૧૯ આતમાની શુદ્ધિ કરનાર બહુશ્રુત આચાર્યે આચારેલ, ગીતાર્થોએ નહિ નીવારેલ આચારણાને નામે બાયડીને ગુરૂ તથા પૈસાને પરમેશ્વર માનનારો વર્ગ દીક્ષાની બાબતમાં વિરૂદ્ધ કલ્પનાને સ્થાન આપે.

૨૦ ચોથની સંવત્સરીમાં સાધુ અને ચૈત્યોની પર્યુપાસનાનું કારણ જણાવેલ છતાં ન ગણવું. (આશા છે કે આ બધું શાંતદૃષ્ટિથી જોઇ વિચારી સન્માર્ગ લેવાશે.

(પ્રબુદ્ધ)

૨૧ તા ૧૧-૧૨-૩૨ના મુંબઇ સમાચાર તા. ૧૦-૧૨-૩૨ના સાંજ વર્તમાન તથા તા. ૧૩-૧૨-૩૨ના હેન્ડબીલથી મુનિશ્રી ગૌતમસાગરજીએ (મૂલનામ ગોપીચંદે) જાહેર કર્યું છે કે- 'મ્હારી ઉંમર ૨૧ વર્ષની છે તથા મ્હેં રાજી ખુશીથી દીક્ષા લીધી છે, આટલું છતાં તે ન માનવુ અને જુડાં તથા જુના તેવા લેખોને વજન આપવું.

૨૨ ગર્ભથી ગણતાં સોળને સ્થાને ચૌદ વર્ષ થશે એમ માનવું.

૨૩ શાસ્ત્રીયરીતિએ દીક્ષાની ઉંમરમાં ત્રણ મત છતાં કોઇપણ મતને જુઠ્ઠો ઠરાવવા શાસનપ્રેમીઓને ગૃહસ્થે આહવાન કરવું.

૨૪ વગરકારણે અન્યધર્મીને ચોમાસામાં દીક્ષા ન દેવાય એવી માન્યતામાં મતભેદ પડાવવા મથવું.

૨૫ આ યુગમાં ઉદ્ધતયુવકોએ જુઠનાં પાથરેલાં જાળાંને સાચાં માનવા.

૨૬ હાલકાની રચનાને સંઘયણ નહિ માનનારને શ્રી મલયગિરિજીએ ઉત્સૂત્રભાષી, કહ્યા છતાં તે માનવું (તેને માનવાં)

૨૭ વાક્યાંતરદર્શક ततः અને પછીની બે વિધિનો સંબંધ દેખાડનાર च ને ન વિચારવા

૨૮ સુવિહિયા જેવા મૂલપાઠને ગચ્છમમત્વથી ફેરવવો. (શ્વે જૈ.)

૨૯ પવતિયા શબ્દનો પરમાર્થ પીછાણવો નથી. (પાર્શ્વ.)

૩૦ લોકપ્રકાશના આઠમાં સર્ગમાં અને ઉપદેશ પ્રાસાદ સ્તંભ બીજે પાને ૪૮ અંડગોલિકને મનુષ્ય કહ્યા છતાં તિર્યંચો માનવા માનવવા (પત્ર૦)

૩૧ અજ્ઞાનીઓ, જ્ઞાનીઓની નિશ્રાએ જ્ઞાનફળ મેળવે છે તેમ અવિરતિઓ, વિરતિની નિશ્રાએ વિરતિનું ફલ મેળવે છે એમ સિદ્ધ કર્યા સિવાય જ્ઞાની અથવા જ્ઞાનીની નિશ્રાવાળી ક્રિયાને હિતકર ન માનવી કે ક્રિયાને અનુપયોગી જ્ઞાનની મસ્તતા મનાવવી.

૩૨ ગીતાર્થોની અપેક્ષાએ અગીતાર્થ સંયમીઓની સંખ્યા બહુ છતા તેને ક્રિયા અંગીકાર થઈ જવાના ડરથી અપવાદિક માનવી.

૩૩ પતતો जीवान् ને સ્થાને पततान् जीवान् માનવું.

૩૪ अद्धनिब्तड़े सूरे सतं पंढ़ढ़ति गीथथ्था 'अद्धनिब्बुड़ें सूरे सुत्तं कड्ढ़ति गीयत्था' આવો શાસ્ત્રીય પાઠ ન સૂઝવો.

૩૫ વ્યાખ્યાનકારને સામાયિકોનો બાધ ન માની શ્રોતા (સાંભળનાર)ને શ્રી ભગવતીજીના નામે પાઠ વગર દોષિત માનવા. (સમય૦)

❀❀❀

**સિદ્ધચક્ર વર્ષ ૧ અંક ૮ પૃ. ૧૯૨**

## સમાલોચના

(નોંધ :- દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક વિગેરે પત્રો તથા ટપાલ વિગેરેને અંગે) **તંત્રી**

(૧) ગઈ વખતના અમારા સાતમાં અંકમાં **'પત્રકારના ખુલાસા'** એ મથાળામાં જણાવેલ **'મલિન માન્યતાઓ** અન્ય પત્રકારોની માન્યતાઓ હતી અને તે મલિન હતી તેથી તે મલિન માન્યતાઓને નામે લખી છે. ॥૧॥

(૨) શ્રી આચારાંગમાં મૃગપ્રશ્નના અધિકારમાં પહેલાં મૌન રહેવાનું કહ્યું અને પછી પક્ષાંતરે જાણતો છતાં પણ 'નથી જાણતો' એમ કહે એવું કહ્યું છે. ત્યાં જો કે- વા શબ્દ છે છતાં તે ન હોય તો પણ પક્ષાંતર લઇ શકાય. તેમ બીજે પણ સમજવું, એ જણાવવા પૃ. ૧૭૭માં વા શબ્દનો પ્રશ્નોત્તર છે. ॥૨॥

(૩) શ્રી ઉપાસકદશાંગ વિગેરેમાં સર્વવિરતિમય નિર્ગ્રન્થપ્રવચન, 'શાસન'ને રૂપે જણાવ્યું છે માટે અને જિનનામકર્મ તે જ બાંધે કે જે આખા જગતને સંયમમાર્ગે જોડવા માગે એ માટે શાસનસીએ સ્થાને કૌંસમાં 'સંયમ' મૂકેલો છે શ્રીયોગબિન્દુના ભવોત્તારણ અધિકારથી પણ યોગ્ય તે નથી સમ્યકત્વ પણ સર્વવિરતિના ધ્યેયથી જ છે॥૩॥

[redacted]

સિદ્ધચક્ર વર્ષ ૧ અંક ૯ પૃ. ૨૧૬

## સમાલોચના

નોંધ : દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિકપત્રો તથા ટપાલ વિગેરે દ્વારા આ ચાલુ પક્ષિકને અંગ કરેલા પ્રશ્નો, આક્ષેપો અને જિજ્ઞાસાના સમાધાનો અત્રે અપાય છે.(તંત્રી)

૧ આ ભવમાં પણ લોકોત્તર કાર્ય માટે તપ-જપ કરવામાં અડચણ નથી; નિષ્ફલ થવામાં તે મંત્રનું પદ કે અમ્નાય કે વિધિ ખામી ધ્યાનમાં રહેશે તો શ્રદ્ધામાં અડચણ નહિ આવે ॥૪॥

૨ જેઓને સુદેવાદિ મોક્ષનાં કારણરૂપે [છેએવી] શ્રદ્ધા હોય નહિ તેઓ જો આ લોકનાં ફલ માટે જ સુદેવાદિને માને તો અર્થદીપિકા વગેરેમાં મિથ્યાત્વ જણાવેલ છે ॥૫॥

૩ શ્રી ઋષભદેવજી મહારાજના નવાણુ પુત્રોના સ્તુપોનો ઉલ્લેખ અવશ્યકમાં છે ॥૬॥

૪ સરસ્વતીને આરાધનારે [તેનાં] મંત્ર – આમ્નાય ને વિધિ વિગેરે બરોબર જોવાં નિશ્ચિત કરવા જોઇએ ॥૭॥

૫ પુણીયા શેઠની પહેલી અવસ્થા ને સામાયિકની અપૂર્વતા સાથે સંબંધ નથી ॥૮॥

૬ ગુરૂણીજી, એકલી શ્રાવિકાઓ આગલ વ્યાખ્યાન વાંચે તેમાં અડચણ નથી શ્રાવક સન્મુખ વાંચવું શોભે નહિ ॥૯॥

૭ ઉપધાનમાં એકાસણા વિગેરેને સ્થાને આયંબિલ વિગેરે કરે તેથી ગણે છે. શાસ્ત્રના લેખથી વિરૂદ્ધ લાગતું નથી ॥૧૦॥

૮ વિમાનોમાં શાશ્વતી શ્રી જિનમૂર્તિઓ જ છે. વિમાનનો માલીક મિથ્યાત્વી હોય તો પણ પૂજા કરે ॥૧૧॥

૯ છતીશક્તિ પણ ધર્મકાર્યમાં ન ફોરવાય તે પણ આલોચનાદિ યોગ્ય તો છે જ ॥૧૨॥

૧૦ 'મુઠ્ઠિસહિય' પચ્ચકખાણ સાથે લેવાતું હોવાથી આગલનું ને તે બંને પચ્ચકખાણ, તેના કાલ ઉલ્લંઘન છતાં પણ થઈ શકે. ॥૧૩॥

૧૧ સમુદ્રની વેલાથી થતી જીવવિરાધનાનું કર્મ, તેમાં સંબંધવાળા બધા જીવોને લાગે ॥૧૪॥

૧૨ આત્માના કલ્યાણ માટે કરેલા સ્તોત્રોથી કોઈ લૌકિક સિદ્ધિ મેળવે તેમાં સ્તોત્રકારને દોષ નથી ॥૧૫॥—(૮પાલ)

૧૩ સાત રાત દિવસ, ચાર માસ ને છ માસની પરીક્ષા, વડીદીક્ષાને અંગે જ પંચ વસ્તુમાં કહી છે. ॥૧૬॥

૧૪ પુરાણ અને શ્રાદ્ધને છોડીને જ ચોમાસામાં દીક્ષાનો નિષેધ છે અપવાદે તો તે શિવાયને પણ દીક્ષા દેવાની શાસ્ત્રકારની રજા છે કોઇપણ પુરાણ અને શ્રાદ્ધને ઉદ્દેશીને નિષેધ કરે નહિ સામાન્ય નિષેધ કરે તો વિશેષવિધિને બાધ આવે નહિ ॥૧૭॥

૧૫ દીક્ષા પહેલાં છ માસની કે ઓછા વત્તા કાળની પરીક્ષા લેવાના પ્રકારનું વિધાન કોઈપણ શાસ્ત્રમાં નથી. પંચવસ્તુમાં પ્રવચનવિધિથી જે પરીક્ષા કહી છે તે દીક્ષા પછી લેવાની છે એ જાણવાના અર્થીઓએ આચારપ્રકલ્પમાં દીક્ષા ને વડીદીક્ષાનો વિધિ જોવો ॥૧૮॥

૧૬ દીક્ષા પહેલાં પરીક્ષા માગનારા 'सावद्यपरिहारेण' 'स्वचर्याप्रदर्शनादिना', अष्भुवगय अरि पूणो पवयणविहोए विगेरेનો વિચાર કરતા નથી ॥૧૯॥ (પ્રબુધ્ધ૦)

૧૭ સમ્યકત્વવાળા શ્રાવકોને માટે इणमेव निग्गंथे पावयणे अट्ठे १ परमट्ठे २ सेसे अणट्ठो ३ આવું શ્રી સૂત્રકૃતાંગનું સ્પષ્ટ વાકય, અર્થ પરમાર્થ અને અનર્થના પગથીયાને સુચવનાર છે ॥૨૦॥

૧૮ લોકપ્રકાશ સર્ગ ૮ શ્લોક ૧૭ અંડગોલિકો ગુફામાં રહેનારા મનુષ્યો છે અને તે અંડગોલિકોને સ્ત્રીઓમાં આસકત માન્યા છે. ॥૨૧॥

૧૯ લોકપ્ર. સર્ગ ૮ શ્લોક ૨૩ બે-ત્રણ દિવસ તે મનુષ્યો મધ-માંસ ખાતા સુખે રહે છે, એમ કહ્યું છે. ॥૨૨॥ (સમય૦)

૨૦ સૂક્ષ્મનિગોદમાં વ્યવહારમાં આવી ગયેલા વ્યવહારરાશિયા પણ અનંતા છે. ॥૨૩॥

૨૧ 'વ્યવહારરાશિમાં આવે ને સમ્યકત્વ પામે તે જ ભવ્ય છે' એમ નથી. કારણકે બધા ભવ્યોને સમ્યકત્વ થાય અથવા સમ્યકત્વ પામે તેટલા જ ભવ્ય કહેવાય એવું જૈન દર્શનને માન્ય નથી. ॥૨૪॥

૨૨ સિદ્ધભગવાનના અનંતા જીવો, જ્યોતમાં જ્યોત સમાય તેમ એક ક્ષેત્રે રહી શકે છે ॥૨૫॥

૨૩ પંચસૂત્રીમાં દુઃખ આદિ અને અલ્પ આયુષ્યનું જે ખોટું કથન છે તે માત-પિતાના ધર્મ માટે નથી, પણ પોતાને ચારિત્રની રજા મળવા માટે છે. વળી ત્યાં 'પ્રતિબોધ' શબ્દ, સંયમ લેવાના જ અર્થમાં છે. ॥૨૬॥

૨૪ 'સમુદાયે કરેલાં કર્મ સમુદાયે ફળે છે ને તેથી સમુદાયનો સંબંધ શરૂ રહે છે' એ કથન, મા-બાપને સાથે સાધુપણું લેવા માટે સમજાવવા સારૂં છે ॥૨૭॥

'**अद्धाण**' શબ્દનો અર્થ, જૈન શાસ્ત્રને જાણનારા 'જંગલ' એવો કરે છે **अद्धण**ની જગો પર 'अट्ठाण' એવો પાઠ કરવો તે ભૂલ છે ॥૨૮॥

અસમ્મતદીક્ષાને 'વિષમય' કહેનારા રીતિની અયોગ્યતાને વસ્તુમાં નાખી દઈ મોટી ભૂલ કરે છે. શું તેઓ માતાપિતાની રજા વિના થયેલ લગ્નને ગેરકાયદેસર માને છે ? અથવા તેવા લગ્નથી થયેલા સંતતિને વારસદાર ગણતા નથી ? શાસ્ત્રમાં બાલ, વૃદ્ધ, ચોર અને નિષ્ફેટિકાથી લીધેલ દીક્ષાવાળાને સાધુ, આચાર્ય, યુગપ્રધાન અને મોક્ષગામી માન્યા છે આમ છતાં જેઓ દીક્ષા વસ્તુને જ અયોગ્ય ગણે તેઓની ઘાનત સાધુ સંસ્થાનો નાશ કરવાની છે એમ સ્પષ્ટ થાય છે ॥૨૯॥ (જૈ૦ધ૦પ્ર૦)



## સિદ્ધચક્ર પાક્ષિક વર્ષ ૧ અંક ૧૦ પૃ. ૨૪૦ સમાલોચના

(નોંધ :- દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિકપત્રો તથા ટપાલ વિગેરે દ્વારા આ ચાલુ પાક્ષિકને અંગે કરેલ પ્રશ્નો, આક્ષેપો અને જિજ્ઞાસાના સમાધાનો અત્રે છે....તંત્રી)

૧ શાસન કે સાધુનો પ્રત્યનીક હોય તેના પણ મરણને અનુમોદવું તે સાવદ્ય (પાપ) વચન છે એવો ઉલ્લેખ શ્રી ઉત્તરાધ્યયન ૧ અધ્યયન અને દશવૈકાલિક અધ્યયન ૭ની અંદર છે. ॥૩૦॥

૨ દશવૈકાલિકનો ઉદ્ધાર, વિકાલે થયો છે એમાં વિકાલનો અર્થ, અકાલવેળાએ કરનારાઓએ સમજવું જોઈએ કે- **ત્રીજી પોરસી પૂરી થતાંના વખતનું નામ વિકાલ છે.** ॥૩૧॥


૩ સામાયિકના અનુક્રમે અનુયોગ કરવાનો અનિર્દેશ છે. ભગવાન શય્યંભવસ્વામીએ ઉદ્ધાર કરતાં દશવૈકાલિકના ઉદ્ધારની પહેલાં સામાયિકાદિની વ્યાખ્યા કરી હતી ને પછી ઉચ્ચર્યું એમ કહેવું તે અજ્ઞાન ગણાય ॥૩૨॥ (ચિત્રમય૦)

૪ મુઠ્ઠિસહિય પચ્ચક્ખાણ, નવકાર ગણીને પારવાની જરૂર ખરી જ ॥૩૩॥

૫ લુખી નીવી કરનારે લીલોતરી શાક, સૂકો મેવો વાપરવા ઠીક નહિ. અજમો, ધાણાંજીરું, મરી, તજ, લવિંગ ઇત્યાદિ કોઈક સ્થળે વપરાય છે ॥૩૪॥

૬ પ્રતિક્રમણ પુરું થયા પછી સામાયિક પારવાના આદેશની જેમ લેવાનો આદેશ માગી સામાયિક લેવાય ॥૩૫॥

૭ દુધ બે વખત ઉકાળીને પીવામાં તેમાં ઓછી વત્તી વસ્તુ નખાતી હોય તો તે ચૌદ નિયમને અંગે જુદા દ્રવ્ય ગણાય ॥૩૬॥



**સિદ્ધચક્ર વર્ષ ૧ અંક ૧૧ પૃ. ૨૫૪  સમાલોચના**

૧ આચારપ્રકલ્પ એ નિશીથસૂત્રનું બીજું નામ છે. તેમાં અગ્યારમે ઉદ્દેશે દીક્ષા અને વડીદિક્ષાનો અધિકાર છે તેમાં દીક્ષાને અંગે ૧ ગોચરી, ૨ અચિત્તભોજન, ૩ અસ્નાન, ૪ ભૂમિશય્યા, ૫ કેશલોચનો અંગીકાર છે. બાકી છકાયજીવની રક્ષા વિગેરેની પરીક્ષા, દીક્ષા પછી અને વડીદીક્ષા પહેલાં જણાવેલી છે. ॥૩૭॥

૨ વસુદેવ હિંડી કરતાં જુદા રૂપે શ્રી નેમિચરિત્રમાં શ્રી કૃષ્ણ મહારાજનાં પાંચ ભવ કહ્યાં છે. ॥૩૮॥



**સિદ્ધચક્ર વર્ષ ૧ અંક ૧૧ પૃ. ૩૩૬  સમાલોચના**

૧ જૈનસમાજમાં ચાલતા મતભેદનું નિરાકરણ કરવા હરકોઇ સાચા સાધુ – સાધ્વી શ્રાવક અને શ્રાવિકા દરેકપક્ષે ઇંતેજાર જ છે. હરકોઈ ધર્મ કે સમાજમાં મતભેદ ઉભા થતા નથી કે ચર્ચાઓ થતી જ નથી એમ તો નહી જ. પૂર્વકાલમાં પણ અંદર અંદર મતભેદ પડી યાદ વિવાદો અને ચર્ચાઓ થતી હતી અને દરેક પોતપોતાના મતો જનતા

આગલ મૂકતા ત્યારે ડાહ્યો સમાજ, પક્ષને વલગવા ન જતાં સર્વજ્ઞસિદ્ધાંત અને તેને જ અનુસરતા યુક્તિવાદ ઉપર ઢલી શાસ્ત્રવિરૂદ્ધ ભલભલા સમર્થ વિદ્વાનોને પણ શાસન બહાર ફેંકી દેતો અને તેથી જ દરેક વખતે જૈનશાસનની અખંડ પ્રણાલિકા અત્યાર સુધી કાયમ રહી છે. અત્યારે એ સ્થિતિમાં પરિવર્તન છે; છતાં પણ ચાલી રહેલા મતભેદનું નિરાકરણ કરવા **શ્રીદેશવિરતિસમાજ** અને **સોસાયટી**એ અનેક વખત પ્રયત્નો કર્યા છે છેવટે શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, સુધારક વિચારોવાળા આગેવાનોના હાથમાં હથીયાર બની ધર્મવિરૂદ્ધ કાર્યમાં પ્રવર્તી, અને તેથી અનેક સ્થલના શ્રી સંઘોએ તેનો સુરત અને અમદાવાદમાં બહિષ્કાર કર્યો ને યુવક સંઘને તેના શાસ્ત્ર અને શાસનવિરૂદ્ધના લખાણ આદિથી અમાન્ય કરેલ છતાં તે બન્નેને પણ સીધે રસ્તે લાવવા પંન્યાસજી શ્રી રામવિજયજી મહારાજે વઢવાણથી પ્રયત્ન કર્યો; પણ શાસનરસિકો સિવાયનો વર્ગ શાસ્ત્રનિરપેક્ષપણે પોતાના વિચારો સમાજ ઉપર ઠોકી બેસાડવા માગે ત્યાં શું થાય ?

જૈનસમાજમાં ચાલી રહેતા મતભેદો દુર થાય તેવી રીતની જરૂરીઆત કોણ નહીં સ્વીકારે ? પણ જરૂરીઆતની સાથેજ પ્રભુ મહાવીરના અમોઘ સિદ્ધાંતને માન આપવાનું શ્રી સંઘની દરેક વ્યક્તિના હૃદયમાં હોવું જ જોઈએ એમ કહેવા જરૂર હિમ્મત કરીએ છીએ કે–બહિષ્કાર કરેલી અને અમાન્ય થએલી એવી કો.યુ.ની સંસ્થાએ દીક્ષા અને સત્તાના પ્રશ્નનો આગમો કબુલ કરીને તેના આધારેજ તેનો નીકાલ લાવવો કબુલ કર્યો હોત તો વઢવાણથી પં.નો કરેલો પ્રયાસ સફળ થયો હોત અને મતભેદ અત્યાર સુધી રહ્યો પણ ન હોત. હજીપણ તે રસ્તે સમાધાન થવું અશકય નથી.

૨ મતભેદને નિવારવાનો વ્યાવહારિક ઉપાય ઉભયપક્ષે શાસ્ત્રાધારે નિર્ણય કરવો અને તે નિર્ણય કરવા માટે પ્રયત્ન કરતા સુધીમાં બન્ને પક્ષોએ ચાલુ રીવાજ પ્રમાણે વર્તવું અને કોઇપણ પક્ષને કોઇએ પણ પોતાના મત પ્રમાણે વર્ત્તવા બલાત્કાર ન કરવો એ છે.

૩ છાપાઓ વિગેરેના પ્રચારથી અસત્ય અને અસભ્ય આક્ષેપો કરવામાં આવે છે તે બંધ થાય એટલે બન્ને પક્ષોએ કોઇકોઇને માટે અસત્ય કે આક્ષેપ ભરેલાં લખાણો લખવાં નહિ ને સમાધાનીના જલદી પ્રયત્નો શરૂ કરવા, તો જૈનશાસનની હેલના દેખાય છે તે સહેજે બંધ થાય.

૪ સાધુસંમેલન ભરવા માટે અત્યારસુધીમાં શાસનપ્રેમીઓ તરફથી અનેક વખત પ્રયત્નો થવા છતાં વાતાવરણ કલુષિત હોવાથી તેની શકયતા જણાતી નથી. તો ઉપર મુજબનું વાતાવરણ થયે સાધુસંમેલન માટે મુશીબત નડશે નહિ.

૫ કોન્ફરન્સ અને યુવકસંઘ, હાલની ચાલુ ચર્ચાઓમાં ઉતરવાનું મોકુફ રાખે તો શાસન ઉપરના થતા આક્રમણના બચાવમાં શ્રીદેશવિરતિસમાજ તથા યંગમેન જૈન સોસાયટીને ઉભું રહેવું પડે છે તે પણ બંધ થાય એટલે આ ચારે સંસ્થાઓ સાધુ સંમેલન માટે કટીબદ્ધ થાય તો આચાર્ય શ્રી વિજયનેમીસૂરીશ્વરજી કે આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી ખુશીથી સંમેલન ભરી શકે ને શાંતિથી તે કાર્ય કરી શકે.

૬ **શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ,** હંમેશા શાસનસેવા બજાવવા તૈયાર છે. આ પત્રનો ઉદ્દેશ, વ્યક્તિરાગ કે પક્ષ પોષવાનો નથી; પણ શાસ્ત્રસિદ્ધાંત મુજબ સાચા જૈનતત્વોનું રાગી આખું જગત્ બને એ જ આ સમિતિનું ધ્યેય છે. તો પછી જૈન સમાજમાં રહેલી વ્યક્તિ, કોઈપણ પક્ષ કે ઝઘડાનો ભોગ ન થઈ પડે ને વીતરાગ દેવનું શાસન આનંદભરી રીતે આરાધી શકે તેવી બાબતોમાં સહાય કરવા ખડે પગે તૈયાર હોય તેમાં નવાઈ નથી. ॥૩૯॥  (જાગૃતિપત્ર)

**તા. ક. :-** સમિતિ પર પૂછવામાં આવતાં ટપાલદ્વારાએ ખુલાસો પૂછનાર ઘણીને પરભારો જવાબ નહિ આપતાં વાચકના લાભની ખાતર અત્રે સમાલોચનાં વિભાગમાં અપાય છે.... **તંત્રી**



**સિદ્ધચક્ર વર્ષ ૧ અંક ૧૮ ટાઇટલ પેજ ત્રીજું  સમાલોચના**

## તમારા પ્રશ્નનો જવાબ નીચે મુજબ છે

૧ શ્રી ઉત્તરાધ્યયનના ૨૩મા અધ્યયનમાં જ વેષની વાતમાં બંને પક્ષકારોએ મહત્તા સ્વીકારી છે. અને તેઓમાં અચેલક – ચેલકપણાને જ માત્ર વિવાદ હતો; અર્થાત્ સમ્યગૂદર્શનાદિ અને મોક્ષ કહેનારાઓએ જ મોક્ષનો રાજમાર્ગ સમ્યગૂદર્શનાદિ સાથેનો સાધુવેષ જ માનેલો છે એ વાત વિચારવાથી વેષની વાતમાં તમોને થતી વિડંબના શમી જશે.

૨ તમને ખબર નહિં હોય કે–ગૃહસ્થ અને અન્યલિંગવાળાને જે મોક્ષ ગણ્યો છે તે અકસ્મિક સંયોગ, વર્ત્તન વિચારમાં આસ્માન જમીનનું અંતર. એ બેને આભારી હોવા સાથે માત્ર ટુંક સમયને માટે ન (×) હોઈ તેમજ વધુ ટાઇમ થાય તો સાધુવેષ લેવો પડે એવું દરેક જૈનશાસ્ત્રકારોએ મુખ્ય માર્ગે સંસાર ત્યાગવાળા સાધુલિંગથી મોક્ષ માન્યો છે.

૩ મોક્ષ પ્રાપ્તિની સાથે ઉચ્ચતર સદ્ગતિને પ્રાપ્ત કરવાનો અધિકાર પણ ગુણસંપન્ન એવા સાધુવેષવાળાઓએ હસ્તગત કર્યો છે.

૪ એટલું તો તમારે જરૂર માનવું પડશે કે- ગૃહસ્થનું જીવન અને ગૃહસ્થનો વેષ સાચી સાધુતાને પૂરેપૂરો બાધક છે. કદાચ તેમ માનવા ન દેરાઈએ તો પણ તે સાધુતાના સાધકો તો નથીજ. જ્યારે સાધુપણાનો વેષ, સાચી સાધુતાને કાંઇપણ અંશે બાધક ન થતાં સંપૂર્ણરીતે સાધક જ છે અને જો એમ છે તો પછી સાધુતાના અર્થીને સાધુવેષ જરૂર લેવા લાયક છે એમ કહેવામાં જ ડહાપણ છે.

૫ તમારૂં આ સ્થાને એ હકીકત ઉપર ધ્યાન ખેંચવું જરૂરી છે કે ભગવાન્ મહાવીરે અઠ્ઠાવીસ વર્ષ થયા પછી બે વર્ષ ત્યાગ કર્યા વિના ઉંચી ભાવના અને ઉચ્ચ વર્તન રાખ્યું છતાં શાસ્ત્રકારોએ તે વર્ષો સાધુપણાના હિસાબમાં ન ગણ્યા. કુદરતથી સાધુપણાની સાથે થનાર મનઃ પર્યાયજ્ઞાન પણ ન જ થયું. એ વાત જો તમે સમજ્યા હોત તો સાધુતાના ચિહ્નરૂપ સાધુના વેષ કે તેના ત્યાગ અને જ્ઞાનની કિંમત બરોબર જ કરત.

૬ શાસનપ્રેમી લોકોને સત્યની પ્રીતિ ને ગવેષણા છે તેનો હજારમો ભાગ પણ સુધારકના નામે સગવડીઓ પંથ સાચવી શાસન અને તેના સેવકોને ખોટી અને અધમરીતે અસભ્યતા અને અસત્યતા અને અસત્યરસ્તે સતાવનારાઓમાં જણાતો નથી. અને જણાવવાનો સંભવ પણ નથી. જો આ વાત ખોટી કરવા તમે સુધારકોના અત્યાર સુધીના લેખોની સત્યતા સાબીત કરી આપવા જોખમદારી લઈ આવતા હો તો ખરેખર ખાસ ખુશીનો પાર રહેશે નહિ.

૭ વડોદરાનો મુસદ્દો વાંચવાને તસ્દી લીધી ન હોય તો તસ્દી લઈને વાંચી જોવાની જરૂર છે. અને બરોબર ધ્યાન દઈને વાંચવાથી તમને માલમ પડશે કે મુસદ્દો નાટકીયાના વેષને રોકતો કે શિક્ષાપાત્ર ઠરાવતો નથી; પણ જેથી સંસારત્યાગ થાય અને ધર્મધ્યાનમાં રહેવાને પ્રતિજ્ઞા થાય એવા વેષવાળી દીક્ષાને જ રોકે છે.

આ હકીકત વિચારતાં જો તમો પ્રભુ મહાવીરના માર્ગને ઓળખો તો આ સમાલોચક પ્રયત્નની સફળતા ગણે (સમજાય) ॥૪૦॥ (રાજનગર પત્ર)

★ ★ ★

## સિદ્ધચક્ર વર્ષ ૧ અંક ૨૩ ટાઈટલ પેજ ૪ (સં. ૧૯૮૯)

### સસાલોચના અને નોંધ

૧ દરેક આચાર્ય આદિ પદસ્થો અને સાધુઓ દરેક વર્ષે. મહિને અને પક્ષમાં જોધપુરી ચંડાંશુચંડુ પંચાંગને આધારે તિથિ અને પર્વો કરે છે. છતાં આ વર્ષે કેટલાકોએ માત્ર સંવચ્છરીના પર્વ માટે જ તે ટીપણું ન માનતાં બીજાં ટીપણાં માન્યાં છે. ॥૪૧॥

૨ કેટલાક મહાશયોએ જોધપુરીમાં પાંચમનો ક્ષય છે એમ જણાવીને પણ ભાદરવા સુદ ૬નો ક્ષય જણાવ્યો છે.

૩ કેટલાકોએ સંવચ્છરીના ફેરફારની અપેક્ષાએ 'મરેલી મા' જેવી ગણેલી પાંચમને છઠ–અઠ્ઠમ આદિની અપેક્ષાએ તિથિ તરીકે માન્ય રાખેલી હોવા છતાં ક્ષય ગણી ઉડાવી દીધી છે

૪ દરેક આચાર્ય આદિ દરેક પુનમના ક્ષયે તેરશે ચઉદશ અને ચઉદશે પુનમની ક્રિયા કરે છે, છતાં કેટલાકોએ એ ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજે ચોથની ને ચોથે પાંચમની માન્યતા ન કરતાં તેમાંના કેટલાક ભાગે તે ટીપણું છોડી છઠનો ક્ષય માન્યો ને કેટલાકોએ પાંચમનો જ ક્ષય માની લીધો

૫ શાસ્ત્ર અને રીવાજને અનુસરનારાઓએ તો ભાદરવા સુદ પાંચમનો ક્ષય હોવાથી ત્રીજનો ક્ષય ગણી ત્રીજે ચોથ અને ચોથે પાંચમની ક્રિયા કરી અનેક સ્થાને પર્યુષણાની આરાધના કરી છે ॥૪૨॥

૬ અમાવાસ્યાને દિવસે ૮–૪૮ પછી ગ્રહણ શરૂ થનાર ને ૧૧–૫૭ મુકત થનાર હોવાથી શાસ્ત્રાનુસારીઓએ તો પાંચ દિવસનો નિયમ જાળવ્યો ને ટાળી શકાય એવી અસજ્ઝાય ગણીને ગ્રહણ શરૂ થવા પહેલાં બંને વ્યાખ્યાનો વાંચી લીધા ! **જ્યારે કેટલાકોએ પાંચ દિવસના નિયમને ઓલ ઘી કલ્પસૂત્ર પહેલેથી શરૂ કર્યા ને કેટલાકોએ ગ્રહણનો દૂષિત ભાગ છોડી બાકીની અસજ્ઝાયના વખતમાં કલ્પસૂત્રનું વાંચન કર્યું** ॥૪૩॥

૭ અણહ્ણએ પદનો અર્થ 'અશોજન' નથી પણ અનાશ્રવ છે ને તેથી સંયમથી અનાશ્રવ ને અનાશ્રવથી તપ થાય છે એમ સમજવું ॥૪૪॥ (સાપ્તાહિક)

૮ સ્વરુપભિદ્ધેતુકલાદિવાગ્મિઃ એ પદ, ૧ સ્વરૂપ ૨ ભેદ ૩ હેતુ અને ૪ ફલ વગેરેને કહેનારા એમ સ્વ–સ્વમતના શાસ્ત્રોનું વિશેષણ સમજવું ॥૪૫॥ (સાપ્તાહિક)

૯ સૂર્યપુરમા ગોપીપુરા અને વડાચૌટામાં **ભાદરવા સુદ ૪ને ગુરૂવારે** સાંવત્સરિક પર્વની દિવ્ય ઉજવણી, ભા. શુ. ૫ને શુકવારે જંગી વરઘોડો, ભવ્ય તપસ્યાઓ (૨૯ ઉપવાસ, ૧૨ દિવસ, ૧૦ દિવસ તથા અઠ્ઠાઈઓ) મોટા પ્રમાણમાં થઈ હતી ॥૪૬॥

૧૦ ગુરૂવારે સાંવત્સરિક પર્વની આરાધના **કઠોર-ભીલીમોરા-દમણ-ધાર (માળવા)-છાણી અને વેજલપુર** વિગેરે સ્થળોમાં પુણ્યવંતા પર્વાધિરાજની આરાધના સારા પ્રમાણમાં થઈ હતી ॥૪૬॥

૧૧ આતુરતાપૂર્વક રાહ જોઈ બેઠેલા ભવ્યાત્માઓને પંચમંગલ મહાશ્રુતસ્કંધ સ્વરૂપ નવકાર મહામંત્રાદિના ઉપધાનને વહન કરવાની સુંદર જોગવાઈ પૂર્વકનું સ્થાન સૂર્યપુરમાં નક્કી થયેલ છે અને તે અવસરનો લાભ લેવા આવનાર માટે ટુંકસમયમાં કંકુમ પત્રિકાઓ નીકળશે

૧૨ બિલ્લાની લ્હાણી કરનાર અને બોટ્ટી અસજ્ઝાય કહેનારને થાબડવા સંમેલનનું નામ આગળ કરાય તે સમાજને શોભે નહિં ॥૪૭॥

**તા.ક.** દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિકપત્રો તથા ટપાલ દ્વારા આ ચાલુ પાક્ષિકને અંગે કરેલા પ્રશ્નો, આક્ષેપો, જિજ્ઞાસાના સમાધાનો અને નોંધ અત્રે અપાય છે. **સુધાવર્ષી**



**સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૩ પૃ. ૭૦ સમાલોચના**

* સડેલ સમય નીસરણીથી સરી પડી સોનમાં લક્ષ્મીની લીલાની લ્હેરના લેશમાં લીન બનેલાને પુરિમઢ્ઢ એકાસણા આયંબિલ ને ઉપવાસથી ઉપધાનની તપસ્યા પૂરી શકાય છે. અર્થાત્ એકલા ઉપવાસ અને આયંબિલ જ ઉપધાનમાં હોતા નથી [હોય છે] એ વાત શ્રીમહાનિશીથ તેમજ અન્ય પ્રકરણોથી પણ સિદ્ધ છતાં સડોથી સરાઇ ગયેલી શાનમાંથી સરકી જાય તેમાં આશ્ચર્ય નથી ॥૪૮॥

* ચૈત્યવાસીઓ ચૈત્યથી બુદ્ધી પોષધશાળામાં જ રહેતા હતા એ વાત નૂતન ચૈત્યવાસીની આભેલાષાનો અંકુર જણાય છે ॥૪૯॥

* ચૈત્યવાસીઓથી પહેલાં **દેવદ્રવ્ય** શબ્દ જ ન હોતો એમ કહેનારા શ્રીનિશીથ અને બૃહત્કલ્પ વગેરેમાં કહેલ દેવદ્રવ્યરક્ષણના સંગનાદિત એટલે શાસનના આવશ્યક કાર્યને જાણતા કે માનતા નથી એમ ચોકકસ સમજાય છે. ને તેવાઓ પોતાનો અવાજ બહાર પાડી શ્રદ્ધાળુઓને માર્ગથી ચૂકવે છે. માટે શ્રદ્ધાળુઓને તેવા **સમય**ના નામે સડતાના અવાજને ઉપેખવો જ ઉચિત છે ॥૫૦॥

* દેવદ્રવ્યના રક્ષણ અને ભક્ષણનું ફળ, ચૈત્યવાસીઓ તરફથી નથી કહવાયું; પણ ચૈત્યવાસીઓની અધમવૃત્તિને જમીનદોસ્ત કરનાર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ શ્રી ઉપદેશપદ,સંબોધપ્રકરણ ને શ્રી ષોડશકજી જેવા ગ્રંથોમાં વાસ્તવિકપણે જ જણાવેલ છે માટે કોઇપણ તેનો નાશ કે ઉપેક્ષા કરે કે ખાઈ જવાને માટે આડી કલ્પના કરે તે શાસ્ત્રનીશ્રધ્ધવાળાઓને અદ્રષ્ટવ્યમુખ જ છે ॥૫૧॥

* ઉપધાન વહેનારા તો ગુરૂમુખે વિધિસર વાંચના લેતા હોઈ સૂત્રને 'હુતર' તરીકે બોલતા જણાવ્યા નથી ॥૫૨॥

* ઉપધાનની માલાનું દ્રવ્ય સર્વત્ર દેવદ્રવ્યમાં જ જાય છે તે શાસ્ત્રોકત જ છે.

* જ્ઞાનખાતા વગેરેનો વહિવટ ગૃહસ્થો જ રાખે છે તે તેનો અભ્યાસ કે પુસ્તકો માં જ વ્યય થાય છે જો કોઈ જગોપર બીજીરીતે કોઈ કરતો હોય તો શ્રી સંઘે તેનો બંદોબસ્ત કરવો યોગ્ય છે. એમ સંવેગી સાધુ સમુદાયનું મંતવ્ય છે ॥૫૩॥

* આજના યુવકો એકલા સોળ વર્ષથી અંદરની ઉમરવાળાની સંમતીવાળી અને પછીથી સ્વતંત્ર વ્યકત દીક્ષાના વિરોધી છે, એટલું જ નહિ પણ તેઓને તો કોઇ સાધુ ગૃહસ્થ થઇ જાય તો મરણથી કાળટીયાને ઘેર થતી દિવાળીની માફક દિવાળી ઉજવાય છે. અને તેથી ઉપધાન કે બીજી સંઘ પ્રતિષ્ઠા વરઘોડા કે સામૈયાં જેવા કાર્યો એ બધામાં ધુમાડો લાગે છે. માટે તેવાઓને શાસનનાં વિરોધી માનવા તેમાં આશ્ચર્ય શું ? ॥૫૪॥

* શાસનપ્રેમી તરીકે ગણાતા વર્ગે સાધુઓની ઉપર વિરોધીઓના થતા હલ્લાં જબરદસ્ત ઉદ્યમે પણપાછા હઠાવ્યા છે ને ધર્મકાર્યો આત્મકલ્યાણ માટે કર્યા છે. કરે છે ને કરશે અને તેઓ શાસ્ત્રપ્રેમી ગણાય તેમાં આશ્ચર્ય શું ? ॥૫૫॥

* ધર્મને માત્ર દુનીયાદારીનું સાધન માનનારા યુવકો ગણાય છે. જ્યારે દુનીયાદારીની સાહ્યબીના ભોગે પણ દેવ ગુરૂ ધર્મરૂપ તત્વત્રયી આરાધ્ય છે એવું માનનારાઓ શાસન-પ્રેમી ગણાય છે. ॥૫૬॥ (સમય)

* શ્રી ઉપદેશ રત્નાકર- શ્લોક મૂર્તિ - તે શ્લોકમાં અજ્ઞણભવાપ્યમાકૃત્વમુદાસતે તે ઇત્યાદિનો અર્થ ચક્ષુના પ્રાપ્યકારિત્વના ખંડન પ્રત્યે ઉદાસીન રહે છે. અથવા ઇદ્રિયો માત્ર જ્ઞાન કરનારી જ છે પણ પદાર્થ લેનારી નથી એમ જાણી સુધામયી મૂર્તિ દેખવાથી પોતાની આંખોથી અમૃત સરવાના સુખને મેળવવા છતાં ઉદાસીન રહે છે. ॥૫૭॥

અવિરઇ અન્વયબ્બવો એની જગોપર અવિરઇપધયષંધો એટલે અવિરતિ પ્રત્યયિકબંધ તેને હંમેશાં થાય છે એમ જાણવું ॥૫૮॥

* અરવેદો વિષયાવેશાત્ એટલે શબ્દાદિમાં આસકિત થવાથી વિષયોથી જે ખિન્નપણું ન થાય તે અવિરતિ છે. ॥૫૯॥

* દરેક શાસનમાં આચારાંગના પહેલા શ્રુતસ્કંધના નવમા ઉપધાન અધ્યયનમાં તે તે શાસનના પવર્તક શ્રી તીર્થંકરભગવાનના તપ અને જ્ઞાનાદિનું વર્ણન શાસનના જીવોને અનુકરણ કરવા માટે જ વર્ણવવામાં આવે છે એ હકીકત નિર્યુકિતકાર મહારાજા

સ્પષ્ટ રીતે જણાવે છે. શ્રી જિનેશ્વર મહારાજા નટની માફક ધર્મના દેશક નથી, પણ તે ધર્મ આદરીને ધર્મના નાયક બને છે; અને તેથી તેઓ અનુકરણીય ચરિત્રવાળા જ હોય છે. અનુકરણીયતા અને વાદમાં કેટલો ફરક છે. ન્યાયાચાર્ય શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજા 'ધ્યાતા ધ્યેયસ્વરુપ હોવેજી' એમ કહી ધ્યાતા અને ધ્યેયનું અનુકરણીયપણું જણાવે છે પ્રણિધાન પણ તે જ છે કે–જે ધ્યેયના સ્વરૂપથી પોતાને અભેદરૂપ ગણે છે.॥૬૦॥

* શ્રી જિનેશ્વરોની જીવનચર્યાને જાણી, માનીને, મનન કરીને તે જ પ્રમાણે બીજા પણ કર્મક્ષયના અર્થીઓએ જરૂર કરવું જોઇએ એમ ભગવાન શ્રી ધર્મદાસગણીજી વગેરે ઉપદેશમાલા વગેરે ગ્રંથોમાં સ્પષ્ટપણે જણાવે છે ॥૬૧॥

* પંચાંગીકારો ફરમાવે છે કે જો ઉપકરણ વિના પણ નિર્દુષણ સંયમ પાળી શકે તો તેને શ્રી જીનેશ્વર ભગવાનની માફક ઉપકરણો ધારવાની જરૂર નથી. ॥૬૨॥

* દ્વાદશાંગીમાંનું કોઇ પણ કથન શ્રી જીનેશ્વર ભગવાનના આચરણને દ્રઢ કરનારૂં છે પણ બાધક નથી. ॥૬૩॥

* જીનેશ્વર ભગવાનના વર્તન ઉપરથી જીવાજીવાદિ પદાર્થોનું લોકાલોકનું સ્વરૂપ જાણી કે માની શકવાની વાતો અસંભવિત જ છે પરમતારકોનું અનુકરણ કરનારા માટે અભ્યાસદશામાં તુંબડા વગેરેની સવડ હોય તો (છે) તેથી પરમતારકની અનુકરણીયતાનું ધ્યેય પરમતારક થનારા માટે આવશ્યક છે. ॥૬૪॥

* દેવતાઓ શ્રી જીનેશ્વરોની દીક્ષા વખતે શિબિકા કરે છે તે રાજાદિએ કરેલી શિબિકામાં અંતર્ભૂત થાય છે. દેખાવમાં રાજાદિકની શિબિકા હોય છે. ॥૬૫॥

* 'તે યાંતિ પરમાં ગતિ'ને સ્થાને 'પ્રયાંતિ પરમાં ગતિ' એમ કરવાથી સમ્યક્ શાસ્ત્રના શ્રવણાદિનો મહિમા આવશે નહિતર સમ્યગ્દર્શનનો મહિમા આવશે. ॥૬૬॥

## નીચેની વસ્તુઓ શાસ્ત્રમાં કહેલી નથી છતાં તીર્થંકર મહારાજની કરણીથી અનુકરણ તરીકે છે.

* દીક્ષાર્થીઓ સંવચ્છરીદાન દે છે તે સૂત્રોકત નથી. ॥૬૭॥

* પુષ્ટાલંબને અસંયતદાન સૂત્રોકત નથી ને અનુકરણીય છે. ॥૬૮॥

* છમાસી તપનું ચિંતવન શ્રી વીરમહારાજાનું અનુકરણ છે. ॥૬૯॥

* તીર્થંકર શ્રી મહાવીરે સાધુઓને સર્વસ્વધર્મનું અનુકરણ કરવા માટે સવસ્ત્રપણું એક વર્ષ અધિક રાખ્યું છે ॥૭૦॥

* સર્વ તીર્થંકર મહારાજાઓએ દેવદુષ્યગ્રહણ અનુકરણ માટે કર્યું છે. ॥૭૧॥

* ભગવાન શ્રી મહાવીરે સપાત્રધર્મ નિરૂપણ કરવા માટે જ પાત્રમાં પારણું કર્યું છે. ॥૭૨॥

* અનુકરણ કરનારાઓની અનુકુલતા માટેજ ભગવાન શ્રી મહાવીરે નિશ્ચયથી અચિતજલની પણ વ્યવહારથી તેવા નહિ ગણાતા જલની અનુજ્ઞા ન આપી અને પાંચસો સાધુઓને કાલધર્મ પામવા દીધા તે અનુકરણને માટે જ છે. ॥૭૩॥ (ભાષાંતર સાપ્તાહિકાદિ)



**સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૪ પૃ. ૯૩  સમાલોચના**

* ચતુર્થીના ક્ષયને સ્થાને તેની પૂર્વતિથિનો ક્ષય માનવામાં મતભેદ છે. જ નહિ ॥૭૪॥

* ભાદરવા શુદ ૫ નો ક્ષય માનનારે બીજ આઠમ અગીયારસ ચૌદશ અને પૂર્ણિમાનો ક્ષય માન્ય કરવો જોઇએ ॥૭૫॥

* શાસ્ત્ર અને પરંપરાએ ટીપનામાં પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વતિથિનો ક્ષય માની તે સ્થાને પર્વતિથિ સ્થાપીને આરાધના કરાય છે. આઠમના ક્ષયે સાતમને આઠમ માનીને સાતમની તિથિએ જ આઠમ મનાય ને આજે આઠમનો પૌષધ છે એમ પૌષધ કરનારો શાસ્ત્ર અને પરંપરાથી બોલે છે. ॥૭૬॥

* ક્ષય પામતી તિથિની પ્હેલાની તિથિ પણ જો પર્વરૂપ હોય છે તો તે પ્હેલાની તિથિનો પણ લોપ ન માની શકવાથી તે પ્હેલાની તિથિનો ક્ષય માની તે આગલી તિથિને આગલે દિવસે તેનાથી આગલી તિથિ મનાય છે ॥૭૭॥

* પંચમીતિથિસ્ત્રુટિતા એ પાઠથી ભાદરવા સુદી પાંચમનો ક્ષય નહિ કરવા માટે કહ્યું નથી પણ ભાદરવા શુદિ પાંચમનો ક્ષય નહિ માનવા માટે તે છઠ અઠ્ઠમ કરવાના પાઠો કહ્યા છે. ॥૭૮॥

* પૂર્ણિમાનો તપ તેરસે કરવાનું કહેવાવાળાએ તિથિના ભોગનો વિચાર કર્યો જ નથી વળી એમ તેરસેજ પુનમનો તપ કરવાનો હોત તો ત્રયોદશ્યાં એટલે તેરસે કરવો એમ કહેત અથવા પડવે કરવાનું કહેત; પણ ત્રયોદશીચતુર્દશ્યોઃ એમ દ્વિવચન કહેત જ નહિ. ચૌદશનો ઉપવાસ કોઇ ન કરે, કોઈ કરે તો શું તિથિની અનિયમિતતા માનવી ? ॥૭૯॥

* અમાવાસ્યાની વૃદ્ધિએ બે તેરસ માનતા પણ કલ્પધર તો અમાવાસ્યાએ જ આવે અને તે બે અમાવાસ્યા માની હોત તો દ્વિતીયા (યા) અમાવાસ્યાયાં એમ કહી બીજી અમાવાસ્યાએ જ કલ્પધર કહેત પણ તેમ ન કહેતાં સામાન્ય અમાવાસ્યાયાં કહેવાથી સ્પષ્ટ જણાય છે કે અમાવાસ્યાની વૃદ્ધિ માની નથી ॥૮૦॥ (જૈન૦)

* ઉત્તમકાર્યોને માટે અનુકરણીયતા એટલે અનુકરણ કરવા લાયકપણું તો દરેક અનુસરનારા માટે હોય છે. ॥૮૧॥

* અનુકરણીયતાને ઉઠાવવા માટે અનુકરણને ગોઠવનાર દ્રિશાને જ ભૂલે છે. ॥૮૨॥

* શક્તિનો અભાવ છતાં અનુકરણ કરનાર મૂર્ખ બને ને તેથી અનુકરણીયતા ન ઉડી જાય એ સહજથી સમજાય તેમ છે. ॥૮૩॥

* શક્તિ નહિ છતાં શિવભૂતિને જે જિનકલ્પ આચરતાં નિહ્નવ થવું પડ્યું તે જ જિનકલ્પ શ્રી જંબુસ્વામીજી સુધીમાં સંખ્યાબંધ મહાનુભાવોએ શક્તિ હોવાથી આચર્યો છે ને તેને શાસ્ત્રકારોએ તે (×) સારો માન્યો છે. ॥૮૪॥

* શાસ્ત્રોમાં સ્થાન સ્થાન પર ભગવાને પોતાનું અનુકરણ કરવાનું જણાવેલ છે.॥૮૫॥

* અનુકરણીયતા નથી એવું માનનારે તીર્થંકરની આજ્ઞા છે કે આચાર્યે અનુકરણ કરવું એમ બોલવું શોભે જ નહિ ॥૮૬॥

* જે આજ્ઞા માન્ય છે તેમજ ઉત્તમપુરૂષો અનુકરણીય એમ માનનાર કુશળ છે. ॥૮૭॥

( પ્રવચન૦ )



## સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૫ પૃ. ૧૧૬ સમાલોચના

### શ્વેતામ્બર જૈન સાધુઓમાં ઐક્યમત્ય

સકલ જૈન સમાજમાં મતભેદ ગણનારાઓ દીક્ષા, ઉપધાન, ઉજમણા અને પુનર્લગ્ન સંબંધી સાધુઓમાં મતભેદ છે એમ ગણતા હતા, પણ હાલ શ્રીમાન વલ્લભવિજયજીએ પોતે જાહેર કર્યા મુજબ પોતાની સહીથી નથી જાહેર કર્યું, પણ તેમણે ભકતલેખક દ્વારા બહાર પાડેલા સમાચારોમાં ધિંગોજગામના વર્તમન જણાવે છે કે– 'શ્રીમાન વલ્લભ-વિજયજી દીક્ષાની તરફેણમાં છે પણ દીક્ષાની વિરૂદ્ધમાં નથી,' અર્થાત વડોદરા સરકારના દીક્ષાધર્મવિરોધિ કાયદાથી તેઓ વિરૂદ્ધ જ છે, એટલે કે કાયદાની તરફેણ કરનારા શ્રીમાનના અનુયાયી નથી કે હવેથી તે શ્રીમાનના કાયદાથી વિરોધી વલણ જાહેર કરે છે; પણ એકંદરે સર્વસાધુસમાજ વડોદરાના અન્યાયી ઠરાવથી એકીમતે વિરૂદ્ધ જ છે. વળી ઉપધાન ઉજમણા જેવામાં કરાતાં ખર્ચો તેમના શ્રોતાઓએ અને સોલીસીટરે નકામા જણાવેલ છતાં શ્રીમાન તે ખર્ચોને ધુમાડો કે નકામો ગણતા નથી, અર્થાત સકલ સાધુમંડલ ઉપધાન ઉજમણા જેવાં ખર્ચોને ધર્મને ઉત્પન કરનાર, ટકાવનાર ને વધારનાર ગણે છે એમ હવે નિશ્ચિતપણે જાહેર થાય છે વળી પુનર્લગ્ન સંબંધમાં પંજાબની સભાએ શ્રીમાન પંજાબમાં છતાં મહારાજ આત્મારામજીના સાધુઓ પુનર્લગ્નના રદીયા આપતા નથી એમ જણાવી પુનર્લગ્નનો ઠરાવ ભલે પસાર કરાવવા મથ્યા હોય પણ શ્રીમાન તો પુન-

લંગનથી હંમેશા વિરૂદ્ધ છે એમ જણાવવાથી હવે ચોકકસ થયું છે કે સાધુસમુદાય એકકેમતે વિરૂદ્ધ છે; અર્થાત નજીકમાં ભરાતું સાધુસંમેલન દેવદ્રવ્યની બાબતમાં પણ પાલણપુરના તેમના પત્રોને આધારે કોઇ રહાય તેમ બોલે પણ શ્રીમાન તો દેવદ્રવ્ય કે દેવદ્રવ્યની આવકને કોઇપણ કાલે ધોકો લગાડતા નથી ને લગાડે પણ નહિ એમ એ ભકતદ્વારા આપેલ લેખથી ચોકખું થઇ જાય છે.

તા.ક. શ્રીમાન વલ્લભવિજયજીએ પોતાના ભકત પાસે આ હકીકત બહાર પડાવી ઐકયમત્યનો વાવટો ઉડાડયો તેના કરતાં સ્વહસ્તાક્ષરથી ઉડાડયો હોત તો વધારે ઠીક થાત. સભ્રમ તેઓએ પૂર્વે જાહેર કર્યું હતું કે મારા હસ્તાક્ષર સિવાય મેં કહ્યું છે એમ સમજવા કોઈએ દોરાવું નહીં. ॥૮૮॥ (જૈન)

અર્થદીપિકામાં યક્ષયક્ષિણીનું જે આરાધન મિથ્યાત્વ તરીકે જણાવેલ છે, તે મિથ્યાદ્રષ્ટિ યક્ષયક્ષિણી માટે છે, તેમજ શ્રી શાંતિનાથજી આદિ તીર્થંકર દેવોની આ લોકના ફલ માટે જે સમ્યકત્વવાળો આરાધના કરે તો તે ક્રિયાને દ્રવ્યક્રિયા કહેવાય પણ લોકોત્તર મિથ્યાત્વ ન જ કહેવાય લોકોત્તર મિથ્યાત્વ તો શ્રદ્ધાહીન મનુષ્યો માટે છે ॥૮૯॥ (પ્રવચન.)

જુઓ સિદ્ધચક્ર પ્રથમ વર્ષ પ્ર સમાધાન ૧૪૨-૧૪૩

☞卐☜

## સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૬ઠ્ઠો સં.૧૯૯૦ પૃ. ૧૩૯ સમાલોચના

ભગવાન મહાવીર મહારાજા ઉપર શ્રી ગૌતમસ્વામીજીને જિનેશ્વરપણાનો અપૂર્વ પ્રશસ્ત રાગ હતો પણ સાથે સ્નેહરાગ પણ હતો. ને તેથી જ શાસ્ત્રકારો મોક્ષમગ્ગ પવન્નાણં સિણેહો વજ્જસિંખલા વીરે જીવંતએ જાઓ ગોયમો જં ન કેવલી ૨ એ ગાથામાં મોક્ષમાર્ગવાલાને વજ્રની સાંકળ જેવો રાગ ગણાવતાં શ્રી ગૌતમસ્વામીજીના રાગને સ્નેહરાગ ગણાવ્યો છે. चिरसंसिट्ठोसि વગેરે પદો ઘણા ભવથી ભગવાન મહાવીર ઉપર શ્રી ગૌતમસ્વામીજીનો રાગ જણાવે છે. વલી દીવેલ જેમ અન્યમલને કહાડી પોતે નીકલી જાય, તેમ અપ્રશસ્તરાગને કહાડીને સ્વયં નીકળી જનાર પ્રશસ્ત રાગ હોય છે; મોક્ષમાર્ગનો પ્રતિબંધ કરતો જ નથી ॥૯૦॥

૨ ઢુંઢીયાઓએ બત્રીસ સૂત્રો જે માનેલાં છે, તે મંદિરમાર્ગિયોએ માનેલાં જ પીસ્તાલીશ આગમ પૈકીનાં જ છે, વલી તે બત્રીસમાં પણ પ્રતિમા માનવવાનાં પાઠો ઘણાં છે. ॥૯૧॥

૩ ઉત્તરલામે નિયતઃ પૂર્વલાભઃ એવા શ્રી ભાષ્યકારના તેમજ નાદંસણિસ્સ નાણં નાણેણવિણા ન હોંતિ ચરણગુણા એવા શ્રી ઉત્તરાધ્યયનના વચનથી ચારિત્રવાળાને સમ્યકત્વ જરૂર હોય છે વલી અષ્ટપ્રવચન માતાનું માત્ર જ્ઞાન હોય તોપણ સમ્યગજ્ઞ ન કહેવાય છે. ચારિત્ર ગ્રહણ કરનાર એકલા નિસર્ગસમ્યકત્વવાલો હોય નહિ. ॥૯૨॥

૪ અનુત્તર વિમાનવાલાને પણ ઘાતીકર્મ હોવે છે, ને તે પાપરૂપ છે. માટે અનાચાર અધ્યયનમાં એકલા પુણ્યવાલા કે પાપવાલા જીવો છે. એમ કહેવામાં અનાચાર જણાવે છે. વલી ઘાતિ વિના ભ્રવભ્રમણ હોય જ નહિ તેથી પાપવગરનો કોઇપણ જીવ જન્મ ધારણ કરી શકે જ નહિ. ઘાતિકર્મ કોઇપણ દીવસ અઘાતિપણે પરિણમે નહિ. **દયાનથી પાપના ક્ષયની માફક પુણ્યનો ક્ષય માનનાર વસ્તુને સમજતો નથી** ॥૯૩॥

૫ સરાગચારિત્રમાં દેવલોકનું આયુ બંધાય છે, વીતરાગ ચારિત્રમાં જ મોક્ષ થાય છે ॥૯૪॥

૬ ભગવાનના વચનમાં શંકા કાંક્ષા મોહનીયના ઉદયે જ થાય ને તે ભવવૃદ્ધિ જ કરાવે ॥૯૫॥

૭ સર્વજ્ઞે ભૂલ કરી છે એમ માન્યા છતાં તેને મિથ્યાત્વ ન માને ને શંકા માને તેને વિચારવાની જરૂર છે. ॥૯૬॥

૮ ફોનોગ્રાફમાં શબ્દવર્ગણાના પુદ્ગલો ભરાઇ રહે છે એમ માનવું અયોગ્ય જ છે, પણ તે ભાષાના પુદ્ગલોથી એવા ત્યાં સંસ્થાનો થાય છે કે જેથી સોયના સંયોગે તેવી જ ભાષા ઉત્પન્ન થાય, પણ આકાશનો ગુણ શબ્દ માનીએ તો તે શબ્દને ઉત્પન્ન થવાના કારણભૂત સંસ્થાનો બનાવવાની તાકાત રહે નહિ, જેમ હારમોનીયમ ને વીણા ભાષાસમયને ઓલંઘેલી ભાષા અભાષા થાય છે. ॥૯૭॥

૯ આચારાંગ ને દ્રષ્ટિવાદ સિવાયના અંગના નામો અશાશ્વતા કહેવામાં પ્રમાણની જરૂર છે ॥૯૮॥

૧૦ માંસભક્ષકમાં સમ્યકત્વનો નિષેધ નહિ માનનારે સર્વવિરતિ દેશવિરતિ ને સમ્યકત્વ ન ગ્રહણ કરે તો પણ અભક્ષ્ય ત્યાગ કરાવવાના ઉપદેશનો ક્રમ વિચારવો જોઇએ. સ્વતંત્રપરિણામને માટે જુદી વાત રખાય ॥૯૯॥

૧૧ અસતિપોષણ એ ભોગોપભોગવ્રતમાં પણ કર્મથી અતિચાર છે, તેથી અનાચારીઓને તેના અનાચારથી આજીવિકા મેળવવા માટે પોષવા તે અતિચાર ગણાય; પણ દયા કે અનુકંપા, રક્ષણ કે પોષણ એકકેય અતિચાર નથી ॥૧૦૦॥

૧૨ મનની સામાન્ય શકિત તો અસંજ્ઞીમાં પણ છે, માત્ર સારી ને વિશિષ્ટ મનશકિત ન હોવાથી અસંજ્ઞી ગણાય છે. ॥૧૦૧॥

૧૩ શ્રુતજ્ઞાનનું સ્મરણ શ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી ગણાય છે.

કેવલજ્ઞાનવાલા અંતર્મુહુર્તથી વધારે આયુષ્ય હોય તો દીક્ષા જ લે એમ પ્રવચનસારોદ્ધાર વગેરેમાં લખે છે. ॥૧૦૩॥

૧૪ કુર્માપુત્ર માતાપિતાના પ્રતિબોધ માટે કેવલી થયા છતાં ઘરે રહ્યો છે. ॥૧૦૪॥

શ્રી કલ્પસૂત્રના મૂલમાં ઉચ્ચ તથા નીચગોત્રની વ્યાખ્યા છે એમ કહેનારે મૂલ જોવાની જરૂર છે. ॥૧૦૫॥ (જૈન ધ. પ્ર.)

૧ શ્રી કમળપ્રભ આચાર્યે પ્રમાદથી બચાવ માટે સ્યાદ્વાદ શબ્દ વાપરીને બાંધેલું તીર્થંકરનામકર્મ ગુમાવી દીધું અને અનંતો સંસાર ઉપાર્જન કર્યો સ્યાદ્વાદ શુદ્ધતત્વની પ્રાપ્તિ માટે, નહિ કે કરાતા પાપથી ખોટીરીતે બચવા બચાવવા માટે ॥૧૦૬॥

૧ 'અશુભ ભવક્ષયને માટે હું દીક્ષા લઉં છું' એમ કહેનારો દીક્ષાર્થી ગ્રહણ કરવા યોગ્ય છે અર્થાત્ દીક્ષા દેવા યોગ્ય છે; ને તેને ગ્રહણ કરવામાં (દીક્ષા દેવામાં) ભજના નથી એમ પંચવસ્તુકાર ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી સ્પષ્ટ જણાવે છે ॥૧૦૭॥

૨ પરીક્ષા પ્રવચનવિધિથી કરવાની કહેલ છે, માટે પ્રવચનવિધના પરમાર્થને જાણવાની જરૂર છે. સંપરિણામકનો અર્થ સુંદર પરિણામ કહેનાર ઇતર જે અલ્પને બહુકાલને માટે કહયા તેને માટે શું ખરાબ પરિણામ લેશે ? અર્થાત્ શું ખરાબ પરિણામવાળાને દીક્ષા આપશે ? ॥૧૦૮॥

૩ પરીક્ષામાં પરિચિત અપરિચિત પણું લગાડવું યોગ્ય છે કે શાસ્ત્રમાં પૃચ્છાને તે પરિચિત અપરિચિતપણું લગાડયા છે તે યોગ્ય છે. ? ॥૧૦૯॥

૪ શ્રી આચારકલ્પ વિગેરે શાસ્ત્રોમાં કહેલ દીક્ષાવિધાનમાં ગોચરી, અચિત્ત ભોજન, ભૂમિશય્યા, અસ્નાન અને કેશલોચના અંગીકાર કરે (સ્વીકાર કરે છતે) દીક્ષા દેવાનું વિધાન છે. ॥૧૧૦॥

૫ અન્યમતનું વકતવ્ય અને કર્તવ્ય જૈનમત પ્રમાણે જ છે એ માન્યતા કોને શોભે. ? ॥૧૧૧॥

૬ શ્રી આચારાંગસૂત્રના ટીકાકાર ભગવાન શ્રી શીલાંકાચાર્ય સ્પષ્ટ જણાવે છે કે ભગવાન મહાવીરદેવે જ્ઞાનાદિ અથવા તપ સ્વતઃ આચર્યા છે, માટે મોક્ષની ઇચ્છાવાળા બીજાઓએ પણ અવશ્ય એ આચરવું, છતાં જેઓ ન માને ને અનુકરણીયતાનો સર્વથા નિષેધ કરે તેની ધારણા જ્ઞાનીગમ્ય સમજાય છે. !!! ॥૧૧૨॥

૭ કલ્પાતીપણામાં સર્વ નિર્ગ્રંથો અને સ્નાતકો હોય છે એમ સમજવાવાળો કલ્પાતીત શબ્દને આગળ કરીને અનુકરણીયતાનો નિષેધ કરે ? ॥૧૧૪॥

૮ જિનકલ્પ એ સંહનન ને શકિતવાળાને આચરણીય માનનારા જિનકલ્પને કેમ અનુકરણીય ન માને ? ॥૧૧૫॥

૯ સ્થિત કલ્પ ને અસ્થિતકલ્પ કે સ્થવિરકલ્પ ને જિનકલ્પ સિવાયના બધા સાધુને કલ્પાતીત ગણ્યા છે એ સમજવાનું છે. ॥૧૧૫॥

૧૦ ચોથી સુખશય્યા અરિહંતભગવાનના અનુકરણથી તપ ન કરવા રૂપ છે॥૧૧૬॥

૧૧ ઉત્સાહ માટે આસન્નોપકારી વીરપ્રભુનું દૃષ્ટાંત માનનારે અનુકરણીયતા નથી માની એમ કેમ કહેવાય ? ॥૧૧૭॥

卐 卐 卐

**સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૭ મું. ૧૯૯૦ પો.શુ.૧૫ પૃ. ૧૬૩ સમાલોચના**

૧ શાસ્ત્રોમાં ગૃહસ્થોની હાજરીમાં સ્થંડિલચર્યાદિની મનાઈ કરી, ને તે કરનારને પ્રાયશ્ચિતના ભાગીદાર કહ્યા છે, છતાં તે (સ્થંડિલચર્યાદિ) ગૃહસ્થોને દર્શનીય છે એમ માનનાર શું ધારતા હશે ? ॥૧૧૮॥

૨ સાવદ્યપરિહાર પછી સાવદ્યપરિહારથી થતી પરીક્ષાને સાવદ્યનો ત્યાગ કરવા પહેલાં કરવાનું કહેનારા પ્રભુમાર્ગપ્રણીત પ્રવચન કે યુક્તિને કેમ સમજતા હશે ? ॥૧૧૯॥

૩ આજ્ઞાને પરમ માન્ય કરી ભગવંતના વર્તનને ઉત્તમોત્તમ ગણી તેનું કરવા લાયકપણું ગણનારાઓને પોતાના કદાગ્રહને પોષવા આજ્ઞા નહિ માનનારા તરીકે કહેનારા કેવા ગણાય ? ॥૧૨૦॥

૪ અશક્તિવાળાથી સશક્તનું અનુકરણ ન હોય, પણ અનુકરણીયતા જરૂર હોય એ વાત સમજુઓને સમજવી ઘણી સહેલી છે. ॥૧૨૧॥

**૫ મિથ્યાત્વી, અધર્મી, સ્વેચ્છાચારી, ઉત્સૂત્રભાષી વિગેરે ખોટાં બિરૂદોને આપનારા પોતાની અવસ્થાને જોઈ શકતા નથી તે અજ્ઞાનાદિનો પ્રબળ પ્રભાવ છે.** ॥૧૨૨॥

૬ શાસ્ત્રોમાં સેંકડો સ્થાને વૈરાગ્યની ઉત્પત્તિ સાથે દીક્ષા લીધી અને દીક્ષા લીધાના દાખલા છે. ॥૧૨૩॥

૭ 'સમરાઇચ્ચકહા'ના પ્રથમ ભવના અધિકારમાં અગ્નિશર્મા જેવા વિરૂપને તાપસ-દીક્ષા અપાઈ તે જૈનદર્શનનું શું અનુકરણ છે ? ॥૧૨૪॥

૮ શુભ મુહુર્ત્તાદિકની જરૂર માનવા છતાં ઉત્સાહની સર્વોત્તમતા જે આરંભસિદ્ધિના વાક્ય મુજબ માને અને વિસંવાદિત ધાગાપંથીયોના આધારે ન રહે તેઓને મનમાન્યા ખરાબ શબ્દોથી નિંદનારા ધાગાપંથીયોના ધોરી જ હોય !!! ॥૧૨૫॥

**વધુ માટે પૃ. ૪૪ કલમ ૨૭ તથા ૩૧**

૯ વર્તમાન શાસ્ત્રોમાંથી એકપણ દાખલો ન જણાવતાં દીક્ષા દેવા પહેલાં સામાન્યપણે છ માસ ગૃહસ્થપણે રાખી પરીક્ષા કરવાની વાહ્યાત વાતોને જણાવનારા કઈ કોટીમાં હશે ? ॥૧૨૬॥

૧૦ અગ્નિશર્માના અધિકારમાં પરીક્ષા શબ્દ જ નથી, છતાં તે જોવાનાં ચશ્મા જુદાં હશે ? ॥૧૨૭॥

૧૧ કેટલાક દિવસ પછી તાપસે આચાર કહ્યો છે ત્યાં પરીક્ષા કયાંથી લેવાય? ॥૧૨૮॥

૧૨ "અશકતોને આચારમાં ન મુકવાનું" હોવા માત્રથી અનુકરણીયતા ઉડાવનાર વસ્તુતઃ તત્ત્વતરંગિણિકારના આશયને સમજતો નથી. ॥૧૨૯॥

૧૩ શ્રી વિજયસિંહ આચાર્યે શિખિકુમારને અનુગ્રહ કર્યા પછી કેટલા દિવસ ગૃહસ્થપણામાં રાખ્યા, ને કઈ પરીક્ષા કરી તે જણાવ્યા શિવાય તેમના પિતાની રજાથી તરત આપેલ મહોત્સવપૂર્વકની દીક્ષામાં કઈ રીતે અનુકત પરીક્ષાનો પ્રવેશ થયો?॥૧૩૦॥

૧૪ શાસ્ત્રાધારે કરાયેલ પ્રવૃત્તિ છે એમ જાણ્યા છતાં સહસાત્કારે અને આચરાઈ ગયેલી હતી ઈત્યાદિ કહી શા માટે માયામૃષાવાદ સેવતા હશે ? ॥૧૩૧॥

૧૫ "બાલક અને સુપરિચિત આત્માની દીક્ષાની વિધિની મર્યાદા જુદી છે" એમ કહી શ્રી પંચવસ્તુકની વિધિ ખસેડાય એ માટે શાસ્ત્રીય પાઠની જરૂર છે. ॥૧૩૨॥

૧૬ "પરીક્ષામાં જો અયોગ્ય જણાય તો તેને દીક્ષા આપવાની ના પણ પાડી શકાય છે" આ વાકય પણ શાસ્ત્રીયપાઠની અપેક્ષા રાખે છે ॥૧૩૩॥

જૈન પ્રવચન ૫-૩૦, ૩૧

**સુધારો** પૃ. ૧૬૫

ટાઈટલ પેઈજ ચોથું ચાલુ વર્ષ અંક છઠ્ઠો

સમાલોચના નં. ૫ "જનમત" ને બદલે "જૈનમત"

,, નં. ૧૦ "તપ ન કરવારૂપ છે" ને બદલે 'તપ ન કરવા રૂપે છે' તંત્રી

☆ ☆ ☆

**શ્રી સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૮ સં. ૧૯૯૦ પો.વ. ૦)) પૃ ૧૮૬ સમાલોચના**

૧ ભગવાન શ્રી મહાવીરદેવ ગર્ભથી વિશિષ્ટ મતિ, શ્રુત અને અવધિજ્ઞાનવાળા હતા, જ્ઞાનને લીધે માતાપિતાની સ્થિતિ જાણી હતી, અને તેથી **તેઓશ્રીએ કરેલા અભિગ્રહમાં મોહનો ઉદય કારણ નહોતો એવું કથન કરનારે ગૃહાવસ્થાનના અભિગ્રહને ઔદયિક ને મોહોદયથી ન** ગણવો તો શું ક્ષાયોપશમિક ગણવો ?

શાસ્ત્રકારો તો સ્પષ્ટ મોહોદયથી દર્શાવી ઔદયિક જણાવે છે. ॥૧૩૪॥

૨ સોપક્રમનો ઉદય પણ રહેવા દેવો એ ઔદયિકભાવ નથી, એમ કહેનારે ઔદયિકભાવ જાણવા માટે કંઈક નવું શીખવું જોઇએ ॥૧૩૫॥

૩ શ્રી કલ્પસુબોધિકા અને શ્રી કલ્પકિરણાવલી વિગેરેમાં તો अन्येनापि कर्तव्या તથા अन्येषां विधेयतया એમ કહી તે અભિગ્રહનું અવસ્થાનદ્વારા નહિ પણ ભક્તિદ્વારા અનુકરણ કરવા જણાવે છે. માટે સુજ્ઞોને શાસ્ત્રપંક્તિઓ વિચારવી જરૂરી છે, અવસ્થાન જો મોહોદયજન્ય ન હોત તો તેને કર્તવ્ય તરીકે દર્શાવત, ભક્તિઅંશને જુદો પાડીને તેને વિધેયપણે કહેત નહિ. ॥૧૩૬॥

૪ સૂત્રકાર મહર્ષિઓ તથા શ્રી તીર્થંકર ભગવાન પણ નિર્ગ્રંથ મહાત્માઓને તપ ઉપધાનમાં ને આચાર્યમહારાજને કેવલ અર્થ વ્યાખ્યામાં તારકદેવનું અનુકરણ કરવા જણાવે તો પણ અનુકરણીયતા માનવાના ખોટા વિરોધના જોરે અનુકરણીયતા ન જ દેખે, અને એકલી આજ્ઞા જ દેખે તેમાં આશ્ચર્ય શું ? ॥૧૩૭॥

જૈન - પ્રવચન

૧ મુનિસંમેલનમાં પૂ. મુનિમહારાજાઓ પધારે એવા નિમંત્રણથી જ પાટણ અને જામનગરનો જમાનાવાદ જમીનદોસ્ત થયો છે કેમકે તે શાસ્ત્ર, મુનિસમુદાય, ઇતરસ્થાનના શ્રાવકસંઘોને સત્તાથી દૂર જ હતો. ॥૧૩૮॥

૨ શાસનસંચાલક નિઃસ્પૃહ ત્યાગિમહાત્માઓને જડવાદની વૃદ્ધિની આશામાં જકડાયલો જુવાન જે પોપશાહી કહે છે તે તેની આશા જ તે વ્યક્તિને ઓળખાવવા માટે બસ છે. ॥૧૩૯॥

તરૂણ જૈન

૧ કઇવર્ષોથી અને આચાર્યોએ મુનિસંમેલનનો નિર્ણય કરેલો જાહેર જ છે.

૨ મુનિસંમેલનની તારીખ પહેલાં કેઇ આચાર્યો એકઠાં થશે, અને ચર્ચવા લાયક વિષયો નકકી કરશે જ.

૩ મુનિસંમેલન શાસનના ઉદ્ધાર માટે જ થશે. અધિપત્ય; કલ્પના, વાહ્યાતવાતો અને શાસનને નહિ માનનારાનું ત્યાં સ્થાન જ નહિ રહે. તેનું કાર્ય શાસ્ત્રાધારે નિરભિમાન પણે જ થશે.

૪ શાસનહિતૈષીયો પોતાના મતભેદોને શાસ્ત્રાધારે સંમેલનમાં એકાંતમાં કે પછી પણ નિવારવા તૈયાર જ હોય ॥૧૪૦॥

મુંબઈ સમા. તા. ૧૦-૧-૩૪

૧ આચારાંગાદિસૂત્રો કે તેના અર્થને વાંચવા ભણવાનો પણ જેઓને અધિકાર નથી તેવાઓનો **અવાજ** શ્રમણગણ સંઘમાં ન હોય તેટલું પણ જેઓ ન સમજે તેઓની સમજની બલિહારી ! ॥૧૪૧॥

૨ શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે સિદ્ધાંત પુસ્તકારૂઢ કર્યો તેમાં કુંવરજીભાઈ શા આધારે કહેછેકે – શ્રાવકો તેમાં સામિલ હતા ? તેમાં શું શાસ્ત્રાધાર દેખાડવાની જરૂર નથી ? ॥૧૪૨॥

૩ ડાહ્યા... શ્રાવકો તો પોતાની ઉપાસક તરીકેની ફરજ સમજે છે તેઓના તો મનમાં પણ ન હોય કે હમારા વિના મુનિસંમેલન નકામું; તેઓ તો મુનિ વિના હમે જ નિરર્થક છીયે એમ માનનારા હોય ॥૧૪૩॥

૪ મુનિસંમેલનમાં શાસ્ત્રાનુસારી કાર્યોને સ્થાન જરૂર હોય, પણ સામાજિક કાર્યોને તેમાં ઘુસેડવા મથનારા ભીંત ભૂલે છે. ॥૧૪૪॥

૫ આરંભપરિગ્રહમાં આસકતોની સત્તા ત્યાગમય પ્રવચનમાં ચાલી નથી, ચાલતી નથી અને ચાલશે પણ નહિં. શ્રમણગણરૂપી સંઘે તો શાસનને ચલાવ્યું છે, ચલાવે છે અને ચલાવશે, તેમાં શંકાને સ્થાન જ નથી. ॥૧૪૫॥

જૈન તા ૭-૧-૩૪



## સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૯ ૧૯૯૦ મહા શુ. ૧૫ પૃ. ૨૦૫ સમાલોચના

૧ એક વખત તારકદેવના કૃત્યોની અનુકરણીયતા ન હોય એમ કહેવું, વળી અનુકરણ ન હોય એવું કથન કરવું, ફેર આજ્ઞાને અનુસરતું અનુકરણ હોય એમ કહી છેવટ આજ્ઞાને બાધ આવે તેવું અનુકરણ ન હોય એમ કહી પ્રસંગે જુદું જુદું બોલવામાં અને લખવામાં શ્રોતા અને વાંચનારાને અન્યાય આપ્યો છે કે નહિ ? તે તેઓએ સ્વયં વિચારી લેવાની જરૂર છે. ॥૧૪૬॥

૨ શાસનપ્રભાવક આચાર્ય શ્રીમાન રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ તથા શાસન ધુરંધર મહોપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજ શ્રી અર્થદીપિકા અને ધર્મસંગ્રહમાં સ્પષ્ટપણે જણાવે છે કે અદેવ, અગુરૂ અને અધર્મને દેવ, ગુરૂ, ધર્મપણાની બુદ્ધિથી આરાધન કરે તો જ પરમાર્થદ્રષ્ટિએ મિથ્યાત્વ ગણાય ॥૧૪૭॥

૩ "અપવાદપદે છે" એ વાકય મિથ્યાત્વના લક્ષણ માટે નથી, પણ મિથ્યાત્વ વર્તન માટે છે. કારણ કે – લક્ષણ અને વર્તનના પારમાર્થિક ભેદને સમજવાની જરૂર છે ॥૧૪૮॥

૪ મિથ્યાત્વિ યક્ષાદિનું આરાધન મિથ્યાત્વની વૃદ્ધિ અને તેના સ્થિરીકરણના પ્રસંગ-વાળું છે, અને તેથી થતા દુર્લભબોધિપણા માટે વર્જવાનું છે, આ ઉપરથી મિથ્યાદ્રષ્ટિ યક્ષાદિની પણ આરાધના વખતે શ્રદ્ધાવાળાને મિથ્યાત્વ થવાનું જણાવતા નથી. અને જૈન ધર્મની ઇતરધર્મોથી અતિશાયિતા નહિ હોવાને લીધે મિથ્યાત્વવૃદ્ધિ વિગેરે પણ કાલદોષથી કહે છે ॥૧૪૯॥

૫ સમ્યગ્દ્રષ્ટિ દેવતાનું કે શ્રી જિનેશ્વર ભગવાનનું ઇહલોકફલની પ્રાપ્તિ માટે આરાધન કરતાં તત્ત્વની શ્રદ્ધાવાળાને પણ દ્રવ્યક્રિયાપણું નથી, પણ મિથ્યાત્વ લાગે, એવા વાકયોમાં શાસ્ત્રીયપાઠની આવશ્યકતા રહે તે સ્વાભાવિક છે. ॥૧૫૦॥

૬ મિથ્યાત્વના લક્ષણમાં અપવાદ ન હોય એ વાતને ન સમજતાં મિથ્યાત્વવર્તનના અપવાદને આગળ કરે, અને મિથ્યાત્વવર્તનના અપવાદના બ્હાના હેઠળ મિથ્યાત્વના નિરપવાદ લક્ષણને ઉથલાવવા મથે તેઓ લક્ષણ અને વર્ત્તનના વાસ્તવિક તફાવતને સમજતા નથી. એમ કહેવું આવશ્યક છે; કારણ કે રાજાભિયોગાદિ છ આગારો તો મિથ્યાત્વવર્તન માટે પ્રસિદ્ધ જ છે ॥૧૫૧॥

૭ લોકોત્તર મિથ્યાત્વ સેવનારા શ્રદ્ધાલુ તે કાલે મિથ્યાદ્રષ્ટિ ન કહેવાય, તો પણ લૌકિક ફલથી શુદ્ધ દેવ, ગુરૂને શ્રધ્ધાપૂર્વક આરાધનારને અતિચાર હોય તો શંકાદિક પાંચ અતિચારમાંથી કયો અતિચાર સમ્યકત્વને લાગે ? તે શાસ્ત્રોકિતથી જણાવવું આવશ્યક છે. ॥૧૫૨॥

૮ દ્રવ્યક્રિયા અને લોકાત્તર મિથ્યાત્વના ભેદને નહિ સમજતા છતા "મિથ્યાદ્રષ્ટિ કહેવામાં પણ કશીજ હરકત નથી" એમ બોલનારા પોતાના આત્માને મિથ્યાત્વમાંથી કેમ બચાવતા હશે ? ॥૧૫૩॥

૯ પૂર્વાપરના વિચાર રહિત થઈ ને ભરતાદિક મહાપુરૂષો પણ મિથ્યાત્વી ગણાય એવું ખોટી રીતે લક્ષણ બોલનારાઓ પોતાને કેવી રીતે બચાવશે એ તેઓએ જ સમજવાનું છે. ॥૧૫૪॥

૧૦ 'ગર્ભ પ્રયત્ન કરણેન' આ પદ 'ગર્ભની રક્ષા પોષણ આદિ રૂપ માતપિતાના પ્રયત્નદ્વારા' એવા અર્થ માટે શાસ્ત્રકારોએ કહેલ છતાં તે ન સૂઝે'ને "ગર્ભની અંદર પ્રયત્ન કરવા દ્વારા" અને "ગર્ભમાં રહીને પ્રયત્ન કરવા દ્વારા" આવા આવા અર્થો કરનારા તેમજ પ્રકરણને ઉથલાવવા પૂર્વક બદ્ધાગ્રહ-બાલીશતા અને નાક કાપીને અપશુકન કરવાની રીતિ વિગેરે અસભ્ય શબ્દ ઉચ્ચારનારાઓ પોતાની દશાનું દિગ્દર્શન કરાવે છે. ॥૧૫૫॥

૧૧ જ્ઞાનત્રયોપેતત્વાત્ એ હેતુ સ્નેહ જાણવા માટે સ્પષ્ટપણે છતાં અને અભિગ્રહમાં માતપિતાનો સ્નેહ હેતુ છે એમ સ્પષ્ટ જણાવ્યા છતાં હેતુને ઉથલાવીને અભિગ્રહમાં તે (હેતુને) લેનારો કેવો ખોટે રસ્તે જાય છે તે સહેજે સમજાય તેમ છે. ॥૧૫૭॥

જૈન પ્ર. વ. ૫ અં. ૪૫

૧ સમ્યગ્દૃષ્ટિ ગુરૂકુલવાસી શાસનહિતૈષી શાસનપ્રેમિયો તો સદા કાલ શાસ્ત્રનુસારે જ બોલે છે, પણ ઇતરોએ દીક્ષાવિરોધને લીધે મૂઢ, બાલ, નિષ્ક્રેટીકા, મજ્ઝિમેણ વિગેરે અનેક વાકયો અને પ્રકરણોનો દુરુપયોગ કર્યો છે તે જૈન જનતાની જાણ બહાર નથી ॥૧૫૭॥

૨ જૈનશાસ્ત્રો 'સાધુસમુદાયને જ સંઘ' તરીકે જણાવીને તેને જ મેરૂ, પદ્મ વિગેરેની ઉપમા આપે છે, શ્રાવકોને તો મોર અને ભમરા જેવા ગણ્યા છે. માટે તેઓની સત્તાનો મદ કે પ્રવાદ ખોટો જ છે. ॥૧૫૮॥

જૈન વર્ષ-૩૨ અં-૨

૧ એકાંતે જન્મથી આઠ વર્ષ પછીજ દીક્ષા થાય એમ માનનારે અનુત્તરનું નવ વર્ષનું આંતરૂં ને નવ વર્ષના આયુવાળાને થતો મોક્ષ વિચારવો, કેમકે – બાર માસના પર્યાયે કેવલ અને અનુત્તર મળે છે એટલે પોણા દશ વર્ષે જ તેઓના મતે તે બે થશે ॥૧૫૯॥

૨ આઠમાને સ્થાને આઠ સમજનાર કેવા અજાણ ગણાય ? ને ગર્ભથી આઠમું જન્મથી ૬। વર્ષે (સવા છ) થાય કે નહિ ॥૧૬૦॥

૩ બાલકપણામાં ચારિત્ર લેવાનો યોગ પૂર્વભવના સંસ્કારથી જ હોય છે એમ ન માનનારા પૂર્વભવ ઉદય અને ક્ષયોપશમાદિ કેમ માનતા હશે ? ॥૧૬૧॥

( જૈ. ધ પ્ર. )

☞卐☜

## સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૧૦ ૧૯૯૦ મહા વ.૦)) પૃ. ૨૨૯ સમાલોચના

**નોંધ :** દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, પત્રો તથા ટપાલ વિગેરે દ્વારા આ ચાલુ-પાક્ષિકને અંગે કરેલ પ્રશ્નો અને આક્ષેપોના સમાધાનો અત્રે અપાય છે.

૧ કોઇપણ પત્ર અગર પત્રકાર વગેરેની સમાલોચના કરાય તેમાં તેઓને અમો અન્યાય આપીએ છીએ કે ઉતારી પાડીયે છીએ એમ સમજવાની ભૂલ ન થવી જોઇએ.

૨ સમજફેર બાબતોને સુધારવી તે તો દરેકની અનિવાર્ય ફરજ છે.

૩ શાસ્ત્રકારોના આશય વિરૂદ્ધ પ્રગટ થતાં સાહિત્યની સમાલોચના કરવી તે આવશ્યક છે, છતાં સમાલોચનામાં શાસ્ત્ર વિરુદ્ધ લાગે તો ખુશીથી જણાવવું. ॥૧૬૨॥

(પત્ર શ્રી પુન્યવિ. વઢવાણ)

૧ શ્રી તત્વાર્થમાં અસંખ્યાત વર્ષના આયુષ્યવાળાઓને અનપવર્ત્તનીય આયુષ્યવાળા જે માન્યા છે, તે બીના પર્યાપ્તપણું પ્રાપ્ત થયા પછી નાને માટે સમજવાની છે; કારણ કે તેઓ (અસંખ્યાતવર્ષના આયુષ્યવાળાઓ)નું આયુષ્ય ઘટે તો અપર્યાપ્તપણામાં જ ઘટીને અંતમુહૂર્ત જેટલું રહે છે ॥૧૬૩॥

૨ "સાધુ સમુદાય રૂપી શ્રી સંઘમાં શાસનપ્રેમી કોઈપણ મુનિરાજ અમૂક સવાલ ચર્ચવો નહિં એવી શરત કરે નહિ, તેઓ તો પોતાની તરફના કે જવાબદારીના શાસ્ત્રીય સવાલો શ્રી સંઘમાં ચર્ચવા તૈયાર જ હોય." ॥૧૬૪॥

નવ. ભા. ૪ ૨-૩૪




## સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૧૧ ૧૯૯૦ ફા. શુ. ૧૫ પૃ. ૨૫૪ સમાલોચના

ભગવાન મહાવીરે માતપિતાના સ્વર્ગગમન પછી પોતાની દીક્ષા તરત થાય તો નંદીવર્ધનાદિ પરિજન મરણ પામશે એમ અવધિથી જાણ્યા છતાં પરિવારે કહેલી બે વર્ષની મુદ્દત અવધિજ્ઞાનકારણથી ન હતી, અને તે બે વર્ષની મુદ્દતનો અંગીકાર સાવદ્ય મોહરૂપ ન માનતા જ્ઞાનકારણ જ કેવળ માનવો એ જ્ઞાનની ધૂનને જ આભારી ગણાય. ॥૧૬૫॥

સૂત્રકાર અને વૃત્તિકારકો વિગેરેએ સ્પષ્ટશબ્દોમાં જ્યારે ભગવાન તીર્થંકરોએ ધારણ કરેલ દેવદૂષ્યમાં અશુધર્મચારિતા માનેલી છે ને પર્યુષણકલ્પવૃત્તિ વિગેરેમાં સવસ્ત્ર-પણામાં તેઓ ધર્મ કહેવાનું હેતુ જણાવેલ છતાં આચરવાથી નિષેધ કરતા હોય તેને પૂછવાનું કહેવું તે મર્યાદાવાળું ન ગણાય. ॥૧૬૬॥

આજ્ઞાને નામે જે અશકતો શ્રી તીર્થંકરાદિના નામે અનુકરણ કરવા તૈયાર થાય તેને સમજાવવા કહેલ શાસ્ત્રવાકયોને ઉક્ત યોગ્ય અનુકરણ અને અનુકરણીયતાના નિષેધમાં ગોઠવવા એ શાસ્ત્રના શ્રદ્ધાળુને શોભતું નથી. ॥૧૬૭॥ જૈન પ્રવ.



## સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૧૪ સં. ૧૯૯૦ ચૈ.વ. ૦)) પૃ. ૩૨૮ સમાલોચના

૧ ભગવાન્ મહાવીર મહારાજાના જીવે મરિચિના ભવમાં 'તમારા મતમાં શું સર્વથા ધર્મ નથી ?' એવા કપિલના પ્રશ્નની વખતે દીધેલો 'इत्थंपि इहयंपि' એવો જે ઉત્તર છે તે 'જીનેશ્વર મહારાજના ધર્મમાં સંપૂર્ણ ધર્મ છે અને અમારા પરિમિત જળથી

સ્નાનપાનાદિક કરવું વિગેરેરૂપ પરિવ્રાજક ધર્મમાં કંઈક કર્મ છે' એવો ઉત્તર આવશ્યક મલયગિરિવૃત્તિમાં સ્પષ્ટપણે જણાવેલો છે, માટે કેવળ 'હા'નો ઉત્તર લખનારે અને કહેનારે સમજવો જોઇએ. ॥૧૬૮॥

૨ દીક્ષાની બાબતમાં ગર્ભ અને જન્મથી આઠમું અને જન્મ પછી આઠ થયા પછી યોગ્ય થાય એ વાત કોઈએ નવી કલ્પી નથી; પણ શ્રી નિશીથચૂર્ણી, પ્રવચન-સારોદ્ધાર અને ધર્મસંગ્રહ વિગેરેમાં સ્પષ્ટપણે જણાવેલ જ છે ॥૧૬૯॥

૩ શ્રમણસંઘની વ્યાખ્યામાં આરંભક અવયવો લઇએ તો મુનિનો સમુદાય ગચ્છ અને ગચ્છનો સમુદાય કુળ અને કુળનો સમુદાય ગણ અને ગણનો સમુદાય સંઘ એમ કહેવાતો હોવાથી કેવળ મુનિગણ આવે પણ સંઘના ચાર ભેદો શ્રી સ્થાનાંગસૂત્ર, ભગવતીજી વિગેરેમાં જણાવેલા હોવાથી આજ્ઞાવર્તી પરિવાર પણ અંદર ગણી શ્રમણ પ્રધાન છે જેમાં એવો સપરિવાર સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર પ્રકારનો સંઘ કહેલો છે ॥૧૭૦॥

૪ શાસ્ત્રદ્રષ્ટિએ તો સોળ વરસની ઉમર સુધી દીક્ષા દેવી હોય તો માત્ર માતપિતા અગર તેના વાલીની ઉત્સર્ગમાર્ગે રજાની જરૂર હતી, પણ પૂર્વકાળમાં વકતાઓ જેવી વચનની દ્રઢતા રાખતા હતા અને તેથી એકવચનીપણું નિયમિત હતું તેવી સ્થિતિ આજ કાલ ન હોવાથી માતાપિતા કે વાલીની સંમતિના પુરાવા માટે વિશેષ પ્રયત્નની જરૂર રહે તે સ્વાભાવિક છે અને આ જ કરણથી ધનગિરિમહારાજે સાક્ષીઓ રાખી વજ્ર સ્વામીને લીધા છે. ॥૧૭૧॥

૫ પૂર્વકાળમાં પણ તે તે દ્રવ્યમુનિઓની અત્યંત અનુચિત પ્રવૃત્તિઓ દેખીને તે કાળના પુરુષોએ ઉચિત કરેલું જ છે તેમાં શાસ્ત્રના જાણકારનો મતભેદ નથી ॥૧૭૨॥

૬ અવિદ્યમાન દોષોનું જાહેરપણે આરોપણ કરવું તે **અભ્યાખ્યાન** એટલે કલંકદાન નામનું મોટું પાપ છે. તેમજ પ્રચ્છન્નપણે વિદ્યમાન કે અવિદ્યમાન દોષોને પ્રગટ કરવા તે પૈશૂન્ય નામનું પાપસ્થાનક છે, અને બીજાઓને જાતિ, કર્મ આદિક જણાવી અધમતા દર્શાવવી તે **પરપરિવાદ** નામનું પાપસ્થાનક કહેવાય. આટલા માટેજ સાધુપણામાં વર્તતા શિષ્ય સિવાયને ઉદ્દેશીને 'આ કુશીલ છે' એમ કહેવાનો નિષેધ કર્યો અને દોષ વિદ્યમાન છતાં બીજાને ક્રોધ થાય તેવું બોલવાની મનાઈ થઇ ॥૧૭૩॥



**સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૧૫ ૧૯૯૦ પ્ર.વૈ. શુ.૧૫ પૃ. ૩૫૦ સમાલોચના**

૧ બાલ દીક્ષા વિરલવિષયક અને કાદાચિત્ક હોય તેથી તો તે અત્યન્ત દુર્લભ ઠરી

કિંમતી ઠરે છે, ને તેથી ભાગ્યશાળીયો બાલ્યકાળમાં દીક્ષિત ન થવાથી પોતાને ઠગાયલા માને છે. ॥૧૭૪॥

૨ ત્યાગના પરિણામ થયા છતાં ત્યાગને રોકવાની આવશ્યકતા માનનારો સંયમને ભોગથી ઠગાવવું માનતો હશે ને કામને જ પુરુષાર્થ માનતો હશે. ॥૧૭૫॥

૩ શાસ્ત્ર અને સંયમને સરકાવીને ઉદારતા મનાવનારા હોડી સળગાવીને સમુદ્રમાં સિધાવનારા છે ॥૧૭૬॥

૪ અનુમતિની વાત આખ્યાત ને અવમાત નામની દીક્ષાને કથંચિત્ લાગુ પડે છે તે ન જાણતાં અનુમતિ વિના દીક્ષા બનવાનું ન કહે તે શાસ્ત્ર જુવે તો સારૂં ॥૧૭૭॥

૫ જીનેશ્વર ભગવાને આશ્રીને દેવદ્રવ્યની વૃદ્ધિ માટે કરાતી બોલીનું દ્રવ્ય તેનાથી ઉતરતા જ્ઞાન આદિ ક્ષેત્રમાં ને શ્રીસંઘની માલીકીમાં સોંપનારો મનુષ્ય કેવી હાનત ને સમજણમાં હશે તે વિચારકોએ સમજવું ॥૧૭૮॥ (ન્યા)

૬ જેમ જૈનશાસ્ત્રકારોએ ગુણહીનપણું છતાં જાતિમદ કરનારને શિક્ષિત કર્યા છે તે-વીજ રીતે શ્રી જીનેશ્વર મહારાજ, ગણધર મહારાજ આદિના ગુણોનું વર્ણન કરતાં જાતિ અને કુલની વિશિષ્ટતા સ્વીકારી છે તથા અમુક જાતિ અને કુલોને જ માત્ર આર્ય તરીકે, શેષ જાતિ, કુલોને અનાર્ય તરીકે ગણેલા છે તે સ્પષ્ટ જ છે. ॥૧૭૯॥

૭ ધર્મરૂપ જલાશયના બ્રહ્મરૂપ ઘાટે સ્નાન કરવાની વાત સર્વવિરતિ માટે છે તેથી દેશવિરતિવાળાને પવિત્ર તીર્થોના પવિત્ર સ્થાનોનાં સ્નાનોનો નિષેધક વસ્તુસ્થિતિ વિચારે તો ઠીક થાય. ॥૧૮૦॥

૮ દિશાઓની પૂજ્યતારૂપે વિધાન ન છતાં તેમાંની પૂર્વ ઉત્તર અને પૂર્વોત્તરની પ્રશસ્તતાનો સ્થાન સ્થાન પર મૂલસૂત્રકારો સ્પષ્ટપણે સ્થાનાંગાદિમાં જણાવે જ છે. ॥૧૮૧॥

૯ જૈનોમાં પહેલાં ગર્ભાધાનને અંગે ચ્યવનકલ્યાણક તેમજ જન્માદિક કલ્યાણકો માનવાથી દૈવી પૂજાને મુખ્ય સ્થાન મળ્યું જ નથી. ॥૧૮૨॥

૧૦ સ્થાપનાદિ નિક્ષેપાએ થતી આરાધના ભાવ નિક્ષેપાને અંગે હોવાથી જૈનદર્શન હંમેશા ગુણ ને ગુણવાનને જ પૂજનાર છે. ॥૧૮૩॥

૧૧ ચરણ સિત્તરની આરાધના 'ને' તેનું પાલન સંવર અને નિર્જરા માટે હોવાથી તે ક્રિયાને અદૃશ્ય દેવાદિની માન્યતાનો આધાર ગણવો તે જૈનદર્શન જાણનારને શોભે નહિ. ॥૧૮૪॥

૧૨ જૈનધર્મ પણ સંવર અને નિર્જરાની ક્રિયાની સાધ્ય દ્રષ્ટિવાળો જ છે, તે ધર્મક્રિયાનો નિષેધ નથી કરતો પણ આશ્રવ અને બંધના કારણભૂત ક્રિયાનો નિષેધ કરે છે. ॥૧૮૫॥

૧૩ ભગવાન મહાવીર અનેક વખત વિષ્ણુ, બલભદ્ર વિગેરેના મંદિરોમાં રહેલા છે એ હકિકત સમજનારો વિષ્ણુ આદિ માટે નવી કલ્પના કરતાં જરૂર થોભશે ॥૧૮૬॥

૧૪ કોઇપણ જૈન તીર્થંકરોની મહતા, ઋદ્ધિ-સમૃદ્ધિથી કે દેવતાઇ સાન્નિધ્યથી માની નથી જો એમ હોત તો વાસુદેવ, પ્રતિવાસુદેવ અને ચક્રવર્તીઓની અપરિમિત ઋદ્ધિ સમૃદ્ધિને અંગે દેવતાઈ ચમત્કારને સેવા આદિ કહેવાનો જૈન પ્રસંગ રાખત જ નહિ ॥૧૮૭॥

૧૫ પ્રશ્નવ્યાકરણ નામના અંગમાં સીતાને અંગે થયેલ યુદ્ધથી, ચર્ચાથી તેમજ સમવાયાંગમાં શલાકા પુરૂષ તરીકે રામચંદ્રજીના નિરૂપણાથી જૈન અંગો રામચરિત્રને નથી પ્રકાશતાં તે કહેવું અસ્થાને છે. શુદ્ધ શલાકા પુરૂષ નથી એથી તેને ન કહે તે સ્વાભાવિક જ છે. ॥૧૮૮॥

૧૬ જિન પ્રમાણ યજ્ઞમાં દર્વી કરવી એ વાલ્મીકિરામાયણમાં લેખ પુરાણ કાલનો નથી ॥૧૮૯॥

૧૭ ભોગવતાં શેષ રહેલા નીચગોત્રને લીધે જ શ્રી વીર બ્રાહ્મણકુલે આવ્યા ॥૧૯૦॥

૧૮ ભગવાન્ મહાવીરે શક્તિનો પરિચય આપવા મેરૂ કંપાવ્યો નથી ॥૧૯૧॥

૧૯ શાસ્ત્રકારો સાત તાલ જેટલું શરીર કહે છે. ॥૧૯૨॥

૨૦ ભગવાન્ મહાવીરને સર્પે ભરડો દીધો નથી. ॥૧૯૩॥

૨૧ ભગવાન્ મહાવીરને ચંડકોશિકે ઘણા ડંખ માર્યા જ નથી ॥૧૯૪॥

(જિન પ્રકાશ. સુખ)

卐 卐 卐

## સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૧૭ ૧૯૯૦ વિ.વૈ.વ.૦)) પૃ. ૪૦૨ સમાલોચના

૧ ભગવાન્ મહાવીર મહારાજે માતાપિતાની અનુકંપા માટે જ માતાપિતા જીવે ત્યાં સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો છે એ વાત ચૂર્ણિકાર અને ટીકાકારોના લખાણથી સ્પષ્ટ છે; છતાં તે અભિગ્રહને માતાપિતાની અનુકંપાથી નહિ માનનારા શાસ્ત્રોના સ્પષ્ટ પાઠોને શા માટે નહિ જોતા હોય ? આવા આગ્રહથી શો ફાયદો ? ॥૧૯૫॥

૨ ભગવાન્ મહાવીર મહારાજે માતાપિતાની હૈયાતિ સુધી દીક્ષા નહિ લેવાનો કરેલો અભિગ્રહ સોપક્રમ એવા પણ 'મોહના ઉદય'ને લીધે હતો એમ શ્રી હરિભદ્રસૂરિજીના અષ્ટકની વૃત્તિ અને મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજીની બત્રીશીના પાઠથી સ્પષ્ટ છતાં તે અભિગ્રહને મોહજન્ય કે ઔદયિક ન માનનારા ઔદયિકના સ્વરૂપને પણ શું નહિ સમજતા હોય ? ॥૧૯૬॥

૩ સમ્યગ્જ્ઞ નથી બનેલા અને મોહ કારણ સિવાયના અભિગ્રહને શા માટે ક્ષાયોપશમિક કોટિમાં લાવતા નથી ? ઔદયિક શા માટે ગણે છે ? ॥૧૯૭॥

૪ શાસ્ત્રોના ખુલ્લા પાઠો અને જાહેર પ્રશ્નોનાં સમાધાનો ન આપતાં ઉદ્ધતયુવકોની માફક શાસનના ઈજારદાર મુનિ પણ પોતાનો કક્કો ખરો કરવા જાહેર પેપરમાં આગ્રહ કરે તો ધર્મની બગશ તેમનામાં કેટલી ગણવી ? ॥૧૯૮॥

૫ નવપૂર્વ આદિ આગમોને આધારે વસ્તુ જાણનારને આગમવિહારી (વ્યવહા) ન માનવાનું કહેનાર શાસ્ત્ર વાંચતા હશે કે કેમ ? ॥૧૯૯॥

૬ શ્રુતવ્યવહારી આદિ માટે ગર્ભાષ્ટમ' એટલે 'જન્મથી સવા છ વર્ષે' દીક્ષા દેવાનો ચોકખો પાઠ છતાં જેઓ મહા અધર્મ જ છે એમ કહે તેવાઓને વાચાલ, અભિનિવેશી કહેતાં પણ દયાળીનું અંતઃકરણ જ અટકાવે છે. ॥૨૦૦॥

૭ આગમ શબ્દથી શાસ્ત્રકારો કેવલ આદિની માફક ચૌદ પૂર્વથી નવ પૂર્વો કહે છે, છતાં તે પૂર્વોને આગમ તરીકે ન ગણનારની શ્રદ્ધા કેવી હશે ? ॥૨૦૧॥

૮ જન્માષ્ટ, જન્માષ્ટમ અને ગર્ભાષ્ટમ એ ત્રણે પક્ષો માન્ય છે અને તે ત્રણે પક્ષોને ધ્યાનમાં રાખીને જ 'આઠથી અત્યંત વૃદ્ધ ન થાય ત્યાં સુધી' એ વાકય લખ્યું છે એમ ચોકખો ખુલાસો થયા છતાં ગર્ભાષ્ટમ આદિને 'મોટા અધર્મ' કહેનાર મનુષ્ય પોતાની શાસ્ત્રશ્રદ્ધાને અને મૃષાવાદવિરમણને કેમ ટકાવતો હશે ? ॥૨૦૨॥

૯ બારમાસના દીક્ષાપર્યાય સિવાય જઘન્યવયવાળાને કેવળજ્ઞાન થતું નથી ને કેવલીપણાનો પર્યાય આઠ વર્ષથી શરૂ થાય છે એમ શાસ્ત્રાધારે માનવા છતાં આઠ (જન્મથી આઠ થયા) પહેલાં દીક્ષા નહિ માનનારા પૂર્વાપર વિચાર કરીને બોલે તો અધર્મ અને મહા-અધર્મના ખોટા ઈજારા ન રાખવા પડે. ॥૨૦૩॥

૧૦ સંસારમાં આસકત છતાં પણ સમ્યકત્વવાળા જીવો નિરપેક્ષ ન હોઇ વિરકત હોય તેમાં મોહનો ઉદય નથી કે તેમાં મોહ કારણ નથી એમ માનતાં કાર્યકરણ વિચારવું જરૂરી છે. ॥૨૦૪॥

(જૈન પ્રવચન)

**સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૧૮ ૧૯૯૦ જે.શુ.૧૫ પૃ.૪૨૫-૪૩૨ સમાલોચના વિચક્ષણને વિચારણીય વાતો**

**૧ ગર્ભાષ્ટમ, જન્માષ્ટમ અને જન્માષ્ટ વર્ષોની જ અપેક્ષાએ "આઠ વર્ષથી"** દીક્ષાની યોગ્યતા માની છે. ભાષાની દ્રષ્ટિએ ગુજરાતીમાં આઠમું વર્ષ બેસે ત્યારથી આઠ વર્ષ ગણાય છે. ॥૨૦૫॥

૨ દીક્ષાના અઢાર દોષોમાં જે "બાલ" નામનો દોષ જણાવી બાલકને દીક્ષા માટે જે અયોગ્ય માન્યો છે તે આપેક્ષિક છે. ને તેથીજ "પ્રવચન સારોદ્ધારવૃત્તિકાર" વગેરે સ્પષ્ટપણે જણાવે છે કે-આ દીક્ષાના અઢાર દોષમાં **"બાલ" દોષ જન્માષ્ટમ કે ગર્ભાષ્ટમથી પહેલાંના બાળકો માટે જાણવો.** ॥૨૦૬॥

૩ "પ્રવચનસારોદ્ધાર," "ઉપમિતિ ભવપ્રપંચ," 'અષ્ટકવૃત્તિ" આદિ ગ્રંથોમાં બાલદીક્ષિત સાધુઓના અધિકાર હોવાથી; "નિશીથભાષ્યકાર" તથા "પંચકલ્પ ભાષ્યકાર" "શૈક્ષનિષ્ફેટિકાના" અધિકારમાં સોલ વરસની ઉંમર થ॥ સુધી અવ્યકત ગણી બાલક **ગણે છે, માટે બાલદીક્ષા અયોગ્યજ છે એમ કહી શકાય નહિ.** ॥૨૦૭॥

૪ આચારાંગમાં "મજ્ઝિમેણં વયસાઽવિ"ના અધિકારમાં **"અપિ" શબ્દથી પહેલી ને છેલ્લી અવસ્થાને પણ દીક્ષા યોગ્ય ગણી છે** "કલ્પસૂત્ર" સુબોધિકા-વૃત્તિમાં આઠ વર્ષની બાલ્યાવસ્થા ઓલંઘ્યા પછી યૌવનદશાનો અધિકાર છે, પ્રતિમાપ્રતિ-પન્નાદિ એકાકી વિહાર કરનારા યૌવનવયે દીક્ષિત હોય છે (કેમકે) શીતથી થયેલા કંપનમાં કામની શંકા નિવારણ કરવાનો સંભવ યૌવનદશામાં જ હોય છે. ॥૨૦૮॥

૫ ભગવાન્ વજ્રસ્વામીજીને તેમની માતાએ **સાક્ષીઓ કરવા પૂર્વક તેમના પિતા ધનગિરિને આપેલા છતાં** માતા શય્યાતરો પાસેથી પાછા માગે છે, ત્યારે શ્રાવકો તે માતાને નથી તો સમજાવી શકતા કે નથી એમ કહી શકતા કે 'તારો હવે અધિકાર નથી," પરંતુ "આ તો ગુરૂ મહારાજની થાપણ છે" એમ કહી ખસી જાય છે. ॥૨૦૯॥

૬ ગુરૂમહારાજના આવ્યા પછી પણ માતા વજ્રસ્વામીજીની માગણી સાધુઓ પાસે કરે છે; પરંતુ પોતે સાક્ષી સાથે રાખીને તે ભગવાન્ વજ્રસ્વામીજીને તેના બાપ ધનગિરિ તથા મામા આર્યસમિતિને આપ્યા છે તે વાત ભૂલી જાય છે. આથી સ્પષ્ટ થાય છે કે " શ્રમણ સંઘ સિવાય દીક્ષા લેવડાવવાના પક્ષમાં કોઇ રહેતું નથી"

૭ આખું નગર વજ્રસ્વામીજીની માતા સુનન્દાના પક્ષમાં થાય છે, અર્થાત્-વજ્ર-સ્વામીજીને **સાધુ પાસે ન રાખવા અને જે સાક્ષીઓ પૂર્વક માતાએ તે**

**પુત્ર પિતાને અર્પણ કર્યો હતો તેઓની પાસેથી પુત્ર માતાને અપાવી દેવો.** એવા વિચાર અને વર્ત્તનવાળું આખું શહેર થાય છે. દીક્ષિતો તે ગામના વિરોધને પણ ગણતા નથી ને વજ્રસ્વામીજીને તે માતાને સોંપાતા નથી.

૮ છેવટે સ્વયં કે શહેરની ઉશ્કેરણીથી માતા રાજા પાસે સાક્ષી પૂર્વક આપેલા પુત્રને" પાછો લેવા ફરીયાદ કરે છે ને રાજા તે બધી સાક્ષી કરીને માતાએજ પિતાને પુત્ર સોંપ્યો છે આ વાત જાણે છે છતાં માતાના રૂદનાદિ બાહ્ય દયાથી કે નગરના લોકોની શરમથી તે ફરીયાદ કહાડી નાખતો નથી.

૯ હિન્દુશાસ્ત્રાદિ પ્રમાણે પુત્ર ઉપર પિતાનો સ્વાભાવિક હક હોવાથી અને માતાએ પોતે સાક્ષી પૂર્વક સોંપેલો છે એ બધી વાત રાજા વિચારતો નથી **અને બન્નેના સરખા હક ગણવા જ તૈયાર થાય છે.**

૧૦ વિહાર કરીને તત્કાળ બહારથી આવેલા સાધુઓને પરિચયવાળા છે એમ ગણાવી પુત્રને સોંપનારી માતા સ્નેહને અંગે સ્તનપાન કરાવતી હતી ને રમાડતી હતી છતાં **પરિચય** (વાળી) **તરીકે ગણાતી નથી**

૧૧ પિતાનો સ્વાભાવિક અને અર્પણથી પ્રાપ્ત થયેલ હક છતાં, ને પરિચયવાળી માતા છતાં **"જેની પાસે બોલાવવાથી આવે"** તેને સોંપવો એવો **ન્યાયનો નિર્મૂળ નાશ કરનારો** ચુકાદો રાજા આપે છે

૧૨ માતા પણ બાલકને **રાજાએ કહેલ હક પ્રમાણે બોલાવતી નથી** પરંતુ લોભાવનારા **રમકડાં** વગેરે હાથમાં રાખી માતા પોતાની તરફ બોલાવી લેવા માગે છે તે પણ રાજા, **રાજસભા અને નગરજનો** ચલાવી રહે છે.

૧૩ રમકડાં વિગેરેને નામે પણ માતા શ્રી વજ્રસ્વામીજીને બોલાવે છે છતાં તેઓ માતાના સામું પણ જોતા નથી ત્યારે માતાને બીજી વખત બોલાવવાનો હક રાજા વિગેરે આપે છે બીજી વખત પણ તેવી રીતે રમકડાંના નામે બાળકને માતા બોલાવે છે છતાં નથી આવતા ત્યારે ત્રીજી વખત પણ બોલાવવાનો હક આપે છે. (આ આખી હકીકત તપાસનારને સ્પષ્ટ માલમ પડશે કે મોહમાં માચેલા ને વિષયરસમાં રાચેલા લોકો અધિકારી હો કે ઈતર હો પણ કેવા તેઓ મોહાધીન મનુષ્યોનો પક્ષ કરે છે !! વર્તમાનમાં પણ તે પ્રમાણે રાજા પ્રજા કે બીજા તેવા લોકો દીક્ષાના વિરોધી થાય તેમાં આશ્ચર્ય નથી; પણ માતપિતા સ્ત્રી પુત્ર વિગેરેના મોહને ભયંકર વિપાકવાળો સમજીને ત્યાગમાર્ગમાં મશગુલ બનેલ મહાત્માઓએ તો ત્યાગરૂપ અમૃતના પાનમાં મદદ જ કરવી જોઈએ અને તેના ત્યાગમાં મદદ થાય તો જ ત્યાગીઓના ત્યાગનું અખંડિતપણું રહે. ॥૨૧॥

૧૪ શોભનમુનિજીને દીક્ષા નહિ આપવા માટે ધારાનગરીના પ્રધાન ધનપાલે ખુબ ધમાલ મચાવી, ત્યાંના શ્રાવક સંઘે પણ દીક્ષા નહિ આપવા જણાવ્યું, છતાં આચાર્યમહારાજ શ્રી ઉદ્યોતન (?) સૂરિએ દીક્ષા આપી હતી.

૧૫ શોભનમુનિજીની દીક્ષા તેમના પિતાના અર્ધસર્વસ્વ અર્પણની પ્રતિજ્ઞાને અંગે જ હતી.

૧૬ શોભનમુનિજીની દીક્ષા અંગે બાર વર્ષ સુધી માળવામાં સાધુઓનો વિહાર બંધ રહ્યો હતો ॥૨૧૧॥

૧૭ રાજ્ય તરફથી અનેકધા મુનિમહારાજ અને શ્રી સંઘના વિરોધ છતાં દીક્ષાનો પ્રતિબંધ કોઇપણ અંશે મૂકાય તો તે અંકુશને દુર કરવા પ્રયત્ન ન કરનારને પાપના ભાગી જણાવ્યા છે. ॥૨૧૨॥

૧૮ કોઇ અંશે પણ પ્રતિબંધ અનિવાર્ય હોય તો જ્યાં વધારે દીક્ષિતો થાય ત્યાં વિચરવાનું શાસ્ત્રકારો સ્પષ્ટ અક્ષરથી જણાવે છે (અર્થાત્ પ્રતિબંધના નામે શાસ્ત્રાનુસારીઓ દીક્ષા રોકી શકે નહિ) ૨૧૩॥

૧૯ રામચંદ્રજી પ્રતિકુલ-છતાં જયભૂષણ મહારાજ સીતાજીને અને રાજમાતા ધક્કો દેવડાવી કહાડી મેલે છે છતાં કીર્તિધરસાધુ સુકોશલને દીક્ષા આપે છે (માતા દીક્ષાના દ્વેષથી આર્ત્તધ્યાન પામી મરી શિયાલણી થાય છે અને રામચંદ્રજી મૂર્ચ્છિત થઇ બેભાન થાય છે, તો પણ કોઈ જ્ઞાની તે દીક્ષાને તિરસ્કારતા નથી) [સુધારો પૃ. ૬૫ કલમ ૨ જુઓ] ॥૨૧૪॥

૨૦ સૂત્રકૃતાંગમાં દીક્ષિત થયેલા કે દીક્ષા લેનારને આ ગે જણાવેલ ઉપસર્ગો જોતાં તથા વ્યાકરણોના અનાદરે વાળા સૂત્રને જોતાં સ્પષ્ટ થાય છે કે- મોહાધીનોની વિરૂદ્ધતા દીક્ષાને રોકનાર નથી અને જેઓ તેવી વિરૂદ્ધતાથી વિમુખ બને તેઓ ધર્મની પરિણતિ વગરના સત્વહીન તથા ભારે કર્મી સ્પષ્ટ જાહેર થાય છે. ॥૨૧૫॥

૨૧ સોળ વરસની ઉંમર થતાં સુધી અવ્યકત બાળક ગણાય છે અને તેને નસાડે, ભગાડે કે નાસીભાગી આવેલાને દીક્ષા આપે તો તે અપહારથી શૈક્ષનિષ્ફેટિકા લાગે છે. (સર્વ અવસ્થામાં શૈક્ષનિષ્ફેટિકા લાગતી નથી. નિશીથ અને પંચકલ્પના ભાષ્યમાં સ્પષ્ટપણે અવ્યકત બાળક જેની ઉંમર સોળથી ઓછી હોય. તેના જ અપહારમાં શૈક્ષનિષ્ફેટિકા ગણાવીને અધિક ઉંમરવાળાને માટે નિષ્ફેટિકાનો નિષેધ કરેલ છે. ॥૨૧૬॥

૨૨ આર્યરક્ષિત માટે શૈક્ષનિષ્ફેટિકા ગણી છે પણ તેઓની દીક્ષા વખતે ૧૧ વર્ષની ઉમર યુગપ્રધાનગંડિકામાં સ્પષ્ટપણે જણાવેલ છે. (જોકે-ભરતચક્રવર્તીય ગણધર સાર્ધશતકની

વૃત્તિ આદિમાં તેઓની દીક્ષા વખતે બાવીશ વર્ષની ઉંમર જણાવી છે પણ ત્યાં શૈક્ષનિષ્ફેટિકા જણાવી નથી.) ॥૨૧૭॥

૨૩ શ્રી સ્થાનાંગસૂત્ર ને પંચકલ્પમાં "છંદારોષા" આદિ દીક્ષાના સોળ ભેદ જણાવેલ છે તેમાં માત્ર અવપાત (ગરૂસેવા) અને આખ્યાત (ગુરૂ મહારાજનો ઉપદેશ)થી કે તેવી કેટલી માત્ર દીક્ષામાં જ કુટુંબીજનોની અનુમતિ જોવાય છે તેથી કુટુંબની અનુમતિ હોય તો જ દીક્ષા દેવી કે લેવી એવો નિયમ નથી. ॥૨૧૮॥

૨૪ શાસ્ત્રોમાં શ્રી ગૌતમસ્વામીજી. શય્યંભવસૂરિજી વિગેરે અનેક મહાપુરૂષોની દીક્ષા કુટુંબની અનુમતિ કે તેના પ્રયત્ન સિવાયની છે ॥૨૧૯॥

૨૫ ભગવાન્ કાલિકાચાર્યે ભાનુમિત્રને તથા શ્રી મૂળચંદજી મહારાજ વિગેરેએ શ્રી ગુલાબશ્રી વિગેરેને ચોમાસામાં પણ દીક્ષા આપી છે ॥૨૨૦॥

૨૬ શ્રી નિશીથભાષ્ય તથા ભાષ્યકાર મહારાજે પુરાણ અને ભાવિત શ્રાદ્ધ કે શ્રાદ્ધ જેઓને વર્ષાકાલની સાધુ સમાચારીથી દીક્ષા છોડી ઉહાહ કરવાનો દોષ લાગુ નથી થતો તેવાને છોડીને જ પજુસણ પછી દીક્ષાનો નિષેધ કરેલ છે. તેમાં પણ અપવાદે પુરાણ કે શ્રાદ્ધ સિવાયને દીક્ષા આપવાની છૂટ આપી છે. દશવૈકાલિકવૃત્તિમાં પણ ચોમાસાની દીક્ષાના નિષેધમાં "પ્રાય" શબ્દ છે. પ્રવચનસારોદ્ધાર વિગેરેના પાઠો સામાન્ય છે. ॥૨૨૧॥

૨૭ ચોઘડીયું કે છાયાલગ્ન જોઈને પણ કુટુંબના ભયથી ઉતાવળ કરનારને દીક્ષા આપી શકાય એમ ચૂર્ણિકાર કહે છે. ॥૨૨૨॥

૨૮ પૃચ્છાથી શુદ્ધ થયેલાને, ગોચરી આદિ સાધુ આચાર કહ્યા પછી તે આચારનું પાલન અંગીકાર કરે તે દીક્ષા લેનારની પરીક્ષા કહેવાય એમ ચૂર્ણિકાર સ્પષ્ટ જણાવે છે.

૨૯ સામાન્યથી આચાર પાળવાનો અંગીકાર કરવારૂપ પરીક્ષા નાની દીક્ષા પહેલાં થવાથી, વિશેષથી મુખ્યરીતિએ વડીદીક્ષાને અંગે જે છ માસની પરીક્ષા સાધ્વાચાર દેખાડવા વિગેરેથી ને સાવદ્યપરિહારથી સર્વની પરીક્ષા તે ગતાર્થ નથી પણ તે કરવી જ જોઈએ. ધર્મબિંદુના ૧૯૫૧ના અને હમણાં બહાર પડેલ ભાષાંતરમાં પણ તે છ માસની પરીક્ષા નાની દીક્ષા થયા પછી વડીદીક્ષા માટે છે એમ સ્પષ્ટ લખ્યું પણ છે. ॥૨૨૪॥

૩૦ કેટલાક સાધુઓ તરફથી પણ જ્યારે દીક્ષા લેનારને અપાત્ર જણાવવામાં આવે ત્યારે શ્રી ઉપમિતિભવ.માં સૂચવ્યા મુજબ ગીતાર્થની સાથે દીક્ષા દેતાં એકમત થવું એ અયોગ્ય નથી. ગીતાર્થપણાના નિશ્ચયની સ્થિતિ તપાસવા કરતાં અન્યના વડીલોની સ્થિતિ આગળ કરવી એ અયોગ્ય કેમ ગણવી ? ગોષ્ઠામાહિલની વખત અન્યગચ્છીયથી નિર્ણય કરવાનો અધીકાર સ્પષ્ટ છે. ઉપસંપદામાં અન્યસ્થવિરોની સંમતિને સ્થાન છે. ॥૨૨૫॥

૩૧ સારૂ ચોઘડીયું વિગેરે પણ શુભ મુહુર્ત્ત જ છે. જ્યાં મુનિરાજ હોય તે ઉપાશ્રય વિગેરે પણ જાહેર સ્થાનો જ છે. ॥૨૨૬॥ (વધુ માટે પૃષ્ટ ૨૭ કલમ ૮)

૩૨ શ્રી મેઘકુમાર તથા ઋષભદત્ત જેવાને પણ ભગવાન્ મહાવીરે શિક્ષા માટે સ્થવિરોને જ અર્પણ કર્યા છે. ॥૨૨૭॥

૩૩ સોળ વર્ષ સુધી પુરૂષને અવ્યકત માનવામાં જો શુદ્ધ રાજ્યનીતિ કારણ હોય તો પછી તે નીતિમાં અઢાર વર્ષ પછી સ્ત્રી અને પુરૂષ બન્ને જો વ્યકત ગણાય તો શા માટે તે નીતિને ન અનુસરાય ? ॥૨૨૮॥

૩૪ દીક્ષાનો રોધ કે બીજો કોઇ અવરોધ ન દેખે તો વ્યકત (૧૬, ૧૮ વર્ષની ઉંમરવાળા પણ) કુટુંબને સર્વવિરતિની તત્કાલપ્રાપ્તિ, કાલાંતરપ્રાપ્તિ અને અનુમોદના થવા માટે તે ભાવદયાથી તેઓને કર્મબંધથી બચાવવા માટે સ્વદીક્ષાની હકીકત જણાવે તેમાં કશું અનુચિત નથી ॥૨૨૯॥

૩૫ પોતાની ગેરહાજરીમાં પોતાની મિલકત રફેદફે થઈ જાય અને પોતાને ભર્તવ્ય તરીકે ગણાયેલા માતાપિતા આદિ હેરાન થાય તે ઉચિત ન ગણી યથાશકિત નિર્વિલંબપણે યોગ્ય વ્યવસ્થા કરે તેમાં અયોગ્ય કર્યું કહેવાય નહિ. ॥૨૩૦॥

૩૬ અઢાર દોષ પૈકીનો કોઈ દોષ દીક્ષાર્થીમાં હોય તો જ તેની દીક્ષાની યાચના છતાં તે ન આપવામાં મહાવ્રતધારી નિર્દોષ છે. ॥૨૩૧॥

૩૭ પુરાણશ્રાદ્ધ, રાજા કે રાજામાત્ય સિવાયને ચોમાસા – કે રાતની વખતે દીક્ષા માગે તો પણ ના પાડવામાં દોષ ન હોવાથી સામાન્યથી ઋતુબદ્ધ આદિ કાલના વિધાનમાં અડચણ જ નથી ॥૨૩૨॥

૩૮ અગીતાર્થને દીક્ષા દેવાનો અધિકાર ન હોવાથી પદસ્થ વગેરેને પૂછીને દીક્ષા આપવાનું વિધાન અયોગ્ય નથી. ॥૨૩૩॥

૩૯ દેવદ્રવ્યનો સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જ્ઞાન કે સાધારણમાં ઉપયોગ કરવાનો મનોરથ કરવો તે પણ પાપમય છે. ॥૨૩૪॥

૪૦ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે બોલી બોલવાનો રિવાજ હજાર વર્ષ પહેલાંથી ચાલે છે અને તે દિગંબરોમાં માન્ય ગણાએલો હતો. તેથી તે નિમિત્તો બોલાતું દ્રવ્ય, જ્ઞાન આદિ ખાતામાં લઇ જવાથી પાપભાગી થવાય છે. ॥૨૩૫॥

**૪૧ ચોખા, ફલ વિગેરેની આવક એ દેવદ્રવ્યનો કલ્પિત કે ચરિત નામનો દેવદ્રવ્યનો ભેદ છતાં તે પ્રભુપૂજા કે ચૈત્ય એ બન્નેમાં ઉપયોગી થઈ શકે છે. ॥૨૩૬॥**

૪૨ શ્રી ઋષભાદિક તીર્થંકર મહારાજાઓને અંગે પણ થતી આવક તે તે ઋષભાદિકના નામે દ્રવ્ય ન ગણાતાં માત્ર 'દેવદ્રવ્ય' તરીકે જ ગણાય છે માટે તેનો ઉપયોગ પણ સર્વ જિનેશ્વરોની મૂર્તિ અને ચૈત્યોને અંગે થાય તેમાં ઉચિતતા જ છે. ॥૨૩૭॥

૪૩ આવશ્યકચૂર્ણિવૃત્તિ, ઉપમિતિભવપ્રપંચાકથા, પંચકલ્પચૂર્ણિ અને નંદિસૂત્ર આદિને અનુસારે અંગ તરીકે સાધુસમુદાય જ સંઘરૂપ છતાં પણ શ્રી ભગવતીજી અને સ્થાનાંગાદિમાં કહેલ ભેદ પ્રમાણે પરિવાર સહિતપણાની અપેક્ષાએ વ્યવસ્થા કરવાની હોઇ શ્રમણો પ્રધાન છે જેમાં તે શ્રમણ સંઘ એમ કહેવું અયોગ્ય નથી. ॥૨૩૮॥

૪૪ શાસન. તીર્થ, આગમ-વિરોધ આદિના પ્રતીકારના કાર્યો ચતુર્વિધ સંઘે મળીને કરાય છે ને કરવાના છે. એવા કાર્યોમાં ચતુર્વિધસંઘને જરૂરી સંબંધ હોવાથી એકલો શ્રમણવર્ગ કે શ્રાવકવર્ગ તે કાર્ય કરતો નથી ને કરે પણ નહિ ॥૨૩૯॥

૪૫ શ્રાવકસંઘની સ્થાપના જ સમ્યક્ત્વપાલન કરવાપૂર્વક દેશવિરતિની આરાધના કરતાં સર્વવિરતિની પ્રાપ્તિ વિગેરે માટે સર્વવિરતિ, શ્રમણસંઘની સેવા માટે હોઈ તેઓએ પોતાના વર્ગમાં પણ શ્રમણવર્ગના બહુમાનથી નિરપેક્ષ થયા વિના જ અધિકાર ચલાવવાનો હોય છે. શ્રમણવર્ગને આરાધતા જન્મની સફળતા માનનારો તે વર્ગ હોય ॥૨૫૦॥

૪૬ સાધુઓને પારકા છોકરા લાવી, ખોટા માબાપો બની રજા આપી, દીક્ષા દેવડાવી ફસાવે નહિ માટે તેના ખરાપણાના નિર્ણયની જરૂર ગણી છે સ્વયં નિર્ણય થાય ને જરૂર ન જણાય કે શ્રાવકો બેપરવા રહે તો દીક્ષા રેકાવવા માટે કોઈ કહે નહિ. ॥૨૪૧॥

૪૭ સાધુ અને સાધ્વીઓને વડીદીક્ષા અપાય છે ત્યારે આચાર્ય અને ઉપાધ્યાયનો દિગ્બંધ કરી તેઓને આચાર્ય અને ઉપાધ્યાયની આજ્ઞા વિના કંઇપણ કરવાનું હોય નહિ એમ નક્કી કરવામાં આવે જ છે. સાધ્વીઓને ત્રીજી પ્રવર્તિનીની આજ્ઞા હોય છે, પરંતુ તે પણ આચાર્ય અને ઉપાધ્યાયની આજ્ઞાએ જ વર્તી શકે છે. ॥૨૪૨॥

૪૮ અવિનીત શિષ્યની સુધારણા માટે રાજા જિતશત્રુનો આચારાંગવૃત્તિમાં આચાર્ય દ્વારા થયેલો પ્રયત્ન અને યોગશાસ્ત્રવૃત્તિ વિગેરેમાં સાધ્વીક્ષેત્ર વ્યાખ્યા તપાસતાં સંયમની શોભામાં રાજી થનાર ઇતર વર્ગને પણ કંઈક પ્રયત્ન સંયમશોભા માટે કરવો પડે તેમાં આશ્ચર્ય નથી. ॥૨૪૩॥

૪૯ પંચવસ્તુ વિગેરે શાસ્ત્રોમાં ઉપેક્ષા કરનાર ગુરૂ દોષભાજન ગણી શિક્ષાદાતાને નિર્દોષ જણાવેલ છે ॥૨૪૪॥

૫૦ શાસ્ત્રોમાં સંદિષ્ટ પાસેનો ભાંગો જ ઉપસંપદમાં શુદ્ધ ગણેલો છે. ॥૨૪૫॥

૫૧ શ્રી ઉપદેશમાલા વિગેરેમાં એકાકી વિચરવાવાળાને ધર્મ (સાધુધર્મ)નો અસંભવ જણાવેલો છે. ॥૨૪૬॥

૫૨ શુદ્ધ સાધુને પણ સ્ત્રીનો પરિચય કલંક દેનાર છે એમ ઉપદેશમાળા વગેરેમાં સ્પષ્ટ છે ॥૨૪૭॥

૫૩ તીર્થરક્ષા વિગેરેના કાર્યો સાધુઓને પણ કર્ત્તવ્ય તરીકે છે. ॥૨૪૮॥

૫૪ જ્ઞાન દર્શન અને ચારિત્રની વૃદ્ધિ માટે ગચ્છવાસની જરૂર શાસ્ત્રકારોએ જણાવેલી છે. ॥૨૪૯॥

૫૫ જૈનશાસનનું મુષ્ટિજ્ઞાન એ જ છે કે આશ્રવ સર્વથા છાંડવાલાયક ને સંવર સર્વથા આદરવા લાયક છે. ॥૨૫૦॥

૫૬ શ્રાવકોને સાધર્મિક (શ્રાવકો)ની ભક્તિનો ઉપદેશ શ્રી મુનિચંદ્રસૂરિજી વિગેરેએ સ્પષ્ટપણે આપેલ છે.

૫૭ અભ્યાખ્યાન પિશુન અને પરપરિવાદને સમજનારો મનુષ્ય કોઇની પણ નિંદા કરે નહિ ॥૨૫૨॥

૫૮ અન્યતીર્થિકો તરફથી શાસનની અપભ્રાજના ટાળવા માટે શ્રી વજ્રસ્વામીજી વિગેરેને કુલ લાવવા વિગેરેનું પ્રવર્ત્તન કરવું પડ્યું એ સમજનારો સર્વાંશે અપભ્રાજના ટાળવા માટે પ્રયત્ન કરે. ॥૨૫૩॥

૫૯ દીક્ષા વિગેરે ધર્મકાર્યમાં રાજ્યસત્તાનો પ્રવેશ અયોગ્ય છે એમ અખિલ ભારતવર્ષીય મુનિઓએ સકળસ્થળના તેને અનુસરનારા શ્રીસંઘોએ સ્પષ્ટ કર્યું છે કે 'દીક્ષાપ્રતિબંધક કાયદો કરનારી સત્તા ધાર્મિક નહિ પણ બીજી જ જાતની છે.' ॥૨૫૪॥

૬૦ કોઇ પણ કાલે કોઇપણ વ્યકિત કે સમુદાય સર્વજ્ઞભગવાને નિરૂપણ કરેલ શાસ્ત્રને માન્યા કે આદર્યા સિવાય આત્મહિતને સાધી શકતો નથી એ વાત નિર્વિવાદ જ છે. ॥૨૫૫॥

૬૧ કોઇપણ વસ્તુ સુરક્ષિત કરવી હોય તો હાલમાં અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી છે એમ ધરાય છે. ॥૨૫૬॥



૧ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિક જીવો હિંસા નથી કરતા ને અભવ્યજીવો વ્યવહારથી પરમ અહિંસા પાળનાર હોય છે, છતાં પણ તેઓ ધર્મની કોટિમાં આવતા નથી. માટે તત્ત્વોની શ્રદ્ધાપૂર્વક નિઃશ્રેયસ સાધક અહિંસાને ધર્મસંજ્ઞા અપાય એ જ ઠીક છે. ॥૨૫૭॥

૨ મૈથુન અને પરિગ્રહસંજ્ઞા સર્વજીવોને હોવાથી તેમજ સૂક્ષ્મ એકેંદ્રિયજીવો કોઇના હિંસક ન હોવાથી હિંસાની જ વ્યાપકતા છે એમ કહેતાં વિચાર કરવો. ॥૨૫૮॥

૩ કષ્ટનું કરવું અને કષ્ટથી બચાવવું એ જેટલું અધર્મ અને ધર્મની સાથે સંબંધવાળું છે તેના કરતાં અવિરતિ ને વિરતિ સાથે સંબંધવાળાં વધારે છે. ॥૨૫૯॥

૪ કષ્ટ અને આનંદના થવા ઉપર હિંસા અને અહિંસા સાથેના સિદ્ધાંત કરવા કરતાં રક્ષણની બુદ્ધિનો અભાવ અને સદ્‌ભાવ ઉપર રાખવો ઉચિત છે ॥૨૬૦॥

૫ અહિંસા બહુરૂપિણી છે એમ કહી પંચેન્દ્રિયજીવોની હિંસા કરનારને પણ હિંસક નહિ કહેવો એમ સૂચવનારા સ્પષ્ટ રીતે હત્યારાના પક્ષપાતી કેમ ન ગણાય ? પ્રજ્ઞાપનીય ભાષા પણ વિચારણીય છે. ॥૨૬૧॥

૬ ચાલતાં, ઉભા રહેતાં, બેસતાં, સુતાં, ખાતાં કે બોલતાં જયણા બુદ્ધિ જ પાપ-કર્મથી બચાવે છે. તે ન હોય તો કટુફલવાળાં પાપો બંધાય જ છે ॥૨૬૨॥

૭ સદ્‌ગતિ થવાના નામે યજ્ઞમા પશુઓને મારનાર તથા દુઃખથી છોડાવવાના નામે દુઃખીઓને મારનારના પરિણામ ભયંકરમાં ભયંકર છે. પાપનો ઉદય માનીને હિંસા કરનાર કસાઇઓ કરતાં પણ તેવી ઉન્નતિના નામે હિંસા કરનારા લૌકિક અને લોકોત્તર બન્ને માર્ગમાં ભયંકર જ છે ॥૨૬૩॥

૮ જે અસમારંભથી સંયમ અને સમારંભથી અસંયમ છે તે મરનારની શક્તિ રક્ષણ ને નાશને અનુસારે છે. ॥૨૬૪॥

૯ પાપ કરનારો જેમ અનુકંપ્ય છે તેમ કોઇપણ જાતના દુઃખવાળો અનુકંપ્ય જ છે ને તેથી જ અપરાધી ક્રૂરકર્મીયોની ઉપર પણ કરૂણા અને ઉપેક્ષા રાખવી જરૂરી છે. ॥૨૬૫॥

૧૦ મધ્યસ્થ દૃષ્ટિ, નિર્વાહના નામે કરાતી હિંસાને અહિંસા માને નહિ. રક્ષાનો પ્રયત્ન અહિંસાની જડ છે. ॥૨૬૬॥

૧૧ શરીરની સુશ્રૂષા નિવારવા કે નિર્જરાના ઉદ્દેશથી ચિકિત્સાની અકર્ત્તવ્યતા નિરપેક્ષમુનિઓ માટે છે. ॥૨૬૭॥

૧૨ હિંસકો અથવા અપરાધીઓની પણ હિંસા કર્તવ્ય તરીકે તો નથી જ, અનિવાર્ય હિંસા જુદી વાત છે. ॥૨૬૮॥

૧૩ આનપ્રાણુ અચેતન છે. (૨) આહાર માટે હનન, વચન ને કયણુ આદિ પણુ અકર્ત્તવ્ય છે. (૩) પોતાના જીવના કુટુંબ, સુખપ્રાપ્તિ કે રોગનિવારણ માટે કરાતી સ્થાવરની હિંસા પણુ નિન્દ્ય જ છે (૪) કોઇના બચાવના નામે કોઇની હિંસા થાય તે વિધેય નથી (૫) હિંસા કરવી એ પણુ મ્હોટો અત્યાચાર જ છે. (૬) મરવામાં કલ્યાણુ નથી પણુ કલ્યાણુકામનાવાળો મરણથી નિર્ભય રહે. (૭) અકામમરણ પણુ દુર્ધ્યાન જ છે. (૮) સ્વપ્નામાં પણુ થતી હિંસા પ્રાયશ્ચિતશોધ્ય જ છે (૯) અનંતગુણી આદિ ચૈતન્ય માત્રા કલ્પવા કરતાં શાસ્ત્રોમાં જ્ઞાનિયેાના જે કથન છે તેજ યેાગ્ય છે. અને અન્યની રક્ષા માટે અન્યની ચેતનાનેા ઘાત કર્ત્તવ્ય તરીકે કે શ્રેયઃ તેા મનાય જ નહિ પાપમાં ન્યૂનાધિકપણું જરૂર હેાય (૧૦) **અજાણુપણે આવી ગયેલી હરસની દવાથી થતી વિરાધના નિંદ્ય જ થઈ છે** (૧૧) અવિરતિ, અજ્ઞાનને મિથ્યાત્વ પણુ પ્રમાદ છે. (૧૨) જાણીને કે અજ્ઞાનથી થતી હિંસા પણુ કટુફલ દેવાવાળી છે માટે જયણા કરવી (૧૩) અનિવાર્ય આદિ નામ દઇને હિંસા માર્ગ બેાલનારા જૈનનામને નહિ શેાભાવે ॥૨૬૯॥

૧૪ કૃષિ આદિક કર્મ મહાકર્માદાન છે. મુનિઓને વચન આદિનેા નિષેધ પરિગ્રહ કરતાં આરંભ આદિની અપેક્ષાયે વધારે છે. દીક્ષા દેવાથી જેમ અબ્રહ્મની અનુમેાદના નથી તેમ આહાર લેવાથી કૃષિ કે રસેાઈની અનુમેાદના નથી. (ઔરસ કે પૌનર્ભવની દીક્ષામાં કેાઇ જાતનેા ફરક નથી.) ॥૨૭૦॥

૧૫ સ્વ, પર, ઉભયને અર્થે કે નિરર્થકપણે મુનિઓએ જીવહિંસા વર્જવાની છે. (માંસમાં કાચામાં રંધાતામાં કે રાંધેલાનાં સર્વ અવસ્થામાં જીવ છે એ ધ્યાનમાં રાખવું) ॥૨૭૧॥

૧૬ પશુબલ કે ચૈતન્યબલને નામે કે અણુભરેાસાના નામે હિંસાથી ડરવું એ ધર્મકાર્ય નથી એ તેા સગવડનેા રસ્તેા છે. ॥૨૭૨॥

૧૭ ધર્મના બેાધ અને પાલનની અપેક્ષાએ ઋજુ જડ, ઋજુ પ્રાજ્ઞ, વક્ર જડ એ વિભાગેા કરવામાં આવેલ છે. ॥૨૭૩॥

૧૮ ભગવાન્ ગૌતમસ્વામીજી જ્યેષ્ઠ કુલની અપેક્ષાએ જ કેશિકુમારની પાસે ગયા છે. ॥૨૩૪॥

૧૯ **બૌદ્ધમતનું નિર્ગમન પાર્શ્વનાથજી મહારાજના સંતાનીયાથી થયેલું હેાવાથી** બૌદ્ધગ્રંથેામાં જૈનને માટે ચતુર્યામ લખવામાં આવે તે સ્વાભાવિક છે. પણ જૈન શ્વેતાંબર ગ્રંથેામાં મહાવીર મહારાજને જે જ્ઞાતપુત્ર (જ્ઞાતનંદન) નામ રાખેલું છે. તેમનું શાસ્ત્ર તે વખતે હેાવાથી ચાર યામવાળા જ્ઞાતપુત્ર જણાવ્યા છે. આવી રીતે બીજા પણુ નિર્દેશેા અસ્તવ્યસ્ત તરીકે બૌદ્ધોમાં ઘણા નજરે પડે છે. ॥૨૪૭॥

૨૦ જૈનજગતમાં આવેલી પુરાણેાની કદાગ્રહદશા શેઠ હુકમીચંદજીની અસ્તવ્યસ્ત માન્યતા અને દિગંબરી મુનીંદ્ર મંડળીની હકીકત સાચી હેાય તેા ખરેખર તેઓને વિચારવા જેવું છે. ॥૨૪૮॥ ( જૈન જગત )

( નોંધ :–વધુ સમાલેાચના માટે જુએા ટાઈટલ પાનું ચેાથું )

સમાલેાચના ( ચાલુ ) ટાઇટલ પેજ ૪

૧ મિહિકા વિગેરેમાં એકલા સ્વાધ્યાયનેા પરિહાર નથી, પણ "सव्व" એવા (આવ. ૧૩૨૭) પદથી કાયેાત્સર્ગ અને બેાલવા આદિનેા પણ પરિહાર જણાવ્યેા છે ને તેથીજ न सज्झाजो नेव पडिलेहणादिक्कावि चेट्टा कीरइ એમ કહી શ્રીમાન્ સૂરિપુરંદર હરિભદ્ર-સૂરિજીએ સ્વાધ્યાય અને પડિલેહણ આદિ ક્રીયા પણ વર્જી છે, પણ इयरेसु चउसु असज्झा इएसु - सज्झाओ चेव न कीरइ, सेसा सव्वा चेट्टा कीरइ आवस्सगादि उक्कालियं च पढिज्जइ એમ કહી **ગ્રહણ આદિની અસ્વાધ્યાયમાં આવશ્યકાદિ કરવાનું ને ઉત્કાલિકસૂત્રેા ભણવાનું સ્પષ્ટ વિધાન કરે છે,** છતાં અવશ્યકર્ત્તવ્ય ગણીને જ છૂટ આપી છે, બાકી તેા મુખ્યતયા ચારે અસ્વાધ્યાયમાં આવશ્યકાદિ ક્રિયાનેા પણ નિષેધ છે એમ કહેનારે ફરીથી પાઠ જોઈ વિચારવેા ને સમજવેા જરૂરી છે. ॥૨૪૯॥

૨ ઉત્કાલિક ને આવશ્યકાદિના અધ્યયનમાં પણ સંધ્યારૂપ અકાલ તેા વર્જવાનેા છે. ॥૨૫૦॥

૩ સંયમઘાતક અસ્વાધ્યાયમાં જ 'सज्झायादि सव्वं न कीरइ' એમ ઉત્સર્ગ માર્ગે સ્વાધ્યાય, ગમન, કાયેાત્સર્ગ, પડિલેહણ આદિ સર્વ ક્રિયાનેા નિષેધ છે. અવશ્ય કર્ત્તવ્યને લીધે ત્યાં માત્ર શ્વાસ લેવાની છૂટ રાખી છે, ને તે સંયમઘાતક અસ્વાધ્યાયમાં જ અવશ્ય કર્ત્તવ્ય તરીકે અપવાદ જણાવતાં સ્પષ્ટ કહે છે કે अवस्सकायव्वे वत्तव्वे वा कज्जे આવશ્યક કર્ત્તવ્ય કે કહેવા યેાગ્ય હેાય તેા હાથથી, ભ્રૂવિકારથી કે અંગુલિની સંજ્ઞા અને અંતે જયણાથી સ્પષ્ટપણે કહે અથવા ગ્લાનાદિ કારણે કામળી ઓઢીને બહાર જાય. **(સંયમઘાતકમાં આવશ્યક કર્ત્તવ્યને સ્પષ્ટ પણે જણાવ્યું છે ને બીજે સામાન્યપણે છૂટ જણાવેલ છતાં 'ગ્રહણમાં પ્રતિક્રમણ ક્રિયાનેા નિષેધ લખાઈ ગયેલેા ખેાટેા છે' એમ સ્પષ્ટપણે જાણ્યા છતાં ઉંટડીનું દૂધ ને સૂતકવિચારની માફક ભૂલ ન સુધારવાની ટેવને લીધે જ માત્ર મન-કલ્પનાથી અવશ્યકર્ત્તવ્ય શબ્દ લગાડાય છે.)** ॥૨૫૧॥

૪ (આવશ્યક ૧૩૩૭) चउसु सज्झायं न करेंति पुव्वतं એ પાઠથી પૂર્વોકત સૂત્રનેા સ્વાધ્યાય નિષેધેલ છતાં અને **સૂર્યચંદ્રગ્રહણની અસ્વાધ્યાયમાં સર્વ સુવિહિતોએ કલ્પવાચનની અસ્વાધ્યાય વર્જવી શકય ગણી વર્જવાની**

**નકકી કરી છે એમ જાણ્યા છતાં માત્ર કદાગ્રહ અને શોભાને અંગે જ અસ્વાધ્યાય ન રાખતાં તેમજ કલ્પસૂત્ર વાંચી અવશ્ય કર્ત્તવ્યના પડદામાં ખોટી રીતે પેસી બચાવ કરવો કોને શોભે તે વાચકો વિચારી શકે છે. ।।૨૫૨।।**

૫ ઓળીના દિવસોમાં ભગવતીજી સિવાયના યોગોનો નિક્ષેપ જ થાય છે માટે ઓળીમાં યોગ કરવાનું હોતું જ નથી. ।।૨૫૩।।


૬ (ભાવ. ૭૩૭ પત્ર) દિવસઓ સંકાએ ન પઢિયં એ વાકયથી સ્પષ્ટપણે માત્ર અભ્યાસરૂપ પાઠનો નિષેધ છતાં જેઓ એ આવશ્યકક્રિયાનો દૃષ્ટાંત દ્વારા નિષેધ કર્યો હતો તેઓ સ્પષ્ટ પોતાની ભૂલ સમજી શકે તેમ છે ।।૨૫૪।।

૭ વ્યુદ્ગ્રહ નામની અસ્વાધ્યાયમાં તો ધીમે સ્વરે સ્વાધ્યાય કરવાનું શાસ્ત્રકાર જણાવે છે. એટલે એમાં તો આવશ્યકક્રિયાની અકરણીયતા કે અવશ્ય કારણે કર્ત્તવ્યતા છે એવું કાંઈ રહેતું જ નથી ।।૨૫૫।।

૮ આખું પાનું ભર્યું છતાં उक्कालियं च पढिज्जइ એટલે સંયમઘાતક સિવાયની ચાર અસ્વાધ્યાયમાં ઉત્કાલિક સૂત્ર તો ભણાય છે એ વાકય ખોલ્યું જ નથી. આવશ્યકાદિ ક્રિયાની સાથે જે છૂટ આપી છે તેનો અને 'च' શબ્દનો ભાવાર્થ સમજાયો નથી તેમજ આવશ્યક એકલું ન કહેતાં ઉત્કાલિક કહ્યું તે ઉત્કાલિક શબ્દ જ નકામો પડે છે તે પણ વિચાર્યું નથી. ।।૨૫૬।।

૯ ચઉમાસી આદિની અસ્વાધ્યાય છતાં તેમાં ઉપદેશમાલાદિને ભણવાની છૂટ સમજનારે આવશ્યક ક્રિયાની અવશ્ય કર્ત્તવ્ય તરીકે જ શેષ ચાર અસ્વાધ્યાયમાં છૂટ છે એમ કહેતાં વિચારવું જોઇએ. ।।૨૫૭।।

૧૦ ઉત્કાલિકની છૂટ આપી, એ અવશ્ય કર્ત્તવ્ય તરીકે જ છૂટ છે એમ કહેનારે કાલિકસૂત્ર (કલ્પસૂત્ર)ની તો અવશ્યકર્ત્તવ્ય તરીકે પણ છૂટ નથી એમ માનવું પડશે. ।।૨૫૮।।  (વી. શા. વિ. પ્ર.)



**સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૧૯ સં. ૧૯૯૦ જે.વ. ૦)) પૃ.૪૫૩ થી ૪૫૫**

## સમાલોચના

૧ આવશ્યક ક્રિયાઓનો મુખ્ય વખત ઉભયસંધ્યારૂપ અકાલ જ છે, તેની જો અસજઝાય હોત તો તેનો વખત અન્ય જ રહેત. ।।૨૫૯।।

૨ પ્રદોષમાં અસ્વાધ્યાયની વખતે સૂત્રાર્થસ્મરણનો શેષ સાધુઓ કાયોત્સર્ગ કરે છે. ને સૂત્રાર્થસ્મરણ પણ પરિવર્ત્તન માફક સ્વાધ્યાય જ છે, અનુપ્રેક્ષા સ્વાધ્યાયની અસ્વાધ્યાય ફકત સંયમઘાતક અસ્વાધ્યાયમાં જ છે. ॥૨૬૦॥

૩ સશ્લોક દશવૈકાલિકનાં બે અધ્યયનની સ્વાધ્યાય અકાલવેળાએ લેવાતા કાલગ્રહણમાં હોય છે (મતલબ કે સંયમઘાતકમાં અવશ્યકર્ત્તવ્યતાનો અપવાદ સ્પષ્ટ જણાવેલ હોઇ અન્યત્ર ક્રિયારૂપ ઉત્સર્ગને પણ અવશ્યકર્ત્તવ્યને નામે અપવાદ ઠરાવવા બેસવું તે આગમરહસ્યવાળું તો નથી જ ॥૨૬૧॥ (વીર શા.)

૧ મથુરાનો સ્તૂપ જે પ્રાચીન હતો અને જેનો ઉલ્લેખ ડોકટર કુહરરે કર્યો છે તે શ્વેતાંબરોનો છે ને સ્તૂપ શ્રી સુપાર્શ્વનાથજીને અંગે હતો એ વાત શ્રી ઓઘનિર્યુક્તિની "चक्कके थूमें" વાળી ગાથાથી તેમજ શ્રી સંઘાચાર ભાષ્યની વૃત્તિમાં જણાવેલ ક્ષપકમુનિના દ્રષ્ટાંત ઉપરથી સાબીત થાય છે. દિગંબરોનું જોડે મંદિર હોવું એ તો દિગંબરોની શ્વેતાંબરોના તીર્થો, ગ્રંથો (તત્ત્વાર્થ જેવા) ને પ્રતિમા ઉપર આક્રમણ કરવાની ટેવને જ આભારી છે. ॥૨૬૨॥

૨ એ તો સ્પષ્ટ જ છે કે કોટિગણ, વાણિજ્યકુલ, થાનિયકુલ, વજ્રશાખા, મધ્યમ શાખા, પ્રશ્નવાહનકુલ વિગેરે કંકાલીટીલાના મહારાજ કનિષ્કના સંવત્સરવાળા મથુરાના લેખોમાં આવતા ગણ આદિ શબ્દો શ્વેતાંબરોની સત્યતા જણાવે છે. તેવા જૂના લેખો દિગંબરની પરંપરાને જણાવનારા હજુ નીકલ્યા નથી **નગ્ન મૂર્તિ હોય તે દિગંબર-મૂર્તિ જ હોય તેં માન્યતા પણ હવે સુધરી છે તે સારૂં છે.** ॥૨૬૩॥

૩ કણ્હનામ સાધુને અંગે છે કે પ્રતિમાકારને અંગે છે તે પુરા લેખને જણાવ્યા વિના કહેવું તે અસંગત છે, શ્રાવકોની ખભે અને કાંડે વસ્ત્રવાળી મૂર્તિઓ અનેક સ્થાને છે સાધુ પાસે ચાર ભકતાણીઓ ને એકના માથા ઉપર સર્પ હોવો અયોગ્ય જ ગણાય. ॥૨૬૪॥

૪ સંવત ૭૯ના લેખમાં સ્તૂપે દેવનિર્મિતે એ વાકય ક્ષપકના ચરિત્રને સત્ય જાહેર કરીને અસલી સ્તૂપ શ્વેતાંબરોનો હતો એમ સ્પષ્ટ કરે છે. ॥૨૬૫॥

૫ સંવત ૯૫ (?)ના લેખમાં શિષ્યાણી માટે વપરાએલ શબ્દ સાધ્વીઓની સત્તા જણાવી સ્ત્રીને ચારિત્રનો ઇસારો કરે છે. ॥૨૬૬॥

૬ સૂક્ષ્મસંપરાય ને છદ્મસ્થવીતરાગમાં ચૌદ પરિષહ માનીને જ **શ્રી** ઉમાસ્વાતિ મહારાજે શ્રી જિનેશ્વરમાં અગિયાર પરિષહ માન્યા છે. છતાં અગિયારનો નિષેધ માનતા પણ શેષ તો અગિયાર રહેશે, અર્થાત અગિયાર પરિષહોનું અસહન વેદનીયજન્ય હોવાથી

તે કેવલીમાં પણ હોય છે. અન્યથા છદ્મસ્થવીતરાગને ચૌદ પરિષહો કેમ હોય ? ॥૨૬૭॥

૭ જ્ઞાતિજ્ઞાન ક્ષાયોપશમિક હોવાથી કેવલીને ન હોય તો પણ શીતોષ્ણ વિગેરેના પણ સ્પર્શને ન જાણે ને તે દ્વારાથતી વેદના ન હોય એમ નથી. શું કેવલીને અગ્નિ વિગેરેથી દાહ વિગેરે ન થાય ? જો તેમ હોય તો તમારા મતે પણ તીર્થંકરોને ઉપસર્ગનો અભાવ માનવો નકામો થાય. **કેવલીઓ ઇંદ્રિયાતીત હોય તેનો અર્થ એ નથી કે તે પંચેન્દ્રિય નથી, કિન્તુ તે તે ઇન્દ્રિયના વિષયને ચંચલ ક્ષાયિકો પશમિકી દ્રષ્ટિથી ન જાણતાં સ્થિર ક્ષાયિકદ્રષ્ટિથી જાણે છે.** એમ ન કહીએ તો કેવલીઓને કરેલા પ્રશ્ન ને જણાવેલી હકીકતો પણ નકામી ગણાય ॥૨૬૮॥

૮ જેને તે તે પરિષહો વાસ્તવિક રીતે છે તે જ તત્ત્વાર્થકારે જણાવેલા છે, અન્યથા બાદરસંપરાયમાં કહેલ સર્વપરિષહો પણ ઉપચારિત થશે. કર્મમાં ઉતારેલ પરિષહો જો વાસ્તવિક છે તો ગુણઠાણામાં તેનો અવતાર વાસ્તવિક ન માનવામાં મતાગ્રહ સિવાય બીજો કોઈ હેતુ નથી. ॥૨૬૯॥

૯ પરિષહોનું સહન માર્ગથી નહિ ખસવા તથા નિર્જરા માટે છે એમ તત્ત્વાર્થમાં **માર્ગાચ્યવનનિર્જરાર્થમ્** એ સૂત્રથી સ્પષ્ટ છે, નિર્જરાનું કારણ સંવરરૂપ હોય તેમાં આશ્ચર્ય શું ? વળી પરિષહોનાં અસહનથી કર્મનું આગમન થઇ અશ્રવ થાય અને તેનાં સહનથી તે રોકાય તે સ્વાભાવિક જ છે **યોગજન્યબંધ મોહનીય સિવાયનો પણ છતાં આશ્રવ તો છે જ, ઇર્યાપથ આશ્રવ નિર્મોહને જ છે.** કેવલજ્ઞાનીના ગુણોનો ઘાત ન કરે તોપણ વેદનીયથી વેદના તો થાય, તેમ પરિષહ પણ થાય, ને એ જ યુક્તિ સંગત ગણાય. શું તરવાર આદિના ઘાથી વેદના નહિ થાય ? જો થાય તો તેમાં કારણ વેદનીય એકલું કે મોહસંગત વેદનીય ? તપેલા લોઢાના ઘરેણાંથી ઉપસર્ગ પામેલ પાંડવોની કથા શું કહે છે ? ॥૨૭૦॥

૧૦ ન વિંશત્યાદિના એવું સૂત્ર કરવાથી જ ન દશની સાથેનો એક શબ્દનો સમાસ અયોગ્ય છે, એક + અ + દશનો તમારા હિસાબે ઓગણીશની માફક નવ પરિષહો એમ અર્થ થશે પણ અગીયાર પરિષહો જ ન હોય એવો નહિ થાય. અને તેવો કરવામાં તત્ત્વાર્થકારથી પહેલાં અગીયાર માનનારા શ્વેતાંબરો હતા એમ માનવું પડશે ॥૨૭૧॥

૧૧ ખારવેલના લેખમાં **चेतकवसवद्धनेन** એ વાક્ય શ્વેતાંબરમતના શાસ્ત્રને અનુકૂલ છે, કારણ કે વૈશાલિનો કોણિકે નાશ કર્યો ત્યારે સુજ્યેષ્ઠાસાધ્વીના સત્યકીકુમારના નંદિકેશ વૈશાલિના શેષજનોને માહિષ્મતિમાં લઈ ગયા ને ત્યાંથી નિર્મૂળ થયેલ ચેડા મહારાજાના વંશની વૃદ્ધિ થઈ છે. **સ્ત્રીઓને ચારિત્ર નહિ માનનારાઓને તે હકીકત અનુકૂલ નથી તેમ દિગંબરોના શાસ્ત્રોને પણ સાનુકૂલ નથી.** ॥૨૭૨॥

૧૨ શ્રી દશવૈકાલિકમાં મુનિઓને અમજ્જમંસાસી કહી મદ્યમાંસનો પરિહાર કરનારા જ ગણ્યા છે. વળી શ્રી સ્થાનાંગસૂત્રમાં મહારંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિયહિંસાને નરકના કારણ તરીકે બતાવતાં માંસ એટલે કુણિમના આહારને પણ નરકના કારણ તરીકે સ્પષ્ટપણે ગણાવેલ છે. વળી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં માંસાહારીને અજ્ઞાની મૂર્ખ ગણવા સાથે નરકગામી ગણ્યા છે; માટે શ્વેતાંબર શાસ્ત્રોમાં માંસાહાર વર્જવા લાયક જ ગણ્યો છે. ॥૨૭૩॥

૧૩ અસંખ્યસંમૂર્ચ્છિમ ને નવ લાખ ગર્ભજ મનુષ્યોની હત્યાવાળું અબ્રહ્મ સેવન છતાં જો તેને પાપરૂપ માનવાથી સમ્યક્ત્વ હોઇ શકે તો પછી તેવા સ્થાન કુલ ને આપત્તિ પ્રસંગે અભક્ષ્ય ભક્ષણથી શ્રદ્ધા હોય ને સ્વાભાવિકપણે તે કાર્યને પાપરૂપ માને તો પણ સમ્યક્ત્વ ન જ રહે કે ન જ હોય એમ માનવામાં યુક્તિયુક્ત આગમને સ્થાન નથી. ॥૨૭૪॥

૧૪ શ્વેતાંબરના જ શાસ્ત્રોમાં બંભલિજ્જ નામે કુલ છે. શાખાનું નામ ઉચ્ચાનાગરિ તો નથી પણ ઉચ્ચાનાગરી છે અને તે શાખાના શ્રી ઉમાસ્વાતિ વાચકજી ગણિ તત્ત્વાર્થકાર છે. ॥૨૭૫॥

૧૫ સં. ૨૦ના લેખમાં લખેલ ભત્તિતો ને અંક ૧૧માં સંભોકતો શબ્દ શ્વેતાંબર સાધુ સંઘના બાર વંદનાદિક સંભોગને જણાવનાર છે. ॥૨૭૬॥

૧૬ ઇંડો ગ્રાથિયનની ૧૫ વર્ષવાળી પ્રતિમા પણ આર્યા એટલે સાધ્વીયોના નામવાળી હોવાથી તેને દિગંબરમતની મનાય જ કેમ ? ॥૨૭૭॥

૧૭ દિગંબરશાસ્ત્રોમાં મથુરા સ્તૂપનો ઇસારો પણ નથી, પરંતુ તેનું બરોબર વર્ણન શ્વેતાંબર શાસ્ત્રોમાં છે. માટે તે દેવતાઈ સ્તૂપ શ્વેતાંબરનો જ ગણાય. વળી ભકિતચૈત્યો પણ શ્વેતાંબરો માને છે. ॥૨૭૮॥

૧૮ શ્વેતાંબરોના આવશ્યકાદિના હિસાબે વીરસંવત્ ૬૦૯ વિક્રમસંવત્ ૧૩૯માં અને દિગંબરીય દર્શનસારના હિસાબે વિક્રમ સંવત્ ૧૩૬ એટલે વીરસંવત્ ૬૦૬માં મતભેદ થયો એ સ્પષ્ટ છે. છતાં વીરમહારાજની બીજી સદીમાં ભેદ કહેવો તે જુદું જ છે. ॥૨૭૯॥

૧૯ પુરૂષચિહ્ન વિનાની મૂર્ત્તિને પણ માનવાની વાત કેવળ શ્વેતાંબરોની મૂર્ત્તિઓને ઉડાવી દેવા માટેની યુક્તિ જ છે. ॥૨૮૦॥

૨૦ કેવલી મહારાજને આહાર અને વસ્ત્રાદિ નહિ માનવા છતાં પણ ભોગ અને ઉપભોગ લબ્ધિ માનવામાં તો દિગંબરોને અડચણ નથી. ॥૨૮૧॥

૨૧ કંજુસ આદમીને ભોગ, ઉપભોગ ન થાય, એ જ અંતરાય કે અન્ય ? સાધન મળવારૂપ કાર્ય તો લાભાંતરાયના નાશથી થાય છે, સિદ્ધમહારાજને ભોગાદિની લબ્ધિ નથી મનાતી તે પણ વિચારવું ॥૨૮૨॥

( દિગંબર જૈન દર્શન ૧૮-૧-૧૯ )

卐 卐 卐

## સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૨૦ સં. ૧૯૯૦ આ. શુ. ૧૫ પૃ. ૪૭૨થી ૪૭૮ સમાલોચના

૧. ભગવાન્ કેશરીયાનાથજીનું તીર્થ શ્વેતાંબરોનું છે તેને માટે શેઠ ચંદનમલજી નાગોરીવાળું પુસ્તક ને દસ્તાવેજો મોજુદ છે ખુદ કેશરીઆજી નામ જ વધારે ને શોભાદિ માટે કેશર ચઢાવનાર શ્વેતાંબરોથી જ થયું છે. ॥૨૮૩॥

૨ ધ્વજાદંડની તકરાર વખતે અજમેરની દિગંબરી કમિટિએ છપાવેલી ચોપડી જ જણાવે છે કે (હલ્લો કરવા એકઠા થયેલા દિગંબરો નાસવા ગયા ને લીસાં પગથીઆં તથા બારણાથી અંદરનો ભાગ સાંકડો હોવાથી) ચાર પાંચ જણ ચગદાઈને મરી ગયા ॥૨૮૪॥

૩ દિગંબરની ડિરેકટરીથી જ સાબીત થાય છે કે કેશરીઆજીનું તીર્થ, સેંકડો વર્ષોથી શ્વેતાંબરોના તાબામાં જ છે ॥૨૮૫॥

૪ શ્રી કેશરીઆજીના મંદિરમાં હમેશા આંગી, મુકુટ, કુંડલ અને વરખ વિગેરે ચડે છે. ॥૨૮૬॥

૫ રાજ્ય પ્રકરણમાં ન્યાય થાય છે ને તેથી દિગંબરમેંબરોને ઘુસાડયા છે, એ માન્યતા સર્વથા ખોટી છે જો દિગંબરલોક અને પંડિતજી શાસ્ત્ર અને ઇતિહાસના નિર્ણયને કબુલ કરવા તૈયાર થઈ નિર્ણય કરવા એક સભા ભરે તો શ્વેતાંબરો ચોક્કસ તીર્થને અધિકારમાં લઈ લે ને દિગંબરોને દર્શન, પૂજા કરવાનું જે શ્વેતાંબરોની સરલતાથી મળે છે, તે પણ બંધ થાય ॥૨૮૭॥

૬ મંદિરજીની નવચૌકી કરાવ્યાનો સ્પષ્ટ લેખ ત્યાં જ નવચૌકીમાં ૧૮૩૫નો શ્રી જિનલાભસૂરિનો હાજર છતાં મી. ગૌરીશંકર કે શ્વેતાંબર તીર્થોને આક્રમણ કરવાજ તૈયાર થએલા દિગંબરો નથી દેખાતો તે ઓછું આશ્ચર્યકારક નથી. ॥૨૮૮॥

(જૈન દર્શન ૧/૨૧, મો અંક)

૭ દિગંબરોને જન્માભિષેક વિગેરેની ભકિત તો માનવી છે ને તેજ અભિષેક વખતે ઇન્દ્રમહારાજે મુકુટ, કુંડલાદિ ચઢાવીને કરેલી ભકિત માનવી નથી, એટલું જ નહિ, પણ

તેના કરનાર ઉપર અપ્રીતિ ધારણ કરી લડાઇઓ કરવી છે ! તેમના કહેવા પ્રમાણે જ માંસમદિરાના ભક્ષકોને પોષવા છે; તો પછી સ્પષ્ટ કહો કે દિગંબર સહયોગ કરી શકે જ નહિ. (યાદ રાખવું કે કહેવાતા પણ એકકે દિગંબરના તીર્થમાં શ્વેતાંબરોએ આક્રમણ કર્યું નથી પણ ઇતિહાસ, શાસ્ત્ર, માલિકી ને ભોગવટાથી સિદ્ધ એવા શ્રી અંતરિક્ષજી, કેશરીઆજી, સમેતશિખરજી, તારંગાજી, મક્ષીજી, પાવાપુરીજી આદિ શ્વેતાંબરતીર્થો ઉપર દિગંબરોએ જ અનીતિથી લુંટ કરવી શરૂ કરી છે.) ॥૨૮૯॥

૮ શ્રી અજિતકુમારજી ભગવાન્ ઋષભદેવજીના કેશરીઆજી તીર્થમાં નહિ ગયા હોય અને ગયા હશે તો ધ્યાન નહિ રાખ્યું હોય કે. ભગવાન શ્રી કેશરીઆનાથજીની મૂર્તિ કૃષ્ણ પાષાણની છે ને તેવા પાષાણના કાઉસ્સગીયા કે સ્વપ્નાં ત્યાં છે જ નહિ. વાચકોએ એવા ભ્રામક લેખોથી સાવચેત રહેવું ॥૨૯૦॥

૯ શ્વેતાંબર શાસ્ત્રો શ્રી દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, શ્રી સ્થાનાંગજી વિગેરેમાં મદ્ય માંસનો પરિહાર ફરજીઆત જણાવવા સાથે માંસભક્ષણ કરનારને સ્પષ્ટપણે નરકગામી જણાવે છે માટે વનસ્પતિવાચક શબ્દોને પણ અભક્ષ્યમાં જોડવા ને ખોટી ટીકા કરવી તે સજ્જનનું કાર્ય નથી ॥૨૯૧॥

૧૦ બીજાની ધર્મપ્રાપ્તિનાં કારણોની ટીકા કરતા પહેલાં પોતાની ભકતામરની કલ્પેલી કથાઓમાં આપેલાં કારણો જોવાં ॥૨૯૨॥

૧૧ પાદૌ પદાનિ તવ યત્ર જિનેંદ્ર ! ધત્તઃ એ ભકતામરના વાકયને માનનારો શ્રી જિનેશ્વર ચાલતા નથી એમ કેમ માને ? તત્ત્વાર્થની માફક ભકતામર પણ શ્વેતાંબરોનું હોવા છતાં ને માનતુંગ નામ સ્પષ્ટપણે છતાં દિગંબરો તેમની સદાની ટેવ પ્રમાણે તેને પોતાનું માને છે (સમવસરણમાં જિનેશ્વરો ચઢશે કે હંમેશા યોજન જેટલે ઉંચે જ રહેશે એ વાત સ્વભાવથી જિનેશ્વરોનું આકાશગમન માનનારે વિચારવી યોગ્ય છે.) ॥૨૯૩॥

૧૨ તત્ત્વાર્થકાર જયારે સ્પષ્ટપણે કેવલી અને જિનેશ્વરોમાં અગીઆર પરીષહો ક્ષુધા, તૃષ્ણા, શીત આદિ માને છે અને કેવલી તીર્થંકરને જ જયારે દિગંબરો ભોજનના અભાવરૂપ અતિશય, ભાવપ્રાભૃત વિગેરેમાં માને છે તો પછી સર્વ કેવલીને કવલાહાર ન માનવાનો આગ્રહ શા માટે રાખે છે ? ॥૨૯૪॥

૧૩ વર્તમાન કર્મનો ઉદય ને પ્રતિબંધકનો અભાવ એકેન્દ્રિય વિગેરેમાં શું નથી? ને તેને દિગંબરો શું નોકર્મઆહાર માને છે ? ॥૨૯૫॥

૧૪ જે વિચારો આહાર માટે થાય છે, તે જ વિચારો શરીર, પુદ્ગલ, શ્વાસોશ્વાસ, ભાષા આદિ માટે કરવા જરૂરી કેમ નહિ ? ને તે શા માટે માનવાં ? ॥૨૯૬॥

૧૫ ગર્ભમાં રહેલા જીવનું માતાએ કરેલ કવલાહારથી જ નાડી દ્વારા પોષણ થાય છે છતાં તે હકીકત કવલાહાર માન્યા વિના કેવલીને લાગુ કરનારે બુદ્ધિ વેચી નથી ? ॥૨૯૭॥

૧૬ પ્રેમાભાઈનો કીસ્સો જાણનાર સર્વકોઈ જાણી શકે છે. આહાર વિના શરીરની વૃદ્ધિ માનવી એ કેવલ ગયા જ છે ॥૨૯૮॥

૧૭ ભગવાન્ કેશરીઆનાથજીના તીર્થની માલિકી સેંકડો વર્ષથી શ્વેતાંબરોની છે એ વાત સંપૂર્ણ પૂરવાર થયેલી છે. ॥૨૯૯॥ (જૈન દર્શન ૧-૨૦)

૧૮ પગ્ગલ શબ્દનો પન્નવણાજીના સમંસ પદના 'ફલના ગિર' એવો સિદ્ધિ અર્થ નહિ સમજનાર તથા એગટ્ઠિए ના અધિકારમાં સ્પષ્ટપણે અટ્ઠિ શબ્દનો કરેલો 'બીજ' અર્થ નહિ સમજનાર તેમજ અત્થિકતિદક વિગેરે 'બહુબીજવાળા હોઈ અલ્પગિર (ફલ) વાળા હોય છે' એ અધિકાર સ્પષ્ટ છતાં નહિ જોનાર અવળો અર્થ કરે ને અવળા અર્થ કરનારની સાક્ષી આપે તે અંધને દોરનાર અંધ જેવો જ ગણાય. ॥૩૦૦॥

૧૯ કપોય શબ્દની આગળ શરીર શબ્દ કેમ છે તથા મજ્જારકડए એ પદનું તત્વ શું છે ? તેમજ પરિયાસિए એ વિશેષણ શા માટે છે ? અને સીકા ઉપર રસોડામાં કેમ રખાયું ? એ વગેરેના વિચારને સ્પષ્ટપણે તે સૂત્રમાં માંસની ગંધ પણ નહિ માલમ પડતાં પાક અર્થજ માલમ પડશે. બિલાડીએ હણેલું એમ નથી કહ્યું પણ મજ્જારકડए એમ કહેલું છે તથા બિલાડીથી કે બીજેથી મરેલાના માંસમાં ફરક શો ? કપોત ન કહેતાં કપોતશરીર કેમ કહ્યું ? આધાકર્મી આહારને છોડનાર દયાળુ પુરૂષ માંસ વાપરે એમ કહેનાર ને માનનારની અકકલ કેટલી ? (ધ્યાનમાં રાખવું કે નિઘંટુમાં અનેક વૃક્ષાદિનાં નામો જાનવરોનાં નામ જેવાં છે. ખુદ પન્નવણામાં મજ્જાર નામની વનસ્પતિ છે) ॥૩૦૧॥

૨૦ સ્ત્રીવેદમાં રહેલો જીવ તીર્થંકરગોત્ર બાંધી શકે છે એ વાતમાં બધાં જૈનશાસ્ત્ર માનનાર મતોનું ઐકય છે, તો પછી કદાચ તેમાં તેનો ઉદય અનંતકાળે થાય તેમાં શું આશ્ચર્ય ? (મલ્લીનાથજી પુરૂષ હોત તો તેઓને પરમ આરાધ્ય માનનારા સ્ત્રીપણે કેમ માને ? ॥૩૦૨॥

૨૧ રાજ્યાસન ઉપર નહિ બેસવાને કારણે રાજપુત્રોમાં કુમારપણું રહે છે એ વાત શાસ્ત્ર તથા લોકોથી સિદ્ધ છતાં કુમારશબ્દ કે સ્ત્રી અને રાજ્યાભિષેક ઉભયના અભાવથી બપરાતા કુમાર શબ્દને દેખીને કે એકમતીય અપરિણયન દેખીને કુમાર શબ્દવાળાઓએ સમંસ કર્યો જ નથી' એવું માનવા તૈયાર થનાર ઘણું ભૂલે છે. ॥૩૦૩॥

૨૨ જૈન શાસ્ત્રોની પ્રાકૃત ભાષા જ છે એમ માનનારે મંતે, સમણે, મહાવીરે વિગેરે શાસ્ત્રીય પ્રયોગો પ્રાકૃતવ્યાકરણથી સિદ્ધ કરવા. (અઢાર દેશી ભાષાએ મિશ્ર અને સમગ્ર આર્યક્ષેત્રમાં વપરાતી તથા બ્રાહ્મીલિપિની સહચારિણી અર્ધમાગધીભાષા છે એ વાત શ્રી નિશીથચૂર્ણિ અને પ્રજ્ઞાપનાદિના જાણુકારોથી છૂપી નથી). ॥૩૦૪॥

૨૩ જિનચરિત્ત થવિરાવલી અને સામાચારી એ ત્રણે પ્રકરણો શ્રી કલ્પસૂત્રમાં છે. ને તે શ્રી ભદ્રબાહુસ્વામીજીના રચેલાં છે માત્ર સ્થવિરાવલીમાં દરેક કથન કરનારે પોતાના ગુરુ સુધીની પરંપરા જણાવવી જોઇએ ને તેથીજ સ્થવિરાવલીમાં સિદ્ધાંતને પુસ્તકારૂઢ કરનાર શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણજીએ પોતાનાં ગુરુ સુધીની પરંપરા દાખલ કરી ને તેથી ત્યાંજ નવસો એંસીની સાલ લખી છે. અન્યથા ગ્રંથકાર જો સંવત્ લખત તો કલ્પસૂત્રના અંતમાં જ તે લખત. ॥૩૦૫॥

૨૪ કુંદકુંદાચાર્યનો સમય વિક્રમની પ્રથમ શતાબ્દી હતો એમ કહેવું એ ઇતિહાસનું તેમજ સમયસાર આદિની પ્રસ્તાવનાનું અજ્ઞાન જણાવે છે ।૩૦૬॥

૨૫ તત્ત્વાર્થસૂત્રકાર શ્વેતાંબર છે અને તેઓ તો અંગના બાર ભેદોમાંથી એકનો વ્યુછેદ થયો કહેતા નથી અને અનેકભેદે અંગબાહ્ય એવા દશવૈકાલિક, ઉત્તરાધ્યયન આદિની હૈયાતી સૂચવે છે. (દિગંબરોના મતે દશવૈકાલિક જેવાં આઠ વર્ષના બાલક છ માસમાં ભણે તેવાં ને ઉત્તરાધ્યયન જેવા નાનાં સૂત્રો જે પૂર્વાચાર્યોનાં હતાં તે પણ બધાં વિચ્છેદ થઈ ગયાં, ને ષટ ખંડાગમ જેવાં ગણધર કે સ્થવિર સિવાયનાં કરેલાં સામાન્ય શાસ્ત્રો ટકાવવા તેમના આચાર્યોએ મહેનત લીધી તત્ત્વથી અપ્રમાણિકને એમ કહેવું જ પડે છે કે મારા ચોપડા જ ગુમ થયા છે) ॥૩૦૭॥

૨૬ ન્યાયાવતારમાં પ્રમાણોના સ્વરૂપમાં આગમપ્રમાણ જણાવતાં આપ્તોપજ્ઞ શ્લોક બરોબર બંધબેસતો નથી એવું કહેનારે વસ્તુનું સ્વરૂપ જોવા કદાગ્રહનાં ચશ્મા કાઢી નાંખી કોઇ મધ્યસ્થદૃષ્ટિ પાસે આંખો સુધરાવી લેવી. એવી રીતે સમંતભદ્રને શ્રી સિદ્ધસેનદિવાકરજીથી પ્રાચીન એમ નહિ ઠરાવી દેવાય. (રત્નકરંડકમાં જ તે શ્લોક આંગતુક છે એમ મધ્યસ્થોને માલમ પડશે.) ॥૩૦૮॥

૨૭ ઓસવાલો પૂર્ણતયા શ્વેતાંબરો છે એ વાત જેમ સિદ્ધ છે તેવી જ રીતે અનેક શીલાલેખોથી **પલ્લીવાલ લોકો શ્વેતાંબર છે એ વાત સિદ્ધ છતાં ન માનનારને પલ્લીવાલોના** અનેક શ્વેતાંબર શિલાલેખોના ઉત્તર દેવા અમારૂં નિમંત્રણ છે તે સ્વીકારે ॥૩૦૯॥ [જૈન દર્શન ૧-૨૨]

૨૮ વિક્રમ પ્રથમશતાબ્દીમાં શાસ્ત્ર લખાયું એ પુરાવા વિનાનું છે. વળી તે ગ્રંથની સમાપ્તિના ઉપલક્ષ્યમાં શ્રુતપંચમી છે એ તથા જ્યેષ્ઠ શુકલપંચમીનો તે દિવસ છે. તે

સર્વ પ્રમાણથી દુર છે શ્વેતાંબરો તો **ચતુર્માસની સમાપ્તિમાં ભંડારોના પુસ્તકોરૂપ જ્ઞાનના આવિષ્કારના અંગે** કાર્તિક શુકલપંચમીને જ્ઞાનપંચમી, સૌભાગ્યપંચમી કે શ્રુતપંચમીના નામે વર્તમાનમાં પણ આરાધન કરે છે. ॥૩૧૦॥

૨૯ દિગંબરોના જ શાસ્ત્રોમાં આચેલકયાદિ દશ પ્રકારનો કલ્પ તથા સ્થિતાસ્થિત-પણું છતાં જેઓ તે ન માને તેને દિગંબરગ્રંથની શ્રદ્ધા પણ કેમ હશે ? ॥૩૧૧॥

ભગવાન પાર્શ્વનાથજીના શાસનમાં સચેલક અને અચેલકપણું બંને હતાં તે ચર્ચાકારે સમજવું જોઇએ તથા વાસ્તવિક ને ઉપચરિત અચેલકપણું પણ સમજવું જોઈએ

૩૦ શ્વેતાંબરો જિનકલ્પનો વિચ્છેદ શ્રી જંબુસ્વામીજીના નિર્ણયથી નિર્વાણથી માને છે. શ્રીભદ્રબાહુ વખતે જિનકલ્પ (ન) હતો એમ કોઈ માનતું જ નથી. ॥૩૧૨॥

**૩૧ દિગંબર શબ્દમાં વપરાએલો અંબર શબ્દ જ દિગંબરોની નવીનતા, સવસ્ત્રમાંથી નિર્ગમન (આદિ) સૂચવીને જણાવે છે.** ॥૩૧૩॥

(જૈન દર્શન ૨૩ મો અંક)

**૧ ઘોષનંદિ ક્ષમાશ્રમણ શ્વેતાંબર હતા એમ તત્ત્વાર્થભાષ્યથી સ્પષ્ટ છે, તેથી ગુહનંદિઆચાર્ય શ્વેતાંબર મનાય** વળી લેખમાં કુલ માટે કારણશબ્દ માટે કાશ્ય એમ નથી, પણ પહેલાં જે સ્યાં છે ત્યાં સાં એમ વાંચી સાંકાશી શાખા જે કલ્પસૂત્રમાં જણાવી છે તે લેવી જોઇએ ॥૩૧૪॥ (જૈન જ્યોતિ)

૧ 'આઠની અંદર વિરતિપરિણામ ન હોય' એ કથન ઉપદેશથી થતા પરિણામને આભારી છે, અર્થાત્ ભવાંતરીયજ્ઞાન કે તેવાં કારણોને તે અધિકાર લાગુ પડતો નથી એમ શ્રી મેઘવિજયજી ઉપાધ્યાયજી સ્પષ્ટ જણાવે છે. ॥૩૧૫॥

**૨ એકપક્ષે કહેલ જન્માષ્ટની દીક્ષાને રાજમાર્ગ ઠરાવવાથી ગર્ભાષ્ટમ કે જન્માષ્ટમની દીક્ષાને અધર્મ કહેનારા વિપરીત વિચારવાળા છે એમ કેમ નહિ ?** ॥૩૧૬॥

૩ શ્રાવકસંઘની સત્તા માન્ય ન રાખી, સંઘની વિનંતિ ન હતી, સમિતિમાં અમુક મુનિ નીમ્યા, જાહેર નગરશેઠની મહેનત છતાં સંમેલનનું ઉલારિયું કરવાવાળાને સફળ કરનાર ગણાવવા વગેરે વાતો હોળી નહિ સળગાવનારને શોભતી નથી. ॥૩૧૭॥ (વીરશા.)

૧ લાંબા તાડપત્ર ઉપરથી વ્યાખ્યાન વાંચવા વખતે પૂર્વપુરૂષોએ મુહપત્તિ બાંધી, અને તે એક હાથે પાના વંચાય તેવી પ્રતોના વખતમાં ચાલુ રહી, પણ તે નીકળી જવી યોગ્ય હોઈ નીકળી ગઈ છે એમ માનવું શું ખોટું છે ? ॥૩૧૮॥

૨ ચર્ચાસારના ત્રણે ફોટા ઓઠે મુહપત્તિના છે તે કલ્પિત અને જુઠા હોઇ લેખક અને પ્રકાશકને નુકશાન કરવા સાથે ધર્મને હાનિ કરનાર છે ॥૩૧૯॥

૩ પ્રદર્શનમાં સેંકડોપ્રતોમાં હજારો ચિત્રો વ્યાખ્યાન પ્રસંગના હતાં જે તેમાં એકેયમાં મુહપત્તિ બંધન ન હતું. ॥૩૨૦॥

૪ ત્રણ ત્રણ ચાર ચાર કલાકે બાંધીને વાંચનારા આખો દિવસ મુખ બાંધનારને સંમૂર્છિમ મનુષ્યની હિંસા કરનાર કેમ કહેશે ? ॥૩૨૧॥

૫ અણુવ્રતધારીને પણ અતિચાર કરનાર એવો કર્ણવેધ સાધુને પણ કદાચ અનુચિત છતાં કરવો પડશે. ॥૩૨૨॥

૬ એકપણ શાસ્ત્રપાઠ, વ્યાખ્યાનના મુહપત્તિબંધનને વિહિત કરતો નથી (શીલાંકાચાર્ય ને જિનભદ્રની વિધિપ્રપા કયા ભંડારમાં છે ? (ચર્ચાસારમાં ખોટા અર્થો અને ખોટા પાઠો છે) ॥૩૨૩॥

૭ પંચવસ્તુમાં ૯૫૭મી ગાથાની ટીકામાં મુખવસ્ત્રિકા વિધિગૃહીતયા સ્થગિત મુખકમલઃ એ પદો હાથમાં પકડેલી મુહપત્તિથીજ વ્યાખ્યાનમાં મુખ ઢાંકવાનું સ્પષ્ટપણે લખે છે ॥૩૨૪॥

૮ આચાર્યાદિ પદસ્થો જ વડીદીક્ષા આપે. ॥૩૨૫॥

૯ તપ આદિના કાઉસ્સગ્ગમાં લોગસ્સ સંપૂર્ણ ગણવા. ॥૩૨૬॥

(એક પત્ર)

૧ સર્વ તીર્થંકર મહારાજાઓના શાસનમાં ગણાવેલ સાધુ સાધ્વીની સંખ્યા કેવળજ્ઞાન પામનારાઓને બાદ કરીને બધા બકુશકુશીલની જ છે ॥૩૨૭॥

૨ જંબુસ્વામીજીના નિર્વાણથી પાંચમા આરાના છેડા સુધી બકુશકુશીલ જ સાધુ હોય અને તેનાથી જ તીર્થ હોય ॥૩૨૮॥

૩ વ્રત, સાધુપણું અને સામાયિકને નહિ માનનારો શ્રમણ સંઘથી દૂર કરવા લાયક છે એમ વ્યવહારભાષ્ય જણાવે છે, અને તે પ્રમાણે અમદાવાદમાં દૂર કરાયેલો પણ છે. ॥૩૨૯॥

૪ શ્રી ભગવતી સૂત્રના હજાર વર્ષ સુધી પૂર્વધર હોવાના લેખના આધારે ભગવાન્ મહાવીરનું શાસન આ મધ્યક્ષેત્રમાં જ છે. ॥૩૩૦॥

૫ મૂલોત્તર ગુણના દોષવાળા તથા ત્રણ ગૌરવવાળા, ઋદ્ધિયશની ઈચ્છાવાળા, મલિન ચારિત્રયુકત સાધુના પરિવારવાળા, શરીર અને ઉપકરણની શોભાને અનુસરનારા ઇંદ્રિય અને મનને નિયમિત નહિ રાખનારા બકુશકુશીલો હોય છે એમ તત્વાર્થભાષ્યકાર વિગેરે સ્પષ્ટપણે કહે છે ॥૩૩૧॥

૬ દ્રવ્યચારિત્રના રાગવાળા, શાસનની સાચી શ્રદ્ધાવાળા અને શાસ્ત્રના યથાર્થ બોધવાળા જ ભાવચારિત્રી હોઈ શકે ॥૩૩૨॥

૭ દશવૈકાલિક ચૂર્ણિકાર 'દુષમાકાલમાં પુસ્તક રાખવાં તે પણ સંયમ છે' એમ સ્પષ્ટપણે જણાવે છે ॥૩૩૩॥ (જૈન જ્યોતિ)

૧ આઠ વર્ષની દીક્ષાના પુરાવા તેને માટેજ ઉપયોગી થાય કે જેઓ નાની ઉંમર ગણી આઠ વર્ષે દીક્ષા ન માને, અત્રે તો અન્યે તુ गर्भाष्टमवर्षस्यापि दीक्षां मन्यन्ते એ વગેરે અનેક શાસ્ત્રોમાં જણાવેલ છે કે 'ગર્ભ રહ્યો ત્યારથી આઠમું વર્ષ બેસે' ત્યારથી (એટલે સવા છ વર્ષે) પણ દીક્ષા હોય છતાં એ વાતને નથી માનવી માટે તેવો પાઠ ન હોય અગર તે માન્ય ન હોય તો તે વાત સ્પષ્ટ કરવી ॥૩૩૪॥

૨ કેવલિપણાનો પર્યાય પોતે જ આઠ વર્ષ ન્યૂન ક્રોડપૂર્વ વર્ષનો ગણ્યો છે ને તે વાત उत्कृष्टतोऽष्टवर्षोनं એવા ગુણસ્થાનક્રમારોહના પાઠ વિગેરેથી સિદ્ધ છે, ને તેવાઓને पर्यायं वार्षिकं વિના એવા લોકપ્રકાશના પાઠ વિગેરેને માનનારા આઠમાની શરૂઆતે દીક્ષા માને તેમાં નવાઈ શી ? ॥૩૩૫॥

૩ લઘુક્ષપણાનો ક્ષિસ બ ભગવતીજીના નવ ઊનના પાઠથી કેમ સંગત કરશો ? ॥૩૩૬॥

૪ અષ્ટપૂર્ણ અને અમુક માસના ગર્ભવાળાને અંતર્મુહુર્ત્ત કહેવાથી જઘન્ય વયવાળાને વાર્ષિક પર્યાય માનવામાં શી અડચણ આવે ? ॥૩૩૭॥

૫ નયિ तद्धिते સૂત્ર હોવાથી દીવ્ય રૂપ ન બનાવતાં દિવ્ય બનાવવું. ॥૩૩૮॥

૬ बाक्कायविकारुरहितानां નથી પણ वाक्कायमनोविकाररहितानाम् એમ છે.

૭ शकुनं चापशकुनं, चाशकुनंच) એ अर्थान्तरन्यास છે. पौद्गलिक શબ્દ અપ્રાસંગિક છે પ્રકરણનો વિરોધ સમજવાની જરૂર છે. ॥૩૪૦॥ (જૈન પ્રવચન)

૧ જે કારણથી લિખિત સંમતિનો નિયમ કાયમ કર્યો તે કારણ જણાવવું તે ખોટું કેમ ગણાય ? ॥૩૪૧॥

૨ આઠ વર્ષથી સોળ વર્ષ સુધીની દીક્ષામાં પણ દીક્ષાના સ્થાનના બે આગેવાનોની સહી જોઇએ એવા ઠરાવ કરનારે સત્યની ખાતર ઠરાવો વાંચવા જોઇએ. ॥૩૪૨॥


( મુંબઈ સમાચાર વગેરે )

૧ શૈક્ષ (નવદીક્ષિત) ને સાધ્વીના ઉપાશ્રયે સંતાડવાના પ્રસંગને સમજવાવાળા એ પચ્છાયણા ય સેહે એ ૧-૪-૧૪૦મી દ્વારગાથાનું પદ તથા આપુચ્છતિ બાયરિત્તેए સંમ એ તા. ૧-૪-૧૮૧મી ગાથાનો ભાગ તેમજ તત્તિઓउ સંતમટ્ટી આયરિए પણમિउण તિવિહેણં ગેલણ્ણા નિયડીए અજાણમુવસ્સય મતીતિ એ ૧-૪-૧૮૩મી ગાથા વિચારવી કે જેથી સ્પષ્ટ થશે કે મુખ્યતાએ નવદીક્ષિતને જ સંતાડવાનો અધિકાર છે અને રાજપુત્રોની હકીકત માત્ર સંભવ જણાવવા ઉપલક્ષણ તરીકે છે પણ નિયમ તરીકે નથી. તેમાં પણ મુખ્ય મુદ્દો તો સંયમની રક્ષાનો જ છે ॥૩૪૩॥

૨ ૧૮માં અંકના ૪૨૭માં પાને સુકોશલજીની માતાને શિયાલણી લખી છે, પણ વાઘણ થઈ છે ॥૩૪૪॥

**૩ સિદ્ધર્ષિજી અને અવંતીસુકુમાલજીની રાત્રે દીક્ષા થઈ છે એમ ચોત્રીસ પ્રબંધ અને ઉપદેશપદમાં સ્પષ્ટ છે તેમજ કોઈ સ્થાને તેનો નિષેધ નથી. વડગચ્છના મૂલ પુરૂષની આચાર્યપદવી રાત્રે થઈ છે.** ॥૩૪૫॥

( જૈન )



**સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૨૧ સં. ૧૯૯૦ અષાઢ વદિ ૭)) પૃ. ૫૦૪ તથા ટા. પે. ૨ સમાલોચના**

૧ વીતરાગતાના પૂજક બનવા માગતા દિગંબરો, અરિહંત ભગવાનને પ્રાતિહાર્ય સહિત કેમ માને છે ? જાતજાતના અભિષેકો ને ધૂપ, દીપ, પુરૂષ ને સુગંધથી કેમ પૂજે છે ? (ભકિત કહો તો શ્વેતાંબરોની સાચી માન્યતા.) ॥૩૪૬॥

૨ સાક્ષાત્ છત્ર, ચામર આદિવાળી મૂર્તિ જે રાગયુકત નથી તો વસ્ત્રનો આકાર શું રાગયુકતતાની નિશાની છે ? ॥૩૪૭॥

૩ શ્વેતાંબર શાસ્ત્રોમાં સ્થાન સ્થાનપર માંસભક્ષણ કરવાથી નરકનું આયુષ્ય બંધાય એમ સ્પષ્ટ કહ્યું છે. ॥૩૪૮॥

૪ શ્રમણ શબ્દ બૌદ્ધ ગોશાલક તાપસ ગૈરિક અને આર્હતને લાગુ છતાં એકલા નગ્નને લગાડનાર શું સમજતો હશે ? ॥૩૪૯॥

૫ લંગોટી રાખનાર બાવાઓને પણ નાગા બાવાજ કહેવાય છે, માટે નગ્ન શબ્દથી દિગંબર જ લેવાય એમ કહેનારે આગ્રહનું ફળ વિચારવું. ॥૩૫૦॥

૬ અદ્વૈત વિગેરે સિદ્ધિના કેચન એ પદને ન સમજનારા જ ક્ષપણુક એટલે દિગંબર છે એમ કહે. ॥૩૫૧॥

૭ ક્ષપણુકને વિવસ્ત્રમાં નગ્નશબ્દ કહેવાથી જ ક્ષપણુક વસ્ત્ર રહિત ન હોય એમ માનવું જ પડશે ॥૩૫૨॥

૮ ઋગ્વેદ, આરણ્યક અને જાબાલોપનિષદમાં કરેલું મુનિવર્ણન દિગંબર જૈનનું જ છે એમ કહેનારે કંઇક ભણવું જોઇએ. ॥૩૫૩॥

૯ શંકરાચાર્ય આદિએ દિગંબરોને હરાવ્યા હોય કે ખંડિત કર્યા હોય ને તેથી તેને માટે દિગંબર શબ્દ વાપર્યો હોય તો દિગંબરો જાણે. ॥૩૫૪॥

૧૦ બૌદ્ધગ્રંથોથી સાબીત થાય છે કે નિગ્રંથના નાતપુત્રો પાત્ર રાખતા હતા. (જુઓ રાજગૃહના નગરશેઠની હકીકત.) ॥૩૫૫॥

૧૧ દિગંબર શબ્દના દિશારૂપી અંબરને ધારણ કરનાર અર્થને સમજનારા સ્પષ્ટપણે સમજી શકે છે કે દિગંબરનો મત કોઈ વસ્ત્ર ધારણ કરનાર મતની શાખા છે (ગૃહસ્થતા એકલા વસ્ત્રથી નથી પણ પરિગ્રહ માત્રથી છે.) ॥૩૫૬॥

(જૈન દર્શન વર્ષ ૧ લું અંક ૨૪ મો.)

૧ અર્થ-દ્રવ્યથી ધર્મકાર્ય થાય છે તેથી તેને વખાણવું તે ચારિત્ર લેનારને દેખી અબ્રહ્મને વખાણવા જેવું છે. ॥૩૫૭॥

૨ સત્તા અને સતીઓ વિષયસેવનરૂપ કામથી પંકાયા નથી, પણ પરપુરૂષ કે પરસ્ત્રીના વિરમણથી જ પંકાયા છે. ॥૩૫૮॥

૩ જે ધર્મનો અર્થ સંવર કે નિર્જરા ન કરતાં નીતિ કરે છે તે લોકો લોકોત્તર માર્ગને ભૂલે છે. ॥૩૫૯॥ (સમયધર્મ)

૧ શ્રી નિશીથચૂર્ણિ, પંચકલ્પભાષ્ય, બૃહત્કલ્પભાષ્યવૃત્તિ, યતિજીતકલ્પવૃત્તિ વિગેરે શાસ્ત્રોમાં દીક્ષિત થનારને અંગે પૃચ્છા, કથા અને પરીક્ષાના દ્વારો યથાસ્થિતપણે જણાવેલાં છે, **પણ એક પણ શાસ્ત્રમાં દીક્ષા આપવા પહેલાં છ માસની કે યાવત્ એક દિવસનો** પણ પરીક્ષા કરવા માટે મુદ્દત જણાવેલી નથી એટલું જ નહિ પણ શ્રી નિશીથચૂર્ણિમાં દીક્ષા દેનાર ગીતાર્થ પુરૂષ ગોચરી, અચિત્તભોજન આદિ સાધુચર્યા જણાવે તે રૂપ કથા થયા પછી તે ઉપદેશકે જણાવેલી સાધુચર્યા પ્રમાણે વર્તવાનું

કબુલ કરે તેનું જ નામ પરીક્ષા જણાવેલી છે (एयं सव्वं जइ अब्भुवगच्छति तो पव्वा वणिज्जो एसा पव्ववाणिज्जा परिफ़रवा આ પ્રમાણે આચારના અભ્યુપગમ માત્રનું નામ પરીક્ષા હોવાથી પંચવસ્તુકાર ભગવાન્ હરિભદ્રસૂરિજીએ अब्भवगयं એમ કહી આચાર અભ્યુપગમ રૂપી પરીક્ષા સ્પષ્ટપણે જણાવી છે, પણ આ પરીક્ષાથી ઉપસ્થાપના પહેલાં કરાતી પરીક્ષા, ગીતાર્થ ન થાય કે અન્યતર પરીક્ષાનો સદ્ભાવ ન ગણાય તેટલા માટે ઉપસ્થાપનાવાળી પરીક્ષા સાથે જણાવતાં पुणो परिक्खिज्ज १ पवयणविहीए २ એમ કહી પરીક્ષાની બીજી વખતની કર્ત્તવ્યતા અને તેને માટેનો શાસ્ત્રીયવિધિ જે સ્પષ્ટ હતો તે સૂચિત કર્યો. આ બાબતમાં सावधपरिहारेण १ चस्वर्यांप्रदर्शनादिना २ सपरिणामके ३ इतरस्मिन् ४ अभ्यंतरः ५ અને बहुतरः ६ એ બધું પ્રવચનવિધિને અનુકુળ ઉપસ્થાપના પરીક્ષામાં થાય છે એ વિચારવું, અને તેથીજ ધર્મબિંદુમાં બંને ભાષાંતરકારોએ સ્પષ્ટ તે (તયા) છ માસની પરીક્ષા વડીદીક્ષા માટે છે એમ ચોકખા અક્ષરોમાં જણાવ્યું છે (જો કે આ ઉપરથી શંકા પડતાં કે જરૂર લાગતાં દીક્ષાર્થીને કેટલોક કાળ રોકવો પડે તેનો નિષેધ કરવા ભાગ્યેજ કોઈ તૈયાર થાય, પણ પરીક્ષાના નામે રોકવાનો નિયમ કરવો તે તો શાસ્ત્રીય છે એમ માની શકાય જ નહિ ॥૩૬૦॥

૨ દીક્ષા દેનારે સંઘની રજા લેવી જોઇએ ને લેનારે સ્થિતિ ન હોય તો પણ ભરણ-પોષણનો બંદોબસ્ત કરેલો જ હોવો જોઇએ તથા દીક્ષાર્થીને અમુક મુદ્દત રાખવો જ જોઇએ એવું સંમેલનને નામે કહેનારે તેના ઠરાવો શાંતિથી વાંચવા જોઇએ અને ઠરાવ લખીને જ ઠરાવના નામે બોલવું જોઇએ ॥૩૬૧॥ (જૈન)



૧ જો કે ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રાવકપ્રતિમાઓના વહન સિવાય ચારિત્ર પ્રાપ્તિ માનીને પણ વર્ત્તમાન કાળમાં संपयं विसेसेळ એમ કહી વર્ત્તમાનકાળમાં પ્રતિમાના વહનપૂર્વક જ દીક્ષા હોય એમ સ્પષ્ટપણે જણાવે છે, પણ તે જ ભગવાન્ હરિભદ્રસૂરિજી એક બે આદિ માસ પ્રમાણોવાળી જ પ્રતિમાઓ હોય એમ નહિ માનતાં પ્રવ્રજિત થનારા આદિ માટે અંતર્મુહુર્ત્તની પણ પ્રતિમાઓ માને છે, અને તેથી તેવા લઘુકાળની પ્રતિમાઓ વહન કરવા પૂર્વકની દીક્ષા માનવામાં કોઇપણ શાસનપ્રેમીને અડચણ નથી, તોપણ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી તેમજ ખુદ્દ ભગવાનૂ હરિભદ્રસૂરિજી પણ અષ્ટવર્ષની ઉંમરે દીક્ષા માનનારા હોઈ કોઈ તેવા મંદ ક્ષયોપશમવાળાને એ પ્રતિમા વહન પૂર્વકની દીક્ષાનો નિયમ લાગુ થાય છે ને એ વાત ઉપાધ્યાયજી સ્પષ્ટ જણાવે પણ છે, તેથી એમ સમજી શકાય કે સંસારવાસમાં નહિ પ્રવર્તેલા અને અભુક્તભોગી બાળકોને તીવ્ર વીર્યઉલ્લાસ હોવાથી પ્રતિમાવહનની જરૂર ન હોય. (આ સ્થાને પૃચ્છા, કથનાદિકના પુરાવા આપી પ્રતિમાવહનનો અનિયમ ઉત્તર ગ્રંથથી બાધિત અને સામાન્ય હોવાથી અસ્થાને છે, અને ષાણ્માસિક પરીક્ષાનો પણ અતિદેશ સામાન્ય હોવાથી આચારઅંગીકાર રૂપ વિશેષ પરીક્ષાને

બાધિત કરતો નથી અને ઉપસ્થાપના પહેલાંની પ્રાણમાસિક આદિ પરીક્ષારૂપ પ્રવચનોકત સ્વસ્થાનને બગેડતો નથી ) (અભુકતભોગી બાળકને પંચમપ્રતિમામાં માત્ર દિવસનું અબ્રહ્મવર્જન, છઠ્ઠીમાં રાત્રિ દિવસ અબ્રહ્મવર્જન, આઠમીમાં કૃષિ આદિ આરંભને સ્વયં કરવાનો ત્યાગ અને નવમીમાં તેવા આરંભોમાં નોકર ચાકરને પ્રવર્તાવવાનો ત્યાગ એ સંભવિત ન હોય એ સહેજે સમજાય તેવી બાના છે ) ॥૩૬૨॥

૨ પ્રતિમાનો નિયમ ૪૯ મી ગાથામાં વર્તમાનકાળને અંગે કરેલો હોઈ તેના સમાધાનને માટે ૪૬મી ગાથા કે પૂર્વકાળના શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો પાઠ આપવો અસ્થાને છે. ॥૩૬૩॥

૩ શ્રી પંચાશકમાં પચાસથી અધિક ગાથા ન હોવાથી ગાથાનો આંક ૬૬ હોય નહિ ને તે અંક ૪૬ છે ॥૩૬૪॥

૪ बालत्वादिकारणात् प्रतिमानुष्ठानव्यतिरेकेणापि एतत्प्रकारेण तावज्ज्ञायत एवेत्यपि शब्दार्थः એવા ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીના સ્પષ્ટ લેખથી બાળકોને પ્રતિમાની જરૂર નથી સ્વીકારી તેમજ અંત્યગાથામાં પણ આનો ખુલાસો નથી કર્યો એ સ્પષ્ટ છે. ॥૩૬૫॥

( જૈન પ્રવચન )

卐卐卐

૧ બકુશકુશીલમાં બધા ઉત્સર્ગ કે બધા અપવાદ હોવાનો પાઠ કયો ?

૨ ઉત્સર્ગનું પ્રવર્ત્તન હોય તો જ અપવાદનું પ્રવર્ત્તન હોય તેવો પાઠ કયો ?

૩ બકુશકુશીલપણામાં બધા મહાવ્રતોની અપ્રતિષેવી દશા છે ?

૪ પ્રત્યાખ્યાન કર્યા પછી પણ અતિક્રમાદિ લાગે તેમાં કર્મોદય કારણ ખરો કે ?

૫ बकुशकुसीलेहिं तित्थं એ પાઠ શાસ્ત્રાનુસારી છે કે ?

૬ યથાખ્યાતચારિત્રની અપેક્ષાએ બકુશાદિ તેવા હોય તેમાં કોણ ના કહે ?

૭ કુશીલનામના નિર્ગ્રંથો અને કુશીલ નામના કુગુરૂનો ભેદ સમજવાની જરૂર છે. ॥૩૬૬॥

(જૈન જ્યોતિ)

## સમાલોચનાની સંકીર્ણ કર્ત્તવ્યતા

આજકાલ જગતમાં તેમજ જૈનસમાજમાં માસિકો, પાક્ષિકો, સાપ્તાહિકો અને દૈનિકપત્રો સારી સંખ્યામાં પ્રચાર પામેલા છે. અને દિનપ્રતિદિન તેમાં ઉપયોગી કે

અનુપયોગી તત્ત્વનો પ્રચાર કરવા કે અન્ય દૃષ્ટિથી વધારો થતો જાય છે એ વાત સુજ્ઞ સજ્જનોની સમજ બહાર નથી. આવી વખતે સર્વ પત્રો શાસ્ત્રના જ્ઞાનવાળા અને રૂચિવાળાના હાથે જ લખાતાં એમ છે નહિ, તેમ તેવું થવાનો સંભવ પણ નથી ને તેથી અનેક પત્રોમાં ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી ત્રિલોકનાથ તીર્થંકરભગવંતો, તેઓશ્રીએ જ જગજંતુના ઉદ્ધાર માટે પૂર્વાપરના અવિરોધપણાના ગુણવાળા અને આત્મકલ્યાણમાં કશમલતાનો કાળો કેર વર્તાવનાર આરંભ, પરિગ્રહ, વિષય અને કષાયનો ત્યાગ કરી સર્વદા મોક્ષમાર્ગનીજ માન્યતાને વળગી રહી તે અવિચલ અવ્યાબાધ પદની પ્રાપ્તિ માટે જ પરમપુરુષાર્થથી પ્રયત્ન કરનાર મહાપુરૂષોએ પવિત્રતમ રીતિએ અપનાવેલા એવા આગમના અપ્રતિહત પ્રભાવ અને દુર્ગતિના દુર્ગમ કૂપમાં કુદી પડતા જગતનાં જંતુમાત્રને બચાવી સદ્ગતિમાં સ્થાપન કરતાં અહિંસા, સંયમ અને તપસ્વરૂપ અતીંદ્રિય પદાર્થોને દેખવાની પરાકાષ્ઠાએ પહોંચેલા પરમાર્થદર્શી પરમેશ્વરોની પરમપુનિત પરમાગમોને આધારે અને અનુસારે આત્મકલ્યાણની અકાંક્ષાથી આચરણમાં મૂકાએલા મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થભાવનાની ભવ્ય પ્રવાહવાહી અભય, સુપાત્ર કે અનુકંપાદાનની નિરંતર નિરંતરાય પ્રવૃત્તિ સાથે આત્મ અને અન્યના અમોઘ ઉદ્ધારના કારણ તરીકે જિનચૈત્ય, જિન બિંબ ને જૈનધર્મની જયપતાકા ફરકાવવા જન્મેલાં તીર્થોની નવ્યરચના, જીર્ણોદ્ધાર, પ્રતિષ્ઠા, ઉત્સવ, આડંબર આદિ કરાય અનાદિ કાલથી અવ્યાહતપણે વહેતો અવિરતિનો ભરો જડમૂલથી ઉખેડવા મહાવ્રત અને અણુવ્રતો આચરવામાં આવે, સદાકાલ અવિરહિતપણે પ્રવર્તેલી આહારાદિની તૃષ્ણાનો સદાકાલ રોધ કરવા શાસ્ત્રોક્તિને અનુસરીને આચરાતાં અનેકવિધ અતિશયનિધાન તપો તથા અનિત્યાદિક જે બાર પ્રકારની વૈરાગ્ય ભાવના, મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થરૂપ સમ્યકત્વભાવના અને રત્નત્રયીને ધારણ કરનારાઓની અનાહતભક્તિ તેઓશ્રીના ત્રિવિધયોગને અનુકુળ તથા સંયમસાધક એવાં અનેક કાર્યોની ચિકીર્ષા તથા સંસારના સતત પ્રવાહને ભયંકર કાનન સમાન દુષ્ટ દાવાનલ સમાન માનીને તેનાથી અહોરાત્ર ઉદ્વિગ્ન રહેવારૂપ ધર્મ ભાવનારૂપ પ્રવૃત્તિમય ધર્મને ધક્કો લગાડનારાં લખાણો આવ્યાં છે, આવે છે અને આવવાનો સંભવ પણ છે

જો કે તેવી રીતે આવતાં લખાણો કેટલાંક સત્ય પદાર્થના પારમાર્થિક સ્વરૂપની સુજ્ઞતાના અભાવે થએલાં હોય છે, કેટલાંક તત્ત્વત્રયીનો ખરો બોધ છતાં પણ તેની ઉપરના દ્વેષ કે પોતાના માનેલા તત્ત્વના અયોગ્ય પક્ષપાતને લીધે હોય છે જ્યારે કેટલાંક લખાણો સુજ્ઞતાનો સર્વોત્તમ સદ્ભાવ છતાં શાસનની સર્વોત્તમતા પ્રતિ પરમ પ્રતીતિ હોવા છતાં અજાણપણે કે અનાયાસે અયુકત બોલાયું કે લખાયું હોય તેનો શુદ્ધતત્ત્વ માલમ પડતાં પણ સુધારો ન કરતાં વિશ્વમાં વિખ્યાતિ પામેલા પદોને પ પાળવા માટે અસત્ય, અયોગ્ય અને અસભ્ય લેખો લખાએલા હોય છે તે સર્વને ભાસ્વર પદાર્થ માત્ર પ્રકાશ જ પાડે તેવી રીતે આ પાક્ષિકપત્ર માત્ર તેવા લેખોને માટે પ્રકાશ પાડવા પૂરતીજ સમાલોચના રાખી તેનો એક વિભાગ રાખેલ છે.

વળી કેટલીક વખત આ પત્રમાં પ્રગટ થએલી હકીકતો વાંચીને વાંચકો વિચારવમળમાં વહેતા થઈ સમાધાનને માટે પત્રો પાઠવે કે અન્ય પત્રોદ્વારા ખુલાસા માગે કે ઘટતી અથવા અણઘટતી ચર્ચા કરે તે સર્વના ઉત્તર કે ખુલાસારૂપે પણ સમાલોચનાની જરૂર દેખી આ પત્રમાં સમાલોચનાનો વિભાગ શરૂઆતથીજ રાખેલ છે.

આ સમાલોચનાના વિભાગમાં માત્ર સૂચનારૂપેજ લખવામાં આવે છે, કારણ સમાલોચનીય સ્થાનો અનેક હોય એ સ્વાભાવિક છે ને તેની ઉપર પ્રત્યેક એકેક લેખથી કે વિસ્તારથી ઉત્તર કે સમાલોચના આવવાથી આ અત્યંત નાનું પત્ર સમાલોચનાથી જ ભરાઈ જાય અને આગમતત્વના જિજ્ઞાસુ શાસ્ત્રીય પ્રશ્નોના પરમ આકાંક્ષાવાળા ને સુધાસાગરના શ્રોતમાં સ્નાન સર્જનારાઓને નિરાશ રહેવું પડે તેમજ શબ્દશ્રેણિના વિગ્રહમાં વિકરાલતા થઈ વિકૃતતા જ આવે માટે માત્ર સૂચનારૂપેજ સમાલોચના કરવામાં આવે છે.

જો કે પૂર્વોકત પ્રકારે સત્યના સાથીની પવિત્ર ફરજને બજાવવા માટેજ સમાલોચનાનો સંકીર્ણ માર્ગ સ્વીકાર્યો છે, છતાં અન્ય ભદ્રિકજીવોને તે સમાલોચના અરૂચિકર કે અસમાધાનકારક થાય તેમાં આશ્ચર્ય નથી, પણ પરિણામહિતની દ્રષ્ટિથી વાંચકો અને તેવા લેખકોને સત્યમાર્ગ સુઝાડવા માટે સમાલોચનાનો માર્ગ મોકળો રાખવો પડયો છે. સાથે એ પણ સ્પષ્ટ કરી દઈએ તે અયોગ્ય નથી કે આ પાક્ષિકમાં આવતા લેખોની પણ અસત્યતા, કે અસભ્યતાની જાણ થતાં તેનો સુધારો સત્વર થયો છે, થાય છે અને થતોજ રહેશે.

## સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૨૨ સં. ૧૯૯૭ શ્રા. શુ. ૧૫ સમાલોચના

૧ ૧૯૮૦ના કાર્ત્તિક સુદ ૧ મે ગર્ભે આવેલાને ગર્ભાષ્ટમપક્ષથી કયારે દીક્ષા થાય? ॥૩૬૭॥

૨ જન્મથી આઠ વર્ષ એવા પાઠમાં અર્થનો ફરક છે ? ॥૩૬૮॥

૩ ગુજરાતીમાં આઠમુ બેસે ત્યારે આઠ કહેવાય છે કે ? ॥૩૬૯॥

૪ શ્રી નિશીથચૂર્ણિ વગેરેમાં ગષ્ભટ્ઠમ કે ગર્માષ્ટમ એ શબ્દો છે કે ? અષ્ટમ અને અષ્ટનો ફરક છે ? ॥૩૭૦॥

૫ લઘુક્ષપણામાં 'જન્માષ્ટને અંતર્મુહુર્તે કેવલ છે' ને શ્રી ભગવતીજીના સ્નાતકને હિસાબે જન્મનવમે કેવલ છે કે ?' ॥૩૭૧॥

૬ કેવલિકાલ જે નવવર્ષોન ક્રોડપૂર્વ ને ગુણસ્થાનનો આઠ વર્ષોન એ એક જ ને ? ક્રોડપૂર્વનું આયુમાન જન્મથી કે ગર્ભથી ? 'નવ' 'કંઈક ન્યૂન નવ' 'કિંચિદધિક અષ્ટન્યૂન' ક્રોડપૂર્વના ત્રણ પક્ષો ગર્ભથી કે જન્મથી ગણો છો ? ॥૩૭૨॥

૭ અષ્ટ પૂર્ણવાળો દીક્ષિત હોય તો અંતમૂર્તે હુ કેવલ લહે પણ ગર્ભાષ્ટમવાળો બારમાસ પર્યાયે જ કેવલ પામે એમ પણ થાય કે ? ॥૩૭૩॥

૮ વાર્ષિક પર્યાય વિના જઘન્યવાળાને કેવળજ્ઞાન ન થાય એમ લોકપ્રકાશ વગેરેમાં સ્પષ્ટ છે કે ? ॥૩૭૪॥ (જૈન પ્રવચન)

૧ જન્માષ્ટમની અપેક્ષા લઘુક્ષપણા જણાવવાથી કેવલજ્ઞાન, સિદ્ધિ, અનુત્તર વિમાન પ્રાપ્તિ અને શુકલલેશ્યાના અધિકારમાં જણાવેલ સાધુપણાના વાર્ષિક પર્યાય બાધિત થાય નહિ ? પક્ષાંતર તરીકે તો લઘુક્ષપણાનો અધીકાર રહે. બેની એકતા કઈ અકકલથી ગણાવી ? ॥૩૭૫॥

૨ સગ્રહણીના અર્થમાં શુકલલેશ્યાની પરમસ્થિતિ કોડપૂર્વ જણાવતાં આયુષ્યનું માન ગર્ભથી લે છે, શ્રી ભગવતીજીમાં પણ પૂર્વકોટિનું ગર્ભથી લઈને જ સામાયિક ચારિત્રનું માન કહે છે ॥૩૭૬॥

૩ અષ્ટમશબ્દનો 'આઠમું' એવો અર્થ નહિ પણ 'પૂર્ણ આઠ જ છે' એ કયા વ્યાકરણ, કોશ, કાવ્ય કે શાસ્ત્રના આધારે ? ગુજરાતી ભાષાદિમાં આઠમાના સ્થાને આઠ શબ્દ કદાચ વપરાય પણ તેથી આઠમાની શરૂઆતને આઠમું નહિ કહેવું પણ આઠમાની પૂર્ણતા એ જ આઠમું વર્ષ કહેવું એ શા આધારે ? ॥૩૭૭॥

૪ જ્યાં શ્રી ભગવતીજીના સ્નાતકની સ્થિતિને હિસાબે નવ વર્ષ થાય ત્યાં લઘુક્ષપણા આઠ વર્ષ અને સાત મહિના થાય તો પણ ફરક નથી કે શંકાને સ્થાન નથી એમ કેમ ? ॥૩૭૮॥ ( જૈન પ્રવચન )

૧ પંચવસ્તુની ટીકામાં વિધિગ્રહિતયા મુખવસ્ત્રિકયા સ્થગિતમુખકમલ આવું સ્પષ્ટ વ્યાખ્યાન છતાં બાંધવાનો અર્થ કર્યો છે તે ખોટો નથી ? લેખમાં સંસ્કૃત પાઠ આપ્યા છતાં આ વાકયનો તો અર્થ જ નથી આપ્યો. ॥૩૭૯॥

૨ અમદાવાદના શ્રીમાનૂ નગરશેઠની પાસે મુહપતિ મુહપત્તિની ચર્ચા સંમેલનમાં નહિ કરાવવાની કબુલાત મુહપત્તિ નહિ બાંધનાર પક્ષે લીધી નથી. ॥૩૮૦॥

૩ ભાષાસમિતિ અને વચન ગુપ્તિના પ્રસંગો માત્ર બંધનમાં ગોઠવ્યા છે તે ખોટું છે. ॥૩૮૧॥

૪ આ ચર્ચાપત્ર લખાવીને અન્યે ઉપાડેલી છે. પાક્ષિક તેમાં નિષ્ફળતા અને શાંતિના ભંગના ભયે ઉત્તરવા માંગતું જ ન હતું. ॥૩૮૨॥

૫ પંચવસ્તુની ગાથા ગુરૂના નંદી વ્યાખ્યાનના કથન ને શિષ્યના તે શ્રવણવખત-ની ને 'અપિ' શબ્દના યોગે સમાનતાને સૂચવનારી છે તે જોયું હોત તો માલમ પડત (લેખકે ગ્રંથ જોયો જ નથી તેથી કંઈક સંભળાવવાનું છે એમ લખે છે.) ॥૩૮૩॥
(મુંબઈ સમાચાર તા. ૮મી ઓગસ્ટ)

૧ ગતવર્ષે ચંદ્રપંચાંગમાં ભાદરવા સુદ પાંચમનો ક્ષય હોઇ ચોમાસી પુનમના ક્ષયે તેરસના ક્ષયની માફક ત્રીજનો ક્ષય ગણવામાં આવ્યો હતો ત્યારે જેઓ ત્રીજની સંવત્સરી થઈ' એમ કહી લોકોને સન્માર્ગથી ચ્યુત કરતા હતા તેઓ જ આ વર્ષે બીજી ત્રીજ (ચોકખી ત્રીજ) ને બુધવારે એટલે ચંદ્રાંશુચન્દ્રૂ પ્રમાણે જ ચોથનો ક્ષય માની સંવત્સરી કરવાના છે એ શાસનદેવનો જ પ્રભાવ છે બીજા ટીપણામાં તો કોઇમાં બે પડવા અને કોઇમાં બે બીજ હોવાથી ચોથને ગુરૂવાર આવે છે. પણ આનંદની વાત છે કે બીજી ત્રીજ બુધવારને ચોથ મની બુધવારની જ બંધે સંવત્સરી થશે. ॥૩૮૪॥

૨ આ વખત કલ્પવાચનમાં ગ્રહણ નહિ હોવાથી ટાળી શકાય એવી પણ અસજ્ઝાય ગયા વર્ષની માફક નહિ ટાળવાનો પ્રસંગ નહિ આવે. ॥૩૮૫॥ (એક સમાચાર)

૧ પુષ્ટિ અને શુદ્ધિવાળું ચિત્ત એ ધર્મ અને પ્રણિધાનાદિ આશયના જ્ઞાન સિવાય અનુબંધ થતો નથી ને મોક્ષ આપતો નથી. ॥૩૮૬॥

૨ અદ્વેષ અને દયાનો ફરક ઘણો છે ને આદ્યનું સ્થાન ધર્મપ્રાપ્તિ પહેલાં છે જ્યારે બીજાનું સ્થાન પછી છે. ઔદાર્યાદિ લિંગોવાળો ધર્મ અને તે પ્રાપ્ત થતાં વિષય, તૃષ્ણાદિનો અભાવ અને મૈત્રી આદિનો સદ્ભાવ થાય છે અને પછી પ્રણિધાનાદિનું જ્ઞાન થવાથી તે તે ઉચ્ચસ્થાનોની પ્રાપ્તિ થઇ મોક્ષ મળે પ્રણિધાનમાં જ પ્રાપ્ત ધર્મસ્થાનની સ્થિતિનો નિશ્ચય હોય છે. ॥૩૮૭॥ (જિજ્ઞાસાવાળા)

૧ શ્રી આવશ્યક નિર્યુક્તિ અને શ્રી મહાવીર ચરિત્રમાં ભગવાનની પૂજાને પ્રતિબોધમાં કારણ તરીકે જણાવી છે ને શ્રી ઋષભચરિત્રમાં સ્પષ્ટપણે કેવળજ્ઞાન મહોત્સવને એકને જ વ્રતમાં કારણ તરીકે જણાવે છે છતાં તે ઋદ્ધિથી પ્રતિબોધ કહેવામાં અભિનિવેશ ગણનાર પોતે અભિનિવેશરહિત થાય તો ઠીક ગણાય. તીર્થંકરના સુરમહિમાની અપેક્ષા પણ અભિષ્વંગ જ છે એ સમજાય તેમ છે. પ્રથમ અભિષ્વંગ હોય ને પછી નિરભિષ્વંગ થાય એ સંભવિત નથી બધે મહિમા જણાવવાનો હેતુ શો છે ? ॥૩૮૮॥

'अनुक्तेऽपि प्रतीयते'એ નિયમને સમજનાર જકાર કયાં છે એ પ્રશ્ન કરે નહિ. ॥૩૮૯॥

૩ જીવિતનું ચંચલપણું વિગેરે દ્રવ્યચારિત્રવાળો ન ધારે એ માટે પાઠની અપેક્ષા હોય તે સ્વાભાવિક છે. ॥૩૯૦॥

૪ તીર્થંકર ઋદ્ધિની ઇચ્છાને અંગે વિંશાતિસ્થાનકનું તપ નિયાણું ગણાય છે કે? કહ્યું છે કે કચ્છ મહાકચ્છાદિ, કેવલજ્ઞાન ઉપજ્યું જાણીને દીક્ષિત થયા પણ સૂરપૂજાને લીધે નહિ, જીવનું અનિત્યપણું, સ્ત્રીપ્રેમનું અનિત્યપણું જાણવું ને ત્યાગની સુંદરતા તથા સંસારની અસારતા જાણવી એ એક છે? સમ્યક્ત્વયુકતને પણ વિરતિ દ્રવ્યથી હોય કે? ખંડનની અપેક્ષાએ તો તે દ્રવ્ય ચારિત્ર છે જ કે? ॥૩૯૧॥

(જૈન પ્રવચન અંક ૧૧ મો વર્ષ ૬)

卐卐卐

૧ નાનાં ને કાગળનાં પુસ્તકો પહેલાં હતાં તેનો પુરાવો દેવો. ॥૩૯૨॥

૨ પુસ્તકની પ્રતિમાજી માફક વગર મુખ બાંધે આશાતના ગણનારે દરેક વાંચન વખતે મુખ બાંધવું અને સ્નાનનો પ્રસંગ પણ લેવો. પ્રતિમા પૂજક પૂજા અંગે પ્રથમ કરે છે તે ॥૩૯૩॥

૩ તે ઓઠ ઉપરની મુહપત્તિ બાંધ્યાના ફોટા જુઠા અને ધર્મહાનિકર નહિ તો બીજુ શું? ॥૩૯૪॥

૪ મુહપત્તિ બાંધનારની મુહપત્તિ ભીની થાય અને થાય પણ છે. ॥૩૯૫॥

૫ મુહપત્તિ માટે કાન વીંધવાનું પ્રાયશ્ચિત કયા સૂત્રમાં છે? ॥૩૯૬॥

૬ ચર્ચાસારમાં તે જ ગાથાનો અર્થ બાંધવામાં જણાવ્યો છે ॥૩૯૭॥

૭ હાથથી જ યોગમુદ્રા છે અને તેમાં મુહપત્તિ રાખવાની હોય તો જ ભાષ્યકારના વચન પ્રમાણે વિશિષ્ટતા થાય ॥૩૯૮॥



તા.ક. આ સમાલોચનામાં આવતી હકીકત બીજા પેપર, પત્ર વિગેરેને અંગે જ હોય છે. અર્થાત્ આ પત્રે સ્વતંત્રપણે ઉપાડેલી હોતી નથી એ સમાલોચનાની મથાળાની લીટીને વાંચવાવાળાઓ સહેજે સમજી શકે તેમ છે, અને તેથીજ કેટલીક ચર્ચા આ પત્રને સમાલોચનામાં અનિચ્છાએ ઉપાડવી પડે છે.



**સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૨૩ શ્રા.વ. ૦)) ૧૯૯૦ સમાલોચના**

૧ પરિચયવાળા અને પ્રખ્યાત પિતાના છોકરાને દીક્ષા અપાવવા અન્ય ગામે આવે તો પણ તેના ખરાપણાની શંકા લાવવી એમ કે ? અને શ્રાવકોદ્વારા તેના ખરાપણાનો નિર્ણય મનુષ્ય મોકલી કરાવવો એમ કે ? તથા જણાવ્યા છતાં શ્રાવકો ખર્ચ આદિનો સંકોચ કે કોઇ હેતુથી એને કે એકકયને ન મોકલે તો દીક્ષા ન આપવી એવો અર્થ જો તે ઠરાવનો હોય તો તે સંમેલનના મુખત્યારો પાસે બહાર પડાવવું (નર્ણય શબ્દ જ શંકાને જણાવે છે) ॥૩૯૯॥

૨ સંમેલનમાં વૃદ્ધોએ લિખિતની વાત લખાવી તે ચલાવી લીધી તે જ અરસામાં તે કહાડી નાખવાની વાત નકકી થઈ, પણ અન્યચર્ચાના (સુપનનાધીના) નામે સંમેલન તોડવા તૈયારી કરી તેમાં તે કાયમ થઇ, સોસાયટીના સુકાનીને યુવકના નામે કલમ કાયમ રહેવામાં નિર્ભયતા સમજાવી વિગેરે ઢાંકપિછોડો કરવો શાસનહિત માટે જ હતો એમ કેમ નહિ ॥૪૦૦॥

૩ પત્રના લખાણની બાબત તો તે પકિતનો તે અર્થ કરનારે ફરી નિશાળે બેસવું સારૂં છે. ॥૪૦૧॥ (વીરશાસન, અંક ૪૫)

૧ શાસ્ત્રના પાઠો અને અર્થો અસંગત હોય તેના ઉપર કરેલા પ્રશ્નોને તર્ક કરી ઉડાવવા ને ઉત્તર ન દેવા એ ચર્ચાસારની થોપડી લખી ચર્ચા ઉપાડયા પછી યોગ્ય છે ? ॥૪૦૨॥

૨ બારસે દેખાડનાર બે હાથે પુસ્તક પકડે છે. સ્નાન કરી વસ્ત્રાલંકારથી સજજ થાય છે ને તે પણ શ્રી જિનેશ્વરના ગભારા બારેક ગુરુદેવ પાસે મુખકોશથી મુખ બાંધે છે. મુહપતિનાં આઠ પડ નથી હોતાં ને તે મુખકોશના તો આઠ પડ હોય છે છતાં શ્રાવકનું અનુકરણ શ્રેય લાગે છે ? ॥૪૦૩॥

૩ બારસે આદિના વ્યાખ્યાન વખતે બે ઉપયોગ ટાળવા મુહપત્તિ બાંધી પણ બાકીના ભાષણ ને વાચનાના પ્રસંગોમાં બે ઉપયોગવાદી બનવું ઇષ્ટ હશે તેથી આખો દિવસ નહિ બાંધતા હોય (બેકિયાના સ્થાને ઉપયોગ કહેનારે શું વિચાર્યું હશે ? સમજફેરની હદ કઇ?) ॥૪૦૪॥ (જૈન ૨૬-૮-૩૪)

**સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૨૪ ૧૯૯૦ ભા. વ. ૦)) સમાલોચના**

૧ પુલાકાદિ પાંચે નિર્ગ્રન્થો છે એમ **પંચ નિયંઠા** પન્નત્તા [ભગવતીજી પા. ૮૯૦] થી સ્પષ્ટ છે. સ્નાતક [કેવલી] સિવાયના બકુશકુશીલો તો કષાયવાળા જ હોય. વીતરાગ

હોય જ નહિ. જો કે નિર્ગ્રંથ નામનો પેટાભેદ કષાયરહિત હોય છે પણ તે ઉપશાંતમોહ હોય તો બે ઘડી ટકી પાછા કષાયકુશીલ વિગેરેમાં આવે છે અને ક્ષીણમોહ હોય તો બે ઘડીમાં કેવળજ્ઞાન પામે છે માટે કેવળજ્ઞાનવાળા સિવાય કષાયકુશીલ હોય છે. ॥૪૦૫॥

૨ એકલા પુલાક જ સ્થિતકલ્પ અને અસ્થિતકલ્પ જ હોય છે એમ નહિ. કેમકે ભગવતીજી પા. ૮૯૩ 'एवं जाव सिणाए' કહીને બકુશકુશીલ સ્થિત અને અસ્થિતકલ્પમાં હોય એમ સ્પષ્ટ જણાવ્યું છે. ॥૪૦૬॥

૩ બકુશ અને કુશીલો આહારાદિની સંજ્ઞા એટલે અભિલાષાવાળા પણ હોય છે. અને તેથી તેવાને અસાધુ કહેનારા ભગવતીજીનું પા. ૯૦૪મું જુઓ. ॥૪૦૭॥

૪ દશમા ગુણઠાણા સુધી બકુશપણું માનનારે ભગવતીજી પા ૮૯૩ મું જોવું; કારણ કે બકુશને સૂક્ષ્મસંપરાયચારિત્ર જે દશમે ગુણઠાણે હોય છે તે હોતું નથી ॥૪૦૮॥

૫ કેવળજ્ઞાન પામનારા સિવાય અલ્પકાળવાળા નિર્ગ્રંથને બાદ કરીને બાકી બધા બકુશકુશીલો જ હોય છે એ વાત સ્નાતક કરતાં બકુશકુશીલની સંખ્યા સંખ્યાત ગુણી કહી છે તે જ જણાવે છે. ॥૪૦૯॥

૬ **બકુશ અને કુશીલની સંખ્યા દરેક કાળે નવસેકોડની હોય છે** અને તે મૂળગુણ તથા ઉત્તરગુણ બંનેમાં દૂષણવાળા જ હોય છે એ વાત ભગવતીજી પા. ૯૦૮ અને પા. ૮૯૩ જોવાની જરૂર છે. નિર્દૂષણો બકુશો હોય જ નહિ પા. ૮૯૪ ॥૪૧૦॥

૭ બકુશકુશીલનું પ્રતિસેવીપણું સંજ્વલન કે તેના ઘરની બીજી ચોકડીઓની પેઠે હોય તેમાં નવાઈ નથી ॥૪૧૧॥

૮ નગરશેઠ પ્રેમાભાઈ ને શાંતિસાગરને સંઘ બહાર મેલવાનું પગલું ગેરવ્યાજબી લાગેલું જ ન હતું. ॥૪૧૨॥

૯ વર્તમાનના સાધુઓને સાધુ ન કહે તેને માટે પૂર્વધરનો કાળ અને શાસનનો કાળ જણાવવો જરૂરી હતો. ॥૪૧૩॥

૧૦ પ્રતિસેવીપણા માત્રથી પાપસાધુપણું માનનાર જૈનશાસ્ત્રને જ નથી માનતો એમ કહેવું વ્યાજબી છે. વર્તમાન સાધુઓ દોષ લગાડવાળા જ છે એવું બોલનારે તેવું જ્ઞાન મેળવવાની જરૂર છે. ॥૪૧૪॥

૧૧ ભાવચારિત્રીયાપણે બહાર આવનારે તેનું લક્ષણ જાણવાની જરૂર હોય એ સ્વાભાવિક જ છે. ॥૪૧૫॥

૧૨ દશવૈકાલિકચૂર્ણિ પા. ૨૧મે कालं पडुच्च चरणकरणट्ठा अव्वोच्छित्ति निमित्तं च गेण्हमाणस्स पोत्थए संजमो भवइ આ પાઠ જોયો હોત તો અજીવકાય સંજમનો ખુલાસો થઈ જાત. ॥૪૧૬॥

૧૩ અકુશકુશીલ વિગેરે ભેદો છદ્મસ્થોને ઓળખવા માટે નથી એવું કહેનારે પાઠ રજુ કરવો. ॥૪૧૭॥ ( જૈન જ્યોતિ તા. ૨૫-૮-૩૪ )

☞ 卐 ☜

૧ સામાન્યરીતે તાડપત્ર મોટાં જ હોય ને ઘણી પ્રતો મોટા તાડપત્ર ઉપર જ છે ને તેથી જ વચમાં તથા બે છેડા ઉપર કોરી જગ્યા, દોરીને સ્થાને રહે મોટાની અપેક્ષાએ તે મુખબંધન કલ્પાય છે. પુસ્તક ઉપર જ વાચન છતાં પુસ્તક સંગ્રહને સંયમ ગણાવ્યું ત્યાં પણ મુખબંધનનો લેખ નથી માટે કદાચ તે કારણ હોય ને પ્રમાદ હોય તો જ્ઞાની જાણે કારણ અને વિધાનનો સ્પષ્ટ લેખ કેમ નથી અપાતો ? ॥૪૧૮॥

૨ પ્રસંગાપાદ ને સલાહનો ફેર ન સમજે તેને શું કહેવું ? ॥૪૧૯॥

૩ શુંકથી કલાકો સુધી ભીની અલગ રહેતી મુહપત્તિમાં જીવોત્પતિ ન માનવા શરીરે લાગેલા પરસેવાથી ભીનાં કાપડા આગળ કરનારને શું કહેવું ? ॥૪૨૦॥

૪ પંચવસ્તુની ૯૭૫ ગાથાના અર્થમાં ચર્ચાસારમાં બાંધવાનો અર્થ ખોટો જણાવ્યો છે ને ? ॥૪૨૧॥

૫ સાધુના મૃતકને રોકવું પડે તો કહેલું મુખબંધન કરવા તે વખત કાન વિંધવા એમ કહેનારે તે પાઠ આપવો (અંગુલીનો છેદ તો કહ્યો છે તે ક્ષતપણા માટે છે, જો કાન વિંધ્યા હોય તો તેની જરૂર શી ?) ॥૪૨૨॥

૬ આચારદિનકર ને આવશ્યક બાલબોધ વગેરેમાં મુહપતિના આઠ પડનો લેખ છતાં ને બંધનવાળાની અપેક્ષાએ બારસે વખતે આઠપડે બંધાતા છતાં તેનો અનિયમ કરતાં પાઠની જરૂર છે. ॥૪૨૩॥ [જૈન ૩૦-૯-૩૪]

૧ શ્રી વીરભદ્રજીની ટીકાના આધારે 'ઉંટડીનું દુધ અભક્ષ્ય' જણાવનારે તે પાઠ અર્થ સાથે જાહેર કરવો. (તે ટીકા ઘણે સ્થાને હયાત છે. ) ॥૪૨૪॥

૨ શ્રીમાન સમયસુંદર વચન પ્રમાણે અભક્ષ્ય કે ભક્ષ્યપણાનો કેવળીને નિર્ણય ભળાવ્યા છતાં 'અભક્ષ્ય જ છે' એમ કહેનારે વધારે પાઠ આપવો સમયસુંદર તો સીંગોડાને પણ અભક્ષ્ય ને સાંગરનું બિલ્લ માને છે કે ? ॥૪૨૫॥

૩ ઉંટડી અને ઘેટી બંનેના સરખાં શ્રી સમયસુંદરે શ્રી વીરર્ષિને નામે અભક્ષ્ય કહ્યાં તો ઘેટીનું દુધ કેવું ગણાય તે જાહેર કરવું ને ઘેટીના દહીં અને ઘીને પણ અભક્ષ્યની શંકાથી છોડવા લાયક ગણવા કે કેમ ? ॥૪૨૬॥

૪ શ્રી આવશ્યકવૃત્તિ, પંચવસ્તુવૃત્તિ, યોગશાસ્ત્રવૃત્તિ ને પચ્ચકખાણભાષ્ય આદિ પ્રૌઢ ગ્રંથોમાં દશ વિગઈઓમાં ચારને અભક્ષ્ય કહી બાકી દુધ આદિ છએ સપ્રભેદ ગણાવી સ્પષ્ટપણે ભક્ષ્ય કહી છે. ॥૪૨૭॥

૫ શ્રી આવશ્યકના બાલાવબોધમાં ઉંટડીના દુધ માટે તમે આપેલા પાઠમાં 'અયોગ્ય' એવો શબ્દ છે ને તે તો લોકવ્યવહારે પણ ઘટે, પણ પાપજનકપણાને જણાવનાર 'અભક્ષ્ય' શબ્દ કયા શાસ્ત્રથી વપરાયો છે ? ॥૪૨૮॥

૬ પોતાને ત્યાં પ્રત છતાં પ્રાચીન મુનિવરને નામે લખવું તે કરતાં નામ સાથે લખવું સારૂ ॥૪૨૯॥

૭ ઉંટડી અને ઘેટીના દુધને પિંડનિર્યુક્તિ અને તેની બંને ટીકામાં અન્યમતની અપેક્ષાએ પણ 'અપેય' જણાવેલ છે. 'અભક્ષ્ય' શબ્દનો તો તેની સાથે સંબંધ જ નથી. ॥૪૩૦॥

૮ થોડા કાલ પછી જો તેમાં જીવો ઉત્પન્ન થવાથી તે અભક્ષ્ય થાય છતાં તે અભક્ષ્ય ન પણ કહેવાય તો માખણમાં પણ તેમ હોવાથી તે માખણને અભક્ષ્યમાં નાખ્યું તો આ ઘેટી અને ઉંટડીના દુધને કેમ ન નાખ્યાં ? ॥૪૩૧॥

૯ અબાધિત નિર્ણય અનિર્ણય બંને હોય તો શંકાથી વર્જવું કે સર્વત્ર વર્જવું? ॥૪૩૨॥

૧૦ દૃષ્ટાંત ને સાધ્ય, અપેય ને અભક્ષ્ય, અયોગ્યને અભક્ષ્ય ને ઉંટડી ઘેટી એમાંથી એક ઉંટડીની વાતથી થતો અર્ધજરતીયન્યાય તેમજ પ્રૌઢ શાસ્ત્ર અને પંચાંગીકારોએ ભક્ષ્ય જણાવેલ ને એક સામાન્ય અનિયમિત કથનથી વિરૂદ્ધ એકાંત પ્રરૂપણાના ભેદમાં જેને ભેદ ન સમજાય તેને શું કહેવું ? ॥૪૩૩॥

૧૧ ઉંટડીના દુધનું અયોગ્યપણું પણ દુધના નિવીયાતા ગણવાના અધીકારમાં છે કે ? ને નિવીયાતાની વાતમાં કહેલ અયોગ્ય શબ્દ વિગઈની વાતમાં શી રીતે લગાડયો ને સામાન્ય અયોગ્ય શબ્દની જગોપર અભક્ષ્ય શબ્દ કયાંથી ગોઠવ્યો ? ॥૪૩૪॥

૧૨ શ્રી દેવેન્દ્રસૂરિજીએ પચ્ચકખાણભાષ્યમાં તથા શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ કહેલા બાલાવબોધમાં દુધ આદિ છ વિગઈના એકવીસ ભેદો ભક્ષ્ય ગણાવતાં ચોકખાં શબ્દથી ઉંટડીના દુધને ભક્ષ્ય ગણાવ્યું કે ? શું તે આચાર્યોને નિઃશુક ગણો છો ? ॥૪૩૫॥

૧૩ શ્રી હેમહંસગણિજીએ શ્રી આવશ્યક બાલાવબોધમાં ઉંટડીનું દુધ ભક્ષ્ય વિગઈ તરીકે ગણાવ્યું છે કે ? ॥૪૩૬॥

૧૪ શ્રી હેમચંદ્ર આચાર્ય ને ભટ્ટોજી દીક્ષિત વગેરે આસ્તિકશબ્દની વ્યુત્પતિ આપતાં સ્પષ્ટ લખે છે કે 'अस्ति परलोकादिरिति मतिरस्येत्यास्तिक': અર્થાત્ પરલોકાદિ છે એવી જેની બુદ્ધિ હોય તે આસ્તિક કહેવાય છતાં તેને નરી અજ્ઞાનતા કહેનાર કેટલો જ્ઞાની હશે ? ॥૪૩૭॥

૧૫ જૈન દર્શન પ્રમાણે પણ સમ્યકત્વના લક્ષણ તરીકે આસ્તિકય જણાવ્યા છતાં, એ આસ્તિકય કોરી માન્યતામાં નથી, એ કહેનારે ચોથું ગુણઠાણું કે જે અવિરતિમય ને પરિગ્રહારંભની પ્રવૃત્તિવાળું છે ત્યાં આસ્તિકય માનવું નથી એમ કે ? ॥૪૩૮॥

( જૈન પ્રવચન )

વસ્તુના સકલધર્મોના પ્રાધાન્યથી કથન ને જ્ઞાનને પ્રમાણવાકય કે જ્ઞાન કહેવાય છે, ને એકાદિ ધર્મની પ્રધાનતાએ નય કહેવાય છે ને તેથી પ્રમાણને સકલાદેશી ને નયને વિકલાદેશી માનવામાં અડચણ નથી પણ પહેલાંના ત્રણ ભાંગા વસ્તુના અખંડપણાને અંગે સકલાદેશી ને બીજા અવયવદ્વારાએ વસ્તુને નિરૂપણ કરનારા હોઈ વિકલાદેશી ગણ્યા છે ને તેથી અજ્ઞાનિકના સડસઠ ભેદોમાં સતિ ભાવોત્પત્તિ આદિ વિકલ્પો લઈ શકાયા છે. અવયવ ને અવયવીની અપેક્ષાએ સપ્તભંગી માનનાર ને તેમાં અડચણ નથી

असत्मां तो सदेव स्यात्सदेव अने सद् એ દુર્નય પ્રમાણ ને નયનાં વાકયો છે. વધારે દિગંબરોને તો અન્યધર્મની અપેક્ષા સાથેના એકધર્મવાળા વાકયને નય માનવો છે. વધારે માટે આવશ્યક મલયગિરિ ૩૭૦મું પાનું જોવું. ॥૪૩૯॥ (જૈન દર્શન, સ્યાદ્વાદાંક)



## સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૧ ૧૯૯૦ આસો શુ. ૧૫ પૃ. ૧૮ સમાલોચના

[નોંધ : દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, પત્રો તથા ટપાલદ્વારા આ ચાલુ પાક્ષિકને અંગે કરેલ પ્રશ્નો અને [અન્ય આક્ષેપોનાં સમાધાનો અત્રે અપાય છે ]

૧ બધા સાધુઓના મુખેથી સાંભળીને બુદ્ધિથી સંકલના કરી પુસ્તકમાં આગમો લખ્યાં એવી 'સામાચારી શતક' વિગેરેની સ્પષ્ટ વાત છતાં ન સમજે અને કેવળ અછતા દોષો બીજા ઉપર લગાડવાને પોતાના વાસ્તવિક દોષોને ઢાંકવાની આદતને લીધે રચવાનું એટલે નવા બનાવ્યાનું કહે તેને વિદ્વાનો કઈ કોટિમાં મૂકે ? ॥૪૪૦॥

૨ ષટખંડાગમમાં કોઈ ગણધરપ્રાણીત વાકયો નથી, ને તે દિગંબરોના હિસાબે પણ નવાં જ વાકયો હોવાથી નવાં બનેલા છે, માટે શ્વેતાંબર આગમો ઉદ્ધરેલાં ને દિગંબર-શાસ્ત્રો નવાં બનેલાં છે એ દીવા જેવી વાત છે. ॥૪૪૧॥

૩ કુન્દકુન્દાચાર્યના દર્શન પ્રાભૃતાદિને દેખનારા સ્પષ્ટ સમજી શકે તેમ છે કે ચારિત્રના ઉપકરણોનું ઉત્થાપન કુન્દકુન્દ (કૌંડિન્ય)થી શરૂ થએલ છે. ॥૪૪૨॥

૪ મૂલભાષામાં વર્તમાન શ્વેતાંબરી આગમો છે એમ આડકતરી રીતે કબુલ કરવા જવું તે કરતાં સ્પષ્ટપણે કબુલ કરવું જ સુજ્ઞને યોગ્ય છે. ॥૪૪૩॥

૫ કોઇપણ શ્વેતાંબર આચાર્યે એમ કહ્યું જ નથી કે પહેલાં બધા આગમો સંસ્કૃતમાં હતાં. માત્ર સંસ્કૃત ભાગ કરતાં પ્રાકૃત ભાગનો ફાયદો જ જણાવવા 'बालस्त्री' ઇત્યાદિ શ્લોક છે 'स्त्री' વિગેરે શ્લોક તો પંડિતજીનો કલ્પિત જ છે. ॥૪૪૪॥

૬ દિગંબરો શ્રી સિદ્ધસેનદિવાકર કે જે વિક્રમના સમકાલીન હતા ને જેના ન્યાયાવતારમાં પ્રમાણના લક્ષણને પ્રસંગે જ 'आप्तोपज्ञ' શ્લોક લખેલો સ્વામીજીના કહેવાતા 'રત્નકરંડમાં દાખલ થયો છે તેઓને જો દિગંબરો માન્ય કરતા હોય તો 'सिंहासनस्थं' વિગેરે કલ્યાણમંદિરનાં તેમનાં કાવ્યો માન્ય કરી ભગવાનનું આકાશમાં રહેવું ને અનક્ષરવાણી ન માનવી ॥૪૪૫॥

૭ તત્ત્વાર્થનું ભાષ્ય શ્રી ઉમાસ્વાતિવાચકજીનું પોતાનું છે તે બાબતમાં ભાષ્યના અંત્યમાં તેને સ્વોપજ્ઞપણે જણાવે છે વળી તે ભાષ્ય જો અન્યનું હોત તો ભાષ્યમાં અત્યંત ઘણે સ્થળે સૂત્રકારની સાથે અભિન્નતા જણાવનારૂં उक्तं, वक्ष्यते, पश्यामः ઇત્યાદિ પ્રયોગો હોત નહિ. તેમજ અન્ય સર્વ ભાષ્યોની માફક સૂત્રકારને નમસ્કાર આદિ કરતું ને મહિમા ગાત. વળી સર્વાર્થસિદ્ધિ વિગેરે ટીકાઓ કઇ વ્યાખ્યાને અનુસરીને થઇ તેનો ઉલ્લેખ જ નથી, એટલે કહો કે તે સ્વોપજ્ઞભાષ્યને આધારે તે ટીકાઓ લખ્યા છતાં સ્પષ્ટ કહેતાં મતાગ્રહ જ નડયો ॥૪૪૬॥

૮ શ્રી કલ્પસૂત્રમાં તો માંસનો નિષેધ છે, ભગવતીજીમાં માંસ ખાધાની વ્યાખ્યા જ નથી અને શ્રી આચારાંગમાં સાધુનું સ્વયં વર્તન છે, સૂત્રકારનું વિધાન નથી. વળી વનસ્પતિનો અધિકાર સ્પષ્ટ છે, છતાં યદ્વાતદ્વા લખવું તેમાં અન્યની સત્યતા પણ સહન ન થઈ તે જ કારણ ॥૪૪૭॥

૯ વસ્ત્રના સંબંધ માત્રથી ચારિત્રનો અભાવ માનનારાને ઉપસર્ગથી પણ વસ્ત્રનો સંગ હોય ત્યાં મુનિપણું કેમ રહે ? અને મમત્વ ન હોવાથી પરિગ્રહ ન ગણાય એમ

કહેવામાં તો ધર્મોપકરણ માની શ્વેતાંબરોની માન્યતા જ સાચી થાય ॥૪૪૮॥

( જૈન દર્શન )


૧ પ્રત્યપાદિ પરિવ્રજ્યાં, તત્પાદકમલાંતિકેં ॥ એમ ત્રિષષ્ટીય મહાવીર ચરિત્ર તથા भुवणगुरुणो समीवे, निरवज्जं लेइ पव्वज्जं । એવો શ્રી મહાવીર ચરિત્રનો તથા भगवतापिआ तस्य दीआ दत्ता એવો શ્રી ઉપદેશમાલાનો ભગવાને દીક્ષા આપ્યાનો સ્પષ્ટ લેખ છતાં શ્રી નંદિષેણજીએ સ્વયં (પોતાની મેળે) દીક્ષા લીધી છે એમ કહે તે સાચું કેમ ગણાય ? ॥૪૪૯॥

૨ દીક્ષા મોક્ષનું સાધન હોવાથી પતિત થનારને પણ આપી છે એવો લેખ પણ ગુરૂતત્વ વિનિશ્ચય પત્ર ૪૨માં સ્પષ્ટ છે ॥૪૫૦॥

૩ ' કશોય લાભ થવાનો જ નથી' એ વાકય કોઈ પ્રરૂપકનું નથી તેમ કોઇ જિજ્ઞાસુનું પણ નથી. એ તો તૃપ્તિકારકનું જ છે ॥૪૫૧॥

૪ મરીચિ, જમાલિ, નંદિષેણ આદિ પતિત થનારાઓને ભગવાન્ કેવલિઓએ આપેલી દીક્ષા મોક્ષસાધન માટે ન હોય તો શું સંસારવૃદ્ધિ માટે ? ॥૪૫૨॥

૫ એકાકિવિહારી થવા સુધી શ્રી નંદિષેણજી ભગવાનની સાથે વિચર્યા છે એ લેખ સ્પષ્ટ છતાં, તેમની દીક્ષા વખતની તીવ્ર વૈરાગ્યભાવનાને સ્વચ્છંદતા ગણતાં જરૂર વિચારને અવકાશ છે. ॥૪૫૩॥  (જૈન પ્રવચન, વર્ષ છઠું અંક ૧૭ મો.)



૧ આપેલા તત્ત્વાર્થસૂત્ર, ભાષ્યને ટીકાના પાઠમાં કે તેના કરેલાં અર્થમાં પણ 'સમ્યકત્વ પામતી વખતે જીવ સાધુ કરતાં અસંખ્યાતગુણી નિર્જરા નથી કરતો' એની ગંધ પણ નથી. એ તો માત્ર તૃપ્તિકારકની તૃષ્ણામાં જ રહી ગઈ છે ॥૪૫૪॥

૨ અનંતાનુબંધિ ક્રોધાદિ ચાર કે દર્શનમોહ સાતનો ક્ષય કે ઉપશમ કરતી વખતે સાધુ કરતાં અસંખ્યાતગુણી નિર્જરા તો તે તૃપ્તિકારકને કબુલ જ છે તો દર્શનમોહના કે અનંતાનુબંધીના ક્ષય કે ઉપશમની દશા તે સમ્યકત્વ પામવાની દશા નથી ? ને તે દશામાં વિરત એટલે સાધુ કરતાં અસંખ્યાતગુણી નિર્જરા તમારા પાઠથી જ સિદ્ધ છે, છતાં શું દેખીને શાસ્ત્રના નામે ના પડાઈ છે ? ॥૪૫૫॥

૩ દર્શનામોહના ક્ષપક કરતાં તેના ઉપશમકને અસંખ્યાતગુણી નિર્જરા કહેનારે કયા ચિત્તથી કહ્યું હશે તે તો તે જાણે, શ્રેણિના સાતમા સ્થાને ઉપશમશ્રેણિએ ચઢનાર ઉપશમક લીધો છે તે દર્શનમોહક્ષપક કરતાં અસંખ્યાતગુણી નિર્જરવાળો હોય તે સ્વાભાવિક

જ છે (મોહોપશમકઃ) એ ભાષ્યની વ્યાખ્યા કરતાં વપરાએલો મસ્ય નો પ્રયોગ મોહને જણાવનાર છે, પણ ભાષ્યનું ધ્યાન ન રાખી દર્શનમોહની સાથે તેને જોડી શાસ્ત્રવિરૂદ્ધ અર્થ કરવામાં તૃપ્તિકારકને સંકોચ ન થયો તે જ આશ્ચર્ય છે. ॥૪૫૬॥

૪ ત્રણે પ્રકારના સમ્યકત્વવાળા તો પહેલે સ્થાને છે પણ તે પામનારા કયે સ્થાને છે તે જણાવવાનું તો તૃપ્તિકારને સૂઝયું નથી. ॥૪૫૭॥

૫ શ્રાવક શબ્દની માત્ર વ્યુત્પત્તિને અંગે કહેલ હકીકત સ્થાન તરીકે લઈ અવિરતિ સમકીતિને પણ બીજા સ્થાનમાં લેતાં તૃપ્તિકારે ગોથું ખાધું છે. ॥૪૫૮॥

જૈન પ્રવચન, વર્ષ છઠું અંક ૬૮ મો.

૧ તાડપત્રોની પ્રતો ટુંકી થોડી ત્યારે લાંબી ઘણી હોય છે.

૨ પાટલી સાથે પાનું રાખે તોપણ લાંબી પાટલી એક હાથે રહે નહિ અને વંચાય પણ નહિ.

૩ બાંધનાર પક્ષ વધારે ચર્ચા ન વધારવા માગતો હોય કે સત્યનું સમર્થન કરવા માગતો હોય તો વ્યાખ્યાનની વખતે બાંધવાનો પુરાવો આપે એ જ સારૂં છે. ॥૪૫૯॥

૪ આશાતના ટાળવા માટે જ મુખકોશ બાંધવાની જરૂર ગૃહસ્થના અનુકરણે શાસ્ત્રના વિધિપાઠ વગર જણાવી તેથી તેની માફક પ્રસંગ આવે.

૫ ભ્રમરનું દ્રષ્ટાંત છે નહિ કે અનુકરણ તમારે તો ગૃહસ્થના મુખકોશનું અનુકરણ લેવું છે, તેમજ આશાતનાના ભયથી તે માનીને અનુકરણ કરો છો ॥૪૬૦॥

૬ બાંધનારની મુહપત્તિ ભીની થાય તે શ્રોતા ને દ્રષ્ટા દેખી શકે છે તે નાક ઉપર હોવાથી અધર રહે છે ॥૪૬૧॥

૭ મૃતકના કાન વિંધવાના પાઠ તો આપો કે જેથી બીજા પ્રસંગે તે છવિછેદનું યોગ્યપણું છે કે ફ્રેમ તે વિચારાય ॥૪૬૨॥

૮ શ્રી ભગવતીજીના વાકયથી બોલતાં મુખ ઢાંકવું એટલું જ નક્કી છે. ને તેથી સાવદ્ય વચનપણું ટાળવા બાંધવાનું હોય તો બધી વખત બોલતાં બાંધવી પડશે. ॥૪૬૩॥

૯ નમુત્થુણં કહેતા મુખ આગળ હાથ ને મુહપત્તિ રાખી યોગમુદ્રા બને છે. હાથમાં હોવાથી જ જિનેશ્વરની યોગમુદ્રાથી આ જુદી પડે છે. ॥૪૬૪॥

૧૦ મુખ આગળ મુહપત્તિ હાથે રખાય તે સ્થાપન નહિ ? ॥૪૬૫॥

૧૧ ચર્ચાસારમાં ૯૫૭ના અર્થમાં બાંધવાનું જુઠું કરેલ છે. ॥૪૬૬॥

૧૨ મુખકોશ બાંધનાર મૌન હોય તમારે વાંચવું છે. ॥૪૬૭॥

(મુંબઈ સમાચાર તા. ૧૮-૧૦-૩૪)



**સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૨ ૧૯૯૦ આસો વદી ૦)) સમાલોચના**

૧ મુહપત્તિ ચર્ચાસારમાં પંચવસ્તુની इयरोहुवि એ ગાથા અને તેની ટીકા આપીને તેના તાત્પર્ય તથા ભાવાર્થમાં મુખ બાંધવાનું જણાવેલું હોવાથી સત્યતા માટે विधिगृहि तया मुखवस्त्रिकया स्थगितमुखकमलः એ પાઠ અર્થ સાથે જણાવી મુખબંધનનો અર્થ ખોટો છે એમ જણાવાયું છે. (એમાં માત્ર લીટી હાથ પગ વગરની કહેવું તે ઉપયોગી વસ્તુને નહિ સમજનારનું કાર્ય છે.) ॥૪૬૮॥

૨ મુહપત્તિ ચર્ચાસાર બહાર પાડીને જો વાસ્તવિક નિર્ણય કરવો હતો તો નગરશેઠની પાસે વ્યાખ્યાન વખતે મુહપત્તિ બાંધવાના વિષયને કેમ બાદ કરાવ્યો ? તથા સંમેલનમાં એક વિદ્વાનમુનિએ તમને તે ચર્ચા કરવાનું કહ્યું હતું છતાં કેમ ખસી ગયા? હજી પણ પ્રતિજ્ઞા કરી, મધ્યસ્થોના નામ આપી જાહેર કરશો તો બીજાઓ તૈયાર જ છે. (ચર્ચાસારની માફક ખોટા પાઠો અને અર્થો ન આપતાં વ્યાખ્યાનની વખતે મુહપત્તિ બાંધવાના વિધાનનો પાઠ અપાય તો તે પક્ષને શોભાવળું છે. કાળે કાઢવા વિગેરેમાં કાન વિંધ્યાનો પાઠ હોય તો પણ લેખકે આપવો જોઇએ. કારણ કે ત્યાં તો ગરદને ગાંઠ વાળવાની વાત છે) ॥૪૬૯॥

(મુંબઈ સમાચાર તા. ૨૭ ૧૦-૩૪)

૧ રજા દેનાર સ્ત્રીઓને સૌભાગ્ય સૂચવનાર વેષ ઉતારવાની જરૂર કોઇ પ્રજ્ઞાપકે કે જિજ્ઞાસાવાળાએ તો જણાવી નથી, પણ તૃપ્તિકારકને તેવો રસ્તો લેવા માટે ફતવો બહાર પાડવાનું મન થયું હોય તો તે જાણે; હકને માટે પણ તેમજ (પૂર્વકાલ અને વર્ત્તમાનમાં સંસારમાં રહેનારા તો રજા આપે કે ન આપે તોપણ દીક્ષિત થનારની મમતા વાળા હોય જ છે, અને તેથી સધવાઓ પોતાના સૌભાગ્યના વેષો રાખતી અને રાખે છે. ॥૪૭૦॥

૨ શ્રી જિનેશ્વર મહારાજ, જંબુસ્વામીજી, શય્યંભવસૂરિજી વિગેરેએ બાલ, વૃદ્ધ વિગેરેને આપેલી દીક્ષા શ્રી નિશીથભાષ્ય ૧૦ મો ઉ. ગાથા ૨૫૯, ૨૬૦, ૨૮૦, ૨૮૧, ૪૫૬ વિગેરે અને શ્રી પંચકલ્પ ભાષ્યમાં ગાથા ૨૩૩-૨૩૬, ૨૬૫, ૨૬૮, ૫૩૮-૫૪૩ વિગેરેમાં દ્વિતીયપદે એટલે અપવાદપદે ગણાવેલી છે. તેવી રીતે મનકની દીક્ષાને શિષ્યનિષ્ફેટિકા ગણાવી હોય તો પાઠ આપવો. છતાં જેને શિષ્યનિષ્ફેટિકાનો દોષ ન માનવો હોય તેણે ખુલાસે શાસ્ત્રના પાઠ સાથે આપવો જોઇએ ॥૪૭૧॥ (જૈન પ્રવચન વર્ષ ૬ અંક ૨૦મો.)

**સુધારાની ઉણપ**

દર્શનમોહક્ષપક કરતાં અસંખ્યાતગુણી નિર્જરાવાળો જે ઉપશમક લીધો છે તે અઠ્ઠાવીસ પણ પ્રકૃતિનો ઉપશમક છે એમ તત્ત્વાર્થ બંને ટીકાકારો ચોકખું કહે છે. (સમકિત પામતાનું લખાણ તો તેમાં પણ સુધર્યું નથી.) ॥૪૭૨॥

(જૈન પ્રવચન વર્ષ ૬, અંક ૨૦મો.)

## સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૩ સં. ૧૯૯૧ કા. શુ. ૧૫ સમાલોચના

(૧) જૈનપ્રવચન અંક ૧૫ પા. ૧૯૨માં બીજા કોલમમાં 'એ દ્રઢ વૈરાગી રાજકુમારે સ્વયં પ્રવ્રજ્યા ગ્રહી' એમ સ્પષ્ટ લખ્યું છે, અને તે જ પત્રના અંક ૧૭માંના પા. ૨૧૬માં તેનું 'શ્રી મહાવીર મહારાજે દીક્ષાનો નિષેધ જ કર્યો છે ને નિષિદ્ધ કરાએલ હોવા છતાં' એવું વિવેચન કરવામાં આવ્યા પછી 'સ્વયં દીક્ષા નથી લીધી પણ ભગવાને આપી છે'એમ સમાલોચના થતાં અંક ૨ ના પા ૨૫૦માં સુધારો કરવામાં આવ્યો એમ મહાવીર મહારાજાએ જ શ્રી નંદિષેણજીને નિષેધ કર્યા પછી પણ દીક્ષા આપી' એમ હવે પ્રવચનના લેખકે પણ સ્પષ્ટ માન્યું છે. ॥૪૭૩॥

૨ (અ) ગુરૂતત્ત્વવિનિશ્ચયના પાઠમાં દીક્ષા એ વિશિષ્ટ બીજ અને સમ્યકત્વ એ બીજ માત્ર છે એમ કહયા છતાં તે ભેદને ન સમજે અને અન્યથાથી કહેલા વિરોધને ન સમજે તે મનુષ્ય જ "ખેડુતને અપાવેલી દીક્ષાના પ્રતાપે" એમ પ્રકરણ વિરોધી અને અસંબદ્ધ લખે અને સિદ્ધ થયેલી છે એમ પણ પ્રસંગાપાદનને ન સમજતાં જ લખે. ॥૪૭૪॥

(આ) અસંબદ્ધ અને જુઠા પણ માત્ર પાઠો આપવા એવી ટેવવાળાને પાઠમાં રહેલ મુદ્દો ન સુઝે અને તેથી ગુરુતત્ત્વવિનિશ્ચયના અંત એવનો સંબંધ કે અર્થ ન અપાય તે સ્વાભાવિક છે, કેમકે તેનો સ્પષ્ટ અર્થ એવો હતો કે– પૃચ્છાદિથી યોગ્ય જણાએલાને (વસ્તુતઃ) બીજાધાન માટે ને સામાન્યથી વિશિષ્ટ બીજાધાનને માટે આચાર્યો દીક્ષા આપે છે. કેમકે તેવા બીજથી આઠમે ભવે મોક્ષ મેળવે છે ને તેથીજ નિશ્ચયથી પડવાવાળો જાણ્યો હતો એવા હાલિકને ભગવાન્ મહાવીરે ગૌતમસ્વામીજી દ્વારા દીક્ષા અપાવી છે. (વાચકને આથી સ્પષ્ટ માલમ પડશે કે તૃપ્તિકારને પાઠના ઉલટા, જુઠા, અસંબદ્ધ અને અણસમજ ભરેલા અર્થ લખી દેવાની ટેવ પડી છે ને તે પોતાની ટેવને બીજાને માથે ખોટા પડયા વિગેરેની બળતરાથી ઓઢાડવા જાય છે ॥૪૭૫॥

(૩) 'કશોય લાભ થવાનો જ નથી' એવું વાકય તૃપ્તિકારકને પોતાની કલ્પનાથી જ લખેલ હોવાથી જ ગળી જવું પડયું છે ને પ્રરૂપકના વચનમાંથી તે દેખાડી શકાયું નથી. ॥૪૭૬॥

૪ નિશ્ચિત પતિતોને પણ દીક્ષાથી ગુણવિશેષ પણ થાય છે એ વાત તો પ્રવચને પણ શ્રી ભગવતીજીના પાઠથી કબુલ કરી છે. (વર્ત્તમાનમાં તો ભવિષ્યનાં પતનનો સંદેહજ ગણાય.) ॥૪૭૭॥

૫ જે 'स्वयं प्रव्रजया ग्रही' એમ લખીને પણ પાછળથી સુધારો કરેલ છે તે સારો છે ॥૪૭૮॥ (જૈન પ્રવચન)

૧. पत्ताय શબ્દની સિદ્ધિ કરનારે અનુયોગદ્વાર પત્ર ૩૪ પૃષ્ઠ ૧ पत्रकाणि तलताभ्यादि संबंधीनि અને तत्संघातनिष्पन्नास्तु पुस्तकाः જોવું 'જેથી પણ માલમ પડશે કે મુખ્યતાએ તાડપત્રના પુસ્તકો હતાં નાના દાબડામાં ભૂર્જપત્ર હોય ॥૪૭૯॥

૨ ચર્ચાસારમાં પૃષ્ઠ ૬૮-૬૯માં ઇયરોંડવિ. એ ગાથા ૯૫૭ છે ને તેના તાત્પર્યમાં 'નંદીસૂત્ર સંભળાવતી વખતે શિષ્યે પણ મુહપત્તિવડે મુખબંધન કરવું પડે એમ સમજાય છે,' એમ ચોકખું विधिगृहीतया ના પાઠથી વિરુદ્ધ જુઠું લખેલ છે. ॥૪૮૦॥

૩ દશવૈકાલિકચૂર્ણિમાં દુષ્પમાકાલમાં પુસ્તક રાખવું સંયમ છે એમ તો આ પત્રે જણાવેલ જ છે પણ શાસ્ત્રોમાં કહેલ લેખન પ્રાયશ્ચિતનો તેથી અપવાદ થાય પણ કાગળને અંગે કરવાં પડતાં બંધનનો અપવાદ તેમાં નથી એમ જણાવ્યું હતું તો તેની અવાસ્તવિકતા કહેનારે તે ચૂર્ણિમાંથી પુસ્તકબંધનનો અપવાદ સિદ્ધ થાય તેવો પાઠ આપવો. ॥૪૮૧॥

૪ હવેથી થતી યોગમુદ્રામાં મુહપત્તિ ધારણના ભેદને જણાવનાર ભાષ્ય ગાથા અને આદીશ્વરચરિત્રમાં सूरिवर्योऽप्युपमुखं विन्यस्तमुखवस्त्रिकः એટલે 'મુખ પાસે મુખવસ્ત્રિકાનું રાખવું' વગેરે પાઠોથી બંધન ટકતું નથી ને તે વિધિપ્રપા માટે પહેલાંજ લખ્યું છે કે તે પુસ્તકો કયાં છે ? વળી તેથી પણ બાંધવી જ પડે તેમ સિદ્ધ થાય તેમ નથી. કોઈપણ પાઠમાં બંધિય કે બંધિઅણ એવો પાઠ છે જ નહિ. સ્થાપન-સ્થગન વિગેરે શબ્દો તો છુટામાં પણ લાગુ થાય. ॥૪૮૨॥

૫ સંપાતિમ આદિનો બચાવ તો વ્યાખ્યાન સિવાયના વખતમાં બાંધનારા કરશે તેમ બીજા તે અને બન્ને બીજી વખત પણ કરી શકે ॥૪૮૩॥

૬ જેમ વસતિપ્રમાર્જન વખતે કુકાટિકાબંધ છે તેમ કોઈપણ જગો પર વ્યાખ્યાનમાં કર્ણવેધ બંધ હોય તો પાઠ આપવો. ॥૪૮૪॥

૭ આઠ પડનો લેખ હોવાથી બાંધવાવાળા બે પડે બાંધે છે, માટે તેમને તેવો લેખ આપવાની જરૂર છે. ॥૪૮૫॥

૮ ततो दशनदीधिति निर्दलिततमःपटलो मुनीन्द्रः प्राह જેવા અનેક પાઠો ભવભાવના, પુષ્પમાલા, વાસુપૂજ્યચરિત્ર વિગેરેમાં વ્યાખ્યાન કરનાર મુનિરાજોના મુખબંધન વિનાની સાબીતી માટે સ્પષ્ટ છે. ॥૪૮૬॥ (મુંબઈ સમાચાર)

૧ યોગમુદ્રામાં હાથ મુખ આગળ રાખવાના ન હોય તો શક્રસ્તવમાં કેમ કરવું ? ॥૪૮૭॥

૨ મુહપત્તિ વ્યાખ્યાન વખતે હાથમાં રાખવાની હોવાથી જ घरंति અને नवरं એ બે પદો છે ॥૪૮૮॥

૩ કારણસર થએલી પ્રવૃત્તિ કારણ ન હોય તો ફેરવવામાં કહાપણ કેમ નહિ ? ॥૪૮૯॥

૪ અધિકતા થઇ (થી) અનંતાનુબંધીના પ્રસંગને વારવા ચતુર્થીની સંવાત્સરી યાવત્ તીર્થ રહે તે સ્વાભવિક છે. ॥૪૯૦॥ (જૈન)



## સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૪ ૧૯૯૧ કા. વદી ૦)) પૃ.૯૫-૯૬ ટાઈ. ૩

### સમાલોચના

૧ तत्त्वार्थभाष्य – नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिताः शरीरोपकरणविभुषानुवर्त्तिनः ऋद्धियश–स्कामां सातगौरवाश्रिता अविविक्तपरिवाराः छेदशबलयुक्ताताः निर्ग्रन्था बकुशाः એ तथा प्रतिषेवनोकुशला नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिता अनियमितेन्द्रियाः कथंचित् कश्चिद्दुत्तारगुणेषु विराधयन्तश्चरन्ति એ પાઠ વિચારવાથી બકુશ કુશીલોનું લક્ષણ સમજાશે ને તેથી પાંચમા આરાના છેડા સુધી બકુશકુશીલથી તીર્થ છે, ને તેથી વર્ત્તમાનમાં સાધુપણાનો અભાવ કહેનાર શાસન બહાર કરવા લાયક હોઈ તે સજ્જએ અમદાવાદના શ્રીમાન્ નગરશેઠે તેવાને પહોંચાડ્યા. ॥૪૯૧॥

૨ આધાકર્મીશબ્દ વાપરનારે પ્રથમ તો મિશ્ર અને અધ્યવપૂરક દોષોથી ભિન્નપણું તેનું સમજવું. પર આત્મામાં રહેલ આધાકર્મીને અંગેનું નિશંકપણું તો અતિશયજ્ઞાની જ સમજે; પણ પોતાની નિશંકપણાથી થતી પાપવૃત્તિને ધર્મને નામે પોષવા માર્ગલોપક બને તેની તો દશા જગતને સિદ્ધ જ છે. ॥૪૯૨॥

૩ આધાકર્મમાં એકાન્તે પાપબંધ જ એવું કહેનાર પણ માર્ગપતિત છે. સૂયગડાંગજીમાં સ્પષ્ટ છે તો પણ નિશંકપણાનો ખોટો આરોપ કરી જિનવાણીથી વિરૂદ્ધ બોલે તેને શું કહેવું ? શ્રી ભગવતીજી વિગેરેમાં તો મૂલગુણની પ્રતિસેવા પણ બકુશકુશીલમાં

કહી છે તે ધ્યાનમાં રાખી વર્ત્તમાનમાં શાસન અને મુનિઓનો અભાવ માનવો તે ખોટો છે એ સમજાય તેમ છે ॥૪૯૩॥ (જૈન જ્યોતિ)

૧ ચૂર્ણિકાર મહારાજે પુસ્તક રાખવામાં ચરણકરણ અને અવ્યુચ્છેદ બે કારણો કહ્યાં છે ॥૪૯૪॥

૨ બંધનનો અધિકાર તો ત્યાં નથી જ. ॥૪૯૫॥

૩ ઘણી પ્રતો મોટા તાડપત્રોની છે એમ સ્પષ્ટ લખાણ છતાં અન્યથા લખવું કે ચર્ચવું તે શોભારૂપ નથી. ॥૪૯૬॥

૪ પંચવસ્તુમાં મુહપત્તિના પ્રમાણમાં બે પક્ષ છે, પણ બે મુહપત્તિઓ નથી. ॥૪૯૭॥

૫ વિધિગૃહીતયા પદથી બાંધવાનો અર્થ કરનારે સત્ય સમજવાની જરૂર છે. શું એ પદ ન હોય ત્યાં વસતિ પ્રમાર્જનાદિમાં બાંધવાનો અર્થ નહિ કરવો ? ॥૪૯૮॥

૬ આખા ચર્ચાસારમાં એકપણ પાઠ વ્યાખ્યાનની મુહપત્તિનું વિધાન કરનારો નથી ॥૪૯૯॥

૭ ચર્ચાસારના ફોટાઓ તો કલ્પિત જ છે ને ? ॥૫૦૦॥ (જૈન)

૧ ચર્ચાસારનો એકપણ પાઠ કાન વિંધવા અને વ્યાખ્યાન વખતે મુહપત્તિ બાંધવાનું વિધાન કરનારો નથી. ॥૫૦૧॥

૨ મોટાં તાડપત્રોને ત્રણ દોરીથી બંધાય છે ને તેનું અનુકરણ કાગળની પ્રતોમાં પણ જગા ખાલી રાખી થયું છે ॥૫૦૨॥

૩ ચર્ચાસારમાં ૯૫૭મી ગાથા છે તેનો અર્થ ખોટો છે. ॥૫૦૩॥

૪ વસતિપ્રમાર્જન વખતે કુક્કુટિકા બંધ છે, કાન વિંધવાનું નથી. ॥૫૦૪॥

૫ આઠ પડનું જ્યારે વિધાન કબુલ છે તો પછી વ્યાખ્યાન વખતે બે પડ થાય છે તેનો લેખ આપવો જોઇએ. ॥૫૦૫॥ (જૈન)

૧ અગીઆરમી સદી પહેલાંની પ્રતો જોનારા સ્પષ્ટપણે કહી શકે છે કે પ્રાચીન-કાળમાં ઘણે ભાગે તાડપત્રની અને ઘણા ભાગે મોટા પાનાની પ્રતો લખાતી હતી. (તાડનાં પાનાં મોટાં હોય તે સ્વાભાવિક છે, નાનાં પણ માત્ર ટાળવા જેવાં હોય તે પણ ઉપયોગમાં લેવાયા હોય ॥૫૦૬॥

૨ અઢી અઢી, ત્રણ ત્રણ ફુટની પાટલીઓ પાના સાથે એક હાથે રાખી વાંચવી ન ફાવે તે સ્વાભાવિક છે. ॥૫૦૭॥

૩ મુંબઇથી પત્ર લખાવીને બાંધવાવાળાએ જ ફરી ચર્ચા શરૂ કરી છે. ॥૫૦૮॥

૪ ચર્ચાસારના કયા પાને વ્યાખ્યાનમાં મુહપત્તિના બંધનના વિધાનનો સ્પષ્ટ પાઠ છે તે જણાવવું ॥૫૦૯॥

૫ મુખકોશનું અનુકરણ કરણ કરવા બંધનવાળા પક્ષે જ કહ્યું છે. ॥૫૧૦॥

૬ પાઠની માગણી વખતે પ્રવૃત્તિ કે કોઈના અભિપ્રાયો જણાવવા તે યોગ્ય નથી. ॥૫૧૧॥

૭ શ્રી ભગવતીજી અને જ્ઞાતાસૂત્રજીમાં તમારો જણાવેલો હુજમનો મુખકોશ આઠ પડનો છે, નહિ કે બે પડનો ॥૫૧૨॥

૮ વિધાનની ચર્ચામાં પુરૂષ પ્રવૃત્તિને ગોઠવવી એ નબળાઈ છે. ॥૫૧૩॥

૯ વસતિપ્રમાર્જન કરતાં કાન વિંધ્યા વગર પણ મુહપત્તિ બંધાય છે, તેમ મૃતકને પણ બની શકે ॥૫૧૪॥

૧૦ શેષ વખત વાચનાદિકમાં જેમ ઉપયોગ રખાય તેમ વ્યાખ્યાન વખતે પણ રાખી શકાય. (પ્રસંગે પુસ્તક સાપડા ઉપર પણ રાખી શકાય છે.) ॥૫૧૫॥

૧૧ ચૈત્યવંદન બૃહદ્ભાષ્યમાં धरंति मुहपोत्तियं वरं એ પાઠથી જિનેશ્વર મહારાજની યોગમુદ્રા કરતાં શેષ વ્યાખ્યાનકારોની યોગમુદ્રામાં ભેદ છે એમ સ્પષ્ટ છે. ॥૫૧૬॥

૧૨ પુસ્તક સાપડા ઉપર મેલવાથી એક હાથે મુહપત્તિ અને એક હાથે પ્રવચન મુદ્રા પણ બની શકશે. (જો કે, આચારદિનકર અને વિધિપ્રપાને તમે પણ સર્વાંશે માન્ય કરી શકો તેમ નથી.) ॥૫૧૭॥

૧૩ આખો દિવસ બોલતાં જેમ મુહપત્તિ મુખ પાસે રખાય તેમ વ્યાખ્યાન વખતે પણ રખાય અને તેને સ્થાપના કહેવાય તેમાં નવાઈ નથી. ॥૫૧૮॥

૧૪ વ્યાખ્યાનમાં નાક ઉપર રાખીને મુહપત્તિ કાનમાં ભરાવવી એવા વિધાનનો લેખ કેમ નથી આપતા ? ॥૫૧૯॥

૧૫ પંચવસ્તુના પાઠથી નંદીસૂત્ર સાંભળતાં વિધિગૃહીતયા શબ્દથી હાથમાં રાખવાનો અર્થ થાય છે, માટે બાંધવાનો કરેલો અર્થ ખોટો છે, એમ નંદીસૂત્ર સાંભળનારો કોઇ બાંધતો પણ નથી ॥૫૨૦॥

૧૬ આશાતના ટાળવા બાંધવી હોય તો સભાના વ્યાખ્યાન વખતે એકલી ન બાંધતા સમગ્ર વાચન વખતે બાંધવી જોઇએ. ॥૫૨૧॥

૧૭ નવકારવાળીના મણકા માટે ઉપદેશરસાયણમાં સ્પષ્ટ સૂચનનો લેખ છે, છતાં તે મણકાની સંખ્યાને જેમ પરંપરામૂલક જણાવાય છે, પણ તેમાં લેખનો ડોળ કરવામાં આવતો નથી, તેમ જો મુહપતિબંધનમાં પણ કરવામાં આવે તો ચર્ચા સહેજે ઓછી થાય ॥૫૨૨॥

૧૮ દાંતની કાંતિનું વ્યાખ્યાન વખતે વર્ણન મુહપત્તિ ન બાંધી હોય તો જ યોગ્ય ગણાય ॥૫૨૩॥

૧૯ સંમેલનમાં સકલસંઘ સમક્ષ શ્રીમાન નગરશેઠે જણાવ્યું હતું કે તેમના (વ્યાખ્યાનમાં મુહપત્તિ બાંધવાવાળાના) કહેવાથી મુહપતિ બંધનની ચર્ચા નહિ કરવા હું વિનંતિ કરૂં છું. ॥૫૨૪॥

**તા.ક.** વ્યાખ્યાનમાં 'વિંધેલા બે કાનમાં મુહપત્તિ ભરાવીને અને તે નાક ઉપર રહે તેવી રીતે મુહપત્તિ રાખી વ્યાખ્યાન વાંચવાનું વિધાન છે' એવો સ્પષ્ટ પાઠ બાંધવાવાળા તરફથી જ્યાં સુધી નહિ આપવામાં આવે ત્યાં સુધી આ પત્રને પિષ્ટપેષણ જેવું સમાલોચન કરવું ઠીક લાગતું નથી.

( મુંબઈ સમાચાર )

૧ પ્રાસાદાદિ માટે લાકડાં લેવા જાય છે અને 'સામાન્ય નોકરવર્ગ' સાથે છે' એ અમાન્ય નથી તે અપેક્ષાએ મુખ્યતા લઇને નયસારનો અધિકાર વિચારવો. બાળવાના લાકડાં કે સર્વથા એકલા ઉપર તત્ત્વ નથી. જો કે સુબોધિકામાં કાષ્ટશબ્દને એકવચન સ્પષ્ટપણે છે.

૨ શ્રી આવશ્યકચૂર્ણિ, શ્રી હારિભદ્રીય વૃત્તિ, મૂલભાષ્ય કે મલયગિરિજી વૃત્તિમાં પ્રાસાદાદિ માટે લાકડાં લેવા જવાનું કયા શબ્દોથી લેવું ? શ્રી હેમચન્દ્ર (સૂરિ) મહારાજ સામાન્ય શ્રેષ્ટ લાકડાં કહે છે. તેમાં પ્રાસાદાદિનું નામ નથી કે ? શ્રી મહાવીર ચરિત્રમાં જે કારણ જણાવે છે તે મોકલવાનું કારણ છે કે ?

૩ स चैकदा काष्ठनिमित्तं वनं गतः (सुबोधिका) એમ છે કે ?

૪ मार्गे गच्छाहिः साधूभिः सम्यक्त्वं प्रापितः એમ સમ્યક્ત્વ પછી થયું છે કે ?

૫ નોકરો હોય તો પણ સાધુઓને પોતેજ માર્ગ બતાવવા જાય છે વગેરેનું કારણ કોઇ પણ જગો ઉપર છે કે ? ॥૫૨૫॥

૬ फव नाम मे पिता मातर्वेषेंणाविधवा હ્યસિ પરિશિષ્ટ ૫-૬૩થી જણાશે કે સ્વામિત્વને અંગે વેષ છે તથા सेज्ज़ंभवो नाम बंभणो तस्साहं पुत्तो દશવૈકાલિક પત્ર ૧૧માં એ વાકય જોઇ કુટુંબે માલિકી નથી વોસરાવી એમ સ્પષ્ટ જણાશે ॥૫૨૬॥

૭ અઠ્ઠાવીસે પ્રકારના મોહના ઉપશામક અને ઉપશાંત લેવા. જૈન પ્રવચન પૃ. ૨૨૮-માં मोहोऽष्टाविंशतिविध વગેરે પાઠ જોવો. ॥૫૨૭॥


૮ ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો પણ અપ્રમત્તયતિ ઉપશમ કે ક્ષપકશ્રેણી માંડે કે નહિ? ને જો માંડે તો તે ગુણસ્થાનક પહેલાં દર્શનમોહની (આદિ) સાત પ્રકૃતિનો નિયત ઉપ-શામક કે ક્ષપક ન હોય એમ ખરૂં કે ? શ્રેણી માંડનારને સાતમા સુધી ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો પણ ગણ્યો છે, જુઓ શતક ગાથા ૬૮ અને કર્મસ્તવ ગાથા ૨૭ ॥૫૨૮॥

૯ આચારાંગના નામે ક્ષીણદર્શનસપ્તકવાળોજ અસંખ્યાતગુણનિર્જરક ગણ્યો તો ઉપશાંતસપ્તક કે ક્ષયોપશમવાળો શ્રેણીએ ચઢતો કેવી નિર્જરાવાળો ? ॥૫૨૯॥

૧૦ મુનિઓને પ્રતિલાભવાને સમ્યક્ત્વપ્રાપ્તિ જેવો બીજો વૃત્તાંત નથી, આ વાકયના ઉત્તરમાં માતપિતાએ આપેલ શિક્ષાને 'વૃત્તાંત' કહેનારે વૃતાંત શબ્દનો અર્થ જોવા કોશ વિગેરે જોવા, ને જો બીજું કોઈ આવું વૃતાંત હોય તો જણાવવું ॥૫૩૦॥

૧૧ રાજાના આદેશથી ઘણી વેઠ હતી તેનો કોઈ પુરાવો નથી. ॥૫૩૧॥

( જૈન પ્રવચન )



**સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૫ ૧૯૯૧ માગ. શુ. ૧૫ સમાલોચના**

૧ અઢાર વર્ષની અંદરની દીક્ષામાં બધે લેખિત સંમતિ લખનારે સંમેલનના ઠરાવો વિચારવા ॥૫૩૨॥ (વીર શાસન)

૨ વ્યાખ્યાન વખતે મુહપતિ બાંધવી ને તે માટે કાન વીંધવાનું વિધાન કરનાર એક પંણ પાઠ આપો. ૨-જિનેશ્વર મહારાજ અને અન્ય વ્યાખ્યાનકારોની યોગમુદ્રાનો ભેદ ખુદ ચૈત્યવંદનભાષ્યકારે घरन्ति मुहपोत्तियं नवरं એમ કહીને સ્પષ્ટ જણાવ્યો છે.

૩ પુસ્તક વગર અગર પુસ્તક સાપડા ઉપર રાખી વાંચો તો યોગમુદ્રા અને નાના પુસ્તકને એક હાથમાં રાખી પ્રવચનમુદ્રા માને તો મુહપતિ હાથમાં રહી શકે છે. ૪-

વ્યાખ્યાન સિવાયના સ્વાધ્યાયાદિમાં જલવાશે ને સાવદ્ય વચન નહિ થાય તો વ્યાખ્યાનમાં પણ તેમ કેમ નહિ થાય ? ૫-શ્રાવકને તેની રીતિએ પુસ્તકની કે તેમાંની સ્થાપનાની આશાતના ટાળવા બાંધવાનું હોય છતાં તમારે તેનું અનુકરણ કરવું હોય તો બધી વખત પુસ્તક ઝાલતાં બાંધવું ૬-મણકા માટે ઉપદેશરસાયન દેખવો. ૭-કિરણોનો સ્વભાવ પ્રસરવાનો છે ને તેથી કાંતિનું કથન અબંધનને જણાવે છે. વર્ણનનો અધિકાર પણ નથી. (બાંધનાર પક્ષે) મુંબઈથી ચર્ચાપત્ર લખાવીને ચર્ચાની શરૂઆત કરી છે. ॥૫૩૩॥ (જૈન)

૧ પંચવસ્તુની ૯૫૭મી ગાથાનું ચર્ચાસારવાળું ગાથાનું તાત્પર્ય ટીકાથી સંગત નથી એમ હવે તમે પણ માનો છો, તેમજ તેમાં આપેલ અપિશબ્દ વક્તા ને શ્રોતાની સરખી અવસ્થા જણાવે છે તે વિચારો. ૨-ચર્ચા ન કરવાની તમારા પક્ષે કબુલાત લીધી એ વાતનું મૌખિક તત્ત્વ જવા દઈએ પણ ખુદ શેઠશ્રીનું ભાષણ વાંચવું. તે વખતે છાપું કાઢનારને પુછો કે જેથી ખસ્યાનું માલમ પડે. ૩-તટસ્થથી સાચો નિર્ણય મળે નહિ એમ તમે માનોછો તે ઠીક નથી તમો મધ્યસ્થબુદ્ધિએ જેઓને તટસ્થ તરીકે નીમો તે કબુલ હતા તેથી તમને નીમવા લખ્યું હતું ૪ **ચોમાસાની દીક્ષાનો પુરાણ અને ભાવિત શ્રાદ્ધ માટે નિષેધ નથી એ હકીકત નિશીથભાષ્ય ૧૦ ઉ.થી સ્પષ્ટ છે. અન્ય માટેના નિષેધમાં દશ. વૃત્તિકાર મહારાજ પણ પ્રાયઃ શબ્દ લખે છે.** ૫- પરંપરારૂપે કહેવું ને શાસ્ત્રના અનર્થક પાઠો આપવા એ કેમ શોભે ? ૬-આચારણાને આગમોકત કહેનારે સમજવું જરૂરી છે. ૭-નિર્હેતુક તેમજ સાવદ્ય આચરણા માનવાની શાસ્ત્રકારે સ્થાને સ્થાને મનાઈ કરી છે ૮-શ્રી કાલકાચાર્ય મહારાજે અતરાવિ પાઠથી આચરણા કરી છે તો તમારી આચરણામાં કોઈ પાઠ છે કે ? ૯-પર્યુષણ કલ્પકર્ષણમાં અપવાદના લેખો છે. ૧૦-ગણધર મહારાજે બાંધીને વ્યાખ્યાન વાંચવાનો પુરાવો આપવો. ૧૧-વ્યાખ્યાન વાંચતા મુહપતિ વીંધેલા કાનમાં ભરાવવી એવો પુરાવો વિધાનવાળો આપ્યા પછી તેની પ્રમાણિકતા જોવાય. ૧૨-કાન ન વીંધ્યા હોય તો પણ વસતિ પ્રમાર્જતા મુખ બાંધી શકાય છે એમ તમે માનો છો એટલે સાધુ થતાં પડિલેહણ કરવા કાન વીંધવા એવો પાઠ તો તમારે આપવો. ૧૩-થોડે અંતરે મુહપતિ રહેવાથી તે સુકાશે ને યતના પણ થશે. બાંધનારે સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ ને હિંસામાં બચાવનો પાઠ દેવો. ૧૪-ચોથનું કારણ અધિકતા છે ને તે ચાલુ છે તેમજ તેની પ્રવૃતિનો નિશીથ આદિમાં સ્પષ્ટ લેખ છે. ૧૫-બાંધ્યાની વાત કહેનાર સર્વથા જુઠા છે. તમો તે માની તે પણ નવાઈ છે. ॥૫૩૪॥ (મુંબઈ સમાચાર)

૧-પત્ર શબ્દથી કાગળ જ લેવા એ જુઠું હતું ને ? શાસ્ત્રકારે તો તાડપત્રાદિ લીધાં જ છે. ૨-ત્રણ કાંણાથી પ્રતનું લાંબાપણું ને તેથી મુહપતિનો હેતુ ગણાય.

૩-વસ્ત્રમાં લખેલને પત્રક કહેનારે અનુ નો દ્વન્દ્વ જોવો. ૪-ઈ.સ. પૂર્વે પાંચમીનો લેખ આપવો. ૫-ઇયરો વિ માં બાંધવાનો અર્થ કલ્પિત છે એમ માન્યું તે ઠીક છે વિધિગૃહીતયા. થી બાંધવાનો અર્થ કહેનારને શું કહેવું ? ૬-ઉપધિમાં અશકિત કારણ ગણાય. અહિં તો દરેક આંટે પ્રાયશ્ચિત છે. ૭-હાથથી યોગમુદ્રા છે તો તેમાં આપેલ મુહપત્તિધારણનો અપવાદ મુખને નહિ વળગે. ૮-ઉપમુખં ને સ્થાને ઉપમુખકર્ણં નો પાઠ લખવો. ૯-આઠ પડ મુહપત્તિના હોય એ વાતને બાંધવામાં સમજનારે વાંચતા ધ્યાન રાખવું. ૧૦-તે દેશનાના અધિકારે છે જુઓ શુશ્રાવ દેશનાં ૧૧-વિધિપ્રપા નથી એમ નહિ પણ જિનભદ્ર અને શીલાંકાચાર્યની વિધિપ્રપા બતાવવી ૧૨-શ્રી ઉત્તરાધ્યયન, પંચવસ્તુ, ઓઘનિર્યુક્તિ આદિમાં પડિલેહણ વિધિ છે ત્યાં ઉપધિ પડિલેહણ કરતાં બંધન છે ? ૧૩-અન્યો ન વાંચે ને સ્નાતસ્યા ન કહે તેમાં ઇતરનું જોર નહિ. ૧૪-પાંચમ કરનાર નિશીથચૂર્ણિને માને છે ને તેમાં એકજ તિથિ કહી છે. ૧૫-'મુહપત્તિના વિષયો વિષે ચર્ચા થશે નહિ એમ હું જયારે સર્વગચ્છોના મુનિઓને આમંત્રણ આપવાને મળ્યો હતો ત્યારે મેં (વાતાવરણની શાંતિ માટે) કબુલ કર્યું છે.' એ વાકય વિચારશો તો કબુલાત કોણે લીધી તે જણાશે. ॥૫૩૫॥ (સ્વ. પત્ર)

૧ અનંતાનુબંધી અને દર્શનમોહનીયને શમાવનાર કે ખપાવનાર સર્વવિરતિ કરતાં અસંખ્યાતગુણી નિર્જરાવાળા છે, અને તે સમ્યગ્દર્શનનો હેતુ છે, એ વાત તત્ત્વાર્થ તથા આચારાંગ એ બંનેના પાઠોથી સિદ્ધ છે. ॥૫૩૬॥

૨ ધર્મની ક્રિયા ને અનંતાનુબંધી આદિનો ક્ષય વિગેરે ભિન્ન છે એમ સ્પષ્ટ (અનંતાનુબંધી અને દર્શનમોહનીયના ક્ષય થવાદિથી જ સમ્યગ્દ્રષ્ટિપણું થાય છે, એ વાત જૈન બાળકો પણ સમજી શકે છે. ॥૫૩૭॥

૩ પ્રથમ સમ્યકત્વમાં પણ અનંતાનુબન્ધી અને દર્શનમોહનીયનો ઉપશમ આદિ તો છે. જ. ॥૫૩૮॥

૪ ઔપશમિક કે ક્ષાયિક સમ્યકત્વને પામવાવાળા ઉપશમક કે ક્ષપકશ્રેણિવાળા જ લેવા બીજા તેવા કેમ ન લેવા ? ॥૫૩૯॥

૫ સમ્યગદ્રષ્ટિ શબ્દ ત્રણે પ્રકારના સમ્યકત્વ કહેનારને લાગે ॥૫૪૦॥

૬ ચોથા પ્રશ્નમાં લખેલા 'અને શબ્દ વિચારવો ॥૫૪૧॥

૭ પાંચમા પ્રશ્નમાં હવે રજાને વોસરાવવાનું રૂપ દીધું છે. (વોસરાવવાનું સાધ્વીપણું લેવા વિગેરેમાં જ હોય છે. રજાથી સાધુ થયેલાના મરણે સ્ત્રી સૌભાગ્યનાં ચિહ્ન કરે પણ છે. (મનકમુનિની માતાનાં સૌભાગ્યચિહ્ન શાસ્ત્રસિદ્ધ છે અને તે સ્વામિત્વની હયાતિ અંગે જ છે. ) ॥૫૪૨॥

૮ છઠ્ઠી પ્રશ્નમાં શિષ્ય નિષ્ફેટિકાનો પ્રશ્ન ન લાગુ પડે એમ કહેનારે આપવાદમાં કેમ લેવું પડયું એ વિચારવું ॥૫૪૩॥

૯ 'અત એવ'નો સંબંધ ન હતો એમ કહેનારે ગ્રંથકારને કેવા માન્યા ? ॥૫૪૪॥

૧૦ ઔદંપર્યની વાત કરનારે વાકયાર્થને જ છોડી દેવો એ સાહસ છે, અધિકાર હોય છતાં પાઠમાં નથી એમ બોલવું તે તો વિચારવાનું જ છે. દાપિતા નો પ્રયોગ ને હાલિકનો અધિકાર તો તે વસ્તુને સ્પષ્ટ કરે જ છે ॥૫૪૫॥

**સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૭ ૧૯૯૧ પો. શુ. ૧૫ ટાઈ. પેજ ૨ સમાલોચના**

૧ શ્રી પંચવસ્તુની ઇયરોડવિ ગાથાની ટીકામાં વિધિગૃહીતયા પાઠનો સાક્ષાત્ અર્થ મુખે મુહપત્તિ બાંધી નંદીસૂત્ર સાંભળવું એવો થતો નથી માત્ર ચર્ચાસર મુખબંધનની સિદ્ધિ માટે હોવાથી તેવો અર્થ કર્યો છે એમ તમારૂં કથન બંધનમાં તેની નિરૂપયોગિતા સ્વીકારે છે. ॥૫૪૬॥

૨ તે ગાથાનો અપિ શબ્દ નંદીસૂત્રના વકતાની શ્રોતા જેવી દશા જણાવી વકતાને પણ મુખબંધન ન હતું એમ સ્પષ્ટ કહે છે તે વાત તમારે અસ્વીકાર્ય નથી. ॥૫૪૭॥

૩ શ્રી શીલાંકાચાર્યને શ્રી જિનભદ્રાચાર્યનો વિધિપ્રપાનો પાઠ તે ગ્રંથની પ્રાપ્તિ વિનાનો છે. ॥૫૪૮॥

૪ તિલકાચાર્યની સામાચારીમાં કાલગ્રહણવિધિમાં કાને મુહપત્તિ રાખવા જણાવે છે, પણ ત્યાં વ્યાખ્યાન કે બંધનની વાત જ નથી. ॥૫૪૯॥


૫ પોત્થય શબ્દનો 'પોત'પર્યાય કરતાં 'પત્રક' અને પોતાનો દ્વન્દ્વસમાસ ભૂલાઈ ગયો છે. પત્રક શબ્દથી કાગળ જ લેવામાં ભૂલ થઇ એમ હવે સમજાયું હશે ॥૫૫૦॥

૬ મુખ આગળ મુહપતિ રાખવાની શ્રી આદીશ્વર ચરિત્ર અને પુષ્પમાલા વિગેરેની વાત દેશના વખતની છે તેમ તો તે સ્થાન જોવાથી સમજી શકાશે. ॥૫૫૧॥

૭ ચર્ચાસારમાં આપેલા ફોટા મુખ સાફ દેખાડવા માટે 'ઓઠથી મુહપતિવાળા કર્યા છે' એવું કથન તે ફોટાઓની કાલ્પિતતા જણાવવા બસ છે. ॥૫૫૨॥

૮ એકપણ પુરાવો હજી સુધી વ્યાખ્યાન વખતે મુખબંધનનો ચર્ચાસારથી કે આટલા લેખોથી આપી શકાયો નથી, માટે તેની જાહેરાત કરવી જરૂરી છે. ॥૫૫૩॥

અમદાવાદથી સંઘનું પ્રસ્થાન થવાના પહેલાં તો શું પણ ખુદ મહેસાણાના ચોમાસા માં અને ખુદ અમદાવાદમાં અને માર્ગમાં પણ જામનગરના ઉજમણા ઉપર જવાની વાત જાહેર રીતે થયેલી છતાં ગાયકવાડી હદને નામે ખુટ્ટો ઉઠાવનાર દીક્ષા વિરોધની પડદાની રમતમાં ખોટી રીતે રમે તે કોઇપણ પ્રકારે યોગ્ય નથી. ગાયકવાડી હદમાં વિહાર ન જ થાય એની તે ટીકાકારની ધારણા હોય તો તે કેવળ ખોટી ભ્રમણા જ છે. ॥૫૫૪॥ (જૈન)



સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૧૭ જે.શુ. ૧૫ પૃ. ૩૯૭ **સમાલોચના**

૧ સંબોધપ્રકરણ, શ્રીપાળચરિત્ર, ધર્મસંગ્રહ અને ઉપદેશપ્રાસાદ વગેરે જાહેર છપાયલા સંસ્કૃત-માગધી ગ્રંથોમાં ઉજમણા ને પદોની આરાધનાની વિધિના લેખો છતાં તે ન તો જાણવા, ન જોવા અને શોધી જોવાની તસ્દી લેવી નહિ અને માત્ર યદ્વાતદ્વા વગર પુરાવે અને ચૈત્યવાસીઓને નામે ગપ્પ હાંકવી એ શાસ્ત્રથી નિરપેક્ષ થઇ સમયધર્મને શોભાવનારને ગમે, તેમાં કાંઈ નવાઈ નથી ॥૫૫૫॥

૨ તીર્થની રચનાને નામે તેઓનેજ સૂગ ચઢે અને અધર્મ માને કે-જેઓને શ્રી પંચાશકસૂત્ર તથા તેની ટીકામાં લગેલ સમવસરણની કલ્પિત રચનાનો પાઠ જોવને દેખવા કે સાંભળવામાં ન આવેલ હોય અથવા જેને જાણી જોઇને સમયધર્મનો સડો લાગેલો હોઈ શાસનપ્રેમી અને તેમની ધર્મક્રિયાને ધક્કો મારવાની જ દાનત હોય. ॥૫૫૬॥

૩ શ્રી શ્રીપાલમહારાજના ચરિત્રને કરનાર શ્રી રત્નશેખરસૂરીશ્વરજી કે જેઓ ચૈત્યવાસી ન હોવા સાથે ચૈત્યવાસના વિરોધી છે તેઓએ નવેપદના આરાધનમાં દરેક વખત સ્થાન (ઉપાશ્રય) અશન કે આસન ને વસ્ત્રાદિથી આરાધના કરવામાં જણાવેલ છે, તે સંબોધપ્રકરણમાં ચારિત્ર, જ્ઞાન અને દર્શનની તિથિઓની આરાધના તે તે ગુણો અને તેને ધારણ કરનારાઓની ભક્તિ, પૂજા આદિ જણાવેલ છતાં શાસ્ત્રપ્રત્યનીક સમયધર્મને ધરનારાઓને જ સૂઝે તેમાં શાસનપ્રેમીયો એક અંશે પણ દૂષિત કેમ ગણાય? ॥૫૫૭॥

૪ શ્રી સિદ્ધચક્રજી કે જેમાં આરાધ્ય એવા પાંચ પરમેષ્ઠિરૂપ ગુણી અને શ્રી સમ્યગદર્શનાદિ ચાર આરાધ્યગુણોની સ્થાપના થાય છે તેનું મંડલ કરવાનું શાસ્ત્રકારોએ સ્પષ્ટપણે ફરમાવ્યું છે, છતાં જેઓને તીર્થોની રચના, સ્થાપના અનુચિત લાગે તેને સમયધર્મના કીડાના સળવળાટ સિવાય બીજું શુ કહી શકાય ? ॥૫૫૮॥ (સમયધર્મ)

૫ જૈનશાસ્ત્રકારો જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ માને છે, છતાં જ્ઞાનને માટે સ્વયં જ્ઞાનવાન ન હોય, જ્ઞાનવાનની નિશ્રાયે વિચરનારને સાધુ માનવાનું કહીને આગેવાનના જ્ઞાનનો લાભ, અનુસરનારાઓને હોય એમ સ્પષ્ટપણે જણાય છે; પણ ક્રિયા જે ચારિત્ર તે તો સ્વતંત્ર પૂજ્યતાનું સ્થાન હોવાથી ચારિત્રરહિતને 'ચારિત્રવાળાની નિશ્રાથી સાધુ


માનવાનું' રાખ્યું નથી. એથી સ્પષ્ટ છે કે જૈનશાસન જ્ઞાનને માત્ર સાધન તરીકે ઉપયોગી ગણે છે, જ્યારે ચારિત્રને સાધ્ય તરીકે ઉપયોગી ગણી તેને અંગે પૂજ્યતા ગણે છે. ॥૫૫૯॥

૬ કોઇપણ એકલવિહારી પગચંપી, સાધ્વી પાસે વસ્ત્રપ્રક્ષાલન કે કિંમતી કમ્બલના કારણથી જુદો થઈ એકલો પડયો છે એમ પ્રતિજ્ઞાપૂર્વક સાબીત કરે નહિ ત્યાં સુધી મતિના સાગર રહે, જ્ઞાનના સરોવર પણ ન થાય ॥૫૬૦॥

સ્વચ્છંદ પ્રલાપોથી "સંમેલનને" સડો લાગતો નથી ॥૫૬૧॥

૭ ચૈત્ર સુદી પાંચમથી ચૈત્ર વદી ૧ સુધી મહા અસ્વાધ્યાય ગણવાનું શાસ્ત્રસિદ્ધ હોઈ સુદ ૧૪ના અસ્વાધ્યાયના દિવસે કાલગ્રહણ ને પદારોપણ વિગેરે કાર્ય થયું તેને કોઇપણ આગમાનુસારી તો **સંમૂચ્છિમ ક્રિયા જ માને** ॥૫૬૨॥

ભાવનગરથી શા કુંવરજી આણંદજીએ **'પાક્ષિક અતિચાર'** નામની બહાર પાડેલી ચોપડી, શાસ્ત્રથી વિરૂદ્ધ લખાણવાળી હોવાથી શાસ્ત્રાનુસારીઓએ આદરવા લાયક નથી ॥૫૬૩॥



## સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૨૧ ૧૯૯૧ શ્રા. શુ. ૧૫ પૃ. ૫૦૪-૫૦૫

### સમાલોચના

નિર્યુક્તિકારે 'સમુપ્પત્તી' શબ્દ મૂકેલો ને તેમાં પૃચ્છા વગેરે લેવાથી અન્યાથપણું અટકાવવા ટીકાકારે इति सम्यक्त्वोत्पत्तिर्व्याख्याता એમ કહ્યું, તેને ન સમજે તે જ 'આ પ્રમાણે સમ્યક્ત્વની ઉત્પત્તિ કહેલી છે' તેવો અન્યોદ્દેશે અર્થ કરે. ॥૫૬૪॥

૨ દર્શનમોહનીય ખપાવતાં ચોથે તો ઠીક, પણ પાંચમે ને છઠે હોય એ નિયમ કરનારે મરૂદેવા માતાનું દ્રષ્ટાંત વિચારવું ને પાઠ આપવો ॥૫૬૫॥

૩ દર્શનસપ્તકને ખપાવતી વખતે પાંચમા, છઠા ગુણઠાણાવાળા સાધુ કરતાં અસંખ્યગુણ નિર્જરા તો એની પાંચમી શ્રેણી હોવાથી માનવી જ પડશે, ને અણસમજુને હિસાબે તો ચોથે ગુણઠાણે ક્ષાયિકસમકીતિ હંમેશ સાધુ કરતાં અસંખ્યગુણ નિર્જરાવાળો છે, અને અવિરતિ હોય તો તે ચોથે જ હોય છે. ॥૫૬૬॥

૪ સમ્યક્ત્વને સ્થાને 'પ્રથમ સમ્યક્ત્વ' કહી પ્રથમ શબ્દ ઘુસેડવો એ કોનું કાર્ય છે એ સમજુઓ સમજે છે. ॥૫૬૭॥

૫ કોઈપણ સમ્યકત્વ પામતી વખત અનન્તાનુબંધી ને દર્શનમોહનું જોર તો નષ્ટ જ છે. ॥૫૬૮॥

૬ સમ્યગદ્રષ્ટિ નામની પહેલી ગુણશ્રેણીમાં ત્રણે સમકિતવાળા ન લેવા એમ કહેનારે પુરાવો આપવો, ને અનંતાનુબંધીને ખપાવવા ઇચ્છનારા કરતાં ખપાવનાર અને તે કરતાં ક્ષીણ કરનાર જો 'સાધુ કરતાં અસંખ્યગુણ નિર્જરાવાળો છે' એમ કબુલ છે તો ચોથાવાળો ક્ષાયિક શિવાયના સાધુપણાવાળા જે છઠે છે તેના અસંખ્ય ગુણ નિર્જરક છે. ॥૫૬૯॥

૭ અનંતાનુબંધીનો વિયોજક ને દર્શનમોહક્ષપક કયે કયે ગુણઠાણે છે તે જો વિચારાય તો ગુણશ્રેણી સમજાય ॥૫૭૦॥

૮ પ્રથમ સમકિત પામતાં પણ અનંતાનુબંધીનો નાશ વિગેરે કરાય છે કે નહિ? ને તે કઈ ગુણશ્રેણીમાં લેવો તે વિચારવું શું સુજ્ઞનું કામ નથી ? ટીકાકાર ક્ષપક અને ઉપશમક બન્ને લે છે ॥૫૭૧॥

૯ સમ્યકત્વ પામતા દરેક, પહેલાં સમ્યકત્વ પામેલો હોય કે ન પામ્યો હોય તો પણ યથાસ્થિત આત્માદિ ને તેના ગુણોની શ્રદ્ધા તો સમ્યકત્વથી જ નવા રૂપે જ કરે છે. ॥૫૭૨॥ (એક વ્યાખ્યાન)

૧ ભાષાની દ્રષ્ટિએ શાસ્ત્રો અને ધર્મની પ્રાચીનતાદિની થતી પરીક્ષાને ધ્યાનમાં લેનાર મનુષ્ય સમજુ હોય તો વર્તમાન ભાષાનો ફેરફાર કરવો તે તેના સત્યને ખુન કરવા બરાબર હોવાથી કદિ સમતિ દે જ નહિ, ભાષાનાં કાલના સૂત્ર ગણાય અને તે સર્વજ્ઞકથિત ન ગણાય ૨. વર્ણના નામે અધિકાર અને ગુણને અંગે અપાતા અધિકારના ભેદને ન સમજે તેથી સર્વસાવદ્યના ત્યાગગુણને અંગે સર્વસાવદ્ય ત્યાગપોષક શાસ્ત્રનો અધિકાર હોય એની સ્વાભાવિકતા ન સમજે તેનું શું ? (૩) દર્શનાદિ પ્રતિમાધરો સાવદ્યત્યાગવાળી પ્રતિમા ન વહે ત્યાં સુધી દ્રવ્યપૂજાના અધિકારી જ છે, દર્શન પૂજાનો ઉદ્દેશ તીર્થંકરોના ઉપકાર અને સમ્યકત્વની શુદ્ધિ વિગેરે છે, સંસારમાં રહેલો જ પૂજાને 'ન કરવા લાયક' માને તેને શાસ્ત્રો અભિનિવેશી કહે છે, જન્માદિ કલ્યાણકોની વખતે શ્રી જિનેશ્વર મહારાજને દેવોએ સ્નાત્રની માફક અલંકારો પહેરાવ્યા છે, છતાં નાગામાં નંખાયેલાને તે ન રૂચે તે સ્વાભાવિક છે. (૪) જાતિપ્રધાનતાએ પુણ્ય માનવાનો વિરોધ કરનારા ગુણ પ્રધાનતા માની તેના સત્કારાદિમાં લાભ માને તે યોગ્ય જ છે. (૫) સમ્યગદર્શનાદિ સાધનોને સુવર્ણ રજત, હીરા આદિ વૈભવને સ્થાને તે જ ગોઠવે કે જેને સુવર્ણ વિગેરે રાખી સાધુપણાનો ઢોંગ કરવો હોય. (૬) પાપના કાર્યોથી બચવાનું ને ધર્મના કાર્યો કરવાનું મુખ્ય સાધન શાસ્ત્રોને સરજનારા સર્વજ્ઞો છે એમ ધારી સર્વજ્ઞોને પાપ નિવારનાર

અને ધર્મ આપનાર કહેવા એ શાસ્ત્રસિદ્ધ છતાં તે વાતને દુઃખો કરનાર દુર્ગતિ અને ગર્ભાવાસના દુઃખોને કરનાર ઈશ્વરને માનવા સાથે સરખાવનાર ખરેખર પુરૂષના નામે પારકી પત્નીનો પતિ થવા જનાર જેવોજ ગણાય. (૭) દેવદ્રવ્યની ચર્ચામાં જે વાકયો સાધુસંમેલનમાં બોલાયેલાં જણાવ્યાં છે તે સર્વથા જુઠ્ઠાં ને લોકોને ભરમાવવા માટે છે, પણ લોકો તે જાહેર વસ્તુને સમજે છે ॥૫૭૩॥ (સમય ધર્મ)

૧ અતિ તીવ્રકર્મના વિગમ સિવાય પણ જિન વચનનું સમ્યક્ શ્રવણ થાય છે. એમ માનવું તે પંકિતનું અજ્ઞાન છે (૨) દુર્ગતિથી બચાવે અને સુગતિમાં ધારે એ ધર્મની વ્યાખ્યામાં સ્વર્ગ પણ સુગતિ તરીકે માની છે ને એ વ્યાખ્યા શ્રી હરિભદ્રસૂરિજી અને ભગવાન્ હેમચંદ્રસૂરિ આદિએ કરી છે, દુર્ગતિથી બચાવવાનું એકલું પણ શ્રી હરિભદ્રસૂરજી જણાવે છે. વ્યાખ્યાને અધુરી કહેવા કરતાં વ્યવહાર, નિશ્ચય, ઉપચરિત, અનુપચરિત વગેરે સમજવું, સમજ્યા વગર એક વાતને ખેંચનાર ધર્મથી ને માર્ગથી ઉભગાવનાર થાય એમાં કહેવાનું શું ? ॥૫૭૪॥

(૩) યોગસારને જોયા વિના તેનો શ્રદ્ધેયપણે નિર્ણય કરવામાં સાહસ છે. ॥૫૭૫॥ (એક વ્યાખ્યાન)



**સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૨૨ ૧૯૯૧ શ્રા. વ. ૦)) પૃ. ૫૩૨ સમાલોચના**

૧ વિગય અને નિવિયાતાં બંધ કરનારે તેના છમકારેલાં ન ખવાય તો સારૂ. બાકી નીવીમાં દાળ વિગેરે વઘારેલ ખવાય છે. ॥૫૭૬॥

૨ સાક્ષાત જીવ ન દેખાય તો પણ ચોમાસામાં ખાંડ વગેરે ન ખાવાં ॥૫૭૭॥

૩ મહાવીરચરિત્ર વાંચનાર સાચું અને સમજીને વાંચે તો તે માન્ય કરવું જ જોઇયે, વિરોધ વાસિતને વિરોધ લાગે તો ભડકવું નહિ. ॥૫૭૮॥

૪ સ્વપ્નાદિકની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય તે જ ઠીક છે, પણ તે સંમેલનનો ઠરાવ નથી. જોકે કોઈની શિખવણીથી એ વૃદ્ધો તેવું ઠરાવવા સંમેલનમાંથી ઉઠી ગયા હતાં, ॥૫૭૯॥

૫ નહિ છોડેલા સચિત્તથી દુવિહારનો ભંગ ગણાય નહિ. ॥૫૮૦॥ **એક પત્ર**

૧ લલિતવિસ્તરાના 'આક્રાલમંતે' એ પદોને અનાદિકાળના અર્થમાં વાપરનારે બુદ્ધિ ઠેકાણે રાખી વિચારવું કે જણાવેલા વિશેષણોમાં એક પણ અનાદિકાળથી હોય ખરૂં ? અનાદિથી દેવગુરુને બહુ માનવાવાળા જ સર્વ તીર્થંકરો હોય એ જૈનના પ્રવચનની નવી જ શોધ ॥૫૮૧॥

૨ હરિભદ્રસૂરિ પરોપકાર, બોધિલાભ થયા પછીથી જણાવે છે તે પણ પરવચનને મતે જુઠા હશે ॥૫૮૨॥

૩ વિચારથી ગમ્ય છતાં સાક્ષાત્ અક્ષરો નથી એમ કહેનાર શંસયવાદી ॥૫૮૩॥

( એક વ્યાખ્યાન )



**સિદ્ધચક્ર વર્ષ ૩ અંક ૨૪ ૧૯૯૧ ભા.વ. ૯)) ૫૭૮ સમાલોચના**

૧ વિપાકનું બંધન દુર્ગંધથી બચવા. ૨ નાના વખતે બંધનનો લેખ નથી આરોહ મોટામાં જ ઘણો છે ૩ વિન્યસ્ત શબ્દ છે, તે ન્યાસ કરનારને ખેંચે જ છે, સુબદ્ધ શબ્દ નથી. ૪ કાગળ લખનારને માનતા હોય તેને પૂછવું. ૫ ચર્ચાસાર ખોટા અર્થવાળો ને કલ્પિત ફોટાવાળો જ છે. ૬ વ્યાખ્યાનની વખતે બાંધવાનો લેખ હોય તો કોઇને પણ માનવામાં વાંધો હોય જ નહિ, પણ હજુ સુધી એક પણ તેવો લેખ છે જ કયાં ? ૭ શાસ્ત્રના અર્થો ન ફેરવે, પરંપરા છે, તે વખત ઉપયોગ નથી રહેતો માટે બાંધુ છું ધારી બાંધે તે અથવા લિંગ ફરી જાય છે, પ્રમાદને પોષણ મળે છે, વિધિશાસ્ત્રોમાં લેખ નથી અને ઉપયોગ શકય છે માટે ન બાંધવી સારી છે (એમ) માને ને બાંધે તો તે બંને આરાધક થાય. ॥૫૮૩॥ ( પુનાસ્થિત )

૧ ઉજમણું જો શાસ્ત્રોકત છે એમ માનો છો તો હવે તેમાં મેલાતી વસ્તુઓનો બાધ તમારે શાસ્ત્રથી દેખાડવો. ૨ સમવસરણની રચના કરાય ને વિખેરાય એમ માન્ય છે તો હવે વર્ત્તમાનનો સવાલ શાસ્ત્રના લેખથી લાવવો ॥૫૮૪॥ (સમયધર્મ)

૧ દરેક વખતની આરાધના કરવાની રીતિ જોવાથી તથા આખો લેખ જોવા આંખને મહેનત આપવાથી ચંદરવાદિ ને ઉપકરણોનો ખુલાસો થશે. ॥૫૮૫॥

૨ માંડલાના પાઠની વાતનો સવાલ ન હોતો પરંતુ નવપદોની સ્થાપના તેના ભંગનો સવાલ હતો ॥૫૮૬॥

૩ ભંગના ભયથી નહિ કરવાનું કહેનારને મંદિર અને મૂર્તિનો દાખલો બરાબર છે. ॥૫૮૭॥

૪ શાસ્ત્ર અને ધર્માનુષ્ઠાનો સામે ધુળ ઉડાડનારો મનુષ્ય ધુળ ઉડાડવાની વાત કરે તે સાહસ ॥૫૮૮॥

૫ શાસ્ત્રની શ્રદ્ધાવાળા તો માને છે કે ભરતમાં ચોવીસે કલાક સૂર્યની સ્થિતિ છે. સમયધર્મીની શ્રદ્ધા સડેલી હોય, શાસ્ત્રાનુસારીઓને ઓલંભો દે તે તેને શોભે જ.

( જોવું મંડલ પ્રકરણ ) ॥૫૮૯॥

ઈ સંમેલન ઠરાવમાં સ્વપ્નની ઉપજનો ખુલાસો છે એમ કહેનારો સત્યથી સર્વથા વેગળો જ છે. જ્યાં જેમ થતું હોય તેમ કરવું એ કથન સાથે તો સંમેલનને સંબંધ જ નથી. સમયધર્મીના સડાનો એ અવાજ છે ॥૫૯૦॥ (સમયધર્મ)

## સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૭ પૃ. ૧૬૮ તથા ટાઈટલ પેજ ત્રીજું
## વાચકોને

તીર્થંકરો સમ્યક્ત્વ પછી તો પરોપકારવ્યસની હોય છે, પણ ભગવાન્ મહાવીર મહારાજા તો નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા પહેલાં પણ પરોપકારી હતા.

આવી રીતના આવેલા લેખના સ્હામા થઈ આ વાકયથી તીર્થંકરોની આશાતના થઈ એમ ગણાવ્યું ને ઉ. શ્રીમાન રામવિજયજી મહારાજાએ જૈન પ્રવચનમાં—

અનાદિ કાળથી તીર્થંકરો નયસારની માફક પરોપકાર કરનારા હોય જ છે એમ લલિતવિસ્તરાના 'आक्कालमेतं.' પાઠથી સાબીત કરવા તૈયાર થઈ આહ્વાહન કર્યું.

## જોનો

આચાર્યદેવ શ્રીમત સાગરાનંદ સૂરીશ્વરજીએ આ પત્રના પાંચમાં અંકમાં પક્ષ પ્રતિપક્ષ સાથે સ્વીકાર કરી મુદ્દત, સ્થાન અને મધ્યસ્થ માટે ઉ. શ્રી રામવિજયજીને જણાવ્યું હતું....પણ

પછીનું પ્રવચન માત્ર સંપાદકે તે મુદ્દત આદિ બાબતની ઉ. શ્રી રામવિજયજીની સહી શિવાય બહાર પાડેલ હોઈ

આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરિ મહારાજને હવે તેમાં કાંઈ લખવાનું હમણાં રહેતું નથી.

તા.ક. જો કે નયસારની માફક કાર્યરૂપે તો પરોપકારિતા સાબીત કરવા ઉપાધ્યાયશ્રીજી તૈયાર નથી, એટલે કહેવું તો નથી રહયું, છતા કારણરૂપ પરોપકારિતા અનાદિની ઠરાવવા વાંછા રાખે છે, તેમાં પણ નિષ્ફળ થઈ યોગ્યતાના રૂપમાં જશે

(સર્વ મતભેદોની ટુંકી નોંધ પાઠો સહિત બહાર પાડીએ તો તેમના અધરપણાનો જનતાને સ્પષ્ટ ખ્યાલ આવે) ॥૫૯૧॥ 'તંત્રી'

## એક ખુલાસો

૧ 'એક જિનેશ્વરના ગુણ ગાવાથી અન્યની આશાતના થાય.'

૨ ગ્રામ ચિંતક શબ્દનો અર્થ 'રાજા જ' થાય.

૩ આવશ્યકનિર્યુક્તિ વિગેરેમાં તીર્થંકરોના સમ્યકત્વને પણ સમ્યકત્વ કહ્યા છતાં પહેલેથી તીર્થંકરનું સમ્યકત્વ, 'વરબોધિ' જ કહેવાય

૪ આખો દેશ અનાર્ય હોય છતાં તેમાં આવેલું તીર્થ તો અનાર્યે ગૃહીત છતાં 'આર્ય'જ રહે.

૫ આવશ્યકસૂત્રની બન્ને ટીકામાં ચાલતાં ધર્મકથન કરવાનું જણાવનાર પુરતો સંમન્થિતો ધમ્મો કહેતુમારદ્ધો એમ વાકય છતાં 'ચાલતાં ધર્મ કહ્યો નથી' એમ માનવું.

૬ 'વીતરાગપણામાં જ વાલીજીએ રાવણને શિક્ષા કરી.'

૭ અત એવ. ના પાઠનો કરેલ અર્થ સાચો જ હતો.

આ બધી હકીકત નિર્ણયની વખત ચર્ચાત અને પ્રતિજ્ઞાપત્રમાં મધ્યસ્થો લખાવી શકત છતાં શ્રીમાને તેમ નથી માન્યું તેમાં (ના) કહેવાય નહિ ! તેમજ આખા ૫૬ પાનાના ત્રણ અંકો સંપાદકના નામે નહિ ચમકાવતાં પોતાની સહીથી પોતેજ મુદ્દત આદિ જણાવી નિર્ણય કરવા તૈયારી કરી હોય તો ઉપરની વાતો પણ તેમને સાબીત કરવી પડત. ॥૫૯૨॥ (તંત્રી)

❀❀❀

**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧ પૃ. ૨૩-૨૪** **સમાલોચના**

૧ રાગ કરનાર ગુણ અને ગુણી બંને ઉપર રાગ કરે તો પણ તે પ્રશસ્તરાગ કહેવાય પણ દ્વેષ કરનાર તો ફકત દોષ ઉપર જ દ્વેષ કરે તો જ પ્રશસ્તદ્વેષ ગણાય પણ દોષવાલા ઉપર દ્વેષ કરાય તો તે દ્વેષ પ્રશસ્ત નથી એટલું જ નહિ પણ મૈત્રી, કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાના ભંગ રૂપ છે એ વાત પ્રવચનકારને **નથી** સમજાઇ, તો સમજે કે જેથી પ્રશસ્તદ્વેષને નામે દોષવાલા ઉપર દ્વેષ કરવામાં ધર્મ મનાવી, મોજ ઉડાવવી છોડે.

૨ સર્વાનુભૂતિ આદિના નાશક ગોશાલાને શિક્ષિત નહિ કરનાર વીતરાગ ભગવાનૂ કે સમર્થ બીજા મહાપુરૂષોને આશાતના કરનારની કોટિમાં **નવપ્રવચન** (પ્રવચન) કાર મૂકે તેમાં શું કહેવું ?

૩ અંગત રાગદ્વેષ અને શુભ પદાર્થની લાગણીને અંગે રાગદ્વેષને ન સમજે તે પ્રવચનકારને વીતરાગપણામાં લબ્ધિનું ફોરવવું માનવું પડે.

૪ અરિહંત મહારાજને અંગે કરાતો રાગ જે નિર્જરાનું સાધન છે, છતાં પણ સ્વરૂપે તો તેને શ્રી મલયગિરિજી બંધનું કારણ જણાવે છે.

૫ આરોપિત શાસનપ્રેમવાળાની વાત સાચામાં લગાડનારો કઈ દશા સેવતો હશે ? ॥૫૯૩॥ ( વ્યાખ્યાન )

૧ શ્રીમાનૂ વલ્લભવિજયજીના જયંતી વખતના શબ્દો છાપા પ્રમાણે હોય તો સુધારવા યોગ્ય છે. ॥૫૯૪॥

૨ સ્વપ્નોની ઉપજ સંમેલનના 'પ્રભુનિમિત્ત' વાળા ઠરાવમાં આવી ગઈ એમ માનનારા પાસે, તે બોલીનો જુદો સવાલ ચર્ચે, નાપાસ થઈ ઉડી જાય અને પાછળથી હઠ પકડી સંમેલન તોડાય અને ફેર તે ચર્ચાય, છતાં ઉડી જાય એ બંધું કેમ ભુલે છે ? (પંજાબમાં સુધારવાની વાત કબુલાતરૂપ નથી એવું ચોકખું થયા છતાં યદ્વા તદ્વા લખે તેને શું કહેવું ? ॥૫૯૫॥

૧ અત્થં ભાસેઇ અરહા સુત્તં ગુથંતિ ગણહરા નિઉણા એવી રીતે આપેલ પાઠ જો સમયધર્મને આભારી ન હોય તો મૂલપાઠ અત્થં ભાસઇ અરહા સુત્તિં ગંથંતિ ગણહરા નિઉણં આવી રીતે છે અને ગણધર મહારાજે 'અદ્ધમગ્ગહભાસા નિયય' આવા સ્પષ્ટ ભાષ્યવચનથી અર્ધમાગધીમાં સૂત્રો રચ્યા છે અને તીર્થંકરોની ભાષા અર્ધમાગધી છે એમ સૂત્રસિદ્ધ છે જ, તેથી સર્વજ્ઞભાષા અને સૂત્રભાષા જુદી કહેનારા જુઠા કેમ નહિ ? ॥૫૯૬॥

૨ ટીકા કે ભાષાંતર મૂલભાષાના સૂત્રોને સ્થાને હોતા નથી. ॥૫૯૭॥

૩ મોક્ષ પામેલા શ્રી જિનેશ્વરના દેહને જો પટશાટકાદિ હોય અને તેમાં વીતરાગતાને બાધ નથી તો પ્રતિમાને અંગે બાધ કયાંથી લવાય ? એક પ્રતિમામાં પાંચે કલ્યાણકોની ભાષ્યવચનથી ભાવના સિદ્ધ છે. આભૂષણાદિકથી પૂજેલી પ્રતિમા આગળ સૂર્યાભદેવતાએ વીતરાગ ભાવનાવાળું નમુત્થુણં કહેલું છે. વિધિએ પણ તેમ થાય છે ॥૫૯૭॥

૪ દેવદ્રવ્ય બાબતમાં પહેલેથી ખુલ્લું કરેલું જ છે કે- શાસ્ત્રાનુસારીઓ જિનેશ્વર-ભગવાનને ગર્ભથી જ દેવપણે માને છે. ગોત્રિયો વગેરે તેમ ન માને તે સ્વાભાવિક છે. ॥૫૯૮॥

૫ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે માલાદિકની બોલી છે, એ વાત શાસ્ત્રસિદ્ધ છે. અને કલેશ નિવારણ માટે બોલી નથી, છતાં તેમ કહેનાર કલ્પિત કથન કરનાર છે ॥૫૯૯॥

( સમયધર્મ ) તા. ૨૨-૯-૩૫

૧ અતિ તીવ્રકર્મના વિગમને હેતુ તરીકે ન લેતાં વ્યવચ્છેદક તરીકે લીધેલું ચોકખું છે, પણ હવે સમજાયું છતાં સમજાવનારને દુષ્ટ દાનતવાળા ગણનાર કઈ ગતિનો જીવ હશે ? ॥૬૦૦॥

૨ મોક્ષના અભેદપને ભવિષ્યના વિષયથી વિરાગરૂપ ગણનારો મનુષ્ય શબ્દાર્થ અને શબ્દ જ્ઞાન ઉભયથી રહિત હોય તે સ્વાભાવિક છે. ॥૬૦૧॥

૩ પૌદ્ગલિક ફળની અપેક્ષાથી ધર્મકરનારો દુર્ગતિ જ પામે એમ કહેનારે અભવ્યો અને મિથ્યાત્વીઓની ધર્મ કરતાં ધારેલી દેવત્વાકાંક્ષાના વાકયો જોયાં ને થયેલું દેવત્વ જોવું. ॥૬૦૨॥

૪ ત્રિદંડીવાળો શ્રાવક, નિયાણું કરી રાજા થનાર ચંડપિંગલ, પાણીની લાલચેજ નોકાર ગણી દેવ થનાર ચોર વિગેરે નમસ્કાર ફલનાં દ્રષ્ટાંતો જોવાથી 'પૌદ્ગલિક ફળની ઇચ્છાથી ધર્મ દુર્ગતિ જ દે છે' એ કહેનારની સ્થિતિ સમજાશે. અવંતીસુકુમાલને નલિનીગુલ્મવિમાનની ઇચ્છાએ જ સાધુપણું લીધું ને જ્ઞાની આચાર્યે આપ્યું. ને તેમને તે વિમાન મળ્યું. એક પણ પૌદ્ગલિક ઇચ્છાવાળો ધર્મ કરતાં ધર્મના ફળ તરીકે દુર્ગતિ ગયો નથી જો કે ત્રિવિધ ત્રિવિધ ત્યાગવાળાએ મોક્ષ ઉદ્દેશથી જ ધર્મ કહેવાનો છે, ને મુમુક્ષુઓએ તે બુદ્ધિએ જ કરવાનો છે. ॥૬૦૩॥

૫ પાટીદારોને કણબીઓ હોય છે, તેમ સામાન્ય અનુચરો હોય અને કોઇ બરોબરીઓ સાથે ન હોય તો તે લાકડાં છેદે તેમાં અયોગ્ય શું ? વર્તમાનમાં કૈઝરની વૃત્તિ જોવી. ॥૬૦૪॥

( એક સાપ્તાહિક )

**સુધારો :-** શ્રી સિદ્ધચક્ર તૃતીય વર્ષ અંક ૨૩ પા. ૫૪૮ પ્રથમ કોલમ લાઇન ૧૬ 'અમૂર્ત પદાર્થોને' બદલે 'અદૃશ્ય પદાર્થો' વાંચવું.



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૨ પૃ. ૪૮ સમાલોચના**

૧ અજ્ઞાનતાથી કાર્યરૂપે પરોપકાર વ્યસનિપણાની વાત અનાદિની જણાવી તે જગોપર કારણરૂપે તેમ જણાવીને બચનાર શ્રી તીર્થંકર મહારાજનું તીર્થંકરપણું અનાદિ જ રૂપે માનશે કે ? ॥૬૦૫॥

૨ ભગવાનૂ તીર્થંકરોને વરબોધિ પહેલાં આખા ભવચક્રમાં પરોપકારની સામગ્રી ન હોતી મળી એમ કહેનારે તેવો પાઠ કેમ નથી આપ્યો ? ॥૬૦૬॥

૩ તથાભવ્યત્વ અને ભવ્યત્વપરિપાકનો ભેદ ન સમજે તે યથાર્થપણું કેમ સમજે ? ॥૬૦૭॥

૪ યથાર્થ તત્વાર્થની શ્રદ્ધાના કારણભૂત આત્મપરિણામને સમ્યગદર્શન ન કહેતાં કે તેને વ્યવહાર કહી શંકા કાંક્ષાના નિવારણ માટે કહેવાએલ ને તેથી યત્ તત્ના વિપ-

ર્યાસવાળું શંકાના અભાવને સૂચવનાર તમેવસચ્ચં એ વાકયના પરિણામને સમ્યકત્વ માનનાર મન આદિ યુકત શ્રી તીર્થંકર, કેવલિ અને સિદ્ધમાં જિનોકતપણાથી સત્યની માન્યતા કેમ લાવશે ? ॥૬૦૭॥

૫ દેવ ગુરૂ બહુમાનને રોકનાર મિથ્યાત્વાદિ છે કે નહિ ? અને તેનો શું ક્ષયોપશમ તીર્થંકરમાં અનાદિ છે ? ॥૬૦૮॥

૬ પરાર્થવ્યસનીપણાની કાર્યરૂપતા ને જગદુદ્ધારની ભાવનાનો ભેદ કેમ ન સમજાય ? ॥૬૦૯॥

૭ પરાર્થવ્યસનીપણું જો અનાદિથી માન્યું ને સમ્યગદર્શનની ઉત્પત્તિ આદ્યભવે થઈ તો તે આદ્યભવમાં જ તીર્થંકરના કર્મનો બંધ કેમ નહિ ? જિનનામ કર્મની નિકાચના પાછલા ત્રીજા ભવે કેમ ? ॥૬૧૦॥

૮ શ્રી હરિભદ્રસૂરિજી ઓઘિ અને તે પણ વરઓઘિથી પરાર્થોદ્યત કહે છે, પણ અનાદિથી નથી કહેતા એમ ખરૂં કે ? ( કાર્યરૂપની વાત જાણી જોઈને છોડે ને (જોડે) કારણરૂપ નીતેને કેવો ગણવો ?

૯ આર્યદેશની મર્યાદા દેખાડનાર સૂત્રની વ્યાખ્યાને ન સમજવાથી સૌરાષ્ટ્ર, માલવા અને મારવાડ આદિ દેશોને અનાર્ય જાહેર કર્યા તે ભૂલને જાણ્યા છતાં ન કબુલવી ને જયંતી પ્રસંગે તેના ખોટાપણાને જાહેર કરનારને ઈર્ષાખોર કે તેજોદ્વેષી ચીતરવાવાળાઓ અભિનિવેશથી કેમ બચતા હશે ? ॥૬૧૨॥

૧૦ કૌશાંબીનગરીથી દક્ષિણના બધા દેશો ભગવાન્ મહાવીર વખતે અનાર્ય હતાં એવું જો પ્રવચન મુદ્રક, તેના ગુરૂ કે તેના દાદાગુરૂને પણ થાપવું હોય તો **પ્રતિવાદી તરીકે આ સમાલોચકની ચેલેંજ છે.** (ખોટાને સાચા અને સાચાને દ્વેષી આદિ ઠરાવવા તે માર્ગજ્ઞોને અસહ્ય જ હોય.) આ ચેલેંજના સ્વીકાર સાથે પરસ્પર બીજા મતભેદો જે નવીન છે તેની પણ ચેલેંજ સ્વીકારવી ઠીક છે. ॥૬૧૩॥

૧૧ ઓળીમાં કાલગ્રહણ સૂઝે અને તેથી આચાર્યાદિ પદવીઓ દેવાય એમ આગમના અભ્યાસથી દુર રહેલા 'રહસ્યવેદ્દી' ધારે એમ કહેનારને ધન્ય છે. (ઓળીમાં પદવીના કાલગ્રહણનો પાઠ કેમ નથી આપાયો ?) ॥૬૧૪॥

૧૨ કાર્યરૂપે પરોપકારીપણું શ્રી વીરમહારાજને સમ્યકત્વ પહેલાં થયું એ માન્યું તેનો ધન્યવાદ (કારણરૂપની વાત તો ભીયાં પડયાં ને ટાંગ ઉંચી) ॥૬૧૫॥

૧૩ વગરયોગે આધાકર્મિ ખાય, પ્રાયશ્ચિત ન લે અને યોગમાં આધાકર્મનું પ્રાયશ્ચિત લેવાય છતાં આધાકર્મ અને અભ્યાસક્રમને ખોટે બહાને યોગને ન માને અને માત્ર મંડળીના યોગે જ આચાર્ય બને તેને સાચા ન કહેવા માટે પાઠ 'અભ્યાસ વગરના 'રહસ્યવેદ્દી' પાસેથી ન બહાર આવે એ સ્વાભાવિક છે. ॥૬૧૬॥

૧૪ યોગ બસેડનારના સંતાનો શાસનના છેડા સુધી રહેશે એમ કહેવાનું સાહસ મૃષાવાદવિરમણ અને શાસ્ત્રથી સાપેક્ષ તો ન જ કરે. ॥૬૧૭॥

૧૫ શ્રમણ ભગવાન્ મહાવીરે કેવલિપણામાં ઉજ્જયિનીમાં વિહાર કર્યો હતો, છતાં તે વખતે માળવાને અનાર્ય કહે તે જુઠું જ છે અને તેનું જાણીને મંડન કરે તેને શું કહેવું ? ॥૬૧૮॥

૧૬ માલવાધિપતિ ચંડપ્રદ્યોત ઉજ્જયિનીમાંજ ધર્મ સાંભળી શ્રમણ મહાવીરના શ્રાવક થાય છે. એ સત્યને માનનારો કૌસંબીનગરીથી દક્ષિણના બધા દેશો શ્રી મહાવીર વખતે અનાર્ય હતા એમ કેમ કહી શકે ? (વીરચરિયં પત્ર ૨૯૧) ॥૬૧૯॥ વીરશા.

(સાપ્તાહિક)

૧ વચન (ક્ષમા) અને ધર્મક્ષમા વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન તથા શાસ્ત્ર અને સામર્થ્યયોગને નહિ સમજનારો કે નહિ માનનારો જ આત્મા, આજ્ઞા કે આગમથી જ ધર્મ છે એમ કહે. શાસ્ત્રાનુસારીઓ તો આજ્ઞાએ ધર્મ જ છે એમ કહે સ્થવિર કલ્પાદિ વિશેષ ધર્મને અંગે આજ્ઞાએ જ ધર્મ કહેવાય, પણ સામાન્ય ધર્મની વ્યાખ્યામાં તે જોડનારો તે વસ્તુ નથી સમજતો એમ કહેવાય ॥૬૨૦॥

૨ અનુકરણીયતાનો નિષેધ કરનાર પોતાના અભિનિવેશને પોષવા જ અન્ય આજ્ઞા અને અનુકરણીયતાને માનનારાને આજ્ઞાલોપી કહી બકવાદ કરે ॥૬૨૧॥

૩ સ્વ માટે વસ્તુ મેળવવી એવી એક સાવદ્યથી નહિ નિવર્તેલા જીવની કલ્પનાને ઉત્સૂત્રભાષણનું રૂપ આપનાર પિતાની લક્ષ્મી યુવાનને ન ભોગવવી જોઇએ માટે લક્ષ્મી ઉપાર્જનના કથનને કેમ ગણશે ? અભિપ્રાયના અનુવાદ અને પ્રરૂપણાનો ભેદ ન સમજે, કલ્પનાની જડ ન સમજે તે કેવો મનુષ્ય ? ॥૬૨૨॥

૪ જ્યાં મનુષ્યની કે ગાડાં ગાડીની આવક ન હોય ને તેની આવક હોય તે બે જંગલોનો ભેદ ન સમજે તે કેવા ? (જંગલના કિનારેનું પણ જંગલ એવા ચોકખા શબ્દો ન સૂઝે તેની દ્રષ્ટિ કેવી ? ॥૬૨૩॥

૫ એકજ પ્રઘટ્ટકમાં આકાલમેંતે તેની સાથે દેવગુરુબહુમાનિનઃ એવું છતાં એક વિશેષણને અનાદિ ગણે અને એકને ન ગણે તેની વ્યાખ્યાન યથાર્થ કોણ ગણે ? ॥૬૨૪॥ (સાપ્તાહિક)

૧ શ્રી તીર્થંકર દેવો કેવલજ્ઞાન પામ્યા પછી તો આરાધ્ય છે પણ આરાધક નથી એમ કથંચિત તે વખત થયેલ કૃત્યકૃત્યપણાને લીધે કહી શકાય, પણ આખો છેલ્લો ભવ આરાધક નથી એમ કહેનારે વીતરાગનો જન્મ માનવો કે સરાગને આરાધકકોટિ ન હોય તેમ માનવું. ॥૬૨૫॥

૨ કર્મશત્રુનિર્ઘાતન માટે કહેલ ચારિત્રાદિ અનુકરણીય નહિ એમ કહેવું એ લીલાવાદ નહિ ? ॥૬૨૬॥

૩ અવિરતિ સમ્યગદ્રષ્ટિપણાનું અનુકરણીયપણું ? ને બીજે ભવ ચારિત્રાદિ થાય એ માત્ર આરાધ્યકોટિ ગણી અનુકરણીય નાહે ?


૪ આરાધ્યનું અનુકરણ સર્વથા ન જ હોય એ એક પ્રવચનાભાસનો અધમાધમ અધ્યવસાય છે. ॥૬૨૭॥

૫ સંપૂર્ણ અનુકરણ ન થાય એમ કહેનારનો આત્મા અનુકરણીયતા અને અનુકરણતાનો સર્વથા નિષેધ કર્યો છે તે ખોટું થયું છે એમ હવે જાણ્યા છતાં ખોટાને ખટાશથી પાશિત કરવાનો પ્રયત્ન કરે તે તેની અકથનીય દશાજ સૂચવે છે. ॥૬૨૮॥

૬ અનુકરણનો સર્વાંશે નિષેધ માની પહેલા ભવે કર્યું તે કરવાનું એમ બોલનારો 'હું બોબડો છું'એ કહેવતથી કેમ દુર ખસશે ? ॥૬૨૯॥

૭ વચન અને જ્ઞાપકથી વસ્તુસિદ્ધિ માનનારો વચન સિવાય ન હોય એમ અકકલ હોય તો ન કહે. ॥૬૩૦॥

૧ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે (ઉછામણી પૂર્વક) ઈન્દ્રમાલાદિક લેવાં, ઉછામણીપૂર્વક આરતિ ઉતારવી વગેરે ઉપદેશો સાધુઓના હોય છે જ. દેવદ્રવ્ય કે તેની આવકના નાશનો પ્રસંગ ટાળવા જિનકલ્પી સરખાયે પણ પ્રયત્ન કરવાનો છે. ॥૬૩૧॥ (સમય.)



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૩ ૧૯૯૨ કા. શુ. ૧૫ સમાલોચના**

૧ અસંખ્યગુણ નિર્જરા, નંદીષેણની દીક્ષા, ગુરૂતત્ત્વવિનિશ્ચય અને ઉંટડીનું દૂધ વિગેરેના પાઠો અને અર્થો ખોટા અને ઉલટા આપ્યા ને તે ખોટા સમજાયા છતાં નથી

સુધાર્યા એ ચોકખું છે તો વચનની શાહુકારી શું કાર્ય કરશે ? [ હજુ સાચા માનતા હો કે હો કે હોય તો સૌરાષ્ટ્રવાળા આહ્વાન સાથે અગર તે સિવાય ખુશીથી આ આહ્વાન સ્વીકારવું. વ્યાજબીરીતે મધ્યસ્થ, મુદ્દત ને મુકામ પણ જાહેર કરવાં ] ॥૬૩૨॥

[ જૈન પ્રવચન ]

૧ મૂર્ખ મિત્રો કે તેના આડતીઆઓ પોતાની તેવી વર્તણુંક સમજે એ મુશ્કેલ છે દાનાને જ પોતાની અને પારકી દાનાઇ સૂઝે ॥૬૩૩॥

૨ સંમેલનને નામે જુઠી વાતો લખવી તે સકલ ભારતવર્ષીય મુનિ કે જે વાસ્તવિક તીર્થરૂપ છે તેને કલંક દેવા સમાન છે. ॥૬૩૪॥

૩ દુશ્મન દાનો જાણ્યા પછી તેને શરણે ન જાય ને મિત્રને મૂર્ખતાથી મૂર્ખ કહે તેના જેવ મૂર્ખ જગતમાં જવલ્લે જ હશે. ॥૬૩૫॥ (વીરશાસન )

૧ 'જે મુકિતને માટે જ થાય તે વિદ્યા' એ અવિદ્યાના વ્યવચ્છેદને ન સમજાયાથી પ્રશ્નોત્તર છે.

૨ આચાર પ્રકલ્પના જાણનારને શાસ્ત્રો ગીતાર્થ કહે છે ॥૬૩૬॥

૩ પૂજાવાળા અર્હધાતુથી અરિહંત, અરહન્ત અને અરુહન્ત શબ્દો થાય છે એમ જે ન જાણે તે જ અરિહંતપણું સામાન્યકેવલીમાં છે એમ કહે. ॥૬૩૭॥

૪ શાસ્ત્રોમાં ચોર તરીકે જાહેર થયેલ માલવોના સ્થાનને અનાર્ય ગણેલો ન સમજે તેજ ઉજજયિનીવાળા માલવાને અનાર્ય શબ્દથી ભેળવે ॥૬૩૮॥ (જૈન ધર્મ પ્રકાશ)

૧ 'કેવલજ્ઞાની પણ લોકોને જે બોધ દે છે તે શ્રતજ્ઞાનને અવલંબીને જ દે છે' આવું લખાણ તેજ કરી શકે કે જે કેવલીને શ્રુતજ્ઞાન માને અને પહેલાનાં શ્રુતજ્ઞાનને આલંબવાવાળા કેવલીઓ કેવલિપણામાં હોય છે એમ અને ક્ષાયિક ક્ષાયોપશમિક જ્ઞાનની મિશ્રતા માનતા હોય. ॥૬૩૯॥

૨ ભવ્યોએ દેવાદિ માટે ભકિતથી કરેલા દ્રવ્યને દેવાદિદ્રવ્ય કહેવાના સ્થાને સડેલ સમયધર્મીઓ સ્થાપનના હેતુઓ ન સમજતાં કલ્પના કરે ॥૬૪૦॥

૩ જ્ઞાનની અને સાધારણની આપેક્ષિક અધિકતા દ્રવ્યની વ્યવસ્થા કરવા માટે ઉપયોગી નથી એ વાત एकत्रैव स्थानकें देवरिकथं એ ઉપદેશસપ્તતિ અને સેનપ્રશ્નના કથનો શ્રદ્ધાલુ સહેજે સમજે તેમ છે ॥૬૪૧॥

૪ ઉજમણાનો સ્વીકાર કરીને ચાલનારને ચંદરવાદિનો નિષેધ પૂછાય તે સ્વાભાવિક જ છે. चंद्रोदयाद्युपकरण આ શબ્દો શ્રાદ્ધવિધિમાં છે કે ? ॥૬૪૨॥

૫ જો ગોત્રિઓની શાસ્ત્રાનુસારીઓની માફક તીર્થંકર બુદ્ધિ જ (ન) હોય તો પછી શ્રમણોપાસકધર્મમાં વર્ત્તતા શ્રી સિદ્ધાર્થ મહારાજા અને ત્રિશલારાણીને શ્રી મહાવીર મહારાજા ગૃહિપણામાં નમનાદિ કરે કે નહિ ? ॥૬૪૩॥

૬ દેવદ્રવ્યની વૃધ્ધિ માટે ઐન્દ્રી કે એવી બીજી માલા લેવી એમ શાસ્ત્રપાઠ છે કે ? ॥૬૪૪॥ ( સમયધર્મ )



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૪ ૧૯૯૨ કા. વ. ૦)) સમાલોચના**

૧ આવેલા પ્રશ્નો શ્રી સિધ્ધચક્રમાં આવેલા સમાધાનોવાળા હતા

૨ તમોએ સમાધાન કેમ કરી ન દીધું ?

૩ પ્રશ્નકારનું નામ જણાયું હોય તો તે કરનારની સ્થિતિ માલમ પડે ને તેને લાયક ઉત્તર દેવાય. ચાર ચાર માસ સુધી ગ્રહસ્થને રૂબરૂ મળવામાં અનિવાર્ય સંજોગ રહે એ કેમ બને ?

૪ લાંબા પ્રશ્નોના પાઠ ને ગુજરાતી તરજુમા સાથે ઉત્તર દેતાં એકેક પ્રશ્નનો ઉત્તર પણ એક વખતના અંકમાં કદાચ જ આવે ને તેથી પત્રની સ્થિતિ યોગ્ય ન રહે માટે રૂબરૂ ઠીક છે.

૫ માત્ર થોડા પ્રશ્નો સિવાયના બધા પ્રશ્નો સિધ્ધચક્રમાં પિષ્ટપેષણવાળા અને અન્ય ધારણાવાળા જ છે. ॥૬૪૫॥ ( ખેડા )

૧ પરીક્ષા માટે અંક કહાડનાર જો સુરતથી થયેલા પ્રશ્નોત્તરોના કાગળો તથા પાછળના પ્રશ્નો લખી તે બધાના ઉત્તર ક્રમસર બરોબર લખશે તો તેના ઉત્તરો જોઇતા શાસ્ત્રપાઠો સહિત આપી શકાશે.

૨ જેમ શાસ્ત્રોમાં જગો જગો પર શાસ્ત્રોમાં કહેલી વાતોને શાસ્ત્રના નામે જણાવાય છે તેમ આ પેપરમાં જણાવાય છે. છતાં તે પ્રવચન કહાડનારને પાઠો નથી જોવા અને શ્રાવકાદિના ઓઠામાં ઘુસી જવું પડે તે યોગ્ય નથી. તે જો જુવે તો સમધાન આપે. જણાવેલ હકિકત તે તે સૂત્રોમાં ન હોય તો. ભલે તેમ કહે ॥૬૪૬॥ (સાપ્તાહિક)

૧ સોરઠને અનાર્ય કહેલ હોવાથી પંન્યાસ રત્નવિજયજી રૂબરૂ મળવાના હતા ત્યારે વહેલો વિહાર થઈ ગયો એનો પૂરાવો શું જાહેર કરવો પડશે ? ॥૬૪૭॥

૨ અમદાવાદમાં મહારાજ આત્મારામજીએ (સૂત્રમાં, નિર્યુક્તિમાં કે ટીકામાં નગરી શબ્દ નહિ છતાં માત્ર કલ્પનાથી ખડો કરી) કૌશાંબીનગરીથી દક્ષિણના બધા દેશો અનાર્ય કહ્યા હતા એ વાત એટલી બધી જાહેર છે કે એને નાકબૂલ કરવી તે સૂર્યની હયાતિ નાકબુલ કરવા જેવું છે. 'આર્યાનાર્યદેશ દર્પણ' વિગેરે ચોપડીઓ પણ તેમાંજ પરસ્પર છપાએલી છે. (સોરઠ જે શ્રી સિદ્ધગિરિજીવાળો છે તે પણ અનાર્ય કહયો હતો). ॥૬૪૮॥

૩ મુદ્રકશબ્દની જે પેપરના માલિકની વ્યકિત માટે પ્રવૃત્તિ છે તે પણ પ્રેરકપણાને અંગે છે એ વાત એના પણ પ્રેરકને કેમ ન સમજાઇ ? છતાં જો મુદ્રકથી પ્રેસવાળો ભાર લેવા માગે કે તેને માથે ન ખાય તો ગુરુ અને દાદાગુરૂમાં પોતે પોતાની મેળે આવશે ગૃહસ્થ માટે ગુરૂ દાદાગુરૂ શબ્દ લાગુ કરનારને શું કહેવુ ? ॥૬૪૯॥

૪ સોરઠ વગેરેને અનાર્ય કહેનાર કે માનનારના પુરાવા આવ્યા પછી જ તેના ખોટાપણાના કે બીજા પુરાવા આપવાના હોય અને તે આપનારો પ્રતિવાદી જ હોય એ સહેજે સમજાય તેવી વાત છે. ॥૬૫૦॥

૫ 'ચતુર્થસ્તુતિ નિર્ણયશંકોદ્ધાર'માં 'ત્રિસ્તુતિક અને ચતુર્થસ્તુતિ નિર્ણય' ભાગ બીજામાં ખુદ મહારાજ આત્મારામજી સોરઠ કે જેમાં શ્રી સિદ્ધગિરિરાજ છે તેને અનાર્ય કહયાની ને તેના સ્વીકારની વાત જાણનારો પ્રવચન મુદ્રકને માટે શું કહે ? સૂત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરી તીર્થશિરોમણિવાલા આખા આર્યદેશને અનાર્ય ઠરાવે તેને શ્રમણસંઘ બહારપણું ચોગ્ય જ હોય તેમા કોણ ના કહે ? ॥૬૫૧॥

૬ પ્રવચન મુદ્રકાદિએ નવા વિષયને ઉભા કરવા કરતાં કરેલી ચોલેંજ સ્વીકારી દરેક પક્ષ તરફથી બે બે અને તે ચારની પસંદગીનો એક શિરપંચ નીમી નિર્ણય કરાવવા તૈયાર થવું તે જ સીધો રસ્તો છે. ॥૬૫૨॥ (સાપ્તાહિક)

૧ તમારા બસેં ઉપરના પ્રશ્નોમાંથી દશના ઉત્તરો સ્વીકાર કરવા આપ્યા હતા. તેનો તમારા તરફથી સ્વીકાર નથી અને પાઠ અને તરજુમાનો આગ્રહ છે તો આજથી બે માસની અંદર તમો જણાવો તે તારીખે સભા સમક્ષ તમારા બધા પ્રશ્નો ચર્ચાય, માટે તમે પાલીતાણા કે નજીકમાં બે માસમાં હાજર થઈ શકો તે તારીખ જણાવવી. તમારા કેટલાક પ્રશ્નો સિવાય બધાની ચર્ચા શ્રી સિદ્ધચક્રમાં આવી ગઈ છે, માટે વાચકોને તેનું પિષ્ટપેષણ કરાવવું વ્યાજબી નથી ॥૬૫૩॥

( નામ વગરના પત્ર ઉપર ધ્યાન દેવાય જ નહિ તે સ્વાભાવિક છતાં તુષ્યતુ દુર્જન ન્યાયે આટલું લખ્યું છે) ( નામ વગરનો જિજ્ઞાસુ )

૧ પૌદ્ગલિક ઇચ્છાએ ધર્મ કરનારો પણ સદ્ગતિ જ મેળવે છે અને ભવાંતરે નિરિચ્છક ભાવમાં પણ આવે છે. (શ્રી અવંતિસુકુમાલ વિગેરે)

૨ ત્યાગમાર્ગે લાવવા પ્રલોભનો આપ્યાનો દાખલો આવશ્યકમાં સુંદરીનંદ અને પ્રસિદ્ધ એવા સંપ્રતિરાજા.

૩ બેસતે વર્ષે નવસ્મરણ વિગેરે નિર્વિઘ્નતા માટે સંભળાવાય છે. વેયાવચ્ચનો કાઉસ્સગ્ગ પણ તેમજ છે. ધર્મનું ફળ ઐહિક અને પારત્રિક બંનેય અપાય નિવારવા સાથે કલ્યાણ દેવાનું છે. ॥૬૫૪॥

૪ ધર્મને તારનાર ન માનતાં માત્ર દેવલોકાદિને માટે જ ધર્મ છે એમ ધારી એની પ્રવૃત્તિ કરે તો તે પરંપરા ન કરે તેથી સંમૂર્ચ્છિમ ક્રિયા કહી શકાય ॥૬૫૫॥

૫ યોગવહનાદિ ક્રિયા વિના આચારાંગ ન ભણાય ને તે વિના થયેલ આચાર્ય આચાર્ય તરીકે ગણાય નહિ, તો પછી તે બીજાને આચાર્યપદ આપી શકે જ કેમ ? ॥૬૫૬॥

૬ સંવચ્છરી દાન માટે દેવતાઓએ લવાયલું દ્રવ્ય જિનેશ્વરની પૂજા ભક્તિ કરવા માટે લવાયેલ નથી, પણ દાન માટે જ લવાયેલ છે, ને તેથી તે દેવદ્રવ્ય ગણાતું નથી. ॥૬૫૭॥

૭ દેવદ્રવ્યની વૃદ્ધિ, રક્ષા આદિ માટે તો સ્થવિરકલ્પિનો ઉપદેશ હોય જ છે, પણ ભક્ષણના નિવારણ માટે તો જિનકાલ્પિને પણ ઉપદેશ દેવો જરૂરી છે. ॥૬૫૮॥

૮ ધર્મશ્રવણમાં તો ઉપસ્થિત અનુપસ્થિત છે. વાચન પાઠનાદિમાં અર્થિપણું હોય તે વગેરે તથ વ્રતધર્મમાં વેાસરાવવાની વસ્તુને જાણી વેાસરાવવા તૈયાર થયેા હોય તે અધિકારી છે, ને તે કથા પ્રીતિ આદિથી જાણવેા. ॥૬૫૯॥

૯ વાલીમુનિએ રાવણને કરેલ શિક્ષા ન છુટકે હોય તો પણ પ્રતિક્રમણીય તો ખરીજ (તીર્થંકરની પૂજા માટે કરાતા સ્નાનનો પણ અસંયમ તો ગણેયો છે) ॥૬૬૦॥

૧૦ ભગવાન્ તીર્થંકરો ચોથે ગુણઠાણેથી યથાસંભવ (૫-૧૧ સિવાય) સર્વ ગુણઠાણે હોય (ફલસિદ્ધિની અપેક્ષાએ માત્ર તેરમે) ॥૬૬૧॥

૧૧ જમાલિની દીક્ષામાં ટીકાકારો ભાવિભાવ અને ગુણવિશેષને કારણ ગણાવે છે. ॥૬૬૨॥

૧૨ કારણ તરીકેની ઉત્તમતા અનાદિમાં પણ માની શકાય. (તથા ભવ્યત્વની માફક) પણ જાણીને ભૂલ સુધારવાને ઠેકાણે કાર્યરૂપને સ્થાને કારણરૂપતાને ગોઠવનાર તો કુટિલ જ ગણાય ॥૬૬૩॥ (મુંબઈ)

૧ શ્રી જિનેશ્વર ભગવાનનો ઉપદેશ તો માર્ગે ન લાવી શકાય તેવા નિંદક કે નાશક બધાને માટે ઉપેક્ષા એટલે માધ્યસ્થ ભાવનાને અંગે જ હોય, પણ સરાગદશાવાળો મનુષ્ય દેવાદિના બહુમાનથી તેમ ન રહી શકે અને તેથી શ્રી હરિકેશીમુનિ અને ભગવાન મહાવીરના વેચાવચ્ચ કરનાર દેવ અને ઇંદ્રમહારાજે કરેલી શિક્ષા સંભવિત છે. તત્ત્વમાં અવગુણી કે નાશક પ્રત્યે દ્વેષભાવ નિર્જરાનું કારણ તો ન જ માને નિર્જરાના કારણ તરીકેનો પ્રશસ્તદ્વેષ તો મિથ્યાત્વાદિ અવગુણ પ્રત્યેનો જ ગણાય ॥૬૬૪॥

૨ વીતરાગ ભગવાનના વાક્યોના વિચારમાં પ્રશસ્ત લાગણીથી પણ ઉશ્કેરાયાને લીધે કહેવાયલાં વાક્યો ન ગોઠવવાં. ધ્યાન રાખવું કે તેજોલેશ્યા મૂકનાર ગોશાલાને અંગે તેનાથી અનંતગુણ શક્તિ ધરાવનાર શ્રમણ અને સ્થવિરોને ક્ષાંતિથી સહન કરવી નો જ બોધ વીતરાગે આપ્યો હતો. બે ઉત્તમ મુનિઓને બાળી નાખનાર અને ભગવાનની ઉપર તેજોલેશ્યા મૂકનાર ગોશાલા સાથે નિરુત્તર કરવાની ચર્ચા કરવાની છૂટ આપી હતી. અર્થાત્ એકલા લોકોને ઉશ્કેરીને દંડાદંડિ આદિ કરાવવાં અને શાસ્ત્રીય પ્રશ્નોત્તરોના પ્રસંગથી દુર રહેવું અને ચૂપ રહેવું કે ભક્તો પાસે લખાણ કરાવી બચવું એ એક સુજ્ઞ સાધુને યોગ્ય ન જ કહેવાય.

(આ ઉપરથી ઇંદ્રની ઘોષણા ને લુહાર વખતે કરેલ કૃત્યનો પણ ખુલાસો થાય છે.) ॥૬૬૫॥

૩ સમવસરણમાં અધિક ઋદ્ધિમંતદેવ આવે ત્યારે પ્રથમ આવેલા દેવતા નમન કરે છે એ વાત ધ્યાનમાં રાખી ગુરુનું અભ્યુત્થાન ચૈત્યમાં કરે તો આશાતના ગણાવાય નહિ ॥૬૬૬॥

૪ ઉત્સૂત્ર પ્રરૂપકોની બનાવેલી તેની હાજરીવાળી કે તે વિનાની પૂજામાં કે કોઈ તેના હસ્તકની પ્રતિષ્ઠામાં જવું તે ગચ્છ નિશ્રિત ચૈત્યોમાં આચાર્યાદિકને સપરિવારને ન ઉતરવામાં જણાવેલ કારણો તપાસતાં ઠીક લાગતું નથી, પણ નિર્ણય બહુ બારીકીથી અને સર્વથા મધ્યસ્થ દૃષ્ટિથી કરવાની જરૂર છે પક્ષદ્વેષને સૂત્રદ્વેષ ગણાય તો ધર્મનું નામ પણ નથી. (ખેડા શ્રમણોપાસક)

## નામ વગરના જિજ્ઞાસુ

શ્રી સિદ્ધચક્રના વાચન ઉપરથી જો તમારી શંકાઓ છે તો કયા પેજના કયાથી

કઈ કઈ શંકા છે એમ જણાવો અને જો તેનું સમાધાન શ્રી સિદ્ધચક્રમાં નહિ આવેલું હોય તો પેપરની નીતિ જાળવી જુદા વધારાથી યોગ્યથી પાઠો અને કઠણ શબ્દોના અર્થ સમાધાન આપવા અમે આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરિજીને વિનંતિ કરશું (તંત્રી)

☞卐☜

## સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૫ ૧૯૯૧ માગ. શુ. ૧૫ પૃ. ૧૧૩-૧૪

### સમાલોચના

આવ. ચૂર્ણિ પૃષ્ઠ ૧૨૮ अवरविदेहे तत्थ एगंमि गामे गामस्स चिंतओ एगं महं अडविं अणपविट्ठो + तेवा अडवी पंथेण + त देसंगता

આવ મલ. વૃત્તિ પત્ર ૧૫૨ अवरविदेहे एगंमि गामें बलाहिओ + महाडविं पविट्ठो + तेण अडविपंथेण + तं देसं गता

આવ ભાષ્ય अवरविदेहे गामस्स चिंतगो

આવા સ્પષ્ટ પાઠો હોવાથી નયસાર ગામના રાજા જ હતા, પણ તલાટી કે તેવા ન હતા અને ભયંકર જંગલના નાકાના જંગલમાં સાધુને નથી દેખ્યા એમ કહેનાર કેવો હશે તે વાંચકો સમજશે ॥૬૬૮॥ (સાપ્તાહિક)

૧ અમોઘ શબ્દનો અર્થ વ્યર્થ નહિ એવો જેમ થાય છે તેમ સફળ પણ થાય છે ॥૬૬૯॥ (બુદ્ધિપ્રકાશ)

૧ સંમેલન કઈ દાનતથી ભરવા તૈયાર થયા હતાં. તે વાત સંમેલનની વખતે જ અને બાનગી મસલતોથી ખુલ્લી પડી ગઈ હતી, અને સંમેલનને નામે સ્વપ્નાની બાબત પ્રમુખ પાસે ઉચ્ચારવાથી પણ ખુલ્લી થઇ હતી અને વળી હમણાં સંમેલનમાં રામચંદ્ર પંડિત અને આત્માનંદસભાએ કરેલ ધર્મબિંદુ ભાષાંતરની વડીદીક્ષા માટે છ માસની પરીક્ષા હોવાથી કલ્પના પહેલાંની છે એમ થયેલી વાત તથા ત્યાં જાહેર થયેલ નિશીથ વિગેરેના પાઠનું ધ્યાન રાખ્યા વિના અને સંમેલને પણ સામાન્ય ઠરાવેલી પરીક્ષાનો સવાલ ઉભો કરનાર સંમેલનમાં પોતાના પાસા ઉંધા પડયાની જાહેરાત કરે છે એમ જ કહેવાય ॥૬૭૦॥

૨ શ્રી નિશીથભાષ્ય, યતિજીતકલ્પ અને પંચવસ્તુ પછી બનેલ તથા આચારમાં મ્હેલાતી સુબોધા તથા આચારમય સમાચારીમાં નાની દીક્ષાની છ માસ કે કોઇપણ મુદ્દતવાળી પરીક્ષા હોય તો જણાવવી જરૂરી છે, તથા પંચવસ્તુને માટે કરાયલા પ્રશ્નોત્તરોના સમાધાનો દીધા સિવાય પિષ્ટપેષણ કરવું શુદ્ધલેખકને શોભે નહિ. ॥૬૭૧॥

૩ ધર્મસંગ્રહમાં 'દેયા' શબ્દ કોંસમાં કરેલ હોવાથી સ્વકલ્પના સિદ્ધ જ છે, છતાં પ્રવચનકારને અસ્ય શબ્દ અને આગલ આવતો તસ્ય શબ્દ કેમ સંગત કરવા તે ન સૂઝે તેમાં નવાઈ નથી. ॥૬૭૨॥

૪ જો પ્રવચનકારને અહિં યોગ્યતાના અર્થવાળો દેયા શબ્દ નડ્યો તો પછી એનાથી પહેલાં દીક્ષ્ય શબ્દ છે તે ન નડ્યો એ આશ્ચર્ય છે દેયાપદનો અર્થ દેવાલાયક એમ છતાં વર્ત્તમાન ક્રિયાપદ જેવો ગણનારે વિચાર કરવો ॥૬૭૩॥

૫ આવા વિષયાંતરો કરવાથી આર્યાનાર્ય આદિની ચેલેંજો ઉડાવી નહિ શકો.

૬ દીક્ષા લેનારની નપુંસકાદિ ન હોય એવી તપાસ કરવાનો કોઇએ નિષેધ કર્યો નથી ને કરતું નથી, પણ પ્રવચનકારને છ મહીનાની મુખ્યતાએ પરીક્ષા માટેની રોકાણનો આગ્રહ છે. ઉપમિતિ. કે સમરાઇચ્ચ માં મર્યાદા છે જ નહિ, માટે તે ભમાવનાર છે. ॥૬૭૪॥ (સાપ્તાહિક)

૧ અગીતાર્થ દીક્ષા દે એવું શાસ્ત્રવિધાન કોઈ કહેતું જ નથી, એ તો પ્રવચનકારની કલ્પના જ છે. ૬૭૫॥

૨ દીક્ષા દીધા પછી સાધ્વાચાર કહેવો એવું વિધાન પ્રવચનકારની કલ્પનામાં જ હશે ॥૬૭૬॥

૩ જે પાઠો મુખ્યતાએ છ માસ દીક્ષાર્થીને રોકવા માટે સંમેલનમાં પ્રવચનકારે આપ્યા હતા અને જે ઉપરથી સિદ્ધિ થઇ ન હોતી તે જ પાઠો પ્રવચનમાં આપી પિષ્ટપેષણ કર્યું છે ॥૬૭૭॥

૪ સાધુઆચારના અભ્યુપગમ અંગીકારનું નામ પરીક્ષા ચૂર્ણિકાર કહે છે ને તે પાઠ પ્રવચનકાર જાણે છે. છતાં તેને ન અડતાં એકાંત છ માસના જ ઉત્સર્ગમાં જવાય તે શું આશ્ચર્ય નહિ ? ॥૬૭૮॥

**૫ કદાચ નાની દીક્ષા માટે પણ છ માસની પરીક્ષા શાસ્ત્રીય હોય તો સમાલોચકને માનવાનો વાંધો શો ? કેમકે પ્રવચનકાર પોતે જ અપવાદથી નાની મોટી મુદત તો માને જ છે, અર્થાત પ્રવચનકારના મતે પણ પરીક્ષાનો નિયમિત સમય તો છે જ નહિ. અનિયમિતનો વ્યર્થ શાસ્ત્રાર્થ જ કહેવાય.** ॥૬૭૯॥

૬ આ જ પંચવસ્તુ આદિના પાઠોથી તેમના સહામાવાળાઓએ હીલચાલની શરૂઆતથી દીક્ષાનો આંતરો રાખવાની વારંવાર સૂચના આપી હતી, તે તેમના હિસાબે

વ્યાજબી હતી તો પછી આટલી બધી વખત અને આટલો બધો કલેશ હા ના ના વૈરનો જ સમજવો કે ? (વડોદરામાં શાસનના ભોગે સમુદાય જલવાયો અને આ વખતે શ્રી સંઘનો ભોગ વ્યકિત માટે લેવાયો એમ જ કે ?) ॥૬૮૦॥ (સાપ્તાહિક)

૧ કૌશાંબી નગરીથી દક્ષિણના માળવાદિ (સોરઠ જેમાં શ્રી સિદ્ધગિરિ છે તે) ને મહારાજ શ્રી આત્મારામજીએ ભગવાન શ્રી મહાવીર મહારાજ વખતે અનાર્ય તરીકે જાહેર કર્યા હતા એમ ખરૂં ? જો તે વાત જુઠી હોય તો તેનો પ્રવચનમાં સ્પષ્ટ ઇન્કાર થવો જોઈતો હતો અને જો તે વાત સાચી હોય તો અંક ૨-૩માં આપેલ ચેલેંજનો સ્વીકાર તમે (પ્રવચન મુદ્રકે) કે તમારા ગુરુ કે દાદાગુરુએ કેમ નથી કર્યો ? (તમોએ રદીયા આપવાની કરેલી જાહેરાત યાદ કરવી) ॥૬૮૧॥ (સાપ્તાહિક)

૧ કહેવતને સર્વથી સત્ય માની વગર સમજે લખાય, પણ માથે આવે ત્યારે ચોરની મોરપીછાંનું ચિહ્ન સાક્ષી પૂરે તેમ થાય. (વીરશાસન)

૧ દિગંબરભાઇઓ જયાં પણ શ્વેતાંબરોની સાથે સહકાર માગતા હોય ત્યાં શ્વેતાંબરોએ પોતે કલેશપ્રિય નથી તેથી ખાનગી સહકાર આપવો ઉચિત છે પણ એમાંથી કોઈની પણ ભાવિપ્રજાના વિચારોની સરલતા બાબત ખાત્રી રહે નહિ માટે મંદિર કે ઉપાશ્રયના સ્થાનકે મિલ્કત બાબતમાં સહકાર આપવો કે લેવો નહિ, અને એમ કરવાથી બંનેના સમુદાયો અને સંતાનો અડચણમાં નહિ આવે ॥૬૮૨॥ (હુબલી)

૧ પ્રવચનનું નામ આહ્વાનનો રદ થયેલો લેખ આવવાથી લખાય.

૨ અસંખ્યનિર્જરા આદિના લેખો ઘણા પ્રવચનના અંકોમાં છે તે જોવા.

૩ બહાર પડતા અંક સુધીના લેખો જોવાય જ છે. તમોએ તે પછીનો અંક જોયો ને બતાવ્યો હશે ॥૬૮૩॥ (જૈન પ્રવચન કાર્યાલય)

૧ સંમેલનની નાસીપાસીને લીધે અમારા આચાર્યને અમુકે ગાળો ખવડાવી એમ નવા આચાર્ય વગેરે ભાઇઓ આગળ અવળી બૂમો પાડે તેમાં સમાલોચકનો ઉપાય નથી. ॥૬૮૪॥ (પાટણ સમાચાર)

## શ્રીમાન રામવિજયજીના આહાનનો સ્વીકાર

તા. ૧-૧૨-૧૯૩૫ના 'જૈન પ્રવચન'માં તમોએ કરેલ આહ્વાનનો સ્વીકાર કરવા સાથે જણાવવાનું કે- મારો પક્ષ શ્રી તીર્થંકર ભગવાનની કાર્યરૂપે પરોપકારવાળી પ્રવૃત્તિ સામાન્યે સમ્યકત્વથી અને મુખ્યતાએ વરબોધિલાભ પછી હોય છે અને ललित-विस्तरાના आकालमेंते. વાળા પાઠમાં देवगुरुबहुमानिनः વિગેરે વિશેષણોથી તે વસ્તુ માનું

છું; પણ તમો ભગવાનૂ મહાવીર મહારાજના નયસાર ભવની માફક કાર્યરૂપે અનાદિકાલથી પરોપકારવ્યસની તીર્થંકરો હોય જ એમ માનો છો. આ પક્ષપ્રતિપક્ષમાં ફેર ન હોય તેમ કબુલાત જાહેર થશે તો તે માસની મુદત અમદાવાદના નામ વગરના જિજ્ઞાસુ પ્રશ્નકારને આપેલ હોવાથી ફાગણ ચૈત્રના બે માસમાં શ્રી સિદ્ધાચલજીથી વીરમગામ સુધીના કોઇપણ સારા ક્ષેત્રમાં મધ્યસ્થ પાંચ વિદ્વાનોની સમક્ષ તમારો પક્ષ તમો સાબીત ન કરી શકો તો તમારે તમારી માન્યતા ફેરવવાનું જાહેર કરવું અને તે જ શરતે હું પણ આથી જાહેર કરૂં છું.

**તા.ક.** : આર્યાનાર્ય વિગેરે બાબતમાં અહીંથી અત્યાર અગાઉ કરવામાં આવેલી ચેલેંજોનો તમારી તરફથી આવો જ સ્વીકાર સાથે જવાબ આવવો વ્યાજબી હતો.

પાલીતાણા લિ૰
તા. ૧૦-૧૨-૩૫ આનંદ સાગર



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૬ ૧૯૯૨ મા. વ. ૦)) સમાલોચના**

૧ શ્રી મહાનિશીથમાં ઉપધાનની તપસ્યાનો એક પ્રકાર નથી, પણ ઘણા પ્રકારો છે અને વાચનાના ભેદ માટે પ્રાચીન ગ્રંથની ચોકખી સાક્ષીઓ જણાવાઈ છે છતાં સમયને જ ધર્મ માનવાના આગ્રહવાળાને તેમ દેખાય તેમાં શું કહેવું ? ॥૬૮૫॥ (સમયધર્મ)

૧ સુબોધિકા વિગેરેમાં તલાટીપણા જેવી દશા જણાવનાર ગ્રામચિંતક જેવો શબ્દ તથા એકવચન અને કાષ્ટ માટે એવું સામાન્ય વચન સ્પષ્ટ છે છતાં પોતાના આગ્રહથી વિરુદ્ધ હોવાથી તેને જુઠું કહેનાર કેવા હોય ? ॥૬૮૬॥

૨ અનુકરણ ન હોય એમ પોકારનાર હવે 'સર્વથા અનુકરણ ન હોય' એમ કહે છે તો સર્વથા અનુકરણ કોઇનું કોમને ન હોય એ સર્વસાધર્મ્યના અભાવને સમજનાર કેમ પહેલેથી ભૂલ્યા હશે ? જોકે–અનુકરણીયતાનો મુદ્દો તો જુદો છે જ. ॥૬૮૭॥ (સાપ્તાહિક)

૧ સાધુ સેવા આદિ ધર્મના સાધનોને સુખનાં સાધનો તરીકે ગણાવે અને ધર્મ એ સુખનું સાધન છે એમ કહે એ સંવર નિર્જરા વિગેરેને કેમ ઘસડતા હશે ? ॥૬૮૮॥

૨ પ્રવચનકાર એમ હવે કહે છે કે પૌદ્ગલિક આસક્તિવાળાની ધર્મક્રિયા, આગળ મોક્ષ આપે છે અને મોક્ષમાં વળાવારૂપ થાય એવું પુણ્ય તેથી બંધાય છે. ॥૬૮૯॥

( વીર શાસન )

૧ દુવિહારવાળાને સાંજે બે આહારનાં પચ્ચકખાણ આપવાં જોઇએ પણ ચોવિહાર આપવામાં ખાદિમ સ્વાદિમની આજ્ઞા ન હોવાથી વિધેયતા ન થઈ જાય. ॥૬૯૦॥

**૨ ચોમાસાની દીક્ષાના નિષેધનું મૂલસ્થાન જોનારે પુરાણ એટલે પતિત અને ભાવિક શ્રાદ્ધ સિવાય અને તે પણ મુખ્યતાએ અન્યમત વાળા માટે છે તે સમજાય તેમ છે. આસો. શુ. ૧૦ (દશેરા) પછી નન્દી કે જે આડંબર રૂપ છે તેની પણ સ્પષ્ટ પ્રવૃત્તિ અને આજ્ઞા છે.** ॥૬૯૧॥

૩ શ્રી ધર્મરૂચિજીને પરઠવવાની આજ્ઞા તેમનો જીવ બચાવવાની અપેક્ષાપૂર્વક હતી ને તેથી અનેક જીવવિરાધના જોતાં તે બચાવ ગૌણ લાગ્યો. ॥૬૯૨॥

૪ પાદપ્રોંછન એટલે આસન એક હાથ સમચઉરસ હોય. ॥૬૯૩॥

૫ સાધર્મિકવાત્સલ્યને માટે કોઇપણ દિવસે નિષેધ ન હોય શંખપુષ્કલીકનું દ્રષ્ટાંત જોવું. ॥૬૯૫॥

૬ સ્થાનકવાસી પ્રતિમા માનતા કે સ્થાપતા હોય તો પણ તેઓના ધર્મસ્થાનકે શાસ્ત્રાનુસારીને જવું વ્યાજબી નથી. જૈનલિંગને જે સ્વલિંગ ન ગણતા હોય તેને શું કહેવું? ॥૬૯૫॥

૭ સંઘનું અપાયેલું દ્રષ્ટાંત કરેલ કાર્યની અનુમોદનામાં ન રાખતાં અવળારૂપે જે લેવાયું છે તે ધર્મબીજના દાહની વરાળ છે. એમ કહેવાય. ॥૬૯૬॥

૮ કાર્ત્તિકી એકમે શ્રી સુધર્માસ્વામીજીનો પટ્ટારોહ હોઈ તે દિવસે ધર્મપ્રેમીઓએ સ્થાપનાચાર્યનું પૂજન કરવું જ વ્યાજબી છે. સાધુઓનો તો દ્રવ્યસ્તવમાં અધિકાર નથી. ॥૬૯૭॥

(જૈન ધર્મ પ્રકાશ)

૧ અનાદિકાલથી સામગ્રી ન મળવાથી પરોપકારિકપણાનો ગુણ હતો છતાં વ્યકત નહોતો થયો એમ માનનારે ક્ષાયોપશમિકભાવ અનાદિસાંત માન્યો હશે. ॥૬૯૮॥

(સાપ્તાહિક)

૧ પત્રથી સાધુમહારાજને વિહારની અગવડો પૂછવા કરતાં વિહારની મુશ્કેલીવાળા સ્થાનો કમિટિએ તપાસ કરી અગવડતા ન રહે તેમ કરવું સારૂં છે. (સોસાયટી)

૧ અનેક યુકિતથી દેવાયેલ શાસ્ત્રાનુસારિ ઉપદેશ જ્યારે ન રૂચે કે ન માને ત્યારે અતિશય વિનાના મનુષ્યો સમજી શકે કે આ અવિનેય છે. ॥૬૯૯॥

૨ વીતરાગ ભગવાનનો કહેલો જ માર્ગ ગણાય, માટે તેની પ્રરૂપણા જ માર્ગ ગણાય. ભગવાન હેમચંદ્ર મહારાજા વિગેરે મહાનુભાવોએ શાસનની રક્ષ્યતા વિધેય તરીકે જણાવી છે સરાગદશામાં થતી દ્વેષાદિની પ્રવૃત્તિ અનુવાદ સ્થાને છે. ઉપેક્ષા ન કરવાનો અર્થ સામર્થ્ય છતાં રક્ષણીયની રક્ષા કરવી. નિંદક આદિના તાડન આદિને નિર્જરા કરનાર' તરીકે જૈન ગણી શકે નહિ. વ્યક્તિદ્વેષને નિર્જરા માનતાં અસુરોને વિષ્ણુએ માર્યા તે અને તીર્થરક્ષા માટે સંસારમાં અવતરવું તે યોગ્ય ઠરે, જો કે સરાગદશામાં તેવી પ્રવૃત્તિ તો થાય ને તે કથંચિત્ લાગણીથી લાભ દે. ॥૭૦૦॥

૩ આશાતના ટાળવાનો પ્રયત્ન હોવો જ જોઇએ ને તેથી નિર્જરા જ છે, પણ અવગુણી ઉપરનો દ્વેષ તો બંધરૂપ જ છે. ॥૭૦૧॥

૪ સરાગદશાવાળો દેવાદિની આરાધનાવાળો હોવાથી આશાતનાની ઉપેક્ષા ન જ કરી શકે પણ જો અવગુણીના પણ દ્વેષાદિને નિર્જરાનું કારણ ગણે તો માર્ગ જ ચૂકી જાય ॥૭૦૨॥

૫ પ્રભુની પૂજા કરતી વખતે મુખકોશ હોય. મનમાં જ ભગવાનના ગુણનું ચિંતવન કરવું તે યોગ્ય છે કોઈક સ્થાને બોલાય છે. ॥૭૦૩॥

૬ અજિતશાંતિમાં ગાથાઓને અંતે આવતા છંદના નામો છંદની બહાર છે છતાં તે બોલાય છે ને તેમાં હરકત નથી. ॥૭૦૪॥

૭ શ્રી પંચાશકજી વિગેરે શાસ્ત્રોના ફરમાન પ્રમાણે સ્ત્રીઓને માટે પરિણીત સિવાયના બધા પુરુષો વર્જિત પુરુષો છે અને તેથી તે ફેર લગ્ન કરે તોપણ અણુવ્રતનું ખંડન જ ગણાય, પણ પુરુષોને માટે પરિણિત સિવાયની બધી વર્જિત પર સ્ત્રીઓ નથી પણ જે પરણેલી કે પરણે તે સિવાયની પરસ્ત્રીઓ છે. અર્થાત સ્ત્રીઓને માટે સ્વપુરુષસંતોષ કે પરપુરૂષ વિરમણમાં ભેદ નથી અને પુરૂષને માટે સ્વદારસંતોષ તથા પરદાર વિરમણમાં ફરક છે ॥૭૦૫॥ ( બેડા શ્રમણોપાસક )

૧ નામ નહિ દેનાર જિજ્ઞાસુને માટે ગતાંકમાં આવેલી સૂચનાઓ બસ છે.
( બેડા મુનિરાજ )

૧ તીર્થંકરપણાને લાયકની તથાભવ્યતા શ્રી તીર્થંકરોને જ હોય, બાકી અન્ય પણ પરોપકારી અને દેવગુરૂ બહુમાનિઓને તથાભવ્યતા તો હોય છે જ, પણ તે વૃત્તિ ક્ષાયોપશમિક રૂપ નહિ હોવાથી અનાદિની ન મનાય, છતાં તેમ માનનારો આત્માને અનાદિ શુદ્ધ માનનારો થાય તેમાં નવાઈ નથી. ॥૭૦૬॥

૨ પ્રવચનકાર માર્ગ બતાવવા જતાં તો બીજાની હૈયાતિને કલ્પનાથી જ માનવા તૈયાર છે. તેમ એકલાએ સાધુઓને દેખ્યા અને પ્રતિલાભ્યા એમ માન્ય કરે છે. (સાપ્તાહિક)

**૧ પાષાણ કે ધાતુની પ્રતિમા કે શ્રી સિદ્ધચક્રજીની વિધિસહિત પ્રતિષ્ઠા થયી વ્યાજબી છે, માત્ર શાંતિસ્નાત્ર કે અષ્ટોત્તરીમાં મેલવાથી પૂજયતા શરૂ કરવી ઠીક નથી.** ॥૭૦૫॥

૨ ઉપધાનની માલની કંકોતરીનો રિવાજ ઓછો છે કહાડનારાઓનો અભિપ્રાય લાગતાવળગતા કે ધર્મપ્રેમીઓ આવે અને શાસનની ઉન્નતિ થાય એમ હોવો વ્યાજબી છે. ॥૭૦૮॥

**૩ શ્રાવકે શ્રાવકને તે મળે ત્યારે તો પ્રણામ જ કહેવાના અને કરવાના છે. અન્યમતવાળાને પ્રણામ ન કરાય તેથી તે મળે ત્યારે 'જયજિનેન્દ્ર' બોલવું વ્યાજબી છે, ને તેમાં આશાતના નથી જણાતી.** ॥૭૦૯॥

૪ શ્રમણવર્ગમાં સ્નાતક અને નિર્ગ્રંથને હિસાબે દુષ્પમાકાલમાં બકુશકુશીલથી તીર્થ છે એમ કહેવાય, બાકી શ્રાવકોને આશ્રીને તો નામશ્રાવક અને ઝાંખરા તથા ખરંટનાર શ્રાવકને પણ શ્રાવકપણારહિત માન્યા નથી. (શ્રાદ્ધવિધિ અને સ્થાનાંગસૂત્ર.) સ્વપર કલ્યાણ કરનાર તો માતાપિતા આદિ સમાન જેવા શ્રાવકો થાય. ॥૭૧૦॥

૫ સ્હામાવાળાઓએ એજ પાઠોથી છ માસનો નિયમ જણાવેલ છતાં તે ન માનતાં, હમણાં છ મહિનાની પરીક્ષાનો આગ્રહ કરવા તૈયાર થયા છે. તેઓ જો તે વખતથી તેવી બુદ્ધિવાળા હોત તો વધુ કલેશ ન થાત એ વાત ખરી છે એમ કહી શકાય. વર્તમાનમાં છ માસની પરીક્ષા કરીને જ કોઇએ દીક્ષા કરી છે કે કરે છે એમ કહેવું સત્યથી વેગળું જ છે. ॥૭૧૧॥

૬ સર્વવિરતિ તરફ રૂચિ ન ધરાવનારની પૂજા કારણરૂપ દ્રવ્યપૂજા નથી, પણ માત્ર રૂઢ દ્રવ્યપૂજા છે, એમ શ્રી હરિભદ્રસૂરિજી કહે છે ॥૭૧૨॥


૭ શાસ્ત્રપાઠ વિગેરેમાં અધિકારિપણાને જોવાનું છે, ધર્મશ્રાવણમાં તો સર્વ અધિકારી છે પાખંડી અને કાલસૌકરિક સરખા પણ શ્રવણથી બહિષ્કૃત ન હોતા. ॥૭૧૩॥

(મુંબઇનો પત્ર)

૧ કેટલાંક જનાવરો તો એવાં હોય છે કે પોતાના ચાલાને પોતાના છે એમ ન સમજતાં પારકાના ન હોય છતાં પારકા એમ સમજે છે, પણ તે જનાવરની અજ્ઞાનતાને આભારી છે. મનુષ્યને કેમ તેમ થાય છે તે સમજુ જાણી શકે. ॥૭૧૪॥ (વીરશાસન)

૧ જૈન પ્ર. વ્યવસ્થાપકે પરીક્ષાનું સામાન્યરીતે કુટવાની જરૂર નથી. સમાલોચકને નપુંસકાદિ ન હોવાની પરીક્ષા તો નિષેધ્ય હતી નહિ નેછે પણ નહિ, અને સંમેલને પણ તેવો સામાન્ય પરીક્ષાનો ઠરાવ કર્યો છે, અને પહેલાંના કોઈ પણ પ્રવચનમાં દીક્ષા થીને પરીક્ષા માટે છ માસ રોકવાનું કબુલાયું હોય તો તે જ **લખવું યોગ્ય હતું**
(જૈન)

**વાચકોને** :- સમાલોચકનું મંતવ્ય અત્યાર સુધીના લેખોથી સ્પષ્ટ થયું છે, માટે ચાલુ વિષયોમાં બીજો તેવો પુરાવો નહિ આવે તો હવે એ ચાલુ વિષયોનું પિષ્ટ-પેષણ કરવામાં નહિ આવે (તંત્રી)



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૮ ૧૯૯૨ પો. વ. ૦)) સમાલોચના**

૧ માલધારી શ્રી હેમચંદ્ર મહારાજ શ્રાવકના ચતુર્થ અણુવ્રતના અધિકારમાં લખે છે કે :- યોષિતાં સ્વમર્તૃવ્યતિરિક્તસ્ય સામાન્યપુરુષમાત્રસ્ય વર્જનમ્ અર્થાત્ પુરૂષોને પરસ્ત્રી ગમનથી વિરતિ એટલે બીજાઓએ પરણેલી, ગ્રહણ કરેલી સ્ત્રીઓનાં પચ્ચકખાણ એવી રીતે પચ્ચકખાણ હોય અથવા સ્વદારાસંતોષ એટલે માત્ર પોતાની પરણેલી તેમાં પણ વર્તમાન પરણેલી છે તેથી અથવા પરણેલી ને પરણું તે બધી સ્વદારા કહેવાય તેનાથી સંતોષ એમ બે પ્રકારે શ્રાવકને વ્રત હોય પણ; સ્ત્રીઓને તો પોતાના પરણેલા ભર્તાર સિવાય સામાન્ય રીતે પુરૂષો માત્રને વર્જવાથી જ ચોથું અણુવ્રત થાય છે.

આ ઉપરથી પુરૂષોને પરદારવિરમણ ને સ્વદારસંતોષ એમ બે પ્રકારે વ્રત હોય પણ સ્ત્રીઓને તો સ્વપુરૂષસંતોષ એટલે પરણેલા વર્તમાન પુરૂષ સિવાયના સર્વપુરૂષના ત્યાગે જ ચોથું અણુવ્રત હોય અને તેથી પુરૂષ માત્ર શબ્દ છતાં સામાન્યતઃ એવા શબ્દ લખ્યો છે. આ બાબતમાં આવી રીતે પંચાશક અને અર્થદીપિકા વિગેરેમાં પણ અધિકાર છે. ॥૭૧૬॥

૨ દુવિહારના પચ્ચકખાણવાળો માત્ર પાણી અને તંબોલ જેવું જ લઈ શકે. ઘી ગોળ સાથે કે દુધ સાથે દવા લઈ શકે નહિ. ॥૭૧૭॥

૩ પંચપરમેષ્ઠીની પૂજ્યતાની અપેક્ષાએ સિદ્ધચક્ર અને તેમાં પણ આચાર્યાદિની પૂજા કર્યા પછી અરિહંત મહારાજની પૂજામાં હરકત નથી. પુંડરીકસ્વામી કે ગૌતમ-સ્વામીની પૂજા કર્યા પછી પણ અરિહંત પૂજામાં હરકત નથી. તીર્થપ્રવૃત્તિની અપેક્ષાએ જ માત્ર પુંડરીક સ્વામીજી મૂલનાયક તરીકે છે અને બીજા જીનેશ્વર ભગવાનો આજુબાજુ છે. ॥૭૧૮॥

૪ દેવદ્રવ્ય અધિક વ્યાજે પણ શ્રાવકને ન ધીરવું તે ઠીક છે. લીધું હોય તો વ્યાજ સાથે આપી દઈ છૂટી જવું. ॥૭૧૯॥

૫ સાધારણ ખાતે તેવી રકમ ન હોય કે વ્યાજ અગર તેવી આવક ન હોય તો સાધારણ ખાતે લખીને કે દેવદ્રવ્યમાંથી વ્યાજે લઈને રકમ ખરચવામાં અધિકારીઓ અયોગ્ય જ કરે છે. ॥૭૨૦॥

૬ છોડાવતાં મરી જાય તેમાં છોડાવનાર જો ઉપયોગપૂર્વક અને યોગ્યરીતિએ જ પ્રવર્ત્યો છે તો તેને મુદ્દલ દોષ નથી. ॥૭૨૧॥

૭ અનુમોદન કે મદદની બુદ્ધિ કે ક્રિયા સિવાય અન્યની ધર્મક્રિયાથી અન્ય કોઈને પણ લાભ થઈ શકે નહિ ॥૭૨૨॥

૮ શ્રોતાને ધર્મ પરિણમવાની અપેક્ષાએ અરકત અદ્વિષ્ટ વિગેરે ગુણો બતાવ્યા છે પણ સંભળાવનારનો ઉત્થિત કે અનુત્થિત આદિ ધર્મ સંભળાવવામાં બાધક નથી.

( ખેડા શ્રમણોપસક )



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૮ પૃ. ૧૯૨ આ પ્રશ્નોત્તરોનો તત્ત્વાર્થ**

(૧) ભગવાન તીર્થંકરોના જીવો, (અનુકંપાગુણ સમ્યકત્વ સાથે થતો હોવથી) સામાન્ય સમ્યકત્વ પામે ત્યારથી પરોપકાર પરાયણ હોય છે અને અત્યંત તન્મયપણે વરબોધિલાભ પછી તો જરૂર પરોપકાર પરાયણ થાય છે.

(૨) ઔદયિક ભાવે કે ક્ષાયોપશમિકાદિભાવે પરોપકાર હોવાથી (અર્થાત્ ક્ષાયિકભાવે નહિ હોવાથી) તે પરોપકારીપણું અનાદિથી છે એમ મનાય નહિ.

(૩) ભગવાન્ જીનેશ્વરોનું સમ્યકત્વ માત્ર વરબોધિ ન કહેવાય પણ વિશિષ્ઠ સમ્યકત્વ જ વરબોધિ લાભ કહેવાય.

(૪) વરબોધિનો લાભ થયા પછી ભગવાન્ જીનેશ્વરો પરોપકાર કરવામાં લીન જ હોય છે.

(૫) તીર્થંકરના ભવથી પાછળ જે નિરંતર શુભકર્મની સેવાવાળા ભવો હોય તેમાં વરબોધિલાભ કહેવાય.

(૬) કારણરૂપે પરોપકાર પણ ક્ષયોપશમાદિરૂપ છે (ક્ષાયિક રૂપ નથી) માટે તે અનાદિ છે એમ કહેવાય નહિ.

(૭) યોગ્યતારૂપે પરોપકાર અનાદિ માનવા છતાં તે પણ યોગ્યતા વિચિત્ર હોવાથી શ્રી નયસારની પરોપકારની તથાભવ્યતા કે યોગ્યતા મિથ્યાત્વદશામાં પણ ફળવાળી થઈ તે વિશિષ્ટતા માનવામાં કોઇની નિંદા નથી. ભગવાન જિનેશ્વર મહાવીર મહારાજની સ્તુત્તિ છે. (શીહોરથી પૂ. ગુરૂદેવે પાલીતાણે પૂછાવેલા પ્રશ્નોના આ ખુલાસા છે.) ॥૭૨૩॥

**વર્ષ ૪ અંક ૮ ટાઈટલ પેજ ૩ ચર્ચાના ઉત્પાદકો અને ઉભેદવારોને**

(૧) દીક્ષાર્થીને રોકવા માટે પરીક્ષાને અંગે છ માસ સુધી રોકવો જોઇએ એવા આગ્રહ ધરાવનાર પક્ષ તેવી એકાન્ત છ માસની મુદ્દતનો નિયમિત પાઠ ન આપે કે પ્રવચનમાં પ્હેલેા તેવેા છ માસ રોકવાનેા સ્વીકાર થયેલ ન જણાવે અને ઓછા અધિકપણા સિવાયની એકપણ દિવસની નિયમિત મુદ્દત એક પણ શાસ્ત્રમાં પરીક્ષાની નથી, એ હકીકતને ઉત્સૂત્ર તરીકે બોલે તેમના બોલની કિંમત સજ્જનો આંકે. ॥૭૨૪॥

(૨) વિકારવાળા સાહિત્યને બેટે નામે ઉશ્કેરણી કરનાર સંમૂર્ચ્છિમવાળા આખા લેખને માટે જવાબદાર છે એ હકીકત નિર્મળ દ્રષ્ટિવાળા તેા જોઇ શકે જ છે. ॥૭૨૫॥

(૩) ભગવાન મહાવીર મહારાજની વખત અને મહારાજા સંપ્રતિ ધર્મ પામ્યા તે પ્હેલાં પણ માલવાદિ દેશેા આર્ય જ હતા, એમ ન માનનાર સૂત્રાનુસારી માન્યતાવાળેા થઈ શકે નહિ ॥૭૨૬॥

[ વિસ્તુસ્થિતિની ચર્ચામાં અસભ્યતા અસભ્યને જ વરે છે. ]

(૪) માલવા અને સેારઠ વિગેરે કૌશાંબીનગરથી દક્ષિણના દેશેા ભગવાન્ મહાવીર વખતે આર્ય ન્હેાતા, એમ સાબીત કરવાની દરેક શાસ્ત્રપ્રેમીને છુટ હેાય જ. ॥૭૨૭॥

(૫) માલવા અને સેારઠ આદિ દેશેા મહાવીર ભગવાન વખતે આર્ય ન હતા આવું સિદ્ધ કરનારને એ પણ સિદ્ધ કરવાનું કે શ્રી સિદ્ધાચલજી તેમના માનવા પ્રમાણે અનાર્ય એવા સેારઠમાં આવ્યા છતાં અનાર્ય ન ગણાય ॥૭૨૮॥

[ ચતુર્થ સ્તુતિ નિર્ણય સંકેાદ્ધાર આદિના લેખકેાએ તેા દેશના અનાર્યપણાને લીધે તીર્થની અનાર્યતા જણાવી જ છે. ]

(૬) શ્રી બૃહત્કલ્પસૂત્ર, નિર્યુક્તિ અને ટીકાકારે દેશેાનું આર્યપણું હેાવાથી સાધુ-સાધ્વીના વિહારની કલ્પ્યતા જણાવ્યા છતાં 'વિહારને લીધે આર્યપણું છે' એમ જેને જેને લાગતુ હેાય તે તે સૂત્રપાઠ વિગેરેથી ખુલાસેા કરી શકે છે. ॥૭૨૯॥

[ કૌશાંબી સામાન્ય શબ્દ છતાં દક્ષિણનું કૌશાંબી સ્થાન ન લેતાં કૌશાંબીનગરીનેા આગ્રહ વ્યાજબી નથી ]

(૭) અંગ, મગધની પૂર્વમાં અંગાલને માની તેને અનાર્ય માની શ્રી શિખરજીના તીર્થની અનાર્યતા મનવનાર પણ કેવા ચતુર હશે તે સમજાવવા કોશેશ કરવી પડશે ? ॥૭૩૦॥ (ત્રી)

**તા.ક.** વાંચકોએ ધ્યાન રાખવું કે શ્રી સિદ્ધચક્રપેપર શાસ્ત્રીય હકીકત સિવાય આઘાતનીતિનો કોઈપણ વ્યકિત માટે કોઈપણ દિવસ અમલ કરતું નથી.

[ પ્રવચનકારે નિયમિત મુદ્દતની વાતને ઉત્સૂત્ર કહી પછી નિયમિત મુદ્દતની વાત પરીક્ષા માટે ન જણાવતાં સામાન્ય પરીક્ષા શબ્દની હયાતિ જણાવી તેં શોભાસ્પદ નથી જ. આવશ્યકની ટીકાનો અર્થ આગ્રહથી જુદો જ કરેલ છે તે વાત શ્રી મલયગિરિજીની વૃત્તિ તથા વિશેષાવસ્યકની બન્ને ટીકાઓથી સાબિત થઈ શકે છે એમ અમને જણાવાયું છે, અને તેથી તે આવશ્યક કે તેની ટીકાને આધારે છ માસની પરીક્ષા આવે તેમ નથી. (ત્રી)

卐

## સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૯ ૧૯૯૨ મહા શુદિ ૧૫ પૃ. ૧૧૩-૧૪

### વાચકોને

૧ જૈનપ્રવચનની શરૂઆતથી અત્યાર સુધીમાં સંપાદકના નામે અને સંપાદક તરફથી જે અંકો બહાર પડયા હોય તો આચાર્યદેવશ્રીએ કરેલા આહ્વાનસ્વીકારના નિરૂત્તરપણાને પ્રતાપે જ છે. વ્યાખ્યાનના અત્યારપહેલાં તો સંપાદક માત્ર પ્રકાશક રહેતા અને હવે વ્યાખ્યાનના લેખમાં સંપાદક થયા, તેથીજ પાને પાને ઘણી વખત પ્રવચનકાર મહાત્મા એ પદ ગોઠવાયું, આહ્વાનના અંકમાં તેમ હતું જ નહિ.

૨ આહ્વાનવાળા પ્રવચનમાં ત્રીજા પુરૂષ તરીકે સંપાદકને વચમાં નાખ્યા નહોતા, પણ અસ્મદ તરીકેજ સ્વતંત્રપણે હતું. હજુ પણ ઉપાધ્યાય રામવિજયજીયે મુદ્દત, સ્થાન અને મધ્યસ્થોનો નિર્ણય જાહેર કરવો જરૂરી છે, પણ વચમાં સંપાદકને ઘુસેડવો નહિ.

૩ આચાર્યદેવશ્રીએ જણાવેલા પક્ષ-પ્રતિપક્ષ વ્યાજબી હતા તે તેઓને પસંદ ન હોય તો મધ્યસ્થો કહે તે પ્રમાણે કરવાનું અમે લખ્યું છે છતાં કેમ કબુલ કરતા નથી? તેઓ કાર્યદશામાંથી કારણદશામાં જઈને પ્રતિજ્ઞા કરાવવા ધારે છે તે ખોટું જ છે. નયસારના મુદ્દા ઉપર તેઓએ આકાલ નો પાઠ આગળ કરી 'અનાદિથી દરેક તીર્થંકરો નયસારની માફક પરોપકારી જ હોય છે' એમ સ્પષ્ટપણે જણાવ્યું પણ દેવગુરુબહુમાનિન એ વિગેરેથી પકડાયા પછીજ તેઓ કારણદશામાં ચાલ્યા ગયા અને ખોટી રીતે છટકી જવા માગ્યું, માટે કાં તો નયસારની માફક અનાદિથી પરોપકારિતા સાબીત કરવી કાં તો શાસ્ત્ર અને આચાર્યદેવશ્રીની આશાતના કર્યાનું પ્રાયશ્ચિત લેવું.

૪ વાલીજી બાબતમાં સમાલોચનામાં જણાવેલા 'વીતરાગપણામાં લબ્ધિ ફોરવવાનું ન હોય' તે વિગેરે મુદ્દાઓનું સમાધાન તો ઉપાધ્યાયજીએ કર્યું નથી અને તે બાબતમાં આહ્વાનનો તો શબ્દ સરખોએ ઉપાધ્યાયજીએ લખ્યો નથી, અને તેથી જ તેઓને તે બાબતમાં લગભગ શબ્દ વાપરી પ્રપંચ સેવવો પડયો છે, છતાં પણ તેનો નિર્ણય મધ્યસ્થો દ્વારા કરાવવાની તાક. દ્વારા સૂચના થયેલી જ છે.

૫ યથાસ્થિત, લગભગ, બરોબર વિગેરે શબ્દો વાપરીને જાણી જોઇને માયાથી મૃષાવાદના બચાવમાં જાય છે.

૬ અમદાવાદમાં આહ્વાનનો જે સ્વીકાર થયો હતો. તે ચોકખો જ હતો. જુઓ તેની નકલઃ– અમદાવાદ માગશર વદિ ૨ આનંદ સાગ

પં. શ્રી રામવિજયજી યોગ્ય.

તમારા છેલ્લા પ્રવચનમાં આવેલ આહ્વાનને અંગે જણાવવાનું કે– શ્રી ગુરૂતત્ત્વ-વિનિશ્ચયના 'અતએવ' પાઠમાં તમારૂં કથન પ્રકરણ વિરૂધ્ધ છે એમ સાબીત કરાશે તો તમારે માફી માગવી એ શરતે પ્રોફેસર શ્રી અભયંકરદ્વારા ખુલાસો કરવા અહીં આવો અગર હું ત્યાં આવું.

તા.ક. સમ્યકત્વોપત્તિ અને શ્રી શય્યંભવસૂરિજીવાળી બાબતમાં તમો આહ્વાન ન કરતાં ચર્ચામાં રાખો છો તે તો તમારી મરજી–"

આવો સ્વીકાર ચોકખી રીતે થયા છતાં તેઓએ ચર્ચા કરી નિર્ણય ન કર્યો પણ તે વખતે જે સમાલોચના આવે તે સ્વીકારી રાતોરાત તે આચાર્યદેવશ્રીના હાથના આહ્વાનનાં સ્વીકારની ચિઠ્ઠી પછી મોકલી આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે ઉપાધ્યાયજીની ટેવ છે કે– આહ્વાન કરવું અને સ્વીકાર થયે બસી જવું.

૭ બંને તરફના અનુક્રમે પ્રશ્ન, ઉત્તર અને મધ્યસ્થોના નિર્ણય શાસ્ત્રાર્થ વખતે લખાય તે સ્વાભાવિક જ છે, માટે તે બાબતનું લખાણ સમજવાળું ગણાય નહિ.

૮ શ્રી સિદ્ધચક્રના અંકોમાં ૪ વર્ષ ૨જો અંક ૪૮મું પાનું, ૪-૩-૨ ટાઈટલ, ૪-૪-૯૨, ૪-૫-૧૫૪માં ઉપાધ્યાયશ્રી રામવિજયજી સામા ચોકખા શબ્દોથી ચેલેંજો છે, તેમાંથી એકનો પણ સ્વીકાર તેઓના તરફથી થએલો નથી તંત્રી—

તા.ક હજુ પણ ઉપાધ્યાયજી પોતાના તરફથી આચાર્યશ્રી સિદ્ધિસૂરિજી, આચાર્ય શ્રી નીતિસૂરિજી, આચાર્યશ્રી નંદનસૂરિજી અને ઉપાધ્યાય શ્રી લાવણ્યવિજયજીને મધ્યસ્થ તરીકે સ્વીકારી સ્થાન અને મુદત જણાવતા હોય તો આચાર્યદેવશ્રી તરફથી કબુલાત

બહાર પડાવવાનું અમો માથે લઈએ છીએ અને મધ્યસ્થોને વિજ્ઞાપ્તિ કરવાનું પણ માથે લઈએ છીએ. ॥૭૨૪॥ —તંત્રી

**સિ. ૪ અંક ૯ ટાઈટલ પેજ ચોથું— પ્રવચનના સંપાદકને**

૧ ઉ. શ્રી રામવિજયજીએ અમદાવાદની માફક ઉતાવળથી આહ્વાન તો કર્યું પણ અમદાવાદની માફક જ આચાર્યદેવશ્રી સાગરાનંદસૂરિજી તરફથી તરત સ્વીકાર થયો, એટલે અમદાવાદમાં જેમ રાતોરાત ભક્તોને શ્રી સિદ્ધચક્રમાં આવે તે સમાલોચના કબુલ કરી, અડધી રાતે આહ્વાનના સ્વીકારની ચીઠ્ઠી આચાર્યદેવશ્રીના હાથની લખેલી પાછી મોકલાવી પાછા હઠ્યા હતા. તેવી રીતે આ વખત પણ સ્વતંત્ર માત્ર તમારા પ્રકાશકપણા તળે આહ્વવાન કર્યું પણ આચાર્યદેવશ્રીએ તેનો જલદી સ્વીકાર કર્યો એટલે ખસી જવા માટે ઉપાધ્યાયશ્રીએ તમારી પાસે હવે આખો ચર્ચાવિષય બહાર પાડવા માંડયો છે, પણ તમારી અને તેઓની બાજી હવે છાની રહી નથી. અમદાવાદની પેઠે હવે ઉપાધ્યાયશ્રી છટકી શકે તેમ નથી અને તમો છટકાવી શકો તેમ પણ નથી. જોસાચા હોય તો પૂર્વની માફક માત્ર પ્રકાશકપણા તરીકે કે ખુલ્લી તેમની સહીથી બહાર પડો અને પડાવો. યાદ રાખો કે– સમાલોચનાની જવાબદારી આચાર્યદેવશ્રીની જ હતી ને છે, છતાં આહ્વાનનો સ્વીકાર તેઓશ્રીએ પોતાની ખુલ્લી સહીથી ચોકખીરીતે બહાર પાડયો છે, જ્યારે તમે પ્રકાશક હતા તેના સંપાદક થઈ ને તેમને પડદામાં નાખ્યા છે.

૨ ચર્ચાના મુદ્દામાં શ્રી સિદ્ધચક્રમાં આવેલ નયસારના મિથ્યાદ્રષ્ટિપણાના કાર્યરૂપ પરોપકારનો મૂળ પ્રસંગ હોવાનું યાદ કરશો તો તમને આચાર્યદેવશ્રીએ લખેલો પક્ષ-પ્રતિપક્ષ જ વ્યાજબી લાગશે, માટે ઉપાધ્યાયશ્રીને સંમત થઈ તેઓની પાસે તે પક્ષપ્રતિ-પક્ષની કબુલાત બહાર પડાવશો..

૩ સ્થાન, મુદ્દત અને મધ્યસ્થોની જાહેરાત આહ્વાન કરનારે કરવી સારી હતી, છતાં જો ખુલ્લી સહીથી ઉ. શ્રી રામવિજયજી જો આચાર્યદેવને તે સ્થાનાદિકની જાહેરાત કરવાનું જણાવે, તો આચાર્યદેવશ્રી સ્થાનાદિકની જાહેરાત કરે.

૪ મિથ્યાદ્રષ્ટિપણામાં પણ નયસારે કરેલા પરોપકારની સામે થઈ 'સર્વ તીર્થંકરો અનાદિથી પરોપકારી જ હોય છે' એમ તમારા ઉપાધ્યાયે આકાલ.ના પાઠના નામે હાંકયું અને પછી જ્યારે તે આકાલ.ના ફકરાનો જ देवगुरुबहुमानिनः એ વિશેષણવાળો ભાગ આચાર્યદેવશ્રીએ બાધક તરીકે જણાવ્યો ત્યારે તમારા ઉપાધ્યાય 'કાર્યની દશા' છોડી નયસારનો કરેલ કાર્યદશાનો વિરોધ ભૂલી જઈ 'કારણદશામાં' ઉતરી ગયા છે, માટે તમારા ઉપાધ્યાયે જણાવેલ પક્ષપ્રતિપક્ષ ખોટા છે, પણ આચાર્યદેવશ્રીએ જણાવેલ પક્ષપ્રતિપક્ષ જ સાચા છે, અને તેથી ઉપાધ્યાય ચર્ચાના મોખરે ખસી જઈને તમને આગળ કરે છે.

ઉપાધ્યાયની સહીથી બહાર ન પડયું' તે બ્હાનું નથી પણ સાચી બીના જ છે. હજુ પણ તમારા પડદામાંથી નીકળીને ખુલ્લી રીતે બહાર આવે ને આચાર્યદેવશ્રીએ સ્થાન, મુદત અને મધ્યસ્થોને નીમવાની આપેલી છુટનો પવિત્ર ધ્યાનથી ઉપયોગ લે, એમ નહિ તો આચાર્યદેવશ્રી સ્થાન, મુદત અને મધ્યસ્થોનો નિર્ણય જાહેર કરી આહ્વાન કરનારને ફરજીયાત રીતે ખેંચી શકે તેમ હતા અને છે. ॥૭૨॥ તંત્રી—



## સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૧ ૧૯૯૨ ફા. શુ. ૧૫

### પ્રવચનના સંપાદકને

તમે અમદાવાદમાં મારા દ્વારાએ બનેલી બીના જે પ્રવચન, ૩૬-૩૭માં લખી છે તે તદ્દન અસત્ય છે. કેમકે તે બીના નીચે પ્રમાણે છે.

ઉ. શ્રી રામવિજયજી પાસેથી ત્રણ ધર્મપ્રેમી ગૃહસ્થો સેનેટોરીયમમાં આચાર્યદેવશ્રી પાસે આવ્યા અને પ્રથમ પરસ્પરના લખાણો બંધ કરવાની વિનતિ કરી, જેના ઉત્તરમાં આચાર્યદેવશ્રીએ સમાલોચના ઉપર એક પણ અક્ષર 'જિજ્ઞાસાતૃપ્તિ' તરીકે ઉભો રહે તો કોઈ કાલે પણ લખાણ બંધ નહિ થાય તેમ જણાવ્યું, ત્યારે તે ત્રણ ધર્મપ્રેમી ગૃહસ્થોએ જિજ્ઞાસાતૃપ્તિનું લખાણ સમાલોચના ઉપર ન આવવાની કબુલાત આપી અને લખાણ બંધ કરવા નક્કી કર્યું. તે પછી તે ધર્મપ્રેમી ગૃહસ્થો ઉ શ્રી રામવિજયજી પાસે ગયા અને પાછા મધ્યરાત્રિએ ઉ. શ્રી રામવિજયજી પાસેથી સેનેટોરિઅમમાં આચાર્યદેવશ્રી પાસે આવ્યા અને 'સમાલોચના તમો લખો છતાં ઉ શ્રી રામવિજયજી જિજ્ઞાસાતૃપ્તિનું લખાણ નહિ કરે એ વાત ઉ શ્રીરામવિજયજીએ કબુલ કરી છે' એમ જણાવ્યું અને તે કબુલાત સંભળાવવા મધ્યરાત્રિએ મને વિદ્યાશાળાએ લઈ જવા માંડયો. ઉઠતાં ઉઠતાં તે સદ્‌ગૃહસ્થોએ આહ્વનના સ્વીકારની ચીઠ્ઠી પાછી મંગાવવા આચાર્યદેવશ્રીને વિનંતિ કરી, જ્યારે આચાર્યદેવશ્રીએ તો ખુલ્લું જણાવ્યું કે- ચિઠ્ઠી ત્યાં રહેશે તેમાં કોઈ જાતની અડચણ નથી, છતાં વધારે વિનંતિ થવાથી આચાર્યદેવશ્રીએ મને ઉચિત લાગે તેમ કરવા જણાવ્યું અને તેમણે જિજ્ઞાસાતૃપ્તિ નહિ લખવાની કબુલાત આપી તેથી તેમનું (ઉ. શ્રી રામવિજયજીનું) હૃદય નિખાલસ થયું છે એમ જણાવી સમાલોચનાની નકલ આચાર્યદેવશ્રીએ મને આપી અને આજ્ઞા કરી કે- 'આ આવવાની સમાલોચના તેમને વંચાવજો અને આમાં જે શબ્દો કઠિન લાગતા હોય તે તેમના કહેવા પ્રમાણે સુધારજો.' એ આજ્ઞા થયા પછી મને તે ત્રણ ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થો તે મધ્યરાત્રિએ જ વિદ્યાશાળાએ લઈ ગયા ત્યાં જઈ સમાલોચના આવે તો પણ જિજ્ઞાસાતૃપ્તિ નહિ લખવી એવી ઉ શ્રી રામવિજયજી પાસે કબુલાત મને સંભળાવી, જ્યારે મેં તે સમાલોચનાની નકલ દેખાડી અને તેમાંથી દુઃખ ઉપજાવે એવા શબ્દો કાઢી નાખવા જણાવ્યું, ત્યારે પ્રથમ તો તેઓએ

જણાવ્યું કે- "જો એક 'જૈન પ્રવચન' શબ્દ સમાલોચનાની નિંદા ન આવે તો મારે કોઈ જાતનો વાંધો નથી" એમ કહેવા છતાં મ્હારા જ કથનથી કેટલાક કઠિન શબ્દો કાઢી નાખ્યા પછી પેલા ધર્મપ્રેમી ગૃહસ્થોમાંથી અમુક સદ્‌ગૃહસ્થે ઉ. શ્રીરામવિજયજીને આહ્વાનના સ્વીકારની આચાર્યદેવશ્રીના હાથની ચીઠ્ઠી કે જે બીજો મનુષ્ય સંગ્રહી જ રાખે પણ આપી ન શકે તે આપવા જણાવ્યું અને ઉ. શ્રી રામવિજયજીએ તે ચિઠ્ઠી મને આપી મેં તે વખત ચોકખા શબ્દોમાં જણાવ્યું કે- આચાર્યદેવશ્રીએ તો ચિઠ્ઠી 'તમો સમાલોચનાનો સ્વીકાર કરેલો હોવાથી હવે નકામી છે અને તમારી પાસે રહેશે તો જળવાશે' એમ કહેલું છે, એવું સ્પષ્ટ જણાવ્યા છતાં ઉ શ્રી રામવિજયજીએ તે ચિઠ્ઠી મને આપી, જે મેં સમાલોચનાની સાથે આચાર્યદેવશ્રીને સુપરત કરી.

આ મારી જણાવેલી હકીકતમાં કાંઈપણ ફેરફાર હોય તો ઉ શ્રી રામવિજયજી કે તે ત્રણ સદ્‌ગૃહ થો કે જેઓ હતા તેઓજ પોતાની સહીથી જણાવી શકશે.

**તા.ક.** આહ્વાનના સ્વીકારની ચિઠ્ઠી ન લખતાં આચાર્યદેવશ્રી વિગેરેનો વિચાર તો **હુંડીલ** કહાડવાનો હતો, **પણ** શ્રી સિદ્ધાચલજીના સંઘનો અવસર હોવાથી મેં પોતેજ આહ્વાનના સ્વીકારનું હુંડીલ નહિ કહાડતાં ચિઠ્ઠી લખવા વિનતિ કરી હતી અને આચાર્યદેવશ્રીએ તે વિનંતિ સ્વીકારી ચીઠ્ઠી ઉ ને દેવા આપી હતી અને આ વાત મેં ઉ.શ્રી રામવિજયજી તથા ત્રણ સદ્‌ગૃહસ્થોને વિદ્યાશાળામાં તે વખતે જ જણાવી હતી. **લલ્લુભાઇ**

**ટાઇટલ પેજ ૪થું અને ઉજળું પ્રવચનના સંપાદકને**

૧ તમો જે વખત પ્રવચનપત્રમાં માત્ર રિપોર્ટર તરીકે કામ કરતાં હતાં. પણ હાલની પેઠે કાર્ય નહોતા કરતા તે વખતે તમારા વકતાએ સ્થાન સ્થાન પર સ્પષ્ટપણે અને ઘણાજ વિસ્તારથી જાહેર કરેલું છે કે 'વાલ્મીકિમુનિજીએ રાવણને કરેલી શિક્ષામાં રાગ કે દ્વેષ સર્વથા હતા જ નહિ' અને શ્રી આચાર્યદેવશ્રીનું કથન એ હતું કે- 'રાવણ તીર્થનો દ્રોહી હતો અને તેથી તેના ઉપર તે કારણથી જ થયેલા રોષને અંગે જ તે શિક્ષણ હતું.' હવે તો તમારા તે વકતા વાલ્મીકિમુનિજીએ કરેલ શિક્ષા રાગદ્વેષ યુકત હતી પણ વીતરાગતા એટલે સર્વથા રાગદ્વેષ વિનાની દશાવાળી ન હોતી એમ તમારાદ્વારા જાહેર કરતા હોય તો શાસનપ્રેમીઓને આનંદ જ છે.

૨ સંપાદકજી ! અંતે સત્ય તરી આવે છે એવી લોકોકિત ખરેખર સાચી નીવડી છે અને તેથી તમારા હાથે જ પ્રવચનવકતાની પીછેહઠ સિદ્ધ થઈ ગઈ છે, કેમકે- તમારા જણાવવા પ્રમાણે આટલી વાત તો નકકી થાય છે.

૧ તમે કબુલ કર્યું છે કે શાસ્ત્રાર્થ અટકાવવા ચિઠ્ઠી પાછી મોકલવી એ રસ્તો ત્રણ ધર્મપ્રેમી ગૃહસ્થોને તમારા પ્રવચનવકતાએ જ જણાવ્યો.

૨ તમો કબુલ કરો છો જ કે ત્રણ ધર્મપ્રેમી ગૃહસ્થો પહેલા તમારા વકતા પાસે આવ્યા, તે પછી આચાર્યદેવશ્રી પાસે ગયા, એટલે શાસ્ત્રાર્થ અટકાવવાની ઓફર તમારા વકતા તરફથી તેઓ આચાર્યદેવશ્રી પાસે લઇ ગયા.

૩ તમો કબુલ કરો છો કે પ્રવચનવકતાએ પ્રવચનના નામ વિના પોતાના લેખને અંગે આવતી સમાલોચના સ્વીકારી હતી.

૪ તમો કબુલ કરો છો કે આચાર્યદેવશ્રીએ તમારા વકતાને તે સમાલોચના જોવા મોકલી હતી. અને તેમાં દુઃખદાયી માત્ર શબ્દો હોય તે કહાડી નાખવાની આચાર્યદેવશ્રીએ છુટ આપી હતી અને તેનો લાભ તમારા વકતાએ પુરેપુરો લીધો પણ હતો.

૫ તમો કબુલ કરો જ છો કે સમાલોચના કે જે તમારા વકતાની જિજ્ઞાસા અને તૃપ્તિ ઉપર જ આવતી હતી છતાં એક વખત તે આવે તો પણ તેની ઉપર જિજ્ઞાસા અને તૃપ્તિ નહિ લખવાની તમારા વકતાએ કબુલાત આપી હતી.

૬ તમારા લખાણથી એ પણ સ્પષ્ટ થાય છે કે– તમારા વકતાની સુચનાથી જ ત્રણ ધર્મપ્રેમીઓ શ્રી લલ્લુભાઈને તેઓની પાસે લઇ ગયા હતા. સમાલોચના આવે છતાં તેની ઉપર જિજ્ઞાસા અને તૃપ્તિ નહિ લખવાની તમામ વકતાના મુખેથી કબુલાત સંભળાવવા જ લઈ ગયા હતા.

૭ તમો એમ તો નથી જ કહી શકતા કે શ્રી લલ્લુભાઈએ આચાર્યદેવશ્રીનો ચિઠીની માગણી તમારા વકતા પાસે કરી હતી.

૮ ચિઠી પાછી જવાથી શાસ્ત્રાર્થ અટકશે એમ માનવું, કહેવું અને સદ્‌ગૃહસ્થો દ્વારા વિનંતિ કરવી તે પાછી મોકલાવવી અને સમાલોચના કબુલ કરવી એ પીછેહઠ ન હોય તો સમજુ મનુષ્યો તેને શું કહે ?

૯ તમારા વકતા તમારા પડદામાંથી નીકળી શાસ્ત્રાર્થ કરવાની સહી ન કરે અને મધ્યસ્થોની મંજુરી પણ ન કરે અને મધ્યસ્થો પાસે મને જવાનું કહો એ દુનિયામાં ચાલી શકે ખરૂં ? (તંત્રી)

તા.ક. સંપાદકજી ! અત્યારે જેમ ઉપાધ્યાયજી સ્થાન, મુદ્દત કે મધ્યસ્થોને નીમી શાસ્ત્રોર્થ ન કરતાં તમને આડા ધરી વિરમગામ સુધીની હદવાળી દિશાથી અવળી દિશાએ જવામાં બહાદુરી ગણે છે તેવીજ બહાદુરી અમદાવાદની બાબતમાં ગણી હશે. પ્રથમ તેઓ પ્રવચન વકતા તરીકે હતા ને તમને અનુવાદક કર્યા હતા. વચમાં તેઓ સંદેશો પાઠવનાર થયા અને તમને સંદેશો પહોંચાડનાર કર્યા અને તેથીજ તમોએ તમારા

વકતાની દશા પલટાવવા એક જ છાપામાં સેંકડો વખત પ્રવચનકાર મહાત્મા કહી નાખ્યા અને હવે તમને ઉંટ તરીકે આગળ ધરી પોતે ઉલટી દિશાએ પોબારા ગણે છે. જો તેઓ ખરે પ્રસંગે વિનંતિ કે દુર ગયાનાં બહાનાં કહાડે તો તે ચાલબાજી જ ગણાય, કેમકે આહ્વાનનો સ્વીકાર થયો છે ને મધ્યસ્થો પક્ષ પ્રતિપક્ષ કેમ લખવા તેનો પણ નિર્ણય આપી શકે તેમ છે, છતાં અવળી દિશાએ તમારા વકતા જાય છે. **અસલ તો ઓળીજી સરખા મહા અસજઝાયમાં કાલગ્રહણાદિ વિધિ અને પદવિધિ કર્યાં તેનો ઉત્તર ન દેવાયો, તેનો ઉકળાટ અનેક ઉત્સૂત્રભાષણરૂપે વૃદ્ધિ પામ્યો છે. તેઓએ સહી નથી આપી.** ને તમને આડા ધર્યા ને સ્થાન આદિનું તો નામ નિશાન પણ જણાવ્યું નથી એ વાત ખુલ્લી જ છે ॥૭૨૬॥ (તંત્રી)



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૨ ૧૯૯૨ ફા. વ. ૦)) સમાલોચના**

૧ વર્તમાન સાધુઓમાં અહમિન્દ્રતાનો પ્રવેશ છે એમ માનીએ તો પણ નાયકને મંજુર કરવામાં શાસ્ત્રીય રીતિઓને કોરાણે મૂકનારાઓને માનવની દિલાલી તેઓજ કરેકે- જેઓ પોતાના આત્માને સમ્યગદર્શન, જ્ઞાન અને ચારિત્રથી ચુકવનાર હોય સમ્યગ્દર્શનાદિને ધારણ કરનારા મહાપુરૂષોને નાયકને મંજુર કરવાનું કહેવુ તેના કરતાં પણ પહેલાં સાચા નાયકને જ તૈયાર કરવા ધર તૈયાર થયા પહેલાં વસવાટની વાત કરનાર જેવી દશા કોને શોભે ? ॥૭૨૭॥ ( સમયધર્મ )

૧ યુવકો તરફથી વારંવાર જે કહેવાય છે કે-દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને અંગે પરાવર્તન થયું છે અને થાય છે; પણ તેઓએ ધ્યાન રાખવું જરૂરી છે કે- આશ્રવને આશ્રવપણે અને સંવરને સંવરપણે અનુક્રમે છાંડવા અને આદરવા લાયકપણામાં દ્રવ્યાદિને આડે લવાય જ નહિ અને તેથીજ ભગવાનૂ શ્રી હેમચંદ્રસૂરિજી જણાવે છે કે-

आक्रालमियमाशा ते, हेयोपादेयगोचरा । आश्रश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः ॥१॥

અર્થાત્ – દ્રવ્યક્ષેત્રાદિના નામે આશ્રવના ધોધ વહેવડાવવા અને સંવરના પવિત્ર સ્રોતોને તોડી પાડવા એ સામાન્ય જૈનને (ય) શોભે નહિ ॥૭૨૮॥ (જૈન જ્યોતિ)

૧ જૈનધર્મપ્રકાશવાળાએ જો ટાઈટલ ઉપર દ્વીવીને જૈનધર્મ તરીકે જણાવી વચ્ચેની મોટી અને મંડળવાળી જ્યોતને જ્ઞાનના જમાનો જણાવી તની અધિકતા જણાવવા માગતા હોય તો જૈનધર્મથી ચ્યુત થાય છે ॥૭૨૯॥

૨ જૈનદર્શનમાં જ્ઞાન જરૂરી છે, પણ તે ચારિત્રના સાધન તરીકે હોવાથી જ ! આ કારણથી તો નિશ્ચયવાળાઓ સંયમને જ નિર્વાણનો રસ્તો માને છે. ॥૭૩૦॥

(જૈન ધર્મ પ્રકાશ)

**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૩ ૧૯૯૨ ચૈ. શુ ૧૫ પૃ. ૨૯૫થી 'સાગર સમાધાન' વિભાગમાં 'આર્યાનાર્યની ચર્ચા' શરૂ થઈ. ॥૭૩૦॥**

પ્રવચનકારે આહ્વાન કર્યું ને તેનો સ્વીકાર થયો, ત્યારે તેઓ સંપાદકને સોંપી બસ્યા; તેથી લેખો લખવાની ફરજ આવી હતી જે નવા લેખની જરૂર નહિ પડે તો હવે માત્ર 'ગ્રામચિંતક' નો લેખ આવશે હવે આવો પ્રસંગ હશે તો વધારો કાઢીશું તે શોભશે. —તંત્રી

卐卐卐

**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૪ ૧૯૯૨ ચૈ. વ. ૦)) સમાલોચના**

કથીર શાસનમાં જ અહમિન્દ્રના પૂજારી થઇ અન્યને અહમિન્દ્ર ગણાવાય ૧ અહમિન્દ્રના પૂજારીએ એ શ્રી મણિવિજયજી તપસ્વી તથા મહારાજ બુદ્ધિવિજયજીનું ચારિત્ર શ્લાઘનીય ન હતું એમ ક્રાન્તિકારી આચાર્યની ચોપડીમાં જણાવેલું જોયું નથી? ૨ અહમિન્દ્રના પૂજારી પોતે યોગ વહેવડાવવાના નામે દાનવિજયજી મહારાજથી મોટા થવા માગે અને પોતાના વડીલને યોગ વહેવડાવે અને વડીદીક્ષા આપે તે મહાત્માને તો ચરિત્રમાં સ્થાન જ ન આપે ૩ પોતાના વડીલની અહમિન્દ્રતા તપાસી હોત તો બીજાને અહમિન્દ્ર કહેવા બહાર ન પડત, કારણો (અ) યોગ વહેવડાવનાર છતાં યોગો ન વહ્યા. (આ) ગણિમહારાજની હયાતિ છતાં વાણીઆ પાસે આચાર્યનો ઈલકાબ વગર વિધિનો લીધો. (ઇ) વગર યોગવહે માંડળીઆ યોગો વહેવડાવ્યા. (ઈ) પદસ્થો પાસેથી પદ મેળવ્યા સિવાય વડી દીક્ષાઓ કરી. (ઉ) પરંપરાથી ચાલી આવતા પાણસ્સ ના આગાર ઉઠાવ્યા. (ઊ) યોગની પરંપરાવાળાઓને ચોરપલ્લીવાળા માનવાનું સૂચવ્યું. પણ તેમની દીધેલી વડી દીક્ષાઓ માની. (ઋ) શાંતિસાગરના મતનું ગણિજી મૂળચંદજી મહારાજે ઔષધ કરેલ છતાં તેમની નિન્દા ને પોતાની ખોટી પ્રશંસા ગોઠવાઈ ॥૭૩૧॥ (વીરશાસન)

૧ કથીરશાસનમાં જણાવે છે કે– 'કચ્છમાં ભગવાન સુધર્મસ્વામી પધાર્યા હતા અને પ્રતિષ્ઠા વિગેરે કર્યાં હતાં,' ત્યારે તેના પરમપુરૂષ તો– 'કૌશાંબીનગરીથી દક્ષિણમાં ભગવાન મહાવીર મહારાજ વખતે સાધુઓનો વિહાર જ ન હોતો અને તે બધા દેશો અનાર્ય જ હતા' એમ કથે છે, તો પુણ્યપુરૂષ આચા કે કથીર શાસનના લેખક સાચા ? (૨) નયસારની ગુણાધિકતાથી ઇતર તીર્થંકરોની ઘોર આશાતના માનનાર માંગાઓ 'તેમની હરોલમાં વર્તમાનના કોઈથી ટકી શકાય તેમ છે નહિ' આવું કેમ ભાખતા હશે ? (૩) વંશવેલીની ઘેલછાવાળાએ ઔષધ લેવું ન્યાજબી છે કે જેથી દશા સુધરે. અન્યની અપેક્ષાએ.....સંમૂર્ચ્છિમો શું વધારે નથી થતાં ? (૪) વંશવેલીની વૃદ્ધિ, એ કથંચિત્ શાસનવૈરની પણ વૃદ્ધિ છે, એ ન થયું હોય તો જ સંઘનું કલ્યાણ ગણાય.

(૫) ગર્ભજ કરતાં સમ્મૂર્ચ્છિમની ઉત્પત્તિ વધારે છે એ કથીરશાસનને ન સમજાયું હોય તો નવાઈ નથી. ॥૭૩૨॥

**પ્રવચનના સંપાદકને (તમારા છેલ્લા નિવેદનના અંગે)**

૧ તમારા ઉપાધ્યાયે શ્રી સિદ્ધચકના ચર્ચાસ્પદ લેખો વાંચ્યા હશે અને તેઓ તે લેખોથી પોતાની સાફ જાહેર ભૂલ સમજ્યા અને કાંઈ ન લખ્યું, છતાં તમો તે લખાણને અડયા સિવાય લખો તે તમને જ શોભે.

૨ અમદાવાદની બાબતમાં બ્હાર અને અંદર જે ખુદ્દ મનુષ્ય હાજર હતાં તેમના તરફથી સાચી હકીકત હતી તે જ લખાઈ છે જો તેમાં કાંઈપણ ફેરફાર હોય તો તે ત્રણ ધર્મપ્રેમીઓને તથા તમારા ઉપાધ્યાયને લખવાની છૂટ આપી હતી, છતાં તેમાંનું કાંઈપણ તમો કે તમારા ઉપાધ્યાય બતાવી શકયા નથી એટલું જ સત્યના પ્રેમીઓને સત્ય સમજવા માટે પુરતું સાધન છે.

૩ તમારા ઉપાધ્યાય કે તમો અવસરના નામે સત્ય વાતને ઉડાવવા અને જુદી વાતને પોષવા ન માગતા (હો તો) કાં તો શાસ્ત્રાર્થ કરો અથવા રીતસર ઉત્તર આપો, એ સિવાયના રસ્તા, ધર્મની લાગણીવાલા માટે તો શોભે તેમ નથી.

૪ જો તમારા દ્વારા તમારા ઉપાધ્યાય લેખોની પહોંચ આવી રીતે આપવા માંગતા હોય તો તેમને એટલું જ કહેવું બસ છે કે માર્ગનો ખપ કરી પહેલી તકે સુધારી લે.

૫. તમારા ઉપાધ્યાયે (૧) દરેક તીર્થંકરને અનાદિથી પરોપકાર કરનાર માન્યા, (૨) વાલીજીએ સર્વથા રાગદ્વેષ રહિતપણે લબ્ધિ ફોરવી એમ માન્યું (૩) બતએવનો જુઠ્ઠો અર્થ કર્યો (૪) સોરઠ આદિને અનાર્ય ઠરાવવા વ્યાજબી ગણ્યા (૫) આવશ્યકનો ખોટો અર્થ કર્યો, છતાં આ બાબતમાં તેઓએ લેખો વાંચ્યા છતાં ભૂલ જાહેર ન કરી ને ઉત્તર ન આપ્યો, તેથી વાચક શું સત્ય નહિ સમજી શકે ? (તંત્રી)

[illegible]

**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૫ ૧૯૯૨ સમાલોચના**

ભગવાન તીર્થંકર મહારાજ શિવાયનો કોઇપણ જીવ. ભવિષ્યમાં હોય તેવો સમર્થ વિદ્વાન, અને શુદ્ધ ચારિત્રના પાલક પણ 'જન્મસમયે કંઈપણ વિશેષતાને પામતા જ નથી' આ પ્રકારે આવેલ લખાણ સ્વતંત્રપણે થયું હોય તો પણ સુધારાને પાત્ર છે. ॥૭૩૩॥

૧ ક્ષાયિકની માફક ક્ષાયોપશમિક સમ્યકત્વ પણ છાસઠ સાગરોપમની સ્થિતિનું હોવાથી અન્ય જીવને પણ ભવાંતરનું હોઈ શકે ॥૭૩૪॥

૨ તીર્થંકર મહારાજ શિવાયના જીવો ભવાંતરથી મતિ આદિ જ્ઞાન ન જ લાવે એમ માનવું સૂત્રથી વિરૂદ્ધ છે. ॥૭૩૫॥

૩ શ્રી જિનેશ્વર મહારાજ સિવાય બીજા કોઈપણ મનુષ્યને ભવાંતરોથી અવધિજ્ઞાન સાથે ન જ આવે એમ શાસ્ત્રનો શ્રદ્ધાળુ તો માને કે કહી શકે જ નહિ ॥૭૩૬॥

૪ આવશ્યકાદિ સૂત્રોને જાણનારો મનુષ્ય તો ભગવાન તીર્થંકર શિવાયના ગણધર અને આચાર્યાદિને તે તે નામકર્મની સત્તાવાળા હોવાથી ઇતરજનો કરતાં વિશેષતાવાળા માન્યા શિવાય રહી શકે જ નહિ. ભાવિતાત્મા અનગારની એક સ્વપ્ન દેખે છે એ પણ કથન શું સામાન્ય છે? ॥૭૩૭॥ (વીરશાસન)

૧ શતાબ્દીની ઉજવણી શાસ્ત્રાનુસારિણી છે કે વિરૂધ્ધ છે ? એ બાબતની ચર્ચા શાસ્ત્રપાઠ અને તેને અનુસરતી યુકિતયોથી થવી વ્યાજબી છે. છતાં અંગત આક્ષેપોથી પરસ્પર હુમલા કરી ચર્ચા બગાડવી એ વ્યાજબી નથી. ચેલેંજ કરનારે આક્ષેપથી દુર રહેવું. ॥૭૩૮॥ (વીરશાસન)

૧ વીરશબ્દમાં રહેલી કર્મવિજેતૃતા ન સમજે અને તેમના અનંતવીર્યને ન સમજે તે જ મનુષ્ય વેદના કલ્પિત અર્થો ઉપજાવનાર અને વર્ણવ્યવસ્થાના લોપક હોઈ હિંદુધર્મના ઉચ્છેદકને પણ વીર માની સરખામણી કરી મુનિવેષ અને જૈનપણાને લજવે. ॥૭૩૯॥

૨ પોતાની છબીઓ મનાવે અને પરમેશ્વરની પ્રતિમાને ન માનવાની અનાર્યસમાજીયોની સરખાવટ દેખીને તેનો રાગી થનારો મનુષ્ય સૂત્રસિધ્ધાંતનો જ ઉત્થાપક થાય છે તેટલું જ નહિ. પણ દગલબાજ પણ બને છે. ॥૭૪૦॥

૩ જૈન ધર્મ, ગર્હિત અને જુગુપ્સિતકુલોનો નિષેધ કરે છે, છતાં જહેણે તે વ્યવસ્થા પેટ ભરવા માટે વેગળી મેલવી છે તે વર્ણવ્યવસ્થાના લોપક બની અર્ધમુસલમાન થનારાના મતને સહકાર દેનારો થાય તેમાં આશ્ચર્ય શું ? ॥૭૪૧॥

૪ ભારતીય ઇતિહાસના અજ્ઞાનલોકો સ્વયંપ્રભાની વાતને ન જાણે, અને બ્રાહ્મજાતીએ જાતિના નામે ધાડો પાડેલી ન જાણે, તેઓ ધર્મને નુકશાન કરનાર બોલે તેમાં નવાઈ નથી. પણ જૈનવેષધારી એવું બોલે તે તો ખરેખર અકકલહીન અને ધર્મથી દુર ધસી ગયેલી પ્રજાજ ચલાવી લે ॥૭૪૨॥

૫ પ્રતિમા અને વર્ણવ્યવસ્થાના લોપને લીધે અર્ધમુસલમાન બનેલો મનુષ્ય તેવાના જ મુખે પ્રશંસાને મેળવે કે જે પોતે તેવી સ્થિતિમાં જ હોય ॥૭૪૩॥

( ૨૨-૪-૩૬ મુંબઈ સમાચાર )

૧ શ્રી જિનેશ્વર આદિના પરમ માનનીય વચનોની શ્રદ્ધાને હૃદયમાં સ્થાન નહિ આપનારા, લૌકિક કે લોકોત્તર મિથ્યાત્વમાંથી એકકે નહિ છોડનારા, શ્રાવકના દેવપૂજા આદિ ષટકર્મોથી વાર તહેવારે પણ સંબંધ નહિ રાખનારા શ્રાવક, કોઈપણ શ્રાવક કે કોઈની પણ ટીકા કરે તે તાવડી કચોલાને હસે, એના જેવું ગણાય ॥૭૪૪॥

૨ જેમ શ્રાવક નામને સર્વ કોઈ ધારણ કરે છે, છતાં ગુણજ્ઞ પુરૂષો માત્ર શ્રાવક નામ તરફ નહિ દોરવાતાં શાસનદ્રોહમાં દાખલ થયેલને એકઅંશે પણ પોષવા તૈયાર થયા નથી અને થતાં નથી. તેમ મુનિ ઉપાધ્યાય કે આચાર્ય નામ ધરાવવા માત્રથી ગુણજ્ઞો તેવા સર્વને પૂજવાના નથી. એ ચોકકસ છે. ॥૭૪૫॥

૩ ધર્મબલની ધગસને ધક્કો મારીને પણ સંખ્યાબલજ જેઓને ઈષ્ટ છે તેવા લોકોએ ખોટી અને નકામી સંખ્યાઓની વૃદ્ધિને પણ વધાવી લેવી જોઈએ. સુધારકોની જે લેવા દેવાના તોલ માપ જુદાં રાખવાની ખુબી છે તે અહિં નહિ લગાડાય તો સારૂં છે એ તો સ્વાભાવિક જ છે. (જૈન જ્યોતિ)

## — વકીલ વ્રજલાલ રામજી લાઠીવાલાને —

'સંશય વિદારણ'ની ચોપડીનાં પૃષ્ઠ ૮ અને ૯માં લખેલ પાઠ કયા સૂત્રનો છે ? કોનું કરેલું તે સૂત્ર છે ? તેની પ્રત કઈ સાલની લખેલી છે ? તથા કોના ભંડારમાં કયા નંબરમાં છે? આટલો ખુલાસો આવ્યા પછી તેની સમાલોચના અને તમારા બીજા પાઠો અને તેના અર્થોની સમાલોચના કરવામાં આવશે જો એક મહીનામાં સંતોષકારક ખુલાસો નહિ આવે તો તે પાઠ કલ્પિત છે એમ માન્યતા દ્રઢ રહેશે અને તેને આધારે જે લખાણ વગેરે થશે તેમાં તમારી જ જવાબદારી રહેશે. (તંત્રી)



સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૬ સં. ૧૯૯૨ પૌ વ. ૦)) સમાલોચના

૧ કંચનની જેખુબી છે કે કાળી કસોટી ઉપર કસાય તોપણ પોતાનો રંગ ન ચુકે તે કથીરમાં ન જ હોય અને તેથી દ્વેષાગ્નિજ માત્ર પેપરમાં પધરાવે પણ ખુલાસાની ખંતનો તો ખટકારોએ ન હોય એમાં આશ્ચર્ય નથી.

૨ અહમિન્દ્ર ઇર્ષાખોર તેજોદ્વેષી વગેરે શબ્દોથી જેઓ પોતાની જાતને શણગારે તેઓ યથાર્થ ઉત્તરની પ્રણાલિકામાં ન આવે એ અસ્વાભાવિક નથી

૩ જયંતિ ઉજવવી અને શતાબ્દી નહિ, સાધર્મિકને પૈસા વગેરે આપવું પણ ધંધો નોકરી કે સગાઈનો સંબંધ ન થાય. કોર્ટ સમક્ષ અને જાહેર પેપરમાં એક વખતના સહી કરેલ ઠરાવોને જમીનદોસ્ત કરવામાં શોભા ગણાય વગેરે જાહેર હકીકતને જોનારો यन्माधवेनोक्तं तन्न એ ઉક્તિને બરોબર અનુભવે છે.

૪ પટધર, ઉંટડીનું દુધ; હરસનો જીવ. સૂતકની તક (૨૧૨) વગેરે ચર્ચાઓ કેમ જન્મી તેનો વિચાર કરવાનો કથીરપક્ષીને ન જ હોય ॥૭૪૭॥

( વીર (કથીર) શાસન )



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૭ સં. ૧૯૯૨ જે.શુ. ૧૫ સમાલોચના**

૧ 'શ્રી જિનેશ્વર દેવોએ જે કહ્યું તે જ સાચું અને શંકા વિનાનું એ માન્યતા જો પ્રમાણિક હોય તો શકયમાં પ્રવૃત્તિ અને અશકયમાં સદ્દહણા હોવી જોઇએ' આ વદનારે અવિરતિ સમ્યગ દ્રષ્ટિઓ શ્રી કૃષ્ણ મહારાજ જેવા આ લોકના કાર્યોની સિદ્ધિ માટે પૌષધ ઉપવાસદિક કરતા અને આત્મકલ્યાણની દ્રષ્ટિએ નહોતા કરી શકતા એ દેખીને શું તેઓને અપ્રમાણિક માનનાર ગણતા હશે ? શકયમાં થતી પ્રવૃત્તિ સદ્દહણા પૂર્વકની જ હોવી જોઈએ **શકયની પ્રવૃત્તિ અને અશકયની સદ્દહણા એ સાધુનું ચિહ્ન છતાં અવિરતિ અને દેશવિરતિને એ લક્ષણ લગાડનારો વસ્તુને સમજ-તોજ નથી એમ કહેવાય. ખરી રીતે તો પ્રમત્તસાધુને પણ એ લક્ષણ** લાગુ થાય તેમ નથી. અપ્રમાદિ સાધુઓ માટે શકયની પ્રતિપત્તિ અને અશકયની માત્ર સદ્દહણા જ હોય. પૂરેપૂરા વીર્યાચારને પ્રવર્તાવવાળા જ તેવા ગણાય એ સ્વાભાવિક છે ॥૭૪૮॥

( જૈન પ્રવચન )

૧ ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસનને માનનારાઓને ભૂલની જાણ થતાં ને તે સુધારતાં ભડકો સળગે નહિ. ભડકો સળગે ત્યાં જાણવું જ નકામું ગણાય. પણ એ હકીકત ચરણદાસને તો જરૂર સમજાવવી જ જોઇએ ભૂલ થઈ છે. સુધારવી છે. એમ છતાં ચરણદાસનો જે ફડફડાટ થાય તે શોભતો નથી જ. હજી પણ એ ફકરો જોઈ ધાનતની શુદ્ધતા કેવી છે તે જોવું. ॥૭૪૯॥

( જૈન )

૧ સર્વદા ક્રોધરહિત વીતરાગ જ હોય અને તે કોઈને લબ્ધિ ફોરવી સજા કરે નહિં, આ સાદું સત્ય ન સમજાય ન મનાય કે ન બોલાય, તેને જૈનશાસન કે વીરશાસન પરિણમ્યું ગણે તેને જ ધન્ય છે ॥૭૫૦॥

( વીર શાસન )

૧ સહેતુક કે નિર્હેતુક કોઈપણ લખાણથી વાચકવર્ગને ક્રોધ કે અભિમાનાદિ જાગે તો તેનો મિચ્છામિ દુક્કડં દઇએ એ જ હિતમાર્ગ છે હેતુનો સુધારો નિર્હેતુકની ક્ષામણા જે કરે તેનું કલ્યાણ જ છે. ॥૭૫૧॥

( જૈન )

૧ જૈનશાસન માનનારાઓની આદ્ય કર્ત્તવ્યતા જ ત્યાં છે કે જે આજ્ઞાયુકત અનુષ્ઠાન હોય. એ વાત સર્વ પ્રકારે સત્ય છતાં જેઓ અવ્યાપ્તિ આદિ દોષોને ન માનતા હોય

તેઓજ આજ્ઞાને પ્રયોજક તરીકે ન માનતાં સહચાર તરીકે જ માનેઃ उदेसो पासगस्स नत्थि એ વાતનો વિચાર કરવો જરૂરી છે. ॥૭૫૨॥ (જૈન પ્રવચન)



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૭ 'પ્રવચનના સંપાદકને'**

આચાર્યદેવશ્રીએ શાસ્ત્રના પાઠ સાથે પ્રશ્નોત્તરરૂપે ચાલુ વિષયો ચર્ચ્યા છે એટલે તમારા લખાણની કિમ્મત લખાવનારને જ મુબારક જો તમારા નવા આચાર્યને 'ભૂલ પોતાની છે' એમ ન માનવું હોય તો ૧ સમ્યકત્વ પૂર્વે પણ સર્વકાલ પરોપકાર કરવાવાળા જ જીવો તીર્થંકરો થાય છે. ૨ વાલીજીએ સકષાયપણે લબ્ધિ નથી જ ફોરવી એમ જણાવવા માટે વીતરાગ લબ્ધિ ફોરવે. ૩ अतश्चाएव. વાળા ગુરૂતત્ત્વ વિનિશ્ચયના અને ઇત્યાદિ પ્રકરણાદેઃ વાળા આવશ્યકના પાઠોના અર્થો સાચા ઠરાવવા, આમાં તટસ્થ પાંચ કોઈપણ આચાર્યોની સંમતિ બહાર પાડવી યોગ્ય છે

૨ તમારા નવા આચાર્ય જો લાઈનસર પ્રશ્ન કરશે તો હું માનું છું કે- આચાર્યદેવ બીજા પ્રશ્નો કરતાં તેના ઉત્તરો પહેલા આપશે

૩ તમારા નવા આચાર્યે પૃષ્ઠ ૫૭૫માં પાંચ વખત આર્હદ્દર્શન શબ્દ આપ્યો છે. તે જો નવી શોધ ન હોય તો સુધારવા લાયક છે, એમ તમને અને તમારા નવા આચાર્યને જરૂર લાગવું જોઈએ. આશા છે કે પહેલાં ઘણી વખત કર્યું છે તેમ આમાં ચાલાકી નહિ ચલાવાય પેરોપાકો निउज्झियव्वं એ જો છાપાની ભૂલ હોય તો તો निउंजियव्वं એમ માની લઉં- કદાચ (આર્હદ્દર્શન જેવી) નવી શોધ હોય તો ખુલાસો જણાવવાની જરૂર છે.

**તા.ક.** : સંપાદકે ધ્યાન રાખવું કે શબ્દની ચાલાકી કરવાનું કાર્ય ચાલાક ચંદ્રો ને સોંપી વસ્તુસ્થિતિને નિરખી સત્યના સાથીપણાનો કંઈક અંશ હજી છે એટલું જણાવાય તો સારૂં છે.

મી. લલ્લુભાઈએ લખેલ હકીકત ખરી છે. કારણ કે તે તેમના અનુભવની છે તમે તો સાદ્યન્ત અનુભવ બહાર જ છો છતાં તમારા નવા આચાર્ય કે તેમના ગણાવેલ ધર્મ-પ્રેમિયો તેમાં સાચું અન્ય હોય તો કેમ જાહેર કરતા નથી ?

ખરી રીતે તો આચાર્યદેવ જે ગામમાં હશે ત્યાં તમારા નવા આચાર્ય હાલમાં ખસી ગયા છતાં અકસ્માત આવશે અથવા નવાને સ્થાને તેઓ આવશે, ત્યારે વિષયનો સ્ફોટ અને તેનો નિર્ણય થશે. **દિશા પલટી છે તેમ દેશ ન પલટે તો સારૂં.** જેમ અત્યારે સંપાદકની સોડમાં ગયા છે તેમ તે વખત તો નહિંજ જઈ શકે. (તંત્રી)

**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૮ ૧૯૯૨ જે.વ. ૦)) પ્રવચનના સંપાદકને**

૧૭માં અંકનો ઉત્તર તથા તમારૂં અધુરૂં લખાણ આવશે એટલે જો આ વખત વ્યર્થ પ્રલાપ અને જુઠું ડફાણ નહિં લખાવ્યું કે લખાયું હોય તો યોગ્ય અને સત્ય ઉત્તર રીતસર દેવાય છે તેમ દેવાશે. તંત્રી

**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૧૮ સમાલોચના**

કથીરશાસને-કથીરશાસન ઇર્ષાના સ્મશાનમાં સફર કર્યા કરે તેનાં કરતાં સંમૂર્ચ્છિપણું અનાર્યકથન આદિ પહેલાના તથા અસ્વાધ્યાયે કાલગ્રહણ આદિ વર્ત્તમાનના થયેલા અનર્થનું શમન કરે તે જ સારૂં ગણાય યાદ રાખવું કે સન્નિપાતવાલાને પોતાના દરદનું ભાન ન હોય, પણ તે બિચારાને જલદી સ્મસાનમાં સિધાવવું પડે છે, માટે તમારૂં તેમ ન થવા માટે દરદ અને દવા માટે યોગ્ય કરવું સારૂં છે, અગ્રજો ઉત્સૂત્ર બોલ્યા તે સ્થાપવું પડયું અને અભિમાને પોતાનાથી છુટયા એ વાત તો જાહેર છે. ॥૭૫૩॥ (વીરશાસન)

૧ સચિત્તજલમાં સમયે સમયે અસંખ્યની ઉત્પત્તિ અને નાશ છે. ૨ અચિત્ત કરવાના આરંભ કરતાં ભક્ષણમાં થતો આરંભ અલ્પ અવગુણવાળો છે, એ હકીકત અપકવ અને દુષ્પકવ ઔષધિને વર્જવાનું કહેલ હોવાથી સમજાશે ૩ બનાવટી બરફ પણ તેવી સાંયોગિક સ્થિતિએ થાય છે ૪ પર્વે આરંભ વર્જવો એ શ્રુતવાણીનું તાત્પર્ય છે. ૫ કારણ અને કાર્યની પૃથગ્દશા સમજવાથી પૂર્વકાયની શંકા નહિ રહે. ૬ અયોધ્યાથી ઉત્તરમાં અષ્ટાપદ છે, ભરતના દક્ષિણ મધ્યભાગ શિવાયમાં અનાર્ય જ ક્ષેત્ર છે વૈતાઢય એ હિમાલયથી જુદો છે, દક્ષિણ મધ્યભાગ શીવાયના રાજા વર્ત્તમાનમાં છે તેમ તે ભાગ તેના આધીન હોય. (આ પાંચ પ્રશ્નોત્તરોથી માત્ર સમાધાની થાય તત્વજ્ઞાન ન થાય એ સમજવા જેવું છે.) ॥૭૫૪॥

આચાર્યપદથી વિભૂષિત થનારાઓમાં અનેક વ્યક્તિઓ લાયકપણે છે, યોગપૂર્વક અને પદસ્થોથી લેવાતી પદવીઓમાં જ્યારે અધિકતા લાગે તો વગર યોગે કે ધરબારી પાસે પદવી લેતાં તો રાફડો ફાટે તેમાં દોષ કોનો અને કેમ નિવારવો એ ચર્ચકોએ જ વિચારવું ॥૭૫૫॥ (જૈન)

શ્રીયુત વીરેન્દ્રને—

શ્રી કેશરીયાજીના ધ્વજાદંડનો અધિકાર શ્વેતાંબરોને જ હતો અને છે કમીટીમાં પણ તેના પુરાવા દાખલ થઈ ગયાં છે. તમારો એકકે પુરાવો નથી, ધ્રુજી જવાથી રાજ્યે તે ઉતાર્યો છે, તેમાં તમારૂં કાંઈ વળ્યું નથી. પણ તમે તો હકિકત જૂઠારૂપે જ રજુ કરી છે. ૨ મથુરામાં નીકળેલી શ્વેતાંબરોની ગણ કુલ શાખાદિના લેખવાળી જૈનમૂર્ત્તિઓ

કચ્છ વિનાની મૂર્તિ દિગંબરોની જ હોય એ ભ્રમ જ છે. ૩ નવચોકી, નગારખાનું અને હાથી ઉપર શ્વેતાંબરોના ચોકખા અને યોગ્યસ્થાને લેખો છે. ( દિગંબરના કહેલા પત્થરો મંદિરના લેખના જ નથી.)

૪ દિગંબરો શ્વેતાંબરોની પોલમાં ઘુસી જાય છે તે વાત તમો જુની જણાવો છો તે ચેતવણી રૂપ છે એમ ખરૂં છે. ૫ ભગવાન કેશરીયાજીની મૂર્તિના પાષાણમાં સ્વપ્ન છે જ નહી ૬ પુસ્તકોની યુરોપીયન યાદી તરફ જોવાની તસ્દી લીધી હોય કે જુના ભંડારના પુસ્તકો જોયાં હોય તો આવું અણસમજનું લખાણ કોઈપણ નહિ કરે કે લખનાર એ જ રચનાર જ હોય. ॥૭૫૬॥ (જૈન દર્શન)

૧ મોક્ષમાર્ગની આરાધના કરનારે તેનાં સર્વ સાધનોનો આદર કરવો જ જોઈએ. શકિતના અભાવાદિ કારણથી કદાચ કોઈ સાધન પોતાનાથી ન બને તો તે કરનારના બહુમાન સાથે તે કરવાની આકાંક્ષા રાખવી એ શાસ્ત્રીય માર્ગ છે ॥૭૫૭॥

૨ **નિશાસમયે પૂજા વખતે કરેલું તિલક દુર કરવું એમ** ललाटातिलकं એમ કહી જણાવે છે ॥૭૫૮॥

૩ **પૌષધનો મુખ્યકાલ સવારના પ્રતિકમણ પહેલાં છે.** શ્રી વીરવિજયજીએ **'પ્રભુપડિમા પૂજીને પોસહ કરીયે રે' એમ જે** કહયું **છે** તે જો બીજા કોઇ કારણે ન હોય **તો પૌષધવ્રતના અગર પૌષધપ્રતિમાના અંગીકાર** અગે હોય એમ જણાય છે ॥૭૫૯॥

૪ નાળીયેર કે જમણની લાલચે વ્યાખ્યાન કે પૌષધની પ્રવૃત્તિ થાય એ પ્રભાવના કે જમણ કરનારનો ગૌણ હેતુ હોય છે પણ તેવી રીતની પ્રવૃતિમાં લાલચને રોકવાની હોય છે પણ તે વ્યાખ્યાન અને પૌષધને રોકવાની જરૂર હોતી નથી. ॥૭૬૦॥

૫ સામાયિકમાં સાવદ્યનાં **પચ્ચકખાણ હોવાથી નિરવદ્ય જલપાનમાં વ્રતભંગ નથી;** પણ બે ઘડીનાં ટુંકા **વખતમાં તે પ્રવૃત્તિ યોગ્ય નથી.** ॥૭૬૧॥

૬ સાધારણ ખાતાની સદ્ધરસ્થિતિ ધ્યાનમાં રાખવી જરૂરી છે. તે ધ્યાનમાં રાખ્યા શિવાય જો દેવદ્રવ્ય કે જ્ઞાનદ્રવ્યાદિ બીજે ધીરવામાં આવે તો વહીવટદારનું સાહસ જ ગણાય અયોગ્ય અને દોષયુકતથી વહીવટદારે બચવાની જરૂર છે. ॥૭૬૨॥ ( મુંબઇ )

૧ મૌનના કારણમાં કડીયા, શકિતના વ્યયને નકામો છે એમ મુંબઈ સમાચારમાં જણાવે છે ત્યારે શાસ્ત્રિત તંત્રી જુદું જ કારણ અસત્યને સત્ય અને સત્યને અસત્ય બનાવવાની બાજી રમીને જણાવે છે.

૨ મહાત્મા વાલ્મીકિમુનિજીનું વૃત્તાંત એક કોલમ કે એક પેજનું નહોતું કે જેથી પૃષ્ટાંક લખી શકાય.

૩ આ પક્ષે પત્રવ્યવહારની અખત્યાર કરેલ નીતી કેવી નિષ્ફળ જ નહિ પણ ઝેરીલી બનાવાઈ હતી તે તેના પત્રના અધિષ્ઠાતા અને લેખક ભૂલે છે કેમ ?

૪ શાસન મહિમા જ અલૌકિક છે કે જેથી તેનાથી વિરૂદ્ધ વર્તનારને તો વધારે વફાદારીની બુમ મારવી જ પડે છે. ॥૭૬૩॥ ( **વીર શાસન** )

## —: વાચક ગણુને :—

પ્રવચનની લાંબી ચર્ચા ચાલ્યા છતાં સત્યાસત્યનો નિર્ણય ન થઈ શકયો ગણીએ, તેથી હવે આચાર્યદેવ શ્રીમત્ સાગરાનંદસૂરીશ્વરજીના પાંચ લેખો અને બન્ને વર્ષની શ્રી સિદ્ધચકની ફાઇલો હું પાંચ આચાર્યો ઉપર મોકલી આપું છું. જો મેં કંઇપણ ખોટી વાતનો પક્ષ કર્યો છે, એમ તેઓશ્રી ફરમાવશે તો તે બાબતનો મિચ્છામિ દુક્કડં હું જાહેર કરીશ, અને હું ખાતરી આપુછું જો તેમ—

૧ આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી; ૨ આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી, ૩ આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી, ૪ આચાર્યશ્રી વિજય લાવણ્યસૂરીશ્વરજી, ૫ આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી, જો મ્હારૂં લખાણ ખોટા પક્ષને અંગે છે, એમ જણાવશે તો આચાર્યદેવેશ પોતાનો પક્ષ છોડી દેશે.

તા.ક :- આશા છે કે પ્રવચનના સંપાદક પણ પોતાની બે વર્ષની ફાઇલ ઉપરના પાંચ આચાર્યો ઉપર મોકલશે કે જેથી તેઓને અભિપ્રાય બાંધવો અનુકૂલ પડે અને હમને ન સાંભળ્યા એમ ન કહેવાય

૨ સંપાદક અને તેમના નવા આચાર્ય કંઈપણ લખે તેમાં કંઇપણ ઉત્તર લખવાનો અમારે રહેશે નહિ. ‘ તંત્રી ’

[redacted] 卐 [redacted]

**સિદ્ધચક વર્ષ ૪ અંક ૧૯-૨૦ પ્રવચનના સંપાદકને**

(૧) પક્ષ પ્રતિપક્ષ જે આચાર્યદેવ જણાવેલા તે સત્ય જ હતા અને છે. (૨) એક કોલમ કે એક પેઇજની ચર્ચા ન હતી કે પેઇજના આંક લખાય, છતાં પ્રવચનકારની અસલથી શી ઘાનત હશે તે જાહેર થયું છે. (૩) આચાર્યદેવે આહ્વાનનો સ્વીકાર કર્યો ત્યારથી જ તમારા પ્રવચનકારે તે લખવાનું બંધ કર્યું ને તમને સોપ્યું (૪) પક્ષ પ્રતિપક્ષનો મુદ્દો પણ મધ્યસ્થો નક્કી કરી શકશે એમ જણાવ્યા છતાં જ્યારે તમો કે પ્રવચનકાર ન સમજ્યા ત્યારે જ વાસ્તવિકરીતે પ્રશ્નોત્તર ગોઠવાઇ છપાવ્યું છે.

(૫) વીરશાસન કે જૈનપ્રવચનમાં તંત્રી કે સંપાદક કે લેખક તો મફત કાર્ય કરતા હશે. અને તેમાં પગારદારને જુઠા અને લબાડ તેઓ ગણતા હશે. મી. લલ્લુભાઈ તેવા નથી એ ચોકકસ છે. તેમની સાચી હકીકત આગલ બહાર આવવા જણાવ્યા છતાં તમારા નવા આચાર્ય કે તેમના ધર્મપ્રેમીઓ બહાર આવતા જ નથી એ જ એની સત્યતાનો પુરાવો છે તમે આદ્યંત અનુભવ વિનાના થઈને લખો છો પણ લલ્લુભાઈ સાદ્યંત અનુભવવાળા હોઈને લખે છે. (૬) તમારા આચાર્ય ને પ્રશ્ન પૂછવાની ઈચ્છા ચોકખી સહી સાથે સ્પષ્ટ શબ્દોથી જાહેરાત કરશે (૭) અનુકરણ પ્રકૃતિવત્ હોય છે એ સમજનારો તો નિક્ક ની ભૂલ અમારી છે એમ નહિ જ ગણે, છતાં તે છાપાની હોય એમ પહેલેથી જ જણાવેલ છતાં સુધારામાં કુધારો થાય એ જ દશાની દિશા જણાવે છે (૮) આચાર્યદેવે આહ્વાનનો સહી સાથે પેપરમાં સ્વીકાર કર્યો પછી તમારા નવા આચાર્યે પોતાની તરફથી એક શબ્દ તે બાબતમાં જાહેર કર્યો નથી, માટે ઉત્તરોના ઉત્તરોની વાત સર્વથા જુઠી જ છે. (૯) આર્હતદર્શન કે અર્હદ્દદર્શનની જગો પર વારંવાર આર્હદ્દર્શન લખનાર ભાષાની ભુલ ગણે તો ને નિક્ક ને તેવી ગણે તો મનની વાત છે.

૧ લાંબો લેખ છતાં ભુલ રહેલી હોય તે બતાવવાની ચતુરાઇ ચરણદાસની ચાલાકીમાં ન જ આવી. (જૈન)

**વાચકોને** : ૧ ચાલુ મતભેદોના લેખો બીજા પેપરમાં છેડવા નહિ વિષયના સર્વથા અજાણ્યા ઘણા હોય અને તેથી ન સમજતાં કોઇપણ વકતાને ખોટી રીતે નિંદે તે યોગ્ય નહિ. આ પેપરમાં પણ ટુંકાવવાની રીતિ અમે એકથી વધારે વખત લીધી છે.

## સમાલોચના

૧ જન્મસૂતક આખા કુટુંબને દશ દિવસ લાગે એ વ્યવહાર કથન છે બ્રાહ્મણાદિકની પ્રવૃત્તિ ઉપર ધ્યાન આપવા પણ પૂર્વાચાર્યો જણાવે છે, પણ તે સૂતક હોય ત્યાં સુધી એટલે વગર વિશેષે દશ દિવસ પૂજા કરવામાં શુચિતા ન ગણવી ॥૭૬૪॥

૨ તે મનુષ્ય તે મુહૂતમાં બહારથી દર્શન કરી શકે.

૩ પ્રતિકમણ ક્રિયા તે દરમ્યાન મનથી કરી શકે.

૪ તે મુહૂત સુધી સાધુ તેને ત્યાં વ્હોરવા ન જાય ॥૭૬૫॥

૫ જાતિ આદિ આર્યો છે અને તે સર્વમાં તે જાતિ આદિવાળા તે આર્ય અને બીજા અનાર્ય, ક્ષેત્ર આર્યમાં મગધાદિ ૨૫॥ દેશમાં જન્મેલો આર્ય અને શેષમાં જન્મેલો અનાર્ય ગણાય ॥૭૬૬॥

૬ તત્ત્વાર્થભાષ્યકાર વગેરે ત્રીશ અકર્મભુમિ અને ૫૬ અંતરદ્વીપના લોકોને પણ અનાર્ય ગણે છે. અકર્મભૂમિવાળો સમ્યકત્વ ન જ પામે એમ નહિ. દેવાદિકથી થયેલ સંહરણ શિવાય કોઇ મુનિ ત્યાં હોય જ નહિ સંહરણ થયેલામાં સ્વર્ગ કે મોક્ષની ના કહી શકાય નહિ. ॥૭૬૭॥

૭ ચંદ્ર અને સૂર્ય અસંખ્યાત હોવાથી અસંખ્ય ઈન્દ્ર કહેવાય ખરા ॥૭૬૮॥

૮ છ ખંડમાં બત્રીશ હજાર જેટલી દેશની સંખ્યા હોવાથી ૨૫॥ આર્ય શિવાયના બીજા અનાર્ય છે. ॥૭૬૯॥

૯ શ્રાવકને કર્મનિર્જરા ન હોય એમ કહેવાય જ નહિ ॥૭૭૦॥

૧૦ અપ્રત્યાખ્યાનીની ચોકડીના ઉદયવાળાને પ્રત્યાખ્યાનાવરણ એન સંજવલનનો પણ ઉદય હોય છે, પાછળ પાછળની આગલ આગલની ચોકડી હોય છે. જઃ ॥૭૭૧॥

૧૧ સામાયિક, પૌષધાદિવ્રત, નવકારશી આદિ પચ્ચક્ખાણ, દાનશીલાદિ અને મૈત્રી કે અનિત્યત્વ આદિ ભાવનાથી શ્રાવક નિર્જરા કરી શકે ॥૭૭૨॥

૧૨ નાતબહારવાળાને પણ અવિરુદ્ધપણે પારણું કરાવતાં લોકવિરુદ્ધ કાર્ય ગણાય નહિ તેમાં નોતરાં હોતાં નથી અને નાતની રીતિભાતિ તેમાં હોતી નથી ॥૭૭૩॥

૧૩ સવારના પ્રતિક્રમણ પહેલાં પૌષધ લેવો એ મુખ્ય વિધિ છે. ॥૭૭૪॥

૧૪ મુઠસી વગેરે પચ્ચક્ખાણો દૈવસિક છે માટે તે દિવસે જ કરવા ઉચિત છે. ॥૭૭૫॥

૧૫ અનુકંપાદાનથી મેઘકુમારના જીવે પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું છે. દયા ભૂતેષુ એમ શાસ્ત્રો પણ કહે છે. ॥૭૭૬॥

૧૬ મુનિદાનમાં પણ શાસ્ત્રકારો સ્વજાતિથી અવિરુદ્ધપણે ઉપાર્જન કરેલ દ્રવ્યની જરૂર જણાવે છે, માટે પંચેંદ્રિય હત્યાદિ કરનારને ત્યાં સાધર્મિકને જમવું જ ઠીક નથી. ॥૭૭૭॥

૧૭ વ્યાવહારિક કેલવણી કે તેવું કાર્ય પુણ્યબંધનો અને કરવાલાયક રસ્તો છે એમ સાધુ તો નહિ કહી શકે ॥૭૭૮॥

૧૮ વ્યવહાર, ઠણાંગ અને સામાચારી વગેરેમાં આચાર્યને ગોચરી જવાનો નિષેધ છે, અને જાય તો ઉપાધ્યાય વગેરે બધાને દંડ લાગે એમ જણાવે છે. ॥૭૭૯॥

૧૯ જાતિભવ્યજીવો ત્રસપણું પણ પામે નહિ ॥૭૮૦॥

૨૦ નારકી સમ્યગદ્રષ્ટિ હોય તો પૂર્વકૃત પાપોની નિંદા કરીને પાપ હલકા પણ કરે, મુખ્યતાએ તે જ્ઞાન, કર્મફલવેદન વખતે નવાં બંધાતાં બચાવવામાં ઉપયોગી થાય ॥૭૮૧॥

૨૧ નિગોદના બધા જીવો જાતિભવ્ય નહિ પણ બધા જાતિભવ્યો નિગોદમાં ભરા. ॥૭૮૨॥

૨૨ માતાપિતાની સાથે આઠથી ઓછી ઉમ્મરવાળાને પૌષધ ઉચ્ચરાવાય તેમ સાથે હોય તો દીક્ષા પણ અપાય ॥૭૮૩॥

૨૩ બાલ, ગ્લાન અને વૃદ્ધ સાધુઓને અનુકંપાબુદ્ધિથી દેવાનું પણ વિધાન છે. બાકી અપાત્રને પાત્ર માનતાં જે દાન દેવાય તેમાં એકાંત પાપ છે એ સૂત્રસિદ્ધ છે ॥૭૮૪॥

૨૪ સાધુ મહાત્મા, સાંસારિક સર્વસંબંધથી નીકળેલ હોવાથી સૂતક નહિ. લોકમર્યાદાએ માત્ર લોક શૌચ કરે એમ વિધાન છે. ॥૭૮૫॥

૨૫ શ્રાવકની ઉત્કૃષ્ટગતિ બારમા દેવલોક સુધી અને દ્રવ્યલંગી સાધુની નવ ગ્રેવેયક સુધી ગતિ થાય, એ વાત સંગ્રહણી, ભગવતીજી આદિમાં પ્રસિદ્ધ જ છે ॥૭૮૬॥

૨૬ આચારપ્રકલ્પને ધારણ કરવાથી દેશના માટે અને વ્યવહાર બૃહતકલ્પને ધારણ કરવાથી આચાર આદિ માટે ગીતાર્થ ગણાય ॥૭૮૭॥

૨૭ સમ્યગદ્રષ્ટિ જીવ આવેલી આપત્તિને આગે પહેલાં મુખ્યતાએ કર્મફલ સમજી સહન કરે અને શાસનાદિ પ્રસંગે તે નિવારવા સમ્યગદ્રષ્ટિ દેવ કે ભગવન્ જિનેશ્વરની આરાધના કરે તેમાં અતિચાર કે દોષ કહી શકાય નહિ. ॥૭૮૮॥

૨૮ ભગવાનનું હવણ પીવું એ ઉચિત જ નથી. ॥૭૮૯॥

૨૯ દાક્ષિણ્યાદિ પ્રસંગે ગયેલો માલ ખોજવા દીવાસળી વગેરે આપવામાં અનર્થદંડ નથી ॥૭૯૦॥

૩૦ વીતરાગના આલંબને કરાતી વીતરાગસ્તુતિથી ભાવોલ્લાસ થવાથી ભવોભવનાં કર્મો નાશ પામે છે. ॥૭૯૧॥

૩૧ અનુકંપા સમ્યકત્વનું ચિહ્ન છે અને અહિંસા એ મહાવ્રતોનું અંગ છે. ॥૭૯૨॥

૩૨ અન્યદર્શનની પ્રશંસા સમ્યકત્વનો અતિચાર છે એ વાત વંદિત્તામાં સ્પષ્ટ છે. ॥૭૯૩॥

૩૩ ઇન્દ્ર દીક્ષા મહોત્સવમાં આવે તેના વજૂના તેવા સંસર્ગથી નખકેશ ભગવાનના વધે નહિ માટે એ અતિશય દેવકૃત ગણ્યેા છે એમ વીતરાગસ્તોત્રની ટીકાથી જણાય છે ॥૭૯૪॥

૩૪ સામાયિક વગર પણ સ્વાધ્યાય કરતાં ઉઘાડે મ્હોએ ગણવું માટે વસ્ત્રાંચલથી મ્હોડું ઢાંકવું એમ કહ્યુ, પણ તેથી અનુયેાગદ્વાર આદિ સૂત્રેાથી સામાયિક આદિમાં મુખવસ્ત્રિકા રાખવાનું જે કહ્યું છે તે ખસતું નથી. ॥૭૯૫॥

૩૫ ખાદિમ સ્વાદિમ સાધુએ મુખ્યતાએ ન વાપરવાં, પણ એથી તે દેનાર શ્રાવકને દેાષ લાગે છે એમ નથી ॥૭૯૬॥

૩૬ શરીર ઉપર ચંદ્રમાનું અજવાળું ન હેાય તેા ઉજેઈ ટાળવી જ. ॥૭૯૭॥

૩૭ કૃષ્ણ મહારાજે સમુદાય સમુદાયને વંદન કર્યું એમ પણ કેટલાક કહે છે. ॥૭૯૮॥

૩૮ મરનાર મહાત્માને મરણ ઉત્સવ હેાય, પણ ભક્તોને નહિં. ॥૭૯૯॥

૩૯ સાધુએ પાંચ દિવસે કલ્પસૂત્ર વાંચવું એવી શાસ્ત્રાજ્ઞા છે. ॥૮૦૦॥

(ખેડા શ્રાવક)

## પ્રવચનના સંપાદકને

૧ ઇચ્છાયેાગનું સ્વરૂપ અને ફિ સકકણિજ્જં ન સમાયરામિ તેમ કિં કરણિજ્જં તવં ચ ન કરેમિ એ શાસ્ત્રપાઠને માનનારથી પ્રમત્તસાધુ પણ સર્વશકયને કરવાવાળેા હેાય એમ મનાય નહિ. ॥૮૦૧॥

૨ શ્રી કૃષ્ણમહારાજે લૌકિકઅર્થે અઠ્ઠમ અને પૌષધ કર્યા છતાં આત્માર્થે ન કર્યાં એનેા ખુલાસેા કેમ નથી ? શક્તિનેા અભાવ છે કે પરિણામની ખામી છે ? ॥૮૦૨॥

૩ જો કે ગુજરાતીમાં આ લેાક એમ લખ્યા છતાં શાસ્ત્રીય ભૂલની બળતરાથી પ્રેસની ભૂલ તે પણ માત્ર જુદા પાડવાની લેવી તે પ્રવ૦ સંનેજ મુખ્યારક. ત્યાં પણ એકહું આલેાક એકલા અજવાળાને જ કહે એમ કહેનારેા ગુજરાતીમાં સમાસ નહિં માને અને આજીવન કે આભવશબ્દ પણ મર્યાદાવાળા નહિ માને ? ॥૮૦૩॥

૪ જૈન પ્રવચનની શરૂની માત્ર બે લીટી લખીને શુદ્ધતા બતાવી તેના કરતાં શકય ન થાય તેા પણ બળતરા તેા થાય જ એ સુધારેા જે કરેલેા છે તે શેાભાસ્પદ છે. સમ્યગૂદૃષ્ટિ, દેશવિરતિ કે પ્રમત્તજીવેા શકય છતાં ન થાય તેના દુઃખવાળા થાય એ

નિર્વિવાદ છે. વિવાદ માત્ર દરેક સમ્યગ્‌દૃષ્ટિ શકયને કરે જ અને ન કરે તો તમેવ.ની માન્યતા અપ્રમાણિક ગણાય એમ કહ્યાનો જ છે અને હતો. ] ॥૮૦૪॥

૫ આજ્ઞા-આગમને ઉદ્દેશીને જ પ્રવૃત્તિધર્મ કહેવાય એ વાકય કહે તેને માટે એ પ્રયોજક અને સહકારનો સવાલ રહે છે. સ્થવિરકલ્પીને અધિકૃત કરી કહે તે તો વ્યાજબી જ છે ॥૮૦૫॥

૬ નયસારના પરોપકારની પ્રશંસામાં વિરોધ કરતાં જે સર્વકાલ લખ્યું છે તે જોવાથી શ્રી સિદ્ધચક્રનો પક્ષ વ્યાજબી છે એમ જણાશે. ॥૮૦૬॥

૭ જેનું લખાણ જ ભુલ જણાયાવાળું હોય છતાં ભુલ સુધારે નહિ તેવાને શું કહેવું ?

૮ વિષગરલાદિ ઉપાધિ છોડવા લાયક જ છે એમાં બે મત નથી, પણ અનુષ્ઠાન છોડવા લાયક કહેનારને શું કહેવું ? વિષ આદિની વ્યુત્પન્નને માટે ત્યાજયતા છતાં મુગ્ધને માટે કેમ હોય તે સમજવાની ઇચ્છાવાળાએ તપપંચાશકના દેવેન્દ્રોદ્દેશીને કહેલા તપો ને અધિકાર જોવાય તો ઠીક થાય, સંવર અને કષાયને નહિ છોડવાનો ઉપદેશ હોય જ નહિ ॥૮૦૭॥

૯ ઉત્સૂત્રભાષક અને નિહ્નવશિરોમણિને પણ અનન્ત ભવ માનવામાં આંચકો ખાવાની જગો પર તે વિષાદિ અનુષ્ઠાનોને લીધે અનંતભવોનું ગ્રંથવાકય શિવાય મનથી નિયમન કરે તેને શું થાય ? જોકે અન્યસ્થાને તેણે પણ શબ્દ વાપર્યો છે છતાં પણ શબ્દ વિનાના લખાણને માટે વિચારવું યોગ્ય છે. ॥૮૦૮॥

❀❀❀

વર્ષ ૪ અંક ૧૯-૨૦ સ્પષ્ટીકરણ

૧ ભગવાન્ જિનેશ્વર મહારાજને માનવાનો ઠરાવ કરનાર વર્ગ, શાસ્ત્ર અને શાસન વિરૂદ્ધ બોલે કે ઠરાવે તે સિદ્ધાંતની સત્યદ્રષ્ટિવાળાને અક્ષમ્ય હોય એમ જે જાહેર થયું તે યોગ્ય જ છે

૨ એકાકિમનુષ્યે લખેલા કે કહેલા શબ્દો કરતાં સિદ્ધાંતાનુસારિપણે જાહેર થઇ જે વર્ગ સિદ્ધાંત કે શાસનઆદિને ઘાત કરનાર બોલે કે લખે અથવા ઠરાવે તે કુવે ભાંગ પડયા જેવું થયું ગણાય ને તેથી તેની સ્હામે અણગમો જાહેર કરનારને ટેકાવાળી સંસ્થાઓને અંગે આશ્ચર્ય લાગે તેમાં નવાઇ નથી.

૩ લાલન અને શિવજીવાળા ઠરાવો ને બહેચરદાસવાળો ઠરાવ ભાવનગરવાળાઓએ કેવો પાળ્યો છે ? એ સમજનાર હોય તો નાનો અને નાના શહેરનો સંઘ પણ ભાવનગરની કિંમત સમજે તેમ છે.

૪ ભાવનગરવાળાએ દીક્ષાનો ઠરાવ કરતાં કયા મુનિરાજ, શાસ્ત્ર કે અમદાવાદના સંઘનો વિચાર કર્યો હતો ? શું સાધુ સમુદાય આદિને અગર દીક્ષાને એકલું ભાવનગરજ માનતું હતું કે માને છે ?

૫ 'સંઘમહારનું હથિયાર બુઠું થયું છે' વગેરે બોલીને વિક્ષેપ ન વધારાય તો જ ઠીક છે યુવકોને જો સ્વતંત્રતા વ્યક્તિથી પ્રિય છે તો શાસનાનુસારી શ્રીસંઘને પોતાની ધર્મ આદિને અંગે સ્વતંત્રતા પ્રિય નથી ? કે જેથી પોતાને અને ધર્મને હણનાર તથા વગોવનારની સાથે તેઓ અસહકાર ન કરી શકે ? સમુદાયનું બંધારણ પસંદ ન હોય તો અપ્રસન્ને રાજીનામું આપવું જ જોઇએ અને તે જો સત્યપ્રેમી હોય તો બહિષ્કારથી પણ ડરે નહિ

૬ યુવકોને વિક્ષેપરહિત કાર્ય કરવાનો એ જ રસ્તો છે કે ધર્મને અનુલક્ષીને રહે અને સુધરેલી ભાષાની ગાળોથી અન્યને નવાજે નહિ તમારા વર્ગને માટે જેમ તમને લાગે તેમ શાસનમાટે શાસનપ્રેમીઓને લાગે તે યોગ્ય જ છે એકબીજાની ચલવલની નિંદા ન કરતાં કંઈક સીધી કાર્યદશા લેવાય તો જ સર્વને શોભાસ્પદ છે.

૭ મી. પરમાનંદનું ભાષણ બહાર આવી ગયેલ હોવાથી ભાવનગરનો સંઘ જરૂર તેનો રસ્તો કરશે. અમદાવાદમાં જો ગણાતો ગુન્હો બન્યો છે, તો અમદાવાદના સંઘને અસહકાર કરવાની સત્તા રહે છે. નાના સંઘવાળાએ મોટા સંઘ પાસે પોતે તેને માટે હજી સુધી પ્રયત્ન ન કર્યો કે તેનો કશો પણ બચાવ કરવો હોય તો જરૂર અમદાવાદ વાળાએ તેને સાંભળવો જોઇએ ચાંચીઆના સરદારની નીતિ તો રાજયો હવે ચલાવી લેતાં નથી ॥૮૯॥



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૨૧ સં. ૧૯૯૨ શ્રા. શુ. ૧૫ સમાલોચના**

**જ્યોતિવાચકને** 'દેવદ્રવ્યના ભક્ષણથી અનંતસંસારની વૃદ્ધિ થાય' એમ શાસ્ત્ર અને મુનિરાજોની પ્રરૂપણા છતાં મહા અનર્થકારી દેવદ્રવ્યભક્ષણનો અભાવ થયો નથી અને ભક્ષણ કરનારા છે એ વાત સત્ય છે, પણ દેવદ્રવ્ય તફડાવવાનાં ભાષણો કરનાર અને તેને ટેકો આપનાર વર્ગ તે અનર્થને રોકે કેવી રીતે ? ભક્ષકને બીજાને મ્હેણા તરીકે પણ તેવી માન્યતાવાળાને તો બોલવાનો હક જ કયાં રહે ? આશા છે કે તે મ્હેણાં લખનાર અને તેનો વર્ગ તે ભક્ષણથી યાવજ્જીવ સાવચેત રહે તો શ્રેય છે ॥૮૧૦॥

**મી. કુંવરજીને**—પત્રમાં પ્રશ્નોત્તરો અપાય છે, પણ ઘણું શાસ્ત્ર વિરૂદ્ધ અને ખોટું લખાય છે, તો તેવી રીતે ન થાય તો ઠીક. બીજું મેટર મેળવી લેવું તે સારૂં છે. ॥૮૧૧॥

## કલકત્તાવાળા મુ. અગરચંદ્ર નાહર

૧ શાસ્ત્રીય અને સત્ય હકીકતમાં કલેશને સ્થાન ન હોવું જોઇએ એમાં બે મત હોય જ નહિ

૨ મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજીએ ચર્ચાની શરૂઆત કરી એ સત્ય નથી. તેના કરતાં પહેલાના **શ્રી જિનપ્રભસૂરિએ** તપોટ મત. કરીને શરૂઆત કરી હતી.

૩ વળી વર્ત્તમાનમાં પણ તપાગચ્છ અને તેના મહાપુરૂષોની નિંદા તમારા ગચ્છવાળાએ શરૂ કરી છે અને એ સિદ્ધાંત સામાચારી, બૃહત્પર્યુષણ નિર્ણય વસ્તુ જોવાથી સ્પષ્ટપણે જણાશે.

૪ તપાગચ્છવાળાએ ખરતરગચ્છની ઉત્પત્તિ તમારા **શ્રી જિનદત્તસૂરિથી** થયેલી માને છે. માટે તમોને **શ્રી જિનેશ્વરસૂરિમહારાજ, શ્રી જિનચંદ્રસૂરિજી, અભયદેવસૂરિજી** મહારાજ, **શ્રી જિનવલ્લભજી** કે **શ્રી જિનદત્તજીના** પાઠો કે તેની પહેલાના કહેવાય કે દેવા વ્યાજબી છે.

૫ શ્રી મહાવીર ચરિત્ર અને પાર્શ્વનાથ ચરિત્રના પાઠોની વાત જ તમારા માટે અહિતકર છે. ચોરી જાહેર થશે.

૬ શ્રી અભયદેવસૂરિમહારાજને અંગે શ્રી સોમધર્મ મહારાજની હકીકત તપાગચ્છવાળાઓએ **શ્રી અભયદેવસૂરિજીથી** પ્રતિષ્ઠા મેળવી છે એમ જણાવે છે.

૭ શ્રી પ્રવચનપરીક્ષા માટે શ્રી વિજયસેનસૂરિજીએ **શ્રી જિનચંદ્રસૂરિજી** સાથે વાદ કરી જય મેળવ્યો છે, એ સત્ય છે, પણ જળશરણ કરવું એ એક નિરૂત્તરપણાની જાહેરાત છે, એમ કેમ નહિ ? કોઇપણ ભેળા થઈને પોતાની પાસેનાં પુસ્તકો જળમાં બોળી દે તેમાં કર્ત્તાનું નિરૂત્તરપણું કે અન્ય કહેવાય જ નહિ.

૮ ૧૧૩૭ સુધી **શ્રી જિનવલ્લભજી** કૂર્ચપુરીય **શ્રી જિનેશ્વરસૂરિના** શિષ્ય તરીકે હતા એ વાત પુનાની તે વખતની પ્રતમાં છે તે સમજીને સ્વતંત્ર લેખ લખાય તો ઠીક. આચાર્ય મહારાજ અભયદેવસૂરિજીની પરંપરાવાળા **શ્રી વર્ધમાનસૂરિજી** વગેરે તથા **શ્રી જિનેશ્વરદેવસૂરિજીની** પરંપરાવાળા અલ્લદેવોપાધ્યાય વગેરે ખરતરગચ્છની કે આદિ ગચ્છમાં પોતાની હયાતી નથી જણાવતા, એ જરૂર ધ્યાનમાં રાખવું. **શ્રી** મહાવીર ચરિત્ર આદિ જેવો પાલ્હ કવિની કૃતિમાં ગોટાળો નીકળે નહિ **૧૦૮૦ માં શ્રી જિનેશ્વરસૂરિજી** જાવાલમાં હતા એમ **અષ્ટકજી કહે છે.** [ બાલુચરના કૃત્રિમ લેખને બાદ કરતાં કોઇ પ્રતિમાજી આદિના લેખમાં ૧૨૦૪ પહેલાં તો શું ? પણ **૧૪મી** સદીમાં ખરતર જિનદત્તની વાત હોય તો **લખવી.**

૯ આચાર્ય શ્રીમાન્ દેવેન્દ્રસૂરિજી મહારાજ શ્રી કર્મગ્રન્થની ટીકા વગેરેમાં તપાગચ્છનું નામ સ્પષ્ટપણે જણાવે છે, અને તેઓશ્રી તપાગચ્છના બિરૂદ વખતે દીક્ષિતદશામાં જ ગુરૂસેવામાં હાજર હતા, માટે તમારી પેઠે તેને કલ્પિત નહિ ઠરાવે.

૧૦ ઉપાધ્યાય શ્રી શાન્તિચંદ્રજીએ કૃપારસકોશ બનાવ્યો છે, તે અમારિ પડહાની જડ હાજર છે અને તમારા આચાર્ય શ્રી જિનચંદ્રજીએ તેના અનુકરણે ખંભાતની અમારિ કરાવી તે કાર્યને કોણ સારૂં નહિ ગણે ?

૧૧ જગદ્ગુરુબિરૂદ જે શ્રી હીરસૂરિજી મહારાજને મળ્યું તે જગતને સાધારણ હોવાથી બાદશાહના મુખેથી હોય, પણ યુગપ્રધાન જેવા જૈનનો પારિભાષિક શબ્દ તો ન જ હોય તે સહેજે સમજાય તેમ છે તમારામાં પહેલેથી વર્તમાન કાલ સુધી યુગપ્રધાન લખવાના અભખરા ચાલે છે તે અજાણ્યું નથી.

૧૨ તમારા હિસાબે શ્રી તપાગચ્છના આચાર્યો કેવા કલેશથી ડરવાવાળા કે ભદ્રિક હતા કે જેથી કુમતિકુદ્દાલને જલશરણ કર્યો તમારામાં ઈર્યાપથિકીષટત્રિંશિકા, પૌષધપ્રકરણ કે સમાચારીશતકને કોઈએ જલશરણ કર્યા ? તપાગચ્છવાળા અત્યારે પણ એવા ભોળા જ ઘણા છે જો સિદ્ધાંતસમાચારી કે બૃહત્પર્યુષણાને તમોએ વર્તમાનમાં પણ જલશરણ કર્યા હોય તો તો અશાન્તિનો ઉલ્લેખ જ ન કરવો પડત.

૧૩ આવા સાહિત્યો બહાર પાડવા કરતાં ભલે એકપક્ષીય કે એકગચ્છીય હોય તેવું પણ સાહિત્ય બહાર આવશે તો સાહિત્ય પ્રચારના ક્ષેત્રમાં તેવો ભાગ સારો ગણાશે પણ બીજાને વિકૃત સાહિત્ય લખવા ઉશ્કેરે એવા વિકૃતસાહિત્યને બહાર પાડવા કરતાં અસલ સાહિત્યનું પ્રકાશન સારૂં છે.

૧૪ મહોપાધ્યાય ધર્મસાગરજીની તરફ સકલ અન્યગચ્છવાળા જેમ અનુકૂલ નહોતા, તેમ સકલ તપાગચ્છવાળા પણ અનૂકૂલ (અનુકૂલ) નહોતા એ વાતમાં બે મત નથી જ, પણ સૈદ્ધાંતિકરીતે અને યુક્તિપુરસ્સર જો તપાગચ્છનો ખરેખર સ્તંભ ગોઠવ્યો હોય તો તે મહાપુરૂષે જ ગોઠવ્યો છે. લેલિન જેવા દેશવટો ભોગવે છે તો પણ તેની કિમ્મત તો જગત સારી સમજી શકે છે.

( શ્રી જિનચંદ્ર યુગપ્રધાન )

તા. ક. :— મહોપાધ્યાય ધર્મસાગરજીની પરંપરામાં કોઈ પણ સંવેગી સાધુ હાલ છે નહિ એ સત્યને સમજવું. તપાગચ્છવાળાઓના ભોળપણનો લાભ લેવાયો કે લેવાય તે કોઇપણ પ્રકારે ઉચિત તો નથી જ ॥૮૧૨॥

૧ મી. હીરાલાલ રસિકલાલ કાપડીયાએ **શ્રી** ભગવતીજી સૂત્રની ટીકાના णमो गोयमाईणं गणहराणमित्यादय : पुस्तफ़लोखकृता नमस्काराः प्रकटार्थाश्चेति न व्याख्याताः આવી રીતના પાઠને જોયો હોય તો સુયદેવયા ય જ઼ફ઼ખો વાળી ગાથા સોળમી સદીના પુસ્તકમાં ન હોવાથી અનિયમિત છે એમ ન ગણત. તેમજ પહેલી બે ગાથાઓ શ્રી ગણધરકૃતપણાની શંકાવાલી દર્શાવત નહિ. ॥૮૧૩॥ (જૈન સત્યપ્રકાશ)

૧ સ્થાનાંગસુત્રની ટીકા પંચાશકની ટીકા પહેલાં અભયદેવસુરિજી મહારાજે કરી છે. ૧૧૨૦માં સ્થાનાંગજીની ટીકાને સં ૧૧૨૪માં પંચાશકની ટીકાનો ઉલ્લેખ પ્રશસ્તિમાં મળે છે. ॥૮૧૪॥ (જૈન સત્ય)

**૧ ૧૭મી સદીમાં માફી માગવાની વાતમાં વર્ત્તમાનના ધર્મ અને શાસનવિરોધીઓને જોવા સુજ્ઞોને માટે વિચારણીય છે. તે વખતે અસત્યમાત્રને સુધરાવી શકાયું નથી, અને અસત્યને અંગે જ માફી થયેલી છે એમ પણ સાબીત થાય તેમ નથી.** ॥૮૧૫॥ (વીરશાસન)

## પૂજ્ય પાંચ આચાર્ય મહારાજાઓને વિજ્ઞપ્તિ

ગયા અંકમાં સુચના આપી હતી તે પ્રમાણે ઓફીસથી બીજા ત્રીજા વર્ષની શ્રી સિદ્ધચક્રની ફાઇલો તથા પાંચ લેખવાળા અંકો **આપને** મોકલ્યા છે, તો હવે આપ તેની આદ્યંત તપાસ કરી અને હકીકતથી વાકેફ થઇ **મ્હારૂં** થયેલું લખાણ જુઠા **પક્ષને અંગે હોય તો જણાવવા મ્હેરબાની કરશો.** આપ જાહેર પેપરથી કે બાનગી બેમાંથી કોઇપણ રીતે જણાવશો તો પણ હરકત નથી આપને નીચેના મુદ્દા ઉપર વિચારવાની જરૂર છે.

૧ **ત્રિલોકનાથ તીર્થંકરો સમ્યકત્વ અથવા તો** વિશિષ્ટ સમ્યકત્વ પામ્યા પછી જ **નિયમિત પરોપકારી હોય કે સર્વકાલ એટલે અનાદિથી** પરોપકારી હોય ?

૨ ભગવાન તીર્થંકરોને જે આદ્ય સમ્યકત્વ થાય તે વરબોધિ કહેવાય કે કંઇક વિશિષ્ઠતા થયા પછી વરબોધિ કહેવાય ?

૩ મહાત્મા વાલીજીએ અષ્ટાપદજીના બચાવ માટે રાવણને કરેલી શિક્ષા **સર્વથા** દ્વેષ રહિતદશા એટલે વીતરાગદશામાં હતી, કે **માત્ર** વ્યકિતગત જ દ્વેષ નહોતો, અને તે લબ્ધિની ફોરવણી હતી કે નહિ ? **અને** હતી તો તે પડિક્કમવા લાયક ખરી કે નહિ?

૪ ગુરુતત્ત્વવિનિશ્ચયના પાઠની બાબત પ્રવચનકારે કૌંસમાં લખેલો પાઠ પ્રકરણથી વિરુદ્ધ છે કે કેમ ? **અને** તેમાં શ્રી ગૌતમસ્વામીજીનું નામ તથા નિશ્ચયથી પતિત થવાના જણ્યા છતાં એવું **સ્પષ્ટાર્થમાં** લખેલું **જુઠું છે કે** કેમ ?

૫ શ્રી આવશ્યક હારિભદ્રીયવૃત્તિના इत्यादिप्रश्नादेरापेक्षः આના અર્થમાં એક આદિ શબ્દનો અર્થ પ્રવચનકારો બરોબર કર્યો નથી એમ ખરૂં ? અને પરીક્ષાની વાત બે આદિશબ્દનો હોવાથી આવી શકે નહિં એમ ખરૂં ?

૬ ભગવાન્ મહાવીર મહારાજ વખતે સોરઠ (જ્યાં સિદ્ધાચલજી છે તે) અનાર્ય હતો કે ત્યાં સાધુનો વિહાર નહોતો એ મહારાજ આત્મારામજીનું કથન સાચું હતું ? આ વગેરે મુખ્ય વાતોનો આપ બરોબર વિચાર કરી ઉત્તર આપશો કે જેથી મને કે વાચકોને સંશય ન રહે, એવી આશા અસ્થાને નથી.

તા.ક — આપમાંથી ત્રણ આચાર્યો પત્ર દ્વારાએ પણ નિર્ણય કરી જણાવશો તો પણ અમોને સ્વીકાર્ય છે. એકઠા થવાની અશક્યતાનો સવાલ ન રહે માટે આ લખ્યું છે ત્રણ અમદાવાદમાં જ છે. એકાદ આચાર્ય અશક્ત હોય તો ચારે મળીને નવા નીમી શકશો.

## પ્રવચનના સંપાદકને

૧ શ્રી સિદ્ધચક્રના અંકો અનિયમિત નીકળે છે તે સાચું છે.

૨ પૂજ્ય પાંચ આચાર્યોને સત્યાસત્યનો નિર્ણય તો આગલ સોંપ્યો જ હતો હમણાં તો આ આચાર્ય મહારાજાઓને મ્હારૂં અસત્ય પક્ષને અંગે લખવું થતું હોય તો જણાવવા વિનંતિ કરી છે.

૩ જેમ તમારે ત્યાંથી આજીજીની જરૂરીયાત અસત્ય સમજાવવામાં જણાવાય છે. તેમ જો પૂજ્ય આચાર્યો તરફથી જણાવશે તો તેમ કરવામાં પણ મને અસત્યથી બચી જવા માટે હરકત જેવું નથી

૪ પૂજ્ય પાંચ આચાર્ય મહારાજાઓ તમારા કબુલાતના અને ચર્ચા ઉપાડવાના લેખને મ્હારી અસત્ય જણાવવાની વિનંતિના સ્વીકારવામાં આડો નહિજ લાવે એવી મ્હારી ખાતરી છે

૫ જેઓને તટસ્થ તરીકે જણાવવાને માટે જાહેર વિનંતિ કરવી હોય તેઓને પ્હેલેથી ખાનગી પત્ર વ્યવહારને પાત્ર બનાવવા એ રીત અન્યને જ મુબારક રહો.

૬ જે પક્ષને અંગે મેં લખ્યું છે, તેમાં સત્ય શિવાય બીજું છે જ નહિં એવી ખાતરીથી મેં વિનંતિ લખી છે. છતાં કદાચ કોઈ હઠ પકડે એમ સંપાદકને જણાવ્યું હોય તો મુરબ્બી આચાર્યો આ સેવકને જણાવી શકે છે, પણ મુરબ્બી આચાર્યો તેનો રસ્તો કહાડી શકશે એમ હું માનું છું.

**આવશ્યક ખુલાસો—**

જોધપુરી ચંડાશુચંડુ પંચાંગમાં બીજા ભાદરવાના શુકલપક્ષમાં બે પાંચમો છે. અર્થાત્ રવિ અને સોમવારે પાંચમ છે, તેથી સાંવત્સરીક દિન કયો રાખવો એ બાબત પૂછાવવામાં આવે છે, તેના ખુલાસામાં જણાવવાનું કે જેમ આષાઢ શુકલ પૂર્ણિમા બે હોય તો બે તેરસ ગણી ચૌદશ અને પૂર્ણિમા એક એક રખાય છે, તેમ અહિં બે ત્રીજે ગણી ચોથ અને પાંચમ એક એક રાખવી ઉચિત જણાય છે અને તે અપેક્ષાએ રવિવારે સંવચ્છરી કરવી ઠીક જણાય છે, અને પહેલા ભાદરવાની વદ ૧૩ રવિએ પર્યુષણારંભ તથા ૧૩ તથા ૧૪ના છઠ કરી સુદ ૧ બુધે કલ્પપ્રારંભ કરવો ઠીક લાગે છે, (શ્રી હીર પ્રશ્નમાં છઠને માટે ચતુર્દશ્યાદિની વૃદ્ધિને લીધે અનિયમિતતા સ્પષ્ટપણે લખેલ છે.) ॥૮૧૬॥



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૨૨ ૧૯૯૨ શ્રા. વ. ૯)) સમાલોચના**

૧ કેવળજ્ઞાન આદિ પ્રકૃતિઓ ૩૫ સર્વ પર્યાયોનો ઉપઘાત નથી કરતી, તેથી સર્વ જીવો કર્મથી આવરાય છે તોપણ તેના સર્વથા સર્વ ગુણો આવરાતા નથી. જેમ સુર્ય અને ચંદ્ર આખા ઢંકાઈ જાય તોપણ તેનું તેજ સર્વથા ઢંકાઈ જતું નથી. દ્રવ્યથી પર્યાયો જુદા નથી તેમ સૂર્યાદિથી પ્રકાશ પણ ભિન્ન નથી. કથંચિત ભિન્નતાનો અહિં પણ છે જ ॥૮૧૭॥

૨ અપર્યાપ્તપણું છ પર્યાપ્તિ પૂરી ન થાય ત્યાં સુધી પણ રહે તે અપેક્ષાએ શ્વાસ અને અપર્યાપ્તપણું બન્ને હોઈ શકે ॥૮૧૮॥

૩ અલોકાકાંશ એ પણ અરૂપી દ્રવ્ય છે તેથી તેમાં અગુરૂલઘુ પર્યાયો હોય અને તેની ષટ સ્થાન વૃદ્ધિ હાનિ સ્વભાવથી હોય. ॥૮૧૯॥

૪ તૈજસ અને કાર્મણના લીધે અને પછી આહારપર્યાપ્તિને લીધે આહાર લેવાય છે. આહાર ન લેવાથી વેદના થાય તે ક્ષુધાવેદના (ને) અને શમાવવા માટે પણ આહાર લેવાનું વિધાન છે. ॥૮૨૦॥

૫ ભાવશબ્દના અર્થોમાં કોશકારો અભિપ્રાય, દ્રવ્ય, પદાર્થ, પ્રયોજન અને નિર્વૃતિ જણાવે છે અને તેથી સમુચ્ચય અવસ્થા એ અર્થ કરવામાં અડચણ નહિ આવે ॥૮૨૧॥

૬ શ્રી મલ્લીનાથ ભગવાન વીશસ્થાનક આરાધવાથી તીર્થંકર થયા અને માયા એટલે પરની અસહિષ્ણુતાથી સ્ત્રીવેદે થયા. ॥૮૨૨॥

૭ પરમાણુ એ દ્રવ્યની અપેક્ષાએ નિર્વિભાજ્ય છે, સ્પર્શાદિની અપેક્ષાએ સાંશ અને નિરંશ છે. જુઓ પરમાણું છત્રીશી ॥૮૨૩॥ (ઉંઝા)

**સ્પષ્ટીકરણ—**

આખા હિન્દુસ્થાનમાંથી કોઇપણ ગામનો કોઇપણ જૈન કોઇપણ ગામમાં સંઘ નોકારશી અને સાધર્મિકવાત્સલ્યોમાં જમવા જાય અને જવાનો હક્ક ધરાવે તો તેમાંથી સંઘનો વ્યવહાર કરવો ન યોગ્ય ગણાય તેવા સાથે દરેક ગામનો સંઘ અસહકાર કરે તો અયોગ્ય નથી આ વાત શિવજીલાલનની ચર્ચા વખત સ્પષ્ટ થયેલી જ છે. સહકારનો હક અને અસહકારનો હક નહિં એ તો જમાનાના જુવાનીયાની જોહુકમી જ ગણાય ॥૮૨૪॥

સત્યપ્રકાશકના મુનિયોએ દિગંબર, સ્થાનકવાસી, આર્યસમાજ અને બૌદ્ધના આક્ષેપોના ઉત્તરનીજ ગોઠવણ કરી છે, છતાંપણ શ્વેતાંબરના અને વળી સમાધાન નહિં પણ સજ્જને લાયકના ગુન્હાનો નિર્ણય પણ તે મુનિઓએ આપવો એમ કોન્ફરન્સ અને તેના યુવકો કબુલ કરે છે અને મુનિશ્રી વિદ્યાવિજયજી તેને ટેકો આપે છે તે ઘણુંજ સારૂં છે, પણ સંમેલને તે સ્પષ્ટ ન કર્યું તો હવે સ્પષ્ટ થાય તે સારૂં છે જો ભાઇ પરમાનન્દે કે યુવકપરિષદે ચર્ચા ઉપડતાં કમીટીના બંધારણને માની તે કમીટી પાસે તેનો નિર્ણય માગ્યો હોત તો કમીટીને શ્વેતાંબરના પરસ્પર ભેદના નિર્ણયમાં પડવું કે કેમ તેનો વિચાર કરવો પડત ॥૮૨૫॥

મુ. લાલને મુંબઈ ભાયખાલા છે અને કન્વેન્શનમાં માફી માગેલ હોવાથી તેનું પ્રતિનિધિપણું હોય તો પણ સ્હામે કોઇ આવે નહિં. સંઘબહારની કિંમત ન ગણનારે કન્વેન્શન આદિના કિસ્સા કેમ ભુલી જવાય છે. ? ॥૮૨૬॥

યુવકોએ પરિષદમાં અમદાવાદના શ્રીસંઘને રૂઢિચુસ્તો આદિને નામે વારંવાર ઉશ્કેરીને જ બોલાવ્યો છે તે શું વાણીનો વિવેક હતો ?

ન્યાયાધીશ પોતાની સમક્ષ ગુન્હો બનવાથી અથવા ફરીયાદીના પુરાવાથી આરોપીને ગુન્હેગાર માને અથવા કહે તો ન્યાય કરવા લાયક ન રહે એમ યુવકો કહે તે નવાઈ નહિ ?

શાસનસુભટોએ સંતોષ લેવા જેવું એ છે કે સંઘબ્હાર કરવાનુ શસ્ત્ર બુઠ્ઠું છે એમ કહેનાર આજે સંઘબ્હારની સજ્જને ભયંકર ગણી સ્થાને સ્થાનેથી વિરોધી સૂરો કહાડે છે. ॥૮૨૭॥

શાસનસેવકોએ ભાઈ પરમાનન્દના ભાષણમાં જેટલું અધાર્મિક તત્ત્વ હતું તેની જાહેરાત યુવકોની વારંવાર માગણી છતાં નથી આપી, તેથી ઘણીજ અધિક જાહેરાત

યુવકોએ ભાઇ પરમાનન્દને અમદાવાદના શ્રી સંઘે શ્રીસંઘને સંબંધ ન રાખવા કરેલા ઠરાવની જાહેરાત આપી છે તે ન ભૂલવું જોઇએ ॥૮૨૮॥

યુવકો દશ દશ વર્ષથી જહેમત ઉઠાવ્યા છતાં કોઈ પણ ધાર્મિક ક્રિયાનો રોકી શકયા નથી, તો હવે આટલાથી સમજી ઘાતકશૈલી છોડી બાલવૃદ્ધિ લગ્ન અટકાવવા, બેકારી ટાળવાં, કન્યાવિક્રયો રોકવા, સટ્ટા, જુગાર, નાટક, સીનેમા, હોટલો આદિ બંધ કરાવવા જેવા ધાર્મિકોની સહાનુભૂતિવાળા પોતાને લાયકના ક્ષેત્રોમાં પ્રવૃત્તિ આદરવાની જરૂર છે. ॥૮૨૯॥

ધ્યાન રાખવા જેવું છે કે ધર્મના પાયા હચમચાવવા જેઓ તૈયાર થાય છે તેઓ પોતાની અધમ ઘાનત તો સફલ નથી કરી શકતા, પણ અધમ ધારણાથી પોતાને જ નુકશાન કરે છે શાસનરસિકોને તો શાસનરક્ષાની ધારણા હોવાથી જે પરિશ્રમ, અર્થવ્યય અને કાલક્ષેપ થાય છે તે સત્કાર્યની માફક સફલ જ બને છે. ॥૮૩૦॥

૧ મસ્તક, ભુજા, ચરણ જેવા અંગો ખંડિત હોય તો તો સર્વથા પ્રતિષ્ઠા કરવીજ નહિં મુખ્યતાએ પ્રહલાદનીયમૂર્તિ પ્રતિષ્ઠિત કરવી યોગ્ય છે ॥૮૩૧॥ (કલકત્તા)

૧ જૈને જૈનને મળતાં કે પત્ર લખતાં પ્રણામ જ લખવા જોઇએ. જયજિનેન્દ્ર તો સ્હામો સમ્યગૂદર્શન વિનાનો હોય અને તેથી પ્રણામ ન લખાય માટે હોય. સમ્યકત્વવાન્ પિતા તેવા પુત્રને લખે તેમાં એકલા પ્રણામ લખે અને તેવો પુત્ર તેવા પિતાને કાગલ લખે તો પ્રણામ લખવા સાથે સ્નેહોપકારાદિ જણાવી શકે. ચતુર્વિધ સંઘમાં પરસ્પર પ્રણામનો વ્યવહાર હોવો જ જોઇએ. ॥૮૩૨॥

૨ રાજા, અમાત્ય આદિ અધિકારીયોને હાથ જોડવા કે શિર નમાવવું તે લૌકિક ક્રિયા છે. તેને લૌકિકબુદ્ધિથી કરવામાં સમ્યકત્વમાં દૂષણ નથી. લૌકિક અને પ્રાવચનિક ભેદને સમજી લેવા જેવા છે. ॥૮૩૩॥ (મહેસાણા)

૧ શ્રી હીરપ્રશ્નમાં ચતુર્દશીએ કલ્પ વંચાય અને અમાવાસ્યાદિની વૃદ્ધિએ અમાવાસ્યા કે પડવે કલ્પ વંચાય એમ જણાવેલું છે. બીજી ચઉદશ કે બીજી અમાવાસ્યા એમ જણાવ્યું નથી. એ ઉપરથી જણાય છે કે ચઉદશ કે અમાવાસ્યાદિની વૃદ્ધિ હોય તો પણ તેરસ જ બે કરવી અને એ પ્રમાણે પાંચમ ભાદરવા સૂદની વધે ત્યારે ત્રીજ બે કરવી ઉચિત જણાય છે. **ઉદયવાળી તિથિ આરાધવાનો લેખ બેસતી કે આથમતી તિથિની આરાધનાના વ્યવચ્છેદ માટે છે, ક્ષય કે વૃદ્ધિના પ્રસંગમાં તેનો ઉપયોગ નથી, કારણ કે- ક્ષયમાં ઉદયવાળી હોય જ નહિં અને વૃદ્ધિમાં બન્ને ઉદયવાળી જ હોય. વળી તિથિને અંગે પચ્ચકખાણો**

**સવારથી થાય માટે હંમેશા ઉદયવાળી તિથિ લેવાય.** પૂર્ણિમાની વૃદ્ધિએ તેરસ બે કરાય છે તેમાં ચૌદશનો ઉદય હોતો જ નથી, તેમ અહીં પાંચમની વૃદ્ધિમાં ત્રીજ બે કરતાં સમજવું યોગ્ય છે બીજો કોઇ પાઠ બીજી રીતનો હોય તો માનવામાં અડચણ નથી ॥૮૩૪॥ (વાસા)



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૨૩ ૧૯૯૨ દ્વ. ભા. શુ. ૧૫ સમાલોચના**

૧ પત્રથી આવેલ સૂચનાથી સમાલોચનામાં લખાય.

૨ શ્રી જયાનન્દસૂરિજી માટે અન્યો ઇતિહાસ લખે તે સારૂં જ છે. અજ્ઞાન માનવામાં નાનમ નથી

૩ શ્રી મહાવીર મહારાજ વગેરેની ચર્ચામાં સત્યના નિર્ણય માટે નિમણુંક માટે જ થઇ તો અસત્યને જણાવવા પણ સુચના થઇ છે જ

૪ બૃહત્કલ્પની પ્રસ્તાવનામા જ અધિકાર છે એમ તો કબુલાત કરી જ છે, રાજાદિની વાત તો ઉદાહરણ તરીકે છે તે વાત આ પેપરમાં આવી ગઈ છે.

૫ ક્રાંતિકારિની જુઠી સુધારણાનો કે બીજો પણ બચાવ આમ ન થાય.

૬ ખોટું સમજાવવા નકારની ભૂલ જણાવી, છતાં પણ તેમાંજ ધમપછાડા થાય તે શુદ્ધ બુદ્ધિએ સુધારનારાને ન શોભે તે અસ્વાભાવિક નથી. (અવજ્ઞાનો એ લેખ છે.) ॥૮૩૫॥

૭ તત્ત્વતરંગિણીમાં પર્યુષણાની ચોથના ક્ષયે તારે પંચમીએ સંવચ્છરી કરવી પડશે એમ ખરતરોને ચઉદશના ક્ષયે પુનમે પકખી કરવાથી પ્રસંગ આપ્યો છે, તે ઉપરથી પંચમીનું પર્વ પણ અને ત્રીજનો ક્ષય કરવાનું સ્પષ્ટ છે, ત્યાં અમાન્યતાને આગળ કરનારને ધન્યવાદ. ॥૮૩૬॥ (ચરણદાસ)

૧ ૯૭૮ મેં પાને શતક બધાં પૂરાં થવાને અંગે સમાપ્તિ છે, ૯૭૯ મેં લહીયા ઓએ લખેલા નમસ્કાર સાથે પૂર્ણતા જણાવાઇ છે ત્રીજી તો ટીકા માટે છે.

૨ ૯૭૯માં શતકની ટીકા સમાપ્તિ પછીનો પણ ટીકા ભાગ ભગવાન્ અભયદેવસુરિજી-નો જ છે.

૩-૪-૫ ચુલસીઇ વગેરે ગાથા લહીયાની કરેલી છે એમ ટીકાકાર માનતા નથી.

૬ પુસ્તક લેખન શબ્દથી શ્રી સુધર્માસ્વામી કે શ્રી દેવર્દ્ધિક્ષમાશ્રમણને લેનારની તો અકલ જ નમુનેદાર ગણાય. ણમો ગોયમાઈણંથી શેષ બધું લેખક નમસ્કારથી લે છે.

૭ ણમો આદિવાળો બધો ભાગ લખનાર કોણ એ જણાવ્યું નથી કોઇપણ લેખક હોય.

૮ શ્રુતદેવતા સ્તુતિ આપી ગદ્ય આપી પાછી શ્રતદેવતાસ્તુતિ આપવામાં લેખક ઇચ્છા જ કારણ.

૯ બાકીના ભાગના કર્તા લેખકો છે એમ ટીકાકાર સ્પષ્ટ કહે છે અંતહુંડી એ વિદ્યાનું વિશેષણ છે.

૧૦ શ્રી દાનશેખરજીવાળો ટીકા સંક્ષિપ્ત છે, તો પછી તેમાં તેનો લેખ ન હોય એથી તે ભાગ પહેલો ન્હોતો, એમ કહેનાર તો અણસમજુ ગણાય.

તા.ક. આવા પ્રશ્નોથી તમે ગણધર મહારાજકૃત ગાથાઓ અમુક છે વગેરે લખી નાખ્યુ હતું તેનું સમાધાન ન ગણાય, અને સત્યગ્રહણનો આ રસ્તો પણ નથી. તમને સંતોષ થવા ઉત્તરો આપ્યા છે. ॥૮૩૭॥ ( હીરાલાલ કા. )

૧ સાધ્વીયો પાસે કપડાં ધોવરાવવા એ સાધુઓને માટે અકલ્પ છે. ॥૮૩૮॥

૨ વ્યાખ્યાન વખત શિવાય સાધ્વી કે શ્રાવિકા સાધુઓને ઉપાશ્રયે આવે તે અયોગ્ય ગણાય ॥૮૩૯॥ ( ચાણસ્મા )

૧ પૂર્ણિમા અને અમાવાસ્યાની વૃધ્ધિએ તેરસ બે પહેલેથી કરાય છે, એ જેને કબુલ છે તેને તો ભાદરવા સુદ પની વૃદ્ધિ થવાથી બે ત્રીજ કરવી પડે ॥૮૪૦॥

૨ શ્રી હીરપ્રશ્નમાં પૂર્ણિમા અમાવસ્થની વૃદ્ધિમાં ઔદયિકી શબ્દ બીજી તિથિને અંગે ગુણનિષ્પન્ન છે. બાકી સૂર્યોદય તો બન્નેમાં જ હોય છે. ॥૮૪૧॥

૩ તત્ત્વતરંગિણીનો પાઠ ક્ષયતિથિને અંગે છે તેને વૃદ્ધિમાં કેમ લગાડાય છે ? અને ક્ષયમાં ષષ્ઠતપને સ્થાને શીલપાલન આરંભત્યાગને માટે શું ? અર્થાત્ બે દિવસ થવા જોઈએ ત્યાં કેમ ? ॥૮૪૨॥

૪ શનિવારવાળાને ભાદરવા સુદ ૫ થી એક દિવસ પાછલ આણેલી સંવચ્છરી બે દિવસ પાછલ જશે. ॥૮૪૩॥

૫ શ્રી હરીપ્રશ્ન વગેરેમાં છઠ્ઠ અઠ્ઠમ માટે ભાદરવા સુદિ ૫ લીધી છે. વર્ષની ગણતરીમાં સંવચ્છરીપણું પલટયું છે. તિથિપણું નહિ તે સ્હેજે સમજાય તેમ છે ॥૮૪૪॥

૬ ક્ષયમા ઉદય હોય નહિ અને વૃદ્ધિમાં બે ઉદય હોય એ જાણનારે ઉદયાતનું કથન વિચારવું જરૂરી છે. ॥૮૪૫॥

૭ આમ કર્યું હતું એમ કહેશે એ કથન કોને શોભે ? (સાંજ વર્ત્તમાન)

૧ ભગવાન તીર્થંકર દેશના દે તે વખતે જ ભગવાનનાં ત્રણ રૂપ સમવસરણમાં ત્રણ દિશાએ દેવતા કરે. ભગવાન દેવછંદે જાય અને ગણધર મહારાજ દેશના દે ત્યારે નહિ ॥૮૪૬॥

૨ શ્રી ભગવતીજીમાં છત્રીશ હજાર પ્રશ્નો અને છત્રીશ હજાર વખત શ્રી ગૌતમ સ્વામીજીનું નામ હોવાથી ચાર માસના ૧૨૦ દિવસે રોજ ત્રણસે સાથીયા આદિ કરવાથી છત્રીશ હજારનો મેળ થાય. ઓળી આદિને અંગે વધારે ॥૮૪૭॥

૩ આચાર્યાદિ પદસ્થોને દ્વાદશાવર્ત્ત વંદન કરાય છે. સાધ્વીયોમાં પ્રવર્ત્તિનીને પણ હોવું સંભવિત નથી ॥૮૪૮॥ (તાપસ)

૧ સુત્રથી વિરુદ્ધ શ્રદ્ધા અને પ્રરૂપણાવાળા છે એમ નક્કી હોય તેવા સાથે ક્રિયા કરવી અથવા એના સ્થાપનાઆર્ય માનવા એ સૂત્રાનુસારિને શોભે નહિં ॥૮૪૯॥

૨ મધ્યાહ્નાદિનો કાલ વખત તો કલ્પવાચનામાં પણ ટાળવો જ જોઇએ. ॥૮૫૦॥

૩ શનિવારે લાજને લીધે પણ સંવચ્છરી કર્યા પછી રવિવાર કરવું એ શોભતું નથી શકાવાળો સ્વયં ખામણા કરી શકે. ॥૮૫૧॥

૪ તેરસ અને ત્રીજ આદિ દિવસોએ સંતિકરં અને ધમ્મો મંગલના સ્તવન અને સજ્ઝાય બોલાવાનો રિવાજ જુનો છે. ॥૮૫૨॥

૫ પ્રભુપૂજનો (મુખ્ય કાલ ત્રણ સંધ્યા છે, પણ આજીવિકાના બાધને પ્રસંગે હરેક કાલે દિવસમાં કરી શકે. ॥૮૫૩॥

૬ જેની ઉપર કાગળ લખતા હોઈએ તે કઈ જાતનો છે એ ન જાણીએ તો સામાન્ય જયજિનેન્દ્ર લખવામાં અડચણ નથી. ॥૮૫૪॥

૭ સાધુઓની અપેક્ષાએ તો માંડળીમાં પડિકમણું ન કરે તો દોષ છે. ॥૮૫૫॥ (મહેસાણા)

૧ મેવાડ આદિ દેશોમાં સ્થાનકવાસી સાધુઓ જૈનના દહેરામાં ઉતરે છે અને મહા અશાતના કરે છે, તેને અંગે તેઓ અટકાવ નહિં પાળવાની માન્યતા અને પ્રવૃત્તિ-વાળા હોવાથી દુધ અને પાણીથી દહેરૂં ધોવાની વાત અનુવાદથી હતી તે સ્વાભાવિક છે. ઉપાશ્રયમાં અને સામાન્ય ગૃહસ્થની વાત તો પરવારેલાના મગજની જ ગણાય.) ॥૮૫૬॥

૨ દિગંબરો પ્રથમ શ્વેતાંબરોના શ્રી શિખરજી જેવા તીર્થોમાં દર્શનાદિકના બહાને આવે છે અને પછી 'હમારો હક છે' એમ કહી તીર્થને પચાવવા જાય છે તે વખતે શ્વેતાંબરોને લોહી ખાખ થતાં પણ તીર્થનો બચાવ થતો નથી આ વાત દીવા જેવી છે (લોહીથી ધોવાથી પવિત્ર કરાય કે ચોકખું થાય એ હકીકત તો મગજનો ગુમાવનાર જ લખે કે માને) ॥૮૫૭॥ (સુરત--ઘાટકોપર-કપડવંજ)

૧ દિગંબરો બાર દુકાળીમાં ગુરૂને માર્યાની વાત જણાવે છે તે કોઈ દિગંબર ગુરૂ ચેલાની હશે ॥૮૫૮॥

૨ ૧૪૪૪ બૌદ્ધોને કોઈ શ્વેતાંબર આચાર્યે મારી નાખ્યા એમ કહેનાર દિગંબરો માના પેટમાંથી નીકળ્યો ત્યારથી જુઠા છે. ॥૮૫૯॥

૩ આચારાંગસૂત્રને નામે વાત કરનાર દિગંબર ભગવાનના વચનોને નહિ માનનારા હોવાથી ટીકાને ન માને અને બાહ્યપરિભોગને ન માને તેમાં દિગંબરોના ભાગ્યનો જ દોષ છે. ॥૮૬૦॥

## શનિવારની સંવચ્છરીવાળાઓ સમજશે

શનિવારે સંવચ્છરી કરનારાઓ પોતાના આગ્રહમાં સરલ રસ્તો ન ગ્રહણ કરી શકે એ જુદી વાત છે, પણ તેઓ રવિવારે સંવચ્છરી કરનારા કે જેઓ પાંચમને સાંવત્સરિક તિથિ નહિ પણ પર્વતિથિ તરીકે અષાઢ આદિ પુનમોની માફક માને છે અને તેથી બે પુનમના પ્રસંગે બે ચૌદશનો પ્રસંગ આવવાથી બે તેરસ કરી જે ચૌદશ સ્વીકારાઈ તે જ ચૌદશે ચોમાસી આદિ થાય છે તેમ બે પાંચમથી બે ચોથના પ્રસંગે બે ત્રીજ કરી સ્વીકારેલી ચોથે જ સંવચ્છરી કરી છે, એ સત્યને ન સમજતાં 'પાંચમના ક્ષયે ત્રીજ કરી' એમ કહે અને પાંચમની વૃદ્ધિએ પાંચમે સંવચ્છરી કરી એમ કહે એ બરોબર જાણી જોઇને જાહેર રીતિએ માયામૃષાવાદ કરે છે. ઉભયત્ર સંવચ્છરી ચોથે થાય છે. ॥૮૬૧॥

શનીવારવાળાઓએ ધ્યાનમાં રાખવું કે અન્ય વર્ષોમાં જ્યારે પાંચમનો ક્ષય જોધપુરીમાં હતો ત્યારે બીજી ટીપ્પનામાં છઠ ક્ષય પણ હતો તેથી કદાચ તેઓ ટીપણું માનીને ચોથ અને પાંચમ બે બરોબર ક્ષય વિના રાખી શકયા, પણ આ વર્ષે તો જોધપુરીમાં રવિવાર અને સોમવારે પાંચમો છે અને બીજા ટીપનામાં શનિવારે અને રવિવારે બે ચોથો છે, માટે બે ચોથ માને અગર બે પાંચમ માને તો પણ શનીવારની સંવચ્છરી થઇ શકે જ નહિ. બે પાંચમ કે ચોથો ન મનાય માટે રવિવારે જ સંવચ્છરી થાય, ભાદરવા સુદ પાંચમને પણ બીજી અગીઆરસ જેવી તિથિમાં ન ગણાવી એમ તો ભવથી ભય રાખવાવાળા બોલી શકે જ નહિ. ॥૮૬૨॥

શનિવારવાળાએ પંચાસી પ્રશ્નો જે વધારા દ્વારાએ બહાર પડયા છે તેનો ખુલાસો ક્રમસર જાહેર સહી સાથે કર્યો હોત (તો) તે વ્યાજની ગણાત ॥૮૬૩॥

તા.ક.— આવતા વર્ષે બે પાંચમ છે. પણ ૧૩ ક્ષય હોવાથી પર્યુષણ ૧૨ ગુરૂવારે શરૂ થઈ ગુરૂવારે સંવત્સરી થશે. ॥૮૬૪॥ તંત્રી

卐卐卐

## સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૨૩ સંવચ્છરી અને જૈનો

ભગવાનૂ શ્રી જિનેશ્વર મહારાજના શાસનમાં આ એક જ દિન એવો છે કે જે દિવસે શ્રી ચતુર્વિધ સંઘ પૈકીની કોઇપણ વ્યકિત પોતાનો વૈરવિરોધ વોસરાવે નહિં અથવા વૈરવિરોધની વૃત્તિવાળા વચનો આ દિવસે ખમાવ્યા છતાં બોલે તો તેને 'હે આર્ય તું અયોગ્ય બોલે છે' એમ કહી શકાય. અર્થાત્ દૈવસિક, રાત્રિક, પાક્ષિક આદિ પ્રતિક્રમણોમાં વૈર વિરોધ ખમાવવાના જ છે અને ખમાવ્યા પછી તે વૈરવિરોધવાળી વૃત્તિથી વચનો બોલવાના નથી. છતાં તે દૈવસિક આદિથી ખમાવેલા દોષનાં વચનો બોલે તો તેને 'હે આર્ય ! તું અકલ્પ્ય બોલે છે' એમ કહેવાનો શાસ્ત્રીય સ્પષ્ટ અધિકાર નથી. જ્યારે સંવચ્છરીપર્વને માટે તો શાસ્ત્રીય સ્પષ્ટ લેખ છે કે સંવચ્છરી પ્રતિક્રમણ કરીને કે સંવચ્છરી પછી જો કોઇ શ્રી સંઘની વ્યકિત પુરાણા વૈરવિરોધની વૃત્તિવાળાં વાકયો બોલે તો તેને સમુદાયે સ્પષ્ટ શબ્દોમાં જણાવવું કે 'હે આર્ય ! તું અકલ્પ્ય એવું બોલે છે' આટલું જણાવવું એટલું જ તેમાં બસ થાય છે એમ નહિ, પણ તેમ કહ્યા છતાં એટલે તું અકલ્પ્ય બોલે છે એમ કહી સાવચેતી આપ્યા છતાં જો તે વૈરવિરોધની વૃત્તિવાળો તેવું ને તેવું વૈરવિરોધની વૃત્તિવાળું બોલે તો તે અયોગ્ય બોલનારને તંબોળી સડેલા પાનને કંડીયામાંથી કહાડી નાખે છે તેવી રીતે શ્રી સકલ શ્રમણસંઘથી દુર કરી દેવો એવું સ્પષ્ટ વિધાન સૂત્રકારો આ દિવસને માટે જ કરે છે.

ઉપરની હકીકત વિચારનારને સ્પષ્ટપણે સમજાશે કે આ સાંવત્સરીકનો દિવસ એ શ્રી સંઘની આખરી કોર્ટ છે, અને આ વાતને સમજનારો વર્ગ, આ દિવસની મહત્તા સમજે તે સ્વાભાવિક છે. માટે આ સાંવત્સરીકની મહત્તા સમજી તેના ધ્યેયને પુગી વળવા માટે શ્રી ચતુર્વિધ સંઘની દરેક વ્યકિતએ વાર્ષિક ખામણા કરવા અને પુરાણા વૈરવિરોધો વોસરાવી મૈત્રી આદિ ભાવનાથી ભાવિત થઈ મનુષ્યજન્મ સફલ કરવા કટીબદ્ધ થવું જોઇએ.

તા.ક. આશા છે કે જૈન શાસનના સુકાનીયો આવતે વર્ષે સાંવત્સરિક બાબતમાં ભિન્નતા ન રહે માટે બનતું કરશે. આવતે વર્ષે પણ બે પાંચમો છે, તો પાંચમને પર્વ–તિથિ પણ નહિ માનનારો વર્ગ તેના પુરાવા બહાર પાડશે તો બીજાઓને રસ્તો સુઝશે.

પુરાવા આપતાં ધ્યાનમાં રાખવું કે (૧) ક્ષય અને વૃદ્ધિના પ્રસંગે ઉદયનો નિયમ નથી. (૨) પર્યુષણમાં પહેલા કે વચમાં પણ છઠ થાય છે. (૩) ચોથ સુધીને માટે લખેલ વાત પાંચમને લાગુ ન કરવી. (૪) પુનમના ક્ષયે તેરસ ને ચૌદશે ચૌદશ પુનમ ભોગવટામાં હોય છે. (૫) પુનમની વૃદ્ધિએ કે ક્ષયે તેરસની વૃદ્ધિ ક્ષય થાય છે (૬) પુનમના ક્ષયે મુખ્યવૃત્તિએ ત્રયોદશી અને ચતુર્દશીમાં તેનો તપ કહેયો છે, એકલી તેરસે નહિ (૭) વળી તેરસે વિસ્મરણે જ પડવો કહેયો છે. ॥૮૬૫॥



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૨૪ ૧૯૯૨ દ્વિ. ભા. વ. ૦))**

૧ અક્ષયતૃતીયા (ની વૃદ્ધિ વખતે પણ) આદિ બાર તિથિના પર્વોમાં જો ઉત્તર તિથિએ જ પર્વ થાય એ નિયમ વૃદ્ધૌ કાર્યા તથોત્તરી એ વાકયથી થાય અને તે અક્ષયતૃતીયદિની (ક્ષીણ તિથિ વખતે પણ) પૂર્વની ક્ષયનો નિયમ મનાય તો પછી બાર તિથિમાંજ 'ક્ષયે પૂર્વા' વાળો નિયમ લાગુ થાય છે, એ કથન વદતો વ્યાઘાતઃ જ છે ॥૮૬૬॥

૨ શક્તિના અભાવે જ્ઞાનપંચમીના તપ કરનારને પણ ભાદરવા સુદિ ચોથના તપથી ચાલે એ પૂર્વપુરુષના વાકયને માનનાર મનુષ્ય બાર પર્વમાં ગણાતી પાંચમ કરતાં ચોથને ઉતરતી માની તેની વૃધ્ધિ માની શકે જ કેમ ? ॥૮૬૭॥

૩ સંવત ૧૮૬૯નો નિયમ તો અશાસ્ત્રીય હોવા સાથે અસંબદ્ધ અને અનિયત છે ને તેથી ન મનાયેા હોય ॥૮૬૮॥

૪ જોધપુરી શિવાયને માનવાનું સકલ ભારતીય મુનિઓના સંમેલને ઠરાવ્યુ હોત તો ચાલત—એક સદી કરતાં વધારે વખતથી જોધપુરી નીકળે છે ને મનાય છે એમ વિશ્વાસપાત્ર મનાવવુ જોઇએ. ॥૮૬૯॥ (સમય ધર્મ)

૧ દિગંબરો શ્વેતાંબરોના તીર્થોમાં દર્શન પુજા કરવા માંડી પછી હક જમાવી શ્વેતાંબરોનાં લેહી ચુસી લે છે એ સાચી વાતને ન સમજતાં લોહીએ ધોવાની વાત કરનારા કે માનનારાઓની તો અક્કલ ઉપર જ આફરીન થવાય ॥૮૭૦॥ (જૈન)

૧ તત્ત્વતરંગિણીમાં સંવચ્છરીની ચોથના ક્ષયે ખરતરને ચૌદશના ક્ષયે પુનમે પકખી માનવાના અંગે પાંચમે સંવચ્છરી માનવા માટે આપેલેા અનિષ્ટ પ્રસંગ જ જેઓએ પહેલાં કે હમણાં પણ વિચાર્યો હશે તે યોગ્યમાર્ગને આપોઆપ સમજશે. ॥૮૭૧॥

૨ ચોથની પહેલાના આઠ દિવસને લખાયેલને પાંચમના પ્રસંગે લગાડે તે તો અકકલબાજ કહેવાય ॥૮૭૨॥

૩ પુનમ અમાવાસ્યાના ક્ષય વૃદ્ધિ ન મનાય તો પાંચમની કેમ મનાય ? પુનમની પહેલાં ચૌમાસી ચઉદશો ત્રણ જ હોય તથા દીવાળીની અમાવાસ્યા એક જ હોય એમ નહિં ? ॥૮૭૩॥

૪ પંચાસી પ્રશ્નોની જોખમદારી તંત્રી નાકબુલ કરતા નથી, છતાં શનિવારવાળાને કમસર ઉત્તર દેવો કે પુનમ કે અમાવાસ્યાના વૃદ્ધિ કે ક્ષયે તેરસની વૃદ્ધિ કે ક્ષયનો રિવાજ કબુલ કરવો છે ને માનવો નથી ॥૮૭૪॥

૫ આજ્ઞા સંદેશા આદિ તો સ્ફુટ છે એટલે બચાવ શાનો થાય છે ? ॥૮૭૫॥

૬ પુનમ અને અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ માફક પાંચમની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃધ્ધિ માનવાવાળા તો પરંપરા અને त्रयोदशीचतुर्दश्योः ના પાઠથી બરાબર ગણાય પણ પાંચમની તિથિ બે માનનારનું શું થાય ? ચતુર્દશી સ્થિરની તેના તપની અને તપ ન હોવાની વાત કલ્પિત છે ॥૮૭૫॥

૭ પંચાંગમાં બે બીજ પાંચમાદિ પર્વતિથિઓ હોય છે ત્યારે ભીંતીયાં પંચાંગમાં પહેલાની બે તિથિઓ લખાય છે એ સાદી વાતને ન સમજે તેને શું કહેવું ? ॥૮૭૬॥

( વીરશાસન )



**સિદ્ધચક્ર વર્ષ ૪ અંક ૨૪ પૃ. ૫૬૦ સમાલોચના**

૧ રાધનપુરમાં સ્વપનાનું દ્રવ્ય દેવદ્રવ્ય શિવાયમાં જવાથી વ્યાખ્યાન ન વાંચ્યું અને તે જ સમુદાયે મુંબઈ વાંચ્યું કેમ ? એ બાબત અહિં લખવાની જરૂર નથી. ॥૮૭૭॥

૨ શ્રી જિનેશ્વરની આજ્ઞા માને છે કે મુરબ્બીની આજ્ઞા માને છે એ ખુલાસો પણ અહિંથી ન લેવાય ॥૮૭૮॥

૩ કોઈક મહાનુભાવો ક્ષયો પૂર્વા. ના વચન ઉપર મુખ્યતા રાખે અને કોઈક મહાનુભાવ કલ્પસૂત્રમાં જેમ ભગવાને પજુસણ કર્યા તેમ ગણધરે, જેમ ગણધરે તેમ તેમના શિષ્યોએ, જેમ તેમના શિષ્યોએ તેમ સ્થવિરોએ જેમ સ્થવિરોએ તેમ વર્તમાન સાધુ સમુદાયે, જેમ વર્તમાન સાધુ સમુદાયે તેમ હમારા આચાર્યોપાધ્યાયે અને જેમ હમારા આચાર્યોપાધ્યાયે પજુસણ કર્યા તેમ હમે કરીયે છીયે એમ જ કહેવાય છે તેને મુખ્યતા આપી હોય તેમાં આરાધક વીરાધકપણાની છાપ મારવાનું કાર્ય જ્ઞાનીઓનું છે. વર્તમાનમાં લૌકીક ટીપનાં કે જે શાસનને મળતું નથી તેને આધારે ખળભળાટ નકામો છે. ॥૮૭૯॥

૪ શ્રી સિદ્ધચક્રમાં સુધારતા ભુલો રહે છે એ કબુલ કરવા જેવું છે. (મુંબઈ–વિજય)

વર્ષ ૪ અંક ૨૪ 'સિદ્ધચક્રનો વધારો'

## મહારાજશ્રી કલ્યાણ વિજયજીને વિનંતિ

સાંભળવા પ્રમાણે આપે મારા ૮૫ પ્રશ્નોના ઉત્તરો જે પેપર છપાવવા મોકલ્યા હતા ત્યાં છાપવાનો નિષેધ લખ્યો હતો, પણ હવે તે છપાઈ તો ગયા છે માટે આ જાહેર ખુલાસો સામાન્યરીતે જ લખવો પડયો છે.

૧ જિજ્ઞાસા ધરાવનાર શનીવારની સંવચ્છરી કરવાવાળા વિસ્તારથી પ્રશ્ન હોય તો સારી રીતે સમજે માટે જ પ્રશ્નની પરંપરા હતી.

૨ પર્યુષણના પવિત્ર દિવસોમાં આરાધનામાં ખલેલ ન આવે માટે ઉત્તર આદિનો નિષેધ કરાય છે એમ ચોકખું છતાં અડધા ઉપર ધ્યાન દેવાથી ચતુરાઇનું ચણતર જણાયું તેમાં હું નિરૂપાય છું.

૩ આપના લખાણ ઉપરથી જોધપુરી ચંડાંશુચંડુ પંચાંગ આપણામાં મનાયું છે અને મનાય છે એમ જે નક્કી થાય છે. તે અન્ય શનિવારવાળા પણ કબુલ કરશે તો ટીપણા બાબતમાં તે સવાલ કે વિરોધ નહિ રહે.

૪ પુનમ કે અમાવાસ્યાના ક્ષયે કે તેની વૃદ્ધિએ તેરસનો ક્ષય કે વૃદ્ધિએ તેરસનો ક્ષય કે વૃદ્ધિ થાય છે તે વીસમી સદીની શરૂઆતથી થાય છે એમ જો આપ વીસમી સદીથી જુનો રિવાજ નથી. એમ કહી જણાવો છો તો તે રિવાજને માનનાર અને આચરનારે તો ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિ કે ક્ષય હોય ત્યારે ભાદરવા સુદ ત્રીજનીજ વૃદ્ધિ કે ક્ષય કરવો એમજ વ્યાજબી છે.

૫ પુનમ કે અમાવાસ્યાના ક્ષય કે વૃધ્ધિએ તેરસનો ક્ષય કે વૃધ્ધિ કરવાનું જો અશાસ્ત્રીય કે શાસ્ત્ર બાધિત લાગતું હોય તો તેનો નિર્ણય થવાની જરૂર હતી. માત્ર પોતાના વિચારથી તે જુની રૂઢિને અશાસ્ત્રીય કે શાસ્ત્રવિરૂધ્ધ માની લેવી કે કહી અથવા લખી દેવી તે ઠીક નથી

૬ શ્રી હીરપ્રશ્નમાં જ્યારે પંચમીના ક્ષયે તેનું તપ તેની પહેલી તિથિમાં કરવું એમ જણાવ્યું ત્યારે જો પુનમનું તપ પણ ચૌદશે પુનમના ક્ષયે કરવાનું હોત તો તેમાં પણ પૂર્વતિથિમાં પુનમના ક્ષયે પુનમનું તપ કરવું એમ જણાવત, પણ તેમ નથી જણાવ્યું તેથી પુનમના ક્ષયે પુનમનો તપ કરવામાં કંઈ પંચમીના ક્ષયે તેની પૂર્વતિથિમાં કરાતા તપ કરતાં વિશિષ્ટતા છે, અને તે વિશિષ્ટતા त्रयोदशीचतुर्दश्योः એમ દ્વિવચન વાપરીને સ્પષ્ટ કરી છે.

૭ તત્ત્વતરંગિણીમાં પર્યુષણાચતુર્થ્યાઃ ક્ષયે પંચમીસ્વીંકારપ્રસંગેન ત્વં વ્યાકુલો ભવિષ્યસિ એ વાકયથી ખરતરોને અનિષ્ટ પ્રસંગ આપતાં સંવત્સરીની ચોથ માફક તે પાંચમને મહત્તાવાળી ગણી છે એમ તો ખરૂં જ

૮ તત્ત્વતરંગિણીમાં પ્રાચીનકલ્યાણકતિથૌ દૂયોરપિ વિધમાનત્વાત્ એમ જણાવી કલ્યાણકતપને અંગે ઉભય કલ્યાણકની આરાધના જણાવે છે, પણ પ્રતિદિન કર્ત્તવ્ય તરીકે કરતા પૌષધાદિ અનુષ્ઠાન એકહાં ન થાય, કેમકે તે અપેક્ષાએ તો ચતુર્દશીના ક્ષયે પુનમે પાક્ષિક માનનારને 'પાક્ષિક અનુષ્ઠાન માનશો કે પુનમનું અનુષ્ઠાન માનશો' એમ સવાલ કરેલો છે.

૯ આપના લખાણમાં પુનમના ક્ષયે તેનું તપ તેરસે કરવું અને તેરસે ભૂલાય તો પડવે કરવું આવો અર્થ જે આપે કર્યો છે તેને માટે ત્રયોદશ્યાં એવું પદ નથી, પણ ત્રયોદશી ચતુર્દશ્યોઃ એમ દ્વિવચનવાળુ પદ છે. વળી આપના હિસાબે તેરસને દિવસે નથી પુનમનો ઉદય, કે નથી તો પુનમનો ભોગવટો, તો પછી તેરસે કે પડવે પુનમનું તપ કયે મુદ્દે કરવું ?

૧૦ તત્ત્વતરંગિણીમાંજ પંચદશ્યા એવ ચતુર્દશીત્વેન વ્યપદેશાત્ આવા પ્રસિધ્ધ જણાવનાર કહેલા વાકયથી શું એમ નથી ઠરતું કે પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિને પર્વના નામે જ ગણવામાં આવતી ? અને જો એમ હોય તો કહેવું પડશે કે પૂર્વની તિથિનો ક્ષય જ મનાતો હતો અને એ પ્રમાણે પર્વના એકવડા અનુષ્ઠાનને અંગે એક જ પર્વતિથિ મનાતી હતી.

૧૧ જે દિવસે જે તિથિનો ભોગવટો હોય તે દિવસે તે તિથિ કરવામાં આરોપ નથી એમ જ્યારે તત્વતરંગિણીકાર કહે છે અને મનાય છે, તો પછી પુનમના ક્ષયે તેરસે ચૌદશનો અને ચૌદશે પુનમનો ભોગવટો છે એ ચોકખું છે. છતાં તેની કેમ ના કહેવાય છે?

૧૨ આષાઢાદિની પૂર્ણિમા અઠ્ઠાઇના હિસાબમાં નથી પણ પર્વતિથિના હિસાબમાં છે એમ પ્રશ્નગ્રંથમાં સ્પષ્ટ કહેલું છે, તો શું તે પુનમના ક્ષયે કે તેની વૃધ્ધિએ અઠ્ઠાઈમાં ફેરફાર નહિ કરાય ? જો તે અઠ્ઠાઈ અખંડ છતાં ફેરફાર પુનમની વૃધ્ધિ કે ક્ષયે કરાય છે અને કરવો જોઇએ તો પર્યુષણાની અઠ્ઠાઈ અખંડ છે એમ કહી પાંચમની પર્વતિથિની વૃદ્ધિ કે ક્ષય માનવાનું કેમ બને ?

૧૩ કલ્પધરના ષષ્ઠના પ્રસંગમાં છઠની તપસ્યા માટે પ્રશ્ન નથી પણ તેની તિથિયોને અંગે પ્રશ્ન છે એ દ્રષ્ટિએ વિચારવાથી ચતુર્દશી અમાવાસ્યા અને પડવાના કલ્પને અંગે પ્રશ્ન છે એમ હું સમજું છું.

૧૪ જિજ્ઞાસાવાળાને તો પડદો જોખમદારવ્યક્તિ અને આચાર્યો જેવી વાતો ઓછી જરૂરી છે.

૧૫ તમારા સિવાયની વ્યકિત કે સમુદાયને લાગતા પ્રકરણને તેઓએજ નથી ગણકાર્યું અને આપે કાંઇ નથી લખ્યું એટલે જ કાંઇ લખવાનું રહેતું નથી.

૧૬ તત્ત્વતરંગિણીમાં ચૌદશના ક્ષયે તેરસે પાક્ષિક કરતાં તેરસના વ્યપદેશનો ગંધ પણ હોવાની ના કહે છે, તેથી પૂર્વની અપર્વતિથિમાં પર્વતિથિની ક્રિયા કરવી એમ નહિ પણ પૂર્વની અપર્વતિથિનો ક્ષય જ એમ ચોકકસ સમજાય તેમ છે વળી બરાબરોને પુનમને દિવસે પાક્ષિક અને પંચદશીના અનુષ્ઠાનમાં પરસ્પર અભાવ જણાવવાથી પણ એક તિથિએ એકજ પર્વની આરાધના સિધ્ધ કરે છે

૧૭ વળી જયારે પર્વતિથિના ક્ષયે તેની પ્રથમની અપર્વતિથિનો ક્ષય તેની પ્રથમની અપર્વતિથિનો ક્ષય ગણવો તો પછી સહેજે નકકી થયું કે પર્વતિથિની પહેલાં પણ પર્વતિથિ હોય તો તેનો પણ ક્ષય ન ગણવો માટે તે પહેલાંની પર્વતિથિથી પણ પહેલાંની અપર્વતિથિનો ક્ષય કરવો જ જોઇએ.

૧૮ જયારે પર્વતિથિનો ક્ષય જ ન માનવો તો વૃધ્ધિ પણ ન જ મનાય અને તેથી પર્વતિથિની વૃદ્ધિમાં બીજી તિથિને જ પર્વતિથિ તરીકે મનાય અર્થાતૂ પર્વતિથિઓ બે માનવી એ ન બને. તો સ્પષ્ટ થાય છે કે પહેલાંની અપર્વતિથિને જ બેવડી માનવી. શું બીજ આદિ પર્વતિથિ બે માને અને સચિત્તત્યાગાદિ બે દિવસે ન કરે અને બીજ આદિ પર્વના નિયમો પાળે ? માટે અપર્વની તિથિને જ બેવડી મનાય અને તેથી પુનમ અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસ વધે.

૧૯ ઉદયતિથિ ન મળે અથવા અધિક મળે તો ક્ષયમાં પૂર્વ અને વૃદ્ધિમાં ઉત્તર લેવાનું હોવાનું હોવાથી તે અપવાદ થાય.

૨૦ છઠ્ઠને અંગે તપનો સવાલ નથી પણ દિનનો સવાલ છે એ અધિકાર એ રૂપે જ વિચારવાથી યથાર્થ ગણાશે. ॥૮૮૦॥ તંત્રી શ્રી સિદ્ધચક્ર

**જૈન યુવકોને :—**

જોકે તમો આજ વર્ષોથી તન મન અને ધનથી ઉદય માટે ઉદ્યમ કરો છો, તેને માટે તમન્ના રાખો છો, જીગરમાં જુસ્સો પણ અસાધારણપણે ધરાવો છે, છતાં તમો દેખી શકો છો કે તમારા પરિશ્રમના પ્રમાણમાં કંઇપણ ફલ તમો મેળવી શકયા નથી.

તમો જો ધારતા હો કે હુમોએ વાણી સ્વાતંત્ર્ય મેળવ્યું છે તો ધ્યાન રાખવું કે વાણી એ વસ્તુ જ પરના ઉદયને માટે હોય, અન્યથા ઉલુક કાક આદિ ગગનગામીયો અને શિયાલ આદિ સ્થલગામીયો સ્વતંત્રપણે વાણીને વદે જ છે, એટલું જ નહિ, પણ તમારી વાણી ઉપર અન્ય તરફથી જ્યારે ટીકા આદિથી પ્રહારો થાય તો તે વાણી સ્વાતંત્ર્ય કહેવાય કે વાણીવ્યામોહ કહેવાય ? વાણીવ્યામોહથી તમારૂં અને તમારા શ્રોતાનું કયું શ્રેયઃ સાધ્યું કે કર્યું શ્રેયઃ સાધવા માગો છો તેનું મનન કરો. અનાચારોમાંથી જ આશીર્વાદ મેળવવા હોય તો તમોને રૂચતાં કાર્યો ઉપાડી તેના વિધાનમાં કટીબધ્ધ થઇ જાઓ. આ આ કાર્યો તમારી રૂચિના છે કે નહિ ?

૧ દરેક ગ્રેજ્યુએટે પોતાની આવકનો દશમો ભાગ તમારી ધારેલી વ્યવહારિક કેળવણી સાથે શુદ્ધ ધાર્મિક કેળવણી પાછળ ખરચવો.

૨ તમારા વર્ગમાં જે કોઇ સ્થાવર મિલકત વસાવે ત્યારે તેનો દશમો ભાગ પોતાની જાતના બેકારોની બેકારી ટાળવા માટે ખરચવો.

૩ બાલલગ્ન કે વૃદ્ધલગ્ન ન કરવાનાં પ્રતિજ્ઞાપત્રો કહાડી તે ઉપર સહીયો કરી જાહેર કરવું અને જેઓ બાલલગ્ન કે વૃદ્ધલગ્નમાં માનતા હોય કે કરતા હોય તેવાઓને તમારા સમુદાયથી દૂર કરવા.


૪ જ્યારે પણ મોટર જેવાં વાહનો કે આભૂષણો ખરીદે ત્યારે તેનો દશમો ભાગ તમારી વિધવા બહેનોના નિર્વાહ માટે કહાડવો.

૫ તમારા મંડલમાં એક વિચાર પ્રવાહ ઉભો કરી સધવા કે વિધવાબાઇઓની મુંડી સુરક્ષિત રહે અને બહેનો હક તેની વસુલાતનો રહે એવો કાયદો કરાવવો.

૬ બેન્ક અને બજાર વગેરેમાં સધવા કે વિધવાના રકમના વ્યાજનો દર એક આનો વધારે રખાવવો.

૭ હોટલ નાટક સીનેમા અને બીજાં ફાલતુ ખરચોનાં સ્થાનો બંધ કરાવવાં.

આવા કાર્યોમાં જો તમારો પ્રયત્ન થશે તો અત્યારસુધી તમારી ધર્મવિરોધિ પ્રવુત્તિથી નિષ્ફલતા ને નિન્દતા થઇ છે તે નહિં થાય અને તમો જગતમાં હીરા માફક ચમકતા થશો. અને જેઓને તમો ઢિચૂસ્તો કહીને નિન્દો છો તેઓનો પણ ખરેખરો સહકાર મેળવી શકશો. ॥૮૮૧॥



સિદ્ધચક્ર પાક્ષિક વર્ષ ૪ અંક ૨૪

## વ્યાખ્યાન એટલે શું ? વ્યાખ્યાન કોણ કરે ?

જૈન જગતમાં વ્યાખ્યાન જેને અપભ્રંશમાં વખાણ કહેવાય છે તે શબ્દ ઘણો જ પ્રસિદ્ધ છે. એ તો જણાવવાની જરૂર જ નથી કે જૈનજનતા ત્યારેજ વ્યાખ્યાન શબ્દ વાપરે છે કે-જ્યારે કથન કરનાર ભગવાનની આજ્ઞાને મહત્વ આપનાર અને તે મુજબ વર્તવાવાળો હોય અને કરાતું કથન શ્રી જૈનશાસ્ત્રોનું હોય, પણ જો આવી રીતનું કથન ન હોય તો બીજાના કહેલા કે બીજા રૂપથી કરેલા કથનને તે ભાષણ કે લેકચર શબ્દથી ઓળખે છે. અને ઓળખાવે છે. જૈનજનતાની આ રૂઢિને જેઓ યથાર્થરીતે સમજતા નથી કે સમજે તો પણ પોતાનું રૂઢિ ઉત્થાપકપણાનું ઉપાડી લીધેલું બિરૂદ સફલ કરવા મથે છે તેઓ ભાષણને વ્યાખ્યાન તરીકે જાહેર કરે છે. આમ કરવાની મતલબ વ્યાખ્યાનની રૂઢિથી પરિચિત થયેલા અને તેના સામાન્યપણે અર્થી થયેલા જીવોને ભરમાવવાની છે, પણ તે રૂઢિઉત્થાપકોએ સમજવાની જરૂર છે કે ભગવાન્ જિનેશ્વરોએ છાંડવા લાયક કહેલ હિંસાદિ જે આશ્રવો તેને છોડનાર તથા સમ્યગદર્શનાદિ જે આદરવા લાયક ગણ્યા છે તેને આદરનાર હોવા સાથે ભગવાન્ જિનેશ્વરોના આગમની મર્યાદાએ સમ્યગદર્શનાદિ અને દાનાદિરૂપ ધર્મને નિરૂપણ કરવાનું નામ વિ + આ + ખ્યાન એટલે વ્યાખ્યાન છે અને તેથી જ શાસ્ત્રકાર ભગવાનો શ્રી જિનેશ્વર મહારાજાએ નિરૂપણ કરેલા ધર્મની પણ વ્યાખ્યા કરનારનું સ્વરૂપ જણાવતાં અપવાદ ઉત્સર્ગાદિ પદાર્થોને જણાવનાર શ્રી આચાર-પ્રકલ્પના ભણેલા અને દીક્ષિત થયાં જેઓને ત્રણ વર્ષ ઓછામાં ઓછાં થયા હોય તેઓ જ વ્યાખ્યાન કરનારા હોય એમ જણાવે છે આ ઉપરથી જેઓ શ્રમણ નિર્ગ્રંથો પાસે આખા વર્ષમાં કરેલી શ્રી સંઘની પ્રતિકૂલતાને લીધે જતાં શરમાય અને જે વકતાઓને નહિં કોઇ ધર્મ કે નિયમ, નહિં કોઈ વ્રતપચ્ચકખાણ, નહિં કોઈ જૈનશાસ્ત્રનો યથાર્થ અભ્યાસ, એવા અહિં તહિંની જેવી તેવી વ્યકિતઓને ભેળી કરી ધર્મવિરોધી બખાળા જ કઢાવવાનો ધંધો કરનારા હોય તેવાઓને ભેળા કરી વ્યાખ્યાનથી પજુસણ ઉજવવા માગે તેઓએ વ્યાખ્યાન અને પજુસણ એ બન્ને રૂઢિ છે અને તે સારી છે એમ કબુલ કરવું અને પોતે જે તેનું અનુકરણ કરે છે તેમાં ડુબવાનો જ ધંધો કરે છે એમ સમજી ભગવાન્ જિનેશ્વર મહારાજના માર્ગમાં આવવા તૈયાર થવું હિતાવહ છે.

તા.ક. :— પજુસણ નામે વ્યાખ્યાન ગોઠવવાળા રૂઢિ ઉત્થાપકોએ આટલા વર્ષોના વ્યાખ્યાનોથી દાન શીલ તપ અને ભાવમાંથી કયો ધર્મ વધાર્યો ? અથવા સમ્યગદર્શનાદિ કે શ્રી તીર્થોદ્ધારાદિ કર્યો કયાં કર્યા ? અન્તે પોતાના અભિપ્રાયે વ્યાવહારિક કેળવણી માટે એક જનરલ ફંડ, બેકારીને નાશ કરવાની રચના અથવા બાલાદિલગ્ન અને નાટક આદિનો નિષેધ જેવું કંઈપણ કર્યું છે ? હજીપણ એ રસ્તો આખા વર્ષ અને પજુસણ માટે પણ લેવાય તો સારૂં છે. ॥૮૮૨॥

प्रबुद्धा नामेये स्वप्नान् मरुदेवा न्यवेदयत् ॥१२०॥ तद्विचारप्रवृत्तस्य नाभेः शक्रादय स्तदा । एत्य नत्वा जिनोत्पत्ति–मारव्याय च दिवं ययुः ॥१२१॥

પત્રં ૪૯ પ્રવ્રજ્યાવિધાનકૂલક.

चोदस सुमिणा उसभाइया पासिय पड़िबुद्धा न नाभिकुलरस्स कहेइ, तेण भणियं तुब्भ पुत्तो महाकुलकरो भविस्सइ, सक्कस्स आसएं चलियं, सिग्घं आमगणं, भणइ-देवाणुप्पिए ! तव पुत्तो सयलभुवणमगलालयो पढ़मराया 'पढ़मधम्मचक्कवट्टी भविस्सइ । आव. हा. १२०

આ બે પાઠો ઉપરથી સ્પષ્ટ થાય છે કે— માતા મરૂદેવીના સ્વપ્નોનું 'રાજા અને જિનેશ્વર' તરીકેનું ફલ શક્ર આદિ ઇન્દ્રોએ જ કહેલું છે શ્રી કલ્પસૂત્રમાં 'નાભિમહારાજે સ્વપ્નોનું ફલ કહ્યું' કહેવાય છે તે સ્વપ્ન પાઠકના અભાવમાત્રને અંગે અને મહાકુલકર થશે એમ જણાવવાની અપેક્ષાએ સમજવું રાજા અને જિનરાજપણાની તો નાભિ-મહારાજાને તે વખતે કલ્પના પણ નહોતી ॥૮૮૩॥ (ખંભાત)

૧ શ્રીમાન् કલ્યાણવિજયજીએ 'છાપાઓ ઉપર પોતાના ઉત્તરો નહિ છાપવા' એમ લખ્યું હતું અને 'પોસ્ટથી વ્યવહાર કરવા' જણાવ્યું હતું, છતાં કથીરને કટાઇ ગયેલી દશામાં જવું જ હોય ત્યાં તે પત્રને ખાઈ જાય તેમાં નવાઇ નહિ; છતાં તાત્ત્વિક ઉત્તરો તંત્રીએ આપેલા પણ છે ॥૮૮૪॥

૨ દિગંબરોની જુઠી હીલચાલમાં પણ વીરશાસને શાસનવેરને ઓકવાનું કર્યું છે. ॥૮૮૫॥

૩ શ્રીમાન् કલ્યાણવિજયજીએ જ જે અંગત સવાલો કહી કથીરના પ્રભુને સોંપેલા છે, તેના ઉત્તરો તો કથીરમાં કહેવાઈ ગયા છે તેની અનોખી વાત છે. ॥૮૮૬॥

(વીરશાસન)

૧ પર્યુષણામાં કલ્પસૂત્રનું પઠન, પાંચ દિવસે કરવું જ જોઇએ એવી સૂત્ર આજ્ઞા છે. ॥૮૮૭॥

૨ કલ્પસૂત્રને સ્થાને તો પર્યુષણમાં બીજું સૂત્ર મુનિઓ ન જ વાંચે ॥૮૮૮॥

૩ મુખ્યતાએ યોગ વહેલા હોય એવા સાધુ જ કલ્પસૂત્ર વાંચે, શ્રાવકને માટે તો ઠાળો છે. ॥૮૮૯॥

૪ શ્રાવક, શ્રી જ્ઞાનવિમલજીવાળી ઢાળો વાંચી શકે છે. ॥૮૯૦॥

૫ અમાવાસ્યાએ કલ્પારંભ થાય ત્યારે એકમે જન્મ વંચાય, બાકી ચઉદશે શરૂ થાય તો અમવાસ્યાએ અને પડવે શરૂ થાય તો બીજના દિવસે પણ જન્મ વંચાય છે. ॥૮૯૧॥

૬ ચતુર્દશી, અમાવાસ્યા કે એકમે કલ્પારંભનો નિયમ નથી, પણ સંવચ્છરીથી પાંચ દિવસ પહેલેથી શરૂ થાય એ નિયમ છે. વધારે દિવસો કલ્પનું વાંચન થાય તે શાસ્ત્રીય નથી. ॥૮૯૨॥ (જૈન ધ્વજ)

૧ નવો પણ મેવો ચોમાસામાં ન લેવો એ વ્યવહાર ચાલે જ છે ॥૮૯૩॥

૨ શ્રી બારસાસૂત્ર વાંચતાં સામાન્ય અર્થ કહે તો તેનો નિષેધ નહિ ॥૮૯૪॥

૩ પકખી શરૂ થયા પછી પકખીની મુહપત્તિનું પડિલેહણ કરનારને છીંક આવવાથી ફેર કરવાનું અને કાયોત્સર્ગ વિગેરે કરવાનું થાય છે ॥૮૯૫॥

૪ આભરણો કરતાં પણ શ્રી જિનેશ્વર ભગવાનની મૂર્તિની આશાતના ટાળવા માટે બંદોબસ્તની જરૂર ગણાય (મારવાડ-મેવાડ વગેરેમાં જુઓ) દર્શનનો અંતરાય ન થાય તેમ વહીવટદારોએ ખ્યાલ રખાય પણ છે અને રાખવો જ જોઈએ ॥૮૯૬॥

૫ ભગવાન કેવલિમહારાજને સમયે વર્તનાઓ અનંતી વર્તમાનપણે જાણવાની થાય છે. પહેલાં અનાગતપણે હતી વળી ઉત્સુકતા નથી અને અત્મરમણતા છે. અનંતો કાલ પણ એ જ દ્રષ્ટિમાં જ જવાનો છે. (નાટક દેખનારે પુસ્તક અને વર્તમાનમાં ફેર દેખ્યો જ છે) ॥૮૯૭॥ (માનકુવા)

૧ શ્રાવકોને સત્ય અસત્ય ન વિચારતાં મળેલા સાધુનું જ અનુકરણ કરવું એ માર્ગ નથી ॥૮૯૮॥ (મુંબઇ-ઉ)

૨ દ્રવ્યલિંગ અને દ્રવ્યક્રિયાની અનૈકાન્તિકતા છતાં તેની નિરર્થકતાનું કથન એ માર્ગ નથી ॥૮૯૯॥ (મુંબઇ-મો૦)

૩ સુશ્રાવક લક્ષ્મીચંદજીએ જ તે સામાન્ય પ્રશ્નો કરેલા તેના જ તે ઉત્તરો હતા તેમાં કોઇ સાધુ ઉપર આક્ષેપ કરવા જવું તે બીનજરૂરી છે. ॥૯૦૦॥ (ચાણસ્મા)

**સુધારો :-** દિંગબરો બાબતમાં 'બૌદ્ધોએ'ને સ્થાને 'બૌદ્ધોને' વાંચવું.

(સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૨ ૧૯૫૨ આસો વદી ૦)) સમાલોચના

૧ જો તિથિસમાપ્તિને દહાડે પર્વતિથિ માનવી હોત તો ઉદય, ક્ષય અને વૃદ્ધિ માટે જુદાં જુદાં લખાણોની જરૂર નહોતી. તમારા પ્રભુને પૂછો કે 'સમાપ્તા તિથિર્માન' એટલું જ કહો તો સામાન્ય ક્ષયવૃદ્ધિવાળી તિથિઓને લાગુ થાત કે નહિ ? પણ કથીરને શાસ્ત્રવિરુદ્ધ નવું તૂત, શાસ્ત્રોને ઓઠે કરવું છે, અને તેના પ્રભુ તેવું જ સમજ્યા હશે કે સમજાવતા હશે ? ॥૯૯૧॥

૨ અન્યોએ કરાતી સાંવત્સરિકની એક દિવસે જાહેર થયેલી ક્રિયાને માયામૃષા કે મૃષાવાદ ગણનારો પેટ કે આંતરડામાં તે જ રાખતો હશે એ સિવાય આવું અધમ વર્તન થાય જ નહિ ॥૯૯૨॥

૩ બાયડા મનુષ્યો જ 'અનેક કલ્યાણકોની તપસ્યા સાથે થઈ શકે' એ વાતને ન સમજે, અથવા તેમને નચાવનાર ન સમજાવે તો દિનનિયત એવા પૌષધાદિ ક્રિયામાં તે લગાડે ॥૯૯૩॥

૪ કથીર કુટનારે સમજવું જોઈએ કે- રવિવારે સંવચ્છરી કરનારાઓ આગ્રહી નહોતા તેથી પોતપોતાની જે માન્યતા હતી તે જાહેર કરી હતી; પણ શનિવારની સંવચ્છરી કરનાર મુંબઇના બની બેઠેલા જ આગ્રહી હતા કે તેઓએ તમને શાસનપક્ષ માંથી કહાડી શેતાન પક્ષમાં નાખી અત્યાર સુધીની 'પુનમની વૃદ્ધિએ કે ક્ષયે તેરસની વૃદ્ધિ અને ક્ષય કરવાની' શ્રી તપાગચ્છની પરંપરા અને પોતે પણ પહેલાંના તિથિની વૃદ્ધિ અને ક્ષયના લેખોથી વિરૂદ્ધ ફરી શાસ્ત્રથી પણ વિરોધી વમલમાં (તમોને) વહેવડાવ્યા છે. એમ સમજવું 'બે ત્રીજ માનનારા શ્રી તપાગચ્છની પરંપરા અને શાસ્ત્રો પ્રમાણે જ માનનારા છે' એ વાત વર્ષોથી સ્પષ્ટ છે. ॥૯૯૪॥

૫ શાસ્ત્રકારોએ અધિકમાસને 'કાલચુલા' તો કહ્યો છે પણ 'ફલ્ગુમાસ'ની નવી કલ્પના તો કટ્ટા શાસનવૈરીઓએ પણ શાસ્ત્રને નામે ગોઠવી નથી. શાસનવૈરીપત્રે એટલું પણ ન વિચાર્યું કે-શાસ્ત્રકારો કાલચુલા જણાવતાં ફકત માસને કેમ લ્યે છે ? અધિકમાસાદિ કહી તિથિ કેમ કહેતા નથી ? શું તે વખતે તિથિઓ વધતી નહોતી ? શાણાઓ સમજી શકશે કે- વધેલો માસ તેજ નામે બોલાતો અને ગણાતો, પણ અધિક તિથિ, તેજ નામે નિયતપણે બોલાતી કે ગણાતી નહોતી ફલ્ગુતિથિ અને ફલ્ગુમાસ એ શબ્દો શાસ્ત્રીય કયાં છે ? એ તો ફાગણના ફાટેલા ફાંટાનો જ શબ્દ છે ॥૯૯૫॥ (વીરશાસન)

૧ 'પુનમ અને અમાવાસ્યાના ક્ષયે અને વૃદ્ધિએ તેરસનો ક્ષય અને વૃદ્ધિ કરાય છે' એવી અને વર્ષોની પરંપરાનો બાધક પાઠ આપવો 'ઉદયતિથિમાનવી' એ સામાન્ય વાકય છે. ॥૯૯૬॥

૨ ત્રયોદશીચતુર્દશ્યોઃ ના અર્થનો ગોટાળો અને જુઠી કલ્પના છોડાય તો તે પાઠ, બરાબર તેરસના ક્ષયની પરંપરાને સૂચવનાર છે. ॥૯૯૭॥

૩ ચતુર્દશીના ક્ષયે તેરસે ચઉદશ કરવી અને તેરસ તરીકે ન ગણવી એમ સ્પષ્ટ વ્યવદેશખીસંમવાત્ એમ કહીને જણાવે છે. છતાં પૂર્વ અપર્વતિથિનો ક્ષય ન માનવો એ જુઠો કદાગ્રહ નહિં તો બીજું શું ? ॥૯૯૮॥

૪ ટીપ્પનાની અપેક્ષાએ બે અમાવાસ્યા કહેલી હોય તેને આરાધનાની માન્યતાની વાતમાં કેમ લેવાય ? ॥૯૯૯॥

૫ આઠ દિવસની વાતમાં આઠની અને નવ દિવસની વાતમાં નવની અપેક્ષા લેવામાં જે વિરોધ સમજે તેની દશા વીતરાગ જાણે ॥૧૦૦૦॥

૬ સંવચ્છરીની તિથિના પલટાને અંગે ચોમાસી પલટાઇ છે. એમાં બે મત છે જ નહિ. ॥૧૦૦૧॥

૭ સૂર્યોદયવાળી તિથિની અપેક્ષાએ પચાસ કે સીત્તેર, ૧૬૨ કે એકસો વીસનો નિયમ નથી, પણ તિથિભોગની અપેક્ષાએ જ છે. ॥૧૦૦૨॥

૮ ફલ્ગુ કે અભિવર્ધિત નામ, તિથિને લગાડે તે સાચું નથી, પણ કલ્પિત જશે. ॥૧૦૦૩॥

૯ તત્ત્વતરંગિણીમાં પૌષધને અંગે તિથિરાર્ચા છે, તેથીએ તેથિઓનો ભોગ એકમાં હોય એમ કહી ઉદય ચઉદશે પૂનમની આરાધના વ્યાજબી ગણાતે છતે બે ભેલાં પૌષધો તો ન હોય ॥૧૦૦૪॥ (વીર શાસન)

૧ ચોમાસામાં ભગવાન્ જિનેશ્વરોનાં સમવસરણો હોય નહિ. ચોમાસા શિવાય પણ જ્યાં સમવસરણ ન થયું હોય અથવા નવો દેવતા આવે તો સમવસરણ થાય સમવસરણ ન થાય તો પણ આઠ પ્રાતિહાર્યો તો જરૂર હોયજ. બાર પર્ષદાનો નિયમ, સમવસરણની દેશાને અંગે છેસમવસરણ ન હોય ત્યારે બાર પર્ષદાનો કે તેને બેસવાનો કેમ હોય જ શાનો ? ॥૧૦૦૫॥

૨ વર્ત્તમાન કાલમાં જાતિસ્મરણ અને અવધિજ્ઞાનનો વ્યુચ્છેદ નથી; પણ તે છે એમ કહેવા માત્રથી ન મનાય, પણ પરીક્ષાયે સત્ય થાય તો મનાય. ॥૧૦૦૬॥

૩ પ્રશ્નગ્રંથના હિસાબે મોતી ન વિંધાયું હોય તો સચિત ગણાય ॥૧૦૦૭॥

૪ અભવ્યને પાદપોપગમન અનશન દ્રવ્યથી હોવામાં અડચણ નથી. ॥૧૦૦૮॥

૫ ભગવાન્ જિનેશ્વર કેવલી અને સામાન્ય કેવલીનું આત્મબલ તો સરખું જ હોય છે, શરીર એ સાધન છે અને તેમાં ફેર હોય. ॥૧૦૦૯॥

૬ અગ્નિ અને લોઢાના ગોળાનું દ્રષ્ટાંત એકમેકપણા માટે છે. મૂર્ત્તિ અમૂર્ત્તપણાની અપેક્ષાએ તો ઘટાકાશાદિ કે દ્રવ્યગુણાદિ દ્રષ્ટાંતો લેવાય છે ॥૧૦૧૦॥

૭ ચૌદશે અમાવાસ્યાએ કે પડવે કલ્પધર થાય, પણ છઠની તિથિનો નિયમ નથી એમ શ્રી હીરપ્રશ્નમાં કહે છે. ॥૧૦૧૧॥ મુંબઈ-વાડીલાલ

૧ આજકાલ ચેલેંજની ચાખડીએ ચઢવાનો વાયરો વાયો છે. વાયરો એટલા માટે કહેવો પડે છે કે-અજમેરના સ્થાનકવાસી ચેલેંજ ફેંકે છે પણ પ્રતિજ્ઞા બહાર પાડી શ્રી જૈનસૂત્રોમાંથી (૧) ભગવાન્ જિનેશ્વરની પ્રતિમાનાં દર્શન-પૂજન કરવામાં પાપ છે, (૨) ભગવાન જિનેશ્વર મહારાજનું ચૈત્ય બનાવવામાં પાપ છે, (૩) જૈન સાધુઓએ મુખપત્તિથી રાતદિન મુખ બાંધવું જોઇએ એ પ્રમાણે હું સાબીત કરીશ,' એમ પોતાની સહી સાથે જાહેર કરવું જોઇએ અને સભાપતિ, સ્થાન, મુદ્દત આદિ માટે મધ્યસ્થ દ્રષ્ટિએ જણાવવું જોઇએ. એમાંનું કાંઇ ન કરતાં શ્રાવકો પાસે પ્રતિજ્ઞાપત્ર આદિ શિવાય કાગળ કાળા કરાવવાનું થાય છે એ વાયરો જ છે.

વળી શાસનવૈરી પેપર પણ ઉપાધ્યાય ક્ષમાવિજયજી તરફથી આરાધનામાં પર્વતિથિના ક્ષયે પહેલાની અપર્વતિથિનો ક્ષય ન થાય તેમજ પર્વતિથિ બેવડી પણ માની લેવી, એમ ચાલતી પરંપરાથી વિરૂદ્ધ છતાં એ હું શાસ્ત્રથી સાબિત કરીશ એમ સહી સાથેની પ્રતિજ્ઞા બહાર પાડવા સાથે મધ્યસ્થ આદિનું કાંઈ કર્યા શિવાય ચેલેંજ શબ્દ વાપરી નાંખ્યો છે. આગલ પણ તે શાસનવૈરીના પ્રભુએ પણ આવી જ રીતે બે વખત ચેલેંજશબ્દનો સઢ ચઢાવ્યો હતો આશા છે કે- અજમેર અને મુંબઈથી રીતસર ચેલેંજો બહાર પડશે તો સાચા શાસનસેવકોમાંથી જ કોઇ જરૂર ઝીલવા બહાર આવશે. ॥૧૦૧૨॥

( અજમેર-અમદાવાદ )

૧ ચઉદશને દિવસે ક્ષીણપૂર્ણિમા હોવાથી તે ચઉદશે ચઉદશ-પૂનમ બંને છે એમ કહેવાથી ચઉદશ-પૂનમના પૌષધ થઇ જાય એમ માને તેની તો બલિહારી જ ગણાય. ॥૧૦૧૩॥

૨ આચાર્યાદિ જવાબ આપે તો જ ડેપ્યુટેશન નીમાય એવી વાણી જ વદનારની ઘાનત જણાવે છે. ॥૧૦૧૪॥

૩ ક્ષયમાં અન્યમતવાળાનું ઐકમત્ય જણાવેલું હતું તે વૃદ્ધિ જે અન્યને અમાન્ય ન હોય તેમાં લગાડનારને શું કહેવું ? ॥૧૦૧૫॥ (વીરશાસન)

૧ મોતીજીના ભંડારની પ્રતમાં "પર્યુષણામાં અમાસો બે હોય તો ૧૩ બે કરવી, ૦)) કો ક્ષય હુવે તો ૧૨-૧૩ ભેગા કરવા, બારે માસની પૂર્ણિમા તથા ૦)) ક્ષય હુવે

તો ૧૨-૧૩ બે ભેગી કરવી, આષાઢ-કાર્ત્તિકી-ફાગણી-ચૈત્રી-આસો પુનમ વૃદ્ધિ હોય તો ૧૩ દોય કરવી'' એમ લખ્યું છે. તે જાણ્યું ॥૧૦૧૬॥ (ઉદયપુર)

૧ कत्तियमासाढ़फग्गुणमासे खउ पूर्णिमा रुज्जइ होइ । तासं खओ तेरसीइ भणिओ उ जिएवरिंदेहिं ॥१॥ આ પ્રમાણે કાર્ત્તિક અષાઢ અને ફાગણ માસમાં જો પુ૦ નો ક્ષય હોય તો તેરસનો ક્ષય શ્રી જિનેશ્વરોએ કહેલો છે, એવા અર્થને જણાવનારી તમારી ગાથા છે. પ્રાચીન નામવાલા ગ્રંથની અંતર્ગત આ ગાથા જોવામાં તો નથી આવી જુની સામાચારીની પ્રતમાં આ ગાથા છે એ વાત જાણી. ॥૧૦૧૭॥ (રાધનપુર)



**સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૪ ૧૯૯૩ કા. વ. ૦)) સમાલોચના**

૧ વડોદરાની લાયબ્રેરીમાં જોવાથી સ્પષ્ટ માલમ પડશે કે શ્રી મહાવીર ચરિત્રની અસલ પ્રતમાં સુવિહિયા ને સફેદાથી ખરત્યરિયા કરેલું છે. ॥૧૦૧૮॥

૨ શ્રી અભયદેવસૂરિ, જિનવલ્લભ કે જિનદત્ત પણ ખરતર બિરૂદ લખતા નથી, તો ૧૧૭૦ અને ૧૧૭૧ લખાયું કયાંથી ? પ્રતો પરીક્ષા માગે છે ॥૧૦૧૯॥

૩ પલ્હાકવિના ગ્રંથમાં તો વર્દ્ધમાનસૂરિને ખરવરતર મળ્યું ગણાય, વળી ખરય (?) યરવ એ શબ્દમાં વાચનારને શંકા કરવી જ પડે કે-ખરતરગચ્છ આગળ લીટી સુરવર વરલદ્ધ નું તો નથી કેમ ? ॥૧૦૨૦॥

૪ અવિચલ તપાગચ્છાધિપતિ શ્રી દેવેન્દ્રસૂરિજીએ કર્મગ્રંથની ટીકામાં સ્પષ્ટપણે તપા બિરૂદ જણાવેલ છે. ॥૧૦૨૧॥

૫ આચાર્ય મહારાજ શ્રી વિજયસેનસૂરિજીએ પ્રવચન પરીક્ષાનું મંડન ખરતરના આચાર્યને જીતીને કર્યું છે. જુઓ વિજયપ્રશસ્તિ ॥૧૦૨૨॥

૬ કલ્પસુબોધિકા વગેરેમાં પણ કલ્પકિરણાવલીની ભલામણ સ્પષ્ટ છે. ॥૧૦૨૩॥

૭ યુગપ્રધાન શબ્દ લખાવેલો હોય અને જગદ્‌ગુરૂ શબ્દ સ્વાભાવિક હોય એમ નથી ? ॥૧૦૨૪॥ (જૈન)

૧ પુનમના ક્ષયે તેનો તપ તેરસે કરવાનું કહેનારા, તેરસે પુનમની સૂર્યોદય કે સમાપ્તિ તો નહિં લાવી શકે; પણ ભોગવટો પણ નહિં લાવી શકે. તેવી રીતે પડવે પણ નહિંજ લાવી શકે ! ક્ષીણપુનમ ચૌદશે કરવી કે તેરશે કરવી એનો તો નિર્ણય જણાવે. વ્યપદેશ પણ તેરસનો ન કરવો એવા સ્પષ્ટ શબ્દ છતાં અપર્વનો ક્ષય પર્વક્ષયે ન સમજાય તેની બલીહારી ॥૧૦૨૫॥

૩ ડેપ્યુટેશન જો તમો ન નીમી શકો તો ના કહો આચાર્યાદિ જવાબ આપવા બંધાય વગેરે ન લખો શાસનસુકાનીઓ તરફથી ડેપ્યુટેશન નીકળશે તો જવાબોની જવાબદારી નહિં માંગાવે

૪ તયોઃ નહિ પણ તસ્યાઃ થી ચઉદશે પુનમ કરવાથી ચઉદશની વિરાધના નથી એટલું જ માત્ર સમજાય ॥૧૦૨૬॥

૫ પૌષધાદિ દિનપ્રતિબદ્ધક્રિયાનો ઉત્તર કેમ નથી ? ઉપવાસો તો સાથે થાય, પણ પૌષધો સાથે ન ઉચ્ચરાય ॥૧૦૨૭॥

૬ તમારા પ્રભુએ પહેલી ચેલેજમાં સમાલોચના કબુલ કરી છેડો આણ્યો અને બીજી ચેલેંજમાં સ્વીકાર થયે સંપાદકની સોડમાં ભરાયા એ હવે અસિદ્ધ રહ્યું નથી.

૭ તમારા લખણ પ્રમાણે શ્રી ક્ષમાવિજયજી મુકામ, મુદ્દત અને પ્રતિજ્ઞાપત્ર કેમ જાહેર કરતા નથી ? એ જાહેર કરવાનું સમાલોચનામાં સૂચવ્યું છતાં કેમ તમોએ નથી કરાવ્યું ? ॥૧૦૨૮॥ (વીર શાસન)

૮ બે તેરસ કરવા માફક બે ત્રીજ કરવી જ જોઇએ એ દીવા જેવું છે. ॥૧૦૨૯॥ (તંત્રી. જનક)

૯ પાંચમ પર્વની તિથિની વૃધ્ધિ ન થાય અને તેથી ચોથની અને તેની પણ પર્વતિથિપણાને લીધે વૃધ્ધિ ન થવાથી ત્રીજ બે ગણનારને એકાવન દિવસ કહેનારને શનિવારમાં ૪૯ દિવસ કહેવાય તે સ્વાભાવિક છે ॥૧૦૩૦॥

૧૦ જેમ છઠે સંવચ્છરી કરવાથી અતિક્રમણ કરતાં આજ્ઞાભંગ ગણાય, તેમ પાંચમથી બે દિવસ પહેલી લેવામાં પોતાની માન્યતાને અનુસારે દોષ ગણે તેને શું કહેવાય ? ॥૧૦૩૧॥

૧૧ પુનમે પકખી કરનારને જેમ એક અનુષ્ઠાનનો લોપ શ્રી ધર્મસાગરજીએ જણાવ્યો છે તેમ ચૌદશે પુનમ કરનારાને પણ એક અનુષ્ઠાનનો લોપ કેમ નહિ ? ॥૧૦૩૨॥

૧૨ લક્ષણ ને સંજ્ઞામાં ભેદ સમજે તે તો અવમરાત્ર અને અતિરાત્ર માને, અભિવર્ધિતમાસને અભવર્ધિતતિથિનું માન શાસ્ત્રમાં જોવું. ફલ્ગુ અભિવર્ધિતસંજ્ઞા કેમ થાય છે ? સૂર્યપ્રજ્ઞપ્તિ (૧૭૧)ના અવમ અને અતિરાત્રના પાઠને સમજનારો તો માસ કે તિથિ જે વ્યવહારમાં વધે છે તેને અભિવર્ધિત નામે ન કહે, અવમ અને અતિરાત્ર જ કહે છે. ॥૧૦૩૩॥

૧૩ પુનમ અમાવાસ્યાની (ક્ષય) વૃધ્ધિ ન કરવા એ પરંપરા, શાસ્ત્રાનુસારી છે. માટે શનિવારી સંવચ્છરી કરી અને બુધવારી કરવા ધારે છે તેઓએ સાચા રસ્તે આવવું. ॥૧૦૩૪॥

❀❀❀

**સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૫ સં. ૧૯૯૨ મા. શુ. ૧૫ સમાલોચના**

૧ શ્રી ભગવતીજી સૂત્રના અન્ત્યભાગની બે ગાથા ગણુધર કૃત અને ત્રીજી જ અનિયમિત, એમ ઠરાવવાનો લેખ ફલીભૂત ન થયો તેના પછાડા ખોટા ન મારો. શ્રી અભયદેવસૂરિજી ભગવાન્ સુધર્મસ્વામી કે દેવર્ધિક્ષમા શ્રમણને લેખક ગણે એ કલ્પનાની જ બલિહારી છે. વિશેષ ખુલાસા રૂબરૂ. ॥૧૦૩૫॥ (હીરાલાલ)

૧ જો તમારા પ્રભુ અને ઉ. ક્ષમાવિજયજી તમોને જાહેર રીતે પ્રતિનિધિ તરીકે નીચે તો તમોને ફાગણ સુદમાં પાંચ આચાર્યની હાજરીમાં ઉત્તર અપાશે પરંપરા ખોટી તમારે ઠરાવવાની છે, તે ધ્યાનમાં રાખવું. ॥૧૦૩૬॥

૨ તિથિક્ષય વૃધ્ધિનો પાઠ દ્વાદશમાસાનાં મધ્યે ષટ્ તિથયો ન્યૂના અપિ, અધિકા ન ભવન્તિ અર્થાત્ કર્મમાસમાં જૈનોના ટીપ્પનાને અનુસારે બાર માસમાં છ તિથિઓ ન્યૂન પણ હોય, પરંતુ અધિક ન હોય. ધ્યાન રાખવું કે–અવમરાત્ર. ચંદ્ર અને કર્મમાસને અંગે છે. અધિક–અતિરાત્ર તો ચંદ્ર સૂર્યમાસને અંગે છે, પણ કર્મમાસને અંગે નહિ. અતિરાત્ર જો કર્મમાસમાં લે તો યુગમાં બે માસ વધવાના રહે નહિ ॥૧૦૩૭॥

૩ તેરસહિયં ન પફિસયં હોઇ એ ગાથા અને એવી બીજી ગાથાઓ, પુનમીયા મતવાલાએ કલ્પીને જ્યોતિષકરંડમાં ઘાલી દીધી છે, એનો પણ જેને ખ્યાલ નથી તેવો મનુષ્ય, ચતુર્દશીના ક્ષયે તેરશે પકખી કરનારને વખોડે અને વૈયાકરણપાશ કહે એમાં નવાઇ શી ? ॥૧૦૩૮॥

૪ એ લેખ ઉપરથી જ સાબીત થાય છે કે તે વખતે વિદ્વાનો તો પુનમના ક્ષયે તેરસે ચઉદશ અને ચઉદશે પુનમ જ કરતા હતા તેઓ વ્યાકરણ પ્રમાણે અર્થ જ કરનારા હોવાથી ઓઘડદાસે વૈયાકરણપાશ કરીને નવાજયા છે. ॥૧૦૩૯॥

૫ આશ્ચર્યની વાત છે કે પ્રત્યાખ્યાન માત્રને અંગે તિથિના ઉદય કે સમાપ્તિ માની તેરસ અને પડવે પુનમ માનવા તૈયાર થવાય છે ॥૧૦૪૦॥

૬ તસ્યાપ્યારાધનં કહે છે તયોરારાધનં નથી કહેતા તેરસે પુનમતપ કે (પુનમનો તપ તેરસ કે) ચઉદશે ? એ બેમાંથી એકનો નિશ્ચય કરાશે તો અસ્તવ્યસ્ત કે વિતંડાવાદ નહિં કહેવાય ॥૧૦૪૧॥

૭ બે સાથે પર્વતિથિઓ ન હોય તે પ્રસંગનુ લખાણ, બે સાથે પર્વ હોય તેની ચર્ચામાં જોડાય નહિ ॥૧૦૪૨॥

૧ જૈની શાસ્ત્ર પ્રમાણે તિથિ કે પર્વતિથિની વૃદ્ધિ થાય છે તેવી માન્યતા છે નહિ અને હતી પણ નહિ. જુઠાં હાંકવાની ટેવની હદ કઇ ? શ્રીમાન્ કલ્યાણવિજયજીએ પણ ક્ષયની જ વાત લખી છે. અને લૌક્કિટીપનાથી ક્ષય ને વૃદ્ધિ બંને મનાય છે, ને તેથીજ ભીંતીયામાં તેવે પ્રસંગે પૂર્વની અપર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિ કરાય છે. જૈનશાસ્ત્ર અને પરંપરાથી તમારાં ટીપનાં ખોટા અને લોકોને ધર્મારાધનામાં ભમાવવાના કાર્ય સિવાય બીજું કાર્ય કરનારાં નથી ॥૧૦૪૩॥ (જૈન પ્રવચન)

૨ પર્વતિથિના ક્ષયે પ્રથમની અપર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિએ પૂર્વની અપર્વતિથિની વૃધ્ધિ કરાય છે અને તે મુજબ જ શ્રીસંઘ માને છે ને કહે છે. જેઓને તે વિરૂધ્ધ લાગતું હોય તે શાસ્ત્રાર્થથી સભા દ્વારા નકકી કરે, તો પછી સંઘને વિચાર કરવાનો રહે. પંચાગોની હાલ જરૂર નથી ॥૧૦૪૪॥ (મુંબઇ, સુરત)

૧ સંવત ૧૧૩૦ અથવા ૩૪માં અભયદેવસૂરિજી મહારાજ કાલ કરી ગયા હતા, તેઓએ પોતાની પાટે તો શ્રી વર્ધમાનસૂરિજીને થાપ્યા હતા. ૧૧૬૮માં તો જિન વલ્લભ કૂર્ચપુરીય જિનેશ્વરને પોતાના ગુરૂ જણાવે છે. છતાં પાટનો સંબંધ જોડાય છે તે વિચારવું મહારાજ. આત્મારામજીએ સંવેગિપણામાં સાધુસંતતિના વૃક્ષસ્કંધ (માં) શ્રી બુટેરાયજી મહારાજને ગુરૂ ગણ્યા છે. અને કહ્યાં છે ॥૧૦૪૫॥

૨ સાવયધમ્મો ય વુચ્છિન્નો તે ગાથા માનનારે તીર્થોદ્ધારપયન્નો શુદ્ધવૃત્તિથી જોવો. હાલ અવધિજ્ઞાનવાળા ન દેખાય તેથી અવધિનો વ્યુચ્છે કહેનાર શાસ્ત્રાનુસારી તો ન જ હોય ॥૧૦૪૬॥

૩ શ્રી અભયદેવસુરિજીની 'શ્રાવકની પ્રતિમાવહનને નિયત કરવાની 'વાતમાં પોતાની પરંપરા લગાડનાર શુક ઉવાચની પરંપરા તપાસે ॥૧૦૪૭॥ (જયપુર-કવીન્દ્ર)

૧ જૈનપ્રવચને વ્યવસ્થાપક દ્વારા જુની અને કલ્પિત વાતો માટે લખવા માંડયું છે, તેની ખરી સમાલોચના તે અધિકાર પૂરો થશે ત્યારે થશે માટે ત્યાં સુધી વાંચકોએ અભિપ્રાય બાંધવો નહિ. ચોમાસામાં ભાવિત આત્મા શ્રાવકાદિને દીક્ષા આપવાના પાઠો સ્પષ્ટ છે. ॥૧૦૪૮॥

૨ ગર્ભાષ્ટમ એવો ચોકખો પાઠ ન માનવો અને જન્માષ્ટમ અર્થ કલ્પવો કે અષ્ટમ નો 'આઠમુ' એવો અર્થ ન કરતાં 'પૂર્ણ આઠ' અર્થ કરવો, તે સ્પષ્ટમ જુઠું છે.

**છાણીમાં પણ રેખાસ્થ અને પૂર્ણ વિશેષણથી અષ્ટમનો અર્થ 'આઠમુ'' માનવું પડયું હતું અર્થ કબુલ કર્યો અને કાર્ય નહિ કરવાની આજીજી જેવી હાલત થઈ પણ માન્ય ન થઈ એ સાચું માનવું સારૂં છે. ॥૧૦૪૯॥**

૩ આવશ્યક ચૂર્ણિ વગેરેમાં અવંતીસુકુમાલ અને સહસ્સમલ્લની તથા સિદ્ધર્ષિ આદિની રીતે દીક્ષા થયેલી સિદ્ધ છે ॥૧૦૫૦॥

૪ ગ્રામચિંતકનો અર્થ રાજા તરફથી રહેતો ગામનો સંભાળનાર નોકર છે, ને રાજા એવો અર્થ તો પ્રવચનકારે ઠસાવી દીધો. ખરી રીતે ચર્ચા, અનાદિથી પરોપકારની છે. ॥૧૦૫૧॥

૧ તત્ત્વતરંગિણીમાં 'પર્યુષણાની ચતુર્થીના ક્ષયે ત્રીજ કરાય પણ પાંચમ ન કરાય' એ ચોકખું છે ને જણાવેલ પણ છે પાંચમ અને ચોથનો ક્ષય ન થાય ત્યારે ત્રીજનો થાય એ એ વાકયથી ચોકખું જ છે ॥૧૦૫૨॥

૨ તત્ત્વતરંગિણીમાં પૌષધને અંગે તિથિની ચર્ચા શરૂ થઈ છે એ જોવાથી જ જણાય છે અને તેથી 'બે પૌષધ એક દિવસે નહિ થાય' એ કથન યોગ્ય જ છે અને તેથી પુનમક્ષયે તેરસે ને ચઉદશે જ ચૌદશ અને પુનમના પૌષધ થાય. ॥૧૦૫૩॥

૩ તત્ત્વતરંગિણીમાં પર્વક્ષયે પૂર્વની અપર્વતિથિ તો વિશેષ કારણે જ બોલવાની કહે છે. સોના જેવી પર્વતિથિને ગણીને ધંતરધાતુ જેવી મૂલ અપર્વતિથિ કહે છે.

(વીરશાસન)



**સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૬-૭ સં.૧૯૯૩ પો.શુ.૧૫ સમાલોચના**

૧ સત્યની જિજ્ઞાસાવાળા અને બુધ્ધિને દોરવવાવાળાને સત્ય બોળવા અને સમજવાની તક છે

૨ શ્રી સિધ્ધચક્ર તો સમાલોચના લખે છે, એટલે મૂલ લખાણ બંધ થતાં આપો આપ તે બંધ થાય અને આગલ પણ થયું છે. જેનો તે પત્રના સંપાદકે 'સમાલોચના નહોતી આવી' એવો અર્થ પણ કર્યો છે

૩ પ્રવચન છાપાવાળા નયસારને 'ગામનો રાજા' મનાવે છે અને તે રાજા નથી, પણ પણ નિયુકત ગામેતી કે તલાટી છે' વળી-તીર્થ 'કર 'અનાદિકાલથી પરોપકારી જ હોય' એમ કહે છે, જયારે-ભગવાન્ જિનેશ્વર, 'સામાન્યથી સમ્યકત્વવાળી અવસ્થામાં અને

વિશેષથી વરબોધિલાભ પછી પરોપકારી જ હોય છે.' તેમજ તેઓ ભગવાનના – 'આદિ સમ્યકત્વને જ વરબોધિ' ગણાવે છે, જ્યારે લલિત વિસ્તરા આદિથી 'આદિસમ્યકત્વ અને વરબોધિ' જુદાં છે. છેવટ તેઓ ભાવતીર્થંકર માટે કહેલા 'પુરૂષોત્તમ' પદની વ્યાખ્યાના આકાલ પદને 'તીર્થંકરના અનાદિભવને' લગાડી 'અનાદિ પરોપકારીપણું' લગાડે છે. અનાદિકાલથી તીર્થંકરોના તે ભવને માટે અને અષ્ટકજીના ભાવાર્થ સાથે વરબોધિલાભથી તો પરોપકારી હોય જ છે. ॥૧૦૫૫॥

૪ જુઠાને વળગવું અને સાચાને સમાવું એ વીરશાસનનું નહિ, પણ કથીરશાસનનું કાર્ય કહેવું પડશે એ તો ચોકખું છે સારો માન્યશબ્દ અધમસ્થાને રખાયો છે. ॥૧૦૫૬॥

૫ તે છાપાએ કરેલી ઉશ્કેરણીના ઉત્તરમાં 'સંમૂર્ચ્છિમના સંતાનીયા' શબ્દ લખાયેલો છે. ॥૫૭॥

૬ તેઓ પંચવસ્તુના વચનથી 'પરીક્ષા માટે છ માસ દીક્ષા રોકવા'નું કહે છે. ધર્મબિંદુના ભાષાંતરકારોએ તે પરીક્ષા, 'વડીદીક્ષાને જ લાગુ પાડી છે.'

૭ વાલ્મીકમુનિજીએ 'સર્વથા રાગદ્વેષ રહિતપણે રાવણને શિક્ષા કરી' એમ તેઓ કહે છે, આપણે 'અંગત રાગ-દ્વેષ વિના કરી' એમ કહીએ છીએ.

૮ પાંચમ બે નહિ માનનારાઓને પાંચમની સંવચ્છરી કરી કહીને તેઓ માયામૃષાવાદ સેવવા સાથે જુઠા કલંક દેનાર થાય છે.

૯ તેઓ તત્ત્વતરંગિણી આદિ શાસ્ત્રો અને પરંપરાને ઉઠાવીને પર્વતિથિના ક્ષયે અપર્વતિથિનો ક્ષય ગણાવાની ના પાડે છે અને જુઠાં પંચાંગો કહાડી લોકોને ધર્મ આરાધના કરતાં ડહોળે છે.

૧૦ તેઓ જુના લેખોથી પુનમ અને અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિનો લેખ છતાં બે પુનમો માને છે અને પર્વતિથિના નિયમવાલાને પણ પહેલી તિથિને પાંચમ આદિ કહે છે અને પાળવા ના પાડે ॥૧૦૫૭॥

૧૧ સ્નો પાઉડર અમૂલ્ય વસ્તુ માટે અયોગ્ય લાગે તો વિનયપૂર્વક ખુલાસો કરવો. અત એવ આદિના ભેદો પણ બીજા છે. (મ્હેસાણા–વાડીલાલ)

૧ તિથિક્ષય વૃદ્ધિવિચાર'ના લખનાર તેર બેસણાં છે એ વાત યોગ્ય માની વર્ત્તવું એ એક અજ્ઞાન છે. કેમકે તે લેખ (૧) પુનમની પકખી માનીને તેરસ સહિત પકખી ન હોય એમ કહે છે. અને (૨) છઠ અને આઠમની માફક તેરસ અને પકખીનો અંતર જણાવે છે. વળી (૩) વ્યાકરણ પ્રમાણે શાસ્ત્રનો અર્થ કરનાર અને તેને લીધે પુનમના

ક્ષયે તેરસે ચઉદશ અને ચઉદશે પુનમ કરનારને વૈયાકરણપાશ કહીને ગાળ દે છે, અને યુક્તિ કે લેખ આપતા નથી (૪) વળી તે લોકોને શાલિવાહને ચોથ કરાવ્યાનું જ્ઞાન નહિ તેથી તેઓએ 'ધ્રુવસેને ચોથ કરાવી' લખી મારી છે, અને (૫) એ પ્રમાણે સંવચ્છરી પરિવર્ત્તનનું સ્થાન પ્રતિષ્ઠાન છે, પણ વડનગર નથી. એ પણ તેર બેસણાવાળા સમજ્યા નથી એ બધું ખરૂ; પણ તે બેસણાના લેખથી જ સાબીત થાય છે કે વિદ્વાનો, પુનમના ક્ષયે તેરસે ચઉદશ અને ચઉદશે પુનમ કરતા હતા. એ હકીકતવાળી પ્રત છે તે ઠીક છે. ॥૧૦૫૮॥

શનિવારવાળા પુનમના ક્ષયે તેની આરાધના કોઇ વખત તેરસે અને કોઇક વખતે ચઉદશે જણાવે છે. વળી શ્રી હીરસૂરિજી બીજી અગીઆરસ વગેરેને ઔદયિકી કહીને પ્હેલીને અનૌદયિકી ગણાવી તેને પૂર્વતિથિમાં નાંખે છે તે નથી માનતા એ નકકી છે. ॥૧૦૫૯॥ (લીંચ-શ્રીકુમુદસૂરિ)

૧ સૂત્ર-નિર્યુકિત-ભાષ્ય-ચૂર્ણિ અને હારિભદ્રીયાદિ વૃત્તિને બનવાના વખત સુધી 'કર્મમાસ' કે-જે નિયમિત ત્રીશ દિવસનો જ ગણાય. તેના આધારેજ હિસાબ અને પ્રવૃત્તિ હતી. અને તેમાં વૃદ્ધિ કે હાનિ કોઇપણ તિથિ ગણાતી નહોતી' આ સદ્દી વાત ન સમજનારા ભાદરવા સુદ ચોથમાં ચમકે છઠ આદિને બેવડી માનીને પણ પચ્ચાસ અને સીત્તોરની ચર્ચા કરે. ॥૧૦૬૦॥

૨ ભાદરવા સુદ ચોથની સાથે સંવચ્છરીનું નિયતપણું, એ વાકયને વગર સમજ્યે વળગવાવાળો જ એમ બોલે કે 'ભાદરવા સુદ પાંચમનો ક્ષય હોય તો એ શું ? અને પાંચમ બે હોય તો એ શું ?' તેમ બોલનારો શું ચોથનો ક્ષય (હોય) ત્યારે શું ક્ષયે પૂર્વાના વચનને આગળ નહિં કરે ? અર્થાત્ ઉદયવાળી ચોથ ન હોય અને ત્રીજ, ઉદય અને સમાપ્તિ ઉભયવાળી હોય તો શુ ચોથનો ક્ષય માની સંવચ્છરીને ઉડાવી દેશે ? કહો કે-એમ નહિં જ કરે; પણ ઉદય અને સમાપ્તિવાળી ત્રીજ છે, છતાં તે દિવસે ઉદય વિનાની અને એકલી સમાપ્તિવાળી જ ચોથ છે, છતાં ચોથ તે દિવસે (ત્રીજના) જ કરશે. એટલે ન રહ્યો ઉદયનો મુદ્દો અને રહ્યો ઉદય તથા સમાપ્તિ ઉભયનો મુદ્દો ! માત્ર ક્ષયે પૂર્વાના મુદ્દાથી જ ત્રીજની સવારથી બીજા સૂર્યોદય સુધી ચોથની જ ક્રિયા કરશે ! તો પછી કહેવું જ પડશે કે - ક્ષય પૂર્વા.નો પ્રભાવ રાખીને ચોથની સંવચ્છરી નિયત છે તો પછી વૃદ્ધૌ.ના નિયમને કેમ બસેડી શકશો ? શું બે ચોથો હશે તો ઉદયના નામે બે સંવચ્છરી કરશો ? કહો કે- વૃદ્ધૌ.ના નિયમને અનુસરીને બીજી ચોથે જ સંવચ્છરી થશે એટલે સ્પષ્ટ થયું કે-સંવચ્છરીનું જે ચોથની સાથે નિયતપણું છે તે વૃદ્ધૌ.ના નિયમને જાળવીને છે તો પછી તે જ વૃદ્ધૌના નિયમથી જે ચોથ ન મનાય તો પાંચમ પણ બે કેમ મનાય ? સામાન્ય રીતે કોઇપણ પર્વતિથિક્ષયે તેની પ્હેલાની કરવી

અને વધે તો બીજી કરવી આવો ચોકખો અર્થ છે. પહેલાની અપર્વતિથિને પર્વતિથિ ન કહે કે માને તે ક્ષયે પૂર્વા ના કથનથી ઉલટો જ ગણાય ॥૧૦૬૧॥

૩ શ્રી હીરસૂરિજી વગેરે તો વધેલી તિથિને જ ઔદયિકી ગણે છે. અર્થાત્ પહેલીને ઉદય વગરની માને છે તો પછી પહેલી બીજ કે પુનમ વગેરે શ્રી હીરસુરિજીની માન્યતાથી વિરૂદ્ધ થાય છે અને ઉદય ન માનો તો કહેવું એ સ્પષ્ટ થયું કે–અન્ય ઉદય થતા સુધી પહેલાની જ તિથિ ગણાય કહો કે એ પ્રમાણે બે બીજ આદિ કહેવાય જ નહિ ॥૧૦૬૨॥

૪ તિથિ અને દિવસની ચર્ચા કરનારાએ યાદ રાખવું કે સૂત્રકાર આદિના કથન મુજબ અષાઢ શુદ્ધના ચોમાસાથી સંવચ્છરીના દિવસની વચ્ચે કોઈપણ 'અવમરાત્ર' એટલે ઘટતી તિથિ હતી જ નહિ. તેઓને એ વિચાર કેમ નથી આવતો કે–જો તે પચાસ દિવસનો કલ્પ અવમરાત્ર આવે તો દશપંચક કેમ થાય ? અને પાંચ દિવસની કલ્પવાચન વ્યવસ્થા કેમ થાય ? તિથિને ભેળી માનવા દ્વારાએ પર્વતિથિનો ક્ષય માનનાર શું ચાર દિવસે કલ્પવાચના માની લેત? યાદ રાખવું જરૂરી છે કે શ્રમણ ભગવાન્ મહાવીર, શ્રી દેવાનંદાના ગર્ભમાં બ્યાસી દિવસ રહ્યા તેમાં અવમરાત્ર એટલે તિથિક્ષય આવેલો જ છે. (ત્યાં) કર્મમાસની અપેક્ષા એ બ્યાસી રાત્રિ દિવસ ગણ્યા છે. સંવચ્છરી પછીના સીતેર અને પહેલાના પચાસ પણ રાત્રિદિવસ (કર્મમાસના) લીધા છે ॥૧૦૬૩॥

૫ પડિક્કમણાની વખત તિથિ માનનારને પડિક્કમણાનો ટાઈમ દૈવસિક – પાક્ષિક ચાતુર્માસિક અને સંવચ્છરી માટે દિવસના બાર વાગ્યા પછીથી રાત્રિના બાર વાગ્યા સુધીનો હોવાથી જુદા જુદા વખતે જુદા જુદા પડિક્કમણાં થશે તેમ તિથિને ભેળી માનનારાઓને તિથિના પાક્ષિકાદિ પ્રતિક્રમણો અનિયમિત થશે ॥૧૦૬૪॥

૬ પર્વતિથિના ક્ષયે તેની પહેલાની તિથિનો ક્ષય ગણી તેના સૂર્યોદયના વખતથી તિથિ ન માનનાર શ્રાદ્ધવિધિમાં પૂઆ વચ્ચપરવા.ના વાકયથી ઉલટો છે કેમકે– તેણે ઉદય વિના પૂજા પચ્ચકખાણ વગેરે માન્યા ॥૧૦૬૫॥ (વીર. જનક)

૧ માગશર વદ ૧૦ થી વૈશાખ સુદ ૧૧ સુધી સાડા છ માસ થાય જ. કાર્તિકવદ જે શાસ્ત્રમાં ચાલુ તે જ માગસર વદ ગણાય અને કાર્તક વદથી ગુજરાતી ચૈત્ર વદિ પાંચ માસ અથવા શાસ્ત્રીય માગશરથી વૈશાખ વદ પાંચ મહિને આવે, અને તે વર્ષનો વખત યુગનો મધ્ય હોવાથી પોષ બે હોય એટલે વૈશાખ વદ કે ગુજરાતી ચૈત્ર વદે છ માસ થાય, અને પછી એક પક્ષ જવાથી બાર વર્ષ અને સાડા છ માસ થાય છે અને સુબોધિકામાં બરોબર હિસાબ બતાવેલો પણ છે. ॥૧૦૬૬॥

૨ આવશ્યક સૂત્રમાં નિર્ગમનો અધિકાર હોવાથી તેમજ શાસ્ત્રપ્રણયનનો ઉપોદ્‌ઘાત પ્રસંગવાળો હોવાથી ભગવાનૂ શ્રી મહાવીરના કેવલજ્ઞાન પછીના ચોમાસાઓનો હવાલ અપ્રસ્તુત ગણાય શ્રી આચારાંગમાં ઉપધાનસૂત્રમાં પણ શ્રી મહાવીરે જો જઇયા ઇત્યાદિ નિર્યુક્તિ વચનથી માત્ર છદ્મસ્થપણાની તપસ્યાનું વર્ણન હોય એ અસ્વાભાવિક નથી. ॥૧૦૬૭॥

૩ મંડિકની જગોપર મંડિલ અને અકંપિતની જગોપર અકંપિક એવાં નામો લખવામાં જો અશુદ્ધિ ન હોય અને વિચારપૂર્વક હોય તો ખુલાસાની જરૂર ગણાય.

૪ કેવલિપણાના ચોમાસામાં રાજગૃહી વગેરેમાં લાગલાગટ અને વચમાં બે બે ચોમાસાના પરિહાર સિવાયનાં ચોમાસા ગણાયાં છે; તેના ખુલાસાની જરૂર છે ॥૧૦૬૮॥

૫ શ્રી ચંપાનગરીથી વીતભય સુધીની એક જ વર્ષની ૧૦૦૦-૧૨૦૦ માઇલ જવાની અને આવવાની અડચણ નથી આવી તો ઉજ્જયિની તો તે કરતાં નજીક છે; તો ત્યાં ચંડદ્યોત્તનને શ્રાવક બનાવવાનો અધિકાર નિશ્ચયવાળો નહિ તો સંદેહવાળો સ્થાન રાખવાની જરૂર હતી શ્રી સિદ્ધાચલજી માટે પણ તેમ જ રહે ॥૧૦૬૯॥

૬ આનંદનું શ્રાવકપણું પન્નરમે ચોમાસે રાખી ૩૬મે વર્ષે વિવાદ રાખ્યો છે. પણ તેનો શ્રાવકત્વકાલ જ ૨૦ વર્ષનો છે. ૨૭મે વર્ષે કામદેવને શ્રાવક કરવામાં આવ્યો છે અને ૩૭ મે વર્ષે તેની પ્રશંસા કરી એ પણ ન બને. એટલું જ નહિ; પણ તે પ્રશંસાનો અધિકાર, પ્રતિમા પહેલો હોવાથી અને પ્રતિમાનો વિચાર, પંદરમે વર્ષે હોવાથી વિચારવા લાયક છે. ૨૩મે સાલહી પિતાનો પ્રતિબોધ ગણતાં વીશ વર્ષ ભગવાનના કાલધર્મ પછી થાય; તેમજ ચુલ્લની પિતાના માટે પણ ગણાય ॥૧૦૭૦॥

૭ કામદેવ-ચુલ્લની પિતા સુરદેવ-ચુલ્લશતક-કુંડકૌલિક-સદ્દાલપુત્ર આદિના ઉત્સર્ગો (ઉપસર્ગો ?) અને વાદનું વર્ષ અપાયું હોત તો સારૂં હતું. ॥૧૦૭૧॥

૮ મહાશતકના શ્રાવકપણાના પન્નરમે વર્ષે સંદેશ છે. માટે એકાતીલસમે વર્ષે ન ઘટે. ॥૧૦૭૨॥

૯ આનંદાદિ દશે શ્રાવકોના ગામોમાં તેમને બોધ થાય પછી ભગવાન પંનરમે વર્ષે આવવા જોઇએ ॥૧૦૭૩॥

૧૦ વીલાસપુરમાં બે વખત આવવું એ તો જણાવાયું નથી. ૨૧ મે વર્ષે શ્રાવક કર્યો તો ૩૫ મે વર્ષે આવવાની જરૂર હતી. ॥૧૦૭૪॥

૧૧ ત્રીજે ચોમાસે જયંતીની ધર્મ ચર્ચા ગોઠવાઈ છે, તે તેની પ્રથમ શય્યાતરીની ખ્યાતિને શોભે નહિ ! વળી તેના જીવાજીવાદિકના જાણપણાવાળું વર્ણન, વર્ષોના શ્રમણોપાસકને આભારી હોય. તેના અધિકારમાં આવેલ કોણિક, દેવાનંદા આદિના અતિદેશો પણ કેમ વિચાર ન માગે ? ॥૧૦૭૫॥

૧૨ કુંડકૌલિકને નગરે બે વખત ભગવવાનનું આવવું હોવું જોઇએ, એવી ત્રીજા ચોથા અને પાંચમા શ્રાવકને માટે પણ હોય. કારણકે–સ્વીકાર, પરીક્ષા અને પ્રતિમાનો આદર એ ત્રણે જુદાં જુદાં છે. ॥૧૦૭૬॥

૧૩ ૩૧, ૩૨ અને પાંત્રીશમા વર્ષના ચોમાસા વિશાલામાં જણાવાય તે યોગ્ય નથી. ૨૭માં પહેલાં તેનો નાશ થઈ ગયો છે. ॥૧૦૭૭॥

૧૪ ચંદ્રાવતરણ ચોવીસમે રાખ્યું અને જયંતીની ચર્ચા, ચંદ્રાવતરણ ઉદ્યાનમાં બની છે તે ત્રીજે ચોમાસે રાખી છે ! ॥૧૦૭૮॥

૧૫ મહારાજા ઉદાયનની દીક્ષા ૧૭મા ચોમાસામાં રાખી છે, પણ તેનો પુત્ર અભીચિ, કોણિકની સેવામાં ગયો છે. ॥૧૦૭૯॥

૧૬ ૧૩–૨૦ અને ૨૩માં કેવલી અવસ્થાના અને પર્યાયના ૩૧–૩૨ અને ૩૫માં ચોમાસા વૈશાલીમાં લીધા તે ઠીક નથી. વિશાલાનો તે પહેલાં નાશ થયો છે અને ચેડા-મહારાજના વંશજો કલિંગમાં ગયા છે ॥૧૦૮૦॥

૧૭ ચંપા અને પૃષ્ઠચંપા એમાં ત્રણ ચોમાસા હોવા જોઇએ. બે છદ્મસ્થપણામાં અને એક કેમ પણામાં જોઇએ ॥૧૦૮૧॥

૧૮ આર્દ્રકની દીક્ષા ૧૨મે વર્ષે રાખતાં કેટલું સાધુપણું, ચોવીશ વર્ષ ગાર્હસ્થ્ય અને સાધુ પણ લેતી વખત હસ્તિમર્દનનું ત્રોટન એ ત્રણે બનાવનો વખત અત્રે છે તો પછી તે વખતે શ્રેણિકની હાજરી કેવલી ગણવી ? ॥૧૦૮૨॥

૧૯ મહારાજા ઉદયનને દીક્ષા આપવા માટે ચંપાથી અને પછી રાજગૃહી આવ્યા, એવો સ્પષ્ટ લેખ શ્રી ભગવતીજીમાં છે ॥૧૦૮૩॥

૨૦ શ્રી ભગવતી સૂત્રમાં સેવ મંતે એકલો પાઠ, વિહરઇ સાથેનો પાઠ અને સમોસઢે નાં સ્થાનો વિચારી લેવાની ને સામેલ કરવાની કેવલિવિહારમાં ઘણી આવશ્યકતા હતી. શ્રી ભગવતીસૂત્ર, કેવલિપણાના વિહારવાળું હોવા સાથે ક્રમદર્શક થાય તેમ છે. ॥૧૦૮૪॥

૨૧ મેઘકુમારની દીક્ષા, કેવલજ્ઞાનના પ્રથમ વર્ષે લેવાય છે અને શ્રેણિકાદિને તે વખતે શ્રાવક કરાય છે; પણ મેઘકુમારની માતાના દોહલા વખતે અભયકુમારનો અષ્ટમ પૌષધ તથા ધારિણીરાણીનું ધર્મકથાથી સ્વપ્નનું જાગરણ કાંઇક વિચાર માગે છે. શ્રી ત્રિશલામાતાની માફક પાર્શ્વસંતાનીયપણાને માટે ગવેષણાની દરકાર રહે એ અસ્વાભાવિક નથી. ॥૧૦૮૫॥ ( અપુર્ણ-વિશેષાંક )



## સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૮ ૧૯૯૩ પો. વ. ૦)) સમાલોચના

૧ ચતુર્થ, ષષ્ઠ વગેરે તપસ્યામાં ચાર છ આદિ ભોજનનો ત્યાગ ગણી 'અષ્ટમ'નો અર્થ 'અષ્ટ' કરનારે चतुर्थं भक्तं यावद् भक्तं त्यज्यते यत्र तच्चतुर्थं भक्तं, इयं चोपवासस्य संज्ञा, एवं षष्ठादिकमुपवासद्वयादेरिति એ भगवती ૨ શતક ૧ ઉદ્દેશાનું વાકય વિચારવું. ૧૦૮૬॥

૨ षोडशें सप्तदशे ઇત્યાદિ પૂરણાર્થવાળાની આગળ આવેલી સપ્તમી, અતીત અર્થને (ની) હોઇ सति સપ્તમી માટે છે એ સમજવું શ્રી पंचवस्तु त्रिवार्षिकपर्यायस्य पंचदशवर्षस्य षोड़शवर्षादिषु तु એ પાઠ તેઓને વિચારવા જેવા છે એ ઉપરથી સમજાશે કે सप्तदशे નો અર્થ 'સપ્તદશ વર્ષનો પર્યાય થઈ ગયા પછી' એવો ચોકખો અવયવથી અંત્ય અવયવ લેવાય છે. માટે તે સ્થલે પૂરકને ઉડાવવાનું પાલવે તેમ નથી અને જઘન્ય માં અવયવ ન લેવાય ॥૧૦૮૭॥

૩ આદેસેણ વાળા પાઠમાં ગર્ભાષ્ટમ નો જન્માષ્ટમ પર્યાય માનતાં વચમાં દિક્ખા શબ્દ છે તે ન ઘટે તે વિચારવું. ॥૧૦૮૮॥

૪ લોકપ્રકાશના ત્રય પક્ષાઃ પદો ચોકખાં છે. ॥૧૦૮૯॥

૫ ધર્મસંગ્રહ વિગેરેમાં જન્માષ્ટમ ન લખતાં ગર્ભાષ્ટમ કેમ લખ્યું ? તે તો પૂરકને ઉડાવનાર જાણે. ગર્ભાષ્ટ પણ કેમ લખ્યું તે પણ તે જ જાણે. ॥૧૦૯૦॥

૬ જઘન્યમાં અષ્ટમની પહેલી હદ આવે અને અધિક કહેવાથી સઘલા અષ્ટમ હદથી આગળ જાય એ ન સમજાય તેનું શું ? ॥૧૦૯૧॥

૭ અપૂર્ણ વિશેષણથી પંચમ શબ્દ, આખા વર્ષવાચક છે; પણ છેડાવાચક નથી. નહિંતર आपंचमात् કહેવું પડત ॥૧૦૯૨॥

૮ વ્યવહાર (ભાષ્ય)ના પાઠમાં ગર્ભાનું કોંસમાં જન્મા. શબ્દ લખનારો સત્યપ્રેમી કેટલો ? [માર્ગણાદ્વાર પૃ. ૨૦૦ પુ. ૧ इदं गर्भा (जन्माष्टमवर्षे प्रव्रजिता પંકિતની સમાલોચના છે.] ૧૦૯૩॥

૯ સવા છ વર્ષે દીક્ષા, મધ્યમ શૈક્ષભૂમિ ચાર માસ, વીશ વર્ષ પૂર્વના અને અઢી વર્ષ પરિકર્મ લેવાથી ઓગણત્રીસ પર્યાય આવે. વળી સૂત્રોમાં વડીદીક્ષાનો જ પર્યાય ગણાય. ॥૧૦૯૪॥

૧૦ અટ્ઠમવરિસાઈ એ જગો પર મકારનું અલાક્ષણિકપણું અથવા આદેશાંતરે લીધેલ ગર્ભાષ્ટમ અને જન્માષ્ટમના માટે અઠમપદ નથી' એવી દ્રષ્ટ વ્યાખ્યા ન જણાવનારાઓમાં ભૂલ કેમ નહિ ? ॥૧૦૯૫॥

૧૧ અખિલ મુનિસ્ત્ર મેલનમાં જન્માષ્ટ, જન્માષ્ટમ અને ગર્ભાષ્ટમ જાહેર થયા છે તો ત્યારે કે આટલો વખત ખોટું કેમ ન જણાવ્યું ? અટ્ઠુવરિ આઇ દિક્ખ પડિવત્તી એમ કેમ નહિ ? દશામાટે આદિશબ્દ ન લેનાર આદિ કહેલ દશાનો સંબંધ કેમ લગાડશે ? ॥૧૦૯૬॥

૧૨ 'ગર્ભાષ્ટમ એજ જન્માષ્ટમ છે' એવી જાહેરરીતે કરાતી મૂર્ખતા, ચૂર્ણિકાર મહારાજ માથે નાંખનારાને શું કહેવાય ? ગર્ભાષ્ટ (મ) 'જન્મથી સાત વર્ષ અને પોણા ત્રણ માસે' તમારે થાય તેનો પર્યાય, જન્માષ્ટમ એટલે 'જન્મથી સાત વર્ષ અને એક દિવસ'થી થાય; છતાં 'ચૂર્ણિકાર કહે છે' એમ કહી કલંક દેનારની શી ગતિ ? ॥૧૦૯૭॥

૧૩ 'અષ્ટમ'નો અર્થ જો 'પૂર્ણઅષ્ટ' એવો જ થાય તો પછી જન્માષ્ટ અને જન્માષ્ટમનો તથા ગર્ભાષ્ટમ અને જન્માષ્ટમનો ફરક જ શા માટે ? [પડિમાએ પાઠ વારંવાર લખ્યો છે પણ પડિપ્તી (પડિવત્તી) લખ્યો ] ॥૧૦૯૮॥

૧૪ શૈક્ષભૂમિ અને પરિકર્મણા વિના જ હિસાબ જો મેળવવો તો પછી ગર્ભ કે જન્મ અથવા અષ્ટમ કે અષ્ટ લેવાની કે શંકાની જગ્યા જ કયાં છે? કેમકે ૮+૨૦+૧=૨૯ થઇ જ જાય છે ત્રણપ્રતિપત્તિ વડીદીક્ષા છે, એ સહેજે સમજાયું કેમ નહિ ? દરેક પરિકર્મના છ છ માસ કયાંથી લીધા ? ॥૧૦૯૯॥

તા.ક. જુઠા કહેલા અર્થો અને ફેરવેલા પાઠોનો ખુલાસો કોઇપણ શાસનપ્રેમી માગી શકે છે, પણ રૂબરૂનું કાર્ય છે તે તેમ થયે જ થાય આટલું પણ અત્યારે સૂચનારૂપ છે. (માર્ગણાદ્વાર–જંબુવિજયજી)

૧ નો આમુસેજ્જા નો સસકુસેજ્જા એ ઔત્સર્ગિક નિષેધ જેમ કપ્પઇ ના અપવાદ આદેશમાં રહેતો નથી, પણ સંયમની સાધ્યતા બંનેમાં રહે છે; તેમ ઉદયનો મુદ્દો ક્ષય-વૃદ્ધિમાં ન રહે એ સ્વાભાવિક છે, પણ આરાધના તો રહે. (નદી ઉતરતાં વધ નથી વર્જી શકાતો એ ચોકખું જ છે.) ક્ષયવૃદ્ધિમાં ઉદયનો અભાવ અને અધિકતા છે એ ચોકખું જ છે. (નિયમ અને હેતુ શબ્દ જોડીને પલટો ન ખાવો.)

૨ 'બે ગાથાઓ ગણધરકૃત અને એક અનિયમિત'એ તો પ્રક્ષરૂપ હોય અને હવે ટીકાના વચનથી સૂત્રકાર વગેરે મહારૂષો શિવાય અન્યની કરેલી છે એમ સમજાયું હોય તો બસ છે. પ્રક્ષકાર તરીકે પ્રશ્ન ન હોય અને જિજ્ઞાસાથી હોય તો સારૂં. સમાલોચકથી તમે અજાણ હોય તે સંભવિત નથી જામનગર છોટું ન ગણાય

૩ વલ્લભ પટેલને વારંવાર જૈન ધર્મની અને તેમાં ખાસ કરીને જૈનગુરૂની નિંદા કરવાની ઘેલછા થઈ આવે છે. અર્ધિપણા શિવાય સ્વરૂપ બરોબર જાણ્યા વીના માત્ર કાકદ્રષ્ટિ સજ્જનતાને જણાવે નહિ. દ્રષ્ટિ વિપર્યાસ હોય ત્યાં જ ગૌહત્યા જેવાં કાર્યો કરનારને વખાણાય અને ધર્મની ખોટી રીતે નિંદા કરાય.

૪ ઉત્સર્ગસૂત્ર ને અપવાદ સુત્ર, સામાન્ય ને વિશેષ પૂર્વને પરસૂત્રો બાધ ન કરતાં હોય એમ માનવામાં અજ્ઞાનતા નહિં ગણાય ? શું ક્ષયતિથિમાં ઉદય છે એમ માનવું અથવા વૃદ્ધિના બન્ને ઉદયો માનવા લાયક ગણાય ? ॥૧૧૦૦॥ (વીર મુંબઈ)

❀❀❀

**સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૧૧ સં. ૧૯૯૩ ફા. શુ. ૧૫ સમાલોચના**

પ્રશ્નોત્તરૈકષષ્ટિશતકમાં જિનવલ્લભ પોતેજ મદ્‌ગુરવઃ શ્રી જિનેશ્વરસૂરયઃ એમ સ્પષ્ટપણે જણાવે છે. વળી અષ્ટસપ્તતિકાપ્રકરણમાં તે તેમજ જણાવે છે ૧૧૩૭ની પુનાની પ્રતમાં પણ તેમ સ્પષ્ટ છે. ૧૧૬૮માં મરનાર, આખું વર્ષ ગ્રથ ન જ બનાવે એમ તો નહિ ॥૧૧૦૧॥

૨ સંઘપટ્ટકમાં શ્રી સંઘને વ્યાઘ્ર જેવો ભયંકર જણાવવામાં આવેલ છે કે ? ॥૧૧૦૨॥

૩ મહારાજ બુટેરાયજી મ્હોટા સાધુસમુદાયના મૂલ હોવાથી વૃક્ષસ્કંધ કહેવાય. ॥૧૧૩૦॥

૪ સાવયધમ્મો એ જગોપર 'પ્રતિમાધર્મ' જેવાનો પુરાવો અને શ્રી અભયદેવસૂરિજીના વાકયનો ખુલાસો વિચારે અને સમજે તો સાચા રસ્તે રહે. પાંચમા આરાને છેડે શ્રાવક ધર્મનો વ્યુચ્છેદ થાય એ સ્વાભાવિક છે ॥૧૧૦૪॥ (જય. કવીન્દ્ર)

૧ મહારાજ શ્રી આત્મારામજીની શતાબ્દિ વખતે જેઓ 'જન્મ વખતે કલ્યાણરૂપ કેમ હોય છે' એમ કહીને વિરોધ કરતા હતા તેઓજ હવે પોતાના ગુરૂના જન્મને કલ્યાણરૂપ મનાવે છે. ॥૧૧૦૫॥

૨ તત્વાર્થભાષ્યકારે જે ભવવાચક જન્મશબ્દ લીધો તેને ન સમજનાર મરણના પ્રતિપક્ષવાળો જન્મ લે અને જન્મ-મરણનાં દુઃખોને જોડે ॥૧૧૦૬॥ મુંબઈ-સ્વર્ગારો.)

૧ તત્વતરંગિણીમાં તિથિની ચર્ચા, મુખ્યતાએ પૌષધ માટે છે. તો ચૌદશ-પુનમ ભેળા કરનારને પ્રતિદિનકર્તવ્ય એવી પૌષધ ક્રિયાનો લોપ લાગે છે. ॥૧૧૦૭॥

૨ એક પૌષધાદિ કરી બેનાં ફલ માનવા ન જ શોભે ॥૧૧૦૮॥

૩ પર્વતિથિઓનો ક્ષય ન હોય એમ કોઈ માનતું જ નથી પણ આરાધનાનો (માં) ક્ષય ન હોય અને આરાધના બેની એકપણ ન ચાલે ॥૧૧૦૯॥

૪ જૈનમત પ્રમાણે સામાન્યતિથિ કે પર્વતિથિની વૃદ્ધિ થાય છે, એ કહેવું હવે તો આગ્રહ જ છે. લૌકિક ટીપ્પનાથી વૃદ્ધિ મનાય છે. ॥૧૧૧૦॥

૫ તિથિ એ પ્રથમાને ન સમજે તેજ 'પૂર્વતિથિમાં' એવો અર્થ કરે અને તે ખેંચે ॥૧૧૧૧॥

૬ તસ્યાઃ એક વચનને ન સમજે તે જ તયોઃ એમ જાણી બે પર્વ ભેળાં માને ॥૧૧૧૨॥

૭ કલ્યાણકમાં પણ પ્રતિનિયત ક્રિયાના સંબંધે તેમજ થાય, બાકી તપ તો સાથે થાય. ॥૧૧૧૩॥

૮ સામાન્ય તિથિઓનો ઉદયાધિકાર છે છતાં તે જેમ ક્ષય વૃદ્ધિમાં કાર્ય ન લાગે, તેમ બે પર્વમાં કે દ્વિતીયપર્વની વૃદ્ધિમાં ભોગનો નિયમ ન રહે અને તેથીજ **क्षयवृद्धयोर्भोगपूर्त्ती** એમ ન કહ્યું. ॥૧૧૧૪॥

૯ 'सस्वरादुत' એ સમજવાવાળો જાણે જ કે, અવ્યવધાનના અસંભવે એકવર્ણ-વ્યવધાન લેવાય. તેવી રીતે ક્ષયની વખતે પહેલાની પણ પર્વતિથિ હોય તો તેનાથી પહેલાની લેવાયઃ જે આરાધનાને અખંડિત રાખવા પહેલામાં જવું પડે તો તે જ આરાધનાને માટે પૂર્વતરમાં જવું જ પડે (અને તેથી) પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિ હાનિએ તેરસની વૃદ્ધિ-હાનિ કરવી તે પરંપરાને અનુસરતું હોવા સાથે લેખને પણ અનુકૂલ છે. માટે તે પરંપરાને ઉઠાવવાવાળા કદાગ્રહી ગણાય. **પૂનમના ન્યાયથી ભાદરવા શુદ્ધ પાંચમની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષય-વૃદ્ધિ કરનાર જ માર્ગમાં છે.** ॥૧૧૧૫॥ (વીર૦ તત્ત્વ૦)

૧ 'ચઉદશના ક્ષયે તેરસને દિવસે 'ચઉદશ જ છે' એમ કહેવું, 'તેરસ છે' એમ કહેવું નહિ અને તેરસ છે એમ જણાવનાર મૂર્ખ ગણવો.' આવા સ્પષ્ટ લેખો છતાં ક્ષય ન માને તેને શું કહેવાય ? ॥૧૧૧૬॥

૨ ગૌણ મુખ્યનો ન્યાય, આરાધના (પ્રાયશ્ચિત્તાદિ) શિવાયમાં છે. ॥૧૧૧૭॥

૩ વિશેષકારણે પણ ઉદયવાળી તેરસ હોય છતાં તેને તાંબા સમાન ગણી કિંમતમાં હિસાબ વગરની જણાવી છે. ચઉદશ પુનમ ભેળી કરનારા, શું તે વખતે ચૌદશને ગૌણ કે તાંબાને સ્થાને ગણશે ? ॥૧૧૧૮॥

૪ તમારામાંના મતે તેરસે અને ભૂલ થાય તો પુનમનું કાર્ય પડવે કરવાનું કહેનારા ભૂલ્યા છે ? ॥૧૧૧૯॥

૫ એકવાકયતાના હેતુ તરીકે કહેલ इत्यभिप्रायेणोक्तत्वाद्वा वाकय કેમ ખવાયું ? પ્રાયશ્ચિત્તાદિના પક્ષે અને મુખ્યપણે ચઉદશ જ છે એમ કહેવું યોગ્ય છે એ જણાવેલ સ્પષ્ટ અર્થ ઓળવવો યોગ્ય નથી. ॥૧૧૨૦॥

૬ વ્યપદેશ ન કરાય એટલે કહેવાય જ નહિ અર્થાત્ 'ક્ષય કરાય' એ ચોકખુ છે. ॥૧૧૨૧॥

૭ 'બળવાન કાર્યવાળી તેરસ' એ કથનછલ ગણાય વિશેષકાર્યમન્તરા નો પોતેજ અર્થ, 'વિશેષ કારણ શિવાય તેરસ કહેવાય જ નહિ' એમ કહેલ છે. ॥૧૧૨૨॥

૮ અન્યતિથિઓના ક્ષયે તે ભેળી થાય તેમજ તેરસ ચઉદશ પણ ભેળી કરનાર તિથિનો લોપક ગણાય. ॥૧૧૨૩॥

૯ પૂર્વ પૂર્વતિથિમાં ભોગ હોય જ છે અને ભોગ તો માનો છો ॥૧૧૨૪॥

૧ નિગોદ છત્રીશી અને પુદ્ગલષટ્ત્રિંશકા, શ્રી અભયદેવસૂરિજીની નથી, પણ તેમનાથી પૂર્વાચાર્યોની છે.

ગાથાપ્રપંચો વૃદ્ધોક્તાऽભિધીયતે (ભ. ૨૪૧ પત્રે) इहाऽल्पबहुत्वाधिकारे वृध्धा गाथा एवं प्रपंचितवन्त (ભ. ૪૧૪) अयच सूत्रार्थोऽमूभिर्वृद्धोक्त गाथाभिर्भावनीयः (ભ. ૫૨૮) શ્રીમાન્ અભયદેવસૂરિજીની મહત્તા તો સર્વને કબુલ છે; પણ ખરતરો પોતાના મહિમા માટે જુદું લખે છે. ॥૧૧૨૫॥

૨ ૧૬૭૫ના લેખમાં જહાંગિરપાદશાહે યુગપ્રધાનપદ દીધું એમ છે. ૧૬૮૧માં દેનારનું નામ જ છાપ્યું નથી ॥૧૧૨૬॥

૩ '૧૦૨૪માં દુર્લભસેન રાજા હતો' એ વાત ખરતરના જિનહંસાદિને શોભે. વગર રાજાએ વળી એ બિરૂદ કહેનારને શું કહેવું ? ॥૧૧૨૭॥

૪ સુવિહિયા આ પદનું ખરયરિયા એમ સફેદાથી ખરતરોએ તાડપત્રમાં કર્યું છે. વડોદરામાં એ પ્રત છે તે જુની લિપિના સુનો ખ,રવ નો ર્‌ય, અને હિ નો રિ સફેદાથી કરેલો છે તે જોવો. ॥૧૧૨૮॥

૫ શ્રી પાર્શ્વનાથ ચરિત્રના રીપોર્ટમાં ખરયરો ણાયા નથી જ. ખરતરમાં છે; પણ પૂર્વાર્ધમાં વિશેષણો આવી ગયાં છે કોઈપણ પ્રકારે બુદ્ધિસાગરજી છે નહિ તેમજ પ્રસિદ્ધાર્થમાં ણાયા કહેનારની દશા પણ ચોકખી છે. ॥૧૧૨૯॥

૬ સુરવર ને સ્થાને ખરયર કરી ઘો પણ વર શબ્દ, દેવતાને આપોઆપ ખેંચે છે. ॥૧૧૩૦॥

૭ ગુરુપારતન્ત્ર્ય ગણધરસાર્ધશતક પંચસિની વૃત્તિ લીલાવતી પ્રભાવક ચરિત્ર આદિમાં ખરતરની ગંધ પણ નથી. ગણ૦ પ્રકરણમાં વસતૌ પ્રાકતક્શીરબિરુદા મગવન્તઃએ વાકયજ ખરતરનું પ્રક્ષિપ્તપણું જ જણાવશે. ॥૧૧૩૧॥

૮ પ્રભાવકચરિત્ર તો જણાવે છે કે રાજાના આગ્રહથી ચૈત્યવાસીઓએ જગ્યા આપવા દીધી મ્હેરબાનીનો આવો અર્થ ખરતરો કરે છે. ॥૧૧૩૨॥

૯ ખરતરોની પટ્ટાવલીઓમાં શ્રી જિનેશ્વરસૂરિ મહારાજનો નંબર નિયમિત નથી. (શું તે બધી કલ્પિત હશે ?) ॥૧૧૩૩॥

૧૦ (૧૦૫૭) પાઠાંતર હોનેકા કારણ આ વાકય શું 'લેખકને કલ્પિતતા લાગેલી છે' એમ નથી જણાવતું ? ખુલ્લા શબ્દમાં લેખક ગચ્છભકત હોય તેથી ન લખે. બાકી તે પટ્ટાવલીઓ પાઠાંતરવાળી નહિ, પણ જુઠા પાઠ અને ગુરૂશિષ્યાદિના સંબંધવાળી છે. ॥૧૧૩૪॥

૧૧ લેખક, ગચ્છનો ભકત હોય અને તેથી મહાવીર મહારાજ અને શ્રી પાર્શ્વનાથ-ચરિત્રના પલટાયેલા પાઠ માને અને દેવતાઈ વરદાનને 'ખરયર' બનાવ્યું અને તે પણ વર્ધમાનસૂરિજી હોવા છતાં શ્રી જિનેશ્વરસૂરિમાં લગાડે ! ॥૧૧૩૫॥

૧૨ લેખક, રાજાના 'ખરા' શબ્દને ગચ્છના બિરૂદમાં મ્હેલે છે ! (જોકે જિનપતિ મ્હેલાની કોઈ તે વાત જ નથી) કરતા ॥૧૧૩૬॥

૧૩ મહોપાધ્યાય ધર્મસાગરજીને ખરતરગચ્છનું ખંડન કરવાની ફરજ, ગણધરસાર્ધ શતકના લંબાણ આદિ શબ્દોએ તથા જિનપ્રભના કરેલા તપોદૂષણ, તપોટમત ગ્રંથે પાડી

છે. સત્યભક્ત, અસત્યને ન જ સહન કરે તો પછી અસત્ય, સત્યની ખોટી નિંદા કરે તે કેમ સહે ? ॥૧૧૩૭॥

૧૪ ખરતરમાં જિનપતિથી શ્રી અભયદેવસૂરિજીને ખરતર તરીકે ઘસડયા તેથીજ મહોપાધ્યાયજીને તે બાબત સત્ય બીના પ્રગટ કરવી ફરજીયાત થઈ ॥૧૧૩૮॥

૧૫ જિનપતિ પછી શ્રી અભયદેવસૂરિજીને નામે ખરતરો મગરૂરી લેવા લાગ્યા તેથી તો શ્રી સોમધર્મ ગણિજીને येभ्यः प्रतिष्ठामापन्नो गच्छः खरतरामिधः એમ લખી સ્પષ્ટ કરવું પડયું કે- 'શ્રી અભયદેવસૂરીજીના નામે ખરતરગચ્છની લોકમાં પ્રતિષ્ઠા થઇ' ખરતરોના મુદ્દા પ્રમાણે પણ શ્રી અભયદેવસૂરિજીથી તો ખરતરગચ્છ થયો નથી જ અને નવાંગીવૃત્તિ આદિમાં ખરતર નામ છે પણ નહિ. કલ્પાન્તર્વાચ્ય તો અનુવાદ ખરતરનો કરે છે શ્રી હીરસૂરિજીનું વાકય પણ પ્રઘોષ જણાવી ખરતરોની હીલચાલ જ જણાવે છે. ॥૧૧૩૯॥

૧૬ (૩૨) શ્રી સોમસુંદરસૂરિજીએ 'ઉપદેશસપ્તત્તિ' નથી કરી, પણ શ્રી સોમધર્મે કરી છે. આ વસ્તુ ખરતરોની સભા ન સમજી ? વળી [સં. ૧૬૧૭નાં પાટણ ચોમાસા પછી] **એક જ કાર્તિકમાસમાં પાટણ અને ખંભાતના દસ્તાવેજો હાજરી-વાળા થાય છે એ શું ?** ॥૧૧૪૦॥

૧૭ આચારપ્રદીપ અને પ્રભાવકચરિત્ર છપાયેલાં પણ છે. ૧૦૮૦માં થયાનું કે રાજવિવાદનું નામ નિશાન નથી. **દસ્તાવેજોની સચ્ચાઈ કેવી ? સહી સાચી અને વાંચી સમજી થઈ હશે કે શું ?** સાર્ધશતકમાં ખરતરોના બિરૂદનું નામ પણ નથી. (સહીઓની અપ્રમાણિકતા માટે જુઓ ' કુમતાહિવિષજ્વાગુલીમંત્રતિમિરતરણિ ' ગ્રંથ નરેન્દ્રસાગરસૂરિ) ॥૧૧૪૧॥

૧૮ શ્રી દેવેન્દ્રસૂરિજીએ શ્રી કર્મગ્રન્થ આદિની ટીકાઓમાં સ્પષ્ટ તપાગચ્છ બિરૂદ પહેલાં અને ચૈત્રવાલગચ્છની ઉપસંપદામાં છે એ કેમ નથી સમજાતું ? ॥૧૧૪૨॥

૧૯ શ્રી ઉત્સૂત્રકંદકુદ્દાલને અંગે થયેલ વાતને ઉપાધ્યાયજીના બધા ગ્રંથોને જોડનારો અનર્થવાળા મિચ્છામિદુક્કડોથી શાસ્ત્રોને પણ અમાન્ય ગણશે. **યાદ રાખવું** કે- પ્રવચનપરીક્ષાની ચર્ચામાં ખરતરોને વિજયસેનસુરિજી મહારાજે પાટણ અને અમદાવાદમાં ૧૧૯૨-૯૩ (૧૬૪૨-૪૩)ના બંને ચોમાસામાં હરાવ્યા **અને તેજ પ્રવચન પરીક્ષાને શ્રી સંઘે બાદશાહી વાજિંત્રોના ઠાઠથી વધાવી લીધો છે.** (જુઓ-વિજયપ્રશસ્તિ) 'જિનચંદ્રગીત, વિધિસ્થાનક' આદિમાં આ વાત ન લેવાય જ. વિજયપ્રશસ્તિ પછી [નો બનાવેલી] પટ્ટાવલીમાં લેવાય વિહારપત્રમાં તો પરાજયને જય લેખેજ ॥૧૧૪૩॥

૨૦ જયસોમે સમજવું જ જોઇએ જગગુરુ પદ જૈનોમાં ભગવાનને અંગે જાહેર હતું અને શંકરાચાર્યાદિ તે ધરાવતા તેથી બાદશાહ આપે તેમાં નવાઈ શી ? શ્રી હીરસુરિજીએ વાવેલા વૃક્ષની છાયાનો લાભ, જિનચંદ્રને મળે તેમાં ખોટું શું ? **જગદ્ગુરુ પદ દેનાર બાદશાહ હોય અને શેખ કદાચ બીજાય તેમાં મોગલાઈ નથી ?** ॥૧૧૪૪॥

૨૧ શ્રી હીરસુરિજીની સાથે અકબર પાતશાહ વગેરેનાં અમારીપડહો વગડાવ્યાનાં ચિહ્નો (ચિત્રો) અમદાવાદ સાહિત્યપ્રદર્શનમાં રજુ થયેલાં છે. (જી.વ.૨૪) ॥૧૧૪૫॥

૨૨ **આશ્ચર્યની વાત છે કે**– જિનચંદ્રના વિહારવર્ણનમાં નહાની નહાની વાતોના ઇસારા છે અને યુગપ્રધાનપદનો ઇસારો પણ નથી ! ગ્રંથોની પુષ્પિકાઓ કેટલીક ગ્રંથ લખનારની હોય છે અને કેટલીક તો પાછલાઓએ પણ લખેલી હોય છે. ખરતરોમાં તો વિશેષે એ રીત છે એમ ભંડારો જોનારને જણાય છે. ॥૧૧૪૬॥

**તા.ક.** પ્રકાશકે 'સમાલોચનાર્થે' એમ લખી સમાલોચના માગી છે, તે ન અપાય તો અંગીકાર જેવું થાય માટે અપ્રાસંગિક પણ આટલું ઇસારારૂપ જણાવ્યું છે.

(જિનચંદ્ર)

૧ સુચના આપી હતી નમુના માટે ફેર તપાસો.

૧ પ્રશ્ન ૧૦ ને અંગે ભગવાન્ શ્રી ઋષભદેવજીના બાર, શ્રી નેમિનાથજીના નવ, ભગવાન્ શ્રી મહાવીર મહારાજના સત્તાવીશ ભવ છે તે નથી તો ક્ષાયિકસમ્યકત્વવાળા અને નથી તો અપ્રતિપાતી સમ્યકત્વવાળા ॥૧૧૪૭॥

૨ વાસુદેવોને સમ્યકત્વનિર્ણીતિ પણ છે. પંચસંગ્રહ તે ગાથાની ટીકા જોવી. **અન્યધર્મના** અનુષ્ઠાન તરીકે ગણાયેલી ક્રિયા, મિથ્યાત્વને વધારનાર હોઈ અયોગ્ય જ છે એ સમજાવવું ત્યાં જરૂરી છે (૧૨) ॥૧૧૪૮॥


૩ કેવલજ્ઞાનવાળી સ્ત્રીઓને પણ છદ્મસ્થ સાધુ વાંદે નહિ સમવસરણમાં પણ સાધુઓની પાછળ તેઓ બેસે (૧૫) ॥૧૧૪૯॥

૪ અતિચારની આઠ ગાથા ન આવડે તો નવકાર ગણવાનો શાસ્ત્રીય લેખ છે, તો પછી 'વંદિત્તા માટે પચાસ નવકાર વ્યાજબી નથી' એમ કેમ કહેવાય ? ખપીઓએ વંદિતુસુત્ર શીખવું જ જોઇએ એમ કહેવાય (૧૬) ॥૧૧૫૦॥

૫ ઔપશમિકમાં પણ જિન નામકર્મ નિકાચિત થાય છે સમ્મદિટ્ઠી એવું જ શાસ્ત્રકાર કહે છે. ॥૧૧૫૧॥

૬ વર્ત્તમાનકાલમાં શ્રાવકપ્રતિમાને વહીને જ સાધુપણું (બાલાદિ શિવાયે) લેવું એવો ચોકખો પાઠ શ્રી હરિભદ્રસૂરિજીના પંચાશકમાં છે. સાધુપણામાં આકારો નથી. શ્રી સેનસૂરિજીની વખત પ્રતિમાવહનની વાત પણ લેખસિદ્ધ છે (૨૫) ॥૧૧૫૨॥

૭ શ્રી આર્યમહાગિરિ અને સુહસ્તિજી આદિની માફક યુગપ્રધાનો સાથે પણ હોય (૨૬) ॥૧૧૫૩॥ (જૈન ધર્મ૦)



**સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૧૨ સં. ૧૯૯૩ ફા. વ. ૦)) સમાલોચના**

૧ પુરાણ (પતિત) અને શ્રાવકને માટે તે પવ્વાવિજ્જંતિ એમ ચોકખો પૂર્વધરનો પાઠ છે. અન્યમતવાળામાં રાજાદિનું વિધાન અપવાદે છે. ॥૧૧૫૪॥

૨ ગર્ભાષ્ટમનો અર્થ જન્માષ્ટમ, તથા અષ્ટમનો 'આઠ'જ એવો અર્થ કરનાર કોણ હોય ? નિશીથચૂર્ણિ કે-જેમાં જન્માષ્ટ, ગર્ભાષ્ટમ અને જન્માષ્ટમ છે તેનું નામ ખસેડનાર કેવો ? જન્માષ્ટ અને ગર્ભાષ્ટમ સુધી બાલક ગણતાં વચમાં જન્માષ્ટમ આવે એ ન સમજાય ? વિરોધીઓને આગે ઠરાવમાં 'અષ્ટમની પૂર્ણતા જણાવેલી દેખે અને પહેલેથી જ પાઠના અર્થમાં અષ્ટમની શરૂઆત જાણ્યા છતાં ઓળવે' તેનું કેવલી કલ્યાણ કરી શકે ? ॥૧૧૫૫॥

૩ રાત્રિએ પ્રશસ્તતા ન હોય એમ માનનારે કેશરાથી થયેલ પટ્ટવીને પોતાના ગુરૂએ લખેલ છે તે પણ જોયું ? અવંતિસુકુમાલાદિની દીક્ષા રાતે છે. ॥૧૧૫૬॥

૪ ચારિત્રને ભેટનાર બને તેવું કથન, ચારિત્રના દ્રઢ પરિણામ પહેલાં ન હોય કથામાં દીક્ષાના પરમ ફલોના કથન પછી અને સાથે વિરાધન ફલનું કથન છે અને તે પણ દીક્ષાભિમુખતાના નિશ્ચય થયા અને જાણ્યા પછી જ છે. ॥૧૧૫૭॥

૫ રજોહરણાદિથી દીક્ષિત કરીને જ સામાયિક ઉચ્ચરાવાય છે અને તે પંચવસ્તુમાં સ્પષ્ટ જ છે. વળી સામાયિકસૂત્ર, દીક્ષા પછી ભણાવવાની વાત પણ વ્યવહારવૃત્તિમાં ન જોવાય તે આશ્ચર્ય.

૬ 'અવ્યકત માટે રજા જોઇએ' એમ શાસ્ત્રકાર કહે છે. આચારપાલનના અંગીકારને ચૂર્ણિકાર 'પરીક્ષા' કહે છે તે કોણ ના માને ? ॥૧૧૫૮॥

૭ શ્રી નિશીથચૂર્ણિ આદિ અને પંચવસ્તુની પછી બનેલા યતિજીતકલ્પાદિ જે અનુવાદ વિનાના ગ્રંથો છે તેમાં એક દિવસ પણ પરીક્ષા માટે છ માસ ( કે એક દિવસ પણ ) રોકવાની વાત નથી ॥૧૧૫૯॥

૮ પરીક્ષાની મુદત માટે આવશ્યકનું નામ દેનાર જુઠો છે અને જુઠા અર્થને કરનારો છે એ વાત લેખથી સિદ્ધ થઇ ગયેલ છે.

૯ સાવદ્યત્યાગ પહેલાં સાવદ્યપરિહાર આદિનો ઉડાઉ જવાબ છે.

૧૦ એ વડીદીક્ષા માટેની પરીક્ષા છે, એમ ધર્મબિંદુના ભાષાંતરમાં સ્પષ્ટ છે છતાં હઠ જ પકડે ! આ આજ્ઞાપાલન નહિ પણ ઓઠું છે.

૧૧ ધર્મબિંદુમાં પરીક્ષાનું સુચન ન કબુલ કરનારે તેનો પાઠ વિસ્તાર વિધાનવાળો તેમાંથી આપવો જોઇએ.

૧૨ પ્રશ્નવિધિ કરતાં જવાબ અને અંગીકારરૂપ ચર્ણિકારે જણાવેલ પરીક્ષા કોણ એક કહે છે ચૂર્ણિનો પાઠ જાણ્યા પછી પણ ન સમજાય તે શું ? ॥૧૧૬૦॥

૧૩ પહેલાં પરીક્ષાવાળા ભાષાંતરની વાત ઉપજાવી સંમેલનમાં કહી જ નથી.

૧૪ દીક્ષા પહેલાં સાધુચર્યા દેખાડવાનો અને આદિ શબ્દનો અર્થ દેખાડવામાં તેમજ પરિણામિકપણું દિક્ષા પહેલાં માનવામાં શાસ્ત્રાન્તરનો પાઠ કેમ બતાવાતો નથી ?

૧૫ માનેલો ઓછો કાલ કયો ? અને તેનો પાઠ કેમ નથી અપાતો ?

૧૬ 'અભ્યુપગતને પણ' આવું સ્પષ્ટ છે ત્યાં ન માનનારને શું કહેવું ?

૧૭ સાધ્વાચારના અંગીકારની પરીક્ષાને, દીક્ષા પહેલાં માનનારો મનુષ્ય, 'આચાર-કથનને દીક્ષા દાન પહેલાં નથી માનતો' એમ કહેવું એ કથન કલંક કહેવાય. ॥૧૧૬૧॥

૧૮ સાવદ્યના ત્યાગ વગર 'સાવદ્યત્યાગની પરીક્ષા' માનનારે તેના પ્રકારો તો શાસ્ત્રથી આપવા જોઇએ વડીદીક્ષાના પરીક્ષાના તો પ્રકાર છે જ ॥૧૧૬૨॥

૧૯ વિરોધીઓની સ્હામે સમુદાયવાચક 'હમારા' શબ્દ, કયા અર્થમાં અને કયા મુખે હોય એ ન સમજે તેને શું ? **ઉત્કૃષ્ટનું માન હોય અને અલ્પમાં બે ઘડી જેવો પણ કાળ, પરીક્ષા માટે લેવો હોય તો ચર્ચા શાની ?**

૨૦ ભાવિભાવ પછી ગુણવિશેષ હેતુ અપાય છે તેની પ્રબલતા ન સમજે તેને ગુણ કેમ થાય ?

૨૧ નિષેધ કર્યા પછી આપેલી દીક્ષાને ગુણહેતુમાં ન લે, તે વગર નિષેધની જમા-લિદીક્ષાને તેવી કેમ ગણે ?

૨૨ પ્રવચનકાર, નંદિષેણની નિષેધેલી દીક્ષામાં મોક્ષહેતુ શિવાય બીજું કારણ શાસ્ત્રથી જણાવે.

૨૩ પડી જશે એવા સંભવને અંગે થતા દીક્ષાના નિષેધના ઉત્તરને પણ તે રૂપે ન સમજે તેની બલિહારી.

૨૪ પ્રવ્રાજનની પરીક્ષા, અચિત્તભોજનાદિના અંગીકારથી ચૂર્ણિકારે સ્પષ્ટ શબ્દોમાં કહી છે. પ્રવજ્જ પદનું વિવરણ પણ તે જ કહે છે. તેથી અન્યથા નિયમ કેમ ? છ માસનો નિયમ ન કરાય ॥૧૧૬૩॥

૨૫ મનકમુનિજીની દીક્ષામાં નિષ્ફેટિકાનું નિવારણ અપાય નહિં અને આપ્યું મનાય નહિ એ શું ?

૨૬ શક્તિરહિત અનુકરણાદિની વખતે કહેલાં વાકયોથી 'અનુકરણનો સર્વથા અભાવ' જોનારે વિશેષાવશ્યકમાં જણાવેલ કથંચિત્ સાધર્મ્ય જાણવું અને શ્રી સિદ્ધચક્રમાં આપેલા સંખ્યાબંધ પાઠો જોવા અને સમાધાન કરવું ॥૧૧૬૪॥

૨૭ દીક્ષા લેવા નીકળતાં જે દાન દેવાય છે તે સંવચ્છરીદાન તરીકે કહેવાય છે તે કેમ ઓળવાશે ?

૨૮ વસ્ત્રધારણથી સવસ્ત્રધર્મ પ્રરૂપાય, એ અનુકરણ માટે ન ગણે તેને શું કહેવું ? ॥૧૧૬૫॥

૨૯ અર્થવ્યાપ્ત્યા માટે લાગેલા કેવલ વિશેષણને ન સમજે અને અનુકરણને લગાડી દે તેને શું કહેવું ?

૩૦ સર્વે નયો મિથ્યાવાદી છે અને શાસ્ત્રવાકયો એક નયવાળાં છે એ નયાનામેકનિષ્ઠાનાં પ્રવૃત્તે શ્રુતવર્ત્મનિ એમ કહી દિવાકરમહારાજા સ્પષ્ટ ફરમાવે છે. ॥૧૧૬૬॥

૩૧ સર્વવિરતાનન્તવિયોકજઃ એ સૂત્ર ચોકખું છતાં ન માને તેને શું કહેવું ? આચારાંગવૃત્તિમાં સામાન્યધર્મ કહી પૂર્વપ્રતિપન્નસર્વવિરતેઃ એમ જણાવી સ્પષ્ટ કહે છે. છતાં ન સમજે તેને શું ? ॥૧૧૬૭॥

૩૨ સાતની ક્ષપકતા પણ ઉપશમકમાં જોડે તેમાં કોને નવાઇ ન લાગે ? ઉપશમશ્રેણ્યારૂઢઃ એમ સ્પષ્ટ છે છતાં એકવીશ ગણે તેનું શું ? આદ્ય સમ્યકત્વમાં પણ સાતનો શમક થાય છે તેનું સ્થાન કયાં ? તત્ત્વાર્થટીકાકાર તો ક્ષપયતિ ઉપશમયતિ વા એમ બન્ને ને લે છે આચા૦ ઉત્પત્તિનો અર્થ લે છે. ઉત્પત્તિ જુદી સૂચવે છે તેનું શું? ॥૧૧૬૮॥

૩૩ ધારયતિ એના વ્યુત્પત્તિઅર્થમાં અને પહેલાં કહેલ 'દુર્ગતિથી ધરનાર' એવી વ્યાખ્યામાં તત્ત્વ ન સમજે તેને શું ? ॥૧૧૬૯॥

૩૪ અરહંતેસુ ય રાગો૦ એ વગેરે વચનોથી પ્રશસ્તરાગનું વિધાન ન માને તેનું શું ? ॥૧૧૭૦॥

૩૫ સમ્યગ્દૃષ્ટિ હોય અને પ્રસંગ પર ઐહલૌકિક માટે આરાધના કરે તેમાં 'મિથ્યાત્વ જ છે' એમ કહેનાર દ્રવ્યક્રિયાને ઓળખે તો સારૂં. ॥૧૧૭૦॥

૩૬ પ્રથમ તો બાધ્યતે તદપિ દ્રવ્યપ્રત્યાખ્યાનં માનનારો મરીચિનું દ્રવ્યચારિત્ર જ માને. મહિમા દેખ્યાની વાત સ્પષ્ટ છતાં ન સમજાય શું ? શ્રુત પણ સમ્યક્ત્વ જ છે. ॥૧૧૭૨॥

૩૭ ઔપશમિક સમ્યક્ત્વને માટે અકયતિપુંજો અખવિયમિચ્છો કહેલા વિશેષણો ન સમજે તેને શું ? ॥૧૧૭૩॥

૩૮ નલિદીગુલ્મ માટે અવન્તીજીની દીક્ષા આદિ ન સમજે તેને શું ? વિષયો સારા નથી કહેવાતા, દીક્ષા સારી કહેવાય છે. ॥૧૧૭૪॥

૩૯ શ્રી શત્રુંજય સીકકે આખા સોરઠને અનાર્ય કહ્યો છે એ વાત સ્પષ્ટ છે. એમાં રામજરોસો કામ ન લાગે ॥૧૧૭૫॥

૪૦ વાલીજીની રાવણ ઉપર અપ્રીતિરૂપ દ્વેષ થયો તો જ શિક્ષા થઈ, કાર્ય છોડીને 'અંગત' શબ્દ દાખલ કર્યો છે. ॥૧૧૭૬॥

૪૧ તેના તિરસ્કારોથી શિક્ષા કરવાની ધારણા ગણી જ નથી.

૪૨ 'વધ પણ અનુમોદનીય થાય' એ પરવચન છે, રક્ષા અનુમોદનીય થાય એ જિનવચન છે. પૂજાનો પણ આરંભ અનુમોદનીય નથી. ॥૧૧૭૭॥

૪૩ સુબોધિકામાં સામાન્ય કાષ્ઠ શબ્દ જોવાં છતાં પણ ન માને તેને શું ? શેષ હકીકત હોય તે વૃત્તાંત કહેવાય તે પણ નથી સમજાયું.

૪૪ રાજા કહ્યા નથી, ગ્રામપતિ ગ્રામસ્વામી કહેલા છે એ કથનમાં 'વાંઝણીમા' જેવું છે. ગ્રામનિયુકત-નોકર તલાટી ન કહેવાય ? ॥૧૧૭૮॥

૪૫ એક વાતના પેટાભેદને કે શિખામણને ભિન્નવૃત્તાંત ગણનારની બલીહારી.

૪૬ 'મોહને ટકાવી રાખવા અભિગ્રહ કર્યો' એ કબુલ કરે અને 'મોહના ઉદયથી' ના કબુલ કરે એ મનુષ્ય અષ્ટકજીને કયાંથી કબૂલે ? ॥૧૧૭૯॥

૪૭ એક વાત નવી થઈ કે-મોહનો ક્ષયોપશમ થાય તો પણ તેને કુટુંબ માટે રોકે તો પણ સમ્યગૂદ્રષ્ટિપણું શોભે દીક્ષા નથી થવાની એ શું ન જણાય ? અભિગ્રહ,એ નિશ્ચલતાનું પરિણામ નહિ લેખક જ અનુકંપા જણાવે છે. અવધિજ્ઞાનથી સ્નેહ જાણ્યો છે, મરણ નહિ. આવશ્યકનો પાઠ જોવો. ॥૧૧૮૦॥

૪૮ મેઘકુમારના જીવે વગર સમ્યકત્વે અનુકંપા કરી એ શાસ્ત્રસિદ્ધ છતાં 'મિથ્યાત્વને અનુકંપા ન જ હોય' એમ પરવચની જ બોલે. ॥૧૧૮૧॥

૪૯ સાધુ માટે શકયપ્રવૃત્તિનો નિયમ. સમ્યકત્વની સાથે એ નિયમ માની દેશવિરતિ પણ અશકય જ હતી એમ માને એ પરવચન ॥૧૧૮૨॥

૫૦ દેવારાધન માટે કૃષ્ણમહારાજે અવિરતપણામાં અષ્ટમ પૌષધ કરેલ છે, તો અશકય કેમ ગણવું ? ॥૧૧૮૩॥

૫૧ વાલી, સર્વથા રાગદ્વેષ વગરના અને પ્રવચન વાત્સલ્ય (ચૈત્યરક્ષા) કરનાર' એ પરવચન જ હોય 'વીતરાગને લબ્ધિનું ફોરવવું' પણ તેમજ ॥૧૧૮૪॥

૫૨ 'ભકતો તો મહાત્માના મરણમાં શોકવાળા જ હોય'. વાચકજીએ મરણને 'ઉત્સવ' નથી માન્યો તપ આદિથી યુકતને માની છે. ઇન્દ્ર, ભરત વગેરેના શોકો શાસ્ત્રકારો જણાવે છે. સૂત્રકાર પણ જિનેશ્વરાદિમરણે લોકાંધકારાદિ જણાવે છે. ॥૧૧૮૫॥

૫૩ સંઘાદિ માટે કરેલા વૈક્રિયમાં પણ આલોચન પ્રતિક્રમણ, ભગવતીજી અને તેની વૃત્તિમાં સ્પષ્ટ છે. ॥૧૧૮૬॥

૫૪ જિનપૂજાની હિંસા પણ કર્મનું કારણ છે એ જાણનારો પ્રાણાંત કરે તેવી શિક્ષામાં સર્વથા કર્મબંધ છે જ નહિ એ કેમ માને ? ॥૧૧૮૭॥

૫૫ મહામોહનીયના કારણોમાં ગણધર મહારાજા અને બલાત્કારથી દીક્ષાથી પાડવાની વાત, સમવાયાંગમાં ચોકખી જ છે. કુટુંબને અંગે ભરતે સુંદરીને, શ્રેણિકે અભયકુમારને રોકયાનું છે જ. મોહહેતુક અને મોહજન્ય છે. પણ અહિં અધિકાર મહામોહનીયનો છે.

૫૬ સમ્યકત્વ પછી અને પહેલાં 'પરાર્થોદ્યત જ હોય' એવું પરવચન કહે છે શ્રી સિદ્ધચક્ર તો માત્ર 'નિયમનો અભાવ' કહે છે ॥ ૧૧૮૮॥

૫૭ સમ્યકત્વ પછી અને પહેલાં પણ તીર્થંકરોમાં પરાર્થોદ્યતપણું હોય જ એ વાત શાસ્ત્રની નહિ, પણ પરવચનની છે ॥૧૧૮૯॥

૫૮ પુરૂષોત્તમપણાને અંગે જણાવેલી પરાર્થોદ્યતપણું આદિ હકીકત, સમ્યકત્વ પછીજ નિયમિત હોય એમ કેમ ન મનાય ? ॥૧૧૯૦॥

૫૯ 'ભાદરવા સુદ ૪ના ક્ષયે ૩નો ક્ષય કરવાનું સ્પષ્ટ (છે) તત્ત્વતરંગિણીકાર, ચઉદશના ક્ષયે તેરસે ચઉદશ કરવાનું અને તે દિવસે 'તેરસ છે' એમ કહેનારનું અતિશય મૂર્ખપણું જણાવે છે. ચઉદશ પુનમના પૌષધ અને બ્રહ્મચર્યાદિવાળા એક દિવસ પાળશે ? ઉદયત ચૌદશે પુનમ ક્ષીણ છતાં પણ હોય છે તેથી ચઉદશે પુનમ આરાધાય અને ચઉદશ તો તેરસે આરાધાઇ ગઈ ॥૧૧૯૧॥

**તા.ક.** ૧ સિદ્ધચક્રને નામે ટીકામાં આપેલી હકીકત, આખી અને સંબંધ સાથે કેમ નથી અપાઇ ? વિસ્તાર કરનારે આખો ભાગ અને વર્ષ અંક પૃષ્ઠ સાથે લખવું સારૂં છે ઘણી જગોપર વગર લખેલું અને માનેલું જ પ્રવચને ટીકામાં લીધું છે.

૨ વગર મુખત્યારીએ પણ સંપાદક જો કે બોલે છે, પણ જોખમદાર તો તે જ છે.

૩ ચૌદ રાજની જગોપર રાજ, સૂઅગડાંગની જગો પર સમવાયાંગ, એ રસની જગોપર ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જોઇએ જ (જૈન પ્રવચન)

૧ ગઇસાલનો પત્રવ્યવહાર બધો તિથિચર્ચાનો બહાર પાડવા ઇચ્છા થઈ છે તો અડચણ નથી વાચકોને એટલી ભલામણ કરવી કે– આદ્યંત તે ચર્ચા અને ત્યાર પછીથી અત્યાર સુધીની બધી તિથિસંબંધી ચર્ચા વાંચી વિચાર બાંધે; પણ અધુરે વિચાર ન બાંધે. લોકોપકાર માટે તો બધા તિથિસંબંધી લેખોની ચોપડી થાય તો વિચારકોને સવડ થાય. એકેક પક્ષથી તો વિચારો ઘણા બહાર આવે છે. વિશેષમાં કોઈ તટસ્થ, તારણ સાથે બહાર પાડે તો લોકોને ગ્રાહ્ય થશે. પ્રશ્ન અને ઉત્તરોનો વિષય પત્રોમાં ઘણોજ ચર્ચાઇ ગયો પણ છે. (શ્રીમાન્ કલ્યાણ૦)

૧ બાર તિથિનું બ્રહ્મચર્ય અને પૌષધનો ચૌદશ પુનમનો નિયમ સચિત્તત્યાગમાં ચઉદશ પુનમ ભેળી કરનારને સચવાશે નહિ જ. ॥૧૧૯૨॥

૨ 'વ્યપદેશ' કરનારને મૂર્ખ કહે છે ત્યાં 'નામવાળી પણ થાય છે' એ કથન શાસ્ત્રવિરૂદ્ધ છે મુહૂર્ત્તાદિ વિશેષકારણે જ તે ગણાય, અને ચઉદશ સોના જેવી ગણી તેરસ તાંબાજેવી ગણી તેની કિંમત જ ગણાવાની ના કહી છે. ॥૧૧૯૩॥

૩ ચઉદશના ક્ષયે તેરસનું નામ ન રહે અને પુનમના ક્ષયે ચઉદશ તો આખી જ અને તે નામે રહે એ આશ્ચર્ય.

૪ પડવેનો અર્થાત્ ચઉદશ પડવે એવો અર્થ કરનાર બોલવાલાયક નથી. ચતુર્દશ્યાં કે ચતુર્દશી પ્રતિપદો એમ નથી કહ્યુ એટલે તો ભેળી કરનારને નિરધારપણું જ છે.

૫ તેરસને જો સંબંધ નથી તો તેરસે ભુલે તો પડવે એમ શા માટે કહ્યું ? ભેળીવાળાને તો તેરસને અટકવાની જ જરૂર નથી. ॥૧૧૯૪॥

૬ શાસ્ત્ર અને પરંપરાને માનનારા તેરસે પુનમનો નથી કહેતા. દ્વિવચન હોવાથી તેરસે ચઉદશ અને ચઉદશે પુનમનું તપ કરે છે. માત્ર તેરસનો ક્ષય કરી ચઉદશ કરવી ભુલી ગયા તો પછી ચઉદશે ચઉદશે કરી ચઉદશ પછી આવતી પુનમ ચઉદશને બીજે દિવસે પડવેજ થાય; એ ચોકખું ન સૂઝે તેની બલીહારી ભુલને પંથ ઠરાવવો તે ઠગાઇ. ભેળી માનનારા ઓળી, અઠ્ઠાઇ અને યાત્રાનું કેમ કરશે ? ॥૧૧૯૫॥

૭ 'બોખા પુનમ' માનનારા છઠ્ઠ કેમ કરશે ? ત્યાં છઠનો પ્રશ્ન નથી, બોટી કલ્પના છે ત્રયોદશ્યાં અને પ્રતિપદ્યપિ એ એકવચન જ એક જ ઉપવાસને જણાવે છે; અને પ્રશ્ન પણ એકલી પુનમના તપનો છે. વળી પાંચમને અંગે જે પ્રશ્ન ભેલો છે તેમાં તો છઠનો સંભવ જ નથી ભેળી માનનારને પડવે જવાનું જ ન રહે. દ્વિવચનની પણ એક તપમાં જરૂર ન રહે ચોથ પાંચમની માફક ચઉદશે પુનમ લેવી હોત તો એક જ ઉત્તર બસ હતો ॥૧૧૯૬॥

૮ પૂર્વ અને પૂર્વતરના ક્ષયવાળાને ગુંચવણ નથી. ભેળી માનનારને ડગલે ને પગલે તે થાય છે; પણ તે કેમ જાય ?

૯ સામાન્ય ચોથના પર્વવિનાની પાંચમના ક્ષયની વાત, સંવચ્છરી સાથેની પાંચમને જોડનારને શું કહેવું ?

૧૦ ભાદરવા સુદ પાંચમને પર્વ માનવું અને તેથી તેના ક્ષયે તેના પણ પહેલાં પર્વ હોવાથી પુનમ આદિ માફક પૂર્વતરમાં જવું એ કેમ નથી સમજાતું ? ॥૧૧૯૭॥

૧૧ 'પૂર્વતિથિમાં લેવી'એ સામાન્ય વાક્યને આગલ કરી તેઓએ કરેલા ક્ષયને ઓળવનારને શું કહેવું ? (વીર૦)

૧ તેરમાને છેડે સૂક્ષ્મ કાયયોગ રોકતાં ત્રીજો ભાગ ન્યૂન કહે છે. ચઉદમે નહિ. ॥૧૧૯૮॥

૨ સ્વપ્નમાં અલ્પનિદ્રા છે, દર્શનાવરણીનો ક્ષયોપશમ કેમ ? ॥૧૧૯૯॥ (જૈનધર્મ૦)

૧ સંશયાત્મા વિનશ્યતિ ને સફલ કરનારો જ 'કાંઈકને કાંઈ' સમજી શકયા વિના રહે ન હે એમ કહે અને પીઠ ફેરવવા વિશેષ પાઠ આદિ લખે.

૨ શુદ્ધ શાસ્ત્રદ્રષ્ટિવાળા (ને) એ વાકય ખરેખર વેશ્યાના ઘુમટા જેવું જ છે. પરંપરા અને શાસ્ત્રોને ડગલે ને પગલે ઉઠાવનારાઓ, શુદ્ધશાસ્ત્રદ્રષ્ટિ કયાંથી ગણાય ?

૩ વાંચકો કે વિદ્વાનો જે ભૂલ જણાવે તે સુધારવા શ્રી સિદ્ધચક્ર તો તૈયાર જ છે, પણ પરવચનોની તો પરંપરામાં પણ એ નથી બન્યું. ભૂલો કરવી અને બતાવનારને ભાંડવા એ પરવચનની નીતિ ! (જૈન પ્રવચન)

**તા.ક.** અનેક લેખો લખાયાથી વાચકોને જરૂર કંટાળો આવશે, પણ તે પક્ષ, શાસ્ત્રાર્થ કરવા ન માને અને પ્રતિનિધિ મોકલી ખુલાસો ન મેળવે; પણ અગડંબગડં ભરડે ત્યાં આટલું ટુકું લખવું ઠીક જણાયું છે વાચકો તરફ નથી માનતા માટે ચર્ચા બંધ કરવાની ભલામણ ધ્યાનમાં રહેશે. ઉત્પાદક, સંપાદકની ઓડમાં રહ્યા છે તે તો સ્પષ્ટ છે.

૧ પુરાણ (પતિત) અને ભાવીત શ્રાવકને શ્રી નિશીથચૂર્ણિકાર સ્પષ્ટ શબ્દોમાં દીક્ષા દેવાનું કહે છે ॥૧૨૦૦॥

૨ ગર્ભાષ્ટમની મર્યાદા, જન્મથી જ સવા છ વર્ષ ગયે શરૂ થાય છે. એ વાત પણ તેમ જ છે. ॥૧૨૦૧॥

૩ આચાર્ય ભક્તિસૂરિએ બુધવારની સંવચ્છરી કયાં જાહેર કરી તે પૂરાવાસહિત લખાય તો સાચું ॥૧૨૦૨॥

૪ સંવચ્છરી જે રવિવારે થઈ છે અને ગુરૂવારે થશે તે વ્યાજબી છે, તે માટે તેની વિરૂદ્ધ પ્રલાપ વ્યર્થ જ છે. (મુંબઇ સ૦)

## સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૧૨ ટાઈટલ પેજ ચોથું સમાલોચના

### પ્રવચનકારની શાસ્ત્રવિરૂદ્ધ અને જુઠી પ્રરૂપણા

૧ 'ગર્ભાષ્ટમ' પદમાં 'અષ્ટમ'નો અર્થ, આઠમું નહિ પણ આઠ પૂરા.

૨ ગર્ભાષ્ટમ એટલે જન્માષ્ટમ જ લેવું.

૩ પુરાણ અને શ્રાદ્ધ માટે તેણ તે પવ્વાવિજ્જંતિ એવું વિધાન છે તે વિધાન છે તે વિધાન ન ગણવું.

૪ સર્વથા રાગદ્વેષ રહિત (વીતરાગ) પણ લબ્ધિ ફોરવે.

૫ લબ્ધિ ફોરવાય તેનું પ્રયોજન, શ્રેષ્ઠ હોય તો પછી તે લબ્ધિનું ફોરવવું પણ પડિક્કમવા યોગ્ય નહિ.

૬ લબ્ધિનું ફોરવવું અપવાદ પદ ગણવું. (અપવાદપદ, પ્રમાદવાળું જ માનવું)

૭ ગુરૂતત્ત્વવિનિશ્ચયનો અર્થ જુઠો કર્યો છે.

૮ આવશ્યકવૃત્તિનો અર્થ જુઠો કર્યો છે.

૯ વિશેષાવશ્યકનો અર્થ જુઠો કર્યો છે.

૧૦ તીર્થંકરભગવાનો અનાદિકાલ (નિગોદ અવસ્થા) થી પણ પરોપકારપણાના ગુણવાળા જ હોય છે

૧૧ જિનેશ્વર મહારાજનું પહેલું સમ્યકત્વ, તે જ 'વરબોધિ કહેવાય.

૧૨ સોરઠને શ્રી વીરમહારાજની વખત સાધુના વિહારને અભાવે અનાર્ય કહ્યો છતાં શ્રી શત્રુંજય ક્ષેત્રને અનાર્ય કહયું નથી.

¤ ¤ ¤

## સિદ્ધચક્રપાક્ષિક વર્ષ ૫ અંક ૧૩ સં. ૧૯૯૩ ચૈ. શુ. ૧૫

### સમાલોચના

૧ અતિમત્તામુનિજીને ભગવાને નાવડીની રમતપેટે ઇર્યાવહી પડિક્કમવાની કહી એ ખોટું છે; પણ આચારથી મુનિએ જ ઇરિયાવહી કરવા માંડી છે.

૨ અતિમત્તાજી ઇરિયાવહીના અર્થને પણ તે વખતે નહોતા જાણતા, એ કથન ખોટું છે.

૩ અતિમત્તાજીના અધિકારનો ઉપસંહાર આખો અયોગ્ય છે ॥૧૨૦૩॥

(જૈન પ્રવચન)

૧ શ્રીહીરપ્રશ્નમાં પંચમીના તપનો ઉત્તર પુનમથી જુદો હોવાથી તે પાચમ, તેની પહેલાના પર્વ વિનાની લેવાય એ ચોકખું છે. ॥૧૨૦૪॥

૨ ચઉદશ પુનમ વગેરેના જુદા તપો ઉઠાડવા અને પાંચમને જુદો શકિત છતાં ન કરવા માનવું અને સર્વ ઠેકાણે એવું કલ્પિત અને વિરોધવાળું વિશેષણ લગાડવું કોને શોભે ?

૩ રોહિણી અને પંચમીની તિથિઓ ઉદયવાળી મળતી હોય તો પણ કારણે તેની આરાધના ભળતી એટલે વગર ઉદયવાળીમાં કરાવાય એમ માનનાર એકાંત ઉદયના આગ્રહ

વાળો નહિ રહે. નક્ષત્રનિમિત્તના સંયોગને અંગે બંને તિથિઓને કેમ ભેળવાય છે ? ક્ષય-વૃદ્ધિ એ કારણ નથી એમ તો ન જ કહેવાય.

૪ સામાન્ય પર્વતિથિ માત્રને અંગે જ ક્ષયે પૂર્વાનું વિધાન છે છતાં મોટી નાની પર્વતિથિ માનનાર કયાં જાય છે તે સમજાય તેમ છે. શું પુનમે ચોમાસીની વખતે પકખી ઉડાવશે ? ચૈત્રી આસોની ચઉદશનો ક્ષય માનશે અને આઠ દિવસની ઓળી અને સાત દિવસની અઠાઈ કરશે ? શક્તિને અભાવે તો નવકારશીએ પણ શુદ્ધિ આપે તે શું અન્યસ્થાને લેવાય ? ॥૧૨૦૫॥

૫ પરંપરા અને લેખથી આજ્ઞાનુસારી, તિથિ જાળવી શકે છે ત્યાં ભેળાની અશક્તિની અનિત્ય ત્રિતેતરપણાનાં કૂટ આલંબનો છે.

૬ શક્તિવાળાથી સંવચ્છરીમાં પણ પાંચમ ન સચવાય એ વાત સમજનાર પાંચમને ભેળવે શું ? મુખ્યવૃત્તિની વાત ન સમજે તે જ ભેળવવા માગે. કારણની વાત ક્ષયમાં ભેળવનાર પાંચમ ચોથના ક્ષયે સંવચ્છરીએ શું ખાવાનું કહે છે ? ॥૧૨૦૬॥

૭ પરંપરા અને શાસ્ત્રથી વિરૂદ્ધ બોલે અને વર્તે તે જે વિધિની વાત કરે તે હાસ્યાસ્પદ જ છે

૮ ચઉદશના ક્ષયે તેરસનું નામ લે તે મૂર્ખ એમ જ્યારે શાસ્ત્રકાર સ્પષ્ટ કહે છે. તો પછી ચોથક્ષયે ત્રીજ અગર પાંચમક્ષયે ચોથ એમ પહેલી તિથિને બોલે તે કેવો ગણાય ? ॥૧૨૦૭॥

૯ પંચમીના તપવાળાને અનુપયોગે પણ અઠમ પહેલો થયો તો 'પાંચમે [શક્તિ હોય તો] એકાસણું કરવું સારૂં' એ વચન માનનારો [પાંચમને] ઉડાવે ? ॥૧૨૦૮॥

૧૦ મોક્ષ જેવા મુખ્ય પદાર્થને માનનારો છતાં પણ 'ક્રિયામણુને કૃત' પણ ન માને તે કેવો ? ॥૧૨૦૯॥

૧૧ યોગ અને ચર્યાનો શબ્દ, આરાધનામાં જોડનારે પ્રથમની તિથિને ઔદયિકી નથી માની તે કેમ ન વિચાર્યું ? તથા અતિરિક્ત શબ્દ વિચારવો. બીજના ક્ષયે બારસને પહોંચાય નહિ તે વાતને પુનમક્ષયે તેરસના ક્ષયની પરંપરા આદિ ઉઠાવનાર કેમ વળગે ? મહોપાધ્યાયજીએ તેરસનું નામ લેવાનું ના કહી સ્પષ્ટપણે પૂર્વ અપર્વનો ક્ષય જણાવેલ છે.

૧૨ કર્મમાસમાં બાળાદિ પ્રમાણે પણ ક્ષય તો હોય; પણ વૃદ્ધિ ન હોય. તો યુગમાં બે માસ ન વધે અને નિયમિત જ રહે. કર્મમાસમાં તિથિની વૃદ્ધિ તો લૌકિકટીપ્પના

માન્યા પછી જૈન શાસ્ત્રોમાં છે. કર્મમાસની ચર્ચામાં સૂર્યમાસની ગોઠવણી શાથી થાય છે એ સમજવું રહેલું છે. ॥૧૨૧૦॥

૧૩ સંવચ્છરીમાં પણ દેવસી કરનાર 'આનો સમાવવા'ની વાત કેમ કરે ? સંવચ્છરીમાં રાત દિવસ માસ પક્ષ બોલાય છે ત્રણ ચોમાસી બોલાતી નથી. પૂર્વધરોએ પક્ખીને દિવસે ચોમાસી આચરી તે પરંપરાને માનનારનેજ માન્યા ગણાય. 'આનો સમાવવાની' વાત કરનારા રાઈ-દેવસી-પક્ખી-ચોમાસીમાં સમાવી દે તો નવાઈ નહિ. ॥૧૨૧૧॥

૧૪ બાર તિથિ કે કલ્યાણકમાં બોછા થતા નથી, પણ ભેળવવામાં બોછી થાય છે. અને બોછી કે અધિકની અડચણ નથી તો ક્ષયે પૂર્વાના વિધાનની જરૂર નથી એમ ગણવું ॥૧૨૧૨॥

૧૫ પરંપરા અને શાસ્ત્રથી વિરૂદ્ધ ચાલનારા તો થયા, હવે આજ્ઞાનો ઢોંગ શરૂ થયો છે ! બે આરાધનાની પરંપરા અને આજ્ઞા તો સ્પષ્ટ છે. ઉડવવાની આજ્ઞા, બોલવા કરતાં લેખથી જણાવવી.

૧૬ પૌષધ આદિને અંગે તિથિચર્ચા તત્ત્વતરંગિણીમાં છે (વી૨૦)

卐 卐 卐

૧ ચતુર્થ ષષ્ઠ આદિનો અર્થ ચાર છ આદિ થાત તો પછી चतुर्थं भक्तं यावद કહેવું પડત જ નહિ.

૨ અતીત અને આરંભને સમજે નહિ, સત્તરમું ગયા પછી અને સોલમું બેહા પછીના અર્થ ન સમજે. પાંચ લાલન અને દશ તાડન પછી સોલમાનો આરંભ ન દેખે તેની બલિહારી ! વર્જવામાં અષ્ટમ આખું જાય. नवमदसमेसु લખે એ આદિદશા માટે, अठमवरिसाई માની અષ્ટમને વર્જવું છે તે માર્ગણ કર્યું ? એકલો અંત પૂરણમાં ન હોય તેથી અંતરા અને परिणममाणंसि સરખાં વિશેષણો પૂરણાર્થ સાથે હોય છે. જઘન્યસ્થાને આદિ જ હોય.

૩ દીક્ષા શબ્દનો અધ્યાહાર થાય પણ પર્યાયની વચમાં ન હોય जम्मट्ठभवरिसे પછી દીક્ષાશબ્દ નથી અને કયાંથી લાવ્યા ? એ જંબુના 'માર્ગણોદ્ધાર'ના પ્રશ્નનો ખુલાસો છે.] [ आएसोण गब्भट्ठमस्स दिक्खा जम्मणओ अट्ठमवरिसे પાઠમાં 'जन्माष्टम'ને 'गर्भाष्टम' ને 'गर्भाष्टम'નો પર્યાય માનનાર જબૂને 'गर्भाष्टम અને તેના માનેલા પર્યાય जम्मणओ० ની વચ્ચે दिक्खा न होय એમ કહે છે. ]

૪ त्रयः पक्षाः એવાં ચોકખાં પદો છતાં બે કહે તેની બુદ્ધિ કેમ ઘટી ?

૫ મતમતાંતરદર્શનનું કાર્ય પ્રકરણકારો ન કરે અને સામાન્ય ઉંચો-નીચો કાલ દેખાડે.

૬ પંચમનો અર્થ 'આખું પાંચમું' (બારે માસ) આવે તેથીજ અપૂર્ણ વિશેષણ હોય, પૂર્ણજ અર્થ હોય તો आपंचभ्यः કહેવું પડે અથવા गतेषु पंचसु કહેવું પડે.

૭ જન્મા ના કૌસમાં ગર્ભા. (ગર્ભા ના કૌસમાં જન્મા ?) કરી દઇ તેને શુદ્ધિ કહેનારની સફેદ શુદ્ધિ જ ગણાય

૮ ૮+૨૦+૧થી ૨૬ (૨૯) થવામાં ગોટાળો કહેનાર સત્યને સમજે, નિશાલ-દવાખાના કચેરી વગેરેમાં આઠમું બેસે ત્યારે આઠ લખાય છે જ.

૯ અક્ષરાક્ષણિકપણું તો મકારનું જગોજગો પર આવે છે અને 'અષ્ટમ'નો અર્થ 'આઠ પૂરા' જ ગણવા એવો અર્થ, આઠ વર્ષોમાં પણ નથી શોધી શકયા !

૧૦ શ્રીમદ્ પુણ્યવિજયજીએ ત્રણેય પક્ષને માટે 'આઠથી' એમ લખ્યું છે માટે 'આઠ પછી' એમ ન લખવું, એમ સ્પષ્ટ કહેલું છે કાયદો અઢાર ન કહેતાં પૂરા એમ કહે છે. ગામમાં પેઠો, ગામમાં છે, ગામથી નીકળ્યો એ વાકયો ધ્યાનમાં રાખનાર અષ્ટમના આરંભ, વર્ત્તમાન અને અતીતને સહેજે સમજશે.

૧૧ મતાંતરો જણાવવામાં મધ્યનો મત ગતાર્થ ન (×) ગણાય તે સમજણવાલો તો સમજે.

૧૨ અષ્ટમનો આઠ પૂર્ણ અને આઠમું એવા બે અર્થ કરનાર કલ્પનાકુશલ કેવો ? તે વળી એકજ પંકિતમાં અને પ્રકરણમાં કરે ! તેને શું કહેવું ?

૧૩ માર્ગણાદ્વાર ના લેખકે જુઠા અર્થ કર્યા છે તેની જ આ સૂચના અને ભવિષ્યનો ઇસારો છે. તે લેખકે જ આના અને પ્રહેલિકાના ઉત્તરો આપવા ॥૧૨૧૩॥

(માર્ગણા)

૧ અપવાદમાં આમર્શ નથી વર્જ્યો એ સ્પષ્ટ કેમ ન સમજાય ?

૨ કથીરના શાસનની છાયામાં કોણ કમભાગ્ય લેપાય ? જિનશાસનમાં તો આશ્રિત થનાર ભાગ્યશાળી જ હોય.

૩ ક્ષયે પૂર્વનો ઉદય અને વૃદ્ધિએ ઉત્તરનો ઉદય અનુક્રમે અછતો લેવો અને છતો છોડવો, તો ઉદયની ત્યાં અનિયમિતતા થઈ જ. ॥

૪ ખરતરની ચર્ચામાં અર્થની અનુકુલતાએ ગ્રાહ્યા કહ્યું, તેને વિપરીતપણે લઇને મૂળ કાર્યાનો અર્થ ન માને અથવા તત્ત્વતરંગિણીકાર 'તેરસનું નામ લેવાનું જ ના કહે છે' તે ન માને તેની દશા જ્ઞાની જાણે પૌષધાદિમાં તિથિ ભેળી હોય નહિં, ફકત પુનમના ક્ષયે તેરશે ચઉદશ કરેલી હોવાથી 'ચઉદશને દિવસે પુનમ છે માટે તેનું પણ આરાધન જણાવે છે. તયોઃ એમ દ્વિવચન તો નથી જ.

૫ 'પરંપરા ચાલી છે તે જુઠી છે' એમ કહેનારા, શાસ્ત્ર અને પરંપરાને ઉથલાવનારા જ છે.

૬ શાસ્ત્રાનુસારી, સ્વર્ગસ્થ હોય કે હયાત હોય તેની આશાતના ભવભીરૂ કરે જ નહિ; પણ આગ્રહી મનુષ્યો જુઠા બચાવ કરે

૭ કર્મમાસે ક્ષય છે પણ વૃદ્ધિ નથી, એ સશાસ્ત્ર અને વિચારપૂર્વક જ લખ્યું છે; પણ 'કર્મમાસમાં જૈન શાસ્ત્ર, તિથિની વૃદ્ધિ માને છે' કથન જુઠું છે જ.

૮ પુનમના ક્ષયે તેરસનો ક્ષય માનો એટલે અમીવાસ્યાક્ષયે તો આપોઆપ આવે. ભેળસેળપંથીને તો તેરસ કે ભુલથી પડવો એ બન્ને નકામા છે.

૯ જુઠું જાણ્યા પછી પણ સત્ય પોકારવું પણ [અસત્ય પોકારવું પણ સત્યન પોકારવું] એ શાસનની [કથીર શાસનની નીતિમાં] અને પ્રવચનમાં તો ન જ હોય

૧૦ પંચાંગોને લીધે લખવાનો ખુલાસો છતાં પોલ ખુલ્લી પડવાથી સજ્જનતાને તિલાંજલિ અપાય છે. ॥૧૨૧૪॥ (વી૨૦ !)

**તા.ક.** ક્ષયના પ્રસંગે પૂર્વતિથિના ઉદય અને સમાપ્તિ બન્નેની અને વૃદ્ધિમાં પૂર્વના ઉદયની કચુંબર કરનારા શું જોઇને ઉદયની હઠ પકડે છે ? ક્ષય-વૃદ્ધિ શિવાયમાં ઉદય લેવાય છે જ.

❀ ❀ ❀

૧ પલ્લીવાલ લોકો હજારો વર્ષથી શ્વેતાંબર જૈન છે. એને માટે ભાવનગરથી બહાર પડેલ 'લેખમાળા'ના ૧૩૯૭નો લેખ ૬૫મો અને ૧૫૧૦નો લેખ ૨૬૧ મો જોવો. વળી એ પલ્લીવાલોની શ્વેતાંબરતાને લીધે તો શ્વેતાંબરમાં આખો 'પલ્લીવાલ' નામે ગચ્છ થયો છે. જુઓ ૧૫૦૭નો ૫૭મો લેખ. વળી આત્માનંદ સભાવાળા 'લેખ સંગ્રહ'માં પણ ૧૩૫૬નો ૫૭મો તથા ૧૩૦૦નો ૫૪૫ નંબરનો પલ્લી અને પલ્લીજ્ઞાતીયનો સ્પષ્ટ છે વળી ૧૬૮૧નો ૪૧૯ નંબરનો લેખ પલ્લીવાલ ગચ્છનો ચોકખો છે આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે– **પલ્લીવાલી જ્ઞાતીય શ્વેતાંબર સંપ્રદાયની છે. તે પલ્લીવાલોને 'દિગંબર' ઠેરાવવાની ચેષ્ટા કેવલ અધમાધમ છે.** માટે દિગંબરીઓ આંત્યકાલ

સુધી શ્વેતાંબરના તત્ત્વાર્થાદિ શાસ્ત્રો, શ્રી કેશરીયાજી આદિ તીર્થો અને અનેક 'પુખડ' આદિ જ્ઞાતિઓને પોતાના ઠરાવવા તનતોડ ખોટી મ્હેનત કરી છે. છતાં હજુ તેઓ પોતાની તે અધમવૃત્તિને છોડે તો સારૂં છે ॥૧૨૧૫॥


૨ **'મૂલચાર' નામનો દિગંબરનો ગ્રંથ, આવશ્યક નિર્યુક્તિ ભાષ્ય અને પયન્નાઓની ગાથાઓ ઉઠાવીને બનાવાયો છે.** શ્રી સ્થાનાંગસૂત્રનું વ્યાખ્યાન વાંચ્યું હોત તો સ્પષ્ટ માલમ પડત કે-વાચનાદિ ચાર પ્રકારના સ્વાધ્યાય માટે પ્રથમાદિ સંધ્યાઓ અયોગ્ય ગણી છે. અને તે અસ્વાધ્યાયમાં શ્રુતની અભક્તિ આદિ દોષો છે 'ધ્યાનનો વ્યાઘાત વર્જવા અસજઝાય છે' એ કથન કોઇપ્રકારે માન્ય કરે (કરાય) તેમ નથી તો બીજી પૌરૂષી, ધ્યાનનો વખત છે પણ અસજઝાય નથી. શ્વેતાંબરો નથી અર્હદ્ ભગવંતોને વાણીરહિત માનતા અને નથી તો સંધ્યાકાલે જિનેશ્વરનો સમાધીએ ઉપદેશ માનતા ! વ્યવહારના પાઠથી તથા પઠંતિ એવું કહીને વાચનાદિ સ્વાધ્યાય જ ધીમેથી કરવા કહે છે ॥૧૨૧૬॥

૩ શ્રી તત્ત્વાર્થમાં દર્શનવિશુદ્ધિર્વિનયસંપન્નતા આદિ કારણો દેખાડનાર જિનનામકર્મમાં 'દર્શન' હેતુ નથી, એમ કહી શકે ? રાગ જોડવો હોય તો જિનનામ કર્મબંધ છે કે ? ત્રણ નરક અને દેવલોકમાં જિનનામકર્મનો બંધ છે કે નહિં ? ॥૧૨૧૭॥

૪ સ્વભાવની અભિવ્યક્તિને અંગે ભવ્યત્વ નથી; પણ ભવ્યત્વને અંગે અભિવ્યક્તિ છે ભવ્યત્વ એ અનાદિ પારિણામિક ભાવ છે. વળી નિગોદમાં જ રહેશે એવા પણ ઘણા ભવ્યો છે. બધા બદ્ધો, અલ્પજ્ઞ નથી. સદોષ નથી રાગી નથી.

૫ આખરે દિગંબરે માન્યું કે દક્ષિણના વસવાટ પછી દિગંબર મત થયો અને તેઓ માલવામાંથી જુદા પડયા. માધુકરીવૃત્તિ, સર્વત્યાગીની છે તે દિગંબરોને પાત્રાદિ છોડવાથી છોડવી પડી અને એષણા સમિતિને જલાંજલી આપી એકજ ઘરમાં ખાવું શરૂ કરવું પડયું ! દુષ્કાલને લીધે વસ્ત્રપ્રાય (વસ્ત્રપાત્ર) રાખવા માંડયા એ કથન તો કાલજ્ઞ વગરનો માને અને કહે શ્રી ભદ્રબાહુ સ્વામી સુધી જિનકલ્પ હતો એમ કોઈ જૈન આગમ કહેતું નથી 'શ્રી જંબુસ્વામીજીના મોક્ષ પછી જિનકલ્પનો વ્યુચ્છેદ' કહે છે. તત્ત્વાર્થકાર મહારાજા જ વેદ અને લિંગની ભજના જણાવે છે, અને ટીકાકારો પણ કલ્પ લિંગની ભજના જણાવે છે. માટે શ્વેતાંબરોએ નથી તો નવી સરલતા કરી અથવા નથી તો તેમ કરવાનું પ્રયોજન; પરંતુ દિગંબરોને નાગાપણાનો આગ્રહ થવાથી અન્યલિંગાદિના મોક્ષને ઉઠાવીને ઉત્થાપક થવું પડયું છે ! જૈન આગમમાં 'કૂરગડુએ ખાધું' એમ કહ્યું જ નથી. સ્થાનકવાસી તો તમારી પેઠે 'ચોપડાચોર'ની માફક આગમો માનતા નથી એમ નથી. અમોલખઋષિએ લખેલો અર્થ જુઠો છે. સંપ્રદાયમોહથી તેમ લખ્યું હોય તો તે જાણે. તમામ સાધુઓ કુવા આદિથી પાણી લાવતાં અને અન્નાદિ લાવતાં અને ખાતા જોડે રહે છે કે જેથી 'અનુચ્છિષ્ટ જ છે' એ નિશ્ચય થાય. ॥૧૨૧૮॥

૧ સુ. મિઠ્ઠુનલાલજીના પત્રમાં માત્ર પુસ્તક મોકલ્યાની વાત છે. તેનો કહેલો ભાવાર્થ માત્ર લેખકની કુટિલતા જ સૂચવે છે. દિગં. જૈન



સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૧૪ સં. ૧૯૯૩ ચૈ. વ. ૦)) **સમાલોચના**

૧ અન્ય રાજર્ષિના સવાલ વખતે અભયકુમારની દીક્ષા નથી, ઘણી પછી છે.

૨ જં જાણં. વાક્યમાં કહેવાય અને સમજાય તેમ નથી એવું કથન ઠીક નથી.

૩ સંપાદક અને નોકરમનુષ્યના માથે નંખાય છે તે માયામૃષા ન હોય તો સારૂં.

૪ 'મરી જાય ત્હારા' એ કથન નથી શાસ્ત્રીય અને નથી તો પ્રકરણાનુકૂલ.

૫ ભૃગુપુરોહિતને પુત્રની હકીકત કહેનાર, દેવી નથી પણ દેવ છે. તે પણ દેવરૂપે નહિ પણ શ્રમણરૂપે છે. ॥૧૨૧૯॥


**તા.ક.** જૈનપ્રવચનપત્રને 'પરવચન' ધારી ટીકા શિવાયનું નવાંચતાં અન્યે જણાવેલાની આ સમાલોચના છે, માટે 'બીજુ કેમ નથી લખાતું' એ પ્રશ્ન ન રહે. વર્ષોની ટીકા કરનારે અંક પેજ લખવાં. ટીકાકારે કલ્પિત અર્થ લખવા પ્હેલાં સર્વ સંબંધસર લખવું.
(જૈન પ્રવચન)

૧ કહેવાતી કોન્ફરન્સના કહેવાતા નેતાઓ, ઐક્યની બૂમો મારવા લાગ્યા તે સાચી જો હશે તો જુન્નેરના મૃત્યુઘંટના ઠરાવો પ્હેલે નંબરે ફેરવશે.

૨ બેન્ક કહાડવાના હિમાયતીઓ શરૂઆતથી ચોથા જેટલી અનામત, ધરથી કરે અને નજીવા વ્યાજે ચાલુ ખાતા સારી રકમનાં પડાવે અને અન્ય વિધવા. ગરીબ તથા ધર્માદા રકમનું વ્યાજ સારૂં આપવાની ગોઠવણા કરે તો લોકને તે આશીર્વાદરૂપ નીવડે નહિંતર તો વિધવા વગેરેના નાણાંનો પરિણામે નાશ જ થાય

૩ બોલાયું બહુ; પણ બેકારી માટે બે-પાંચ લાખની લોન પણ કહેવાતી કોન્ફરન્સે ઉભી કરી નહિં (મુંબઈ સ્ટેડીંગ)

૪ શાસ્ત્રોને અભરાઇએ મ્હેલવાવાળા શાસનથી દુર થયા છે. તે જો શાસ્ત્રોને માન્ય કરે તો શાસનમાં વગર પ્રતિબંધે આવી શકે. (જૈન)



૧ પુનમ આદિ બે પર્વમાં ઉત્તરના ક્ષયે પૂર્વતરના ક્ષયની પરંપરા છે અને શ્રી હીરપ્રશ્નમાં (त्रयोदशीचतुर्दश्योः) એમ દ્વિવચન કહે છે. **જુની પ્રતોના લેખો પણ છે અને એવીજ વિરોધ વગરની પરંપરા છે.** ઉદયનો સિદ્ધાંત, ક્ષયે. થી બાધિત છે. ॥૧૨૨૦॥

૨ ભગવાન્ પાર્શ્વનાથજીના ત્રણ કલ્યાણકો, તે દિવસથી આરાધાય તેમાં પૂર્વતર જવું પડે, પણ સર્વ કલ્યાણકો દિવસપ્રતિબદ્ધ નથી પણ તપપ્રતિબદ્ધ છે માટે 'અમાસથી ચોથે' પહોંચનારનો કુતર્ક છે. પર્વની આરાધના એમ ન ઉડાવવી તે સારૂં છે. અનેક કલ્યાણકો સાથે થાય છે. બીજ આદિ પર્વોને સાથે કરાય કેમ ? ॥૧૨૨૧॥

૩ છત્રીશ પલની વાત, ઉદયના જ જઘન્ય માટે છે. માનવાના નિયમ માટે નથી નહિંતર વૃદ્ધિમાં વધારેનું શું થાય ? ॥૧૨૨૨॥ (વી૨૦!)

૧ મધ્યસ્થતાની છાયા પણ ન આવી શકે ત્યાં તે ન લખાય. અન્યગચ્છોની સંવચ્છરી આવી મળે તેનું દુઃખ શું ? અને અન્યના પર્વોના મળ્યાનો દાખલો માન્યતાને સ્થાને યોગ્ય ન ગણાય. વૃદ્ધિમાં ઉત્તર અને ઉદયને માનવાનો સિદ્ધાંત તેઓ માને છે કે ? ઋષિપંચમીએ પાંચમ માની છે કે ? (મુંબઈ-પુષ્પ)

૧ यदि च भिन्ना एवोद्योतना जिनचन्द्राश्च सूरयः परस्परं तदा नैते त्रयो ग्रन्था एककर्तृका इति स्पष्टमेव આ પંક્તિ જો પ્રવચનસારોદ્ધારની પ્રસ્તાવનામાં છે તે જોઈ હોત તો તે પ્રસ્તાવનામાં 'ત્રણે એકજ કર્ત્તા માન્યા છે' એમ ગણી લખવું પડત નહિ. ॥૧૨૨૩॥ (શ્રી ઉત્તરા.-નેમિ)

૧ બુધવારની ગણેશચોથને નામે બુધવારી સંવચ્છરી કરવા માગનારે ગુરૂવારે 'બોખા પાંચમ' ન ગણતાં સાચી પાંચમ ગણવી જોઈએ કારણ કે ઋષિપાંચમને લોકો ગુરૂવારે માનશે ॥૧૨૨૪॥

૨ શુદ્ધમાર્ગને બીજા કદાચ માને તો તે અશુદ્ધ થઈ જાય એ માન્યતા તો જગતના અસહકારવાળાને શોભે ઘણી ચઉદશે અને આઠમે તમારી તિથિઓની ભેળી તેઓની પુનમ વગેરે થાય છે તો તે પકખી વગેરેમાં તમો પોતાને તેવા અમાર્ગી ગણતા હશો. (મુંબઈ-પુષ્પ.)

¤ ¤ ¤

**સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૧૫ ૧૯૯૩ વૈ. શુ. ૧૫ સમાલોચના**

૧ કૂર્ચપુરગચ્છના જિનેશ્વર (સૂરિ)ને પ્રશ્નોત્તરૈકષષ્ટિકાર, ગુરૂ તરીકે ગણે છે અને તે ચૈત્યવાસી જ છે. ॥૧૨૨૫॥

૨ सावयधम्मो થી શ્રાવકનો 'સામાન્ય ધર્મ' ન લેવો; પણ 'પ્રતિમાધર્મ' લેવો એવી પ્રાચીન વ્યાખ્યા કેમ નથી અપાતી ? કાલવ્યત્યયની પ્રાકૃતમાં નવાઈ નથી. અધિકાર હોય તે કહેવાય ॥૧૨૨૬॥

૩ આજ્ઞાશાસ્ત્રને ન માનનારને હાડકાંનો ઢગ તો પૂર્વાચાર્યો કહે છે. સામાન્યે કરીને સંઘને 'વ્યાઘ્ર'ની ઉપમા તો જિનવલ્લભ જ દે વર્ત્તમાનમાં ન હોય તો 'વ્યુચ્છેદ હોય, એમ માનનારે અવધિ આદિનો જાતિસ્મરણ સાથે વ્યુચ્છેદ માનવો ॥૧૨૨૭॥

(જૈન-કવીન્દ્ર)

૧ **અષ્ટમંગલ એ પૂજાનું ઉપકરણ છે.** આલેખવામાં મત્સ્યયુગલનો આકાર કરવો તે જ મત્સ્યયુગલ, યવ આદિની રેખાસમાન ઉત્તમ છે શ્રદ્ધાહીનતાને લીધે તિર્યંચપૂજા લાગે. ॥૧૨૨૮॥

૨ જિનેશ્વરભગવાનના નખ-કેશો અવસ્થિત રહે એ વાસ્તવિક હોવા છતાં ઇતરજનને ન હોવાથી તે અતિશય છે. ॥૧૨૨૯॥

૩ ઢુંઢીયાઓ પણ ગુરૂવંદન માટે નદીનું ઉતરવું માને છે, તો પછી દેશનાશ્રવણમાં પુષ્પ માટે ચમકવું એ શ્રદ્ધાથી ચસકેલાને જ થાય ॥ ૧૨૩૦॥

૪ મનુષ્યલોકના સમુદાયે કરલી રૂઢિથી પવિત્ર વસ્તુઓ ન માનવી એ કચરાની અધમતાએ કમલ ન માનવા જેવું છે. ॥૧૨૩૧॥ (જૈન-ધીરજલાલ)

૧ જૈનશાસ્ત્ર પ્રમાણે તો તિથિ નિયમિત જ ૬૧/૬૦ દિવસાંશ હોય છે તેથી વધે જ નહિ માત્ર લૌકિક ટીપનાને અંગે જ તિથિની વૃદ્ધિ છે. **સૂર્યમાસની અપેક્ષાએ જ અતિરાત્ર છે** તે કર્મમાસમાં ન હોત. (ય) કેમકે ત્રીસ દિવસનો જ છે. ॥૧૨૩૨॥

૨ સમાપ્તિવાળી તિથિ ગણાય' એ ખરતરોની સહમે યુક્તિ છે; પણ એકાંત શાસ્ત્રવાકય નથી. નહિંતર તેરસ ઉદય-સમાપ્તિવાળી છતાં તેને ચૌદશ કહેવાય ? ॥૧૨૩૩॥

૩ બીજી અગ્યારસનો પ્રશ્ન છતાં બીજીને ઔદયિકી કહે છે, તે જ જણાવે છે કે પહેલી ઉદય વિનાની ગણવી એટલે અપર્વ જ થઈ ॥૧૨૩૪॥

૪ ખલ્યાપિ નો ભાવાર્થ 'જે ઉદય તે જ દિવસે સમાપ્તિસૂચક ન હોય તે પ્રમાણભૂત નથી' એમ કહીને જણાવવો તે ખોટો છે. સ્વલ્પનો અર્થ અલ્પ છે. ॥૧૨૩૫॥

૫ જૈન સૂર્યપ્રજ્ઞપ્ત્યાદિ શાસ્ત્રોથી કર્મમાસમાં તિથિની વૃદ્ધિ છે જ નહિ માટે એ વૃદ્ધિનું લખાણ જુઠું છે. કર્મમાસમાં તિથિ વધે તો યુગમાં બે માસ વધે જ નહિ. ॥૧૨૩૬॥

૬ તિથિ, બાધાવારમાં ન આવે તેમ કરવું એ અર્થ કલ્પિત અને કદાગ્રહવાળો છે પ્રશ્નોત્તરમાં તો તે નથીજ. ઉત્તરમાં 'ઠીક પડે એટલે અનુકૂલતાએ કરે' એટલું જ છે. દિનનો નિયમ નથી એમ કહે છે. નહિંતર તિથૌ ન મુત્કલોન ભાવ્ય' એમ લખત.

૭ ચઉદશે કલ્પવાચન, ચઉદશની વૃદ્ધિ સાથે આગલ ક્ષય હોય ત્યારે જ આવી શકે. પરંપરા અને શાસ્ત્રને ઉઠાવનારા પણ ક્ષય સિવાય તો ચઉદશે કલ્પવાચન ન જ લાવી શકે ચઉદશની વૃદ્ધિનો સવાલ ચઉદશના કલ્પવાચનમાં જ સમાવવો પડશે આગલ અમાવાસ્યાદિની જ વૃધ્ધિ, અમાવાસ્યા પ્રતિપદના વાચનમાં લીધી છે માટે અમાવાસ્યાની વૃદ્ધિ, ટીપનાની અપેક્ષાએ કહી; પણ આગળ બીજી અમાવાસ્યા એમ ન કહેતાં સામાન્ય અમાવાસ્યાનું કલ્યવાચન જણાવ્યું. તેથી સ્પષ્ટ થાય છે કે આરાધનામાં બે અમાવાસ્યા માની જ નહોતી. બે તિથિ ભેળી માનનારને તો પકખી અને કલ્પધર એકઠા થવાથી છટ્ટ જ ઉડી જાય. ॥૧૨૩૭॥

૮ તિથિની વૃદ્ધિ જૈનસૂત્રોથી કર્મમાસમાં ન હોય છતાં 'તેમ થાય છે' એ કથન ખોટું છે. સામાન્ય રીતે પહેલી-બીજી કહી છે; પણ આરાધનામાં બીજીને જ ઉદયવાળી ગણી છે. ઔદયિકીનો અર્થ ઉદયવાળી એમ થાય ત્યાં 'ઉદય પ્રમાણભુત છે' એવો અર્થ, કદાગ્રહથી અને કલ્પિત છે તેનો ફકત અર્થ 'ઉદયવાળી' એવો થાય અને પહેલાની ઉદય વગરની ગણ્યાથી અપર્વ ગણાય એથી બેખુ' ન ગણાય માટે અર્થ ફેરવી નાંખ્યો તેથી એ અર્થ, જુઠો અને કદાગ્રહથી કર્યો છે એમ ચોકખું છે. સામાન્યરીતે ચઉદશ અને અમ વારવાનો છઠ થાય છે તેથી ક્ષય-વૃદ્ધિએ છઠના દિવસોનો પ્રશ્ન છે ચઉદશે કલ્પધર હોય તો અમાવાસ્યાએ જ પારણું હોય. ક્ષયની વખત એક દિવસે બે તિથિ આરાધનારને ચઉદશનો કલ્પધર કયાંથી ? બેખુ માનનારાઓ અને ભેળી માનનારાઓને એ પ્રશ્ન જ ન હોય અમાવાસ્યાની વૃદ્ધિમાં બીજી કે ઔદયિકી અમાવાસ્યા નથી કહી તેથી ટીપણામાં અમાવાસ્યા વધે છતે તે વધે તે અમાવાસ્યા 'વધી' માની નથી તિથિ ભેળી માનનારને તો અમાવાસ્યાના ક્ષયે પણ ચઉદશ અને અમાવાસ્યા એ જ કલ્પધર અમાવાસ્યાને ક્ષયે ચઉદશનું કલ્પધર હોય એ કથન કલ્પિત છે. વીરશાસનના K V લેખકે પૂનમના ક્ષયે ચઉદશની જ આરાધનાથી અને પુનમની આરાધના ન થાય એવી કરેલી જાહેરાત

૧ તે વદે છે કે ચઉદશ અને પુનમ એ બેના પૌષધ કરવાના નિયમવાળાએ પુનમનો ક્ષય હોય ત્યારે એકલો ચઉદશનોજ પૌષધ નહિ પણ બીજે દિવસે પણ પૌષધ કરવો જોઇયે' આ કથનમાં ન તો રહ્યો ઉદયનો નિયમ અને ન તો રહ્યો ક્ષયે પૂર્વાનો નિયમ ! પુનમનો ક્ષય હોય ત્યારે ચઉદશને બીજે દિવસે તો પુનમનો સુર્યોદય હોય નહિ અને પડવો એ કંઈ પુનમનો દિવસ પણ ગણાય નહિ. ખરતરો જેમ ચઉદશના ક્ષયે ઉત્તરમાં જાય છે તેમ આ બુધવારીયાઓને ઉત્તર તિથિમાં જ જવું પડયું છે ફરક એટલો છે કે ખરતરો, પુનમનો દિવસ "પર્વ" ગણીને જાય છે ત્યારે આ બુધવારીયાઓને અપર્વઉદય લેઈ પડવો લેવો છે. તેરસે ચઉદશનો અને ચૌદશે પુનમનો ભોગ છે છતાં તે લેવો નથી અને શાસ્ત્ર તથા પરંપરા ઉઠાવીને નવું કરવામાં આરામ માનવો છે. ॥૧૨૩૮॥

૨ અઠાઈ અને ઓળીમાં પુનમના ક્ષયે ચઉદશ માત્રની આરાધનાથી ચઉદર અને પુનમની આરાધના મનાય નહિ એમ માનવું પડયું છે અને તેમ થવાથી કોઈપણ તિથિનો ક્ષય હોય તો આઠ અને નવ દિવસ, અઠ્ઠાઈ અને ઓળીના માન્ય કરે છે. (એક દિવસે બે તિથિને આરાધાય તો પછી આઠ અને નવ દિવસનો નિયમ ન રહે એ ચોકખું જ છે.) ॥૧૨૩૯॥

૩ કાર્તિકી, આષાઢી અ દિ પુનમનાં કાર્યો બુધવારીયાઓને પડવાના ઉદયે અને પુનમનો ભોગ પણ ન હોય ત્યારે કરવાં છે (પર્વના ક્ષયની કે વૃદ્ધિની ચર્ચાને ન સમજતા દ્વિતીય પર્વની ચર્ચામાં ઉતરતાં તે માર્ગ અને શાસ્ત્ર બન્નેથી ચૂકયા છે.)

૪ વસ્તુતાએ ક્ષયે પૂર્વાને તથા પરંપરાને અનુસરીને પુનમ અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરાય છે તે જ યોગ્ય છે એમ માનવું પડશે અને તેથી રવિવારે સંવચ્છરી કરી અને ગુરૂવારે કરશે તે જ યોગ્ય થશે.

૫ કલ્યાણકો તો એક દિવસે ઘણાં સાથે હોય છે.

૬ આજ્ઞાને નામે ને ચોમાસી તથા કલ્યાણકને નામે 'તિથિ ઓછી'ની વાત તો હવે જુઠી છે એ સમજાઈ ગયું અને ભેળસેળની વાત પણ રહી નહિ. ॥૧૨૪૦॥

(કથીર શાસન)

卐 卐 卐

૧ 'શ્રી તીર્થંકરદેવોના આંશિક અનુકરણમાં વિવાદ નથી' એમ હવે વીર (?) શાસન માને છે ॥૧૨૪૧॥

૨ અન્યમતવાળા મળવાથી અન્યમતના ગણાય એ કથન, આંખવાળાથી વિપરીત રહેતાં આંધલા થવા જેવું ગણાય એમ એ હવે વદે છે.

૩ પ્હેલું સમ્યકત્વ અને વરબોધિનો ભેદ, લલિતવિસ્તરા આદિથી સ્પષ્ટ જણાવ્યા છતાં વીર (?) શાસનને માન્ય નથી.

૪ વરબોધિએ પરાર્થોદ્યત થતા નથી, પણ જિનનામકર્મના નિકાચન વખતે થાય છે એમ તે માને છે.

૫ ઔદયિકી એ શબ્દનો 'ઉદયવાળી તિથિ' એવો અર્થ સ્પષ્ટ છે 'પ્રમાણભૂત ઉદયવાળી' એવો અર્થ ખોટા આગ્રહનો છે પ્હેલી તિથિને ઉદયવાળી ન માની તેથી પ્હેલાનીજ વૃદ્ધિ ગણાય અને તેથી ફલ્ગુ કહેવાનું ન રહે.

૬ પૂર્વતિથિએ અને ઉત્તરતિથિએ આ સપ્તમીવાળા અર્થ ખોટા અને કદાગ્રહના છે. પૂર્વા અને ઉત્તરા એમ પ્રથમાન્ત પદો છે કાર્યા અને કાર્યને વિશેષણ માનનારે તિથિ આદિનું કર્મપણું નથી જાણ્યું ક્ષયે ના અર્થમાં માંખી પણ હસે હસે તેમ છે.

૭ અપવાદસ્થાનને પામેલો મંદસંહનની, ઉત્સર્ગ કરે તો વિરાધક થાય. પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિ વખતે ઉદયનો અવકાશ લેવા જાય તે અયોગ્ય જ થાય ॥૧૨૪૨॥

૮ 'ચઉદશના ક્ષયે તેરસ છે' એમ કહેવું જ નહિ. જો કે તેરસ, તે દિવસે ઉદય અને સમાપ્તિવાળી છે; છતાં 'ચઉદશ જ છે; એમ કહેવું એમ તત્ત્વતર ગિણીકાર ચોકખી રીતે અપર્વનો ક્ષય કહે છે. છતાં ન માનવાની (માનનારની) દશા જ્ઞાની જાણે. પર્વતિથિની વૃદ્ધિમાં બીજા પર્વને જ ઉદયવાળી તિથિ માનીને પહેલાની તિથિને ઉદય વગરની માની અપર્વની જ વૃદ્ધિ જણાવે છે. ઉત્સર્ગાપવાદનો વ્યત્યય ન છતાં કહે તે આરાધક કેમ ?

૯ અપવાદનું બળવાનૂપણું માનવું તે લૌકિક છે' એ બોલનાર લોકોત્તરમાર્ગથી ન ખસે તો સારૂં, ક્ષય અને વૃદ્ધિમાં અછતા ઉદયમાં પર્વપણું અને પ્રથમ ઉદયવાળીનું અપર્વપણું માનનાર ઉદયનો એકાંત નહિ જ લે. વૃદ્ધિમાં બન્નેય ઉદયવાળી છતાં એકને આરાધનાર 'ઉદયમાં હોય તેની આરાધના કરવી જ જોઇએ' એમ કેમ બોલે ? ॥૧૨૪૩॥

૧૦ શાસ્ત્રકાર પુનમના ક્ષયે ત્રયોદશીચતુર્દશ્યોઃ એમ દ્વિવચનથી સ્પષ્ટપણે પુનમના ક્ષયે તેરસે ચઉદશ અને ચઉદશે પુનમ કરવાનું કહે છે, અને તેવી પરંપરા પણ છે છઠનો અભિગ્રહ પકખી ચોમાસીમાં હોય અને એકજ દિવસે એનું પચ્ચકખાણ લઈ બીજે દિવસે પુરૂં કરે. કલ્યાણકો એક દિવસે અનેક હોય તિથિ તો એક દિવસે એક જ આરાધાય. પર્વની વૃદ્ધિ કે ક્ષય ટીપનામાં હોય પણ તેની આરાધના તો ઉડે પણ નહિ. અને બોવડાય પણ નહિ. ખોટાં પ્રશ્નો પક્ષને માથે ન નંખાય. (વીર (?) શાસન)

૧ પ્રભાવક ચરિત્રમાં શ્રી ભદ્રગુપ્તસૂરિની નિર્યામણા પછી જ શ્રી આર્યરક્ષિતનું ઉજ્જયિની આવવું જણાવે છે અને આવશ્યકમાં उज्जेणिं मज्सेण એમ છે. ॥૧૨૪૪॥

(એક પત્ર)

卐 卐 卐

**સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૧૭ ૧૮ ૧૯૯૩ જેઠ માસ સમાલોચના**

૧ બુધવારપક્ષ તરફથી આચાર્ય રામચંદ્રસુરિજી આદિના શ્રાવક તરફથી મુંબઇથી સંવચ્છરીના વાર સંબંધીનો શાસ્ત્રાર્થ કરવા વિહાર કરવાનો તાર આવ્યો કે-તે જ દિવસે ગુરૂવારની સંવચ્છરી કરનાર આચાર્યે શાસ્ત્રાર્થ માટે ખંભાત જવા વિહાર કર્યો છે એ જગજાહેર છે; છતાં પુના અને અમદાવાદથી એક ડગલું પણ નહિં ખસનારા કયા મુખે પોતે શાસ્ત્રાર્થથી ખસ્યા નથી એમ જણાવે છે ?

૨ તાર, પત્ર અને પેપરોથી સાબીત થયું છે કે તા. ૧૭-૬-૩૬થી પહેલાં અને પછી પણ પુનાવાળા સાધુઓને ખંભાત શાસ્ત્રાર્થ કરવા આવવું જ નહોતું.

૩ શેઠ નગીનભાઈના શ્રી લબ્ધિસૂરિજી ઉપરના તાજા પત્રથી પણ નકકી થાય છે કે બુધવારવાળા તરફથી આચાર્ય લબ્ધિસૂરિજી, ઉપાધ્યાય જંબુવિજયજી કે મુનિરાજ કલ્યાણવિજયજી એ ત્રણેને હાજર રહેવાનું જે તા. ૧૭મીના પત્રમાં તેઓએ જણાવ્યું હતું તે કલ્પિત હતું અને કોઇએ ખંભાત શાસ્ત્રાર્થ કરવા આવવા કબુલ કર્યું નહોતું અને તેથી ત્રણમાંથી કોઈ નહિ આવે, ક્ષુલ્લક આવે, કોઈ ન આવે એવી શરતે જામનગરથી ગુરૂવારવાળા સાધુઓને આ શેઠ નગીનભાઇ, ઉનાળામાં ખંભાત સુધી તગડાવવા માગતા હતા અને પુના તથા અમદાવાદવાળાને ત્યાં રાખવા (માગતા) હતા.

૪ મુનિરાજશ્રી કલ્યાણવિજયજી, જો મધ્ય સ્થાને આવ્યા હોત, પ્રતિનિધિપણાનો બુટ્ટો ઉઠાવ્યો ન હોત અને નકકી થયેલ કમિટિને માની હોત તો અત્યારસુધી સંવચ્છરીના વારનો નિર્ણય થઈ ગયો હોત.

૫ લિખિતશાસ્ત્રાર્થની બાબતમાં પણ શ્રી કલ્યાણવિજયજી છુપી રમત રમે છે વાદી પ્રતિવાદીના પુરાવા, બારોબાર શાસ્ત્રીઓ આદિ પાસે મોકલે છે ! બધી રીતે પરસ્પર જાણ કરાય, શંકાસમાધાન કરાય, સાચા જુઠાપણાની પરીક્ષા થાય પછી જ ન્યાયધીશની માફક શાસ્ત્રીઓ નિર્ણય આપે તે વ્યાજબી ગણાય. તે રીત તો તેમણે કબુલ કરી જ નથી

૬ વાદીમાંના આચાર્ય કે વૃદ્ધિ, પ્રતિવાદી ચૂંટે અને પ્રતિવાદીના આચાર્યાદિ વાદી ચૂંટે એ ન્યાય કયો ?

૭ ત્રીજનો ક્ષય માનનારા બીજા સમુદાયમાં નથી તે બહાને બોખું માનનારાઓને કેમ બખેડાય છે ?

૮ શાસ્ત્રોમાં અને જગત્માં પણ 'એકેક પ્રતિવાદી સામે વાદમાં ન ઉતરાય' એમ કહેનાર કેટલો સમજદાર ગણાય ?

૯ શ્રી કલ્યાણવિજયજી, જે રૂપે પર્વતિથિને બોખું ઠરાવે તે રૂપે ફેર કોઈ વાહને કરી શકે નહિં અને ત્રીજની વૃધ્ધિનો વાદ પણ કોઈ ફેર ન કરી શકે એ ન્યાયની વાત છે છતાં કેમ નથી સૂઝતી ?

૧૦ ત્રીજની વૃધ્ધિ માનનારા બીજા ન હોવાથી આચાર્યદેવના પક્ષમાં કોઈ (એ) દાખલ થવાનું નહિ રહે અને પછી બોલવાનું પણ નહિ રહે; પણ 'પર્વ તરીકે બોખા પાંચમવાળા વચમાં ન આવે કે પછી ન બોલે.' એ શ્રી કલ્યાણવિજયજીએ નકકી કરેલું જ હશે?

૧૧ વાદી પ્રતિવાદી પરસ્પરના લેખને જાણી અને તેનું ખંડન કરે તે (વાત) છે. છતાં તે સિવાય પ્રતિનિધિ માત્ર એકેક પક્ષે લખેલ યુક્તિપેકેટ શાસ્ત્રીને આપે અને તેથી નિર્ણય થાય અને તેની કબુલાત આપવી. આમ કહેનારો, શાસ્ત્ર અને જગતના પણ વાદપ્રતિવાદના સિદ્ધાંતથી અજાણ છે

૧૨ પરંપરાથી પુનમ અમાવાસ્યાની વૃધ્ધિએ તેરસની વૃધ્ધિ થાય છે, છતાં તેને કલ્પિત કે 'ચાલીશ વર્ષનો રવૈયો' કહી અવળે માર્ગે જાય અને દોરે તેને માટે ૧૮૧૫નો સીધો પાઠ બસ છે.

૧૩ શ્રી ઋષભદેવજી કેસરીમલજીના નામે પ્રસિદ્ધિથી તેના છપાવનાર વગેરેની 'શ્રીદેવસૂરિજી ગચ્છ સિધ્ધિ' સાહજિક જ છે.

૧૪ ચઉદશના ક્ષયે તેરશનો ક્ષય કહેવો, પર્વતિથિની લૌકિક ટીપનાથી થતી વૃદ્ધિમાં માત્ર બીજી જ ઔદયિકી ગણાય અને પુનમના ક્ષયે તેરશ ચૌદશના દ્વિવચનના ઉત્તરને ન માનનારા તથા ક્ષય વૃદ્ધિમાં બાધિત થયેલા સીધા ઉદયપક્ષનો વિરોધ ગણનારા તો શાસ્ત્રની પાઠશાલાથી દુર છે. શાસ્ત્ર અને પરંપરાને અનુસરનાર જ આરાધક ગણાય.

( પાલીતાણા ધર્મશાળા )

૧૫ બીયાइ पंचपव्विक्खयम्मि पुव्वस्स तिहिखओ होइ । पुन्निमखए य तेरसि अमावसाएवि एमेव ॥१॥ वीसरणाए पडवा एवं भणिवरिंदेण । कतियआई बारस पुणिम, मावासतुल्ला य ॥२॥ આવી રીતે બીજ આદિના ક્ષયે પહેલાની અપર્વતિથિનો ક્ષય કરવો અને પુનમ અમાવાસ્યા જેવી સાથે (સંયુકત) પર્વવાળી તિથિના ક્ષયે તે બન્ને પર્વતિથિયોથી પહેલાની તેરસનો ક્ષય કરવો (એકલી ચોમાસી વાળી પૂનમો કે દિવાલી જેવી અમાવાસ્યાઓને આ નિયમ લાગુ ન કરવો પણ બારેય માસની પૂનમ અમાસને પૂનમઅમા વાસ્યાઓ સરખી જાણવી) અને ભૂલ થઇ જાય તો પડવાનો ક્ષય કરવો, એમ જીનેશ્વર ભગવાને કહ્યું છે. શ્રી વિજયદેવસૂરિજીના ગચ્છની પ્રાચીનપ્રતમાં આ ગાથાઓ છે.

આ ઉપરથી નવા અને શાસ્ત્રથી વિરોધી મતવાળાને માર્ગે આવવું જરૂરી છે. શ્રી આવશ્યકવૃત્ત્યાદિના નિર્નામક પટ્ટો અને શ્રી હીરપ્રશ્ન જેવામાં છૂટક પત્રની ગાથાઓનું તેમજ કેટલીક અજ્ઞાતકર્તૃક ટીકા અવચૂરિઓનું તત્વ સમજનાર નામ નહિ હોવાથી અપ્રમાણ ન જ કરી શકે. વળી જેઓ પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરસના ક્ષય અને તેની વૃદ્ધિએ તેની વૃદ્ધિની પરંપરાને ઉથલાવવા કે જુઠી ઠેરવવા માગે તેને માટે તો તે વગરનામની જુની પ્રતો પણ વજ્રઘાતથી છે. અસુરોપણ વજ્રઘાતથી ડરે છે. શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવી દેવાની ધુનમાં સાચું ન માનવું અને સાચું ગળે જાય નહિં એમ ધારીને સાચાને જુઠું માનવું અને કહેવું એ આસન્નભવ્યને તો ન જ હોય

૧૬ તિથિહાનિવૃદ્ધિવિચારમાં ૮મા પૃષ્ઠે ૯૧ આ પ્રશ્નવિચારને વાંચનારો ૦॥ વિગેરે લખાણ ગ્રંથની સમાપ્તિની સંવત વગેરે પછી અને સમાપ્તિને સૂચવનારી લીટીઓ પછી છે અને છેવટે "તેથી ગુરૂવારની સંવચ્છરી આ વખતે કરનાર શાસ્ત્ર અને પરંપરાને આરાધનારા છે" એવું ચોકખું નીચોડરૂપ (હોવા) છતાં 'શાનું ભાષાંતર છે' એમ પૂછનારો સમજણના ઘરથી બહાર જાય છે. ! ॥૧૨૪૫॥ (મું. સ. જૈન)

૧ 'પલ્લીવાલ જાતિ શ્વેતાંબર છે' એની જાણ માટે સેંકડો વર્ષોના શિલાલેખો વિગેરે જાહેર થયા છે ત્યારે દિગંબરભાઇઓ તરફથી તેઓના દિગંબરપણા માટે કેમ હજુ સુધી એક પણ પૂરાવો બહાર આવતો નથી ? વર્ત્તમાનયુગમાં અમુકે દિગંબરીકોમની સેવા બજાવી છે એ કાંઈ પુરાવો નથી. એનો અર્થ તો શ્વેતાંબરો તરફથી એવો થાય કે દિગંબરોના સહવાસથી વસનાના થએલા પલટાનો એ પ્રભાવ છે. માટે એમના સહવ સમાં આવશો તો પરિણામે તેઓ તમોને ચક્ષુ આદિથી હીન એવા દેવને અને સંયમ ઉપકરણથી દુર એવા અક્ષયનાગા સાધુને તથા દ્વેષના પોષણ સાથે અન્યયના આચરણ કરવારૂપ ધર્મને શીખવશે. માટે સાવચેત રહેજો. ॥૧૨૪૬॥

૨ ધર્મનું ખરૂં મૂલ હોય તો મનુષ્યના પરિણામ છે અને તે પરિણામ જ્યારે સાચા માર્ગને અનુસરનારા થાય ત્યારે તે મનુષ્ય માનેલા ખોટા દેવને અને તેની મૂર્તિને ન માને, પોતાના માલિકીના મકાનમાંથી તેને ખસેડે અને સાચા માનેલ દેવને પધરાવે, તેને યોગ્ય વિધિ કહે અને તેણે કરેલા શાસ્ત્રોનો સંગ્રહ કરે એમા નવાઈ શી ? કોઇપણ ધર્મવાળો યાવત દિગંબરો પણ તેને અન્યાય કહી શકે નહિં. કદાચ કહેવા જાય તો તેઓને દિગંબર બનાવનાર આચાર્યાદિને અન્યાયાચરણનો ખિતાબ મળે.

૩ શ્વેતાંબરના મૂળ આગમમાં ભોજરાજાની હકીકત છે' એ કહેનારો જુઠુ બોલનારાઓમાં પણ જાલીમ છે.

૪ અંત્યપૂર્વધર, શ્રુતનો ઉદ્ધાર કરે તે અપેક્ષાએ શ્રી દેવર્ધિગણિક્ષમાશ્રમણજીએ પુસ્તકારોહ કરતી વખતે ભગવાન્‌ના વચનોને સ્પષ્ટ કરવા માટે ગાથા અને દ્રષ્ટાંતાદિ આપેલા છે. તેમાં આગમનું ગણધરકૃતપણું મૂલસ્વરૂપે જ પ્રસિદ્ધ હોવાથી જતું નથી જિનેશ્વર ભગવાન્‌ના વચનને સમજાવતાં દ્રષ્ટાન્ત સાક્ષીપૂરણને અન્ય અન્યરૂપે આપીએ તો પણ મૂલવાણી જિનેશ્વર ભગવાનની હોવાથી તે વાણી જિનેશ્વરની જ મૂલરૂપ છે તેમ સ્પષ્ટપણે સમજાય તેમ છે.

૫ સુંસુમાના દ્રષ્ટાંતમાં આહારની આસકિતને છોડવાનો ઉપનય છે.

૬ અનાચારથી ઉત્પન્ન થયેલા મનુષ્યને દીક્ષા આપતાં કે છ કાયના વધથી બનેલા મંદિરમાં દર્શન કરતાં તેમના મુનિઓને દિગંબરોએ શું અનાચાર અને આરંભને અનુમોદનાર માન્યા છે ? જો નહિં, તો પછી 'ચર્મપચક'નો અપવાદપદે થતો ઉપયોગ કેમ દુષ્યો ? લોકનો આહાર કેમ માનો છો ? ॥૧૨૪૭॥ (જૈન દર્શન)

૧ તત્ત્વતરંગિણીના અનુવાદકે અને વિવેચકે પોતાનું નામ, અનેક મહિનાઓથી સાપ્તાહિક પેપરમાં અનુવાદ અને વિવેચન આપવામાં આવે છે છતાં જાહેર કર્યું નથી. તે જો જાહેર થયું હોત તો તેમાં જે જુઠાની ઝડીઓ ઠેકાણે ઠેકાણે વરસી છે તેનો જો તે અનુવાદાદિ કરનાર માર્ગની અપેક્ષાવાળો લાગે તો વિચાર કરી શકાય

૨ જેઓ સાચા માર્ગના ખપી હોય અને શ્રી જિનેશ્વર મહારાજના કથનને માનવા માગતા હોય તેઓને તો આ અનુવાદક અને વિવેચકના આજ્ઞા આદિ વચનો, કેવલ કલ્પિત તથા શાસ્ત્ર અને પરંપરાને લોપવાવાળા અને વિરોધી છે માટે તે માનવા યોગ્ય નથી.

૩ જો તે અનુવાદક અને વિવેચક, વ્યવસ્થાપૂર્વક પોતાનું મૃષાવાદીપણું કબુલવા સાથે તે સુધારવા તૈયાર હોય તો તેનું જુઠાણું જાહેર કરવા બીજો કોઈ શાસનપ્રેમી નહિં નીકલે તો તે તત્ત્વતરંગિણુના અનુવાદકે શબ્દાર્થો ખોટા કર્યા છે, જાણી જોઇને જ કદાગ્રહથી જ વાકયોના અર્થો અને અતિદેશોના ખોટા અર્થો કર્યા છે તથા પ્રકરણથી પણ વિરૂદ્ધ અર્થો કદાગ્રહથી કર્યા છે તે જાહેર જણાવાશે. ॥૧૨૪૮॥

૪ શાસ્ત્ર, જયારે ક્ષીણપર્વતિથિને પૂર્વ પ્રબલ પર્વતિથિમાં સમાવી દેવાનું કહે છે અને વૃદ્ધિ હોય ત્યારે પહેલી તિથિને અપર્વ ગણવાનું કહે છે. આ અંકનું લખાણ, શાસ્ત્રના બોધનું સિકકાવાળું અને કદાગ્રહવાળું જ છે શાસ્ત્રકારો તપસ્યાના ઉદ્દેશવાળી કલ્યાણકતિથિ પણ ઉત્તરદિનની તપસ્યાને ગણવાથી જ કરવા કહે છે અને પાક્ષિક અને પૂર્ણિમાના અનુષ્ઠાનો ભેળાં કરનારને અનુષ્ઠાનનો લોપક અને મૃષાવાદી કહે છે. વળી પ્રબલ અને અપ્રબલપર્વની કલ્પના પણ સમાવવાના કદાગ્રહથી જ છે, વળી વધેલી તિથિમાં પહેલી તિથિ, તે તિથિના સૂર્યોદય વાળી જ નથી ગણાતી છતાં કદાગ્રહથી 'બોખું આઠમ' વગેરે કહે છે શ્રી વિજયદેવસૂરગચ્છની સામાચારીના જુનાં પાના જાહેર થઇને પુનમની વૃદ્ધિએ તેરસ જ વધારાય એમ નકકી થયા છતા બોખામાં જ ખખડે તેના વચનનો ભરોસો તો જૈનવેષધારી પણ રાખે નહિ

૫ ચઉદશના ક્ષયે તેરસને દિવસે તેરસ બોલાય જ નહિ, કિન્તુ આરાધકો તો ચઉદશ જ કહે છે અને તે તેરસને 'તેરસ છે' એમ કહેનારો મૂર્ખશિરોમણી છે એમ સ્પષ્ટ થયા છતાં જેઓ ભેળસેળવાદી થાય તેને કદાગ્રહના કૂવામાંજ કહેવાવાનું હોય અને તેથીજ 'હાલમાં જોઓ ન પડે' આવું શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ લોકોને ઉંધા પાટા બંધાવવા

લખે. ખરતરને માત્ર ઉદયની અપેક્ષાએ કહેલું જે વાકય છે તેથી કદાગ્રહ પોષવો અને ૪ થે પૃષ્ઠે આરાધનામાં 'આઠમ જ કહેવાય છે' એ વાત ઉભયમાન્ય છતાં ન લેવી તેનું કારણ આરાધકદશાની શૂન્યતા ન હોય તો સારૂં ?

૬ પોતે જગતની નિંદા કરે તે તો 'વસ્તુનું સ્વરૂપ,' અને પોતે શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ નવો ખોખાપંથ અને ભેળસેળ પંથ કહાડી શાસન ડહોળી નાંખે એને અંગે શાસનવાળા હિતશિક્ષા માટે જે કાંઈ બોલે તે 'ધોબીપણું છે' એમ કહેનારા દુર્ભાગ્યની કોટીમાં જાય નહિં તો કલ્યાણ ગણવું. ॥૧૨૪૯॥ (વીર (?) શાસન)

૧ 'પ્રવચન પરીક્ષાની મહત્તા'ના લેખમાંજ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે એ લેખનો એવી રીતે જન્મ જ જિનચંદ્રની ચોપડી છે કે- જે તમારા પક્ષ તરફથી સમાલોચના માટે મોકલી હતી તેથી છે **સાચા શાસનને અનુસરનારા તપાગચ્છની તમે ખોટી રીતે અને પેટ ભરીને નિંદા કરો અને તે તપાગચ્છવાળા સહન કરે અને સાચી વસ્તુ પણ ન કહે એ કેમ બને ?** ॥૧૨૫૦॥

૨ શ્રી ભદ્રબાહુસ્વામી શ્રુતકેવલી હોવાથી પ્રરૂપણામાં કેવલી છે, માટે તેઓને 'કલિકાલ સર્વજ્ઞ' તરીકે કહેવા તે અણસમજુઓ જ સારૂં ગણે. ॥૧૨૫૧॥

૩ ભાદરવા સુદ ચોથ કે પાંચમ માટે શ્રી કલ્પસૂત્રની રચના નથી થઈ. પણ અવસ્થાનરૂપ પર્યુષણ વખતે પાંચ રાત્રિએ શ્રુતકેવલીમહારાજે ઉદ્ધરીને તૈયાર કરેલું તે પહેલાં કહેવાતું હતું અને હવે વંચાય છે. ॥૧૨૫૨॥

૪ ભગવાન્ મહાવીર મહારાજા જેવા અને યાવત્ શ્રી દુર્બલિકા પુષ્યમિત્ર કે શ્રી કૃષ્ણાચાર્ય જેવા શાસનના નેતા ન હોવાથી તેમજ મણિનાગ જેવા શાસનના ભક્તો ન હોવાથી જ ખરતરોથી આટલી બધી સ્વચ્છંદતાવાળી અને સૂત્રવિરોધી હીલચાલો ચાલી રહી છે. ॥૧૨૫૩॥

卐 卐 卐

૧ શ્રી હરિભદ્રસૂરિજી અને શ્રી અભયદેવસૂરિજીના વચનની વિરૂદ્ધ જિનવલ્લભે કરેલી છ કલ્યાણકની પ્રરૂપણા (અંગે) ખરતરો કબૂલ કરે છે કે-" સમગ્ર સંઘનો વિરોધ છતાં જિનવલ્લભે રચવન પછી બીજે નંબરે આવે તે 'ગર્ભાપહાર' નામનું, નહિ કે- 'ગર્ભસંક્રમ' નામનું છઠ્ઠું કલ્યાણક જાહેર કર્યું હતું.' ધ્યાન રાખવું કે પાંચમું નિર્વાણ કલ્યાણક ગણાય છે, તો શું છઠું ગર્ભાપહાર માનતાં તે મોક્ષ પછી માનશે ? ॥૧૨૫૪॥

૨ સ્ત્રીને જિનપૂજનો નિષેધ કરી જિનદત્તે ખડતલગચ્છ કહાડ્યો ॥૧૨૫૫॥

૩ જૈન શાસ્ત્રોમાં સ્પષ્ટપણે બીજે આષાઢે ચોમાસી માની પહેલો મહિનો મલમાસ તરીકે માન્યા છતાં ખરતરોએ પજુસણ માટે મલમાસ પસંદ કર્યો ॥૧૨૫૬॥

૪ મલમાસને માનવાને લીધે પર્વની વૃધ્ધિ માનીને અનૌદયિક તરીકે ગણાયેલી પહેલી તિથિએ જ પર્વ માનવાની ફરજ પડી તે વ્હોરી લીધી ! આરાધ્યતિથિ ઉભયતઃ અપર્વને ફરસે માટે જ અપર્વની વૃદ્ધિ થાય ॥૧૨૫૭॥

૫ શાસન અને શાસ્ત્રને અનુસરનારા એવા શ્રી તપાગચ્છની ખરતરો નિંદા કરે તે પણ ઈન્દ્રમહારાજા જેવા ગુણસંપન્નના પક્ષકારની ગેરહાજરીને જ આભારી છે. ॥૧૨૫૮॥

**૬ ખરતરોનું ચાલ્યું છે ત્યાં તો અસલથી તપાગચ્છને થઈ શકે તેટલું સર્વપ્રકારે નુકશાન કર્યું છે, કરે છે. માટે સાચાઓએ ડરવાનું નથી એ ચોકકસ છે. ॥૧૨૫૯॥** (ખરતર સમિતિ મુંબઈ)

૧ ભેળી તિથિ અને ખોખાતિથિ માનનારાઓ જો 'ઉદયવાળી તિથિ માનવી' એ શાસ્ત્રવાકયને બરાબર સમજે તો બીચારાને શાસ્ત્ર અને પરંપરા ઉઠાવીને પર્વાપર્વને ભેળાં ન માનવા પડે, બે પર્વ ભેળાં માનવા ન પડે અને પર્વતિથિને બેવડી માનીને બોખું પણ ન માનવું પડે. 'ઉદયવાળી તિથિ પ્રમાણ છે' એ વાકય, અયોગ કે અન્યયોગ વ્યવચ્છેદ રૂપે નથી કેમકે- અયોગ વ્યવચ્છેદ રૂપે લેતાં અનુદયથી ક્ષય પામેલી પર્વતિથિ આરાધનારને આજ્ઞાભંગાદિ દોષો લાગે, વળી અન્યયોગ વ્યવચ્છેદરૂપે લઈને ઉદયવાળી પ્રમાણ જ ગણવી એમ લે તો બેવડી તિથિમાં પહેલી ઉદયવાળી છતાં બોખું માનીને આરાધન નહિ કરે તેમાં આજ્ઞાભંગાદિ દોષો લાગશે ! માટે કહેવું જોઈએ. કે-એ વચન, માત્ર અસંભવનો વ્યવચ્છેદ કરતાં તિથિના પ્રારંભથી તિથિ માનનાર કે પ્રતિક્રમણ વખતે તિથિ માનનારનો વિરાધકભાવ જણાવે છે એટલે કે એક પર્વ કે બે પર્વના ક્ષય અને વૃધ્ધિ પ્રસંગે જેઓ ઉદયના વાકયને વળગે છે તે બીચારા, વાકયનો અર્થ કે તેનું ફલ સમજતા જ નથી અને પોતે શાસ્ત્ર અને પરંપરાથી ખસી જાય છે તેમજ ભેળા જીવોને ખસેડી દે છે. યાદ રાખવા જેવુ છે કે-શ્રી હીરસૂરિજી મહારાજ ત્રયોદશીચતુર્દશ્યોઃ એમ પુનમના ક્ષયની વખતે દ્વિવચન વાપરીને જયારે બે પર્વને ભેળાં કરવાનું ન રાખતાં પર્વોની જુદી જુદી આરાધના કરવાનું જણાવી દે છે, ત્યાં શ્રી ધર્મસાગરજી મહારાજ બે પર્વને ભેળા કરાવવાનું જણાવે જ નહિ અને જણાવ્યું પણ નથી. પૂનમના ક્ષયે તેરસે ચૌદશ કરી ચૌદશે પુનમ કરવી થાય છે તે જ ત્યાં જણાવે છે! તથા કલ્યાણકની આરાધના તપથી હોવાથી ઉત્તરદિનને લઇ તપ પૂરવાનું જણાવ્યુ છે ! માટે પર્વતિથિ ભેળસેળ કરવી કે બોખું તિથિ માનવી એ શાસ્ત્ર અને પરંપરા અનુસરનારાઓને શોભે જ નહિ ॥૧૨૬૦॥

૨ શ્રી આત્મારામજી મહારાજ, શ્રી સિદ્ધગિરિજીની સ્તવના ન હોતા કરતા એમ કોઈએ કહ્યું જ નથી. તેઓ ભગવાન્ મહાવીર મહારાજની વખત શ્રી સિદ્ધિગિરિજીવાળા આખા સોરઠને અનાર્ય ગણતા નહોતા, એ વાત તો આર્યાનાર્યની ચર્ચા ન દેખનારો જ માને ॥૧૨૬૧॥ (ડભોઈ-જંબુ.)

૧ આનંદસૂરિના ગચ્છવાળાએ જે 'તિથિ ઘટાઘટ વિચાર' લખ્યો છે અને જેને લીધે ખોખું અને ભેળસેળ તિથિ માનવાનો મુનશ્રી કલ્યાણ વિજયજી અને રામસૂરિ વિગેરેએ શાસ્ત્ર અને પરંપરાથી વિરુદ્ધ મત ચલાવ્યો છે તે આનન્દસૂરિજીના મતની વિચારણા કરતાં શ્રી વિજયદેવસૂરિજીની તિથિસંબંધી માન્યતા જે અત્યાર સુધી સર્વ તપગચ્છવાળાએ પાળી છે તે 'પૂનમ અમાવાસ્યાની ક્ષય અને વૃદ્ધિએ તેરસની જ ક્ષય અને વૃદ્ધિ થાય' એવી રીતિ વાળી છે અને તે [રીતે] ઘણી પહેલેથી છે' કારણકે- આનંદસુરિના મતપત્રકમાં તે 'પૂનમના ક્ષયે તેરસે ચઉદશ અને ચઉદશે પુનમ કરવામાં આવે છે' તેનું ખંડન છે. તેમાં જણાવે છે કે- બૈયાકરણપાશૈઃ उदयगतायां त्रयोदश्यां चतुर्दशीयते શ્રી વિજયદેવસુરિના ગચ્છવાળા, શ્રી હીરસુરિજીના પ્રશ્નોત્તરમાં પંચમીના ક્ષય કરતાં જુદો અને त्रयोदशीचतुर्दश्यो એવો દ્વિવચનવાળો જે ઉત્તર છે તેથી તેરસે ચઉદશ અને ચઉદશે પુનમ કરતા. તેરસે ચઉદશ કરે છે તે વિજયદેવસુરવાળાને 'વૈયારણપાશ' કહીને નિંદે છે; **પણ એ ઉપરથી જ સ્પષ્ટ થાય છે કે-પુનમના ક્ષયે તેરસનો ક્ષય કરી તેરસે ચઉદશ કરવાનો રીવાજ ઘણોજ પહેલાનો છે.**

વળી એક વસ્તુ એ વિચારવા જેવી છે કે-આણસુરવાળાના જણાવવા પ્રમાણે ચતુર્દશીશબ્દથી ક્યટ્ર લાવીને चतुर्दशीयते એવા પ્રયોગ વાપરીને ખુદ તેરસે જ ચઉદશ બનાવતા હતા' એમ સ્પષ્ટ કરે છે. ધ્યાનમાં રાખવું કે- અંધારમાં વચ્ચડ પ્રત્યય લેવાતો નથી. એટલે જ્યારે તેરસે જ ચઉદશ થતી હોય તો તેરશનો ક્ષય આપોઆપ થાય ! અમદાની પાઘડી મામદો પહેરે એટલે આમદો ઉઘાડા માથાવાળો થાય જ. આ સ્થલે 'આમદાની પાઘડી મામદો પહેરે'એ વાકયનો અર્થ, આમદો ઉઘાડા માથાવાળો છે એમ શબ્દાર્થથી નથી થતો પણ તે ભાવાર્થરૂપે છે. પણ તે ન માનનારો વર્ણમાં જ ન ગણાય. તેવી રીતે क्षये पूर्वा तिथिः कार्या એ વાકયનો સીધો અર્થ એ જ થાય કે- જ્યારે પર્વતિથિ, ઉદય વિનાની હોવાથી ક્ષયવાળી હોય ત્યારે જો કે પહેલાની તિથિ જે પડવા આદિ છે તેમાં બીજ આદિ તિથિઓ ભોગવટાથી તો રહેલી જ છે અને તેથી તે પડવા આદિને દિવસે બીજ આદિ માનવા માટે તો વિધાન કરવાની જરૂર નથી એટલે 'પડવા આદિમાં બીજ આદિ કરવા' એવું કહેનારા તો' 'વિધિ, અપ્રાપ્તમાં હોય' એટલું પણ નહિ સમજનારા ગણાય ! તેથી સ્પષ્ટ થાય છે કે- 'પડવા આદિનો જે ઉદય છે તે બીજ આદિનો ઉદય ગણવો અને તે તિથિને બીજ આદિ તરીકે જ ધાર્મિષ્ટોએ ગણવી અને તેને પડવા આદિ તરીકે ગણનારો મૂર્ખ છે' એમ તત્વતરંગિણીકાર સ્પષ્ટપણે જણાવે છે.

એવી જ રીતે તિથિની વૃદ્ધિ હોય ત્યારે તેઓ એવો અર્થ કરે છે કે- 'ઉત્તરની એટલે બીજી બીજ આદિને તિથિ કરવી.' આવો જેઓ અર્થ કરવા માગે છે તેઓએ પણ સમજવુ જોઈએ કે-બન્ને દિવસે સૂર્યોદય, તે તિથિનો હોવાથી બીજી તિથિમાં તિથિપણું સ્વભાવે જ હતું. [આથી] તેઓના મતે તે વાકય નિરર્થક છે; પણ જ્યારે દીપ્પનાથી બે દિવસનું પર્વતિથિપણું હોવા છતાં પૂર્વતિથિના ઉદયને અપ્રમાણ ઠરાવીને ઉત્તર તિથિના ઉદયને પ્રમાણ ઠરાવવા દ્વારા નિયમ કરી દે તો જ વાકયનો અર્થ વાસ્તવિક થાય પણ એ હિસાબે પર્વતિથિના ક્ષયે પૂર્વતિથિનો ક્ષય અને પર્વતિથિની વૃદ્ધિએ તેનાથી પહેલાની અપર્વની જ વૃદ્ધિ થ.ય. એ ભાવાર્થ ચોકખો હોવા છતાં ન માને તેવો મનુષ્ય વર્ણની પણ બહાર જ ગણાય. ॥૧૨૬૨॥

૨ આનંદસૂરિવાળા પણ પુનમ અમાવાસ્યાની વૃદ્ધિ થતાં બે પડવા માનવાનું કહે છે, પણ આ નવીનોની માફક પર્વતિથિને બેવડી માનવી અને ચોખાપર્વ માનવું એમ તો તેમણે કે અત્યારસુધી કોઈએ કહયું કે કર્યું નથી. ॥૧૨૬૩॥

૩ શ્રી વિજયદેવસૂરિજીના સમુદાય તરફથી એ લખાણ હોવાને લીધે વિશિષ્ટ નામ તે તિથિપત્રમાં ન હોય

૪ શબ્દસર ભાષાન્તર મુખ્યતાએ હોવાથી અર્થાત ઈતર વિવેચન નહિ હોવાથી ભાષાન્તરકારે નામની જરૂર નહિ ગણી હોય.

૫ શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોનાં માત્ર નામ લખી દઈ વિરોધ ન જણાવાય ખરી રીતે તે ક્ષય-વૃદ્ધિનાં પ્રસંગ શિવાયને માટે તે ઉદયનો નિયમ છે તે સુજ્ઞો તો સમજે.

(પાલીતાણા ધર્મશાળા)

૧ પ્રવચનમાં સંપાદકને નામે આવેલ લેખ જો તમારા આચાર્યનો હોય તો તેમાં કંઈકને કંઈક વિરોધ છે એ શરૂમાં જણાવી છેવટે વળી વિશિષ્ટ પાઠની અપેક્ષા જણાવી નકામો ભાંગરો વાટયો તેના કરતાં શાસ્ત્રના સ્પષ્ટ પાઠ અને સાચા અર્થથી વિરોધ દેખાડવા જરૂરી હતા અને છે કે – જેથી શ્રી સિદ્ધચકનો લેખક, પોતાની ભૂલ હોય તો સમજે અને તુરત સુધારી શકે

૨ પરવચનના વકતાના અસત્ય અને સૂત્રાદિથી વિરૂદ્ધ લખાણો તો 'जत एव' આદિના અનેક લેખોથી શ્રીસિદ્ધચકે પૂરવાર કરી દીધેલા જ છે ॥

૩ તમે પણ જો માર્ગના ખપી હો અને કલ્યાણની ચાહનાવાળા હો તો હવે પૂનાથી અથવા અમદાવાદથી સવાલપત્રક લઈને ખુલાસો મેળવવા અહિં પ્રતિનિધિ તરીકે મોકલાવવા પ્રયત્ન કરો. એઓ પ્રતિનિધિના અને યાવતૂ કોઈપણ ક્ષુલ્લક જેવો પણ આવશે' એ પક્ષના છે. ગુરૂવારવાળા એવા પક્ષના નથી. ॥૧૨૬૪॥ (પુના-કેશવલાલ)

૧ મહાનુભાવ ! કેટલાક અજ્ઞાનથી. કેટલાક પોતાના સમુદાયના આગેવાનના કથનથી કે દબાણથી સાધુ સાધ્વીઓને પણ શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ એવી બુધવારી સંવચ્છરી કરવી પડશે. તો પછી જુદા જુદા ક્ષેત્રના શ્રાવક શ્રાવિકાઓને પોતાના ક્ષેત્રમાં બુધવારીયા પક્ષના જ સાધુ સાધ્વીઓનો યોગ હોય અને તેને આધીન થવાથી માન્યતા, ગુરૂવારની સંવચ્છરીની સાચી છતાં બુધવારી સંવચ્છરી કરવી પડે તેમાં શું કહેવું ? તે બધાનો ખરેખર ભાર તો તે લોકોને માથે જ છે કે-જેઓ શાસ્ત્ર અને પરંપરાને ઉથલાવે છે અને પોતે અવળે રસ્તે જઈ બીજાઓને અવળે રસ્તે બલાત્કારે દોરે છે. ધ્યાન રાખવા જેવું છે કે- અન્યલિંગ અને કુલિંગનો આદ્યપ્રવર્ત્તક, કોઈ દિવસ મોક્ષ પામ્યો નથી; પણ અન્યલિંગ અને કુલિંગે રહેલા તો ઘણાએ મોક્ષ પામ્યા છે. (પાલીતાણા-મેડી)

૧ સાચી દ્રષ્ટિએ જોનારો મનુષ્ય તો શ્રી તત્વતરંગિણીમાં ચઉદશના ક્ષયે તેનાથી પહેલાની તેરસના ક્ષયની માફક પર્વતિથિના ક્ષયે તેથી પહેલાની અપર્વતિથિનો ક્ષય ચોકખો માની લ્યે. ॥૧૨૬૫॥

૨ પુનમ અને પાક્ષિકનું અનુષ્ઠાન એકહું ન થાય એ તત્વતરંગિણીમાં કહેલી હકીકતને જાણનારો બે પર્વને ભેળાં કરવાનું કહે જ નહિ. ॥૧૨૬૬॥

૩ ક્ષયમાં પૂર્વ અને વૃદ્ધિમાં ઉત્તર તિથિને માનનારો ઉદયના સિદ્ધાંતને તિથિની પ્રમાણિકતા સાથે જોડે; પણ અન્યયોગ કે અયોગના વ્યવચ્છેદમાં જોડે જ નહિ ॥૧૨૬૭॥

૪ તત્વતરંગિણીના અનુવાદક અને વિવેચકે શ્લોકની ગણતરીને હિસાબે અડધો ગ્રંથ તો અનુવાદ અને વિવેચન વિના છોડી જ દીધો છે અને પોતે તે 'છોડી દીધા'નું કબુલ કરે છે, એટલે 'પૂરો નહિ કરે' એ શ્રી સિદ્ધચકનું ભવિષ્ય સાચું જ થયું છે ॥૧૨૬૮॥

૫ અનુવાદક અને વિવેચકનું નામ, આ વખત ચોમાસું બેઠા પછી કોઇપણ સાધુ ફળફ જવાબ લઈ ન શકે ત્યારે આવ્યું છે. છતાં ભવિષ્યની વાત આગલ ઉપર અષ્ટમના અવળાં લખાણની માફક રાખીને વર્ધમાનને ઉચિત ઉપાય શાસનપ્રેમીઓ યોજશે.

(વીર૦ તત્વ૦)

૧ इय कम्मविवागोऽयं लिहिओ देविंदसूरीहिं ॥१६॥ કર્મવિપાકે । इअ सुहुमत्थ-विचारो लिहिओ देविंदसूरीहिं ॥८६॥ षडशीतौ देविंदसूरिलिहिअं सयगमिणं आयसरणट्ठा ॥१००॥ શતકે આવી રીતે રચ્યાને માટે લિખિત શબ્દ તેરમી સદીથી વપરાય છે. છતાં ઇતિહાસવેત્તા, બુધવારીયા થાય ત્યારે તેને હૃદયમાં પડેલો આવે ॥૧૨૬૯॥

૨ રાધનપુરવાળા પં. લાભવિજયજીની હોવી જોઈએ એ અનુમાન કરવું તે અજ્ઞાનપણું; છતાં કલંકની પ્રત લાવનારની કસોટી નહિં થતાં તેનું નામ છુપાવાય એ બુધવારીયના કારસ્તાનખાનામાં 'કલ્યાણ' નામ મુબારક રહે ॥૧૨૭૦॥

૩ જુદી અને એકઠી પ્રતોના ભેદથી અને જાલીપણાને બોલનાર તો બોબડો હોય તો જ શાસન અને જગતને હિત કરે.

૪ કલ્યાણના કણીયાના પણ કાંક્ષી હોય તો આગ્રહ છોડી પુનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિની માફક મળેલા ત્રીજની વૃદ્ધિના પુરાવાને 'જાલી' કહેવાની કુટિલતા ન કરતાં સાચા માર્ગે આવી બુધવારીયાપણામાંથી નીકળી જવું તે જ શ્રેષ્ઠ છે.

(વીર. મુંબઇ શ્રીમાન્)

૧ દ્વયોરપ્યારાધકત્વં એમ ન લખતાં તસ્યા અપિ લખ્યું છે તે જ ચઉદશની પછી પુનમ કહે છે ભેળી તિથિ કરવામાં તો એક અનુષ્ઠાનનો તત્ત્વતરંગિણીમાં લોપ માન્યો છે ॥૧૨૭૧॥ (વીર. તત્ત્વ)

૨ કર્મમાસ કરતાં સૂર્યમાસમાં અઢીયો દિવસ વધે તેમ શાસ્ત્રકાર કહે છે; પણ કર્મમાસમાં ન વધે. એ વસ્તુ ન સમજે તે ચાલબાજી માને. સૂર્યમાસની અપેક્ષાની વૃદ્ધિ, કર્મમાસમાં ન નખાય. તેથી જ બીજે માસ યુગમાં વધારવો પડે છે. જૈન જ્યોતિષશાસ્ત્રથી કર્મમાસમાં તિથિનો ક્ષય જ છે. માત્ર લૌકિકટીપ્પનાં પછીના શાસ્ત્રકારોએ માન્યાં તેથી પ્રાયે એમ લખાય. શાસ્ત્રપ્રમાણે ૬૧/૬૨ માન જ તિથિનું હોય, તેથી વધે જ નહિં. કર્મમાસની વાતમાં સૂર્ય કહીને ફેરાય છે. ચંદ્ર, સાડી ઓગણત્રીશ દિવસ સાથે સરખા કરવા કર્મના ત્રીસના સાડીઓગણત્રીસ કર્યા તે કર્મની હાનિ છે.

૩ મહા વદ ૦)) અમાવાસ્યાના ક્ષયે મહાવદ ૧૩ નો ક્ષય કરાય તેરસે ચઉદશ અને ચઉદસે અમાવાસ્યા મનાશે અને ચઉદશને દિવસે કલ્યાણક આરાધાશે. તિથિઓ એક દિવસે બન્ને ન હોય; પણ કલ્યાણકો તો સાથે પણ હોય અને ઘણા પણ હોય છે. ॥૧૨૭૨॥

૪ કર્મસંવત્સરે ષડ્ અવમરાત્રાઃ એવો ચોકખો પાઠ માને છતાં કર્મમાસમાં તિથિક્ષય નહિં એમ કહે તેને શું કહેવું ? ॥૧૨૭૩॥

૫ કર્મમાસની અપેક્ષાએ પડવા આદિની તિથિમાં બીજ આદિ તિથિનું ભળવું છે. તેમ સૂર્યની અપેક્ષાએ જો તિથિઓ વધતી હોય તો તે જણાવવી. ॥૧૨૭૪॥

૧ મહેન્દ્રપંચાંગને માન્યાની વાત અસત્ય અને અસ્થાને છે પુનમના ક્ષયે તેરશનો ક્ષય શાસ્ત્ર અને પરંપરાથી સિદ્ધ છે, માટે ભાદરવા સુદ પાંચમના ક્ષયે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય યોગ્ય છે પર્વતિથિની વૃદ્ધિ ન હોય તો સંવચ્છરીની ચોથ કેમ વધારાય ? ॥૧૨૭૫॥

૧ 'આ કોણ ?' નો ઉત્તર રામ કહેશે. આવા લેખોથી શું ? શ્રી હરિભદ્રસૂરિજી વગેરે ચોવીસમા શ્રીવીરને પરમોપકારી અને આસન્નોપકારી કહે છે તે આશાતના નથી જ. ॥૧૨૭૬॥ [સં. ૧૯૯૩માં 'દિશા ફેરવો' ભાગ પહેલો પૂ. શાસન કંટકોદ્ધારક ગુરૂદેવશ્રી તરફથી પ્રસિદ્ધ થતાં વીરશાસનપત્રે મુખ પૃષ્ટ ઉપર 'એ કોણ ?' શીર્ષકતળેના લેખમાં બખાળાં કાઢેલ તેનો આ જવાબ છે,] (વીર (?) શા.)

**ખુલાસો** ગતાંક પાને ૪૩૦મે ૧૮૧૫ છે ત્યાં ૧૮૯૫ સંવચ્છરી ચર્ચામાં બીજાવતીનું લખાણ પણ આવે છે.

卐 卐 卐

**(સદ્ધર્મ વર્ષ ૫ અંક ૧૯ સં. ૧૯૯૩ અ. શુ. ૫ સમાલોચના**

૧ ભાદરવા સુદ પાંચમના ક્ષયે ચોથનો ક્ષય પ્રાપ્ત થાય, પણ તે સંવચ્છરીનો દિવસ હોવાથી તેનાથી પહેલાની ત્રીજનો ક્ષય કરવો જોઇએ એ વાતને ન સમજે તે જ 'પાંચમને ત્રીજ કરવા માગે છે' એમ બોલે ॥૧૨૭૭॥ (વીર જૈન)

૧ જ્ઞાન પંચમીના તપવાળાને ચોથ પાંચમનો અને ત્રીજ-ચોથ અને પાંચમનો અઠમ કરવાનું શાસ્ત્રીવચન છે માટે પુનમના ક્ષયે તેરશના ક્ષયની માફક ભાદરવા સુદ પાંચમના ક્ષયે તે પાંચમ પર્વનો અને તેનાથી પહેલી જે સંવચ્છરીની ચોથ તેનો પણ ક્ષય ન થાય માટે ત્રીજનો જ કરવો એ યોગ્ય જ છે. ॥૧૨૭૮॥

૨ ક્ષય વૃધ્ધિના પ્રસંગમાં ઉદયની વાત લેનારો મુન્યત્ર સ્તઃ કરવાવાળા જેવો જ ગણાય. ॥૧૨૭૯॥ [મુન્યત્ર માટે વર્ષ ૬ અંક ૨૩ ૨૪ના પૃ ૫૩૩ ઉપરનું સ્પષ્ટીકરણ જોવું]

૩ શ્રી દીપવિજયજી કવિએ ૧૬૭૧માં પુનમની વૃધ્ધિએ તેરસની વૃધ્ધિ, શ્રી દેવ-સૂરિવાળા કરતા હતા' એમ સ્પષ્ટ જણાવેલ હોવાથી તે તિથિપત્રક માન્ય થાય છે. ॥૧૨૮૦॥

૪ ૧૮૯૫ના લેખથી ચાલી આવતો રીવાજ ન માને અને ભાદરવા સુદ પાંચમની વૃધ્ધિએ ત્રીજની વૃધ્ધિ ન કરે તે શાસ્ત્ર અને પરંપરાનો ઉત્થાપક કેમ ન કહેવાય ? ॥૧૨૮૧॥

૫ આજની માફક જુના વખતમાં ખોટું બોલી શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવનારાઓથી મતો નીકળ્યા છે એ સમજાય અને કલ્યાણના માર્ગે જવાય તો કલ્યાણ અન્ય પ્રસંગનો અધિકાર ડહોલવો તે તમને જ મુબારક હો. (વીર કલ્યાણ વિજયજી)

૬ જો પુનમના ક્ષયે તેરશ અને ચૌદશે પૌષધ અને તપ કરવા પડે તો 'ચઉદશની આરાધનાથી ચૌદશ પુનમ બન્નેની આરાધના થઈ ગઈ' એ કયાં રહે ? એ ચોકખું ન સમજે તેને શું કહેવું ? ક્ષીણતિથિની આરાધના લેગી માનનાર અને બોખા માનનારને અઠ્ઠાઇઓ જુદી જુદી તિથિએ બેસાડવી પડે એ પણ ચોકખું જ છે મનાય છે કંઇ અને કહેવાય છે કાંઇ ! ॥૧૨૮૨॥

૭ પુનમે નવમો દિવસ આવે એવી રીતે બોળી આરાધાય છે માટે હમારે આગલ પાછલ બેસવું થાય પણ ભેળી આરાધના માનનાર અને બોખું માનનારને તો ન જ થાય એ પણ ચોકખું જ છે ! ચોથ સુધી આઠ દિવસ બરાબર માનનારા ચઉદશ સુધી બરોબર છે અને પુનમની વૃદ્ધિ અને હાનિ છતાં 'અઠાઈ અને બોળી નહિ ફેરવે' તેથી શાસ્ત્ર અને પરંપરાના વિરાધક બનશે

૮ શ્રીહીર સૂરિજીએ તો પુનમની આરાધના ચઉદશમાં સમાવી જ નથી, એ હવે ઉત્થાપકોને ભાન આવ્યું ! ॥૧૨૮૩॥

૯ કલ્યાણકોના નામે તિથિક્ષયનો હાયડો [હારડો] બીન જરૂરી હતો એમ માન્યું તો કલ્યાણ સાચું જણાયા અને માન્યા છતાં જીભ અને કલમ સીધો રસ્તો ન લે એ નવુ આશ્ચર્ય ! ॥૧૨૮૪॥ (વીર. કે. વી.)

૧૦ પુના અને અમદાવાદથી બુધવાર પક્ષવાળા ખંભાત આવવા તૈયાર ન હોવાથી પ્રતિનિધિપણાની હઠ, મૌખિકશાસ્ત્રાર્થ અને કમીટી ન માનવાથી લિખિત શાસ્ત્રાર્થ બુધવારીયાઓએ ન કર્યો એ ચોકખું જ છે.

૧૧ એકલી સંવત્સરી બાબત ચર્ચા નથી માટે ચોમાસું ઉતરે પણ રીતસર મધ્ય સ્થો પ્રતિનિધિનો ઢોંગ કર્યા શિવાય કમીટી માનીને આવશે તો પણ કલ્યાણ છે

卐 卐 卐

૧ શ્રી દેવસૂરવાળાના તિથિપત્રકની મતલબ જ એ હતી કે-જેઓ પુનમની વૃદ્ધિ કે ક્ષયે તેરશની વૃધ્ધિ કે ક્ષય થાય છે [એ] ચાલીશ વર્ષનો રવૈયો નથી પણ સેંકડો વર્ષની પરંપરા છે. વૃધ્ધિ કે ક્ષયમાં તો બુધવારીયાઓ પણ છતા ઉદયને બસેડે છે અને અછતા ઉદયને લે છે. ભેળસેળ કે બોખાવાદી ન થવું હોય તેને તો પુનમની ક્ષયવૃધ્ધિએ

તેરશની ક્ષયવૃધ્ધિ માનવી પડે અને તે જ હિસાબે ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃધ્ધિએ ત્રીજની ક્ષયવૃધ્ધિ માનવી જ પડે. સાચું સમજે તે તો ગુરૂવારની જ સંવચ્છરી કરે. બુધવારીયા, પૂના કે અમદાવાદથી નીકળવા તૈયાર નહોતા એ હવે છૂપું નથી. પુરાવા ન માનવા અને ગપ્પ હાંકવી એ બુધવારવાળાઓને શોભે ॥૧૨૮૫॥ (મુંબઈ–ગોરધન)

'ષડાવશ્યકસૂત્ર' પાનું ૬ [કહી નીચે પ્રમાણે ચૈત્યવંદન, ડાબો ઢીંચણ ઉભો કરી કહે. તે આ પ્રમાણે ) આ પ્રમાણે ષડાવશ્યક સૂત્રોમાં ચૈત્યવદન માટે જ આ મુદ્રા જણાવી છે તો મી. હીરાલાલે તેના નિષેધનો પાઠ આપવો.

પંચાશક ટીકામાં પા. ૫૯/૧

नतु चतुर्विंशतिस्तवादेरेव पाठो योगमुद्रया विधेयो न तु शक्रस्तवस्य, तथाहि समा-कुंचितवामजानुमिविन्यभूस्तदक्षिणजानुर्ललाटपट्टघटितकरकुड्मलः पठतीति जीवाभिगमादि-ष्वभिधीयत इति ? सत्यम्, केवलं नानंतरोक्तविशेषणयुक्त एव तं पठतीति नियमोऽस्ति, पर्यंकासनस्थः शिरोधिनिवेशितकरकोरकस्तं पठतीत्यस्यापि ज्ञाताधर्मकथासु दर्शनात् । तथा हरिभद्राचार्येणापि चैत्यवंदनवृत्तौ–"क्षितिनिहितजानकरतलो भुवनगुरौ विनिवेशितनयननासः प्रणिपातदंडकं पठति" इत्यस्य विध्यंतरस्याभिधानात् । ततोऽस्य पाठे विविधविधिदर्शनात् सर्वेषां च तेषां प्रमाणग्रंथोपक्तत्वेन विनयविशेषभूतत्वेन च निषेंधुमशक्यत्वाद्योगमुद्रयापि शक्रस्तवपाठो न विरुध्यते बिचित्रत्वान्मुनिमतानाम् । न चैतानि परस्परमतिविरुद्धानि, सर्वैरपि विनयस्य दर्शितत्वाद्इति । આ પ્રમાણે શ્રી પંચાશકમાં શક્રસ્તવ માટે બંને પ્રકાર હોવાથી ભૂલ કહેનારે ભૂલ સુધારવી જોઈએ. ॥૧૨૮૬॥ (જૈ. સ. હીરલાલ)



**સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૨૦–૨૧ ૧૯૯૩ શ્રાવણ** **સમાલોચના**

૧ સોસાયટીનો લેખ લખ્યાને તો બે માસ થયા છે. હમણાં જ તે બહાર આવ્યો આટલી બધી મુદ્દત થયા છતાં સુધારો થયો નથી પણ સુધારો (થવાનો) સંભવ પણ નથી જ જણાતો. એમ ન હોત તો દિગંબર ભરતર અને પાયચંદની કુમક ન લેવાત. આટલી વખત પણ ખંભાત કે અન્યસ્થાનની (અંગે લખેલ વાતથી) સોસાયટી ન ચેતે એટલે વિસર્જનમાં જ વિશ્રામ. વળી ખંભાતને સાચચેતી અપાતો લેખ ખંભાતના નામે જે અપાયો છે તે પ્રપંચ નથી ?

૨ શરૂઆતમાં જ अथ तिथिवृद्धिहानिप्रश्नोत्तर लिरख्यते એવું ચોકખું ગ્રંથકારનું હેડીંગ છે અંદર પણ મુખ્યતાએ પુનમની વૃદ્ધિનો વિચાર છે છતાં શ્રી હીરપ્રશ્નનો પાઠ પાંચમ અને પુનમના ક્ષય વખતે તેવા તપને કયાં કરવો એ વિચાર છે જ. માટે તિથિહાનિવૃદ્ધિવિચાર એવું બાંધેલું સરનામું (હેડીંગ) અયોગ્ય નથી જ ॥૧૨૮૭॥

૩ વળી ૧૮૭૧ના શ્રીદ્વીપવિજયજીના પત્રથી તે પત્રક 'દેવસૂર બાળાનું' જ છે એમ જણાય છે, **આ રહ્યો તેનો કેટલોક ભાગ—**

"સ્વસ્તીશ્રી ભરૂઅચ સુરત કાંહાનમ પરગણે શ્રી વિજયાનંદસૂરિગછિયા સમસ્ત સંપ્રદાય પ્રતિ શ્રી વડોદરાથી લિ પં. દ્વીપવિજયજી વંદના બીજુ તિથિ બાબત તુમારો ખેપીયો આવ્યો હતો તે સાથે પત્ર મોકલ્યું તે પોહોતુ હસ્યૈ। બી અમાંસ, પુન્યમ ત્રુટતી હોઇ, તે ઉપર દેવસુરિજી વાલા તેરસ ઘટાડૈ છૈ। સં. ૧૮૭૧ આસો સુદિ ૧, વિના સ્વારથેં શ્યાને વિગ્રહ જોઈઇં, પધારો ન્યાય છઇ। તે કરજોજી।"

તેથી આખા દેવસુરિના ગચ્છની આ માન્યતા છે એમ કહેવું ચોગ્ય જ છે ॥૧૨૮૮॥

૪ આચાર્ય મહારાજ શ્રી વિજયદેવસૂરિજીને માટે વિજયપ્રશસ્તિકાવ્ય કે જે અનેક વર્ષોથી ટીકા સાથે છપાઈ ગયું છે તે જાણનાર તો ઉત્તરાધિકાર છીનવાયાનું ગપાષ્ટક ન જ માને એ સ્વાભાવિક જ છે. ॥૧૨૮૯॥

૫ **સાગરવાળાઓનું ધન્ય ભાગ્ય મનાયકે**– તેઓના સબંધી ગણાતા શ્રી વિજયદેવસૂરિજીની પરંપરામાં શાસન ચાલ્યું છે અને આણુસુરવાળા કે જેઓને શ્રીમાન્ કલ્યાણવિજયજી 'ઉત્તરાધિકારવાળા' જણાવે છે તેઓની પરંપરામાં કોઈ સંવેગી રહ્યો નહિ અને પરંપરા પણ જણાઇ (જળવાઇ) નહિં. ॥૧૨૯૦॥

૬ જોકે શ્રી દ્વીપવિજયજી શ્રી આણુસુરગચ્છીય હશે એમ જણાય છે છતાં તેઓ ૧૮૭૧માં પણ શ્રીદેવસૂરિજીવાળા જુદા હતા એમ જણાવે છે ! અર્થાત્ ભરૂચ વગેરેમાં એકજ ગુરૂના શિષ્યો આણુસુર અને દેવસુરવાળાને ઝઘડો ચાલતો હતો, ખોટે નામે 'સાગરવિજયનો ઝઘડો' જણાવવો અને પોતાનો પર્વક્ષયનો અને બોખાપર્વનો મત જુદેજુદું બોલીને બચાવવો (ચલાવવો) તે સજ્જનને લાયક નથી. ॥૧૨૯૧॥

૭ ૧૮૭૧ના શ્રી દ્વીપવિજયજીના પત્રથી એ પણ સ્પષ્ટ થાય છે કે શ્રી દેવસુરિવાળા પુનમ અને અમાવાસ્યાના ક્ષયે તેરશનો ક્ષય કરતા હતા. અર્થાત્ પુનમના ક્ષયે ઉદયવાળી તેરશને ચઉદશ અને ઉદયવાળી ચઉદશને પુનમ માનતા હતા અ.થી સ્પષ્ટ થાય છે કે– ક્ષય અને વૃદ્ધિને પ્રસંગે ઉદયનો આગ્રહ તો આ નવા પંથવાળાને જ છે. કોઇપણ પહેલાના પુરૂષને નહોતો અને હોય પણ નહિ. **ઉદયની વાત જ બેસતી વગેરે તિથિ માનનારાઓના બંડનને માટે છે.** ॥૧૨૯૨॥

૮ હજુ સુધી બુધવારીયા તરફથી પૂર્વની અપર્વતિથિ ક્ષય વૃદ્ધિ ન કરવી એવો એક પણ પૂરાવો આપાયો નથી. ॥૧૨૯૩॥

૯ શ્રી હીરસુરિજી વગેરે ત્રયોદશીચતુર્દશ્યોઃ એમ અને બીજી તિથિને જ ઉદયવાળી લખે છે તે સાગરોની સ્હેથી (ગ્રેહશરમથી) નથી જ. માટે ખોટું લઢાવવું છોડી દઇ પરંપરાનો સાચો માર્ગ ગ્રહણ કરો તો કલ્યાણ ॥૧૨૯૪॥ (વીર૦ મું૦બઈ)

૧ શ્રી હીરપ્રશ્નમાં પુનમના ક્ષયે તેના તપ માટે ત્રયોદશીચતુર્દશ્યોઃ એમ દ્વિવચનથી જેમ ઉત્તર આપે છે અને ત્રયોદશીનું વિસ્મરણ થયે છતે પડવાનું એકવચનથી છે એ સ્પષ્ટપણે તેરસનો ક્ષય કહે છે. સેંકડો વર્ષોથી પુનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ થાય છે. એ જણાવવા ૧૮૯૫ વાળો લેખ બસ છે. ગચ્છની મર્યાદા હોય તો નામ ન પણ હોય. વંદિતા સૂત્ર વગેરેમાં કર્ત્તાનું નામ નથી એટલે શું તે નથી મનાતાં ? 'ચાલીશ વર્ષનો રવૈયો' કહી ૧૮૯૫ના લેખથી ખોટા પડયા અને પરંપરા સાચી અને જુની સાબીત થઈ એટલે નામ વગેરેનાં ફાંફા મારો છો, પણ તેથી કાંઇ વળવાનું નથી ॥૧૨૯૫॥

૨ જો કોઈ દેવસુરવાળાએ પુનમની વૃદ્ધિએ તેરસ ન વધારી હોય તો જણાવવું. બાકી પ્હેલાના લેખો અને વર્ત્તમાન રીવાજથી નકકી થાય છે કે પુનમની વૃધ્ધિએ તેરસની વૃધ્ધિ જ બધાએ કરી છે. ॥૧૨૯૪॥

૩ શ્રી કલ્યાણવિજયજીના લખવા પ્રમાણે રાધનપુરના ભંડારમાં ૧૭૯૨ની શ્રી વિનયવિજયજી મહારાજના શિષ્ય રૂપવિજયજીએ અને તે બીજી વખતે શ્રી રામવિજયજીએ લખેલી તિથિવાદની પ્રતમાં ભાદરવા સુદ પાંચમના ક્ષયે કે વૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કે વૃધ્ધિ કરવાનો ચોકખો પાઠ છે. એટલુ છે કે બુધવારીયાઓ પ્રામાણિકરસ્તે ન ન જાય એટલે ૧૮૯૫નો જુઠો, ૧૭૯૨નો જુઠો એમ પોતાથી વિરૂધ્ધ એટલા જુઠા !! (પુનમનો દાખલો જાહેર અને જુનો જ.) સત્યપ્રેમીને જન્મ આપનારી માતાને જ ધન્યવાદ ઘટાય ॥૧૨૯૬॥

૪ જૈન જ્યોતિષ પ્રમાણે તિથિનો ક્ષય આવતો નહોતો એમ કોઇ કહે નહિ; બાકી તિથિની વૃધ્ધિ તો ન જ હોય. ઉત્તરાધ્યયનમાં પૌરૂષીના માનમાં અવમરાત્ર લીધા પણ અતિરાત્ર નહિ લીધા. અક્કલ હોય તો સમજે કે–વર્ષે છ (તિથિ)ના ક્ષયથી પાંચ વર્ષે એક મહિનો વધે, પણ બીજો મહિનો શાનો વધે છે ? અહોરાત્રની વૃધ્ધિ હોય અને પાંચ વર્ષે એકઠી થઈ મહિનો વધે, પણ તિથિ તો વધે જ નહિ ॥૧૨૯૭॥

૫ ત્રયોદશીતિ વ્યપદેશસ્યાવ્યસંભવાત્ એ વિગેરે તત્ત્વતરંગિણીના પાઠથી **અનેક વખત સમજાવાઈ ગયું છે કે પર્વતિથિના ક્ષયે પ્હેલાની તિથિ બોલાય નહિં પણ** ચતુર્દશ્યેવ **એટલે ચતુર્દશ જ છે'** એમ કહેવાનું કહે છે. તેથી ધર્મના વિધાનમાં ચૌદશ અર્થાત બીજ આદિ પર્વતિથિ જ છે એમ સ્પષ્ટપણે જણાવાઇ ગયું છે

સાચી વાત સ્થિરમગજવાળો જ સમજે પૂર્વની તિથિ કરે એટલે પડવો આદિ જ બીજ આદિ થાય એટલે પડવા આદિનો ક્ષય ગણાય: અને વૃદ્ધિમાં બીજીને જ તિથિ કરવી, એટલે પહેલી તિથિ ન જ ગણાય એ ચોકખું સમજાય તો પૂર્વના અપર્વની હાનિ અને વૃદ્ધિ એ સહેજે સમજાય. 'પૂર્વમાં' અને 'ઉત્તરમાં' એવો અર્થ કહેનારા તો વ્યાકરણ ભણવા બેસે તો સારૂં. કે-જેથી ખોટા અર્થો કરી શાસ્ત્ર અને સાચી પરંપરાને ઉઠાવે નહિ. ॥૧૨૯૮॥

૬ લૌકિકટીપનામાં તિથિ અને પર્વતિથિની વૃદ્ધિ સ્પષ્ટ છે. પરંપરા અને ૧૮૯૫નો લેખ બે પુનમોએ બે તેરસ ગણતા અને કહેતા હતા એમ જણાવે છે. ફલ્ગુ અને ખોખાવાળી તો ખાખરામાં ખખડાવે છે. હજુસુધી ભેળસેળ અને ખોખાપંથીઓથી એકપણ પુરાવો આરાધનામાં ભેળસેળ અને ખોખા માટે સીધો અપાયો નથી અને અપાશે પણ નહિ પરંપરા તો તેમને ખોખું કરનારી જ છે હીનાતિથિએ સવારથી તે તિથિ માનવામાં અને વૃદ્ધિ તિથિએ પહેલાની ઉદય અને પૂર્ણ ભોગવટાવાળીને પણ ફલ્ગુ કે ખોખું માનવામાં આરાધના માટે ઉચિત છે અને મૃષાવાદ નથી, તો પછી આરાધનાની નિયમિતતા માટે શ્રી ઉમાસ્વાતિવાચકજીના પ્રઘોષને અનુસારે પૂર્વની અપર્વની હાનિવૃદ્ધિ મનાય તેમાં દોષને સ્થાન જ કયાં છે ? ખરતરોને તો પુનમ માનવી છે અને પકખીનું કામ કરવું છે માટે સ્પષ્ટ મૃષાવાદ લાગે છે. ॥૧૨૯૯॥

૭ તત્ત્વતરંગિણીમાં 'તેરસ ન કહેવી, ચઉદશ જ છે' એમ કહેવું અને તેરસ કહેનારો મૂર્ખશિરોમણિ છે એ વિગેરે જોવાથી અપર્વનો ક્ષય કરવો એ જ શાસ્ત્રીય છે એમ જણાશે ॥૧૩૦૦॥

૮ ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ત્રીજની ક્ષય વૃદ્ધિ માની છે અને માનીએ છીએ અને એ જ સાચા ઠરે છે. ॥૧૩૦૧॥

૯ પુનમની ક્ષય વૃધ્ધિએ તેરસની ક્ષયવૃધ્ધિ કરવાની માફકજ ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃધ્ધિએ ત્રીજની ક્ષયવૃધ્ધિ સ્વાભાવિક જ છે માટે ખોખાપંથી અને ભેળસેળ પંથીઓ તેને ન માને ॥૧૩૦૨॥

૧૦ ૧૮૯૫નો લેખ વગેરે અને પરંપરાથી અપર્વનો ક્ષય અને વૃધ્ધિ સિધ્ધ છતાં ન માને તેની મરજી.

૧૧ ભાદરવા સુદ ચોથના ક્ષયે ક્ષયે.ના નિયમથી ત્રીજને ચોથ કરવી એટલે ત્રીજનો ક્ષય થઈ જ જાય. ॥૧૩૦૩॥

૧૨ ભાદરવા સુદ પાંચમની પર્વતિથિ માનીને ખરતરોને જણાવ્યું છે કે– ચૌદશના ક્ષયે પુનમ લઈ શકો તો ભાદરવા સુદ ચોથના ક્ષયે ત્રીજ અપર્વનો ક્ષય નહિં થાય; પણ પર્વ એવી પંચમીએ સંવચ્છરી કરવી પડશે એમ પંચમીસ્વીંકારેણ વાકયથી જણાય છે. ॥૧૩૦૪॥

૧૩ ગયે વર્ષે રવિવારે અને આ વર્ષે ગુરૂવારે ટીપનામાં ચોથ ન હોય છતાં તેને તત્ત્વતરંગિણી વગેરેમાં ઉદયવાળી તેરસ છતાં તેને તેરસ કહેનારને મૂર્ખશિરોમણિ કહેવો એ હિસાબે ગયે વર્ષે રવિવાર અને આ વર્ષે ગુરૂવારે ધર્મઆરાધનાના પ્રસંગમાં પાંચમ છે એમ માને તે પણ મૂર્ખ જ ગણાય. માટેજ પરંપરા અને શાસ્ત્રને માનનારાઓએ રવિવારે ચોથ માની છે અને ગુરૂવારે ચોથ જ માનશે.

૧૪ ક્ષયે પૂર્વા નો અર્થ બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની પડવા આદિ તિથિને જ બીજ આદિ તિથિ બનાવવી.'એ અર્થ શ્રી સિદ્ધચક્રમાં જણાવેલો છે. પડવો આદિ બીજ આદિ બની જાય તેથી પડવો ન રહે અને ક્ષય પામે એ ચોકખું જ છે. એવી જ રીતે બીજી તિથિનેજ ઔદયિકી કહેવાથી તથા ઉત્તરાને જ બીજ આદિ માનવાનું શ્રી ઉમાસ્વાતિજીનું વચન છે તેથી આપોઆપ અપર્વની જ વૃદ્ધિ થાય અર્થાપત્તિને શબ્દાર્થ ગણવાવાળા તો નિશાળે ફેર ફેરા ખાય ॥૧૩૦૫॥

૧૫ ક્ષય અને વૃધ્ધિ શિવાયજ ઉદયનો નિયમ છે. અને તે પણ આરંભ ક્રિયાકાલ કે સમાપ્તિ માનનારના ખંડન માટે છે. નહિતર ક્ષયમાં વગર ઉદયે અને વૃધ્ધિમાં છતે ઉદયે તિથિ માની અને ન માની તેનું શું ? ॥૧૩૦૬॥

૧૬ કોપીની પ્રત જૈનાનંદ પુસ્તકાલયમાં તૈયાર છે અનુવાદક, અસત્ય અને અભિનિવેશી છે. વખત આવ્યે તે સ્વરૂપે પ્રકાશમાં લવાશે જ. ॥૧૩૦૭॥

૧૭ ધર્મારાધનની વિધિ સમજનારા તો તેરસ કહેનારની મૂર્ખતા જાણી અને માની છે. માટે બુધવારે ચોથ છે એમ માને જ નહિ.

૧૮ ચૌમાસી ચઉદશે જ થાય એમ છતાં ચઉદશના ક્ષયે તેરસે વગર ચઉદશના ઉદયે કરનાર આરાધક થાય તો પછી ગુરૂવારે ચોથ માનનાર જ આરાધક છે તદભોગગંધસ્યાપ્યભાવાત્ આ હેતુવાકયને સમજનારો સમાપ્તિને સાથે લેવી જ એમ ન કહે. જો કે ભોગનો અધિકાર યથાસંભવથી લેવાય નહિંતર આઠમના ક્ષયે સૂર્યોદયની વખત શું આઠમનો ભોગ છે કે–જેથી તે વખત શીલાદિનિયમની હાજરી માનવી ? ॥૧૩૦૭॥

૧૯ ઉભયપર્વના ક્ષય કે વૃધ્ધિના પ્રસંગમાં સંપૂર્ણતાવાળો ભોગ કોઇ લખે નહિ અને કોઇ માનતું પણ નથી. ॥૧૩૦૯॥

૨૦ કોઇપણ આરાધના કરનારે આરાધનામાં ચૌદશ-પુનમ વગેરે બે માની જ નથી. શ્રી વિજયહીરસૂરિજી મહારાજ, બંને ઉદયવાળી હોવા છતાં બીજીને જ ઔદયિકી માનીને પહેલીને વગર ઉદયની જણાવી સ્પષ્ટપણે અપર્વ જણાવે છે. ॥૧૩૧૦॥

૨૧ ટીપનામાં જે તેરસ હોય તે ગૌણ અને 'આરાધનામાં ચઉદશ જ છે' એમ કહેવાય તે મુખ્ય છે અને તેથીજ गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्यैवेति व्यपदेशो युक्तः એમ સ્પષ્ટ જણાવી આરાધનમાં તેરસ કહેનાર કે માનનાર મૂર્ખશેખર છે એ વાકયની સંગતતા જણાવે છે ॥૧૩૧૧॥

૨૨ ક્ષયની વખતે ઉદય નહિં મળે અને ભોગ તથા સમાપ્તિ જ મળે; પણ વૃદ્ધિ વખતે ઉદય તો પહેલે દિવસે છે, માટે સમાપ્તિવાળો ઉદય [બીજે દિવસે] મળે. અને ઉભયપર્વ હોય ત્યાં પરંપરા અને શાસ્ત્રને અનુસારે ભોગ લેવાય અને વ્યવહરા (વ્યપદેશ?) લેવાય પણ ભેળસેળીયા અને ખોખાપંથી તો શાસ્ત્ર અને પરંપરાને છોડે ને સ્વચ્છંદી થાય.

૨૩ નિયમો તિથિને અંગે હોય છે ક્ષય હોય તો પણ પર્વ માનીને જ આરાધાય છે તેમ વૃદ્ધિ હોય તો પહેલીને ખસેડીને જ વ્યવસ્થા કરાય તે શાસ્ત્રીય છે. બે તેરસો તે બે પુનમે જણાવે જ છે. વળી શ્રી હીરસૂરિજી મહારાજ બીજીને જ ઔદયિકી કહી પહેલીને અપર્વતિથિના નામે જણાવે છે જ. ॥૧૩૧૨॥

૨૪ આરાધના પ્રસંગે તેરસને તેરસ તરીકે બોલનાર મહામૂર્ખ છે એમ જે તત્વતરંગણીમાં જણાવ્યું છે તે વાચે, જાણે અને માને તે તો જરૂર ભેળસેળવાદીઓને પરંપરા અને શાસ્ત્રના લોપનાર માનવા સાથે મૃષાવાદી જ નહિં પણ **અભિનિવેશી મિથ્યાત્વી જ માને** ॥૧૩૧૩॥

૨૫ ટીપનામાં જેમ ચૌદશ આદિનો ક્ષય લખાતો અને બોલાતો હતો તો પણ 'આરાધનાના પ્રસંગમાં તો 'તેરસ છે' એમ બોલનાર અને 'ચૌદશનો ક્ષય છે' એમ બોલનાર મૂર્ખશેખર ગણાયો છે," તેવીજ રીતે ટીપનામાં બે ચઉદશ કે બે પુનમ આદિ હોય છતાં આરાધના પ્રસંગે બે પુનમ કે બે ચઉદશ આદિ બોલી બન્નેને ઔદયિકી માનનારો શ્રી હીરસૂરિજી મહારાજના વચનને અને પરંપરાને લોપનારો જ ગણાય છે. ॥૧૩૧૪॥

વાચકોએ વિચારવું કે- ઔદયિક ચઉદશ અને ઔદયિક ચોથનો તેઓને વૃદ્ધિ પ્રસંગે પણ બાધ આવે છે તો પછી બે ચઉદશ-પુનમ હોય ત્યારે પહેલી ચઉદશ પુનમનો ઉદય ફોગટીયો હતો કે-જેથી તેને તેઓ ખોખા તિથિ માને છે અને આરાધવાની ના કહે છે ? કદાચ કહો કે-સમાપ્તિ બીજે દિવસે છે. તો કહો કે-પહેલો ઉદય નકામો થયો છે એમ અહિં ઉભય પર્વના પ્રસંગે પણ ઉદય, ભોગ કે સમાપ્તિ એકકેય રહે નહિ;

પરંતુ માત્ર શાસ્ત્ર અને પરંપરા છે તે જ રહેશે. અને એટલા માટે જ શાસ્ત્ર અને પરંપરાને માનનારાઓએ રવીવારની સંવચ્છરી કરી છે અને ગુરૂવારની કરશે. બાકી જેઓને આંખો મીચીને ચાલનારાની માફક ભેળસેળપંથી અને ખોખાપંથીમાં જવું હોય તેઓને તો જ્ઞાની પણ નહિં બચાવી શકે. સત્યમાર્ગે જ કલ્યાણ છે અને શાસ્ત્ર તથા પરંપરાથી જ સત્યમાર્ગ છે. (પાલીતાણા-ધર્મશાળા)

૧ જોધપુરીપંચાંગ માન્ય હોવાની સાથે 'ક્ષયમાં પૂર્વતિથિ કરવી અને વૃદ્ધિમાં ઉત્તર તિથિ કરવી' આ પણ નિયમ છે જ બીજી પાંચમ જ ઉદયવાળી મનાય, પ્હેલી પાંચમને પાંચમ કહે તે શ્રી ઉમાસ્વાતિ વાચકજી મહારાજ અને શ્રી હીરસૂરિજી મહારાજનો બોયકોટ કરનાર છે. પ્રઘોષને જુઠો કહેનારી કેશવકાન્તને શરમ કેમ નથી આવતી ? ક્ષયે પૂર્વા.નો સપ્તમીથી અર્થ કરનારા રામપંથીયો પોતે જુઠા છે અને બીજાને માથે છઠીનો અર્થ નાંખીને તેઓ અકથ્ય કોટિમાં આવે છે **પુનમ અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિનો રીવાજ સેંકડો વર્ષોનો હોવા સાથે તેના પુરાવા પણ મોજુદ છે.** બે ને બે ચાર કહેનારને ખોટા માનનાર જેવા આ રામપંથીયો છે. પૂર્વના અપર્વનો ક્ષય કે વૃદ્ધિ ન થાય, પાંચમ કે પુનમના ક્ષયે કે વૃધ્ધિ ત્રીજ કે તેરશની ક્ષય વુદ્ધિ ન થાય એવો એક પણ દાખલો રામપંથી કેમ આપતા નથી ? ॥૧૩૧૫॥

૨ બુધવારીયાઓ જે શ્રી સિદ્ધિચક્રનો 'આઠ દિવસની અપેક્ષ એ અઠ્ઠાઈ ગણાવેલી' નો દાખલો આપે છે તે જ પત્રમાં તે બાબતનો ખુલાસો અપાઈ ગયો છે કે- 'ચોથની પ્હેલાની વધઘટની અપેક્ષાએ પજુસણની અઠ્ઠાઇ ગણવા' માટેની ત્યાં વાત છે બુધવારીયાઓ શું એટલું નથી જાણતાકે-અષાઢી પૂનમ પર્વતિથિ છે અને અઠ્ઠાઈ, ચોમાસાના છેડા સુધી છે અને તેની પ્હેલાની તિથિઓની વૃદ્ધિહાનિ ધ્યાનમાં લઇ તે બેસાડાય છે ? છતાં પુનમની અપેક્ષાએ જ્યારે વિચારીએ ત્યારે પુનમની હાનિ વૃદ્ધિ પણ ધ્યાનમાં લેવી જ પડે છે ! આવી સાદી વાત તેઓ નથી સમજતા એમ તો નથી; પણ હઠ અને કદાગ્રહને લીધે જુઠું બોલવું અને જુઠું પ્રચારકાર્ય કરવું છે; પરંતુ હવે જૈનજગતૂ બુધવારીયાઓથી ઘણે ભાગે સાચવચે બની ગયું છે. છતાં હજુ કોઇકિ સારા પણ બેનસીબ હશેકે-જેઓએ હજી તેઓની ચાલબાજી નહિ જાણી હોય ॥૧૩૧૬॥

૩ પુના અને અમદાવાદથી વિહાર કર્યો નહિ. પ્રતિનિધિપણાની ખોટી શરત ઉભી કરી અને કમીટીની નાકબુલાત કરી બુધવારીયા લિખિતશાસ્ત્રાર્થથી ખસ્યા અને પરસ્પર દેખાડયા શિવાય ખાનગી કાગલથી લિખિત ચર્ચા કરવા જેવી છોકરમત તેમજ સર્વાનુમત જેવો ઢોંગ ઉભો કરી લિખિતથી પણ બુધવારીયા જ ખસ્યા છે. ॥૧૩૧૭॥

૧ અગુરૂલઘુ એ પદાર્થનો સ્વભાવ છે અને તે એવો છે કે–તે કેવલિમહારાજ દેખે. અને તે દેખનાર, સર્વ દ્રવ્યને દેખે તેમાં નવાઇ નથી. અરૂપીનું જ્ઞાન કેવલીને જ હોય ગોત્રકર્મના ક્ષયથી અગુરૂલઘુતા થાય પણ તેનું જ્ઞાન તો જ્ઞાનાવરણીયના ક્ષયથી જ થાય. ભવસ્થકેવલી અને મુકતકેવલીને એ જ્ઞાનગુણ સરખો છે સ્વચ્છતા જેમ દર્પણ અને કાચમાં છે અથવા પ્રતિબંધ ધરવાનો સ્વભાવ બન્નેમાં છે, એ સમાનતા છે. ॥૧૩૧૮॥

૨ ઘડાના ભૂતકાળના મૃત્તિકા–પિંડાદિ પર્યાયો અને તેનું દ્રવ્ય અતીતપણે, પૃથુ-બુધ્નોદરાદિઆકાર અને દ્રવ્ય વર્ત્તમાનપણે અને કપાલાદિ પર્યાય અને દ્રવ્ય અનાગતપણે જેમ જણાય તેમ ત્રણ કાલનું જ્ઞાન થાય અતીત, વર્ત્તમાન, ભવિષ્યપણે તે તે પદાર્થોનું સ્વરૂપ જાણવું તે ત્રિકાલજ્ઞાન જાણવું. ॥૧૩૧૯॥

૩ પ્રશસ્તપણાથી જિન–ગુરૂવંદનાદિમાં હિંસા, મૃગચક્ષાદિમાં મૃષા, યુગપ્રધાનાદિ જેવામાં દીક્ષા દેતાં અદત્ત અને સંયમોપકરણાદિમાં પરિગ્રહ હોય છતાં ભોગવવો પડે તેવો પાપબંધ ન થાય અને ભકિત આદિ પરિણામથી પુણ્ય અને સાથે નિર્જરા થાય. મૈથુનમાં પ્રશસ્તકષાયથી સેવા ન હોય. ॥૧૩૨૦॥

**૪ પ્રશસ્તપણું પુણ્યબંધ કરાવે અને સાથે નિર્જરા પણ કરાવે.** સરાગતા બંધનું કારણ અને વિરતિપણું આદિ નિર્જરાનું કારણ ! કેવલી આત્માના પણ યોગો સાતાના કારણો છે શુભકર્મ અને તેના ભોગે અને સમુદ્‌ઘાતે નિર્જરે અને અશુભકર્મ, તપસ્યા તથા સમુદ્‌ઘાતથી નિર્જરે ॥૧૩૨૧॥

૫ નિષ્કષાયપણે થતી યોગની પ્રવૃત્તિ, શુકલલેશ્યાવાળી જ હોય, મનનો યોગ કેવલીને અનુત્તર સુર કે મનઃ પર્યાયજ્ઞાનીના ઉત્તર માટે, ધર્મદેશના માટે વચન અને કાયાની પ્રવૃત્તિ થાય તેમાં શુકલલેશ્યા હોવાથી અડચણ નથી. ॥૧૩૨૨॥

૬ ઇન્દ્રિયથી થતા સ્પર્શાદિનો ઉપયોગ મતિજ્ઞાન છે અને તે થયેલા મતિજ્ઞાનને કેવલીઓ જાણી લે છે. ॥૧૩૨૩॥

૭ કેવલીઓ અતીન્દ્રિય હોવાથી જીવન્મુકતદશામાં પણ તેમને તેનો ઉપયોગ ન હોય તો પછી સિદ્ધ દશામાં તો તે ઉપયોગ હોય જ કયાંથી ? ॥૧૩૨૪॥

૮ આયુઃ તો આયુષ્કર્મ ઉપર આધાર રાખે, પણ તેની ગણત્રી વર્ષાદિથી કરવા માટે શ્વાસોચ્છવાસથી શરૂઆત કરી. શાસ્ત્રોમાં પણ સત્ત પાણાણિ સે ઊસે તથા હટ્ટસ્સ અણવગલ્લસ્સ ઇત્યાદિ કહીને ગણત્રી માટે તેનું આદિપણું લીધું અને આવલિકા લોક-વ્યવહારનો વિષય નહિ. **બાકી શ્વાસે નામકર્મ ભોગવાય છે.** ॥૧૩૨૫॥

૯ શ્રી જિનેશ્વરપ્રભુના આદરમાં પુણ્યબંધ અને નિર્જરા બંને છે. જુઓ. સવ્વપાવપ્પણાસણો આદિ વાકયો આદર અનાદરમાં ઉદાસીનતા જો નિર્જરાનું કારણ માનીયે તો અસંજ્ઞીઓ ઘણી નિર્જરા કરવવાળા થાય ઉદયનો ભોગ કે તપસ્યા એ નિર્જરાનો હેતુ છે એ નિર્જરા પાપકર્મની છે. ॥૧૩૨૬॥

૧૦ સંયોગ પછી બાર મુહુર્ત્ત સુધી જીવ સંક્રમે છે એમ ધ્યાનમાં છે. ॥૧૩૨૭॥

૧૧ અજ્ઞાન અને અવિરતિપણામાં વેદાય તે વગેરે ભાવકર્મ ગણાય ॥ ૧૩૨૮॥

(મુંબઇ ફતેચંદ)

૧ પુર્વગતસૂત્રમન્યચ્ચ વિનેયાન્ વાચયન્તીતિ વાચકાઃ એ પાઠથી પણ વાચકો પૂર્વગત સૂત્રને ધારણ કરનાર હોય એમ નકકી થાય છે અને ટીકાકારો પણ સ્થાને સ્થાને વાચકાઃ પૂર્વવિદઃ એમ સ્પષ્ટ જણાવે છે. એટલે શ્રી પાર્શ્વનાથનું શ્રુત તે પૂર્વશ્રુત આવું કહેનારા શાસ્ત્ર અને પરંપરા બન્નેની અશ્રદ્ધાવાળા છે ! વળી શ્રી નન્દીસૂત્રમાં વડ્ઢઉ વાયગવંસો (રુ૦) (૩૧) વાયગપયમુત્તમં પત્તેં (૩૨) અણુપુવ્વિં વાયગત્તાણં પત્તો નાગજ્જુણવાયગં વંદે (૩૬) એ આદિ વચનોથી તેમજ વાયગવંસં પવયણં ચ (આવ.નિ.) ના વચનથી શ્વેતાંબરોમાં જ રહેલો વાચકવંશ છે, પણ શ્વેતાંબરોથી ભિન્નતાવાળો નથી. વળી શ્રી દેવવાચક જેઓ શ્રી નન્દીસૂત્રના કરનારા છે તેઓ શ્રી પણ વાચકપદથી અંકિત જ છે. એ ઉપરથી 'વાચકોનો વર્ગ જુદા મતનો હતો' એ કથન જુઠું જ છે અન્નો ગણહરવંસો અન્નો ય વાયગવંસો એ જણાવવામાં આવેલ છે તે માત્ર વંશની ભિન્નતા જણાવી આચાર્ય અને ઉપાધ્યાયની પરંપરા અને જુદા નમસ્કારનું પ્રયોજન જણાવવા માટે છે; પણ તેથી 'શ્વેતાંબરોથી વાચકનો વર્ગ જુદો હતો' એવી કલ્પના કરવી તે તો જુઠી જ છે. શ્રી નંદીસૂત્રમાં વાચક અને ગણધર-સ્થવિરપરંપરાનાં નામો છે ॥૧૩૨૯॥

૨ જી સુખલાલે પૃ. ૧૮માં– "ઉમાસ્વાતિ પોતેજ પોતાના દીક્ષાગુરૂને વાચક તરીકે ઓળખાવવા સાથે અગ્યાર અંગના ધારક પણ કહે છે" એમ જે લખ્યું છે તે ફકત તેમને વાંચન પરાલંબન હોવાથી થયું છે. કેમકે ત્યાં તો शिष्येण घोषनन्दिक्षमण-स्यैकादशागविदः આવી રીતે વાચકપણા શિવાયનો જ લેખ છે. જો કે પૂર્વધરશ્રુતને ધારણ કરવાવાળા અગ્યાર અંગને રોજ વિચારનાર હોય અને તેથી વિચાર અર્થનો વિદ્ ધાતુ લઈને કહી પણ શકાય ॥૧૩૩૦॥

૩ શ્રી ઉમાસ્વાતિજી शुभः पुण्यस्य, अशभःपापस्य' એ સૂત્રો (અ ૬ સૂ. ૩-૪) થી પુણ્ય અને પાપને નથી માનતા એમ તો નથી જ सम्यक्त्वहास्य....पुण्यम् (૬ અ ૨૬) સૂત્રથી પુણ્યફલ પણ પોતે જ જણાવે છે માટે જે નવનો સાતમા સંકોચ કરે છે તે કેવલ તર્કાનુસારીઓની અનુકૂલતા માટે અનન્તર્ભાવરૂપે અને શુદ્ધરૂપે તત્ત્વ કહેવા માટે છે અને એ સમજવું મુશ્કેલ નથી. ॥૧૩૩૧॥

૪ તર્કાનુસારીઓની અનુકૂલતા માટે શબ્દાદિનો મૂલ ભેદ સાંપ્રતનામથી લીધો છે અને તેથીજ શ્રી ઉપાધ્યાયજી મહારાજ 'શ્રીનયરહસ્ય' આદિમાં તો તે રૂપેજ નયના ભેદો જણાવે છે અને નૈગમમાં સામાન્ય વિશેષઉભયવાદિતા છે એ તો શાસ્ત્રસિદ્ધ જ છે. અનુયોગદ્વાર અને વિશેષાવશ્યકના સમજનારને તો અજાણ્યું નથી. ॥૧૩૩૨॥

૫ દેશાવકાશિકવ્રત જો કે-સર્વ વ્રતોના સંક્ષેપરૂપે છે. છતાં તેનો મુખ્ય આધાર દિશાપરિમાણના સંકોચ ઉપર રહેલો છે તથા તેના 'આનયન' આદિ અતિચારો પણ ફક્ત દિગવ્રત સાથે સંબંધ રાખે છે. તેથી તર્કાનુસારિપણે દિગવ્રતની જોડે દેશવ્રત મૂકેલે તેમાં કંઈ સંપ્રદાયભેદનું કારણ નથી. વળી ભોગોપભોગનું પરિમાણ પૌષધોપવાસવાળાને પણ અભિગ્રહ અને સંકોચદ્વારાએ કરવામાં બાધ નથી. એ જણાવવા પૌષધ પછી એનું લીધું કેટલાકની એવી માન્યતા હતી કે સામાયિક પૌષધમાં આગારવાળાં પચ્ચકખાણો કરવાથી સમતાભાવ અને અવ્યાપાર ત્યાગનો બાધ થાય છે, તેના નિરાકરણની તર્કાનુસારિપણાને અંગે શાસ્ત્રકારે જરૂર વિચારી હોય શ્રાવકના વ્રતોમાં મહાવ્રતની માફક એકરૂપપણું નથી માટે ક્રમનો નિયમ ન રહે. જેમ સૂત્રોમાં ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો પણ કહે છે અને સાતેને શિક્ષાવ્રતો પણ કહે છે અને સાતેને શિક્ષાવ્રતો પણ માને છે. ખુદ સાધુઓના મહાવ્રતો પણ સૂત્રોમાં અનાનુપૂર્વીએ પણ જણાવાય છે એથી તેમનું શ્વેતાંબર નિન્નપણું થતું નથી, શાસ્ત્રોમાં દેશાવકાશિકને જે દશમું રાખ્યું છે તે અગ્યાર બારમા વ્રતમાં સંકોચને સ્થાન નથી તે માટે. જો કે સામાયિક સાવદ્યના ત્યાગરૂપ હોઈ તેમાં સંકોચને સ્થાન નથી એમ સમજાય; પરંતુ તેમાં પણ સામાન્યે મિથ્યાત્વાદિ અનુમોદનાનો સંકોચ હોઈ શકે. ॥૧૩૩૩॥

૬ શાસ્ત્રોમાં આત્માના સ્વરૂપને બાધ કરનાર માત્રને પાપપ્રકૃતિ ગણી અને તેથી સમ્યકત્વમોહનીય આદિ પણ સ્વસ્વરૂપને તો કથંચિત્ બાધા કરનાર છે અને ગુણના ઘાતક છે માટે પાપરૂપ ગણાયા. અને તત્ત્વાર્થકાર મહારાજે અનુકૂલતાએ વેદાય એવી પ્રકૃતિઓને પુણ્ય માનીને સમ્યકત્વ આદિ પુણ્યમાં લીધા. વળી તે સમ્યકત્વમોહનીય આદિનો આવિર્ભાવ શુભહેતુથી ગણીને પણ પુણ્યપ્રકૃતિમાં તેને કાર્યં કારણાનુસારિ એ તર્કને આશ્રયી ગણ્યું હોય જો સર્વથા તે પ્રકૃતિયોને પુણ્યરૂપે માની હોત તો તેને ઘાતિકર્મમાં ગણત નહિ અને તે ઘાતિના ક્ષયે કેવલજ્ઞાન થવાનું કહેત નહિ. ॥૧૩૩૪॥

૭ તપનો પેટા ભેદ જે પ્રાયશ્ચિત્ત નામનો છે તે પ્રાયશ્ચિત્તના દશ ભેદોમાં પારાંચિક પણ અનુપસ્થાપન અનવસ્થાપ્યની માફક છે અને તેથી એકઠા કહે અથવા પ્રથમસંહનનવાળાને જ તે હોયછે. અને તે તે વખતે વ્યુચ્છેદ થયું હતું અથવા તે આચાર્યને જ હોય છે માટે તે ન કહ્યું હોય; પણ એવા ભેદના વૈચિત્ર્યથી મતભેદ ન મનાય. ॥૧૩૩૫॥

૮ પ્રજ્ઞાપનાના પ્રથમ પદમાં તથા ઠાણાંગમાં સરાગ સમ્યગદર્શન અને વીતરાગ સમ્યગ્દર્શન વગેરે સમ્યગદર્શનના ભેદો જાણનારા પ્રાણીયો સમ્યગદર્શન અને સમ્યગદ્રષ્ટિના ભેદો દેખી ભિન્નતા ગણી શકે નહિં ॥૧૩૩૬॥

૯ અંતર્દ્વીપને માટે યુગલીઆઓને આશ્રયીને છપ્પન હોય તેને આધારે ભાષ્યની પ્રતિનો બગાડો માન્યો બાકી કોઈક વાચનાની અપેક્ષાએ બીજા પણ એવા ગૌતમાદિ દ્વીપો સામેલ કરી છન્નુ અંતરદ્વીપો લેવાત તેમાં બાધ ન આવત. ચંદ્ર સૂર્ય માગધાદિ તીર્થો આદિના દ્વીપો પણ લવણ સમુદ્રમાં નથી એમ તો નથી; પણ તેવા વિવક્ષાભેદથી કંઈ મતનું જુદાપણું મનાય નહિ ॥૧૩૩૭॥

૧૦ હાડકાના બંધારણની અપેક્ષ એ વજ્રર્ષભનારાચ ન હોય, તો પણ **શાસ્ત્રોમાં કેટલીક જગોપર શકિતને સંહનન ગણેલ છે** તે અપેક્ષાએ લે એટલાથી જુદાપણું ન થાય. શું કોઇક અપેક્ષાએ રાત્રિભોજનવિરમણને કોઇક મહાવ્રત કહે તેથી તે જુદા મતના થાય ? પાંચ પર્યાપ્તિઓ તો ભાષા અને મનની પર્યાપ્તિને એક ગણીને ભગવતીજી આદિમાં પણ સ્થાને સ્થાને છે. પરા પશ્યંતી મધ્યમા અને વૈખરીના ભેદોને વિચારતાં તર્કાનુસારીને માટે એ અયોગ્ય ન ગણાય ॥૧૩૩૮॥

૧૧ આઠમી, નવમી અને દસમી ભિક્ષુપ્રતિમા સાત-સાત રાત્રિદિવસની સ્વયં પ્રમાણવાળી છે, પણ લાગલાગટ હોવાથી સાતમે, ચૌદમે અને એકવીસમે દિવસે પૂરા થાય માટે તે પ્રમાણે કહેવાથી વિરોધ નથી ॥૧૩૩૯॥

૧૨ પુલાકાદિ નિર્ગ્રન્થો માટે તો શ્રી ઉત્તરાધ્યયન અને ભગવતીજી આદિમાં મતાંતરો છે. તેથી શું તેઓ ભિન્ન સંપ્રદાયવાળા હતા એમ કહેવાય ? ॥૧૩૪૦॥

૧૩ દિગંબરના મૂળ પુરૂષ જંગલમાં ચાલ્યા ગયા, નાગા રહયા એટલે પરંપરાના બીજા આગમોને ન પામ્યા અને તેથી તત્ત્વાર્થ જેવા નહાના ગ્રંથને તેઓએ પોતાની માન્યતાથી વિરૂદ્ધ છતાં અપનાવ્યો અને શ્રી જિનેશ્વર(સૂના વચનોનો) તેઓને લાભ મળ્યો તેથી સર્વથા વ્યુચ્છેદ માન્યો. 'તત્વાર્થકાર મહારાજ શ્વેતાંબર જ છે અને શ્રી તત્ત્વાર્થ સૂત્ર શ્વેતાંબર શાસ્ત્ર જ છે' એ હકીકત વિસ્તારથી જાણવી હોય તો 'તત્ત્વાર્થકર્તૃમીમાંસા' નામની ચોપડી જોવી ॥૧૩૪૧॥

૧૪ દશાધ્યાયપરિચ્છિન્ને. એ શ્લોક દિગંબરોની માન્યતાનો છે. કારણકે તેઓને શ્રીજિનાગમનો વ્યુચ્છેદ માનવાનો હોવાથી સ્વાધ્યાયમાં આગમવચનો રહ્યાં નહિ.

૧૫ ગંધહસ્તિ નામના કોઇક આચાર્ય થયા હોય એમ ન માનતાં વિશિષ્ટ સામર્થ્ય-વાળા આચાર્યને તે ઉપનામ હોય. એટલે તત્ત્વાર્થભાષ્યકાર, શ્રી સિદ્ધસેનદિવાકર, આચા-રાંગના પૂર્વવૃત્તિકાર, સૂયગગના પૂર્વવૃત્તિકાર વગેરેને તે વિશેષણ લાગુ થવામાં અડચણ નથી. ॥૧૩૪૨॥

૧૬ મહોપાધ્યાય ધર્મસાગરજી સંભાવ્યન્તે એમ કહી સંભાવનામાત્ર જણાવે છે. દીક્ષાગુરૂ, વાચનગુરૂ કરતાં આચાર્યગુરૂ જુદા હોવાનું અસંભવિત નથી. જેમ શ્રી ધર્મ-સાગરજીને માટેજ પ્રતિબોધગુરૂ-જીવર્ષિ હતા, દીક્ષાગુરૂશ્રી આનન્દવિમલસૂરિજી હતા, વિદ્યાગુરૂ-શ્રી વિજયદાનસૂરિજી હતા અને આચાર્ય તરીકે શ્રી હીરસૂરિજી હતા આચાર્યગુરૂ ત્યાં જણાવ્યા હોત તો પટ્ટાવલીના લેખને ભ્રમયુકત માની લેત. ॥૧૩૪૩॥

૧૭ શ્રી શય્યંભવસૂરિજી શ્રી જિન પ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામેલા છે એ વાત તો શાસ્ત્રસિદ્ધ અને જાહેર છે; પરંતુ શ્રી ઉમાસ્વાતિ બાબત તેવો લેખ કે પરંપરા ધ્યાનમાં નથી. ॥૧૩૪૪॥

૧૮ શ્રી ઉમાસ્વાતિની માતાનું નામ ઉમા હતું. માત્ર તે વત્સગોત્રની હોય તેથી વાત્સી એવું નામ કહે જેમ ભગવાન્ મહાવીર મહારાજાની માતાનું સ્વયં નામ ત્રિશલા હતું, છતાં પિયરની મહત્તા અને રાજકુલથી કરેલ વિવાહને લીધે તેઓ વિદેહત્તા (વિદેહદિન્ના) તરીકે કહેવાતા હતા. ॥૧૩૪૫॥

૧૯ આત્માના ચૈતન્યાદિ ધર્મો જાણવા સાથે પુદ્ગલમાત્રનું સંયોગમાત્રપણું જાણી આત્માના જ્ઞાનાદિ ગુણોની પરિણતિમાં રમણતા થાય તે આત્માનુભવ અને તે અનિત્યાદિક ભાવનાના ધ્યેયથી શાસ્ત્રાભ્યાસ કરવાથી થાય ॥૧૩૪૬॥

૨૦ સભાષ્યતત્ત્વાર્થવૃત્તિનું વિલોકન કરનાર યથાવત્ જૈનધર્મ વિષયક તત્ત્વોનો જ્ઞાતા થઇ શકે ॥૧૩૪૭॥

૨૧ બુધવારવાળાને સત્યમાર્ગની સમીહા હોય એમ ન દેખાય અને તેઓની શાસ્ત્રને જાલી ઠરાવવાની અને પરંપરા તથા શાસ્ત્રને ઉઠાવવાની બુદ્ધિ દેખાય છે એટલે ત્યાં સમાધાનનો સંભવ જ નથી દેખાતો. ॥૧૩૪૮॥

૨૨ શ્રાવકોએ દાન માટે લુબ્ધક દ્રષ્ટાંતવાળા ન થતાં આતુર દ્રષ્ટાંતવાળા થવું કે- જેથી આરાધના મેળવી શકે. ॥૧૩૪૯॥

૨૩ યુગપ્રધાનો માટે વર્ત્તમાનમાં વિશેષ નિર્ણય કરનારાં સાધનો નથી. કલ્કિની બાબતમાં શ્રી વિક્રમ અને ક્રીશ્ચીયનના સંવતોથી કાંઇક ખુલાસો થાય, પણ તે ફુભરૂમાં નિશંક થાય. ॥૧૩૫૦॥

૨૪ એકલવિહારી માટે મુનિસંમેલનમાં ઠરાવ થયો જ છે. સત્તા ચાલતી નથી. ॥૧૩૫૧॥ (મહેસાણા-વાડીલાલ)

૧ ખરતરવાળાઓ જેઓ વૃદ્ધો કાર્યા તથોત્તરા એવા શ્રી ઉમાસ્વાતિજીના પ્રઘોષને ન માને અથવા અડધાના પણ અડધા પ્રઘોષને માને તેઓએ બે પાંચમમાં ચર્યા ન જ હોય ॥૧૩૫૨॥

૨ ચોમાસીની પુનમની ક્ષયવૃદ્ધિએ પણ ચૌમાસી ચઉદશ જેવી મ્હોટી તિથિ પલટાવનાર શાસ્ત્રાનુસારિ શ્રી તપાગચ્છવાળાને તો સામાન્ય તિથિની પણ ક્ષયવૃદ્ધિ ન પાલવે એ ચોકખું જ છે **ચોમાસી પલટી છતાં પુનમ પર્વમાં છે તેવી રીતે સંવચ્છરી પલટયા છતાં પાંચમ પર્વમાંથી ગઈ નથી.** ખરતરવાળાને તો સંવચ્છરીની ચોથના ક્ષયે ચઉદશના ક્ષયે પુનમે પકખી કરવાની માફક પાંચમે પર્વ હોવાથી સંવચ્છરી કરવાની છે! એટલે પાંચમની ચર્યા ખરતરો માટે તો શાસ્ત્રાનુસારિ શ્રી તપાગચ્છ કરતાં વધારે જરૂરી છે. એટલે તેને તો આઠ દિવસની વાત જ કર્યાને ન પાલવે. ॥૧૩૫૩॥

૩ પુનમ અમાવાસ્યાને ન્યાયે ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ત્રીજની જ ક્ષયવૃદ્ધિ કરવી એ જ શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા શાસ્ત્રાનુસારિ શ્રી તપાગચ્છને યોગ્ય હોવાથી ગુરૂવારની સંવચ્છરી આ વર્ષે કરવી યોગ્ય છે બાકી બુધવારીયાઓ પોતાની ટોળીમાં વધારવા બુધવારીયાની વ્હારે થાય એ સ્વાભાવિક જ છે; પણ વિવેકીલોકો બુધવારીયામાં નામ નહિ નોંધાવે એ ચોકકસ છે. ॥૧૩૫૪॥ (મુંબઈ-ક-મંડલ)

૧ શ્રી તત્ત્વતરંગિણીના જુઠા અને અનુકત અર્થો ગોઠવાયા છતાં પણ પૂર્વતિથિનો ક્ષય ન કરવાની, ચૌદશપુનમ ભેળાં કરવાની અને ચૌદશ તથા પુનમની વચ્ચે બોખા પુનમ માનવાની સિદ્ધિ નથી થઈ શકી એટલે 'ઘણાં પ્રમાણો છે' એમ ગપ્પ હાંકી છે. અને તે ગ્રંથને અપ્રામાણિક ઠરાવવા પ્હેલો નંબર લાવવા ધ્રુજ્યો છે **બાર માસ થયાં ચર્યામાં જેઓ બુધવારપક્ષની સિદ્ધિ માટે એક પાઠ પણ ચોકખો ન જાહેર કરે** તે 'ઘણા પ્રમાણો છે' એમ કહે તે ગપ્પ જ ગણાય. ॥૧૩૫૫॥

૨ 'તિથિહાનિમતપત્રક' સામુદાયિક છે. અત્યાર સુધી આખો તપગચ્છ તે પ્રમાણે કરે છે છતાં તે નથી માનવું એ કાશિજિતપણાને ધન્ય છે ॥૧૩૫૬॥

**૩ તે રાધનપુરનાં પાનાં સત્ય હોવાનો પં. લાભવિજયજી ગણિનો પત્ર હાજર છે. ખુશીથી વિશ્વાસીને મોકલવો કે-જેથી પત્ર અને પ્રત બન્ને હાજર છે તે દેખાડાશે.** ॥૧૩૫૭॥

૪ સરકારીશોધકનું સર્ટીફીકેટ લઈને જ જાલી કહેવું એ સજ્જનને શોભતું ગણાય હજુ પણ નહિ મોકલેા અને પાનાં તમારા લખવા મુજબ ૧૯૫૧ પછીના છે એમ સાબીત નહિ કરેા ત્યાં સુધી તમેા, જુઠાં કલંક દેનારની અધમતામાંથી નહિં નીકળી શકેા. તા ક. જાલીપણાના ખંડન માટે બહારના પેપરેામાં બીજાઓના તરફથી લેખેા મોકલાવેલા સંભળાય છે (જૈન-શ્રીમાન્)

૧ ચઉદશના ક્ષયે તેરસને તેરસ કહેવાય જ નહિ એ માન્યું તે ઠીક છે ॥૧૩૫૮॥

૨ પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે એકલી બીજી પર્વતિથિને જ ઔદયિકી માનવી એ માન્યું તે પણ ઠીક છે ॥૧૩૫૯॥

૩ પ્હેલા ભાદરવાની અપ્રમાણુતાની માફક ટીપનામાં બે પર્વતિથિયેા હોય તેા પ્હેલી તેા અપ્રમાણ છે જ કે તે ટીપ્પણાની અપેક્ષાએ ઉદયવાળી છે છતાં તે પ્હેલીનેા ઉદય જ અપ્રમાણ છે. (ધ્યાન રાખવું કે તિથિનેા વ્યવહાર જ સૂર્યોદયના આધારે જ છે.) એ પ્રમાણે ભાદરવા સુદ બે પાંચમેા ટીપ્પનામાં છે છતાં પહેલી પાંચમનેા ઉદય, પંચમી માટે અપ્રમાણ છે એટલે સૂર્યોદયને લીધે તિથિ માનનાર તેને પાંચમ કહે અથવા ગણે તેા તે વદતેા વ્યાઘાતઃ વાળેા છે એટલું જ નહિ બીજાઓ તે ઉદય ની પાંચમના ઉદય તરીકે અપ્રમાણુતા માને છે એમ જાણ્યા છતાં પાંચમ પાંચમ કહી જણાવે તે માયામૃષાવાદીનેા મુકુટ છે.

૪ શિષ્યેા કે થયેલ આચાર્યની કરણીની જવાબદારી ગણનારે નિહ્નવેાને લીધે તેના આચાર્યોને દૂષિત કે અમાન્ય ગણવાનું ન થાય તેા ભાગ્ય !

૫ પુનમ અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરસની થતી ક્ષયવૃદ્ધિ પરંપરાગત છે અને શ્રી દેવસૂરના પ્રસિદ્ધ પત્રથી તે ન માનનારા ઉત્થાપક થવાની ના પાડે છે એ શું ? ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ત્રીજની જ ક્ષય વૃદ્ધિ માનવી પડે તેની જ મુખ્યવણ કારણ છે. (વીર ? શાસન)

૧ ક્ષય કરનારા તેા ટીપ્પનાની અપેક્ષાએ પૂર્વમાં અને ઉત્તરમાં એમ માની શકે પણ ભેળસેળવાળા પૂર્વા અને ઉત્તરા નહીં લગાડી શકે ॥૧૩૬૦॥

૨ શ્રી હીરસૂરિજીના ત્રયોદશીચતુરયોઃ અને ઔદયિકી પદેા પૂર્વતરની અપર્વની જ ક્ષયવૃદ્ધિને સિદ્ધ કરે છે ૧૮૭૧, ૧૮૯૫ના લેખેા પણ વિજયદેવસૂરવાળાની એ પરંપરાને સિદ્ધ કરેલ છે. ॥૧૩૬૧॥

૩ 'ક્ષયવૃદ્ધિ વખતે અછતેા ઉદય લેવાય છે અને છતેા ઉદય છેડાય છે'એ વાત સમજનાર ઉદયને ન પકડતાં આરાધનાના જુદાપણાને જ પકડે. ॥૧૩૬૨॥

૪ ચઉદસના ક્ષયે તેરસને તેરસ કહેનારો જેમ મૂર્ખ ગણાયો છે તેમ આ પાંચમની વૃદ્ધિએ ગુરૂવારે ચોથ કહેનારો મૂર્ખ અને માયામૃષાવાદી છે.

૫ ૧૭૯૨નો લેખ જાલી છે, ૧૮૧૫નો કર્ત્તા વગરનો છે વગેરે કથન બુધવારીયાને શોભે.

૬ શત્રુંજયવાળા સોરઠને શ્રી આત્મારામજી મહારાજે તે વખતે 'અનાર્ય' કહેયો હતો તે સૂર્ય જેવું છે. ॥૧૩૬૩॥

卐 卐 卐

**સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૨૩ સં. ૧૯૯૩ ભા. શુ. ૧૫ સમાલોચના**

૧ શ્રી નન્દીચૂર્ણિ, વ્યવહાર વૃત્તિ અને બૃહત્કલ્પવૃત્તિ આદિ આગમો અને શ્રી હરિભદ્રસૂરિજીના પંચવસ્તુ આદિ પ્રાચીન શાસ્ત્રોને જાણનાર અને માનનાર તો સ્પષ્ટ કહેશે કે- શ્રી કાલકાચાર્યે ફરમાવેલી ચોથની સંવચ્છરી ન કરે તે મિથ્યાત્વી અને જ. **શ્રી નિશીથચૂર્ણિ, પર્યુષણા કલ્પચૂર્ણિને જાણનારા તો સ્પષ્ટ જાણે છે કે-એકલી ચોથની સંવચ્છરી જ આખા શાસનમાં થતી હતી.** બારમી સદી પછીના નીકળેલા મતોથી જ નવેસર શાસનથી જુદા પડવા પાંચમ થઇ છે. ॥૧૩૬૪॥

૨ જૈનોમાં પર્વોની આરાધના, આઠમ ચૌદશ અમાવાસ્યા અને પુનમ તિથિયેાને નામે તથા પર્યુષણાની પૂર્ણા પર્વતિથિને નામે છે એ જાણનારો કોઇપણ દિવસ એમ નહિ કહે કે જૈનોમાં સૌર વર્ષથી પર્વારાધન થતું હતું ॥૧૩૬૫॥ (મુંબઇ બા)

૩ સંવચ્છરીપર્વને ખરતરો મલમાસમાં લે છે. શ્રી તપાગચ્છાદિવાળા શાસ્ત્રને અનુસરનારાઓ મલમાસમાં સંવચ્છરી કરતા જ નથી અને ચોમાસી વગેરેની અઠ્ઠાઇઓ મલતિથિ આવે છતાં છેલ્લા દિવસથી આઠ દિવસ પહેલેથી બેસાડાય તેમ આ અઠ્ઠાઇ બેસાડાય છે. શાસ્ત્રદ્રષ્ટિએ તો એ ભાદરવા વદ છે, મલમાસ જ નથી. ॥૧૩૬૬॥

૪ તપાગચ્છવાળાઓ તો શાસ્ત્રને અનુસરનારા હોવાથી શાસ્ત્રો બે આષાઢ હોય તો જેમ બીજે આષાઢે ચૌમાસી જણાવે છે તેમ બીજે ભાદરવે સંવચ્છરી કરે છે. બાકી શાસ્ત્રથી વિરૂદ્ધ વર્ત્તીને ખરતરો પચાસ દિવસનો આગ્રહ રાખે છે તેઓએ આસો વધે ત્યારે (બીજા) આસોમાં વિહાર કરવો પડે. ॥૧૩૬૭॥ (મુંબઇ)

૧ બીજા પક્ષે મંજુર કર્યા શિવાય કરાર ગણનાર અને સહી કરનાર બુધવારીયા જ હોય. પુના અને અમદાવાદથી એક ડગલું હાલ્યા નથી જ. કમીટી દ્વારા લિખિત શાસ્ત્રાર્થ માટે વ્યવહાર બુધવારીયાઓએ કહ્યા છતાં પણ કર્યો નથી પોતાના પક્ષના

મનુષ્યો નાંખેલા હોય છતાં સર્વાનુમત નિર્ણયની વાત કરે તે બુધવારીયાઓને શોભે. * ઈન્ટરવ્યૂના જુઠાપણાને જગતે જાણી લીધું છે. * રતલામની હકીકત શ્રી હિતમુનિજી માટે કરેલ બુધવારની જાહેરાત જેવી થાય તો સત્યમુનિને વિચાર કરવો. * બુધવારીયાઓ તરફથી કેવા જુલમો થાય છે તે તો અમદાવાદ અને પાલીતાણા વગેરેની હકીકત જણાવે છે. * શ્રીમાન્ આદિમાંથી કોઈપણ ભાદરવા સુદ પાંચમરૂપ પર્વતિથિની હાનિ કે વૃધ્ધિ કહી શકાય એવો એક પણ પુરાવો આપી શકયા નથી એ ચોકખું છે. * પુનમની વૃધ્ધિએ તેરસની વૃધ્ધિ બતાવનારી પ્રતો તો બુધવારીયાઓ પાસે પણ થોકબંધ છે જ. * જેને ભવાન્તરમાં જૈનકુલ પામવું હોય તે તો વીરશાસનને કથીર શાસન બનાવે જ કેમ ? ॥૧૩૬૮॥ (મુંબઇ સ.)

૧ સોસાયટી ઉપર સાધારણરીતે થયેલા આક્ષેપોનો બચાવ નથી * વળી ખંભાતની સોસાયટીના માનદ મંત્રીયોની સહીવાળું તા. ૨૨-૫-૩૭નું હેંડબીલ યાદ કરી વાંચી જોયું હોત તો વાર્ષિક ઉત્સવમાં ખોટા બચાવ ન જ કરાત * વસ્તુએ ધર્મપ્રિયતા-વાળાનો અમહકાર વ્યાજબી જ છે, અને તે ન બને તો સોસાયટીનું વિસર્જન જે જણાવાયું છે તે વ્યાજબી છે (અમ. સોસા. પ્રમુખ)

૧ પર્વતિથિની ક્ષયવૃધ્ધિએ પૂર્વ અપર્વની અને દ્વિતીયપર્વની ક્ષયવુધ્ધિએ પૂર્વતર અપર્વની ક્ષયવુધ્ધિની પરંપરા છે. અને શ્રી હીરપ્રશ્ન-તત્ત્વતરંગિણી આદિ પણ તેને જ અનુકૂલ છે આરાધનામાં ભેળી તિથિ માનવી, બે પર્વો ભેળાં માની એક પર્વનો પૌષધ લેાપવો તથા પ્હેલી પર્વતિથિને આરાધનામાં પર્વતિથિના નામે માનવી અને બેાખું માનવી એવો એક પણ પાઠ નથી. માટે ગુરૂવારે જ સંવચ્છરી કરવી એ આરાધકનું લક્ષણ છે * વિહાર કરી બુધવારવાળા આવ્યા હોત, પ્રતિનિધિપણાનું બ્હાનું ન લીધું હોત અને કમીટી માની હોત તો ગુરુવાર થાપવા વિહાર કર્યો હતો (હોત) તે શાસ્ત્રાર્થથી ગુરૂવાર જ સાબીત થાત લિખિતમાં પણ કમીટી માની ખુલાસા થઈ નિર્ણય લાવવા માન્યું હોત તો પણ ગુરૂવાર જ સાબીત થાત. * ભગવાન્ મહાવીરના શિષ્ય એકાદશાંગી છતાં મિથ્યાત્વી થયા તેમાં કટુક ફલ કોને મળ્યાં ? (પાલીતાણા-ધર્મશાળા)

૧ શ્રી ભદ્રબાહુજી શ્રુતકેવલી સાક્ષાત્ છે માટે તેમને કલ્પિકાલસર્વજ્ઞ કહેવા તે ઉંચું નહિ પણ હલકું છે. ॥૧૩૬૯॥

૨ ખરતરોના 'ગણધરસાર્ધશતક'માં જ જિનદત્ત, ઔષ્ટ્રિકીવિદ્યાથી પાટણમાંથી જાવાલ ગયા એ ચોકખું લખેલ છે શું ઉંટડીને વિદ્યારૂપ આપ્યું ? ॥૧૩૭૦॥

૩ આગમોમાં બીજ આષાઢે ચોમાસી થવાનું છે તો બીજી તિથિ અને માસને ન માનતાં પ્હેલી તિથિ અને માસને માનનારા અને થાપનારા શાસનના વિરોધી ગણાય જ. ॥૧૩૭૧॥

૪ શાસ્ત્રીયદ્રષ્ટિએ બીજા ભાદરવા સુદની પહેલાનો કૃષ્ણપક્ષ બીજા ભાદરવાનો ન ગણે તેવા અણસમજુઓની ખરતરસમિતિ કદર કરે. ॥૧૩૭૨॥

૫ આગમોદય સમિતિના આગમોનું શુદ્ધિપત્રક કરતાં કોઇ રોકે જ નહિ. અનેક પ્રતોથી મેળવીને જ તે છપાયેલ છે. ॥૧૩૭૩॥

૬ ખરતરો પોતે કબૂલ કરે છે કે– अतिशयेन खराः खरतराः એમાં શાસનાનુસારિ તપાગચ્છવાળા નવું કહેતા નથી. ॥૧૩૭૪॥

૭ न घोएज्जा આદિ પાઠો મુદ્રિત આચારાંગમાં અનેક સ્થાને છે, છતાં ન દેખે તેને કેવો ગણવો ? જુઠું અને यद्वा तद्वा લખાણ તમારૂં દર્પણ છે (ખર. સમિતિ)

૧ આષાઢી ચોમાસીપ્રતિક્રમણથી સાંવત્સરિકપ્રતિક્રમણની વચમાં પચાસ દિવસ જોઇએ એ સર્વસંમત છે. હવે ચૌદશનો ક્ષય હોય અને તેરશે ચૌમાસી કરે તેઓને ઉદય તેરશે ટીપનામાં હતી છતાં ચૌદશ માનવાથી સંવચ્છરીએ એકાવન દિવસ નહિં થાય તેમ પુનમ તેરસના હિસાબે બે પાંચમ હોવાથી બે ત્રીજ માનતાં ગુરૂવારે એકાવન તિથિ નહિં થાય.

શાસ્ત્રકારો આરાધનામાં પર્વતિથિની હાનિ પણ નહિ માને અને વૃદ્ધિ પણ નહિ માને એ જૈનોની રીતિ સમજવી જરૂરી છે. (પુના–મગનલાલ)

¤ ¤ ¤

**સિદ્ધચક્ર વર્ષ ૫ અંક ૨૪ સં. ૧૯૯૩ ભા.વ.૦)) સમાલોચના**

૧ મહિનાઓ થઈ ગયા છતાં અને અનેકવખત ખુલ્લારૂપે પૂછવામાં આવ્યું હોવા છતાં હજુ સુધી કોઈ પણ બુધવાર પક્ષવાળા 'અમુક પક્ષે અમુક તિથિ વધવાનું અમુક જૈન જ્યોતિષ્ક શાસ્ત્રકારે કહ્યું છે' એમ જૈન જ્યોતિષની અપેક્ષાએ કેમ જણાવતા નથી ? ॥૧૩૭૫॥

૨ જૈનાગમમાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ આરાધનામાં ન મનાય માટે જ क्षये. આદિનો પ્રઘોષ દશ પૂર્વધર કે–જેનું વચન આગમરૂપ ગણી શકાય એવા શ્રી ઉમાસ્વાતિનો સર્વ કબૂલ કરે છે. ॥૧૩૭૬॥

**૩ ૧૯૫૨થી કલ્પિતપણે ભાદરવા સુદ પાંચમરૂપ પર્વની ક્ષય વૃદ્ધિ માનનારા જાગ્યા છે.** સત્તરમી સદીના સ્પષ્ટ લેખો છે કે–પર્વતિથિની ક્ષય વૃદ્ધિ ટીપનામાં હોય ત્યારે પૂર્વના અપર્વની ક્ષવૃયદ્ધિ કરાય. અને પરંપરા પણ પુનમની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષયવૃદ્ધિ કરવાની છે. આવું સ્પષ્ટ હોવા છતાં ભાવનના ચીલાને વળગે તેની સ્થિતિ જ્ઞાની જ જાણે. ॥૧૩૭૬॥

૪ ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજની ક્ષય-વૃદ્ધિ માનનારાઓને તો સંવચ્છરી પછી પાંચમના દિવસથી ૩૬૦ રાઇન્દિયાણુંની શરૂઆત થશે; પરંતુ પર્વતિથિ હોવા છતાં પંચમીનો ક્ષય માનનારાઓને તો શકુનમાં મીંડું રહેશે અને વૃદ્ધિ માનનારને ખોખામાં જ ખેંચાવું પડશે

૫ કાર્ત્તિક સુદ એકમના ક્ષયે આસો વદ ૦)) એ શ્રી ગૌતમસ્વામીનું કેવલજ્ઞાન માનીને પડવો માનનાર વર્ષભેદનું નામ શું વિચારીને લઈ શકે ? ॥૧૩૭૮॥

૬ શાસ્ત્રમાત્રના અર્થમાં પણ આગમ શબ્દ વપરાય, તે ન સમજતાં પીસ્તાલીશ આગમની જ સાક્ષી માનનારા તત્ત્વથી ઈતરશાસ્ત્ર લોપક ન બને તો સારૂં (વીર ?)



## સિદ્ધચક્ર પંચમવર્ષની વિષયસૂચિ પૃ. ૪ સમાલોચના

૧ શ્રી તત્ત્વતરંગિણીકારે 'ચૌદશના ક્ષયે તેરશનું નામ પણ ન લેવાય અને આરાધનામાં ચૌદશ જ છે' એમ કહેવાનો રીવાજ છે તથા તે દિવસે તેરશ ગણનારો મૂર્ખશિરોમણિ છે એમ સ્પષ્ટ કહેલું હોવાથી તેરશ ચૌદશ આદિને ભેળાં માનનાર અને લખનાર, પરંપરા અને શાસ્ત્રથી વિરૂદ્ધ જ છે ॥૧૩૭૯॥

૨ શ્રી હીરસૂરિજી મહારાજ એકજ બીજી તિથિને ઔદયિકી એટલે ઉદયવાળી માને છે અને ઉદયને આધારે જ તિથિનો વ્યવહાર માને છે. માટે પુનમ આદિ બેવડી માનનારા શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ જ છે ॥૧૩૮૦॥

૩ શ્રીમાન્ કલ્યાણવિજયજીને 'સંશોધકને મોકલી ખાતરી કરવા અને જુઠા કલંક દેનારની અધમતામાંથી નીકળવા 'જાહેર આહ્વાન કર્યા છતાં તેઓ ચૂપ જ રહ્યા છે. રાધનપુર પ્રત પાછી ન મોકલાય એટલામાં તેઓએ જુઠાપણાથી બચવા ઉદ્યમ કરવો ॥૧૩૮૧॥

૪ 'તિથિ હાનિ-વૃદ્ધિ વિચાર' અને શાસ્ત્રીયપુરાવા' 'પુનમ પાંચમની ક્ષયવૃદ્ધિએ તેરશ ત્રીજની ક્ષયવૃદ્ધિની પરંપરાને મળતા જાહેર થયા જ છે; પણ હજુ સુધી બુધવારવાળાઓએ અનેક ચોપડીઓ અને લેખો બહાર પાડ્યા છતાં એકપણ પૂરાવો 'ભાદરવા સુદિ પાંચમને પર્વતિથિ ન માનવી અથવા તેની ક્ષયવુદ્ધિ માનવી' એ બાબતનો આપ્યો નથી એ ચોકખું જ છે. **માત્ર ૧૯૫૨માં છાણીમાં રહેલા મહાશયે ભાદરવા સુદ પાંચમનો ક્ષય માનવાનું શરૂ કર્યું** અને તેથી તે મહાશયને અનુસરનારાઓને વૃધ્ધિ પણ માનવી પડે છે ! બાકી તો આખા તપાગચ્છે તે પાંચમનો ક્ષય કે વુધ્ધિ માન્યા જ નથી. ॥૧૩૮૨॥

તા.ક. :- જે વસ્તુના ઉત્તરો એકના ઉત્તરથી આવી જાય અને તેથી જુદા ન અપાય તો અનુત્તરપણું કે કબુલાત ગણનારા સમજણથી દુર ગણાય. ઉદયથી ક્ષીણ પર્વ માનનારા પર્વાપર્વમિશ્ર કહે તેમ વાસ્તવિક સ્થિતિ અને તસ્યા એવા એકવચનને ન સમજે તેને કેવાં કહેવા ? (વીર (?) શુ. ૯)

(સિદ્ધચક્ર વર્ષ ૬ અંક ૨ સં. ૧૯૯૩ આ.વ. ૦)) સમાલોચના

૧ જોધપુરનું પંચાંગ અને તેમાં બે પાંચમની કબુલાત કરે છે. (એટલે બીજા ટીપણાં લીધાં તે ભુલ કરી છે )

૨ 'બે બીજ આદિ હોય ત્યારે બે એકમ લખવા-મનવાનો રીવાજ ચાલીસ વર્ષનો છે અને તે પણ અનાભોગવશ છે' એ માનનારે ૧૮૯૫નો બે પૂનમે બે તેરસ કરવાનો લેખ વાંચવો વિચારવો ચોપડાનું લખાણ તો અત્યારે પણ પર્વતિથિની ક્ષયવૃધ્ધિવાળું જ હોય છે ॥૧૩૮૩॥

૩ શ્રી તપાગચ્છની માન્યતા જણાવનાર અને આણસૂર વિરૂદ્ધ ફકતશ્રી દેવસૂરગચ્છી-ઓ જ છે, તે પાનામાં વૃધ્ધિવાળો શ્રી હીરપ્રશ્નનો પ્રશ્ન છે એમ કહેવું જુઠું છે શ્રી હીરસૂરિજી બીજા પર્વને ઔદયિક ગણાવે છે છતાં પહેલાને પણ ઔદયિક ગણી બીજ આદિ ગણનારની શી ગતિ ? ॥૧૩૮૪॥

૪ કોઇપણ ગ્રંથનો પાઠ બે પુનમે બે તેરશ ન થાય એવો કોઈ દેખાડાતો નથી. ખરતરની ચર્ચા તપાગચ્છના રીવાજને લાગુ ન કરાય. ॥૧૩૮૫॥

૫ ક્ષયે નો પ્રઘોષ અપવાદ છે એટલેજ ઉત્તર બીજ આદિ સિવાય તે બીજ આદિ તરીકે કહેનારા વિરાધક થાય.

૬ ૧૪/૧૫ ભેળા માનનાર એક પૌષધાદિ દિનકૃત્યરૂપ ધર્મના લોપક હોવા સાથે શ્રી હીરસૂરિજીના ત્રયોદશીચતુર્દશ્યોઃના તત્ત્વને તથા પુનમના ક્ષયે ચઉદશને પુનમ માનીને જ ભોગ, સત્વ, વિદ્યમાનત્વ જેવા સામાન્ય શબ્દોથી વિશેષ વાસ્તવી શબ્દ ધર્યો છે તેને લોપનારા છે. ટીપનાની ચઉદશે પુનમનું આરાધન થાય છે જ ઉદયતેરશે ક્ષીણ ચૌદશ મનાય છે.

૭ શ્રી હીરપ્રશ્નમાં એકલા પુનમના તપનો જ પ્રશ્ન છે. અને ત્યાં ત્રયોદશ્યાં એવું નથી જ. વળી નવીનોને તો બે તપનો પ્રશ્ન હોય તો પણ ચતુર્દશ્યાં એમ જ કહેવું જોઈએ.

૮ શ્રી રૂપવિજયજીએ તે પ્રશ્નોત્તરમાં જ ચોમાસી પુનમના ક્ષયે તેરશનો ક્ષયે કરવાનો કહેલો જ છે. જુઓ–સાંવત્સરિક પર્વતિથિ વિચારણા પૃષ્ઠ ૬૭, એ માનનારને બે પુનમે બે તેરશ કરવી જ પડે મૂલો નાસ્તિ એ ગ્રામ્ય વાકય છે.

૯ પુનમનું તપ તેરસે કરવાનું શ્રી હીરસૂરિજીને નામે કહેનારા જુઠા છે જોડે એકસી ચૌદશ જ પાળવી એમ કહેનાર તો ઉત્થાપક જ છે.

૧૦ પુનમના ક્ષયે તેરશે ચૌદશ અને ચૌદશે પુનમ કરવાનું તો મૂળથી ચાલતું જ હતું તેમાં 'પડવા'ની પકકડ કરનાર આણસૂરથી ઝગડો જન્મ્યો અને તે શમ્યો. ત્યારે આ પર્વતિથિનો ક્ષય પકડનારાનવા પાકયા ! તેથી ઝગડો દેશભરમાં જન્મ્યો છે

૧૧ શ્રી હીરસૂરિજીએ પૂનમનું તપ તેરશે કરવાનું જણાવ્યું હોય તો ત્રયોદશ્યાં એમ જ કહેત. વળી પર્વલોપકોની અપેક્ષાએ તો 'ચઉદશથી સરે' એમ જ કહેત.

૧૨ આણસૂરવાળા તો પડવાનો ક્ષય, પુનમના ક્ષયે કરે છે છતાં નવીનોની માફક તેરશે પુનમનું તપ કરી પુનમ કરે અને તેરશ પછી ચૌદશ કરે તો પુનમ પછી ચૌદશ જ માનેલું કહેવાય માટે તેને ભ્રમ કરનાર (કહેનાર) ભ્રમિત હોય.

૧૩ અનાદિ અનંતકાલીન ઔદયિક ચતુર્દશી બોલનારા તેના ક્ષયમાં કયાંથી સાચા થશે ? ક્ષયવૃદ્ધિ પ્રસંગ શિવાય તો ઔદયિક ચૌદશ જ મનાય છે; પણ જો ચૌદશે પહેલીનેં ઉદયવાળી માનીને નહિ આરાધે તેનું શું થશે ? ઔદયિકી શબ્દનો સમાપ્તિયુકત ઉદય એવો અર્થ માનનાર નન્વૌદયિક વાળો પાઠ જુવે તો સારૂં.

૧૪ આણસૂરવાળા પુનમની જગો પર પડવો વધારી ખરતરના ખોળે બેસે અને તેથી તેને જુઠા જણાવાય; પણ શ્રી દેવસૂરવાળા તો શ્રીહીરસૂરિજીના વચનથી વૃદ્ધિમાં એકને જ ઔદયિક માને છે તે વ્યામોહ છે છતાં તેને જુઠો કહેનાર મનુષ્ય, આચાર્ય-વચન અને પર પરાનો ઉત્થાપક જ થાય. જો ચઉદશના ક્ષયે ઉદય વખત ચૌદશ માનવામાં અને તેરશ નહિ માનવામાં શાસ્ત્રાજ્ઞા છે તો પછી તિથિના નામે મૃષાવાદ કહેનાર શાસ્ત્રાજ્ઞાનો લોપક જ ગણાય. કલ્યાણકતિથિ પ્રાયે તપમાત્રથી આરાધાય છે અને (તે બે–ત્રણ આદિના) એકઠી આરાધના થઇ શકે છે એ વાત ઘણી વખત જાહેર થઈ છે. ચૌદશાદિથી કલ્યાણકની આરાધ્યતા જુદી જાતની છે.

૧૫ લૌકિટીપનાની અપેક્ષાના લખાણને આરાધનામાં માનનારે વિચાર કરવો. શ્લોક વાળામાં પણ બોબા બીજ વગેરે નથી લખ્યું તેમ પર્વતિથિના ક્ષય જ લખાયા છે. ટીપનાને સંસ્કારિત કરીને જ આરાધના માટે પંચાંગ લખાય છે અને તેથીજ ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરશે તેરશ માનનાર આરાધકને મૂર્ખશિરોમણી તરીકે તત્વ.માં સ્પષ્ટપણે કહ્યો છે. નવીનો તે દશામાં ન જાય તો સારૂં.

૧૬ શ્રી હીરસુરિજીએ त्रयोदशीचतुर्दश्योः અને तत्व માં वास्तव्यव स्थितिः એમ સ્પષ્ટ કહ્યું છે તેથી પુનમના ક્ષયે તેરસનો ક્ષય જ સ્પષ્ટ છે અને તેથીજ કલ્યાણકના આરાધક, તપ માત્ર કરનારા હોય છે. એમ સ્પષ્ટ કહ્યું છે. દિન અનુષ્ઠાન, તિથિક્ષયે ઉડે પણ પર્વાનુષ્ઠાન તો પર્વના ક્ષયે પણ ન ઉડે એ સહેલી વાત ક્ષયે.ના પાઠને સમજે તો સમજે. **શું તિથિવૃદ્ધિથી દિનાનુષ્ઠાન વધે છે તેમ નવામતીયાઓ પર્વવૃદ્ધિએ પર્વાનુષ્ઠાન વધારે છે ?**

૧૭ ચૌદશ પુનમ આદિ તિથિઓ પૌષધથી આરાધાય છે અને તપની માફક એ પૌષધ સાથે ન ઉચ્ચરાય એ પણ તમારે કબુલ છે તેથી પુનમની ક્ષયવૃદ્ધિ કરવી જ પડશે. પુનમના ક્ષયે ચૌદશથી સરે એ વાત કહેનાર તો હીરપ્રશ્ન અને તત્ત્વતરંગિણીથી જુઠો ઠરે છે અને દેવસુરિ તથા આણસુરથી જુદો થઈ मुरारेस्तृतीयपः न्याः વાળો જ થાયછે.

૧૮ ખરતરોને પુનમના ક્ષયે છઠમાં આગલો દિવસ લેવો જ પડે એ ચોકખું જ છે વળી જેમ શકિત વગરની વાત મુખ્ય માર્ગમાં લાવનાર ઉન્માર્ગી થાય તેમ ભૂલની વાત મુખ્યમાં લે તેનું પણ તેમ જ થાય. (અંદર ઉત્તર આવી જાય તે નથી આપ્યા બાકી ભાદરવા સુદ પાંચમ. એ પર્વ છે તેથી તેની ક્ષયવૃદ્ધિએ ત્રીજની ક્ષયવૃદ્ધિ કરવી એ જ જુના લેખો અને પરંપરાને આધારે સત્ય છે ॥૧૩૮૬॥ (વીર ? અજ્ઞાન)

❀ ❀ ❀

**સિદ્ધચક્ર વર્ષ ૬ અંક ૩ સં. ૧૯૯૪ કા. શુ. ૧૫ સમાલોચના**

૧ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ, શ્રીકલ્પ.ની અપેક્ષાએ એોગણચાલીશમી પાટે આવે અને દેશિગણિના શિષ્ય ગણાય. દેવદુષ્યના શિષ્ય દેવવાચક, શ્રી નંદીસૂત્રને કરનારા છે. ॥૧૩૮૪॥

૨ શ્રી હરિભદ્રજીએ કરેલી તરીકે છપાએલી ટીકામાં જ તે ટીકાનો જે આદ્ય ભાગ છે તે શ્રી સિદ્ધસેનજી કરતાં પહેલાંનો છે અને તે ભાગ, યાકિની મહત્તરા સુનુનો રચના ઉપરથી અને પ્રાકૃતની સાક્ષી ઉપરથી જણાય છે. ॥૧૩૮૫॥

**૩ ચતુર્થીની સંવચ્છરી ચલાવનાર શ્રી કાલકાચાર્ય, ચૂર્ણિકાર કરતાં પહેલાં થયા છે. મલધારી શ્રી હેમચંદ્રસૂરિજીની પુષ્પમાલા પ્રમાણે પણ તેઓ વિક્રમ કરતાં પહેલાના હતા.** ॥૧૩૮૯॥

૪ દેશ નેતાને તે તરીકે જોવામાં પણ ધર્મ તો ન કહેવાય, પણ મિથ્યાત્વ કહેવાય નહિ.

૫ શ્રી શત્રુંજય માહત્મ્યમાં ભગવાન શ્રી અજીતનાથે ગાર્હસ્થમાં પ્રતિમા પૂજી છે. ॥૧૩૯૦॥

૬ વીરપ્રભુના નિર્વાણની સાથે શ્રી ગૌતમસ્વામીનું કેવલજ્ઞાન માની દીવાળીની રાતેજ તેના દેવવંદાય એ નિયમ નથી. ॥૧૩૯૧॥

૭ ખરતરો ચઉદશના ક્ષયે પુનમે પકખી કરે છે. તેઓને ચોથના ક્ષયે પંચમી સ્વીકારવાની અનિષ્ટતા જણાવી છે. એટલે નથી તત્ત્વતરંગિણીકારને ચોથના ક્ષયે પાંચમ માનવાની અને નથી તો ખરતરોને માનવાની. બીજા પાઠમાં વૃદ્ધૌ ચ નાધાડપરા આરાધ્યા પાઠ છે. ॥૧૩૯૨॥

૮ સર્વધર્મપરિષદમાં ભાગ લેવાથી મિથ્યાત્વ છે એમ નહિ; પરંતુ હેલના જેવું કાંઇક થાય તો તે થાય.

૯ વાયુકાય અને અગ્નિની હિંસા સ્પષ્ટ છે. ॥૧૩૯૩॥

૧૦ વરખની ધાતુને થુંક લાગવાથી અપવિત્રતા ગણનારા કઈ ધાનતના હશે ? રૂપૈયા, રૂપું, સોનું વગેરે ઘરમાં કેમ રાખે છે ? ભક્તિથી ભડકાવવાની રીતિ છે ॥૧૩૯૪॥

૧૧ શુદ્ધ કેસર મેળવવું. એકલા સુખડની વાત કરનારાઓએ શુદ્ધ કેસર ન મળે ત્યાં સુધી વિગયો ત્યાગ કરી ? માત્ર ભક્તિ છોડવી છે ! ઘીમાં ચરબીઓ ઘણી આવે છે તેથી ઘી કેટલાઓએ છોડયું ? ॥૧૩૯૫॥

૧૨ 'હિંસાથી ઉત્પન્ન થયેલી ચીજોથી પૂજામાં આશાતના થાય' એવું કહેનારે હાથીદાંતનાં મંદિર, કસ્તુરીનું વિલેપન વગેરે વિચારવું. જીવોના મોત કરનારી રેલ્વે અને મોટરો નહિં છોડી અને પૂજાના સાધનમાં ખોટાં છિંડાં કહાડવા એ ધર્મીઓને શોભે નહિં ॥૧૩૯૬॥

૧૩ નંદી તરીકે ગણાતાં વાજિંત્રોમાં ચર્માવનદ્ધ કાહલા આદિ સ્પષ્ટ કહ્યાં છે. ॥૧૩૯૭॥

૧૪ જૈન કહેવાની ઈચ્છાવાળાએ તત્ત્વાર્થ, પ્રમાણનયતત્ત્વ, અનેકાંતજયપતાકા આદિનો ક્રમસર અભ્યાસ કર્યા પછી જ મુક્તાવલી આદિ ભણવાં. ॥૧૩૯૮॥

૧૫ તેના અભ્યાસની મદદ એ કે પરીક્ષાના ઇનામો, નવી નવી શાળાઓ અને તેના ઇનામવાળા નિબંધો.

૧૬ જલદી અને જરૂર એક શ્રદ્ધાવાન શિક્ષિતોની સમિતિ, પ્રતીકાર માટે સ્થાપવી. સારૂં અને સજ્જડ એવા પ્રતિપાદન શૈલી તેમજ ખંડન શૈલીથી સાહિત્ય લખી સસ્તામાં સસ્તી કિંમતે અગર મફત ફેલાવવું.

૧૭ છપાયેલા અને નહિં છપાયેલા તમામનો ઉદ્ધાર કરવા માટે સસ્તી કિંમતે ટકાઉ કાગળો પૂરા પાડવા, લહીઆઓ રોકી સસ્તાભાવે ઉદ્યાપનવાળાને મળે એવી સવડ કરવી

૧૮ પહેલો નિષ્પક્ષપણે બારીક નિર્ણય કરવો અને તે કહેવાતી હકીકત સાચી ઠરે તો તે વ્યકિતને શુદ્ધ થવા માટે સામાદિથી જરૂર કહેવું (મહેસાણા-વાડીલાલ)

૧ પર્યુષણા દશાશતક વગેરે જહેને ઘેર જલશરણ થાય તેની નિરૂત્તરતાની જ નિશાની છે. ॥૧૩૯૯॥

૨ હેડીંગનાં લખાણો અન્યનાં છે એ સુજ્ઞથી સમજાય તેમ છે.

૩ યુગપ્રધાનનો અર્થ વર્ત્તમાન શાસ્ત્રપારંગત એવો શાસ્ત્રકારો કહેજ છે ॥૧૪૦૦॥

૪ ભગવાન અભયદેવસૂરિજી વખતે કલ્યાણક આદિનો મતભેદ હતો જ નહિ. આવા સંઘને જિનપૂજા (નો નિષેધ) વાઘની ઉપમાથી કુર ગણનાર એવા જિનવલ્લભ આદિથી તે થયો છે. ॥૧૪૦૧॥ (મુંબઇ-ખર.)

❀ ❀ ❀

## સિદ્ધચક્ર વર્ષ ૬ અંક ૨ સં. ૧૯૯૪ ફા.વ. ૦))=ચૈ.શુ. ૧૫

## આંધળે બહેરૂં કુટવાનો ધંધો

૧ કથીર શાસને તા. ૨૫-૩-૩૮ના પેપરમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે- 'અમો પૂજ્ય ઉપાધ્યાય ક્ષમાવિજયજી પાસેથી તિથિના મતભેદ સંબધી પાલીતાણામાં થએલી ચર્ચાનો ખુલાસો મેળવી શકયા નથી' જો કે-તે હકીકત તેની પહેલાના રવિવાર કરતાં અગાઉ થવા પામેલી છે અને જાહેર પેપરમાં અત્યંત આવી ગયેલી છે છતાં તેઓએ એટલી મુદત સુધી ખુલાસો નહિં મગાવ્યો હોય એ વાત તો એમના કાળજા વિનાના વાંચકો પણ માની શકે તેમ નથી.

૨ ખરી રીતે તો પાલીતાણાથી મળેલા સમાચારને ઉથલાવવા માટે જ આ તંત્રીનો પ્રયત્ન છે એ ચોકખું છે. તંત્રીએ ધ્યાનમાં રાખવું કે- અત એવની ચેલેન્જ વખતે તો સમાલોચના કબુલ કરીને અમદાવાદ ખાતે છોકરૂં થઈ છૂટયા હતા !' "आकालम्"ની ચેલેન્જ વખતે વીરમગામ નહિં આવતા બારોબાર ખંભાત ગયા હતા ! તથા તિથિના મતભેદની ચર્ચા વખતે મુંબઈથી પણ આગલ ચાલ્યા ગયા હતા તે જગજાહેર અને જાણીતી વાત છે. અંક અશે પણ કથીર શાસનના કાંધીયામાં તાકાત હોત તો બહાદુરીભરી પીછેહઠનો ધંધો ન રાખતાં સન્મુખ આવી સમાગમ કરી નિર્ણયનો જ રસ્તો લેત. ॥૧૪૦૨॥

૩ બુધવારપક્ષ તરફથી આગળ મુંબઈ સમાચારમાં આવ્યુ તે પણ ઉચિત શબ્દો શિવાયનું જ લખાણ થયું છે તે તેમની ઈર્ષ્યાગ્નિને જણાવનારૂં છે અને સ્પષ્ટપણે તે કથીર શાસનના કાંધીયા, ભાદરવા શુદ પાંચમના ક્ષયે કે વૃધ્ધિએ ત્રીજની ક્ષય વૃધ્ધિ ન થાય એવું સાબત કરવાને એક અંશે પણ તૈયાર નથી એવું સુજ્ઞ મનુષ્યો સ્હેજે સમજી શકે તેમ છે. કારણ કે તેમાં કહ્યું છે કે-મુંબઈ આવવું થાય તો અને ચર્ચા થાય તો પણ નિર્ણય થયો નહિં ગણાય.

૪ તે બુધવારીયાના ઉપાધ્યાયના તો રૂબરૂ ચર્ચામાં લાભ નથી એવી કાયમ ધારણા વાળા છે એમ ખુલ્લું થયું છે. જો કે ચેલેંજ આપવામાં તો તે પણ કાંધીયાની માફક શૂરા જ હતા.

૫ જે મહાનુભાવને જુઠા કલંક દેનારની અધમતાની કોટિમાંથી નીકલવા માટે સજ્જડ લખવામાં આવ્યુ તો પણ પોતાની વાતને સાબીત કરવા પ્રયત્ન કર્યો નહિ અને મૌન જ સેવ્યું ! એવાનું નામ લઈ કથીર શાસનના પ્રભુ તંત્રી દ્વારાએ છુટવા માગે છે એ દૌર્ભાગ્ય નથી જ એક પણ વખત કથીરશાસના પ્રભુએ નથી તો ચેલેન્જ ઝીલી અને નથી તો ચેલેંજ ઝીલી ત્યારે ઉભા રહ્યા. એ કથીર શાસનના તંત્રી સમજ્યા હોત તો ખોટું ન લખત હજુ પણ તંત્રી તેમને પાલીતાણે લાવી મુદત મધ્યસ્થ આદિ સાથે સર્વ મતભેદ બાબત પ્રતિજ્ઞાપત્ર બહાર પડાવી શકે છે

**તા.ક.** ભૂતકાલની વાતો અમે અત્યારે તાજી કરવાના જ નહોતા; પરંતુ કથીર...ના તંત્રીએ એમ કરવા ફરજ પાડી છે. (કથીર....)

¤ ¤ ¤

**સિદ્ધચક્ર વર્ષ ૬ અંક ૧૫ સં. ૧૯૯૪ વૈ.શુ. ૧૫ સમાલોચના**

૧ 'ન ચ પ્રાક્ વાક્યથી વિરોધનું ઉદ્ભાવન મહોપાધ્યાયજીએ ખરતરો સામે કરેલું નથી; કિંતુ ખરતરોએ મહોપાધ્યાયજી સામે કરેલું છે' એટલું પણ જેને સમજાયું નથી તેના ખુલ્લાપત્રની કિંમત જ શી ? ખરતરો તેરસે ક્ષીણ પાક્ષિક કરતા જ નથી અને મહોપાધ્યાયજી ચૌદશના ક્ષયે તેરશને ચૌદશ જ છે એમ કહેવાનું કહે છે એટલે ગૌણપણે પણ તેરશ માનવાની ના કહે છે માટે વિરોધ લવાયો છે. આ વસ્તુ સમજાય અને મનાય તો બુધવારીયાઓને પરંપરા અને શાસ્ત્ર એ બંને ઉડાવવાં પડે નહિ અને તટસ્થતા, અનુભવ તથા ખુલ્લાપણું લાજે નહિ.

૨ બીજના ક્ષયે બારશના ક્ષયનો નિષેધ કરવા એકમ સાથે જોડેલ બીજના નામે ભેળસેળીયા બની શાસ્ત્ર પરંપરા ન ઉઠાવાય.

૩ શ્રીમાન્....વાળો ફોટો સંસ્કારવિનાનો છે, તેથી તેરશ કહેનાર મૂર્ખશિરોમણિ ગણાય એ સંસ્કારનું વાકય અબાધિત જ છે.

૪ તત્ત્વતરંગિણીમાંથી શાસ્ત્રવિરોધ દેખાડયા શિવાય તેની અપ્રમાણિકતાનું વાકય બકવાદ જ ગણાય. ચઉદશના ક્ષયે તેરશને તેરશ કહેનારને મુર્ખશિરોમણિ તરીકે જણાવેલ જ છે. **તપગચ્છની સાચી માન્યતાને સત્ય સ્વરૂપે જણાવી તેની ઉપરના આક્ષેપોનું સમાધાન કરનાર એ એક જ હતા અને તેથી અનુપમ સ્તંભ કહેવાય બીજાઓ જે શાસનના શત્રુઓને વહાલો થનાર હોય તેને તે ન ગમે તે સ્વાભાવિક જ છે.** ॥૧૪૦૩॥

卐 卐 卐

૧ તિથિસંધી લેખોની જુદી નકલો કહાડવાની હોવાથી નામનો સ્પષ્ટ નિર્દેશ કરાય અને તેથી કદાગ્રહી વાચકને પણ બોલાવું ન પડે.

૨ ભૂલો થાય જ નહિં એવું કદી લખાયું જ નથી; પરંતુ બીજાની જવાબદારીને નામે તો સાચો છટકી શકે જ નહિ

૩ મુખ્ય નિષેધ કરનારે **मोत्तुं पुराणसड्ढे** નો પાઠ ચૂર્ણિ સાથે જોવો. ॥૧૪૦૪॥

૪ સુરત તરફ અત એવ ના બોટા કાગળો લખનાર ને લખાવનાર બચી શકયા નહિં જ. ॥૧૪૦૫॥

૫ પરીક્ષા માટે છ માસનો આગ્રહ સેવનાર સંમેલનમાં ટકયા નહિં જ. ॥૧૪૦૬॥

૬ વાધણનો સુધારો ન જોયો હોય તો હજુપણ પેપરમાં જોવો.

૭ સુરતની અષ્ટમાષ્ટ અભેદવાદીઓની પીછેહઠ માટેનો એક સદ્ગૃહસ્થનો કાગલ પણ તૈયાર છે. આવો તો બતાવાય. ॥૧૪૦૭॥

૮ ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ત્રીજની જ ક્ષયવૃદ્ધિ થાય તેમ પુનમ અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરશની ક્ષયવૃદ્ધિ થાય એ પરંપરા તથા હીરપ્રશ્નાદિ શાસ્ત્રો સાથે **શાસ્ત્રીય પુરાવા** થી જાહેર છતાં 'કયાંય કહ્યું નથી' એવું કહેનાર શૂન્યમનસ્ક જ હોય.

૯ તે અનુવાદકને અભ્યુપગમ્ય અને પ્રામાણિક ગણનારે નીચેના ખુલાસા કરવા.

(૧)તે ચાર પર્વી આઠમ ચૌદશ છે. (૨) કર્મમાસ અને સૂર્યમાસ વચ્ચે છ દિવસનું અંતર ન લેતાં છ તિથિનું આંતર લે છે. (૩) કર્મ અને સૂર્યથી તિથિની ઉત્પત્તિ હોય છે (૪) છ વૃદ્ધિતિથિઓ આવે છે (૫) તમામ તિથિઓને વૃદ્ધિના રોગમાંથી પસાર થવું પડે છે. (૬) જૈન પંચાંગોમાં....પર્વતિથિની વૃદ્ધિ આવતી હતી (૭) બીજાં પંચાંગો ઉપર આધાર કે આગ્રહ રાખવો ખોટો છે (૮) પર્વતિથિ વૃદ્ધિ પણ આવે છે. (૯) જે પર્વતિથિની....લાગુ કરાય જ નહિ (૧૦) તત્ર૦ અને કિન્તુ૦ વાકયો જુદા છતાં એક વાકય કરી ખોટો અર્થ કર્યો છે. (૧૧) તેરસ હોવા છતાં આ વાકય કલ્પિત છે. (૧૨) चतुर्दश्या एव व्यपदेशो युक्तः આ વાકયનો ચઉદશનું જ નામ કહેવું એ વ્યાજબી છે એમ અહિં નહિ કરતાં ચઉદશ જ એવો અનુવાદ છે તે સત્ય નથી. (૧૩) શાસ્ત્રકારે તો એમ બે વાતો કહી છે. (૧૪) ટીકાકાર મહારાજે...એમ બે વાત કરત જ નહિ. (૧૫) શાસ્ત્રકાર આથી...પૂર્વતિથિનો કરવાનો નથી. (૧૬) જોકે આગમમાં....નથી. (૧૭) પકિખના દિવસે જ પકિખ કરાય (૧૮) સંવચ્છરીના દિવસે જ સંવચ્છરી કરાય (૧૯) પકિખ....શું કામ નહિ ? (કદિ કરી શકાય નહિ.) (૨૦) ચઉદશ ભેગી પુનમની આરાધના થઇ જાય છે. (૨૧) ચઉદશમાં પુનમની વાસ્તવિક સ્થિતિછે(૨૨) બેનું આરાધન ફરમાવ્યું છે. (૨૩) પુનમ ને ચઉદશ.... ભેગી આરાધન થઇ જાય છે. (૨૪) ભેગી લખવામાં બાધ નથી (૨૫) બન્ને તિથિયોનું આરાધન થઇ જાય છે. (૨૬) બીજીનો ક્ષય હોય કે...(૨૭) પ્રાય કરીને તપશ્ચર્યા વિશેષ કરવાના... (૨૮) ચઉમાસીના... પૂરો કરે છે. (૨૯) ભેગી આવી જાય (૩૦) બેની આરાધનામાં આવે છે. (૩૧) પૂનમનો ક્ષય આવે....અનિયત છે. (૩૨) જૈનમત....વૃદ્ધિ થાય છે (૩૩) જૈન....બોલાય પણ ખરી (૩૪) બારે....કલ્પનાં માત્ર છે. (૩૫) ક્ષીણ.... આરાધવાનું જણાવે છે (૩૬) ક્ષય.... જણાવતો નથી (૩૭) જો તે... જરૂર નથી (૩૮) તે દિવસે... કરવું. (૩૯) પૂર્વ... આરાધન થશે. (૪૦) તેરસ.... નથી (૪૧) સૂત્રવિરૂદ્ધ...વિરૂદ્ધ છે. (૪૨) શાસ્ત્રકાર....ના પાડે છે. (૪૩) પર વાદિને....ભૂલ્યા છે. (૪૪) ભાઈ....વિરૂદ્ધ થઈ શકે નહિં. (૪૫) બીજાદિનં....માટે છે? (૪૬) એ કોઇ....કરી દેવી. (૪૭) તમે અગ્યારસ....વિરોધ (૪૮) પહેલી....થઇ ગઈ. (૪૯) એકજ....આરાધન થઈ જાય છે (૫૦) ઔદયિક....કરતા નથી.

આ વગેરે સ્થાનો, જુઠાં અને કલ્પિત છે તે મનુષ્ય, જવાબદારી સાથે આવ્યો હોતે તો લિખિત ઉત્તરથી પણ સ્પષ્ટ થાત. ॥૧૪૦૮॥

૧૦ બુધવારીયાઓ કબુલ કરે છે કે- તેરશનો ચઉદશરૂપે કરવો. [ કહો સ્વીકાર કે–તેરશનો ક્ષય કબુલ કરવો.) ॥૧૪૦૯॥

૧૧ 'તેરશને ચૌદશ નામ આપેલું હોવાથી' એમ કહેવાથી તેરસ ન રહી' એ ચોકખુ પણ ન માનવું તે બુધવારીયાને શોભે. ॥૧૪૧૦॥

૧૨ 'તેરસ એવા નામનો પણ અસંભવ છે' એમ કહેવાથી તેરશને ક્ષય જ થાય. ॥૧૪૧૧॥

૧૩ ક્ષીણતિથિની સંજ્ઞાવાળી પણ કહેવાય.... એ વિરોધ છે એટલે જે 'તેરશ પણ છે' એમ કહેવું તે પણ વદતોવ્યાઘાત છે, તો ભેળી કહેવાનું કયાં રહ્યું ? અને ક્ષય કેમ ન થયો ? ॥૧૪૧૨॥

૧૪ ચતુઃપર્વી. પૂર્ણિમામાં આ વાકય એ આઠમ, એ ચૌદશની ચતુષ્પર્વીની માન્યતાને ખંડિત કરે છે. ॥૧૪૧૩॥

૧૫ 'અમાવાસ્યાએ પુણ્યતિથિરૂપે મહાકલ્યાણકપણે' આમ કહેનારે સૂયગડાંગટીકા બરોબર જોવી એટલે એ વ્યાખ્યા છે તે જણાશે.

૧૬ 'આઠમને તમે ફેરવીને માનો છો' એ વાકય જ સાતમનો પલટો જણાવે છે ॥૧૪૧૪॥

૧૭ 'નામપણ સંહન થતું નથી' એ વાકય, તિથિના નામ માટે જ છે ॥૧૪૧૫॥

૧૮ ક્ષય અને વૃદ્ધિ લખવામાં અન્યાય થાય માત્ર ચાર-પાંચ પૃષ્ઠમાં આવેલ અનુ ની હકીકત સમજનાર એ ત્રણેની જાણી જોઇને અવળે માર્ગે જાય છે એમ સમજી અદ્રષ્ટકલ્યાણુતા જ સમજશે. (અનુ સત્ય તટ)

૧ બુધવારીયાઓએ પર્વતિથિના ક્ષયે પર્વતિથિને અપર્વતિથિમાં ભેળવી છે એ જાહેર છે અને એ વસ્તુ જેમ પરંપરાથી વિરૂદ્ધ છે તેમ 'તેરસનું નામ પણ અસંભવિત છે' એ વગેરે શાસ્ત્રીય કથન હોવાથી શાસ્ત્રથી પણ વિરૂદ્ધ જ છે માટે ખંડન વ્યાજબી છે. કંકોતરીમાં બીજનો ક્ષય જાહેર કરી ધર્મની બગશ જણાવાઈ છે ! (વી૦ન૦)

卐卐卐

**સિદ્ધચક્ર વર્ષ ૬ અંક ૧૭ સં. ૧૯૯૪ જે. શુ. ૧૫ સમાલોચના**

૧ જૈનમાત્ર જ્યારે ક્ષણે ક્ષણે વિશિષ્ટતા માને ત્યારે કોઇપણ આત્મામાં કોઇપણ પ્રકારની વિશિષ્ઠતા કોઇપણ કાલે નવા પ્રકારની નથી આમ બોલવું કોને શોભે ? ॥૧૪૧૬॥

૨ ભગવાન્ હરિભદ્રસૂરિજી, સ્પષ્ટ શબ્દોથી ભગવાન્ તીર્થંકરનું 'આદ્ય સમ્યકત્વ' અને 'વરબોધિ' જુદાં જણાવે છે અને એ વાત અનેક વખત છાપાથી જાહેર થઇ છે; છતાં 'જે સમ્યકત્વ પામે છે તેને પણ વરબોધિ કહેવામાં આવે છે' આવું લખવું કોને શોભે ? ॥૧૪૧૭॥

૩ ત્રીજે ભવે એ તારકોના આત્માનું હૃદય ભાવદયામય ભાવનાથી (સુબોધ બને છે) આમ કહેનારે જિનનામની અંતઃ કોડાકોડ સાગરોપમસ્થિતિ છે તે વિચાર્યું નથી, અગર જિનનામકર્મમાં ભાવદયાથી તરબોળ થવાની જરૂર ગણી નથી. ॥૧૪૧૮॥

૪ ભગવાન્ હરિભદ્રસૂરિજી વગેરે તો ભગવાન્ તીર્થંકરોની ઉત્તમતામાં અશુદ્ધ અને શુદ્ધ રત્નની ઘટના કરી વિશિષ્ટતા માને છે, ત્યારે ભગવાનમાં તથાપ્રકારની વિશિષ્ટતા પહેલેથી જ હોય એમ કહી વિશિષ્ટતા ન માનનારને જૈન જનતા કેવો ગણે ? ॥૧૪૧૯॥

૫ 'અંતિમભવમાં આવવા માટે રચવે છે ગર્ભમાં રહી યથાવસરે જન્મે છે' આવું કહેનારા અવતારવાદી થાય અને જૈનપણામાંથી રાજીનામું દે. ॥૧૪૨૦॥

૬ એક વખત 'ભગવાન્ આરાધક હોય જ નહિ' એમ કહેનાર હવે 'આરાધના કરીને કેવલજ્ઞાન ઉપર્જન કરે છે' એમ માનવા લાગ્યા તે ઠીક છે. ॥૧૪૨૧॥

૭ 'ત્રીજે ભવે સેવેલી ભાવનાને યોગ્ય છે' આ કથન જિનનામ અજ્ઞાણપણા બંધની સ્થિતિ અને બંધના કારણોના કર્મના નાથી ગણાય નહિ ? ( આ કથન, જિનનામ કર્મના બંધની સ્થિતિ અને બંધના કારણોના અજ્ઞાણપણાથી ગણાય નહિ ?)

૮ 'બધા જીવો એવું (જિનેશ્વર જેવું) જીવન જીવી શકે નહિ' આ કથન કરનાર, સર્વથા અનુકરણ ન જ થાય એમ માને એ વદતો વ્યાઘાત જ છે.

૯ શાસ્ત્રો તીર્થંકરો શિવાય સુચ્યાકેવલીની શિષ્યાદિ પર્ષદા માને છે, કપિલાદિ પ્રત્યેક બુદ્ધોથી દીક્ષિતો થવાનું માને છે ત્યારે પોતે ગુરૂ કર્યા વિના દીક્ષા લઇ લે અને પછી કોઇને શિષ્ય બનાવે તો એ આત્મા પોતાના સંસારને ઘટાડનારો બનતો નથી, પણ વધારનારો બને છે એમ કથનાર કઈ દશામાં ગણાય ? ॥૧૪૨૨॥

૧૦ 'પરંતુ એ તારકોએ કહેલાનું કરવું એ વિધેય તથા પ્રમાણરૂપ છે એમ નથી.' આવું પ્રરૂપનારે પ્રમાણ આપવું અને ભગવાનની સાથે દીક્ષિત થયેલાનું સ્મરણ કરવું. શાસ્ત્રો તો સ્થાને સ્થાને જિનેશ્વરજીની કરણીની અનુકરણીયતા જણાવે છે. ॥૧૪૨૩॥

૧૧ 'આજ્ઞા વિરૂદ્ધના અનુકરણનો' આવું કહેનારા કેવા છલવાદી છે ? કોઈએ પણ આજ્ઞા વિરૂદ્ધ અનુકરણીયતા માની જ નથી. શ્રી હરિભદ્રસુરિજી તો સાપકં ચાત્ર ભગવાન્ કહીને વ્યવસ્થા કરે છે.

૧૨ 'સંપૂર્ણ અનુકરણ બીજા કોઈપણ જીવને શક્ય જ નથી' આ બોલનારો, અંશે અનુકરણની શક્યતા માનવા સાથે અનુકરણીયતાને માને જ (છે.) ॥૧૪૨૪॥

૧૩ 'બીજા આત્માએ જે ભવમાં સમ્યકત્વ પામે તે જ ભવમાં મુકિત પણ પામે એ શકય છે' આ બોલનારે ગણધરનામકર્મ જાણ્યું નહિ હોય. તેવામાં પણ તે ભવે મોક્ષે ન જ જાય. ॥૧૪૨૫॥

૧૪ 'બીજા જીવોને માટે એવો નિયમ નહિ' તે ભવે દેશવિરતિ આવે નહિ એવું કહેનારે અવધિજ્ઞાનના પ્રતિપન્નો સર્વે દેશવિરતિના અપ્રતિઘમાન જ હોય એ નથી જાણ્યું ॥૧૪૨૬॥

૧૫ 'લોકાંતિક દેવો આવીને પ્રાર્થના કરે જ. બીજાઓ માટે એવો નિયમ નહિ.' આ કહેનારે નિયમનું લક્ષણ જે પાક્ષિકપણું હોય ત્યાં થવારૂપ છે તે જાણવું. ॥૧૪૨૭॥

૧૬ અમુક વાત અનુકરણમાં અશકય હોય તો પણ યોગ્ય છે એવું માની અનુકરણીય છે એમ ન માને તે તો જિનનામને બાંધવાના સાધનોને પણ નહિ માનનાર ગણાય ॥૧૪૨૮॥

૧૭ ભગવાન ચારિત્ર લેતાં 'ભંતે નથી જ બોલતા' એમ કહેનારે નિર્યુકિત જોવી.

૧૮ 'ગર્ભમાં કરેલ દીક્ષાનિષેધના અભિગ્રહ'ને શાસ્ત્રકારો **મોહના ઉદયથી** અને તે (ન) રાખવા માટે જણાવે છે. છતાં આખા ભવની ક્રિયા, ઉચિતની જગો પર આચરણીય કે આરાધ્ય ગણી લે તેની શી બુધ્ધિ ? ॥૧૪૨૯॥

૧૯ આજ્ઞાથી વિપરીત નહિ એવા વર્ત્તનને અનુકરણ (ણીય) કહે તે કબુલ છે, આવું કથન હૃદયથી હોય તો કદાગ્રહ નહિ ગણાય. ॥૧૪૩૦॥

૨૦ આચરણા ઉડાવવાવાળા માટે અનુકરણનો નિષેધ વ્યાજબીજ છે.

૨૧ અશકયને પણ અનુકરણના નામે (વાત) કરનાર ઢિંગલરોની હકીકત ન સમજે તે જ આજ્ઞા માનવાપૂર્વક ભગવાને કરેલ અનુકરણને માટે અથવા આચાર્યોએ સ્પષ્ટપણે કહેલ અનુકરણને અમાન્ય ગણે.

૨૨ આચાર્યમહારાજ, તીર્થંકરના અનુકરણતાથી જ કેવલ અર્થ આપે છે, ભગવાને સપાત્રધર્મ કહેવા માટેજ પાત્રમાં પારણું કર્યું છે એ વગેરે અનેક વસ્તુ છે અને તેના શાસ્ત્રપાઠો જાહેર થયા છે; છતાં આડા અવળા જવા સાથે પુચ્છ પકડનાર થાય તેને તેવા કર્મોદયવાળો ગણી ઉવેખવો યોગ્ય છે અને ઉવેખવો જ પડે. (શા.વી.વ)

**સિદ્ધચક્ર વર્ષ ૬ અંક ૨૦ અષાડ વદ ૦)) સમાલોચના**

આગમોદય સમિતિ તરફથી મુદ્રિત થએલાં આગમોમાં જો કે અશુદ્ધિ નથી જ રહી એવો દાવો કોઈ કરે નહિ, પરન્તુ અજ્ઞાન અગર કદાગ્રહને લીધે વગર અશુદ્ધિએ અશુદ્ધિ કહેવા બહાર પડવું તે સજ્જનને શોભતુ નથી. ॥૧૪૩૧॥

૧ જ્ઞાતાસૂત્રમાં જેવી રીતે દ્રૌપદીની પૂજા સંબંધી પાઠ આપવામાં આવ્યો છે તેવીજ રીતનો પાઠ પાટણની સંઘના ભંડારની તાડપત્ર પોથી નંબર એકસો છત્રીશ. જેનાં પાના એકસો ઓગણ સાઈઠ છે. તેના એકસો ત્રેવીસમાં પાને અક્ષરશઃ તે પ્રમાણે પાઠ છે ! એટલે મહારાજ શ્રી અભયદેવસૂરિજીની ટીકાની સાથે મૂળ એકઠું કરનાર મહાશયે તે પાઠ લીધો તેમાં કલ્પિતપણું કે ગૌણપણું કહેવું તે કદાગ્રહનો જ પ્રભાવ કહેવાય ધ્યાન રાખવું જરૂરી છે કે, બારમી સદિમાં ત્રિપાઠ પુસ્તકો લખાયાં નથી; પરંતુ સત્તરમી સદીમાં ઘણા ભાગે મૂળ અને ટીકાઓ એકઠી થઇ ત્રિપાઠ પુસ્તકો લખાયાં છે. ॥૧૪૩૨॥

૨ શ્રી ઉવવાઈજી, શ્રી પ્રશ્નવ્યાકરણ વિગેરેની શ્રી અભયદેવસૂરિજીની ટીકાઓ અશુદ્ધ હતી જેને લીધે ભગવાન અભયદેવસૂરિજીને પ્રાયો ऽ स्य कूटानि घ पुस्तकानि એમ લખવું પડયું ! તથા सूत्रं व्यवस्थाप्यमतो विमृश्य श्यारवनकल्पादित एव नैव એવાં વાકયો લખવાં પડયાં છે ॥૧૪૩૩॥

૩ શ્રી ઉવવાઇસૂત્રમાં શ્રી અભયદેવસૂરિજી જણાવે છે કે– इह च बहवो वाचनाभेदाः दृश्यते, तेषु च यमेंवावभोत्स्यामहे तमेंव व्याख्यास्यामः, शेषास्तु मतिमता स्वयमूहया : અર્થાતૂ "અહિં મૂળની પ્રતોમાં ઘણા વાચનાભેદો છે તેમાં જે વાચનાના ભેદને અમે સમજી શકીશુ તેની વ્યાખ્યા કરીશુ, બાકીના વાચનાભેદો બુદ્ધિશાળીએ પોતે જાણવા."

આ વચન સમજનાર સુજ્ઞ મનુષ્ય કોઈપણ દિવસ વ્યાખ્યા નહિં કરાયેલા એવા વાચનાભેદને ગૌણ માનવા તૈયાર ન થઈ શકે. તો પછી પુસ્તકાન્તર અને વાચનાન્તર તરીકે કહેલા ભેદને મુખ્ય–ગૌણ માનવા તૈયાર થવું તે કેવલ જિનપ્રતિમાની પૂજાના પાઠને દેખીને થતો મિથ્યાત્વનો ઉદય જ જણાવે છે ॥૧૪૩૪॥

૪ "કીતની હી પ્રતિઓમેં વહાં નમુત્થુણં લિખા મિલતા હૈ ઔર કીતનીહી પ્રાચીનસે પ્રાચીન પ્રતિઓમેં ઉકત પાઠકી ગંધ તક ભી નહીં હૈ" આ લખાણ વાચનાર સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકે તેમ છે કે– જ્યારે બારમી સદીની શરૂઆતની પ્રતોમાં પણ દ્રૌપદીની પૂજનનો અધિકાર વિસ્તારથી હતો અને વર્ત્તમાનમાં ઉપલબ્ધ થતી

તાડપત્રીય પ્રતોમાં પણ પૂર્વોકત પૂજાનો પાઠ વિસ્તારથી છે તો પછી 'પ્રાચીનસે પ્રાચીન' એવા શબ્દો વાપરીને લખવું તે જુઠું છે. એટલું જ નહિ પણ કદાગ્રહવાળું છે ! ॥૧૪૩૫॥

૫ આગરાની બાળબોધ ધવાળી પ્રતિનો જે ફોટો આપવામાં આવેલો છે તેની ઉપરની બાળબોધ લીટી જોનારને સ્પષ્ટ જણાવ છે કે-તે પ્રતિ, પ્રાચીન નથી પણ ઢુંઢીયાઓની ઉત્પતિ પછીની જ છે.

૬ સૂયગડાંગસૂત્રના પાઠને માટે પ્રાચીન મૂળસૂત્રની પ્રતિ વિદ્યમાન છે. જેમાં सुक्कं सिग्घं तभितिक्क એ પાઠ છે અને ટીકાકાર પણ वेंगेनापगते सति એમ જણાવે છે વળી દ્રાષ્ટાન્તિકમાં અનંતી વખતે ઘાત એટલે નાશ પામવાની વાત છે તે પણ સમજવાની જરૂર છે. ॥૧૪૩૬॥

૭ શુષ્કશબ્દનું सुक्कंमि બને કે सुक्कंसि બને ? એ પણ વ્યાકરણ દ્રષ્ટિવાળાઓએ વિચારવાની જરૂર છે ॥ (રત્ન—અમલ)



**સિદ્ધચક્ર વર્ષ ૬ અંક ૨૧-૨૨ સં. ૧૯૯૪ પર્યુષણાંક સમાલોચના**

૧ વ્યાકરણ, ન્યાય આદિ સાહિત્ય માટે દરેક પખવાડીયામાં અમુક તિથિઓ અસ્વાધ્યાય તરીકે ગણવી એવું નથી. ॥૧૪૩૭॥

૨ લીલી મકાઈની વસ્તુ આંબિલમાં ન લેવી ॥૧૪૩૮॥

૩ શ્રાવકને આંબિલમાં હલદરવાળી ચીજ નથી ખપતી. હલદર સ્વયં અનાહારી છે; પણ પાણી સાથે મળવાથી અનાહારિપણું રહેતું નથી ॥૧૪૩૯॥

૪ સિંધાલુણ પકવેલું અચિત્ત ગણાય. ॥૧૪૪૦॥

૫ ધાણાના બે જ કટકા (સરખા) થતા ન હોવાથી તે દ્વિદલ નથી ગણાતા. ॥૧૪૪૧॥

૬ ખસખસ નહાના દાણા છે અને નથી પેદા કરનાર અંશવાળા છે ॥૧૪૪૨॥

(પાડીવ-પત્ર)



**સિદ્ધચક્ર વર્ષ ૬ અંક ૨૩-૨૪ સં. ૧૯૯૪ ભાદ્રપદ સમાલોચના**

૧ શાસનધર્મને શ્રી જિનેશ્વરો જ થાપે અને ઉદ્ધરે. અને તેથી પ્રભાવના શબ્દની વ્યુત્પત્તિમાં પ્રેરક પ્રત્યયને સ્થાન અપાય છે એ વાત સમજી લે તો ધર્મીના નામે ગોટાળો ; થાય ॥૧૪૪૩॥

૨ 'ભગવાન જિનેશ્વરના અભાવે જ તેમની મૂર્તિ મનાય' એમ માનનારે સમવસરણની ત્રણ મૂર્તિઓ તથા જિનેશ્વર ભગવાનની વખતે થતી ચૈત્યમૂર્તિની વિશાલતા જોવી. ॥૧૪૪૪॥

૩ 'શાસ્ત્રના અભાવે પુસ્તકોની માન્યતા હોય'એમ જણાવનાર નમો બંભીણ પદ અને પુસ્તકરત્નની પૂજા માને તો તરત માર્ગે આવે ॥૧૪૪૫॥

૪ તાડપત્ર અને કાગળ આદિની માફક શિલાઓમાં લખાયેલ અને કોતરાયેલ આગમો આરાધ્ય છે જ. શાસ્ત્ર અને પરંપરાથી થતી જ્ઞાનપંચમીને દિવસે પુસ્તક દ્વારાથી જ્ઞાન આરાધના ઢિંગધરો કરતાં ઉતરતા હોય તે જ ન માને ॥૧૪૪૬॥

૫ કોઈ આશ્રમને પોતાને નામે ચઢાવે, કોઈ સંસ્થાને ગુરૂના નામે ચઢાવે, કોઇ ગ્રંથની આદિ વગેરેમાં પોતાના કે ગુરૂના નામો અને ફોટા ગોઠવે, એવું કંઇપણ અહિં ન હોવાથી નામનાની વાત કહેવી તે અયોગ્યતા કે સ્વધારણા શિવાય કંઈજ નથી. ॥૧૪૪૭॥

૬ શેઠ આનંદજી કલ્યાણજી બાબત ટ્રસ્ટીઓ શિવાયની લેભાગુ વ્યકિતની કિમ્મત ન હોવાથી ચર્ચા કરવી નકામી ગણાય. કોઇક વખત તેમાં કોઇને માફક ન થઇ હોય અગર કુભંડીયો આશ્રમ આદિમાં ન લઇ જાય તે અપેક્ષાએ ન કરી શકે તો પણ જ્યાં કાર્યની અનુમોદના હોય ત્યાં વાકપટુતા કરનાર હાંસીપાત્ર જ બને છે (સમય૦)

૧ શાસ્ત્રકારો જન્મસૂતક અગ્યાર-બાર દિવસનું ગણે છે અને તેના ઘરની ગોચરી લેવાનો તથા તેવા ઘરમાં ગોચરી માટે પેશવાનો પણ નિષેધ કરે છે. ॥૧૪૪૮॥ (કિશનગઢ)

૧ શ્રી વિજયસેનસુરિજી મહારાજ શ્રી સેનપ્રશ્નની અંદર શ્રી મહાવીર મહારાજના ચક્રવર્તિના ભવ પહેલાં શુભ ભવો બીજા પણ થવાનું જણાવી મનુષ્યભવમાંથી જ ચક્રવર્તિ થવાનું નકકી કરતા નથી. ॥૧૪૪૯॥ (લુપક)

卐 卐 卐

**સિદ્ધચક્ર વર્ષ ૭ અંક ૩ સં. ૧૯૯૫ કા. શુ. ૧૫ સમાલોચના**

૧ કલ્યાણકને કહેનાર ખરતરના જિનવલ્લભે તો આસોમાસમાં ભગવાન વીરના ગર્ભાપહારને છઠું કલ્યાણક છે એમ કલ્પનાથી કલ્યું હતું જિનદત્તે જણાવ્યું છે કે-તેમાં તેમને કોઇપણ સાથ કરનાર નહોતો. આખા ગામમાં તેને દેવવંદનનું સ્થાન ન મળ્યું પોતાના પક્ષના સાધારણ નામના શ્રાવકને મેડે જિનવલ્લભે દેવ વાંદ્યા આવી ખરતરોનાં ગણધરસાર્દ્ધશતકમાં સ્પષ્ટ હકીકત છે.

આજના ખરતરોને પાંચમું મોક્ષકલ્યાણક હોવાથી ગર્ભાપહારને છઠું કલ્યાણક માનવું ઠીક નથી લાગ્યું વળી કોઇક ખરતર, કલ્યાણકમાં 'ગર્ભાપહાર'નું નામ ન હોવાથી 'બીજું ચ્યવનકલ્યાણક' કહેવા લાગ્યા હતા. તેમાં વળી વર્ત્તમાન ખરતરોએ ચ્યવન એ મરણનો ભાવ દર્શાવનાર હોવાથી બીજું ચ્યવન એટલે 'બીજું મરણ' એ અર્થ થાય એમ ગણીને કે ત્રિશલાની કુખમાં આવેલા ત્યારે દેવલોકથી નથી આવ્યા અને ચ્યવનશબ્દ તો દેવલોકથી મરણ પામીને નીકળનાર માટેજ શાસ્ત્રકારો કહે છે એમ ધારીને 'દ્વિતીય ગર્ભાધાન' શબ્દ વાપર્યો જણાય છે ! હવે ગર્ભાધાન એ સંસ્કાર છે અને તે મનુષ્યકૃત તથા વિધિરૂપ છે એમ ધારી કદાચ નવું થાય તો નવાઈ નહિં. યાદ રાખવાની જરૂર છે કે આગમથી ઉલટામાં સેંકડો ફેરફારોને સ્થાન મળે છે. ॥૧૪૫૦॥ (જૈન)

卐卐卐

**સિદ્ધચક્ર વર્ષ ૭ અંક ૫ ૧૯૯૫ માગ. શુ. ૧૫ સમાલોચના**

૧ છદ્મસ્થનો ઉપયોગ આંતર્મુહુર્ત્તિક હોય છે અને કેવલજ્ઞાનનો તો સામયિક ઉપયોગ હોય છે (૨) છદ્મસ્થાવસ્થામાં પણ ક્ષયોપશમની વિશેષતાએ વિશેષપણે વિશેષોનું ગ્રહણ થાય છે અને કેવલજ્ઞાન, નિરાવરણ છે માટે તે એકીસાથે સર્વવિશેષોને જણાવે છે (૩) મતિજ્ઞાનાદિ ચારનો ક્રમિક ઉપયોગ હોય અને કેવલજ્ઞાનથી સર્વજ્ઞેયમાં એકી સાથે ઉપયોગ હોય છે. કેવલજ્ઞાન અને કેવલદર્શનમાં સમયનું જ અંતર, પણ છદ્મસ્થને ઉપયોગમાં અંતર્મુહૂર્ત્તનું અંતર હોય છે (૪) છદ્મસ્થ એકસમયે એક જ વિશેષ જાણે એવું નથી. (૫) કૈવલ્યવસ્થામાં જ્ઞાનની વિશદતા છે અને છાદ્મસ્થિકતનું પરિવર્ત્તન છે. ॥૧૪૫૧॥

૨ અતિશયો બાબતમાં સમવાયાંગ, નામમાલા, પ્રવચનસારોદ્ધાર આદિમાં ફરક છે. **સમવસરણની વખતે ચોત્રીશ અતિશયો હોય. આઠ પ્રાતિહાર્ય ચોવીશે કલાક હોય. ભામંડલનું ધારણ કરવું દેવકૃત હોય અને તેજની અધિકતાનો સંક્રમ, કર્મક્ષયજનિત હોય.** ॥૧૪૫૨॥

૩ અશોકવૃક્ષ અને પુષ્પવૃષ્ટિ સમવસરણ શિવાયની સ્થિરતામાં આવશ્યક છે. સમવસરણ શિવાય પણ રહેવાવાળા અને બધે રહેનારા [છે.] માટે પ્રાતિહાર્ય કહેવાય. ॥૧૪૫૩॥

૪ દિકકુમારી અને ઇન્દ્રો સર્વને દ્રશ્યરૂપે ન હોય અથવા તેને ઇન્દ્રજાલ કે વૈક્રિયલબ્ધિ ગણતા હોય. એટલે દેવ અને પરભવ કે જીવનો સંદેહ તે વખતે પણ રહી શકે. ॥૧૪૫૪॥

૫ ભગવાન્ પાર્શ્વનાથજીનો ચતુર્વિધ સંઘ હતો અને ભગવાન્ મહાવીર મહારાજને માનતો પણ હતો. કેટલાક આચારના ભેદથી શંકિત હોય તે ટાળવા સંવાદ જરૂરી. ॥૧૪૫૫॥

૬ ઇંદ્રિયાદિ જીતવાની રીતિનો પ્રશ્ન, ધ્યેયની સરખાવટનો નિશ્ચય કરાવવા માટે હોય ॥૧૪૫૬॥

૭ ઇન્દ્રજાલ ગણે અથવા ખોટા માર્ગનો મહિમા ગણે. એટલે અન્ય મતોમાં ઉલ્લેખ ન હોય. અને મિથ્યાત્વીદેવોનું આગમન હોય એટલે વિશિષ્ટતા ન ગણી અન્ધો ન લખે અદૃશ્ય હોય તો તો વાત જ જુદી મંડિક [ત] અને મૌર્યપુત્રનું કુલ ઉત્તમ હતુ. કેમકે-દેશાચારે પુનર્જન્મ હતું ॥૧૪૫૭॥.

[ ભગવાનના કેવલજ્ઞાનિપણાના અને શાસન સ્થાપના પછીના વિહારમાં દેવાદિકની શંકાવાળાનો પ્રસંગ શાસ્ત્રોકત જણાતો નથી. દેવાદિકનું આગમનને કવિકલ્પના માનનારો. શાસ્ત્રકારોને આખ્યાયિકા મૃષાવાદ બોલનારા માને છે એમ ગણાય અને અંતરંગની વાત પણ પોતાની બુદ્ધિની અનુકૂલતાએ માનનારો ગણાય. નહિં કે- આગમબલે માનનારો ગણાય. ॥૧૪૫૮॥ (એક મનુષ્ય)

❦ ❦ ❦

## સિદ્ધચક્ર વર્ષ ૭ અંક ૧૧-૧૨ સં. ૧૯૯૫ ફાગણ માસ સમાલોચના

૧ દિગંબરોની માન્યતા એવી છે કે-કોઈપણ જૈનસૂત્ર કે તેનો ભાગ વર્ત્તમાન કાલમાં નથી. એટલે દિગંબરોને પોતાને જૈન તરીકે કહેવડાવવાનો હક જ નથી ॥૧૪૫૯॥

૨ દિગંબરો સૂત્રોની હયાતિ જ માનતા નથી એટલે એઓનું શ્રી મહાવીરચરિત્ર અસલ નથી પણ નકલી જ છે. અને તેઓ જિનાદિ ચરિત્રોને 'પુરાઇ' નામથી ઓળખાવે છે. ॥૧૪૬૦॥

૩ આવશ્યકનિર્યુક્તિ આદિમાંના જિનાદિચરિત્રોને દેખીને તેઓએ રચના કરી અને (પોતાની રચનાનું) પુરાણપણું જણાવવા પુરાણ શબ્દ જોડી દીધો ! પરંતુ પુરાણ શબ્દ જોડવાથી જ નવીનતા જાહેર થઈ અને તે પુરાણોવાળાને જૈનત્વનો હિસ્સો મળતો નથી. ॥૧૪૬૧॥

૪ તત્ત્વવેત્તાએ દિગંબરોને આવશ્યકનિર્યુક્તિ કે-જેની લગભગ કૃતિ દિગંબરોએ મૂલાચારમાં અનુસરી છે, તેમાં જૈન તરીકે ગણવાની ના પાડી છે અને સુજ્ઞો, દિગંબરોને નથી ગણતા જૈનમાં કે નથી ગણતા ઇતરમાં ॥૧૪૬૨॥

૫ જીવ તો જુદો રહે તેની ફારગતી હોય છે તેવી રીતે જૈનવેષમાં રહેલા માટે તો વ્યવહાર કાપવાનુ વિધાન હોય છે; પરંતુ આ દિગંબરો તો વેષ અને વચન બન્નેથી રહિત હોવાને લીધે તે વિધાનના વિષયમાં પણ નથી. ॥૧૪૬૩॥

૬ શ્રી પાર્શ્વનાથજીનો વિચાર (વિહાર) અને તેમનો ઉપસર્ગ તો દિગંબરો પણ માને જ છે. તથા તેરમે ગુણઠાણે તીર્થંકર ભગવાનને અસાતાનો સર્વથા ઉદય જ હોય નહિ એવું દિગંબરના કર્મપ્રકરણો કહી શકે તેમ નથી ॥૧૪૬૪॥

૭ ચોપડાને બાળી નાંખનાર જહેમ 'મ્હારા નામામાં રકમ નથી' એમ બોલે તેમ દિગંબરો, હુંમારા ગ્રંથમાં નથી એમ બોલે છે પણ તે સજ્જનો કેમ માને ? ॥૧૪૬૫॥
(મુંબઈ રામ૦)

૧ કોન્ફરન્સે જુન્નેરમાં વિધવાવિવાહ, દેવદ્રવ્ય અને દીક્ષાના સવાલો ચર્ચીને અને ઠરાવો કરી પોતાનો મૃત્યુઘંટ વગાડયો હતો તથા શાસનપ્રેમીઓ ઉપર જુલમની ઝડીઓ વરસાવી મરણુપથારીનું શરણ કર્યું એટલે સુરતના શાસનપ્રેમી સંમેલને તેને શાસનશહેરની બહાર નીરસીય સેતાનીયતના સ્મશાનમાં મોકલી દીધી હતી. સ્મશાને ગયેલાને પાછા આવવાનું ચાન્સ ઓછું હોય છે. છતાં તે અસંભવિત તો ન જ ગણાય. તેમ કોન્ફરન્સ પણ જો શાસનપ્રેમનો શ્વાસ લેવા માંડે અને નિરસીય સેતાનીયતના સ્મશાનમાંથી શાસન શહેરમાં આવે તો અસંભવિત નથી; પરંતુ તેનાં અંગોપાંગો ખવાઈ ગયેલાં હોઈ શાસન-સૈનિકો કદાચ આગમનું ઓકસીજન આપે તો પણ જૈનત્વરૂપ જીવન આવવું સંભવિત લાગતું નથી. ॥૧૪૬૬॥

૨ કાપડીયાનું રૂદન નવેસરથી થયું છે. તે કંઇ કાર્ય કરી શકયા નહિં એટલે કે-શાસનપ્રેમીઓને ઢીલા કરી શકયા નહિ (આથી) તેઓને તેમની માફક શાસનથી દુર બેઠેલી પરિષદ કે કાયદાતોડું ટોળું સહકાર આપતું નથી. અર્થાત યુવકોની નાસ્તિકતા અને ધર્મનાશકતાને દુનિયાએ પીછાની લીધી છે. ॥૧૪૬૭॥

૩ બાલદીક્ષા, સસ્ત્રીકદીક્ષા કે કોઈપણ જાતની દીક્ષા, મોહસામ્રાજ્યમાં સપડાયેલાને તો રૂચે નહિં; પરંતુ શાસનપ્રેમીયોનો સીતારો એક જ રૂપે હજારો વર્ષો સુધી ચમકવાનો જ છે. ॥૧૪૬૮॥
(જૈન)

૪ અહિંસાનો ઇજારો જૈનો રાખે જ નહિ; પરંતુ જગતમાં અહિંસાને ધર્મ મનાવી દેવાની પ્રવૃત્તિ ફકત જૈનધર્મે જ કરી છે ! પાણીના ભુંડોને શારીરિક સ્વચ્છતામાં જ ધર્મ જણાય ! અહિંસાનો વાસ્તવિક અર્થ જૈનો જ સમજયા છે અને સમજાવી પણ શકે છે. કુતરાને રોટલા નાખવામાં પાપ કહેનાર અને વાછરડાઓને ઝેર અપાવનારની અહિંસા તો અજ્ઞાની શિવાય બીજાને હોય જ નહિ. ॥૧૪૬૯॥
(મુંબઇ-ગાંધી)

૧ ભગવાન્ મહાવીર મહારાજના ગર્ભસંહરણની શિલાપટ્ટથી સાબીતી મળે છે એટલે તે ગર્ભસંક્રમને નહિં માનનારા દિગંબરો **અસલી** નથી એ ચોકખું જ છે. ॥૧૪૭૦॥

૨ **બૌદ્ધો કે જેઓ જૈનોના પ્રતિસ્પર્ધિપણા માટે જાહેર છે** તેઓ પણ ભગવાન્ મહાવીર મહારાજને નાયપુત તરીકે જે ઓળખાવે છે તે પણ બ્રાહ્મણ-કુલમાંથી જ્ઞાતકુલમાં લવાયેલાની સાબીતી તરીકે છે. ॥૧૪૭૧॥

૩ બૌદ્ધના ગ્રન્થો અને જુના શિલાલેખોથી ભગવાન મહાવીર મહારાજની વખતે પ્રખરવિરોધી તરીકે મશ્કરી, મંખલી, આજીવિક ગોશાલાની સાબીતી છતાં દિગંબરશાસ્ત્રો તેનું નામ કે નિશાન શ્રી મહાવીરચરિત્રમાં લેતા નથી, તેથી દિગંબર આચાર્યે કરેલ શ્રી મહાવીરચરિત્ર કલ્પિત છે એ ચોકખુ છે. ॥૧૪૭૨॥

૪ કોઇપણ જૈનશાસ્ત્રકારે ભગવાન મહાવીર મહારાજનો તિર્યંચ એવો 'સિંહસાધુ' હતો એમ માન્યું જ નથી. દિગંબરોને જુઠું લખવાનો ઈજારો હોય તેથી તે લખે તો જુદી વાત છે. કોઇપણ તિર્યંચને છઠું ગુણઠાણું જૈનોએ તો માન્યું જ નથી. ॥૧૪૭૩॥

૫ શ્રી જૈનશાસ્ત્રના અર્થો ધારવા કે સમજવામાં થયેલી ભૂલને લીધે જે આક્ષેપ થાય તે જૈનધર્મને નામે થાય; પરંતુ તેમાં નવા ગ્રંથો ઉભા કરી ભગવાનના વચનોને છેદનાર દિગંબરોને કોઇપણ પ્રકારે વિરોધ ઉઠાવવાનો વાસ્તવિક હક જ નથી ॥૧૪૭૪॥

૬ શ્વેતાંબરો તો પોતાનો દાવો જૈન તરીકે કરે છે, પરંતુ દિગંબરોએ પોતાના અંગે જ્યાં જ્યાં જૈન તરીકે દાવો કર્યો હોય તેને માટે તે સમુદાયે માફી માંગવી અને ભવિષ્યમાં તેમ દાવો નહિં થાય એવી તાકીદ કરવી. ॥૧૪૭૫॥

૭ ચેલેંજો આપવી અને પ્રસંગો આવે ત્યારે ક્ષમાધારી ગણાવવું એ સમજુ માટે નહિ પણ બીજા માટેજ યોગ્ય ગણાય. ॥૧૪૭૬॥ (મુંબઈ-શનિ.)

* * *

**સિદ્ધચક્ર વર્ષ ૭ અંક ૧૩-૧૪ સં. ૧૯૯૫ ચૈત્ર માસ સમાલોચના**

૧ જાહેરરીતિએ અનેક વખત જાહેર ભાષણોમાં અને લેખોમાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ મહાવીર મહારાજના જન્મદિવસના મહોત્સવને અદ્વિતીય પુરૂષનો જન્મમહોત્સવ હોવાથી 'કલ્યાણક' તરીકે જ કહેવો જોઇએ અને 'જયન્તી' શબ્દ તો નુરીયા જમાલીયાના પ્રસંગમાં પણ વપરાય છે અને તેઓ 'જયંતિ' શબ્દ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજના જન્મોત્સવ કલ્યાણકને અંગે વાપરવો તે ભગવાન જીનેશ્વર મહારાજના

કલ્યાણકનો મહિમા અત્યંત ઘટાડી દેનાર છે. આમ છતાં પણ હજુ કહેવાતા અજ્ઞાન જૈનો અને તેવાજ અજ્ઞાનીઓને અનુસરનારા ઇતરો ભગવાન મહાવીર મહારાજના જન્મકલ્યાણકના મહોત્સવને જયંતિ તરીકે કહે કે વર્ણવે તે સુજ્ઞજૈનોને તો પુરેપુરૂં અક્ષમ્ય જ છે. ॥૧૪૭૭॥

૨ ભગવાન જિનેશ્વર મહારાજના જન્માદિક કલ્યાણકોને અંગે યાત્રા, પૂજા કરવી, દાનશીલાદિની પ્રવૃત્તિ કરવી, ભગવાન તીર્થંકર મહારાજની તીર્થયાત્રા કરવી એ તો હરિભદ્રસૂરિકૃત યાત્રાપંચાશકથી સિદ્ધ જ છે; પરંતુ **ભગવાન્ મહાવીર મહારાજના જન્મકલ્યાણક ઉત્સવના નામે લોકોને ભેળા કરી ગૌહત્યા કરનારા વાછરડાને મારવાનું જાહેર કરનારા અને કુતરાઓને ગોલીઓથી વિંધાવનારા મનુષ્યની મહત્તા બકવી** તે જીનેશ્વર ભગવાન મહાવીર મહારાજ અને શ્રોતાઓની સાથે **જૈનધર્મની** પરમ હાસ્યલીલા જ છે. ॥૧૪૭૮॥


૩ સુજ્ઞમનુષ્યો સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે-ધર્મની શુશ્રુષાવાલા એકત્ર થાય તેવાં સ્થાનમાં જ ધર્મનું પ્રણયન તે સાચું ધર્મપ્રણયન છે; પરંતુ વિનયની ચર્ચા અને વિનયની રીતિ વિગેરેથી રહિત મનુષ્યોના સમુદાયમાં બોલવું તે ઉન્મત્ત સિવાય બીજાને હોય જ નહિ. ॥૧૪૭૯॥

૪ એકપણ જગો પર સનાતન એવા શ્વેતાંબર સંઘે નવીન ઉત્પન્ન થયેલ દિગંબર સમુદાયના તીર્થ કે મંદિર ઉપર હલ્લો કર્યો નથી કે હલ્લો કરવા અરજ કર્યું નથી ! **પરંતુ નવીન એવા દિગંબર સમુદાયે જ અંતરીક્ષજી મહારાજ વિગેરે અનેક તીર્થો કે-જે સનાતનપણે શ્રી શ્વેતાંબર સંઘની માલીકીમાં અને કબજામાં જ છે તેને લુંટવા માટે હલ્લાઓ કરેલા છે !!** અને તેવા પ્રસંગે **શ્રી** શ્વેતાંબર સંઘને તન, મન, ધનથી રક્ષણ માટે ઉભું રહેવું પડે છે અને તે સર્વથા ન્યાયયુકત જ છે. કોઇપણ મનુષ્ય, મા કે બાયડીની માંગણી સ્વીકારી શકે જ નહિ તેમ આત્મઉદ્ધારના અર્થીઓ સ્વપ્નાંતરમાં પણ તીર્થવાહીઓની કોઇપણ તીર્થસંબંધી માગણીમાં અંશ પણ અનુમતિ આપી શકે જ નહિ એવા પ્રસંગે ધનને મહત્તા તે જ આપી શકે કે-જેઓ 'પૈસો મારો પરમેશ્વર' એમ માનનારા હોય; પરંતુ ધર્મધની એવા સાચા જૈનીઓ કોઈ દિવસ પણ ધનના નામે ધર્મ કે તીર્થનો ભોગ આપવાનું માની શકે નહિ તેમજ કહી શકે નહિ. ॥૧૪૮૦॥ (બીજી કડી)

૫ કુમારપાલ મહારાજ વખતના લખાયેલા શ્રીમંત ગાયકવાડ સરકારે પ્રગટ કરેલા પત્રો, શ્રી દેશવિરતિ સમાજે પ્રગટ કરેલા 'પ્રશસ્તિસંગ્રહ'ના તેરમી સદીના અનેક તાડ-પત્રોના પુસ્તકોની પ્રશસ્તિઓ, સ્વયં કુમારપાલ મહારાજે બનાવેલ ચોવીશ જિનવરની

સ્તુતિ, વીતરાગસ્તોત્રની અવચૂરિ વિગેરેમાં 'શ્રી કુમારપાલ મહારાજનું દ્વાદશવ્રતગ્રહણ, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીએ યોગશાસ્ત્ર અને અધ્યાત્મઉપનિષદ્ તરીકે કરવામાં આવેલો પટ્ટાભિષેક જણાવ્યો છે તે વીતરાગસ્તોત્રના શ્લોકો, ત્રિષષ્ઠીયશલાકા પુરૂષ ચરિત્રની પ્રશસ્તિમાં જણાવેલ કુમારપાલ મહારાજની પ્રાર્થના, શ્રી મહાવીર ચરિત્રમાં જીવંતસ્વામી ની પ્રતિમાના ઉદ્ધાર પ્રસંગમાં શ્રી કુમારપાલ મહારાજની જણાવેલી પરમાર્હતતા, શ્રી ગીરનારજી શ્રી સિદ્ધાચલજી અને શ્રી તારંગાજી વિગેરેમાં શ્રી કુમારપાલ મહારાજે કરાવેલ અનેક ગગનચુંબી જિનાલયોની વિદ્યમનતા, તેરમી સદીમાં જ થયેલા શ્રી સોમ-પ્રભાચાર્યે કરેલ 'કુમારપાલ પ્રતિબોધ મહાકાવ્ય વિગેરેને'નો જો **કનૈયાલાલ મુનશી**એ અંદર અને બાહ્યચક્ષુ ઉપાડીને દેખ્યા હોત તો પરમાર્હત શ્રી કુમારપાલ મહારાજના જૈનત્વને અંગે શંકાનું પણ સ્થાન રહેત નહિ ॥૧૪૮૧॥ (મુંબઇ)

૬ ગાંધીજીના પક્ષમાં રહેલા અગર તેમની આશ્રિત એવી સંસ્થાઓ, ગાંધીજીએ ખોટી રીતે જૈન સાધુ ઉપર અહિંસા વિષયમાં કરેલા આક્ષેપના સાચા પ્રતીકાર સામે અણગમો દર્શાવે તે સત્યધર્મથી વિરૂદ્ધ છતાં પણ વ્યવહારને અનુકુલ ગણાત; **પરંતુ હિંદુસ્થાનના જૈનોમાં અગ્રપદ ધરાવનારી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના એક ટ્રસ્ટી જ્યારે તેવા ખોટા પ્રતીકારની સભા ભરવા તૈયાર થાય અને તેની ઉતર કારવાહી કરે ત્યારે તો ખરેખર તે પ્રતિનિધિ, શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિપણાનું જાહેર લીલામ કરે છે.** ! એટલું જ નહિં પરંતુ પોતાનામાં જાહેર તરીકે ગણાતું જે જૈનત્વ તેનું પણ તે લીલામ જ કરે છે !! અને અજૈનને શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીમાં પ્રતિનિધિ તરીકે રહેવાનો હક્ક ન હોવાથી સ્વયં પોતાનુ તે તરીકેનું રાજીનામું જ આપે છે. ॥૧૪૮૨॥ (સંદેશ)



**સિદ્ધચક્ર વર્ષ ૭ અંક ૧૫-૧૬ સં.૧૯૯૫ વૈશાખ સમાલોચના**

૧ દર્શનમોહનીયના ઉપશમાદિ કરતાં પહેલાં અનંતાનુબંધીની ચોકડીરૂપી ચારિત્ર-મોહનીયનો ઉપશમાદિ થાય છે એ વાત કોણ ન સમજે ? ॥૧૪૮૩॥

૨ સર્વથા અગર સમુલ એવા વિશેષણો જોડવા કોણ ભૂલ કરે ? (દર્શન મોહનીયનો ઉપશમ કે ક્ષયોપશમ થયો હોય અર્થાત્ સર્વથા ક્ષય ન થયો હોય તો પણ ચારિત્રમોહ-નીયનો ઉપશમ કે ક્ષયોપશમરૂપી વિનાશ ન થાય તેમ કોણ માની શકે ?

૩ સુનિશ્ચિતમ્ ની જગો પર સુનિશ્ચતમ્ અને સ્ફુરન્તિની જગો પર સ્પુરન્તિ એમ શાણા વકતા અને મોટા પગારદાર લેખક કેમ સુધારી નહિ શકયા હોય ?

૪ સિદ્ધસેન દિવાકર મહારાજના કાવ્યનો અર્થ બુદ્ધિ વાપરીને કરવો જોઈતો હતો. ઉક્તિઓ સમુદ્રથી ન હોય, બિંદુઓ સમુદ્રથી હોય. પ્રમાણ શબ્દ માત્ર વાચક નથી.

૫ અધ્યાત્મકલ્પદ્રુમના લખેલા કાવ્યમાં અને તેના અર્થમાં કિમધિકં એવું લખનાર અને એવો જ અર્થ કરનાર બરાબર વાંચે અને પ્રકરણ વિચારે તો સારૂં ગણાય અરાજકે જોઈએ.

૬ ભગવાન જીનેશ્વરો ભાવમંગલ ગણાય કે તેઓના નમસ્કારાદિ ભાવમંગલ ગણાય? એ પદ્મ હવઈ મંગલં જાણનારો પણ સમજી શકે છે. ॥૧૪૮૪॥

૭ 'અનાદિકાલથી સર્વતીર્થંકરો, તીર્થંકરના ભવમાં સ્વાર્થને ગૌણ કરી પરાર્થને મુખ્ય કરનારા હોય છે' એ વાત શાસ્ત્રસિદ્ધ અને માન્ય છતાં તેને ન સમજતાં 'અનાદિકાલથી તીર્થંકરના જીવો હિત કરનારા જ હોય' એવું લખ્યા જવું અને મહાવીર-મહારાજે કરેલો દીક્ષાનો ત્યાગ, પરિવ્રાજકપણું, કુલમદ, અહિતકથન, ગાયનું ભ્રમણ, નિદાનકરણ, તપ્તત્રપુપાન (શ્લેપણ) વિગેરે અનેક વખત પ્રસિદ્ધ કરેલા શાસ્ત્રીયદુષ્કૃતવાળા અહિતોનું ધ્યાન ન રાખવું એ સકલાગમરહસ્ય (નોકાર) વેદી પાસેથી પણ શાસ્ત્રને અનુસરવાળો પણ શું શીખી શકે નહિ ? [સકલાગમરહસ્ય (નોકાર) વેદી, શાસ્ત્રને અનુસરવાળા પાસેથી પણ શું શીખી શકે નહિ?] ॥૧૪૮૫॥ (જૈન પ્રવચન)

卐卐卐

**સિદ્ધચક્ર વર્ષ ૭ અંક ૧૭-૧૮ ૧૯૯૫ જેઠ** **સમાલોચના**

૧ અર્હંન્તોના મંગલપણાની બાબતમાં મૂળ લેખક અને બોલનાર ચૂપ છે. એટલે બીજો મનુષ્ય હેતુ જણાવે તે યોગ્ય કેટલો ? ॥૧૪૮૬॥

રચતારિ મંગલં વગેરે જણાવનારે ક્રિયાપદ અને ભાવિમંગલપાત્ર ન વિચાર્યું હિત કરનાર અર્થમાં વાદ નથી એ સ્પષ્ટ છે. ગ્રંથારંભમાં વિઘ્નનાશ માટે મંગલ હોય તે સમજવું. ॥૧૪૮૮॥

૩ મંગલ ભગવાન્ વીરઃ આદિ જણાવનારે અસ્તુ થી થતી પ્રાર્થના અને તેનું સ્વરૂપ તથા આધાર વિચાર્યા નથી. ॥૧૪૮૮॥

૪ મમ મંગલમરિહંતા આદિ જણાવવામાં મંગલાધારપણું ભગવાનમાં કે પોતાનામાં છે એ જણ્યું નથી, તેમ પ્રાર્થનારૂપ પણ સમજાયું નથી. ॥૧૪૮૯॥

૫ મંગલ શબ્દનો ઇષ્ટસિદ્ધિ અર્થ લેવાય કે વિઘ્નનાશ અર્થ લેવાય ? કોઈપણ લઈએ તો તેને કરવાવાળા ભગવાન છતાં તેનો આધાર તો ભવ્યાત્મા જ છે. ॥૧૪૯૦॥

૬ પરમેષ્ઠિનમસ્કારને મંગલ તરીકે જાણવું, માનવું કે કહેવું એ પોપટીયા જ્ઞાન છે એમ કહેનાર ઉન્માર્ગે જનાર ન બનતો હોય તો કલ્યાણ ! નમસ્કારની મંગલતા, તેમની મંગલહેતુતાથી છે. આવશ્યકના વિવેચનો પણ તેને મંગલ કહે છે. ॥૧૪૯૧॥

૭ પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલં ને સમજનારો કહેજે મંગલ કરનાર અને મંગલના આશ્રયને સમજે. કાર્ય કારણરૂપે વસ્તુનો ઉપચાર જુદો છે. ॥૧૪૯૨॥

૮ સૂકિત, અરાજયક અને અનાદિસંબંધીની પૂ૦ની ભૂલોની મૌનપણે કબુલાત કરી હોય તો તે શકય છે ॥૧૪૯૩॥

૯ સર્વથાશબ્દ એક ક્ષપણામાં જોડયો અને બીજે ન જોડયો અને બીજે ન જોડવો તેની ચર્ચાને ઈતરો ન સમજે જ.

૧૦ વૈયાકરણી શબ્દ લખનારે ગુરૂઉપાસના કરવી જોઇએ એ સ્પષ્ઠ છે. એ પ્રેસ ભૂલ તો ન ગણાય.

૧૧ મુદ્દા આપીને ઉત્તર લખવાની પોતાની પદ્ધતિ કેમ છોડી ? (વીં.શા.)

૧ મૂલવિમાને ચંદ્ર સૂર્ય, શ્રી વીરભગવાનને વાંદવા આવ્યા ત્યારે પોતાના વિમાનના સ્થાને તેવાં વૈક્રિય વિમાનો મૂકે તો અને નિયતગતિવાળાં મૂકે તો અંધકાર કે અનિયત દિન ન થાય ॥૧૪૯૪॥

૨ ભોગના કારણભૂત કર્મો કે ચારિત્રાનીયનો ઉદય હોય ત્યાં સુધી તીર્થંકરો ગૃહવાસે રહે છે તેમ દીક્ષાથી એક વર્ષ પહેલાં લોકાંતિકો ભગવાન તીર્થંકરને જગતના હિત માટે દીક્ષા લેવા વિનંતિ કરે છે ॥૧૪૯૫॥

૩ વજ્રઋષભનારાચસંહનનને લીધે ઇંદ્રિયની શકિત પણ હણાય. ॥૧૪૯૬॥

૪ વીરમહારાજની પહેલી દેશનામાં એકલા દેવતાઓ જ હતા. ॥૧૪૯૭॥ (જયોતિ)



## સિદ્ધચક્ર વર્ષ ૭ અંક ૧૯-૨૦ સં. ૧૯૯૫ અષાડ આવશ્યકીય સૂચના

## ભગવાન જિનેશ્વરોની પરોપકારિતા અને વરબોધિનો વખત

દરેક ભગવાન જિનેશ્વરમહારાજ પરોપકારિતાવાળા અને વરબોધિવાળા હોય છે. એ હકીકત સમસ્ત જૈનજનતા માને છે અને તેથી તે વિષયમાં કોઈપણ જાતનો કોઈને પણ મતભેદ ન હોય તે સ્વાભાવિક છે; પરંતુ તે પરોપકારિતા અને વરબોધિ કયારથી

ગણાવી ? એ બાબતમાં ઘણો જુનો અને તીવ્ર એવો મતભેદ છે. માટે તે બનેની મુદ્દતના નિર્ણયને અંગે આગલ લેખ તપાસવાની જરૂર ગણાઈ છે. આમાં એક પક્ષ નીચે મુજબ કહે છે.

૧ ભગવાન્ જિનેશ્વર મહારાજા થવાવાળા જીવો આકાલ એટલે **અનાદિનિગોદથી જ પરોપકારી હોય છે.**

૨ ભગવાન જિનેશ્વર થવાવાળા જીવો અનાદિ કાળથી (સ્વપરને) હિત જ કરનારા હોય છે કોઈ કાલે કોઇપણ જીનેશ્વરનો જીવ, (સ્વ કે પરનું) અહિત કરનાર હોય જ નહિ.

૩ ભગવાન જિનેશ્વર મહારાજને જે આદ્ય સમ્યકત્વ થાય તે જ વરબોધિ કહેવાય.

૪ અનાદિકાળથી એટલે નિગોદના વખતથી ભગવાન જિનેશ્વરો પરોપકારી જ હોય, અને તેવા પરોપકારી વરબોધિથી (આદ્ય સમ્યકત્વથી) તીર્થંકરનામકર્મનો બંધ કરે છે.

આ પ્રમાણે જ્યારે એક પક્ષ એટલે પૂર્વપક્ષી કે વાદિનું કથન થાય છે ત્યારે ઉત્તરપક્ષ કે પ્રતિવાદીનું કથન નીચે મુજબ થાય છે

૧ ભગવાન જિનેશ્વરમહારાજાઓ **સમ્યકત્વવાળી અવસ્થામાં** એટલે આદ્ય સમ્યકત્વ કે અન્ય સમ્યકત્વ યાવત વરબોધિ સમ્યકત્વવાળી અવસ્થામાં **પરોપકારી જ હોય છે.** અર્થાત અનાદિનિગોદથી પરોપકારિપણાદિ ગુણનો નિયમ છે નહિ.

૨ ભગવાન જિનેશ્વરમહારાજાઓ સમ્યકત્વ (આદ્ય કે વરબોધિપર્યંત)ના કાલમાં અને વિશેષે કરીને વરબોધિ લાભ થયા પછી કોઇપણ (સ્વ. કે પર)નું અહિત કરે જ નહિ; પરંતુ સર્વકાલે તેમ નહિં.

૩ ભગવાન જિનેશ્વર મહારાજને થતું આદ્ય સમ્યકત્વ, બીજા જીવોના સમ્યકત્વ કરતાં તીર્થંકરપણાને પરંપરાએ આપનાર હોવાથી શ્રેષ્ઠ ગણાય; પરંતુ જિનેશ્વરને 'વરબોધિ' તો ભૂત અને વ્રતિની અનુકંપા આદિએ યુકત અને સતત સમ્યકત્વ હોય એટલે ભગવાન જિનેશ્વરને અપ્રતિપાતી કે શુભકર્મની પરંપરાવાળું સમ્યકત્વ થાય તે જ વરબોધિ કહેવાય.

૪ ભગવાન જિનેશ્વરોને શ્રી તીર્થંકર નામકર્મનો બંધ, આદ્ય સમ્યકત્વથી થતો નથી. જે માટે આદ્ય સમ્યકત્વને વરબોધિ કહેવાતુ નથી; પરંતુ ભૂત વ્રતિ અનુકંપાદિ શુભકર્મના આસેવનયુકત એવું અથવા અપ્રતિપાતી જે વરબોધિ સમ્યકત્વ છે તેની પ્રાપ્તિ પછી થાય છે. એટલે વરબોધિ પ્રાપ્ત થયા પછી નિયત પરોપકારીજ હોય છે અને પછી અરિહંત આદિ સ્થાનકોની આરાધનાના ઉદાર આશયવાળા ભગવાન જિનેશ્વરોના જીવો તીર્થંકરનામકર્મનો બંધ કરે છે

૫ પરોપકાર અને હિતના પ્રસંગને અંગે ઉપર પ્રમાણે છતાં શ્રી શક્રસ્તવ કે-જે નમો ત્થુ ણં છે અને તે ભગવાનના ચ્યવનાદિ કલ્યાણકોમાં તે કહેવાતું હોવાને અંગે સર્વ તીર્થંકરોના તીર્થંકરના ભવો લઈને અનાદિ નિગોદથી નહિં, પણ અનાદિકાલથી થતા તીર્થંકરોના ભવને અંગ આકાલમ્ નો અર્થ અનાદિ લઈએ અને વિવક્ષિતકાલ ન લઈએ તો પણ હરકત નથી. ઉપર પ્રમાણે જણાવેલ પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષમાં કાંઈપણ ફેરફાર કે સુધારો આવશ્યકીય છે, એમ જો નહિ જણાય તો પછી બંને પક્ષ તરફનાં વક્તવ્યો વિસ્તારથી સમાલોચના સાથે લખી જાહેર કરવામાં આવશે ॥૧૪૯૮॥

## સ...મા...લોચ...ના

આકાલમ્ પદનો અનાદિ એવો અર્થ થાય જ નહિ' એવું કહેવાતું જ નથી; પરોપકારિતા. અનાદિનિગોદથી તીર્થંકરોની ન હોય માટે આકાલંથી વિવક્ષિતકાલ લેવો– સમ્યકત્વચ્યુત કાલ લેવો. ॥૧૪૯૯॥

૨ તથાભવ્યત્વની માફક અનાદિપરોપકારિતા મનાવવા માટે પુરાવો કેમ નથી અપાતો ? કાલાદિ સામગ્રીથી પરોપકારિતાદિ પ્રકટ થાય છે એમ માનનારને પરોપકારિતાદિ અનાદિનિગોદથી તથાભવ્યત્વની માફક હતા એવું વચન લખવું. ॥૧૫૦૦॥

૩ 'તથાભવ્યત્વથી જેમ સમ્યકત્વ વિશિષ્ટ થાય છે તેમ પરોપકારિતાદિ ઉત્પન્ન થતાં નથી, પરંતુ તે પહેલેથી હતાં ને પ્રકટ થાય છે' એમ કયા પ્રમાણથી કહેવાય છે ? ॥૧૫૦૧॥

૪ નમો ત્થ ણં સૂર્વ તીર્થંકરોને અનાદિ કાળથી ઈન્દ્રો કહે છે માટે તેમાં કહેલા પુરિસુત્તમાણં પદમાં જણાવાતા પરોપકારિતાદિ, અનાદિના તીર્થંકરોના તીર્થંકરના ભવમાં લેવાય તેમાં બાધ શો ? ॥૧૫૦૨॥ (વી.શા રામ)

卐 卐 卐

## સિદ્ધચક્ર વર્ષ ૭ અંક ૨૧-૨૨ સં. ૧૯૯૫ પ્ર. દ્વિ.શ્રાવણ માસ

## સમાલોચના

૧ મંગલ કયા વિચારથી કહેવામાં આવ્યું છે તે વિચારને તે શિવાય ઇતર ન સમજે, માટે તે કહેનાર જ ઉત્તરમાં યોગ્ય છે. તેવી સાદી વસ્તુને નહિ સમજનાર કથીર-શાસનમાં કકલાટ કરે તે અયોગ્ય જ છે.

૨ પરમેષ્ઠિનમસ્કારને મંગલ ગણવાનું પોપટીયું જ્ઞાન કહેવડાવનારે ખુલાસો કરવો.

૩ મગલં ભંગવાન્ વીરો.ના અસ્તુ નો ખુલાસો કરવો. મમ મંગલમરિહંતા થી મંગલાલયનો ખુલાસો કરવો ચત્તારિ નપુંસક વગેરે છતાં વૃત્તિ અને ચૂર્ણિમાં ચત્વાર: એમ પુંલ્લિંગ અને મંગલ એમ ચાર છતાં એકવચન કહ્યું તેનો ખુલાસો કરવો. ત્યાં કુર્વન્તુ ક્રિયા પદ ન લગાડાય, પણ સન્તિ કે સ્યુ: જેવું સત્તાવાચક લેવાનો નિયમ લેવા માટે ખુલાસો કરવો.

૪ સુનિશ્ચિતં વગેરેને પ્રેસની ભુલ છે એમ મહાવ્રતધારી તો નહિ જ જણાવે.

૫ ધર્મરત્નની બંને ટીકામાં અમો (ઙ) ત્પદેવતાનમસ્કારદ્વારેણં મંગલમભિહિતં એમ શું નથી ?

૬ કિરણાવલીમાં વાણીના વિશેષણને માટે સ્વ સ્વ શબ્દ જોડવા માટે કહેલ નરામરતિરશ્ચાં પદને પહેલા સમવસરણમાં મનુષ્યની હાજરી જણાવવા માટે આચારાંગાદિ મહાશાસ્ત્રોથી વિરૂદ્ધપણે જોડવા તૈયાર થનાર અનાર્યવાદી આદિની ખોટી અને ખરાબ પ્રરૂપણાને પ્રસરાવનારનો ઉપાસક હોય તેમાં નવાઇ નથી.

૭ આકાલ૦ બાબત કે આ વિગેરે બાબતમાં મૂલપ્રરૂપક શિવાય બીજાનું લખાણ કે કથન વ્યર્થ છે માટે બીજા કોઈએ લખવુ યોગ્ય નથી

૮ તાન્ પરમાત્મનેા મંગલં કૃત્વા–શુભમનોવાકકાયગોચરં સમાનીય એ પાઠ વિચક્ષણોને માટે પ્રેક્ષણીય છે (વી શા.રા.)

¤ ¤ ¤

**સિદ્ધચક્ર વર્ષ ૭ અંક ૨૩ સં. ૧૯૯૫ ભા શુ ૧૫ સમાલોચના**

આકાલમ્ આદિ બાબતમાં મુળ પ્રરૂપકને સંતાડી દેવાની આ રમત છે તેથી તેનો ઉત્તર પહેલા જણાવેલ પ્રમાણે જ આપવામાં આવતો નથી

મૂલ પ્રરૂપકને પૂર્વોત્તર પક્ષમાં ફેરફાર કે સુધારો વધારો કરવો હોય તો તે જ જાહેર કરે.

એ લેખક તે મૂલને આ વખતે જ ચોકખા શબ્દોથી ખસેડવા માગે છે માટે આ સૂચન છે.

ત્રીજો મનુષ્ય, 'પ્રવચનકાર આમ કહે છે' તેમ જણાવે છે તે ભરોસા લાયક જેટલું ન ગણાય તેટલું તેમના પોતાના તરફનું લખાણ હોય તેજ ભરોસા લાયક ગણાઇ વિશેષ ઉત્તર દેવા લાયક ગણાત, (આકાલમ્ માટેના લેખમાં સ્પષ્ટરીતે સુધારો ઈષ્ટ હોય તો જણાવવો વ્યાજબી હતો. આ વાત તો સ્પષ્ટ છે કે–ખુલાસો માગનાર અગર વિરોધ ઉઠાવનાર પ્રશ્નકાર તો ગણાય જ.)

જે ત્રણ ખુલાસા માગ્યા છે તે સિદ્ધચક્રમાં કઈ જગોપર કબુલવામાં આવ્યા છે તે જણાવવું યોગ્ય છે ફેરફાર કરીને કહેવું એ સજ્જનનું કામ નથી.

૧ શ્રી કલ્પસૂત્ર આદિ ધર્મશાસ્ત્રોને જાણનારા પણ સમજી શકે છે કે – ચાલતી પ્રરૂપણાથી સામી પ્રરૂપણા કરનાર કે તેમાં હરકત ગણનાર ષટકલ્યાણકવાદીની માફક વાદી ગણાય. સામાન્ય સમ્યક્ત્વ કે વરબોધિ પછી શ્રી તીર્થંકરના જીવોમાં પરોપકારિતા હોય જ એવા નિરૂપણની સહામા આકામ્ના પાઠથી અનાદિથી એટલે નિગોદથી પરોપકારિતા માનનાર થઈ જાહેરમાં આવનાર થયા માટે વાદી ગણાય.

૨ પહેલાં કથન કરનાર જ વાદી હોય તો શાસ્ત્રકારો બધા વાદી અને શંકા અગર વિરોધ કરનાર પ્રતિવાદી ગણાત; પરંતુ શાસ્ત્રકારો તો શંકાદિ કરનારને વાદી ગણે છે.

૩ વિરોધનો પ્રારંભ કરનાર પોતે છે એમ કબુલ કરનાર પોતાને ઉત્તરપક્ષી ગણાવવા માગે એ આશ્ચર્ય ગણાય.

૪ 'એવું ધ્વનિત કરનારૂં', 'આવા અર્થમાં,' 'આશયને સુચવનારૂં,' 'હતો જ નહિ', 'એવો અર્થ થાય જ નહિ' આવાં વાકયો કહેનાર માયામૃષાવાદી ન થાય તો કલ્યાણ ગણાય.

૫ 'પરહિતરતપણું શ્રી તીર્થંકરના ભવમાં જ હોય પણ પૂર્વના ભવોમાં નહિં' આ લખાણ શ્રી સિદ્ધચક્રમાં હોય તો પુસ્તક અને પૃષ્ઠ લખવું પ્રથમ સમ્યક્ત્વને પરોપકારિતાની અવિચ્છિન્નતાના કારણ તરીકે વરબોધિ કયાં કહી છે ? સામાન્યજીવના સમ્યક્ત્વ કરતાં શ્રી જિનેશ્વર મહારાજનું સમ્યક્ત્વ શ્રેષ્ઠ હોય તેમાં બે મત હતા નહિ એમ છે પણ નહિ. હજી પણ અવિચ્છિન્ન પરોપ કારિતાના કારણરૂપ વરબોધિને પહેલું સમ્યક્ત્વ ગણવું કે ન ગણવું તેનો જ મતભેદ છે. ॥૧૫૦૩॥

પ્રવચનકાર શિવાયને બોલવાનો કે તેનો ઉત્તર દેવાનો આ વિષય જ નથી એ સ્પષ્ટ જણાવેલ જ છે. (વી.શા.રા.)



**સિદ્ધચક્ર વર્ષ ૭ અંક ૨૪ સં. ૧૯૯૫ ભા.વ.૦)) સમાલોચના**

૧ પરસ્પરલગ્નાગ્રે એ પાઠથી વચમાં પડદો ન હોય. ॥૧૫૦૪॥

૨ દેવાઃ આગળ અપિ શબ્દ નથી, પણ ચતુર્વિધાઃ આગળ છે, છતાં અપિ શબ્દથી મનુષ્ય લેનાર ધન્ય છે ॥૧૫૦૫॥

૩ કલ્પ વિગેરેના તેવા પાઠો રાખવા.

૪ 'દેવતા જ હતા' એમ સ્પષ્ટપણે જણાવનાર આચારાંગાદિકના પ્રૌઢ પાઠો છે. ॥૧૫૦૬॥

૫ શિલ્પશાસ્ત્રના જાણનારને પૂછવું.

૬ સાચારૂપે કથીરશાસન થાય ત્યારે સત્યરીતે તેમ કહેવું થાય.

૭ મહેસાણાવાળા ખુલાસો દે

૮ પ્રત્યેક ભેદે અનન્ત તારતમ્યતા છતાં અડધા ભેદો લાખ જેટલા દરેકના લેવાય છે.

૯ ૧-૨-૩ ઉપયોગ મહેલ્યાનો લેખ જોયો નથી.

૧૦ ૪ માનસિક નિશ્ચય તે ત્યાં અભિગ્રહ છે. (ભ૦સો૦સુ૦)

❀ ❀ ❀

**સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૧ સં. ૧૯૯૫ આ.શુ.૧૫ સમાલોચના**

ધમ્મો મંગલમુક્કિટ્ઠો એમ કહેવા અને માનવાવાળો વ્યાકરણને વ્યધિકરણ તરીકે માનનાર હોય તેમાં આશ્ચર્ય શું ? ઉત્કૃષ્ટ એ મંગલનું વિશેષણ છે અને તે નપુંસકલિંગે હોય એ વાત ટેઢાપંથીયો તો સમજે જ કયાંથી ? ॥૧૫૦૭॥

૨ સમ્યગદર્શન, જ્ઞાન અને ચારિત્રની ઉત્પત્તિ-સ્થિતિ-વૃદ્ધિ અને પરાકાષ્ઠા મનુષ્યગતિરૂપ સંસારમાં થાય છે, માટે મનુષ્યગત્યાદિ સર્વથા છાંડવાયોગ્ય કે સર્વથા દાવાનલ, રણ કે સમુદ્ર જ છે એમ કોણ માને ? ॥૧૫૦૮॥

૩ મૈત્રી સર્વભૂતો એટલે છ કાયના જીવોમાં હોય એમ મિતિ ભૂએસુ એ વચનથી સ્પષ્ટ છે, છતાં સંયતિમંડલમાં જ મૈત્રી માનનાર જુઠો ગણાય. ટેઢાપણાને લીધે સંયતશબ્દની જગો પર સંયતિ શબ્દ વાપર્યો છે ! મૈત્રીનો અર્થ હિતચિંતન છે છતાં તેનો સમાનતા અર્થ ગણનાર ટેઢાપંથી જ હોય. ॥૧૫૦૯॥

૪ કલેશને પામનારમાં સમ્યકત્વવાળો કરૂણા રાખે એ કારૂણ્યભાવનાનો વિષય જે ન સમજે અને ટેઢાપંથી જ આચાર્યને એ ભાવના છે એમ કહે અથવા સંયતિમંડળ અને ધર્મમાર્ગે ચઢતા શ્રાવક જ એનો વિષય છે એમ બોલે કે માને તેની કલ્પના ખરેખર કૌવચશ્રેણી જ છે. ॥૧૫૧૦॥

૫ શ્રાવક અને સંયતિવર્ગ જ મુદિતાનો વિષય છે એમ માનનારે સુબાહુ આદિના દાનને છોડી દીધા છે, ગુણાધિકમાત્રમાં પ્રમોદ હોય એમ શાસ્ત્ર કહે છે. ॥૧૫૧૧॥

૬ દયાનો નિષેધ કરવો, હિંસકને અનિષેધરૂપ અનુમતિ આપવી, અને હિંસા છોડાવનાર કે છોડનારને 'પાપસ્થાનકનાં પોટલા થાય છે' એમ માનનારા ટેડાપંથીયો માધ્યસ્થ્યના આંગણામાં પણ દાખલ કયાંથી થાય ? ॥૧૫૧૧॥

૭ અહિંસાદિ ત્રણ, ધર્મના ભેદો છતાં ઉત્કૃષ્ટના ભેદો કહેનાર કેવો ટેડો હશે ? ॥૧૫૧૨॥ (જૈન. ટેડાપંથી)

**સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૫ ૬ સં. ૧૯૯૬ માગ. શુ. ૧૫ સમાલોચના**

પિંડવિશુદ્ધિના ટીકાકાર ચંદ્રસૂરિ છે' એમ જે હેડીંગમાં શ્રીમચ્ચન્દ્રસૂરિવિવૃતા પદથી નિવેદનમાં ટીકા **શ્રી શત્રુંજયમાહાત્મ્યની વૃત્તિના કર્ત્તા આચાર્ય** શ્રીમદ્ ધનેશ્વરસૂરિજીના શિષ્ય આચાર્ય **શ્રીમચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ' એમ કહેવ થી પ્રસ્તાવનામાં પ્રસ્તુતટીકા-ગ્રન્થકારઃ શ્રીમચ્ચન્દ્રસૂર્ય **તથા** શ્રીમચ્ચંદ્રસૂરિશ્રીયશોદેવ પ્રભૂ **તેમજ** ઊસ્યાઃ શ્રીચંદસૂરેર્વૃત્તેઃ પ્રારંભમાં પણ શ્રીમજ્જિનવલ્લભગણિતા શ્રીમચ્ચદસૂરિવિવૃતા એ વિગેરે પ્રકાશકના વાકયોથી પિંડવિશુદ્ધિ ટીકાના પ્રકાશક, તે ટીકાના કરનાર શ્રીમત ચન્દ્રસૂરિજી હતા એમ જણાવે છે; **પરંતુ** તે જ ટીકાની પ્રશસ્તિમાં શાસ્ત્ર પિંડવિશૂદ્ધિસજ્ઞિતમિદં શ્રીચદસૂરિસ્તુત એમ જણાવી પોતાનું શ્રીચન્દસૂરિઃ એવું નામ જણાવે છે

આ શ્રીચન્દ્રસૂરિજીની રચેલી 'સુબોધાસામાચારીમાં'માં તેઓ સ્પષ્ટશબ્દથી આ પ્રમાણે જણાવે છે કે **सिरिसलिभदसूरिधणेसरसूरिसिस्ससिरिसिरिचंदसूरि समुद्धरिया सुहबोहसामायारी** નથા બહુવિધપ્રતિષ્ઠાકભ્યાન સંવીક્ષ્ય સમૂદ્ધતોડ્યં શ્રીશ્રીચન્દ્રસૂરિણા આ બે લેખો ઉપરથી સ્પષ્ટ થાય **છે** કે- શ્રી શીલભદ્રસૂરિના શિષ્ટ શ્રી ધનેશ્વરસૂરિના શિષ્ય **શ્રીમાન્ શ્રીચન્દ્રસૂરિ હતા; પરંતુ ચન્દ્રસૂરિ તેમનું નામ નહોતું** વળી આ પિંડવિશુદ્ધિની ટીકામાં પણ સમમૂદિહ ચાન્દ્રકુલં, સ્થિરં સદાઽપૂર્વચન્દસમમ॥૧॥ **તથા** શીલભદસૂર્યાંખ્યાઃ તે ધનેશ્વરસૂરયઃ વિગેરે **લખાણોથી** પણ સ્પષ્ટ થાય છે કે- શ્રી ચાન્દ્રકલના શીલભદ્રસૂરિના શિષ્ય ધનેશ્વરસૂરિ હતા અને તેમના શિષ્ય શ્રીમાન્ શ્રીચન્દ્રસૂરિજીએ આ ટીકા કરેલી છે. આવી રીતે શ્રીમાન શ્રીચન્દ્રસુરિજીની જગોપર ચન્દ્રસૂરિ તરીકે લખવામાં પ્રકાશકે એ ગ્રંથનું અને અન્યગ્રંથોનું ધ્યાન રાખ્યું નથી વળી પ્રકાશકે શ્રી ચન્દ્રસૂરિજીના ગુરૂ ધનેશ્વરસુરિજીને 'શ્રીશત્રુંજય માહાત્મ્યની વૃત્તિના કર્ત્તા' બતાવ્યા **છે, તે તો તેમની પરંપરાની શત્રુંજય માહાત્મ્યની પ્રતિકૂલ શ્રદ્ધાના કીરણથી છે.** કારણ કે પ્રથમ તો શ્રી શત્રુજય માહાત્મ્ય એ મૂલ અને વૃત્તિવાળો ગ્રંથ નથી, કેવળ વર્ણનવાળો જ ગ્રંથ **છે** ! બીજું શ્રી શત્રુંજય માહાત્મ્યમાં શ્રીધનેશ્વરસુરિજી પોતાના ગુરૂએ શીલભદ્ર આચાર્ય તરીકે જણાવતા નથી. તેઓ તો પોતાની હયાતિ વલ્લભીપુરના રાજા શિલાદિત્યની વખતે જણાવે છે તો આ બાબતમાં પણ તે પ્રકાશકે ખુલ્લા પુરાવા બહાર પાડવા જોઈએ. ॥૧૫૦૮॥

**સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૯ સં. ૧૯૯૬ મહા શુદિ ૧૫ સમાલોચના**

૧ શ્રી સિદ્ધચક્રના તંત્રીએ રામવિજયજીને છાપાદ્વારા ખુલાસો કરવાનું જણાવ્યું હતું, તે તેઓ ભૂલી ગયા.

૨ મુંબઈથી સદ્‌ગૃહસ્થોને અમદાવાદ પાંજરાપોળના ઉપાશ્રયે સુરીશ્વરજી પાસે એવી શરતે મોકલ્યા હતા કે– 'તેઓ કહેશે તેમ કરીશ.' છતાં તેઓ રવિવારની સંવચ્છરીના સમાચાર લાવ્યા ત્યારે પણ રામવિજયજીએ તે કબુલ ન કર્યા. ॥૧૫૧૪॥

૩ વ્યાખ્યાનમાં રવિવારની સંવચ્છરીના હિસાબે પચ્ચકખાણ કરાવ્યા હતાં, છતાં બીજે જ દિવસ આગમ્યકારણથી રામવિજયજીનું ચક ફેરવું હતું. ॥૧૫૧૫॥

૪ મુંબઈથી થોડે જ દુર વિહાર કરીને ગયા ત્યારે શ્રી રામવિજયજીને સદ્‌ગૃહસ્થોએ ગુજરાતમાં આવી સંવચ્છરીનું સમાધાન કરવા સૂચવ્યું હતું છતાં તેની ગણના કર્યા વિના એ રામવિજયજી દક્ષિણ તરફ વધ્યા હતા. ॥૧૫૧૬॥

૫ સંવચ્છરીના શાસ્ત્રાર્થ માટે ખંભાતનું સ્થાન નિર્મિત થયા છતાં પણ પોતે ખંભાત નહિ આવવાને માટે જાહેરપણે શેઠ જીવાભાઇ ને જણાવ્યું હતું અને જીવાભાઈ એ તે વાત સ્પષ્ટપણે પણ કાગળમાં લખેલી જ છે ॥૧૫૧૭॥

૬ અમદાવાદ વિગેરે સ્થિાનોના સદ્‌ગૃહસ્થો મુંબઇથી પૂને શ્રી રામવિજયજીને શાસ્ત્રાર્થ કરવા માટે આવવાનું નિમંત્રણ દેવા ગયા હતા છતાં તેઓને આવવા માટે ચોકખી ના કહી હતી, તે હકીકત શેઠ પ્રતાપભાઈના છપાયેલા નિવેદનને વાંચનારાઓથી અજાણી નથી. ॥૧૫૧૩॥

૭ જામનગરથી વિહાર કરીને આચાર્ય મહારાજાદિક મોટો સાધુનો સમુદાય. વણ થલી સુધી આવ્યો હતો, છતાં શેઠ નગીનભાઈ અને જીવાભાઇએ કોઇપણ સાધુનો નિર્દેશ રામટોળી તરફથી આવવાનો ન કર્યો અને શાસ્ત્રાર્થ કરવાનું રામટોળી તરફથી બંધ થયું ત્યારે જ વણથલીથી આચાર્ય મહારાજાદિકને પાછા જામનગર જવાનું થયું છે

૮ રામટોળીમાં કોઈની પણ ઇચ્છા જો પોતે લીધેલા શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ અને જુઠા માર્ગને મધ્યસ્થદ્રષ્ટિથી સમજવાની હોત તો જુઠું પ્રચાર કાર્ય કરવા કરતાં સત્યના નિર્ણય તરફ દોરાત; પણ આટલાં વર્ષો વીત્યા છતાં તે ટોળીમાંના કોઇએ પણ ચર્ચા માટે કશાંય પગલાં ભર્યાં જ નથી. તે ટોળીનાં શ્રી ક્ષમાવિજયજીને શ્રી સિદ્ધક્ષેત્રમાં અતિઆગ્રહથી તિથિના નિર્ણય માટે લાવવા પાડ્યા હતા અને તેમનું નિરૂત્તરપણું થયું એ જગજાહેર સાચી બીનાની બળતરા શમી નહિં હોવાથી જ કથીરશાસનના કહોવાયેલા

કલમબાજે જગતમાં જાહેર થએલા જુઠને સાચું ઠરાવવા તાજેતરમાં પણ કુટિલ કલમ કેળવી તેને લીધેજ ઉપર જણાવેલું રામવિજયજીની જ વિપરીતતાને જણાવતું સત્ય હલમાં લખવાની જરૂર પડી છે. (વીર (કથીર) તંત્રી)

卐卐卐

## સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૧૦ સં. ૧૯૯૬ મહા વદી ૦)) સમાલોચના

૧ અમદાવાદમાં ભરાયેલું મુનિસંમેલન, શ્રી તપાગચ્છ કે બીજા કોઇપણ એક ગચ્છનું કે એક સંઘાડાનું નહોતું; પરંતુ મૂર્તિપૂજામાં લાભ માનનાર અખિલ જૈન મુનિસમુદાયનું હતું. તેથી "આપણાં પરમપવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોના સમાધાનને અંગે મંડલી નીમી છે" આ વાક્યમાં આક્ષેપ કરનારા શ્રી શ્વેતાંબરમૂર્ત્તિપૂજક શિવાયના હોય અને તે અન્યમતીઓ કહેવાય અને હોય તે સ્વાભાવિક જ છે; છતાં અન્યધર્મીઓની વાત નથી એવું કહેનાર ઠરાવ સમજવા ફેર નિશાળે બેસે તો સારૂં છે. ॥૧૫૧૯॥

૨ ઉપર્યુકત સંમેલને મંડળીને માટે 'તે મંડળીએ તે કાર્ય નિયમાવલી તૈયાર કરી શરૂ કરવું' આવી રીતે ઠરાવી મંડળીને આક્ષેપોના સમાધાનને અંગે નિયમાવલી તૈયાર કરવાનું સોંપવામાં આવેલું, છતાં 'મૂળમુદ્દામાં ફેરફાર કરવાનો અધિકાર ન હોઈ શકે' આવું અયુકત લખવાવાળાએ પણ અન્યધર્મીશબ્દ જે મૂળ મુદ્દાનો છે તે સમજવા માટે મ્હેતાજી પાસે જવું ઠીક છે. ॥૧૫૨૦॥

૩ સમિતિ, નિયમને અનુસરીને હોય એ પણ ન સમજનારને નિશાળે બેઠાં પણ ભણવાનું થશે કે નહિં ? તે વિચારવા જેવું છે ॥૧૫૨૧॥


૪ રામટોળી જે મંડળીને શ્વેતાંબરમુર્ત્તિપૂજકોના વિવાદોમાં નિર્ણય કરેલાને (કરવાનો) અધિકાર સોંપવાનું સૂચવીને પોતે તે પાંચના કાર્યાદિક દ્વારાએ થયેલા નિર્ણયને અમાન્ય કરી પર્વનો ક્ષય અને વૃદ્ધિ માને, વિરૂદ્ધ ગયા છે એમ જણાવતાં ધૃષ્ટતાની જાહેર ખબર તો નથી કરતી ને ? ॥૧૫૨૨॥ (કથીર-તંત્રી)

૧ કોઇકના પટધર થઇ ગયા પછી પણ કોઇક અન્યના શિષ્યરત્નપણે ખ્યાતિ મેળવનારને 'ભગવાન્ મહાવીર મહારાજની પાસે સંક્રમણ કરનાર કેશીકુમાર તથા ઉદય પેઢાલ વિગેરે પાર્શ્વસંતાનીયપણે રહે ખરા. ? ॥૧૫૨૩॥

૨ **દીક્ષાથી પતિત થઈ બીજી વખતે ભાગ્યયોગે દીક્ષા પ્રાપ્ત થાય તો તે પહેલી દીક્ષાથી પર્યાયની ગણત્રી કરનારો જો મનુષ્ય થાય** તો તે ભવાંતરની દીક્ષા પામનાર જીવોના ભવાંતરથી પર્યાયો ન ગણે તે પણ નવાઇ જ છે.

ભગવાન્ પાર્શ્વનાથજી મહારાજના સાધુઓ, ભગવાન મહાવીર મહારાજના શાસનમાં આવી છે દોપસ્થાપનીય ચારિત્ર ગ્રહણ કરે ત્યારે પણ નિરતિચાર છતાં શાથી પ્રથમનો પર્યાય નહિં ગણાતો હોય ? તે શું અયથાર્થવાદિઓ નહિ વિચારતા હોય ? ॥૧૫ ૯॥

૩ **ઉત્તરાધ્યયન સરખા પણ યોગ જેણે વહન ન કર્યા હોય અને હઠાલંબનથી જેણે યોગ ઉત્થાપ્યા હોય તેવાને 'આચાર્યદેવ' લખનારો મનુષ્ય,** શાસ્ત્ર અને પરંપરાની રૂંવાટે પણ શ્રદ્ધા ધરાવતો હશે કે કેમ ? (ઉત્તરાધ્યયનના યોગ એટલા બધા લાંબા નથી કે જેની આરાધના શુદ્ધપણે પણ ન થઈ શકે ) **એવી જ રીતે માંડલીયા શિવાય એકપણ જોગને નહિં વહેનાર અને કાલગ્રહણાદિક વિધિનું નામનિશાન પણ નહિં આચરનારને** આચાર્ય અને ઉપાધ્યાય સરખા પરમેષ્ઠિવાચક શબ્દો લગાડનાર મનુષ્ય, 'અપાત્રમાં ગણધરપદ આરોપણ'નું પ્રાયશ્ચિત્ત જે અનંત સંસારરૂપ છે તેને નહિં જાણતો હોય ? ન જાણે એમ તો કહી શકાય જ નહિ ॥૧૫૨૦॥ ક્રમશ દાનપ્રશ્ન – તસ્વીર (૧)



**સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૧૧ સં.૧૯૬૬ ફા. શુ. ૫ સમાલોચના**

૧ પ્રકાશકીય નિવેદન અને જીવનચરિત્રની અયોગ્યતાની સમાલોચના. આગમરહસ્યની વિશેષ અપેક્ષા રાખનાર ન હોવાથી તે હાલ તો આગળ ઉપર રાખવી એ યોગ્ય ધાર્યું છે ॥૧૫૨૧॥

૨ મંગલાચરણ તરીકે આપવામાં આવેલા શ્લોકોનું જે અગડંબગડપણું છે તે કોઈક તેવા અન્યે કરેલા હોય અને તેથી તેની જવાબદારી ઉત્તરકાર વિગેરેના નામે ન ચઢે માટે તેની ટીકા કરવી વ્યાજબી ધારી નથી; છતાં જો આવર્ષન ટીપ્પનકાર તરીકે ગણાવવા માગતી વ્યકિત જણાવશે કે– 'ઉત્તરદાયકના જ શ્લોકો છે અને તેની જે ત્રુટિઓ હોય તે જણાવવામાં ચડચણ નથી' તો તે ત્રુટિઓ પણ જણાવાશે. ॥૧૫૨૨॥

૩ **પ્રથમગાસ્રે મક્ષિકાપાતઃ અર્થાત્ જેમ પહેલે કોળીએ માખ આવે તેવી રીતે આ પ્રથમ પ્રશ્નોત્તર જ ઉત્તરદાયી અને આવર્ત્તન ટીપ્પનકાર (જમ્બુક)ની સમજશકિત જાહેર કરે છે !** આપેલા પાઠમાં **સેસગાજહાસત્તિં કાકસ્ચગ્ગાઇસંઠિયા** એ પ્રમાણે પદો હોવાથી સીધો અર્થ એ હતો કે–'પાક્ષિક (સુત્ર) પ્રતિક્રમણને બોલનાર શિવાયના સાધુઓ જેની જે પ્રમાણે કાયોત્સર્ગ વિગેરે મુદ્રામાં રહ્યા થકાં (સાંભળે)' આ સ્થાને ઉત્તરદાતા લખે છે કે– 'અને બીજા સર્વે શકિત હોય તો કાયોત્સર્ગાદિ મુદ્રાએ ઉભા રહીને સાંભળે' આવા દીધેલા ઉત્તરમાં 'શકિત હોય તો' આવો **અર્થ શુ જાહાસતિનો** કર્યો ? વળી 'બીજા સર્વ' એમ કહીને સર્વ સાંભળનારાને ઉદ્દેશીને કહેવામાં 'શકિત હોય તો' એ

વાકય કઈ સમજણથી જોડાયું ? વળી 'બીજા સર્વ' અને 'શકિત હોય તો' કહીને મુદ્રામાં 'ઉભા રહીને' એ ભાગ કયાંથી લાવવામાં આવ્યો ? અને કાયોત્સર્ગની સાથે જોડવામાં 'આદિ' શબ્દથી શું જણાવવામાં આવ્યું ? આ બધું તેમાં લખેલું વિચારનારો મનુષ્ય, ઉત્તરદાતા અને આવર્ત્તનકારની સમજણનો કેવો વિચાર કરે ? **(આગમના અભ્યાસ વગર 'રહસ્યવેદી' બનનારનો આ પ્રથમ નમુનો છે.)** ॥૧૫૨૮॥

૪ ઉત્તરદાતા અગર આવર્ત્તનકાર, પ્રશ્ન બીજામાં 'સોઅવ્વો સવ્વેહિં' એ પદો જણાવે છે; પરંતુ 'મણિયવ્વો' એ પદ જે તે જ ગાથામાં આવેલું છે 'તેના કર્ત્તા એક વચનમાં જ હોય અને શ્રવણનો કર્ત્તા સર્વ નહિ પણ એક વિના શેષ હોય' તેવું સાધ્ય, સિદ્ધ કરવામાં તેઓ ફલીભૂત થઈ શકયા નથી. ગાથામાં સવ્વેહિં એક જ કર્ત્તા પદ છે એ તરીકે ઉત્તર૦ આવર્ત૦ સમજ્યા હોય તો જ્ઞાની જાણે સેસેહિં પદ નથી એમ તો સર્વ કોઇ જાણે છે એણેણ મણિયવ્વો સેસેહિં સોઅવ્વો એવાં પદો હોત તો જ તે વાકયદ્વારાએ તેમના સાધ્યની સિદ્ધિ થઈ (ગણાત) ॥૧૫૨૯॥ ક્રમશઃ દાન૦ પ્રશ્નો૦ (૨)

પ્રશ્ન ત્રીજામાં-દેવવંદનમાં સ્તુતિની આદ્યમાં- 'નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય': એ પાઠ પુરૂષો કહે પણ સ્ત્રીઓ ન કહે, શ્રી સંઘાચાર ભષ્યની ટીકામાં પૂજ્ય શ્રી ધર્મ-ઘોષસૂરીશ્વરજી મહારાજે લખેલ છે કે- પરમેટ્ઠિનમુક્કારં સક્કયતાઇ પુણ મણઇ પુરિસો. ય ચરિમાઇથૂઇપઢમં પાયઇભાસા વિ ન ઇત્થીઓ ।' ભાવાર્થ દેવવંદનમાં ચોથી અને પહેલી સ્તુતિની આદ્યમાં પુરૂષો સંસ્કૃતભાષાએ પરમેષ્ઠિનમસ્કાર- 'નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ કહે અને સ્ત્રીઓ સંસ્કૃતભાષા તો દુર રહી પરંતુ પ્રાકૃતભાષાએ પણ પરમેષ્ઠિ નમસ્કાર કહે નહિ."

### આ પ્રશ્નોત્તર પ્રમાણેની ત્રુટીયો આ—

૧ આ પંકિત, શ્રી ધર્મઘોષસુરીશ્વરજી મહારાજની નથી, પણ તેમણે પોતે જ બૃહદભાષ્યોક્તો વિધિઃ કહી પૂ શ્રી શાંતિસુરીશ્વરજીની કરેલી છે તે જણાવેલ છે.

૨ પંકિત ગાથારૂપે છે નહિ કે-ગદ્યરૂપે ! ગાથાની આગળ પાછળ પાઠ પણ જોવાની તસ્દી લીધી નથી લાગતી.

૩ (૧) સક્કયભાસાઇ જોઇએ ત્યાં સક્કહતાંઇ પાઠ મૂકયો, (૨) પુરિસો જોઇએ ત્યાં પુરિસો પછી ય ઘુસાડી દીધો ! (૩) પાઇયભાસાઇ ના સ્થાને પાઇયભાસા મુકયું ! ઇત્થી ના સ્થાને ત્થીઓ મુકયું ! એક જ પ્રશ્નોત્તરની એક જ ગાથામાં તેમણે માનેલ સકલા-ગમરહસ્યવેદી, કેટલી ભૂલો કરે છે ? તે તેના વંશજો અને આવર્તનકાર દેખી લે.

૪ ઇત્થીઓ નું ક્રિયાપદ શું ? એ કયું વચન ? એનું પણ રહસ્ય ન વિચાર્યું.

૫ આ ગાથા, અશુદ્ધી મુકી એટલે અર્થમાં પણ એ જ પ્રમાણે વર્તે ને !

૬ પદ્યના બદલે ગદ્યરૂપે તે ય પણ અશુદ્ધ અને અસંબદ્ધ પંક્તિ ગોઠવી દેનારે પોતાની રહસ્યવેદિતા (?) ખુલ્લી જ કરી દીધી. અને મૂલગ્રંથમાં પાઠ મુકનાર આવર્ત્તનકારે પોતાની પણ અજ્ઞાનતા જાહેર કરી દીધી છે ! શાસ્ત્રપાઠને અને અર્થને પણ જે ન સમજ શકે તે આગમરહસ્યને તો શી રીતે સમજી શકે ? ॥૧૫૩૦॥

(દાન પ્રશ્ન ૩) ક્રમશઃ

卐 卐 卐

## સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૧૨-૧૩ સં. ૧૯૯૬ ફા. વ. ચૈ. શુ. ૧૫

### સમાલોચના

૧ ચોથા પ્રશ્નમાં- "ઇહુ પાંચહુ પરમેષ્ઠિહુ છે નમો-નમસ્કાર હુઉ' આ સ્થાને 'છે' એ શબ્દ, કલ્પિત અને અયોગ્ય છે. તથા 'ઇહ' શબ્દને સ્થાને 'ઇહુ' હોય ॥૧૫૩૧॥

૨ પ્રતિક્રમણ ગર્ભના કર્તા શ્રી જયચંદ્ર છે. જયસુંદર કેમ કહ્યા છે ? ॥૧૫૩૨॥

૩ સ્ત્રીણામ્ એ પાઠમાં દ્રષ્ટિવાદની ગંધ નથી અને સારાંશમાં 'દ્રષ્ટિવાદમાં હોવાના કારણથી અને' કેમ લખાય છે ? સ્ત્રીપદનું સ્થાન અને અર્થ યોગ્ય સ્થાને કેમ નથી ? સમુચ્ચયાર્થ 'ચ' પણ નથી. ॥૧૫૩૩॥

૪ દ્રષ્ટિવાદ અને પૂર્વની અયોગ્યતા ઉપક્રમમાં લઈ સમન્વયમાં એકલા પૂર્વની જ વાત કેમ લેવાઈ ? ॥૧૫૩૪॥

૫ પૂર્વગત પદનો પૂર્વની અંતરગત એવો પ્રશ્ન અને ઉત્તરમાં અર્થ કરનારે 'પરિકર્મ-સૂત્રપૂર્વાનૂયોગ-પૂર્વગત-ચૂલિકાભેદાત્' એ વાક્ય તથા શ્રી નંદીસૂત્રના પુવ્વગએ પાઠને નહિ જોયો હોય એમ કેમ નહિ ! ॥૧૫૩૫॥

૬ આત્મપ્રવાદ આદિ પૂર્વના આલાવા માગધી (પ્રાકૃત) છે કે નહિ ? તે રહસ્યવેદી તો વિચારે જ કિંવદન્તી અને તાત્વિકની વસ્તુ જુદી હોય. 'પૂર્વમાં જ સંસ્કૃતભાષા છે, પણ આચારાંગાદિ સિદ્ધાંતમાં તે નથી' એ વાત તો સંભવિત છે જ. 'ચૌદે પણ પૂર્વોમાં સંસ્કૃતભાષા છે જ' એ કથન પણ યુક્તિ બહાર નથી; પણ 'પૂર્વોમાં પ્રાકૃતભાષા જ નથી' એમ કહેનારે તો **રહસ્ય વિસાર્યું છે** એમ કહેવું જ યોગ્ય છે. ॥૧૫૩૬॥

૭ છઠ્ઠા પ્રશ્નમાં વર્તમાનકાળમાં કાલગ્રહણ અને તપ આદિ વિધિથી થતાં યોગને અંગે 'કંઠસ્થ ન થાય ત્યાં સુધી યોગ જ રાખવા અને આગળ પણ ન વધવું' એ માનનારો

વર્ગ', મહારાજ આત્મારામજી સિવાય કોઇનો નહોતો તો શું જોઈ ને 'દુરાગ્રહી થવું નહિ' એવી ભલામણ તેમણે કરી છે ? ॥૧૫૩૭॥

૮ 'શકિતસંપન્ન આત્માએ અવશ્ય જે જે સૂત્રના યોગ ચાલતા હોય તે તે સૂત્રને કંઠસ્થ કરવું જ જોઇએ' એવો એકાંત આગ્રહ ધરવો એ ઉચિત નથી. આ લેખ કોઇ શાસ્ત્રને આધારે છે ? 'શકિતસંપન્નોએ પણ અધ્યયન કરવા સાથે યોગ ન કરવા' એવું કયા શાસ્ત્રને આધારે કહેવાય ? શું स मुनिः पठति स्म श्रुतं चावहुतराध्ययनत्रयम એમ કહી તે ભાવવિજયજી તથા तेण तिन्नि उतरज्झयणाणि जाव महीयाणि એમ શ્રીનેમિચંદ્ર સૂરીશ્વરજી જણાવીને–'યોગની સાથે તે કાલે ભણવાનું થતું હતું" એમ નથી. જણાવતા ? ॥૧૫૩૮॥

૯ અશકટપિતા યોથું અધ્યયન પણ બે દિવસમાં ભણતા નહોતા ? ॥૧૫૩૯॥

૧૦ "યોગ એવા છે કે-જો ઉદ્યમ કરવા છતાં પણ ન આવડતું હોય તો અનુજ્ઞા કરાવવી" આમ કહી યોગનો ભેદ પાડવો તે કેમ સાચું ગણાય ? શ્રી ભાવવિજયજી અને શ્રીનેમિચંદ્ર મ.ની ટીકાના પાઠોમાં તો 'ન આવડે ત્યાં સુધી આંબેલ કરવા તેને યોગ તરીકે જણાવે છે ॥૧૫૪૦॥

૧૧ વર્ત્તમાનકાળમાં પણ શ્રુતસ્કંધાદિના સમુદેશ અને અનુજ્ઞાની આકસંધિની માફક અસંખ્ય અધ્યયનમાં ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા વચ્ચે આકસંધિને લીધે અનુજ્ઞા સુધી આયંબિલ કરવાં જ પડે છે. કે ? ॥૧૫૪૧॥

૧૨ ૪ શ્રી અનુયોગદ્વાર આદિમાં ઉદેશ આદિ શબ્દોના અર્થનો જાણનાર સુજ્ઞ તો ભણવા ની સાથે ઉદ્દેશાદિને સંબંધ છે એમ મન્યા સિવાય રહે જ નહિ. જુઓ તે પાઠ.

तत्र इदमध्ययनादि त्वया पठितव्यमिति गुरुवचनविशेष उदेशः, तस्मिन्नेव शिष्येण अहीनादिलक्षणोपेतेऽधीते गुरोर्निवेदिते स्थिरपरिचयं कुर्विदमिति गुरुवचनविशेष एव समुदेश, तथा कृत्वा गुरोर्निवेदिते सम्यगिदं धारयान्यांश्चाध्यापयेति तदूचनविशेष एवानुज्ञा
अनु० पत्र ४–१

આ પાઠમાં સ્પષ્ટ છે કે– 'ભણવાની જ આજ્ઞાનું નામ ઉદ્દેશ છે' અને 'ભણ્યા પછી જ સમુદ્દેશનો વિધિ' થાય. ॥૧૫૪૨॥

૧૩ વળી શ્રી ઉત્તરાધ્યયનનું 'ઉત્તરાધ્યયન' એવું નામ પણ આચારાંગ કે દશવૈકાલિકની પછી ભણવાને અંગે જ છે. જુઓ ઉત્તરાધ્યયનનો પાઠ–

विशेषश्चायं यथा-शय्यंभवं यावदेष; तदारतस्तु दशवैकालिकोत्तारकाल पठयत इति । उत्त. १ आ-रु गा.

पन्नतीए आइमाए अट्ठण्हं सयाणं दो दो उदेसगा उदिस्सिज्जंति, णवरं चउत्थे सए पढ़मदिवसे अट्ठ, बितीयदिवसे दो उदेसगा उदिस्सिज्जंति, नवरं नवमाओ सताओ आरद्धं जावइयं एति तावतियं २ एगदिवसेणं उदिसिज्जति उक्कोसेणं सतंपि एगदिवसणं, गज्झिमेणं दोहिं दिवसेहिं सत्त, जहन्नेण तिहिं दिवसेहिं, एवं जाव वीसतिमं सतं । णवरं गोसालो एगदिवसेणं उदिसिज्जति, जदिठिओ एगेण चेव आयंबिलेणं अणुन्नविज्जिहीति, अहणढिते आयंबिलेणं छठ्ठेणं अणुण्णवति, एक्कवीसबावीसते विसतिमाइं सताइं एक्केंकदिवसेणं उदिसिज्जंति, चउवीसतिमं सयं दोहिं दिवसेहिं छ छ उदेसगा, पंचवीसतिमं दोहिं दिवसेहिं छ छ उदेसगा, बंधिसयाइं एगेण इक्केणं, सेढ़िसयाइ बारस एगेणं, एगिंदियमहाजुम्मसयाइं बारस एगेण, एवं बेंदियाणं बारस, तेइंदियाणं बारस, चउरिंदियाणं बारस एगेण, असन्निपंचिंदियाणं बारस, सन्निपंचिंदियमहाजूम्मसयाइं एक्कवीसं एगदिवसेणं उदिसिज्जंति, रासीजूम्मसत्त एगदिवसेणं उदिसिज्जति

भगवतीसूत्र पत्रं ९७९

૧૫ શ્રી વજ્રસ્વામીજી અને અવ્યક્તનિહ્નવના અધિકારને જાણનારાથી 'યોગ અને અધ્યયનને પરસ્પર અપેક્ષા જ નથી' એમ કહી શકાય ખરૂં કે ? ॥૧૫૪૩॥

૧૬ યોગની વિધિમાં સમુદ્દેશની વખતે વાચનાના આદેશ, શું અધ્યયનનો સદ્ભાવ નથી જણાવતા ? ॥૧૫૪૪॥

૧૭ વગર અધ્યયને ચોથા અધ્યયનની અનુજ્ઞા જણાવનાર વાકયની સાથે આગળ પાંચમા આદિ અધ્યયનના શ્રુતના ઉદ્દેશાદિક થવાનું વાકય કયાં છે ?

૧૮ 'બીજા કોઇ સૂત્ર, અધ્યયન કે ઉદ્દેશાને કંઠસ્થ કરવાનો લેખ નથી' એમ કહેનારે ભગવતીનો ઉપરનો વિભાગ જોવો જરૂરી છે. આકસંધિના પ્રસંગને ન સમજવો એ શું ગણાય ? ॥૧૫૪૫॥

**તા.ક.** વગર અધ્યયને યોગ કરવામાં સામાચારી અને તેના ગ્રંથો એ જ આલંબન છે; પરંતુ એ વાત તો શાસ્ત્ર અને સામાચારીના ગ્રંથોથી પણ નિશ્ચિત છે કે- અધ્યયન તો યોગના વહન સિવાય થાય નહિ. **એટલે ખરો પ્રશ્નોત્તર તો એ જરૂરી હતો કે-યોગવહન કર્યા સિવાય અધ્યયન કરે અને પદસ્થો બને તે માન્ય કેમ ગણાય ?** ॥૧૫૪૬॥

૧૯ શ્રીચંદગચ્છીયકૃત 'સુબોધા' નામની સામાચારીમાં આ લખાણ, રહસ્યવેદિતા તો શું ? પાઠ તથા વ્યવહારની પણ અજ્ઞાનતા સૂચવે છે. શ્રી સુબોધાસામાચારી, શ્રી શ્રીચંદ્રઆચાર્યની કરેલી છે. શ્રી શ્રીચંદ્ર આચાર્યનું નામ તેમાં સ્પષ્ટ જ છે ।।૧૫૪૭।।

[ ગતાંકમાં પૃ ૨૨૩ લીટી ૧૫માં 'સકકહતાઇ' 'ઝઇત્થી' છે ત્યાં 'સકકયતાઇ' 'ન ઇત્થીં' વાંચવું.] (દાન૦ પ્રશ્ન૦ ક્રમશઃ) (૪)

૧ આચાર્ય વિ. સિદ્ધિસૂરિજીનું ફરમાન કહેનારે ફરમાનની નકલ બહાર પાડવી જોઇએ. છતાં ના કહેનારને બહાર પડાવવાનું કહેવું એ ફરમાન જણાવનારની ચોકખી અસત્યતા જણાવે છે ।।૧૫૪૮।।

૨ લૌકિક ટીપ્પણાની અપેક્ષાએ છઠ્ઠની વ્યવસ્થા માટે જે તિથિઓ જણાવાઇ છે તેને આરાધનામાં જોડી દેવાનું કાર્ય તો દુરાગ્રહ શબ્દને સાર્થક કરનારાઓને શોભે. ।।૧૫૪૯।।

૩ કોઇ વખત પણ આરાધનામાં પર્વતિથિઓનો ક્ષય અને વૃદ્ધિ, શાસ્ત્ર અને પરંપરાને માનનારાઓએ માની નથી **સં ૧૯૫૨થી જે ગોટાળો થયો છે તે સંમૂર્છિમસંતાનોનો જ પ્રભાવ છે.** ।।૧૫૫૦।।

૪ 'આહ્વાન' શબ્દ વાપરવામાં કેવલ પાલીતાણા ખાતે થયેલી ચર્ચાની ચોકખી પીછેહઠની બળતરા માત્ર છે. છતાં આવવાથી સદ્‌ગૃહસ્થો સમક્ષ સમજાવાશે.

૫ નિર્ણય થઇ શકે તેવા એકઠા થવાનો પ્રસંગ થયા છતાં વિહાર કરી જઇ પીછેહઠ કરી પેપરમાં જે લેખિતનાં બણગાં ફુંકયાં તે પણ જનતાની આંખે અંધારપછેડો ઓઢાડવાનું કાર્ય છે. ( વીર ! શાસન તા ૧૨-૪-૪૦ )



**સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૧૪ સં. ૧૯૯૬ ચૈ.વ. ૦)) સમાલોચના**

ભગવાન્ મહાવીર મહારાજના જન્મ કલ્યાણકને ઉજવતાં કદાગ્રહભરીરીતે ખોટી અને શાસ્ત્રવિરૂદ્ધ ટીપ્પણીઓ જાહેર કરાય તેના જેવું કલ્યાણક મહોત્સવને કલંક લગાડનાર બીજું કાંઇ જ નથી. (રામ–શ્રીકાંતે આવુ જ કર્યું છે.)

૧ નયાનામેકનિષ્ઠાનાં, પ્રવૃત્તિઃ શ્રુતવર્મનિ (શ્રી સિદ્ધસેન દિવાકર) શાસ્ત્રોના માર્ગમાં એક ધર્મને નિરૂપણ કરનારા એવા નયોની પ્રવૃત્તિ હોય છે. નત્થિ નયેહિં વિહૂણં સુત્તં અત્થો ય જિણમએ કિંચિ (આવશ્યક) ભગવાન જિનેશ્વર મહારાજના મતમાં સૂત્ર કે અર્થ કોઇપણ નયરહિત નથી. સવ્વે નયા મિચ્છાવાઇણો સર્વ નયવાદો મિથ્યા વાદો છે. એગે

આયા એક આત્મા (સ્થાનાંગ) આત્મા એક છે. (બે આદિ રૂપવાળો આત્મા નથી) આ સૂત્ર, બે આદિપણાના ધર્મને નિષેધવાવાળું હોવા સાથે આત્માના એકપણાને જણાવે છે. કથંચિત્નો અધ્યાહાર વ્યાખ્યાતાને જ સ્યાદ્વાદ શ્રુતપણા માટે કરવો પડે છે. આ ઉપર જણાવેલી વસ્તુ જે સમજે નહિં તે રામ-શ્રીકાંતો સાચી વસ્તુ ન સમજે અને કદાગ્રહી જુઠા બનેજ.

વળી દીધેલા મલયગિરિજીના પાઠમાં પણ એક નયવાદિપણાનો નિષેધ જણાવવામાં આવ્યો નથી, તેવો અનુપયોગી પાઠ મૂલમાત્રથી આપવો તે રામ-શ્રીકાન્તોને કેમ યોગ્ય લાગ્યું ? શાસ્ત્રને જાણવાવાળા છતાં વાકયાર્થ, મહાવાકયાર્થ, ઐદંપર્યાર્થ તેમજ ચિંતા જ્ઞાન અને ભાવના જ્ઞાનની વિશિષ્ઠતા અને ભિન્નતા ન સમજે તે સત્યદ્વેષી થાય એમાં નવાઈ શી ?

૨ સહજ તથાભવ્યતાના અનાદિપણાથી ભગવાન્ જિનેશ્વરોમાં અનાદિની ઉત્તમતાની સાધ્યતા, બોધિ કે વરબોધિ પછી પરોપકારવ્યસનિતા આદિની હેતુતા, અશુદ્ધદશામાં જાત્યરત્નના દ્રષ્ટાંતથી જણાવાયેલી યોગ્યતા તથા તીર્થંકર અને તે શિવાયના બોધિનો કાર્યદ્વારાએ ભેદ, આ બધી વસ્તુમાંથી એક પણ વસ્તુને નહિં સમજનાર મનુષ્ય ભગવાન્ હરિભદ્રસૂરિજીના વચનને સમજી ન શકે અને તેથી સિદ્ધાંતવાકયનું સ્વરૂપ ન સમજી શકે તેમાં આશ્ચર્ય નથી. ॥૧૫૫૧॥

૩ વરબોધિત આરભ્ય વિગેરે શ્રી અષ્ટકજીનો પાઠ તથા શ્રી પંચાશકના વાકયે થી વરબોધિ પછીથી દરેક તીર્થંકરમાં પરોપકારવ્યસનિતા જ હોય છે અને નયસાર તો સમ્યકત્વ પહેલાં પણ પરોપકારવ્યસની હતા (સાધુની ભક્તિ વખતે શ્રી નયસારને સમ્યકત્વ ન હોતું) એ વાત ન સમજે તે તીર્થંકરની આશાતના કરે પોતે અને બીજાને કહે તેમાં આશ્ચર્ય શું ? ॥૧૫૫૨॥

૪ "તીર્થંકરભગવાનનું આદ્યસમ્યકત્વ પણ પરંપરાએ તીર્થંકરપણાને લાવનાર હોવાથી શ્રેષ્ઠ ગણાય; પરંતુ વરબોધિ તો તીર્થંકરનામકર્મ બાંધવાના સંબંધને અંગે છે" આ સ્પષ્ટ વાત જે ન સમજે અને બોલે એ ભવભ્રમણ કરવાના રસ્તા લે તેમાં આશ્ચર્ય શું ? પોતેજ દીધેલા પાઠમાં પ્રથમ સબોધ અને વરબોધિ સ્પષ્ટપણે જુદાં જણાવેલાં છતાં તેને જુદા નહિ સમજનાર અને માનનાર મનુષ્ય કયે ચશ્મે વાંચતો હશે ? ॥૧૫૫૩॥

૫ આટલો બધો દીર્ઘકાળ થયા છતાં જેમણે શ્રી નયસાર સંબંધી કોઈપણ બીજી મુસાફરી કે સંગ્રામ જેવા કોઇપણ વૃત્તાન્તો શાસ્ત્રમાંથી બતાવી શકાયા નથી તો પછી 'બીજા વૃત્તાંતો નથી' એ કથનને જુઠું કહેનારા પોતેજ જુઠા પડે છે.

૬ શ્રી નયસારનું નામ ત્રીજે ભવે મરીચિ એવું જે સ્થાપન કરવામાં આવ્યું હતું તે આવશ્યકમાં જન્મ વખતે તેણે મેળવેલા મરીચિ (કિરણ-તેજ)ને અંગે જ છે' એમ જણાવેલું છે તેથી સૂર્યના કિરણની અપેક્ષ એ આતપ અને બાકીના પદાર્થોના તેજની અપેક્ષાએ ઉદ્યોત લખાય તેમાં ભૂલ જોનાર મનુષ્ય, દ્રષ્ટિ સાફ કરે એ ઠીક ગણાય ॥૧૫૫૪॥

૭ (૧) કોઈપણ ચક્રવર્ત્તી, ચક્રરત્ન ઉત્પન્ન થયા પછી છ ખંડ સાધ્યા સિવાય રહ્યો નથી, રહેતો નથી અને રહેશે પણ નહિ; એ વાત અજાણી ન હોવાથી 'મરીચિ ચક્રવર્ત્તીની ઋદ્ધિના ત્યાગી છે' એમ ગણવામાં ભૂલ દેખનાર મનુષ્ય ભૂલો ન પડતો હોય તો જ કલ્યાણ છે (૨) ભગવાન હેમચંદ્રસૂરિજી, આચાર્ય ગુણચંદ્રસૂરિજી અને આવશ્યકની વૃત્તિ આદિને જાણનારા ભગવાનના સમ્યકત્વ અને વ્રતમાં મહિમાને સ્પષ્ટપણે કારણ દેખી શકે છે. (પતિતપણાને લીધે તો દ્રવ્યસાધુપણાનો પક્ષ તો જોડે જ છે.) ॥૧૫૫૫॥

૮ (૧) મન્યે પદથી ઉત્પ્રેક્ષા સમજીને મરણની ઉત્સવતા અસંભવિત ગણવાનું ન સમજે તેવા **વૈયાકરણ પશુઓ જ તીર્થંકર આદિના મરણો થાય તે ઓચ્છવ તરીકે માને** અને એ રામ-શ્રીકાંતોને સમજાતું જ નથી (૨) ભોગવટો શબ્દ સામાન્યરીતે જગતમાં પણ સાહીબી જણાવનારો છે, છતાં ભોગવટા શબ્દથી વિષય સેવા લઈને જેવી માતા (ઓરમાન માતા) સાથે વિષયસેવા લેવાનુ રામ-શ્રીકાંતોને સ્ફીરત્ન કેમ સૂઝે છે ?

૯ સૂત્ર અને વૃત્તિમાં 'માતાની અનુકંપાથી અભિગ્રહ કરેલો છે' એ વાત સ્પષ્ટ અને તે **મોહોદયવાળી** છતાં શ્રદ્ધા ન થાય તેને દીવો લઈને કુવે પડવા જેવું ગણાય ॥૧૫૫૬॥

૧૦ સિદ્ધચક્રમાં લગભગ કોડીબંધ પાઠો આપીને 'તીર્થંકરોનું અનુકરણ પણ અન્યજીવોએ કરવાનું છે' એમ જણાવવામાં આવ્યું છે છતાં તેનું શ્રદ્ધાન ન હોય તે મનુષ્ય માત્ર સવચ્છરી આદિને અંગે કહેલો પાઠ લખ્યા કરે ॥૧૫૫૭॥

૧૧ વિવાહ, વિષયોનો ભોગ વગેરે નીચ ઉપાય છે એમ પોતેજ કબુલ કરવા છતાં જેઓ બળડે તેઓ કેવી દશામાં હશે ? તે જ્ઞાની જાણે.

(રામ – શ્રીકાન્ત – કલ્યાણ – કલંક)

## રામ-શ્રીકાંતોના મતનું દિગદર્શન

૧ ચક્રવર્ત્તી ભરતમહારાજા, ભગવાન્ શ્રીઋષભદેવજીના કાલધર્મની વખતે મિથ્યાત્વી હતા.

૨ શક્ર-ઇન્દ્ર આદિ ઇન્દ્રો પણ તે વખતે મિથ્યાત્વી હતા.

૩ ભગવાન્ શ્રી ઋષભદેવજીના શાસનમાં વર્ત્તતા શ્રાવકો અને શ્રાવિકાઓ પણ મિથ્યાત્વી હતા

૪ ભગવાન મહાવીર મહારાજાના કાલધર્મ વખતે ભગવાન ગૌતમસ્વામીજી મિથ્યાત્વી હતા. એ સર્વનો એટલો દોષ કે – ભગવાન્ જિનેશ્વરના કાલધર્મને એટલે મરણને ઓચ્છ-વરૂપ ન માન્યો કેમકે-**રામ.નો મત છે કે – સાચા ભકતોએ મહાત્માના મરણને ઓચ્છવરૂપ માનવો જ જોઈએ** ॥૧૫૫૮॥

(રામવિજયએ પોતાના વડીલ આચાર્ય અને ગુરૂઆચાર્યના મરણને ઓચ્છવરૂપ નહિં માન્યું હોય તો તે મિથ્યાત્વી જ !! 'ભણાવાતી પૂજાઓ, ભકિત છે પણ મરણનો આનંદ નથી' એમ માનનારા, રામટોળીના મતે મિથ્યાત્વી ગણાય છે. **રામભકતો, રામવિજયજી ના મોતને આનંદરૂપ નહિં માને તો તેઓ પણ તેના સમકિતના પડીકા વગરના જ થશે.**)

❀ ❀ ❀

**સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૧૫-૧૬ સં. ૧૯૯૬ વૈ. વ. ૦)) સમાલોચના**

૧ પુનમ અથવા અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય, સકલ શ્રી સંઘ હંમેશથી કરતો આવ્યો છે અને કરે છે, તો શું રામટોળાને મતે ઉદયની તેરસે અને શાસ્ત્રવાકયથી માનેલી ચૌદશે પકખી કે ચોમાસી કરીને આગળની ચૌદસે પૂનમ કે અમાવાસ્યા કરનાર શ્રીસંઘ મિથ્યાત્વી છે ? ॥૧૫૫૯॥

૨ રામટોળાએ અને તેના પૂર્વજોએ પણ ૧૯૮૯ સુધી પુનમ કે અમાવાસ્યાના ક્ષયે તેરસને. ક્ષય કરીને તેરસે પકખી કે ચોમાસી કરીને આગળની ચૌદસે પૂનમ કે અમાવાસ્યા કરી; પણ તે ચૌદસે પકખી અને ચોમાસી કરી ન હતી. તો તેથી પોતાને અને પોતાના પૂર્વજોને રામટોળીવાળા શું મિથ્યાત્વી થયા માને છે ? ॥૧૫૬૦॥

૩ **'૧૯૫૨માં જે માન્યતા હતી તે જ માન્યતા ૧૯૬૧ વગેરેની સાલમાં હતી' એ વાત માટે શ્રીકપડવંજ વગેરેના સંઘ પાસે નથી જણાઈ ?** ॥૧૫૬૧॥

૪ **સંમેલનમાં કઈ તારીખથી રામ તરફથી તિથિચર્ચાનું કહેવાયું ? કે જેને બીજાએ દાબી દીધી કહેવાય છે ?** તે જણાવવું હતું. કથીર શાસનનો કારમો કૂતવો આવો જ હોય. ॥૧૫૬૨॥

૫ કલ્યાણવિજયજીએ તો જુઠા કલંક દેનાર અધમોની કોટીમાં પડી રહેવાનું પસંદ કર્યું હતું અને તેથી તે સખાણ ૧૯૫૨ પછીનું અહિનું છે એમ પૂરવાર કરવા સંશોધકને મોકલ્યો ન હતો એટલે રામ. અને તેના પ્રતિનિધિની દશા જ કારમી છે ॥૧૫૬૩॥

૬ પાંચમ કે પૂનમપર્વને લોપનાર ટોળું તો હમણાં જ 'રામટોળી'ને નામે બહાર આવ્યું છે. 'શાસ્ત્રીય પૂરાવા'ની ચોપડીને વાંચનાર અને માનનાર તો માને જ છે કે પૂનમ–અમાવાસ્યાનો ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે તેરસનો ક્ષય અને વૃદ્ધિ થાય છે. તથા ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ચોકખી રીતે ત્રીજની ક્ષય વૃદ્ધિ પણ તે પુરાવાઓમાં જણાવવામાં આવી જ છે; પરંતુ શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવવામાં ટેવાયેલા રામટોળાને તે સાચું માનવાનું ભાગ્ય કયાંથી હોય ? ॥૧૫૬૪॥

૭ રામટોળીના આચાર્ય અને ઉપાધ્યાયો, શ્રી પાલીતાણામાં તિથિચર્ચા કરવા બોલાવ્યા છતાં ન જ આવ્યા અને ઉ. એ તો ચર્ચા કરવાનો ડોળ કરી ગચ્છન્તી કરી જઈ હાર ખાધી તેનું ઝેર આવા કથીર શાસનના જુઠા અને ગંદા લેખોથી જ થાય. જે માનાની કુખમાં મનુષ્યપણે આવ્યો હોય તે રામટોળાનો આગેવાન, સમક્ષ આવી તિથિચર્ચા કરી નિર્ણય કરે.

૮ પુનમ કે અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય અને વૃદ્ધિ કરવાના શ્રી આનંદવિમલસૂરિજીના વખતથી અત્યાર સુધીના પુરાવા પણ જાહેર છે થયા છે અને પરંપરા પણ જાહેર જમાટે 'રામયેળી શાસ્ત્ર અને પરંપરાથી બહાર છે' એ ચોકખું જ છે ॥૧૫૬૫॥

૯ કલ્યાણવિજયજી જે યોગનું બ્હાનું કહાડી ચોટીલે ન હોતા આવ્યા તે યોગ પચન્નાના હતા. ! એ યોગ એવા હતા કે–જેમાં ત્રણ દિવસ લાગટ રહેવાનો પણ નિયમ ન હોતો !! કમીટી પણ માત્ર ચર્ચાથી ખસવા માટે કલ્પિત ઉભી કરેલી હતી !!! તે ન્હોતી તો ઉભયપક્ષે નીમેલી અને ન્હોતી તો ગૃહસ્થોની અનુમતિવાળી !! છતાં તે કે રામ એકકેય તે કમિટીદ્વારાએ તો કહેવા છતાં લેખ મોકલી શકાયો નહિ

૧૦ રામટોળીમાં તો કોઈપણ મુંબઈ, પૂના કે અમદાવાદથી તિથિચર્ચા કરવા એક ગાઉ પણ ચાલ્યા નથી એ જેવું જાહેર છે તેવુંજ શાસ્ત્ર અને પરંપરાને માનનારા આચાર્ય આદિ તો અનેક ગાઉ સુધી તિથિચર્ચા કરવા માટે જ આવ્યા હતા એ પણ જાહેર જ છે રામ અને કલ્યાણ. દક્ષિણ અને મારવાડ તરફ ચર્ચા કરી નિર્ણય કર્યા વિના પ્રયાણ કરી ગયા ! તે જ આ રામટોળીની પાલંપોલ સ્થિતિ જણાવે છે. ॥૧૫૬૬॥

૧૧ પુનમ કે અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય કે વૃધ્ધિ થાય એ સાબિત કરવા શાસનપક્ષ હંમેશા તૈયાર જ છે. શ્રી રામ કે કલ્યાણ. કોઇએ વખત કહાડવો નહિ ॥૧૫૬૭॥

૧૨ પ્રશ્નોને માટે ઉત્તરનો પજુસણને અંગે કહેલા નિષેધને પણ જેઓ ન વાંચે તેઓ પ્રત્યક્ષ અક્ષરના ચોર જ ગણાય.

૧૩ શ્રીક્ષમા૦ શ્રી જ બુ૦ શ્રી કનક૦ અને શ્રી મનોહર૦ની માફક શ્રીરામ૦ પણ પ્રસંગ આવે પોક ન મ્હેલે તો બસ છે.

૧૪ શ્રી કલ્યાણ૦ અને શ્રી જ બુ૦ની ચોપડીઓનાં અનેક જુઠાણાં પેપર દ્વારા જણાવ્યા છતાં તેનું સમાધાન કર્યું નથી અને સાબિત કરવા માટે અનેક વખત સૂચના કરવા છતાં પ્રતિનિધિ પણ મોકલ્યો નથી ! (આવી સ્થિતિ છતાં જે પેપરોમાં ગંદા લખાણો કરે તે કથીરશાસન જ કહેવાય.) (વીર ! તા ૧૭ મે)

❀ ❀ ❀

૧ આરાધના માટે કહાડવામાં આવતાં બીજા બધાં પંચાંગોમાં પર્વતિથિના ક્ષયની વખત પૂર્વની અપર્વતિથિ લખાતી હતી અને લખાય છે, ફકત રામટોળીના પંચાંગોમાં અને તે પણ હમણાં બે પાંચ વર્ષથી જ આરાધનાનાં પંચાંગોમાં પણ પર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિ જણાવાય છે. એટલે તેની પાછળ ચોકડી આદિ મ્હેલાય છે. એટલે સ્પષ્ટ છે કે–આરાધનામાં રામટોળી પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ માને છે.

૨ રામટોળીના પંચાંગોમાં જ લૌકિકટીપણામાં આવતા પર્વતિથિના ક્ષયની વખતે મ્હેલાની અપર્વતિથિ લખીને વાર લખાય છે અને તે જ વાર તે પર્વતિથિનો પણ લખાય છે. એટલે એ રામટોળી તેમાં આરાધનાના પંચાંગમાં પર્વતિથિનો ક્ષય માનનારી ઠરે જ છે. લૌકિકો. વાર લખી મીંડા કરે છે ત્યારે આ રામટોળી પાછળ ચોકડી મ્હેલે છે. આમ છતાં તે રામટોળી રામશ્રીકાંતો દ્વારા તે વાતનો અપલાપ કરે છે તે તો અદ્વિતીય ધૃષ્ટતા જ છે.

૩ રામટોળી શિવાયના સર્વ આરાધનાના જૈનપંચાંગોમાં પર્વાનંતરના ક્ષયે તેનાથી પૂર્વતર તિથિનો ક્ષય ગણી લખી તેના વારો ક્રમે લખાતા હતા અને લખાય છે. ફકત આ રામટોળી, થોડી મુદતથી તેમ કરતાં પર્વાનંતર પર્વને ચોકડી મ્હેલી ક્ષીણ જણાવે છે.

૪ પર્વ અને પર્વાનંતર પર્વની તિથિને આ રામટોળીવાળા બધા આરાધનાના પંચાંગોથી વિપરીતપણે અને જૈનમાંથી ઇતર કુમતોની માફક જુદા પડવા માટે જ વારવાળી પર્વ અને પર્વાનંતર પર્વતિથિને જાહેર કરે છે અને મનાવે છે, છતાં 'આરાધનામાં પર્વતિથિની વૃદ્ધિ કોઇ માનતું નથી.' એમ કહેવાની ધૃષ્ટતા રામ-શ્રીકાંતો પાસે લખાવી પોતાના હૃદયચક્રને ચક્કર થયું જણાવે છે.

૫ રામટોળી શિવાયના કોઈએ પણ આરાધના પંચાંગોમાં પર્વતિથિ કે પર્વાનંતર પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ લખ્યાં નથી તેમ માન્યા પણ નથી; માટે શાસ્ત્ર, શાસન કે પરંપરાને અનુસરનાર શાસનપ્રેમિવર્ગમાં તો કોઈપણ પર્વાન્તર પર્વની તિથિનો ક્ષય કે વૃદ્ધિ માનતા નહોતા અને માનતા પણ નથી. તથા રામટોળી તરફથી ભદ્રિકોદ્વારા અનેક ધમપછાડા કરીને તેનો પ્રચાર કરવામાં આવે તો પણ માનશે જ નહિ, હકીકતે જો રામ-શ્રીકાંતોનું હૃદયચક્ર મર્યાદામાં હશે તો જરૂરજ સમજશે ॥૧૫૬૮॥ (વી.રામ-શ્રીકાંતો)

૬ **કોન્ફરન્સ એ એક ગતપ્રાણ અને ઝેરીલી વસ્તુ છે અને અસંસ્કરણીય છે.** માટે જો શ્રી સંઘને ઉન્નતિને માર્ગે જવું હોય તો ભારતીય શ્રીસંઘ જેવી સંસ્થા સ્થાપીને ચલાવે અને તેમાં નીચેના ઠરાવો અનુત્થાપ્ય અને અચર્ચ્ય તરીકે પાસ કરે.

૧ ભગવન્ જીનેશ્વર મહારાજનાં પંચાંગીયુકત શાસ્ત્રને માનવા.

૨ શ્રી જિનમૂર્તિ આદિ સાતેય ક્ષેત્રો સંબંધી જે રૂઢિ છે તેને માનવી

૩ શ્રાવક અને શ્રાવિકાવર્ગની વ્યાવહારિક ઉન્નતિ આદિની જ ચર્ચા કરવી, ઠરાવો કરવા કે અમલ કરવો આ યોજના જો સંસ્થાનો ભેદ કે મતભેદને સ્થાન આપ્યા શિવાય કરવામાં આવશે તો જૈનકોમની ઉન્નતિ સાધી શકાશે ॥૧૫૬૯॥ (મું'બઈ સ૦)

卐 卐 卐

**સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૧૭-૧૮ સં. ૧૯૯૬ જે. શુ. ૧૫-૦)) સમાલોચના**

૧ શ્રી હીરસૂરિજી આદિ બે પુનમ કે બે અમાવાસ્યા હોય ત્યારે અગર બે અગ્યારસ હોય ત્યારે બીજી પુનમ કે અમાવાસ્યાને અગર બીજી અગ્યારસને ઔદયિકી એટલે ઉદયવાળી કહે છે અને મનાવે છે. અર્થાત એમ કહીને પહેલી પુનમ અમાવાસ્યાને અગર પહેલી અગ્યારસને ઉદયવાળી માનવી નહિ એમ સ્પષ્ટ કરે છે. એટલે પહેલી પુનમ અમાવાસ્યા તથા અગ્યારસને પુનમ, અમાવાસ્યા કે અગ્યારસપણે કહેવાય નહિ; પરંતુ પૂર્વની અપર્વતિથિપણે એટલે તેરશ કે દશમપણે કહેવાય એમ સ્પષ્ટ છે અને એ જ પ્રમાણે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારો શ્રી સંઘ માને છે અને કહે છે.

**આમ છતાં રામટોળીના શ્રી લક્ષ્મિધ-વિક્રમ નવીન હીરપ્રશ્નમાં ટીપે છે કે-** 'તે ઔદયિકીનો નિશ્ચય પહેલાના અનૌદયિકીપણા માટે નથી, પણ ઉદયાસ્તવ્યાપ્તિના નિષેધ માટે છે' પરંતુ તે એમ જે જણાવે છે તે ખોટું છે. કોઈપણ શાસ્ત્રકારે કે જૈન-મતવાળાએ ઉદયાસ્તવ્યાપ્તિવાળી તિથિને માનવાનું રાખ્યું નથી; તેમ ઉદયાસ્તવાળી તિથિને માનવી નહિ એવું કોઈ કહેતું પણ નથી ! એ ટીપવું તો શાસ્ત્ર અને પરંપરાને લોપવાની બુદ્ધિને જ આભારી છે. ॥૧૫૭૦॥

૨ પ્રશ્નોત્તરગ્રંથોમાં પુનમ અમાવાસ્યા કે એકાદશીની વૃદ્ધિને વાંચીને તે ટીપે છે કે- 'શાસ્ત્રકારોએ પર્વતિથિની વૃદ્ધિને માન્ય રાખી છે.' તો તે પણ ટિપ્પનકની અજ્ઞાનતાને આભારી છે. કેમકે લૌકિકટીપણામાં આવેલી પર્વતિથિની વૃદ્ધિને જો શાસ્ત્રકારો અને શાસ્ત્રને અનુસરનારાઓ માની જ લેતા હોત તો પ્રશ્નોત્તરની જરૂર જ ન રહેત. તેમજ વૃદ્ધૌ કાર્યા. એ ઉમાસ્વાતિજીના પ્રઘોષથી પહેલીનું અપર્વતિથિપણું હરાવી બીજીને જ પર્વતિથિ તરીકે ઠરાવવાનું રહેત જ નહિ. ગ્રંથ અને શ્રીસિદ્ધચક્રના તેવા પ્રશ્નોત્તરો લૌકિકટિપ્પનાને અંગે છે' એમ સ્પષ્ટ છતાં તેને અવળી માન્યતામાં ખેંચવા તે કેવળ શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવવાની બુધ્ધિને જ આભારી છે. ॥૧૫૭૧॥

૩ શ્રી હીરપ્રશ્નમાં છઠનો પ્રશ્ન માત્ર ચૌદશ અને અમાવાસ્યાના દિવસનો જ છઠ થાય એવા કદાગ્રહવાળાને જ આભારી છે અને તેથી જ ઉત્તરમાં દિનનૈયત્યં નાસ્તિ અર્થાત તે પજુસણના છઠમાં દિવસોનું નિયમિતપણું નથી એમ જ જણાવે છે. એટલે રામટોળીવાળા તે છઠના પ્રશ્ન ઉપરથી તિથિનો ખાધાવાર આવવાનો ભય ઉભો કરી જે પર્વતિથિને એવડી માનવાની વાત ખોટી રીતે જણાવવા માગે છે તે તેમના નવામતના કદાગ્રહને જ આભારી છે. કેમકે-ચૌદશના વાચનમાં છઠની અડચણ જ નહોતી. કેમકે- તેમાં તેરસ અને ચૌદશનો છઠ થઈ શકત અને અમાવાસ્યા કે પુનમની તપસ્યાનો સામાન્ય નિયમ તો છે નહિ. તે ચૌદશ અમાવાસ્યાના છઠનો આગ્રહ પણ ટીપનાની તિથિને અંગે હોવાથી જ પ્રશ્ન વ્યાપક બન્યો છે ॥૧૫૭૨॥ (રામ-વિક્રમ૦)



## સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૧૯-૨૦ સં. ૧૯૯૬ અ શુ.૧૫ ૦)) સમાલોચના

૧ શાસ્ત્રીયપૂરાવાની ચોપડી, પ્રથમના પર્વની ક્ષયવૃદ્ધિએ પૂર્વતિથિનો અને દ્વિતીય પર્વની ક્ષયવૃદ્ધિએ પૂર્વતરતિથિની ક્ષયવૃદ્ધિ અસલપણે હતી અને તે જ વર્ત્તમાનમાં કથીરશાસનપક્ષ શિવાયનો શ્રી સંઘ કરે છે; એટલુંજ જણાવવા છપાવવામાં આવી હતી. અને તે શ્રીસિદ્ધચક્ર સાથે પણ જોડાયેલ જ છે. છતાંએ પુરાવાથી અલગપણું જે જણાવવામાં આવે છે તે માયામૃષાવાદ જ છે ॥૧૫૭૩॥

૨ અશુદ્ધિ અને સમાલોચનાનું પ્રમાર્જન નહિ કરવામાં જે કારણ હતું તે પણ તેમાં સ્પષ્ટ જણાવેલ જ છે. કે **કૃત્રિમતાની વાચકને શંકા ન થાય તે માટે કરવામાં આવ્યું નથી.** છતાં જેણે બરોબર વાંચ્યા વિચાર્યા વિના લખવું છે તેને કથીર શાસન કેમ કહેવાય નહિ ? ॥૧૫૭૪॥

૩ પૂર્વ અને પૂર્વતરતિથિની ક્ષયવૃદ્ધિની પરંપરા છે અને શાસ્ત્રીયપાઠો પણ છે એમ તો કથીર શાસન પણ કબુલ કરે છે અને એ શ્રીસંઘને માટે અનુમોદનીય છે. ॥૧૫૭૫॥

૪ કથીરશાસનવાળા જે બે પાંચ વર્ષથી પર્વતિથિના લોપક બની ભેળસેળવાદી બનીને તથા પર્વતિથિ માનીને પણ આરાધના ન કરવી એમ કહીને પર્વતિથિના નિયમને લોપનારા બને છે અને જેથી તે કથીરશાસનવાળા શ્રી સંઘથી બ્હાર થાય છે, તેમાં તેઓને એક પણ શાસ્ત્રીયપ્રમાણ કે પુરાવો મલતો નથી એટલે વિતંડાવાદ કરે છે.

૫ શ્રી સંઘપક્ષ લિખિત પૂર્વક મૌખિક ચર્ચા કરી પોતાના પક્ષની સત્યતા સાબિત કરવા હંમેશા તૈયાર રહ્યો છે અને તૈયાર જ છે.

૬ કથીરશાસનપક્ષને જ પ્હેલાં પણ સાક્ષાત ચર્ચાથી પીછેહઠ કરવી પડી હતી અને તેમણે કલ્પેલી કમીટી દ્વારા પણ લખાણ મોકલી શકયા નહિ અને જંબુક જેવા જુઠી ચોપડીઓ છપાવનારને તો તેવી ચર્ચા કબુલ કરીને પણ વિહાર કરી જવો પડયો છે.

૭ કથીરશાસનના મતના કેટલાક તો જુઠું છે એમ જણાવીને ડીટેડીટાનો જવાબ દે છે કે-ફલાણા કરે છે અને ફલાણા કહે છે, માટે જ હમારે કરવું પડે છે.
(રામ૦ કથીર૦)

૧ 'ત્રણ પૂંજ વગર પણ ક્ષાયિક મેળવે' એ કોટયાચાર્યનું વાકય, મુહુર્ત્તશબ્દથી અંતમુહૂર્ત્ત પણ લેવાય એ શ્રી ઉત્તરાધ્યયનનું વાકય, અને વિરત કરતાં અનંતાનુબંધીને શમાવનાર કે ખપાવનાર અસંખ્યગુણ નિર્જરાવાળો હોય એ શ્રી તત્વાર્થવચનને અનેક વખત જણાવ્યા છતાં ન માને તે ભવાભિનંદીને પ્રવચન પણ ઉન્માર્ગથી બચાવે નહિ જ. ॥૧૫૭૬॥

૨ યુકિત અને શાસ્ત્રથી સંગત પદાર્થ, અનેક વખત દેખાડયાં છતાં જેઓ પોતાની ખોટી માન્યતા હાંકયા કરે તેવા મિથ્યાત્વવાસી ન હોય તો ઘણું સારૂં.

૩ શાસન અને શ્રમણોને પ્રતિકૂલ વર્તનાર જે હોય તેને શિક્ષા કરવી એ જો જૈનનો આચાર છે તો શું તેવાઓને વેતનાદિક આપી સર્વરીતિએ પોષનાર જીવો, જૈનત્વાદિ સર્વ પ્રશસ્તભાવોને જલાંજલિ દેનાર નથી ? ॥૧૫૭૭॥

૪ વાકયનિરૂપણ આદિની કલ્પિત ખામીને આગળ કરીને સાચા પદાર્થને અમાન્ય કરનારા જીવો, પ્રાકૃતભાષાને નામે પ્રવચનથી દુર રહેનાર અનાચારી જેવા ન બને તો કલ્યાણ. (પરવંચનાદિ)

**સિદ્ધચક્ર વર્ષ ૮ અંક ૨૩-૨૪ સં. ૧૯૯૬ ભા.વ.૦)) સમાલોચના**

૧ ઉદયાસ્ત વ્યાપિની તિથિને અનારાધ્ય માનનારે આ વખત પણ ભાદરવા સુદ પાંચમ ૩૬-૨૭, ભાદરવા સુદ પુનમ ૩૨-૫ ની અને પછીથી આસો વદ ૧૪ સુધીની બધી તિથિઓ તેવી હોવાથી અનારાધ્ય માની ? ॥૧૫૭૮॥

૨ ઉદયાસ્તવ્યપિપણાને લીધે તિથિને અનારાધ્ય માનવાની વાત શાસ્ત્રાધાર સિવાય કલ્પિત જ ગણાય.

૩ એકકેય પ્રશ્ન કે ઉત્તરમાં **શ્રીહીરપ્રશ્ન** અને સેનપ્રશ્નમાં ઉદયાસ્તવ્યાપિનીને ઔદયિકીના વિપક્ષમાં જણાવી છે ? વિપક્ષમાં પૂર્વના અને અંગતના પદો છે ને ?

૪ ઔદયિક્યેવ એમ કહેવાથી અનૌદયિકીનો જ વ્યવચ્છેદ થાય અને તેથી પૂર્વતિથિને અનૌદયિકી એટલે ઉદય વિનાની જ ગણાય ॥૧૫૭૯॥

૫ પહેલી પુનમ કે અમાવાસ્યા ટીપણામાં તેના ઉદયવાળી ગણાયા છતાં આરાધનામાં તે તેના ઉદય વિનાની ગણાઈ અને તેમજ બે ઉદયવાળી ચૌદશમાં પણ પહેલી અનુદયવાળી ગણાઈ અને તેથી પુનમ અને અમાવાસ્યાની વૃદ્ધિએ બે તેરસ ગણાઈ ॥૧૫૮૦॥

૬ **શ્રી આનંદવિમલસૂરિજી**ના વખતથી તેમ મનાતું આવ્યા છતાં તે ન માનનાર શાસનમાં કેમ રહે ? ॥૧૫૮૧॥

૭ ઉદયાસ્તવ્યાપિનીનો ઔદયિક્યેવ એમ કહેવાથી વ્યવચ્છેદ માનનારે બે હોય ત્યાં એક નથી (એમ) માનશે ખરો ? (રામ-વિક્રમ)

¤ ¤ ¤

**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૧ સં. ૧૯૯૬ આ.શુ. ૧૫ સમાલોચના**

૧ એક બાજુ લખવામાં આવે છે કે-કેવલિના વચન શિવાય બીજાનાં વચન સાચા હોય નહિં તો મી. ગો.ના વર્ત્તમાનમાં જેનાં વચનો સાંભળે છે તે બધાને શું કેવલી માને છે ? જો એમ નહિં તો તે બધા કહેનારાઓને તેઓ સાચા નથી એમ કબુલ કરે છે. ॥૧૫૮૧॥

૨ ક્ષમાશ્રમણ શબ્દ, પૂર્વધારોને માટે જ વપરાય છે અને ભગવાન્ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણને 'ક્ષમાશ્રમણ' ગણવામાં આવેલ છે. અને તેથી શાસ્ત્રકારો અને પૂર્વાચાર્યો તેમને પૂર્વધર ગણે છે; છતાં મી. ગો.ના.નું જે કથન ભગવાન્ જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ માટે પૂર્વધર નહિ હોવાનું છે તે કેવળ કલ્પનાના ઘોડા દોડાવનારને શોભે તેવું છે. ॥૧૫૮૨॥

૩ મી. ગો. ના. વર્ત્તમાનમાં જે સૂત્રો પુસ્તકારૂઢ છે તેને જો માને છે તો શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ, કેવલિ ન્હોતા છતાં માત્ર પૂર્વધરપણાને લીધે માને છે તો પછી પૂર્વધર ભગવાન શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના શ્રીજીતકલ્પને માનવામાં કેમ કાળજું કોતરાય છે તે સજ્જનો જાણે. ॥૧૫૮૩॥

૪ 'મહાકલ્પસૂત્ર પીસ્તાલીસ આગમો પૈકીનું એક છે' એમ કયા પ્રમાણિક આચાર્યોએ લખ્યું છે ? પ્રકીર્ણકસૂત્રોને અંગે તો ભગવાન મહાવીર મહારાજના શાસનમાં ચૌદ હજાર પયન્નાની સ્થિતિ, શ્રીનંદીસૂત્ર વિગેરે કબુલ કરે છે તે મી. ગો.ના ને માન્ય હોવી જોઇએ. ॥૧૫૮૪॥

૫ આગમ આદિ પાંચેય વ્યવહારોની વ્યવસ્થા માત્ર જીતકલ્પમાં છે તો મી. ગો. ના.નેં શું તે પાચ વ્યવહારો બૃહત્કલ્પ શ્રી સ્થાનાંગ અને શ્રી ભગવતીજી સૂત્ર આદિમાં કહેલા છતાં માન્ય નથી કે તેની વ્યવસ્થા માન્ય નથી ? અને એમાંથી કોઈપણ વસ્તુ અમાન્ય હોય તો તેનો સબલ પુરાવો કેમ અપાયો નથી ? ॥૧૫૮૫॥ (સાંજ૦ગો૦ના૦)

૧ સાધર્મિકવાત્સલ્યમાં રાત્રિભોજન થવાની વાત સત્ય હોવાનો પુરાવો બહાર આવવો જોઇએ.

૨ કદાચ તેમાં રાત્રિભોજન થયેલું માની લેવ ય તો તે રીતિરૂપે થયું છે કે-બીજા કોઇ કારણથી થયેલું છે તે તપાસવું સુજ્ઞો માટે તો જરૂરી છે.

૩ રીતસર અને કારણ વગર જો સાધર્મિકવાત્સલ્યમાં રાત્રિભોજન કે તેવું જૈનોને અયોગ્ય કાર્ય થાય તો તે સર્વથા નિંધ છે; પરંતુ તેનો સુધારો પેપરદ્વારાએ ચર્ચા કરવાથી શકય છે કે બીજો રસ્તો યોગ્ય છે ?

(રીતસર કે કારણથી પણ થએલા રાત્રિભોજનને વર્જ્ય ગણવામાં જૈનોના બે મત હોય જ નહિ. )

[redacted]

**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૨ સં. ૧૯૯૬ આ. વ. ૦)) સમાલોચના**

૧ બુદ્ધિનિધાન શ્રી અભયકુમાર શ્રેણિકમહારાજાના મ્હોટા પુત્ર હોઈ તેઓ જ વાસ્તવિકરીતિએ રાજ્યગાદીના માલીક હતા અને તેઓની દીક્ષા થવાથી જ કોણીકના હાથમાં રાજ્યની લગામ આવી ! આમ છતાં તે દીક્ષાને તેનું કારણ ન માને તેને શું કહેવું ?

૨ બુદ્ધિપ્રધાન શ્રી અભયકુમારની દીક્ષા થવાને લીધે જ રાજ્ય કોણિકને મળવાની કે તેના ભાગલા પડવાની દહેશત ઉભી થઈ અને તેથી જ હલ્લ ને વિહલ્લને સિંચાનક હાથી આદિ શ્રેણિક મહારાજે આપ્યો છે અને તે સેચનક હાથી આદિની કોણિકે માગણી કરવાને લીધે હલ્લ વિહલ્લને ચેડામહારાજા કે જેઓ– પોતાના દોહિત્રા થતા હતા તેને શરણે જવું પડયું અને તે હલ્લ–વિહલ્લે કે ચેડારાજાએ તે સિંચાનક હાથી આદિ નહિં સોંપવાને લીધે જ રથમૂશલ અને મહાશિલાકંટક સંગ્રામો થયા છતાં તેની કારણતા ન સૂઝે તેને શું કહેવું ?

૩ બુદ્ધિવિશિષ્ટ શ્રી અભયકુમારની દીક્ષા થવાને લીધે તેની માતા નંદાએ દીક્ષા લીધી છે અને તેણીએ પોતાના દિવ્યકુંડલ અને હાર. હલ્લ–વિહલ્લને આપ્યા છે તે હાર અને કુંડલયુગલની શોભાથી અદેખી થયેલી કોણિકની રાણીએ કોણિકને તે લઇ લેવા પ્રેરણા કરી અને તેથી હલ્લ વિહલ્લને ચેડામહારાજના શરણે જવુ પડયું ! અને તેથી શરણાગતવજ્રપિંજર એવા ચેડામહારાજને રથમૂશલ અને મહાશિલાકંટક સંગ્રામો કરવા પડયા !! એ ચોકખું ન સૂઝે તે રામને રામ રામ લોકો કરે. ॥૧૫૮૬॥

૪ દીક્ષા ન લે અને અહિત ન હોય એવું કેવલજ્ઞાનથી જાણવાનું શકય છે એવું કહેનારાના રામ રમેલા હોય તેમાં કહેવું શુ ? ॥૧૫૮૭॥

૫ ભગવાન (ને) શ્રેણિકમહારાજ માટે આજ્ઞાની દઢતા અને અભયકુમારની દીક્ષામય દીક્ષાની સુંદરતા જણાવી તેની સુંદરતાની માન્યતામાં ચલિતપણું ન જ થાય તેને અંગે જણાવેલો એમનો જે વીર્યોલ્લાસ તેને સર્વવિરતિની પ્રાપ્તિની સાથે જોડનારો મનુષ્ય, દુરભવ્ય ન હોય તો ઘણું સારૂં ॥૧૫૮૮॥

૬ પરવંચનપત્ર નહિ મગાવવા છતાં, નહિં આવ્યા છતાં માત્ર કોઇકે જણાવવાથી આ ખુલાસો કર્યો છે. તેથી બીજા અંકોમાં અસભ્ય અને અસત્ય લખાણો હોય તો તેની સ્થિતિ પણ આ રીતે અધમ જ ગણવી

**તા.ક.** કારણપણું પણ સ્પષ્ટ છતાં દીક્ષાની મહત્તાને ઉડાડવા કે સત્યવકતાને ખોટી રીતે વગોવવા જો ભાવિની ભેખડ નીચે જવામાં રસ લેવાય તો પછી.....ના મતને માનનારમાં દાખલ થવું સારૂં છે

૨ મરૂદેવામાતાનું આંધળાપણું પણ જ્ઞાની એવા ભગવાન ઋષભદેવજીની દીક્ષાને લીધે જ હતું, છતાં આ પરવંચનકારને તે પણ કારણ તરીકે માનવાનું નહિ રહે ધ્યાન રાખવું કે દીક્ષાને કોઈ અનર્થકારક ગણતું જ નથી; પરંતુ દુન્યવી આવા અનર્થો થવા સંભવ હોય તો પણ દીક્ષા લેવાય તે શ્રેયઃ કરનારી જ છે એમ કહ્યું છે અને તે કહેવા લાયક જ છે. ॥૧૫૮૯॥

૩ સત્યને ઉલટપાલટ કરવામાં આત્મભોગ સમર્પનારા પરવંચનકારને નિરખાવલી જોવાનો તો અવકાશ ન જ હોય એટલે ચોકખું કારણપણું સૂઝે નહિ જ. ॥૧૫૯૦॥

(પરવંચન-રામ૦)

卐卐卐

સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૩-૪ સં. ૧૯૯૭ કા. વ. ૦)) સમાલોચના

## પર્વતિથિની હાનિ અને વૃદ્ધિ અંગે રામટોળીનો ઢંઢેરો

૧ આચાર્યશ્રી આનંદ વિમલ સૂરિજીએ બે પુનમની વખતે બે તેરસ કરી કરાવી તે ભૂલ્યા.

૨ આચાર્યશ્રી વિજયદાનસૂરિજીએ સોલમી સદીમાં બે પુનમની બે તેરસ કરી કરાવી તે ભુલ્યા.

૩ આચાર્યશ્રી હીરસૂરિજીએ ટીપનાની બીજી પૂનમ અને અમાવસ્યા આદિને જ ઉદયવાળી માની તે ભુલ્યા

૪ શ્રી વિજયસેનસૂરિજીએ બે અગ્યારસ હોય ત્યારે બીજી અગ્યારસને જ ઉદયવાળી માની તે ભુલ્યા.

૫ વિજયદેવસૂરિજીએ પુનમ કે અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય અને વૃદ્ધિ કરવાનો પટક કર્યો તે ભુલ્યા.

૬ પોતાના આચાર્ય આત્મારામજી, કમલવિજયજી, દાનવિજયજી, પ્રેમવિજયજી અને પોતે પણ પર્વતિથિની હાનિ કે વૃદ્ધિએ પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની હાનિ કે વૃદ્ધિ કરી તે પણ ભુલ થઈ.

**તા ક**. ઉપર મુજબની વાસ્તવિક અભુલોને પણ 'અમો ભુલ ગણીએ છીએ' એમ જાહેર કરવા સાથે જાહેર કરીએ છીએ કે-જેમ ભીખમપંથીઓ ભગવાન મહાવીરને ભુલ્યા કહે તેમાં તેને શાસ્ત્રપાઠ આદિની જરૂર નથી તેમ હમારે પણ જરૂર નથી. નવીનમતના નેતાને કોઇએ રૂબરૂની ચર્ચા કરવારૂપ ઝગડામાં ખેંચવા નહિ. વળી ભીખમપંથીયો જેમ સાચા લેખોના ખોટા અર્થો લઇ છે તેમ હમે પણ ત્રિપત્રીની તરખટમાં કરીએ છીએ તેમાં નવાઇ ગણવી નહિ. ॥૧૫૯૧॥

卐卐卐

સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૫-૬ સં. ૧૯૯૭ માગ. વદ ૦)) સમાલોચના

૧ જ્ઞાનના આઠ આચારોને પણ શાસ્ત્રપ્રમાણે નં માનનાર સમયધર્મીને શાસ્ત્રોકત એવાં ઉપધાન અને તેની ક્રિયા રૂચે અને વિરોધ ન ઉઠાવે તેમાંજ સદ્બુદ્ધિવાળાને આશ્ચર્ય થાય ॥૧૫૯૨॥ (સમય૦)

૧ આચાર્ય આનંદવિમલ સૂરિજીનું પાનું સોલમી સદીનું છે એમ સાબિત કરવાની જવાબદારી પન્યાસ કલ્યાણવિજયજીએ અમદાવાદમાં લીધી છે અને તે પાનું તેમની પાસે હોવાથી વ્યાજબી જ છે. ॥૧૫૯૩॥

૨ શ્રી આનંદ વિમલજીવાળું તિથિબંધીનું લખાણ સંસ્કૃતમાં અને ગદ્યમાં છે. અને તેથી વિરૂદ્ધ ગાથાઓનું બહાનું પ્રથમ નંબરે ખોટું છે.

૩ પૂર્વતિથિની હાનિવૃદ્ધિએ પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની હાનિ વૃધ્ધિ થાય છે **તેની સત્યતા સાબીત કરવામાં સોળમી સદીથી ઘણીએ સદીઓના પુરાવા છે. અને તે સાબિત કરવા શાસનપક્ષ તો હમેશાં તૈયાર હતો અને છે; પણ રામટોળાને વિરમગામ વટાવવુ છે. દક્ષિણમાં દોડી જવું છે, પૂનાથી આવવું નથી, પાલીતાણેથી જંબુને પલાયન થવુ છે અને વૃદ્ધ તપસ્વીના ખોડે પરાણે બોલાવી સંતાડવાની રમત રમવી છે.** ॥૧૫૯૪॥

૪ રામટોળીએ વૃધ્ધતપસ્વી પાસે જે પરાણે બોલાવ્યું છે તેની પ્રતિજ્ઞા તેમની સહીથી બહાર હજુ સુધી ઘણું કહ્યા છતાં કેમ બહાર નથી આવતી ?

૫ ગૃહસ્થોને માટે પ્રતિજ્ઞાવાળા અને પ્રતિજ્ઞા વિનાનાં કથનો તો હોય; પરંતુ વૃધ્ધિ તપસ્વીયોના વચનોમાં કહેલા વચનો પણ પ્રતિજ્ઞાપૂર્વકના નથી એમ કહેનારા કેવા હશે ?

૬ આખી તિથિચચર્ચાના અનેક પૂરાવાઓનો પ્રશ્નોત્તર ન કરતાં એકઅંશીય પુરાવાના નામે જુઠી બાજી રમાય તે વૃધ્ધતપસ્વી અને ઉપાસકને શોભે ખરૂં ?

૭ ધરણેન્દ્રસૂરિને નામે સામાન્યપર્વની વાત કરી, અને પછી ચઉદશ ઉપર તે ચઢાવાય એ વૃધ્ધને તો ન જ શોભે ॥૧૫૯૫॥ (રામટોળી અમદાવાદ)



૧ નવામતવાળાઓ પર્વતિથિની હાનિવૃદ્ધિએ પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની હાનિવૃદ્ધિ કરવાનો રીવાજ તો છે પણ તે શાસ્ત્રથી વિરૂધ્ધ છે એમ કહે છે. તેથી નવા મતવાળાને વાદીપણું સ્વાભાવિક જ આવી જાય છે. (આચાર્ય સિદ્ધિસૂરિજીએ પણ ૧૬મી સદિમાં બે પૂનમો હતી ત્યારે બે તેરશ થઈ એ લખાણને જુઠું ઠરાવવાનું હોવાથી વાદી થવાનું જ છે.) યાદ રહે કે શાસ્ત્ર અને પરંપરા માનનાર પક્ષ ૧૬મી સદી આદિના અનેક લેખોથી પ્રવૃત્તિ સાબીત કરે છે. ॥૧૫૯૬॥

૨ નવાપક્ષથી ફતવો બહાર પડયો છે કે, 'ધરણેન્દ્રસુરિ શ્રીપૂજયથી જ આ પ્રવૃત્તિ ચાલી છે' તો નવપક્ષને તે સાબિત કરવા માટે વાદી થવાનું છે. ॥૧૫૯૭॥

૩ નિશ્ચય કરી તેની જાહેરાત કરવી અને કર્યા તથા ન કર્યાના પ્રાયશ્ચિતની પ્રતિજ્ઞા કરવી અને પ્રસંગ આવે ત્યારે જવાબદારીથી ખસવા માટે 'મ્હારૂં કથન જિજ્ઞાસા વૃત્તિથી થયું છે' એમ કહેવું તે તો કોઇને પણ શોભે તેમ નથી. ॥૧૫૯૮॥ (સિદ્ધિ૦)

卐卐卐

**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૭ સં. ૧૯૯૭ પો. શુ. ૧૫**

## શ્રી શ્રમણસંઘ આ તરફ ધ્યાન આપે.

અવિચ્છિન્ન પ્રભાવશાલી અને ત્રિકાલાબાધિત શ્રી જૈન શાસનમાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનાં છદ્મસ્થપણાનાં ચોમાસા તો શ્રી આવશ્યક સૂત્ર નિર્યુક્તિ આદિથી અને તેને અનુસરનારા શ્રી વીરચરિત્રાદિથી ક્રમસર જણાવવામાં આવી ગયા છે તેથી તેનું જ્ઞાન થઇ જાય છે; પરંતુ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછીનાં ભગવાનના ચોમાસાનો ક્રમ, શાસ્ત્રોમાં સ્પષ્ટપણે ઉલ્લિખિત થયેલો જણાતો નથી છતાં જો કોઇ જિજ્ઞાસુ શ્રમણ ભગવંત તે તરફ પ્રવૃત્તિ કરે તો શ્રી ભગવતીજીમાં પંદરમાં શતકમાં ગોશાલાનો અધિકાર કે જે ભગવંતના કેવલિપણાના સોળમાં વર્ષમાં એટલે કે પંદર વર્ષ પછી બનેલો છે તે તરફ ધ્યાન દોરી શકે. તેમજ રથમુશલ અને શિલાકંટકે સંગ્રામો તે વખતથી પ્હેલા બનેલા છે તે પણ શતક સાતમાના ઉદેશ નવમામાં જણાવેલ છે. વળી સેચનક હાથીનું ચરમપણું જે જણાવેલ છે તે પણ વેશાલીના વેરાની સંપૂર્ણતા જણાવવા ઉપયોગી થાય. વળી ભૂતાનંદ હાથી કે કોણિક રાજાની પછી મગધની ગાદીએ આવનાર ઉદાયિનો હાથી હતો તેનો અધિકાર સત્તરમાં શતકમાં જે છે તથા શતક ૨૧-૨૨ માં જે પાટલીપુત્ર વસાવવાના મૂળ કારણરૂપ પાટલીવૃક્ષને જણાવે છે તે વિચારને અવકાશ આપશે. સાથે એ હકીકત વિશેષે વિચાર આપશે કે – શ્રી જ્ઞાતા સૂત્ર આદિ શેષ અંગોમાં સુધર્મસ્વામીની વાચના ચાલે છે તે પ્હેલાં શ્રી ગૌતમ સ્વામીની વાચના ચાલે છે. ॥૧૫૯૯॥

### સમાલોચના

૧ યુવકોમાં જેઓ શાસનપ્રેમીઓ છે અને થશે તેઓ તો શાસનપ્રેમીઓના ભક્તો જ રહ્યા છે અને રહેશે તથા તેઓ તો શાસન વિરોધીઓને ખોળી ખોળીને પીંખી નાખશે અને નાંખે છે એમાં સંશયને સ્થાન જ નથી અને શાસનને શ્રદ્ધાશુન્ય યુવકોનો તો ભય એક અંશે પણ હતો એ નહિ અને છે પણ નહિં ! એટલે જ તો તેવા યુવકોની નિશ્રાવાળા થઈને દેવદ્રવ્યને ખાવા, વિધવાઓને ભગાડવા અને ત્યાગમય દીક્ષાને ડહોળવા તૈયાર થયેલ કોન્ફરન્સને કેલવણી અને બેકારી નિવારણનું ઓઠું લેવા છતાં ધર્મની ચાહનાવાળાએ ધિક્કારી છે. જુન્નેરના જુલમનું પ્રાયશ્ચિત્ત કરી તે યુવકોની સોડમાંથી નીકળ્યા સિવાય તેનું નામ લેવા પણ સુજ્ઞજૈનો તૈયાર નથી જ. ॥૧૬૦૦॥

૨ તિથિની ચર્ચા કોઇની અંગત નથી જ. સાચા તિથિના નિર્ણયની ચર્ચા પણ સમય-ક્ષણની મોજવાળાને ન ગમે એ નવું નથી. ॥૧૫૬૦૧॥ (સમયધર્મ)

૧ પરીક્ષાને નહિ સહન કરનારો વર્ગ જેમન હંતવ્યાનિ હેતુમિઃ એમ કહી પોતાના વિધાનને હેતુ-યુકિતથી સંગત કરવાને ના પાડતો હતો તેમ જે વર્ગ પર્વતિથિને આરાધનાર હોઇ નિરૂપણ કરે ત્યારે તેમાં નિરધિકારપણું કહે તે કથીરશાસનનો જ વર્ગ હોય. પૂરાવો આપવો નહિ, સામા ઉભા રહેવું નહિ અને આવું બકવું તે નવામતની જુઠાણાની ધજા જ છે. (કથીર ?)

卐 卐 卐

**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૮ સં. ૧૯૯૭ પો.વ. ૦)) સમાલોચના**

૧ જૈન કોન્ફરન્સે જ્યાં સુધી અવચ્છિન્ન પ્રભાવશાળી ત્રિકાલાબાધિત શ્રી જૈન-શાસનથી અને તે શાસનને અનુસારનાઓથી વિરૂદ્ધતામાં વર્તાવ કર્યો નહોતો ત્યાં સુધી આસ્થા અને વિવેકવાળી જૈનકોમે તેને અપનાવી જ હતી ॥૧૬૦૨॥

૨ શાસનપ્રેમીઓ ઉપર તે કોન્ફરન્સના શ્રદ્ધાશૂન્ય યુવક સંઘના આશ્રયે રહેલા મનુષ્યોએ ખોટા આરોપો મૂકયા અને ગુંડાગિરિ ચલાવીને જુન્નેરમાં જે જુલમ ગુજર્યો છે તેનું પુનઃ અકરણની પ્રતિજ્ઞા સાથે તેઓએ કયારે પ્રાયશ્ચિત કર્યું છે કે - જેથી તે જૈન કોન્ફરન્સને જૈનકોમ અપનાવે ? ॥૧૬૦૩॥

૩ દેવદ્રવ્યને ખાઈ જવાની વૃત્તિ ૧, વિધવાઓના પુનલગ્નની વિધેયતા તેણીઓના શીલ અને સદાચારનું લીલામ કરવાની વૃત્તિર, તથા ત્યાગમય શ્રી જૈન નિર્ગ્રન્થપ્રવચનથી વિરૂદ્ધપણે સંયમને ભોગવંચના ગણીને દીક્ષાથી વિરૂદ્ધ જે ઠરાવ અને અનુમોદનની વૃત્તિક, એ ત્રણ વૃત્તિઓ જે શ્રદ્ધાશુન્ય યુવકસંઘે કોન્ફરન્સને ગળે વળગાડી છે તે ત્રણ વૃત્તિઓને કોન્ફરન્સે જ્યાં સુધી છોડી નથા અગર તે વૃત્તિઓના થયેલા વર્ત્તાવ માટે અપુનઃકરણતા સાથે પ્રાયશ્ચિત્ત લીધાનું જાહેર થયું નથી ત્યાં સુધી જૈનનામને ધારનારો પણ સુજ્ઞ મનુષ્ય તે બહિષ્કાર કરાયેલી કોન્ફરન્સની છાયાએ પણ જાય નહિ એ સ્વાભાવિક જ છે ॥૧૬૦૪॥

૪ જૈન શ્વેતાંબર મુનિ મહારાજાઓના ત્યાગ, વૈરાગ્ય અને સત્યમાર્ગને લીધે જૈનકોમ તેઓ તરફ અપૂર્વ પૂજ્યભાવ રાખે છે અને તેથી તે કોમ ધર્મશ્રદ્ધાથી હીન એવા અને ધર્મ આદિ સન્માર્ગનો નાશ કરનારા એવા તરફ ઢળતી નથી. તેમાં ગોકુળભકતને અરૂચિ કેમ થાય છે ? ॥૧૬૦૫॥ (ગુજ. ગોકુલ૦)

૧ વૃદ્ધ તપસ્વીને નામે કરેલ શાસ્ત્રાર્થ માટેની તેમની તૈયારીની વાતનો પ્રપંચ ખુલ્લો પકવાથી તે કરનારને ક્રોધઅગ્નિમાં બળવું જ પડે ॥૧૬૦૬॥

૨ નિર્ણયની વખતે ખુણે ભરાઈ જાય, દેશાંતરે જાય, વિહાર કરી જાય, બ્હાનાં કાઢે અને મૂંગાપણું લે અને પછી ઘણી મુદ્દતે ખોટો રણકાર કરે તે કથીરપક્ષને લોકો સારી પેઠે પારખે જ છે. ॥૧૬૦૭॥ (કથીર.)



**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક-૧૧-૧૨ સં. ૧૯૯૭ ફા. વ. ૦)) સમાલોચના**

૧ લૌકિક ટીપ્પણામાં પર્વતિથિની હાનિ વૃદ્ધિ નથી આવતી એમ કોઈએ માન્યું કે કહ્યું નથી; પરંતુ તેવી વખતે આરાધનામાં પૂર્વ કે પૂર્વતર તિથિની હાનિ વૃદ્ધિ થાય; પણ આરાધનામાં પર્વતિથિની હાનિ-વૃદ્ધિ થાય નહિ એ જ શાસ્ત્રના પુરાવાઓમાંથી સિદ્ધ એવી પ્રાચીન પરંપરા છે. અને આને ઉઠાવવા માટેજ રામટોળી મથે છે. ॥૧૬૦૮॥

૨ ચૌદશની સાથે જ પુનમ કે અમાવાસ્યા રાખી પ્રતિમાવાહીઓએ છઠનો તપ કરવો એમ પ્રવચનસારોદ્ધાર આદિમાં સ્પષ્ટપણે જ કહેલ છે. રામટોળી એકથી કરે કે એકાંતરેથી કરે. ॥૧૬૦૯॥

૩ સિય આસવા એ વાકય તો સ્યાદ્વાદને નવો રેલો છે એમ કહે તેને માટે ઉપયોગી છે, પણ દરેક સ્થાને સમ્યગદ્રષ્ટિને સ્યાત્ શબ્દ જોડવો પડે છે પરંતુ જોડેલો હોતો નથી' એમ કહેનારના ઉત્તરમાં એ ઉપયોગી નથી ॥૧૬૧૦॥

૪ સમ્યગદ્રષ્ટિના જ્ઞાનની તથા સ્યાત્ પદને જોડવાની મહત્તાને તેમજ નિશ્ચયવાળા અને પૂર્વાપર અબાધિત અનુસંધનવાળા જ્ઞાનની મહત્તાને ન સમજે તેઓ બીચારા શાસ્ત્રોએ કરેલ શ્રધ્ધાપ્રમાણે એકજ જ્ઞાનની સમ્યગદશા અને મિથ્યાદશા ન જ સમજે ॥૧૬૧૧॥

૫ જે દેશોન દશપૂર્વ સુધીના શાસ્ત્રોમાં સમ્યક્પણાનો નિયમ નથી રાખ્યો તે પણ જેને તત્ત્વથી ન સમજાય તેવાની દશા કારમી જ થાય ॥૧૬૧૨॥

૬ અભવ્ય અને મિથ્યાદ્રષ્ટિઓ સ્યાત્પદયુક્ત અને મોક્ષહેતુપણે ન ગ્રહણ કરે તેથી દેશોન દશ પૂર્વ સુધીનું જૈનશાસ્ત્ર, શાસ્ત્ર મિથ્યાજ્ઞાન છે એ વાતની શ્રધ્ધ કરનાર મનુષ્ય તો લોકોત્તરશ્રુત સમ્યગજ્ઞાન જ છે એમ માનવા કે કહેવા તો સ્વપ્નને પણ બહાર પડે નહિ ॥૧૬૧૩॥

૭ ત્રીજા ભાગે આવવાથી પર્વાતિથિએ પ્રાયે આયુષ્ય બંધાય એ વચનને નામે દોડનાર રામટોળી પર્વતિથિની જ વધઘટ કરે તેની શી દશા થાય ? અંતર વાયણાં, તિથિ અને પારણાંને નામે આરાધના બુધ્ધિની વ્યાપકતા જાણનારને તો અડચણ ન જ આવે. ॥૧૬૧૪॥

૮ અધ્યાહારથી સ્યાત્પદનો પ્રયોગ કરે તો જ સમ્યગ્જ્ઞાન કહેવાય એમ પોતે કબુલ પણ કરે અને વળી મૂલને સમ્યગ્જ્ઞાન જ એકાંતે માને તેની અક્કલને અક્કલમંદો જ સમજે. ॥૧૬૧૫॥ (રામ–શ્રી કાન્ત)

**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૧૩-૧૪ સં. ૧૯૯૭ ચૈ.વ. ૦)) સમાલોચના**

૧ પંચસંયત નામ નહિં પણ પંચનિર્ગ્રન્થીની માફક પંચસંયાતી નામ કહેવાય ॥૧૬૧૬॥

૨ દ્વીપસાગરપન્નત્તિસૂત્ર એમ નહિ, પણ દ્વીપસાગર પન્નત્તિ ગ્રંથહણી નામ છે. ગ્રંથકાર પણ પઇન્નયગાહાઓ એટલે પ્રકીર્ણક છૂટી છુટી ગાથાઓ કહે છે અને શ્રી સ્થાનાંગસૂત્રવૃત્તિ ૨૧૫-૨૨૪ વગેરેમાં તથા લોકપ્રકાશ ક્ષેત્ર૦૨૭૬-૨૧૨ પત્ર વગેરેમાં આની ગાથાઓને દ્વીપસાગર પ્રજ્ઞાપ્ત સંગ્રહણી તરીકે કહે છે પ્ર સા.પા ૪૨૯માં પણ તેમ છે. ॥૧૬૧૭॥

૩ પરિહારના ભેદમાં બીજાને પરિહાર એટલે પરિહારનો તપ. અને તેને જે કરી ગયેલો તે નિષ્કાંત તરીકે લેવાની જગ્યાએ 'તે ચારિત્રથી નીકળેલો' એવો અર્થ થાય તે અયોગ્ય છે. એવા તો ઘણા અનર્થો સમજુને માલમ પડે તેવા છે ॥૧૬૧૮॥ (જૈન પ્રસા.)

૧ રામટોળીવાળાઓ તિથિને આરંભથી સમાપ્તિ સુધી આરાધતા નથી અર્થાત ઉદય પછીની થોડી તિથિને જ માને છે અને તેટલાના જ આરાધનાર થાય છે.

૨ શાસ્ત્રકારની આજ્ઞાએ તિથિને આરાધનાર શાસનપક્ષ તો ક્ષયે પૂર્વા૦ અને વૃદ્ધૌ ઉત્તરા૦ ના વાકયપ્રમાણે વર્ત્તતો હોઈ આખીનો આરાધક જ છે

૩ તિથિને માને પણ નહિ અને તેની આરાધના કરવાનું કહેનારો તો શાસ્ત્ર અને પરંપરાને લોપનાર થવા સાથે પ્રત્યક્ષ મૃષાવાદી થવા સ થે વિરાધક જ થાય છે

૪ સ્યાત્ શબ્દનો અધ્યાહાર વ્યાખ્યાતાએ જ કરવાનો છે એમ માનવા છતાં મૂલ વાકયોને નયવાકય નથી જ એમ કહે તો તેને વદતો વ્યાઘાતઃ

૫ નયાસ્તવ સ્યાત્પદલાંછિતાઃ અને અન્યોન્ય. કાળો બરાબર સમજનાર તો સમ્યગ્દ્રષ્ટિને સ્યાદ્વાદરૂપ પ્રમાણ જ્ઞાન માને અને શાસ્ત્રવાકયોને નયવાકય માને.

૬ જૈનશાસ્ત્રોને સમ્યગજ્ઞાન તરીકે જ માનનારા, જૈનશાસ્ત્રોને જાણનારા અન્યમિથ્યા દ્રષ્ટિને શું સમ્યગજ્ઞાનવાળા માનશે? સ્યાદ્વાદની તે અભવ્યાદિને શ્રદ્ધા નહિ હોવાથી તેઓ સ્યાદ્વાદરૂપે ન લે તેથી મિથ્યાદ્રષ્ટિ હોય. તો સ્પષ્ટ માનવું પડશે કે– જૈનશાસ્ત્રોને સ્યાત્પદે જોડે તો જ તે સમ્યગજ્ઞાન ગણાય. અર્થાત્ સ્વરૂપે તે સમ્યગ્જ્ઞાનરૂપ છે એમ ન કહેવાય.

(કથીર૦)

**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૧૫-૧૬ સં. ૧૯૯૭ વૈ. વ. ૦)) સમાલોચના**

૧ મિથ્યાત્વધતુરાના ઘેનથી ઘેરાયેલા નવામતીયો ભગવાનના પંડિતમરણથી પોતાને આનંદ માનવાવાળા થયા છે. અને તેઓ મરેલાની પાછળ સ્નેહને લીધે શોક કરનાર સ્નેહીઓને શોક નહિં કરવા દેવાયેલો ઉપદેશ ધર્મભક્તોને લાગુ કરે છે; પણ પોતાના પરદાદા-દાદા અને ગુરૂ 'મરી ગયા તે સારૂં થયું' એમ બોલતા કે માનતા તો નથીજ. (કદાચ તેઓ તે પોતાના પરદાદા વગેરેની સદ્ગતિ થવામાં શંકાયુકત હોય અને તેથી તેમના મરણને સારૂ ન ગણતા હોય તો તેઓનું મન જાણે) (આરાધના-કનક)

**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૧૭-૧૮ સં. ૧૯૯૭ જે. વ. ૦)) સમાલોચના**

શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ એવા રામના તિથિના નવા પંથને વ્યકિતરાગથી ખોટી રીતે બચાવવા વણથલીની માફક હાલ પણ જીવાભાઇએ કહેર બાંધી છે જામનગર અને સુરત આદિ મુકામે પન્યાસજી ચંદ્રસાગરજી આદિને મુંબઇ આવતા રોકવા માટે પત્રો લખાવાયા છે આવનારને હુલ્લડનો ભય દેખાડે છે; પણ લાલબાગ અને ઘાટકોપરમાં રહેલાને તો ખસેડયા પણ નથી ! સત્યમાર્ગના ઇચ્છકોએ તો સાવચેત રહેવું સુરત સરખા સ્થાને ચર્ચા કરાવવાની વાત કેમ નથી કરી ? (સુરત)

૧ શ્રી સ્થાનાંગ સૂત્રકાર ગણધર મહારાજ શ્રી તીર્થંકરના કાલધર્મને પૂર્વગતશ્રુત, અને ધર્મના વિચ્છેદની માફક લોકમાં અને દેવલોકમાં અંધકાર તરીકે જગતસ્વભાવથી જણાવે છે વળી નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી, શ્રી તીર્થંકરના મરણને ઉત્પાત તરીકે જણાવે છે. એટલે 'મહાત્માના મરણમાં ભક્તો માટે આનંદ માનવા'નું કહેનાર મિથ્યાત્વના ઉત્પાતમાં રાચનારા ગણાઈ લોકસ્વભાવને ઓળવનારા થવાની સાથે શાસ્ત્રની શ્રધ્ધાહીન થઇ પોતાના મરણથી ભદ્રકવર્ગમાં દેનાર થાય છે જ.

૨ વિવેકીમનુષ્ય શોક થાય તો પણ ભકિત ન છોડે એ સ્વાભાવિક હોવાથી દેવતાઓ ભગવાનનો મોક્ષ થતાં ઓચ્છવ પણ કરે છે. आनंदोत्पादकास्तेऽत्र० **એવા મહાત્માના સ્વરૂપને દેખાડનારા વાકયને ભક્ત અગર સ્નેહીના અંતઃકરણ કાર્યને લગાડનાર** મનુષ્ય, પ્રકરણ સમજવામાં પણ અંતઃકરણને ગીરવી મૂકનારો જ ગણાય.

૩ ભગવાન્ નિર્યુકિતકાર અને શ્રી હરિભદ્રસૂરિજી, આચાર્યભગવંતના મરણમાં સ્વાધ્યાય નહિં કરવા તથા શોક માટે અવળાપણું જણાવે છે-કહે છે આ બાબતના પાઠો નીચે મુજબ—

**સ્થાનાંગ પત્ર ૧૧૬**-तमो – लोकान्धकारं स्यात् – भवेत् द्रव्यतो लोकानुभावात् भावतो वा प्रकृशकखभावज्ञानाभावादिति

इह च राजमरणदेशनागरभंगादावपि दृश्यते दिशामन्धकारमात्रं रजखलतयेति, यत्पुनर्भगवत्स्वर्हदादिषु निखिलभुवनजनानवद्यनयनसमानेषु विगच्छत्सु लोकान्धकारं भवति तत्किमटमुदतमिति ?

**સ્થાનાંગ પત્ર ૨૪૫** – संभाव्यते ह्यर्हदादिव्यवच्छेदे द्रश्यतेऽन्धकारं, उत्पातरुपत्वात्तस्य, छत्रभगादौ रजउद्धातादिवदिति, देवस्थानेष्वपि ह्यर्हदादिव्यवच्छेदकाले वस्तुमाहात्म्यात् क्षणमंधकारं भवतीति ।

(૧) આવ૦ હારિ૦ ૬૩૮ आयरणा पुण ओमच्छगरयहरणेण गमणागमणं किर आलोइज्जइ, तओ जाव इरिया पडिक्कमिज्जइ तओ चेइआइं वंदित्तेत्यादि सिवे विही ।

(૨) આવ. હારિ. ૬૩૮ – क्षपणं अस्वाध्यायश्च जइ 'रायणिओ' आयरिओत्ति ।

(૩) જેણેવ ભગવઓ तित्थगरस्स सरीरए तेणेव उवागच्छइ વળી મહાત્માના મરણથી આનંદ માનનાર કેવો મિથ્યાત્વથી અંધ થયો હશે ? તે મૂલ આગમના પાઠથી જણાય છે. જુઓ–

૬ उवागच्छित्ता विमणे णिराणदे अंसुपुण्णणयणे० આ જબૂદ્વીપપ્રજ્ઞપ્તિનો શોકદર્શક ૨૫૮ પાઠ ! અને सरसाइं गोसीसचंदणकट्ठाइ વિગેરે પાઠો શું નવાભતીઓને તો માન્ય નહિં હોય ? શોક અને ભક્તિના વિષયભેદને નહિં સમજનારની આવી જ દશા થાય ॥૧૬૨૦॥

૪ સૂત્ર અને ધર્મમાર્ગના ઉત્થાપક હોવા છતાં જો વિવેક આવે તો જ ગોશાળાની માફક જગતમાં ધિક્કારવા લાયક મરણને જાહેર કરવાનું પસંદ થાય; **પરંતુ શાસનના રથ લોને નાશ કરનાર સોમિલ જેવા** તો સમ્યકત્વવાળા જીવોને શ્રી કૃષ્ણમહારાજે કર્યું તેમ **કુતરાની માફક ગામમાં ઘસડવા લાયક જ થાય** ॥૧૬૨૧॥

૫ નવાપંથના ભક્તોને નવો પંથ કાઢનાર એવો આદેશ તો આપીને નહિં જ મરે કે મ્હારા મરણે તમે મારા લોહીના ચાંલ્લા કરજો જુના જૈનમાર્ગીઓ તો શોક થાય તો પણ 'જય જય નંદા' ને જ બોલે. ' नाणुप्पायमहिमासु ' કેવલ જ્ઞાનોત્પાદે દેવકૃત મહોત્સવેષ્વિતિ એ વાકયની માફક શાસ્ત્રકારો परिनिव्वाणमहिमासु એમ ૨૫૮ કહે છે. સાચી જયશ્રી અને લક્ષ્મીઓ તો આત્મારામ આનંદીના મરણે રંડાય જ છે, પણ મિથ્યાશ્રી અને અજ્ઞાનશ્રીને તે વખતે આનંદનો પાર ન જ રહે ॥૧૬૨૧॥

૬ શાસ્ત્રકારો 'प्राये पर्वतिथिओ आयुष्यबंध' કહે છે ત્યારે આ નવાપંથી આરામથી प्रायः શબ્દ કહીને 'पर्वतिथिओ એ જ થાય' એમ કહી અબી બોલ્યા અબી ફોક જેવું બોલે ॥૧૬૨૩॥ (રામ – કનક – શ્રીકાન્ત)

૧ નિશ્ચય નહિં જાણનારા બહુશ્રુત છતાં શાસનના વૈરી છે.

૨ શાસ્ત્રના માર્ગમાં એક નયનિષ્ઠતા છે.

૩ ભગવાનના નયવાકયો સ્યાત્પદના રસથી જ સુવર્ણ બને છે.

૪ ન્યૂન દશપૂર્વ સુધીનું જ્ઞાન ભજનારૂપ છે. એ વગેરે શાસ્ત્રવાકયોને વિચારનારો તો સ્વામિપક્ષને સમજે જ; પરંતુ છતાં હૃદયે અવિચારક હોય તે જ તે વાતને પ્રરૂપક અને પ્રકૃતિમાં લઇ જાય. ગર્દભને સાકર કડવી લાગે એ દ્રષ્ટાન્ત તે કહેનારને લાગુ ન થાય તો કલ્યાણ. શું શાસ્ત્રકારો શ્રુતમયમાત્ર એવા શ્રુતજ્ઞાનનો ત્યાગ આવશ્યક છે એમ નથી કહેતા ? ॥૧૬૨૪॥

૫ એકરસ એવું જલ, ભાજનથી નાનારસપણે પરિણમે છે એ દ્રષ્ટાંત તથા ખરાબ ખાતરથી થતા વિવિધપાકનું દ્રષ્ટાન્ત ધ્યાનમાં ન આવે ? ॥૧૬૨૪॥ (ભિક્ષુ)

卐卐卐

**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૧૯ સં. ૧૯૯૭ અ વ. ૦)) સમાલોચના**

૧ કોઈ સ્થાનકવાસી સાથે તેઓ આઠ કોટી અને નવ કોટી કે છ કોટીનો નિર્ણય ન કરી લ્યે ત્યાં સુધી શું આ નવા રામપંથીઓ ચર્ચા નહિ કરે ? ॥૧૬૨૬॥

૨ શું સ્થાનકવાસી, આ નવાપંથીઓને એમ એમ નહિં કહી શકે એક મત ન કે– દિગંબરના તેરાપંથી તથા વીસપંથી અને તમારા પાયચંદીયા અને આગમીયા થાઓ કે – સર્વનું પ્રતિનિધિપણું ન લાવો ત્યાં સુધી તમો અમારી સાથે ચર્ચા કરવા લાયક નથી ! ॥૧૬૨૭॥

૩ શું આ નવાપંથીઓએ સકલ પ્રતિવાદીઓનો એક પ્રતિનિધિ થાય તો જ વાદ કરાય એવો કોઇ શાસ્ત્રીય નિયમ સ્વીકાર્યો છે ?

૪ શું ભગવાન્ મહાવીરમહારાજે ગૌતમસ્વામિજીને કે કોઈપણ ગણધરને કે સોમિલાદિને પોતાના મતવાળાના પ્રતિનિધિ નીમાવવાની માગણી કરી હશે ? ॥૧૬૨૮॥

૫ શું ભગવાન્ ગૌતમસ્વામિજીએ ઉદક, પેઢાલ, કેશીકુમાર કે અન્ય સ્થવિરો સાથે વાદ કરતાં શ્રી પાર્શ્વનાથતીર્થના પ્રતિનિધિત્વની માંગણી કરી હતી ? તિથિપક્ષનું ચોકખું જૂઠાપણું જાણીને પ્રતિનિધિપણા આદિના બ્હાના કહાડી ખસવાની રમત ભવભીરૂ હોય તેને તો ન જ શોભે ! ॥૧૬૨૯॥

૬ શાસ્ત્રથી ચાલતી તિથિપરંપરા, 'વિરૂદ્ધ છે નહિ' એમ લખાણ જણાવી 'શાસ્ત્રથી વિરૂદ્ધ છે' એમ કબુલ કરે છે એવું લખનારા હૃદયશૂન્ય તો રામપંથના જ નાયક હોય. ॥૧૬૩૦॥

**તા.ક.** ઉપરની હકીકતથી તેમજ વણથલી, જામનગર અને પાલીતાણાના વૃત્તાંતોથી સજ્જનો સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે- આ નવા રામપંથીયો તિથિના મતની ચર્ચા કરવા માગતા જ નથી !! કલ્યાણવિજયજીને પ્રતિનિધિ નીમનાર તેમની નિરૂત્તરતા અને નાશભાગની રમતના કેમ જોખમદાર થતા નથી ? આત્મારામજીના આચાર્ય રામચંદ્ર જો સત્યના સમર્થનવાળા હોય પંન્યાસજી સાથે ચર્ચા કરી લે. નવાપંથીઓને માલુમ હતું કે- પંન્યાસજી વગેરે તિથિના નીકાલ માટે મુંબઈ આવે છે છતાં નવા રામપંથીઓ 'પાંચ મહિના સુધી ચર્ચા એમ નહિં થાય' એમ ન્હોતા કહેતા ? હવે ખરી વખતે જ ખોટા બચાવ કરાય છે. (રામ-શ્રીકાંત)

¤ ¤ ¤

**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૨૦ સં. ૧૯૯૭ અષાડ વદ ૦)) સમાલોચના**

૧ જૈન ધર્મને યથાર્થપણે સમજીને માનનાર જરૂર એમ માને કે- શ્રીવીતરાગદેવને માનનારો હોય તે નરક કે નિગોદનાં આયુષ્યો બાંધી તેમાં રખડનારો કે જનારો થાય જ નહિં. ॥૧૬૩૧॥

૨ નરક અને નિગોદનાં આયુ બાંધી તેમાં જનારો અને રખડનારો તો તે જ થાય કે જે શ્રી વીતરાગના ધર્મને ન માનતા ઇતરધર્મને માનનારો હોય ॥૧૬૩૨॥

૩ ભગવાન્ જિનેશ્વર મહારાજનું દર્શન, સર્વ નયના સમુદાયરૂપ હોવાથી સમુદ્રમાં નદીઓની માફક સર્વ દર્શનોના પ્રત્યેક નયનો સમાવેશ થાય છે; પરંતુ નદીઓમાં દરીયો ન હોય તેમ એકેક નયવાળા ઇતર દર્શનોમાં સર્વ નયના સમૂહમય જૈનદર્શન હોય નહિં' એ વાત નિષ્પક્ષ વિવેકીઓને માન્યા શિવાય ચાલે તેમ નથી ॥૧૬૩૩॥

(उदधाविव सर्वसिन्धवः પદનો આ તાત્વિક અર્થ છે.)

૪ તત્ત્વજ્ઞપુરૂષો સમજી શકે તેમજ છે કે- દ્રવ્યાર્થિક કે પર્યાયાર્થિક સદ્વાદી કે અસદ્વાદી, નિત્યવાદી કે અનિત્યવાદી, ભેદવાદી કે અભેદવાદી, સામાન્યવાદી કે વિશેષવાદી આદિ થયેલા મતોની પ્રરૂપણા અને તત્ત્વવાદની અપેક્ષાએ સર્વમતોની ઉત્પતિનું કારણ જૈનશાસન છે. માટે સર્વસુંદર રત્નતુલ્ય પ્રરૂપણા અને તત્ત્વો જૈનશાસનમાં જ છે, પરંતું નય કે તત્ત્વવાદને છોડીને બોકડા મારનાર અને લીલાના લ્હાવા ગણનાર જેવા અધર્મમય આચારવાળા ધર્મનો શ્રી વીતરાગધર્મમાં સમન્વય કરવાનું કહેનાર તો દુર્જનને ન સમજે તેમ કુદેવ-કુગુરૂ અને કુધર્મને સમજી જ શકતો નથી ॥૧૬૩૪॥

૫ ક્રોધ, લોભ, ભય અને હાસ્યથી વિરતિવાળાને મૃષાવાદ બોલવાનું થાય; પરંતુ ડોળઘાલું અસત્યતમ બોલનાર હોવા છતાં સત્યવકતાપણે જાહેર થનાર તો રાગ દ્વેષ અને અજ્ઞાનથી જુઠું બોલનાર થઇ સત્યમાર્ગનો નાશ કરનાર થવા સાથે ઉન્માર્ગને પોષનાર જ બને છે. (જૈન–સત્ય)

❀ ❀ ❀

**સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૨૨ સં. ૧૯૯૭ શ્રા વ. ૦)) સમાલોચના**

૧ શ્રી અભયદેવસૂરિજી પોતાની સેવા કરનાર તરીકે શ્રી જિનભદ્રને જણાવે છે. નહિં કે– જિનવલ્લભને ! ॥૧૬૩૫॥

૨ શ્રી ભગવતીજીની ટીકામાં સાહાય્યકાર તરીકે અથવા પ્રથમાદર્શ કરનાર તરીકે પણ બીજા જ મહાત્માઓને જણાવે છે; પણ જિનવલ્લભને નથી જણાવતા. ॥૧૬૩૬॥

૩ ટીકાઓના શોધનાર તરીકે પણ શ્રી દ્રોણાચાર્યજી કે– જેઓને પંચલિંગી વૃત્તિકાર ખરતર જિનપતિ વગેરે પૂર્વપક્ષકાર તરીકે જણાવે છે તેઓને શોધક તરીકે જણાવે છે. પણ જિનવલ્લભને જણાવતા નથી ॥૧૬૩૭॥

૪ આચાર્ય મહારાજ શ્રી અભયદેવસૂરિજી, સંવત ૧૦૮૦થી ૧૧૨૮ સુધીના પોતાના સાહિત્યમાં કોઈપણ જગોપર જિનવલ્લભનો ઉલ્લેખ કરતા નથી. ॥૧૬૩૮॥

૫ જિનવલ્લભના અષ્ટસપ્તતિકા આદિ લેખો મુજબ પણ ૧૧૩૮માં શ્રુત ભણવા માટે લીધેલી ઉપસંપદ છોડી અસલ કૂર્ચપુર ગચ્છમાં આવી ગયાનું જણાવે છે. શ્રી વજ્રસ્વામીજીએ શ્રીભદ્રગુપ્તસૂરિ પાસે અને શ્રી અર્યરક્ષિત સૂરિજીએ શ્રી વજ્રસ્વામી પાસે ઉપસંપદ્ લઇ અભ્યાસ કરેલો છતાં શ્રી સિંહગિરિજી અને તોસલિપુત્રાચાર્યના શિષ્ય જ ગણાયા છે. ! પણ શ્રી ભદ્રગુપ્ત કે શ્રી વજ્રસ્વામીના શિષ્ય કે પટ્ટધર ગણાયા નથી !! ૧૧૩૭માં લખેલ કોટયાચાર્ય આવશ્યકથી અને ખુદ પોતે કરેલ ૧૧૩૮ના અષ્ટ-સપ્તતિકાથી સ્પષ્ટપણે જિનવલ્લભે ઉપસંપદાનો ત્યાગ જણાવી પોતાને કૂર્ચ પુરીયગચ્છના અને તે ગચ્છના જિનેશ્વરના શિષ્ય તરીકે ઓળખાવે છે, તો પછી અન્યથી કહેનારા તેમને શું કહેનારા માનશે ? ॥૧૬૩૯॥ (દે. લા બુદ્ધિ.)

✡ ✡ ✡

૧ ભગવાન મહાવીર મહારાજે શ્રી ગૌતમાદિ ગણધરોને પ્રતિનિધિ થવાની વાત આગલ કરી ન્હોતી.

૨ ભગવાન મહાવીરે સ્કંદકને પણ પ્રતિનિધિ બનાવ્યો હતો (નહિ)

૩ શ્રી થાવચ્ચાપુત્રે શુકને પ્રતિનિધિ ઠરાવ્યા હોતા. ઇત્યાદિ સત્યમાર્ગે રહેલા ને બીજાને સત્યમાર્ગ નકકીપણે સમજાવવામાં ખપનાં હોય જ નહિ જુઠું જાહેર થવાના ભયથી આવાં ખપનાં લેવાતા હોય તો તે શાસનને હિતકાર નથી ॥૧૬૪૦॥

(વીર ? રામ-શ્રીકાન્ત !)

૧ આચાર્ય શ્રી સિદ્ધિસૂરિજી અને સુશ્રાવક કાંતિલાલ સંબંધમાં કથીરશાસન અને જૈનપત્રમાં આવેલું લખાણ સત્યથી વેગળું છે તેથી તેવા તર્કટી લખાણોના જવાબ અપાય નહિ

૨ આચાર્યશ્રી સિદ્ધિસૂરિજી અને સુશ્રાવક કાંતિલાલ, પોતાની ખુદની સહીથી 'વચનભંગ થયો છે' એમ જાહેર કરે તો તેનો ઉત્તર આપવો વ્યાજબી ગણાય.

(કથીર ! જૈન !)

❧ ❧ ❧

સિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૨૩-૨૪ સં. ૧૯૯૭ ભા. વ. ૦)) સમાલોચના

૧ મહાત્માઓનો ઉપદેશ અને ભકિત, ખરેખર શોક નીવારવામાં અપૂર્વ સાધન હોવા છતાં મહાત્માનો વિયોગ એ એટલી બધી દુઃખદાયક ચીજ છે કે - ભકિતને ભૂંસવા નહિ દેતાં પણ શોકનું સ્થાન ખસતું નથી

ત્રિષષ્ઠીય શાલકા પુરૂષચરિત્ર પર્વ ૧૦ સર્ગ ૧૩ પાનુ ૧૮૧માં—

जगद्गुरोर्वपुर्त्वा, बाष्पायितदृशः सुराः । अदूरे तस्थुरथ ते शोचनाः स्वमनाथकम् ॥२४१॥ आमोच्य वाससी दिव्ये, शक्रः स्वामिवपुःस्वय । उदधे नयनांभोभिर्मुग्धो ऽपि स्नपयन्निव ॥२५२॥ विमानवरकल्पायां, शिविकायां प्रभोर्वपुः । शक्रो न्यधा दृश्यमान,ः साश्रुद्रग्भिः सुरासुरैः ॥ ५३॥ सुराः स्वनयनांभोजपयोभिः पुन रक्तया । गन्धाम्बुवृष्टया पवित्रः, सिषिचुर्वसुध तलम् ॥२५६॥ मृदंगपणवादीनि, वाद्यानि शतशो दृढं । धुसदस्ताडयामासुर्निजोरः स्थलवत् शुचा॥२५८॥ स्वामिनः शिविकाग्रे च, ननृतुः सुरयोषितः । स्खलच्चारीक्रमाः शोकान्नर्त्तक्यो ऽभिनवा इव ॥२५९॥ श्रावकाः श्राविकाश्चापि, भक्तिशोकसमाकुलाः विदधू रासकगीतं, रुदितं च सहैव हि ॥२६१॥ तदा साधुषु साध्वीषु, चात्यन्तं विदधे पदं । शोकः कोकनदेष्वर्कास्त्यये निद्रेवभूयसो ॥२६२॥ ततश्चितायां निदधे, स्वामिनोऽङ्गं पुरन्दरः विदीर्यमाणहृदयः, इवात्तः शोकशंकुना ॥२६३॥

ઉપરની શ્લોકોથી ભક્તિની સાથે દેવતાઓ શોક કરતા હતા તે સ્પષ્ટ છે અને તે સમજવા માટે ભક્તિ અને શોકનાં કાર્યનો ક્રમ જણાવવામાં આવે છે.

| ભક્તિ કાર્ય | શોક કાર્ય |
|---|---|
| ૨૪૯માં જગદ્ગુરૂના શરીરને નમસ્કાર | આંસુસહિતની દ્રષ્ટિ |
| ૨૫૨માં દેવતાઈ બે વસ્ત્રોનું પહેરાવવું | નેત્રના પાણીવડે સ્નાનની ઘટના |
| ૨૫૩માં શિબિકામાં ભગવાનના શરીરને સ્થાપન કરવું | આંસુવાળી દ્રષ્ટિએ સુરાસુરોનું દેખવું. |
| ૨૫૬માં સુગંધપાણીએ જમીનનું સીંચવું. | પોતાના નેત્રના પાણીથી મિશ્રણ થવું |
| ૨૫૮માં ઢોલ વિગેરે વગાડવાં. | શોકથી પોતાની છાતી કૂટવી |
| ૨૫૯માં દેવીઓનું નાચવું. | શોકવાળી નાટકીઓની માફક ગતિની સ્ખલના |
| ૨૬૧માં રાસડા દેવાં | રોવું |
| ૨૬૩માં ચિતામાં શરીરનું મૂકવું | શોકથી છાતીનું ફાટવું. |

પર્વ ૧, સર્ગ ૬, પત્ર ૧૭૧, શ્લોક ૪૮૨

આ પ્રમાણે નીચે જણાવેલા શ્લોકમાં પણ ભક્તિ અને શોક બન્ને ભગવાનના નિર્વાણને અંગે જણાવવામાં આવેલા છે.

तेऽपि प्रदक्षिणीकृत्य, जगन्नाथ प्रणम्य च । विषण्णाश्च तस्थुरालिखिता इव ॥ महाशोकसमाक्रान्तश्चक्रवर्त्ती तु तत्क्षण । पयात्त मूर्च्छितः पृथयां वजाहत इवाचलः ॥४१४॥ उच्चौः शब्दायमानेषु, नाथ नाथेति केषुचित् । मदभाग्या हता स्म स्वमि तिनिंदत्सु केषुचित् ॥५४२॥ शिक्षां नो देहि नाथेति मुहुर्नाथत्सु केषुचित् ॥ कों धर्मसंशय छेत्सत्येवं जल्पत्सु कषुचित् ॥५४३॥ वयं यामोऽन्धवत् क्वेति, सानुशय्येषु केंषुचित् । ददातु भूनों विवरमित्याकांक्षत्सु केषुचित् ॥५४४॥

ગુણચન્દ્ર – મહાવીરચરિયમ્ પ્રસ્તાવ – ૮, પત્ર ૩૩૮ તથા ૩૩૯

अह सव्वेवि सुरिंदा, चउविहदेवेहिं परिवुडा शत्ति । चलियासणा वियाणिय जिणा-निव्वाणा समोइन्ना ॥ विगयाणंदा बाहप्पवाहवाउलियनयणंपम्हंता । जगनाहस्स सरीरं, नमिउमदुरें निसीयंति॥१७॥अह निव्वत्तियतक्कालज़जोग्गनीसेसनिययकायव्वा । सोगभरमथरगिरं एवं भाणिउ समाढ़त्ता ॥२९॥ अज़्ज चिय अत्थमिओ, दिवायरो अज़्ज भारहं खेत्तं । अवहरियसाररयणं, जायं नाहे सिवं पत्ते॥३०॥ एत्तो पयंडभववेरिपोडियाणं पणट्ठबुद्धीणां अम्हारिसाण सरणं को होही नाह ! तुह विरहे ? ॥३९॥ ससुशसुरंपि भुवणं मन्ने निप्पुन्नयं समग्गंपि । अन्नह कूलसेलाऊ हुंतोसि तुमं जिणवरिंदा ॥६२॥ अहवावरस्संभाविसु वत्थुसु संतावकण्णा विहला । एक्कमियाणी विजयउ सइ तित्थ तुज्झ जयनाह !"

મહાવીર ચરિયમ્ પત્ર ૧૦૦-૧૦૧

તો उव्विग्गा समणा समणीओ साविग। साविगाओ । देवा देवीओपिय सिव्वंपि जयं समुव्विग्गं ॥ सक्को वि हु सोगेणं अब्भाहयमाणसो सुतिव्वेणं । ओरुन्नविवन्नमुहो जूरइ पगलन्तनयणंसू ॥२८॥ तमगसियरविं व दिणं निसाए गयणं व अत्थमियचन्द्रं । विज्जायपईव पिव भवणं तमसम्मि बहलम्मि ॥२९॥ उद्धियकमलं सरं उव्वयणिज्जं इमं जय जायं । उम्मूलियकप्पतरुं इयरदुमकाणणं व कउं ॥२३०॥ बत्तीसंपि य इदा समागया तक्खणं ससोगमणा । रवीरोयजलोणतणूं ण्हावेंति जिणस्स सुरहेण ॥ पडिबोहिऊण य तयं नियत्तमाणो जणाउ सोऊणं । निव्वाणगयं वीरं महन्तमुव्वेयमावन्नो ॥५१॥

આવા સ્પષ્ટ પાઠો છતાં જેઓને સૂત્ર-ટીકા-ચરિત્રો અને વ્યવહાર વિગેરે સર્વને ઉઠાવવાની પરંપરાથી ખોટી ટેવ જ પડી હોય અને જાણી જોઇને કદાગ્રહ પોષવો હોય તેવા રામપંથી કનક. જંબૂ. રામશ્રીકાન્તોના બકવાદોને શાસનપ્રેમીઓમાં સ્થાન હોય જ નહિ

રામપંથીઓએ તેમના ગુરૂના મરણને દિને સ્મશાનમાં બેસીને લાવવા બાંધેલા હોય તેવું બનેલું જાણ્યું નથી અને હવે રામપંથીઓ તેમના નેતાના મરણ વખતે તેઓ મસાણમાં બેસીને લાડવા બાંધવાનો બંદોબસ્ત કરશે એવું કેઈ સજ્જન તો માની શકે નહિ

જંબૂક૦ના જુઠાણા માટે અક્ષર બહાર પાડવાની વાત જાહેર કરવામાં આવી હતી; પરંતુ તે જં૦ પુરા વારૂપ સુ. કાંતિલાલે બહાર પાડેલો લેખ તો જંબૂક૦ને વજ્રઘાત જેવો વાગ્યો અને તેથી કથીરમાં પોક મૂકે તેમાં નવાઈ નથી ॥૧૬૪૧॥ (જંબુક૦ શાંતિ)

[redacted]

સિદ્ધચક્ર વર્ષ ૧૦ અંક ૨ સં. ૧૯૯૭ આ. વ. ૦)) સમાલોચના

૧ શાસનમાં ભેદ પાડવા માટે આ રામપંથિઓએઓએ શાસ્ત્ર, શાસન અને પરંપરાથી વિરૂદ્ધ એવો તિથિનો ઝઘડો ઉભો કરેલ છે અને તેથી નિર્ણય કરવાનો વખત આવતાં સામાન્ય સંપની વાત કરી જાળ પાથરે છે.

૨ શું આ રામપંથીઓના પરદાદાએ હુકમમુનિ, શાંતિસાગર, ત્રણ યુધવાળા કે દયાનંદી સાથે ચર્ચા કરતાં શાસન પાસે પ્રતિનિધિપણું માગ્યું હતું ? કે-તે સામાવાળાઓએ પણ પ્રતિનિધિ થવાની માગણી કરી હતી ? ॥૧૬૪૨॥

૩ રામજીથી મુંબઇ સન્મુખ આવ્યા છતાં તિથિ બાબતના પોતાના પક્ષની સત્યતા માટે નથી બોલાતું તે જ તે રામપંથિઓના જુઠાપણાનો એકરાર છે !

૪ નિર્ણય કરવા માટે અનેક વખત સ્હામેથી શાસનપક્ષવાળાએ આવવાનું કહેવડાવ્યું હોવા છતાં તૈયાર ન થવું અને સામાન્ય સંઘ અને પ્રતિનિધિ થવા આદિની વાતો ભાડુત પાસે ગબડાવવી એ તો કારમી કારસ્તાની છે.

૫ આ રામ૦જીના નીમેલા પ્રતિનિધિએ પણ યોગ, ગુરૂભક્તિ અને પ્રતિનિધિપણાનાં જ જામનગર વખતે બ્હાનાં કહાડ્યાં હતાં નાચવું ન હોય તે આંગણું વાકું જ કહે. શાસનપક્ષે રામ૦ને ચર્ચા કરી નિર્ણય કરવાની ફરજ જણાવી છે અને જણાવશે જ. ॥૧૬૪૩॥ (રામ૦ કથી૨૦)

૧ 'પર્વતિથિના ક્ષયને કે વૃદ્ધિને આરાધનામાં માનવી' આ માન્યતા, કેવલ રામપંથીયોની જ છે અને તે શાસ્ત્ર શાસન અને શુદ્ધ પરંપરાથી વિરૂદ્ધ માન્યતાએ શાસનના કકડા કર્યા છે એ સ્પષ્ટ હોવાથી તે રામપંથીઓના અન્નાડીપણાને જગત સમજે તેમ છે.

૨ આ નવા શાસનવિરૂદ્ધ અને જાણી જોઇને જુઠું કરનાર એવા રામપંથીઓ સિવાય અન્યમતવળા દિગંબરો, ઢુંઢીયા, તેરાપંથી, આંચલીયા, ખરતરીયા પાયચંદીયા કે (બીજા) કોઈપણ સત્યને અંગે થતી ચર્ચામાં 'પ્રતિનિધિ થવા'ની વાત કરી શકે જ નહિં અને કરી પણ નથી ! વળી આ રામજીએ પ્રતિનિધિ નીમ્યો અને તેનું અધમપણું, નિરૂત્તરપણું અને ભાગી જવાનું થયું તેની જવાબદારી સ્વીકારી નથી એ સ્પષ્ટ છે.

૩ આ રામપંથીઓ સિવાય કોઈપણ શાસનને માનનાર આઠમ-ચઉદશ કે પુનમ અમાવસ્યાની વૃદ્ધિ કે ક્ષય માનતો જ નથી વસ્તુતઃ આ રામજીએ જ પોતાનો નવો મત હોવાથી દરેકની પાસે જઇને પોતાની સત્યતા સાબીત કરવી ઠીક છે. રૂબરૂમાં લખાણ સાથે ચર્ચા કરવાથી રામપંથીયે બધા સ્થાને ભાગ્યા છે અને સાવ જુઠા હોવાથી ભાગશે અંધભક્તોની લક્ષ્મીના વ્યયે કાગળ કાળા કરવામાં જ આ જંબુ. ચીમન કનક. આદિકોએ તાલીમ લીધી છે ! નવો જુઠો મત ઉભો કરી મુંબઈથી ગુજરાતમાં અવાયું નહિ, પૂના વગેરે સ્થાને 'દેશ' પલટયો અને વર્ષો પછી મુંબાઈ આવતાં સમક્ષ ચર્ચા કરાતી નથી એ જુઠપણાની જાહેરાત જ છે (રામ-પટણી)



**સિદ્ધચક્ર વર્ષ ૧૦ અંક ૪ સં. ૧૯૯૮ કા.વ. ૦)) સમાલોચના**

૧ ગ્રંથકારના સ્વયંકથન અને પાત્રના મુખના કથનનો ભેદ, શાસનથી અનેકધા અસહકૃત સડેલી સોસાયટીના સ્વામી ન જ સમજે તો તેના કથીરશાસનમાં કોલાહલ કરનાર ન સમજે એમાં નવાઈ નથી. આ કારણથી પત્રના વાકયને સમજવામાં તે નિષ્ફલ નીવડે રુમપત્રક જાણનારો તો અચેતનના ઔપચરિત વાકયોને માત્ર—

૨ ભાવમાં પ્રત્યય પછી ગુજરાતીમાં ભાવપ્રત્યય આવતાં તેને પેટમાં દુઃખ થઇ લવારો કરવાનું સૂઝે તે સળગતી સોસાયટીના સજ્જનને ત્વાદેસ; મકઅત્તયા મકયત્તાઇ વગેરે દેખ્યા નહિ હોય.

૩ પ્રેસના દોષને જાણે છતાં લેખકને દૂષિત કરનારો કથીરીયો, વૈયાકરણ ખસૂચિ કે નૈયાયિકપશુ તો ન હોય જ નરપશુના લક્ષણને જાણનારે તપાસ કરવાની રહે. કર્મમાં ય લાવીને પછી તો પણાની વાત જ શી ? (રામ-શ્રીકાન્ત)

૧ સગ્રહ આથમતા કે ઉત્પાત ગ્રહણાદિના બાર-સોળ પ્હોર અને સ્વાભાવિક ગ્રહણ જે દિવસે અને રાતે મુક્ત થાય તેના અહોરાત્રને નહિ માનનાર સૂત્ર અને આચરણાનો વિરોધ ઉભો કરે તે કલ્યાણકારી તો ન જ હોય.

૨ વિમાનના પુદ્ગલોની અપેક્ષાએ ઔદારિક અસ્વાધ્યાય છે એમ વ્યાખ્યાકારે કહ્યા છતાં બીજું બોલનાર શ્રદ્ધશૂન્યતાવાળો ન હોય તો કલ્યાણ.

૩ શ્રી કલ્પસૂત્રનું કર્ષણ, કાલગ્રહણાદિ વિધિથી છે એવું પર્યુષણાકલ્પ અને આચારપ્રકલ્પનું કથન જાણનાર શ્રદ્ધાલુ તો અસ્વાધ્યાય રાખવા મથે જ ! પચેંદ્રિય-હત્યાદિને અંગે અહોરાત્રાદિ સ્વાધ્યાય ન વર્જી શકાય એ પ્રશ્નોત્તરકાર વ્યાજબી કથે છે

૪ અસ્વાધ્યાયને નહિં માનનાર, ધર્મભ્રષ્ટ અને ચારિત્રભ્રષ્ટ થવા સાથે જ્ઞાન આશાતના કરનાર થઇ સંસારમાં ભટકે છે એ લોકોત્તરમાર્ગને માનનાર જ માને ॥૧૬૪૪॥ (કલ્યાણ૦)

卐 卐 卐

## સિદ્ધચક્ર વર્ષ ૧૦ અંક પથી૮ સં.૧૯૯૮ મા.ગ.-પો વ.૦)) સમાલોચના

## દેવસૂર તપાગચ્છીય ચતુર્વિધસંઘને સવેલાની ચેતવણી

તમોને સારી માલમ છે કે- સંવત ૧૯૮૯ની પ્હેલાં આખો શ્રીસંઘ, પૂર્ણિમા અને અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય અગર તેરસની વૃદ્ધિ કરતો હતો અને તે પછી પણ શ્રી દેવસુરતપાગચ્છવાળો આખો શ્રીસંઘ તો તેમ કરે જ છે અને તે બાબતમાં ૧૯૯૩માં શ્રી વિજ્યદેવસૂરિજીનો પટ્ટક, કે-જે 'પૂનમ-અમાવાસ્યાની હાનિ-વૃદ્ધિએ તેરસની જ હાનિ-વૃદ્ધિ કરવાનું સ્પષ્ટ જણાવે છે તે' જાહેર થયો અને છપાઇને શ્રીસંઘને મળ્યો ત્યારથી **શ્રીસંઘ જે અબાધિત સામાચારી છે તે આપ્તવાક્યોને અનુસરનારી જ છે** એમ સમજીને જ પૂનમ કે અમાવાસ્યાની હાનિ વૃદ્ધિએ તેરસની જ હાનિ-વૃદ્ધિ સાચી માને છે અને કરે છે ! છતાં રામપંથીઓ, પોતાના ગુરૂની પરંપરાને ઉઠાવી ઉલટું કરવા લાગ્યા

છે અને શાસનને અનુસરનારાઓ જ્યારે તેમની માન્યતા, 'પરંપરા અને શાસ્ત્રથી વિરૂદ્ધ છે' એમ સાબીત કરવા તૈયાર થઈ તેમને તેમનો મત સાબીત કરવા આહ્વાન કરી વાદી તરીકે રહીને શાસ્ત્રાર્થ કરવા બોલાવે છે ત્યારે તેઓ 'પ્રતિનિધિ'ના બ્હાને હમ્મેશાં ખસી જાય છે અને ખસી જશે' એમ જાહેર થયું છે; પણ તેઓએ નીચેના વાદો વિચારવા જેથી તેમનો પ્રતિનિધિની વાતનો પડદો ચીરાઇ જાય.

૧ પાર્શ્વનાથ ભગવાનના ઉદકપેઢાલ અને શ્રીગૌતમસ્વામીજીનો વાદ શ્રીસૂયગડાંગમાં છે.

૨ સ્કંદક અને ભગવાન મહાવીરનો વાદ શ્રી ભગવતીમાં છે

૩ ગાંગેય અને મહાવીર મહારાજનો વાદ પણ શ્રી ભગવતીમાં છે.

૪ પાર્શ્વનાથના સ્થવિરો અને વીરપ્રભુનો વાદ શ્રી ભગવતીમાં છે.

૫ કાલોદાયી આદિનો વાદ પણ તેમાં છે

૬ શ્રીરાયપસેણીમાં પ્રદેશીરાજા અને કેશિકુમારનો વાદ છે.

૭ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કેશિકુમાર અને શ્રી ગૌતમસ્વામીજીનો વાદ છે.

૮ શ્રી ઉપાસકદશાંગમાં ગોશાલા અને તેના દેવાદિ સાથે શ્રાવકના વાદો છે.

આ બધા વાદોમાં કોઇએ કોઇને પ્રતિનિધિ નીમવાની વાત કરી નથી. માટે આ રામપંથ તે એમ બોલીને ખસી જતાં પોતાની તેથી હલકાઇ કરે છે.

卐卐卐

૧ શ્રી સિદ્ધચક્રમાં જાહેરાત કે માન્યતા શિવાયની વાતની ચેલેંજને લખનાર, છાપનાર અને તેનો કૃલ્પિત ઉહાપોહ કરનાર પત્રના જે આગેવાનો અને સંચાલકો છે તે સજ્જનોને તો ધિક્કાર લાયક ગણાય.

૨ કથીર કેવા બેહુદારૂપે થયું છે કે- જેથી તેના રામજીને પોતે અલગ પાડે છે. અને રામ.જી પણ અલગ પડે છે. એ તો 'તું કરજે તગારો અને હું કરીશ ટેક' જાણનારો તો એ જાણે જ છે કે-કતુ, અકતું, અન્યથા કર્તું,રામ•જી જ હતા અને છે ! પ્રરૂપણાની જુઠાઇ શું શું નથી કરાવતી ? રાજકુમાર સાધુ જમાલીની પણ એથી જ ભુંડી દશા હતી ને ?

**સિદ્ધચક્ર વર્ષ ૧૦ અંક ૫ થી ૮ સમાલોચના**

૧ આચાર્ય શ્રી વિજયદેસૂવરિજીના કહેલા અને સં. ૧૮૯૫માં લખાયેલ (અને ૧૯૯૩માં) બહાર પડેલા પટ્ટકની જાહેરાત છતાં રામપંથીયો જ તે પટ્ટાથી તથા સકલ શ્રી સંઘની આચરણાથી વિરૂદ્ધ બોલે છે, લખે છે, માને છે ! અને આચરે છે !

૨ અમુક આચાર્યના પ્રતિનિધિપણાની જરૂર કહેવાથી તો હવે રામપંથીયો અને રામ૦જી શાસ્ત્રાર્થની નજીક આવ્યા છે અને એ સારૂં જ છે.

૩ સમર્થ હોવાથી અનેક વખત પાટ ઉપરથી મળવાની જાહેરાત કરી અને રામ૦એ મૌન જ પકડ્યું છતાં તે વાત લેખક બોળવે છે 'સુધાકર' ને તો બધા રામપંથીઓ 'અંગારાકર' તરીકે તેથી જ દેખે છે. ॥૧૬૪॥

૪ રામ૦જીએ પ્રતિનિધિ નથી નીમ્યો અથવા તે નીમેલ પ્રતિનિધિ, અધમની કોટિમાંથી નીકળ્યો છે એમ કહેનારે ચક્ષુ ખોલીને તે વખતના અંકો જોવા

૫ રામપંથીયો સિવાય કોઇપણ શાસનપ્રેમી, પર્વતિથિનો લોપક છે નહિ, તેમ પર્વતિથિ માનીને તેના નિયમો ન પાળવાનું કહેનાર પણ નથી જ.

૬ એકત્રતાની દાનતવાળો સ્વચ્છંદપણે અને શાસ્ત્રવિરૂદ્ધપણે પર્વ અને પર્વનિયમોનો લોપક બની શાસનમાં ભેદ કરનાર ન જ હોય.

૭ રામ૦જીના લેખો બીજાના નામે એટલા માટે લખાતા હોય તો સારૂં ન જ ગણાય કે– વખત આવ્યે શ્રીકાંતની માફક સરકાવી દેવાય ! અહિં તો તંત્રી પણ લેખકની સાથે જવાબદારી ૧૯૯૨ની માફક ઓઢે છે જો કે– રામ૦જીએ તો તેનો પણ જાહેર જવાબ માગ્યા છતાં ન જ દીધો !!

૮ સંવચ્છરીની શાસ્ત્રપુરાવાને અનુસરતી કરણીને રામ૦જીના નિહનવ જેવા ઠેરવ્યા કુમતનું બીજ કહેનાર 'કથેરનું બીજ કલ્પવૃક્ષનું મૂળ છે' એમ કહેનારો જ ગણાય.

૯ સહામા પક્ષને પ્રતિનિધિ નીમવાની વાત ખોટી રીતે છટકી જવા માટે ઢોંગ કરનાર રામપંથીયોએ પોતાના તપસ્વી મહાપુરૂષ આદિ તરફથી મુખત્યારનામું દીધાની અને રામ.જીએ એને લીધાની પહેલી જાહેરાત કરવી તો જોઇએ જ.

૧૦ એક લેખકે મર્યાદાકાલને ભોગકાલ લખ્યો તેમાં બીજાને ચેલેંજ કરનાર એવા પોતાના મતને પ્રચારવા રોકેલા પગારદારોના જોખમમાંથી ખસવાનો પ્રપંચ રામ૦જી ખેલે છે; પણ તે ટકી શકતો નથી. સાથે આરાધનાની તિથિની ચેલેંજમાં પ્રતિનિધિનો પડદો કેમ લેવાય છે ?

૧ કર્મણિપ્રયોગમાં કર્મ ઉકત થવાથી પ્રથમામાં આવે છે એમ કહેનારા કૃત્યપ્રત્યયો કર્મને કહેનારા હોવા સાથે શકિત અગર યોગ્યતાને અધિકપણે કહે છે એ ન સમજે ત્યારે 'વિમર્શશૂન્ય છે' એમ કહેવાય

૨ આરાધ્યપણાએ કઈ તિથિ અર્થાત્ પર્વતિથિ માનવી એ સ્પષ્ટ અર્થને સમજનાર મનુષ્યો તો સહેજે સમજે કે-હાનિમાં બદલીને અને વૃદ્ધિમાં રોકીને પહેલી તિથિનેજ આરાધ્યપણામાં લાવવાની વાત છે. અને તે થયા પછી આરાધના તો આપોઆપ જ આવે છે. આ સમજનારાઓ જ ગ્રાહ્યા નો અર્થ કેમ ઉપાદેયા કહેવો પડયો અને તેરશના વ્યપદેશનો અભાવ કહેવા સાથે ચૌદશનો જ વ્યપદેશ થાય છે એમ કેમ કહેવું પડયું ? તે સહેજે સમજી શકે ॥૧૬૪૬॥

૩ શું વિમર્શ ધરાવનાર મનુષ્ય કદાપિ એમ માની શકે કે-જે ગ્રંથકાર, ચઉદશના ક્ષયે તેરશને તેરશ તરીકે કહેવાની જ ના પાડે તે ગ્રંથકાર તેરશને ચઉદશના ક્ષયની વખતે આરાધ્ય તરીકે ગણાવે ? વૃક્ષનો અભાવ માની શાખાનો સદ્ભાવ માનનારા તો આજકાલ વિમર્શથી શૂન્યો જ પાકે ॥૧૬૪૭॥

૪ જે શાસ્ત્રકાર, 'ચઉદશના ક્ષયની વખતે તેરશને તરીકે ન કહેતાં તેને ચૌદશ તરીકે જ ગણવાનું' જણાવે છે તે શાસ્ત્રકાર 'ચઉદશના ક્ષયે તેરશ આરાધ્યતિથિ તરીકે મનાવે છે' એમ કહેનારો કેવો શાસ્ત્રકારને કલંકિત કરનાર છે ? એ હકીકત વિમર્શવાળો તો જરૂર સમજે ॥૧૬૪૮॥

૫ જે શાસ્ત્રકાર, અષ્ટમીના ક્ષયની વખતે અપર્વે પૌષધ નહિ માનનારને પણ 'સાતમ ન માનતાં આઠમ માનવાનું' સાબીત કરી સમજાવે છે, તે શાસ્ત્રકાર 'આઠમના ક્ષયે સાતમને જ આરાધ્ય તિથિ તરીકે ગણે છે' એમ બોલનાર, નિહ્નવોની દશા પણ ન બોલાવતો હોય તો સારૂં. ॥૧૬૪૯॥ (કથીર ! રામ૦ વિમર્શ)



## સિદ્ધચક્ર વર્ષ૯-૧૦ અંક ૧૫-૧૦ સં. ૧૯૯૮ મહા શુદ ૦))સમાલોચના

## ભેળસેળપંથિયો કે રામપંથિયોને

૧ કાર્ત્તિક શુદ એકમનો ક્ષય હોય તો અમાસને દિવસે 'કાલે બેસતું વર્ષ' એટલે કાર્ત્તિક સુદ એકમ છે એમ કહેશો કે નહિ ? દીવાળીને દિવસે એકમ હોવાથી 'દિવાળીને બેસતું વર્ષ' માની લેશો ? અને ચૌદશને દિવસે 'આવતી કાલે બેસતું વર્ષ છે' એમ શું કહેશો ?

૨ કાર્ત્તિક સુદ પાંચમના ક્ષયની વખતે ત્રીજને દિવસે 'કાલે જ્ઞાનપંચમી છે' એમ કહેશો કે નહિં ? શું 'જ્ઞાનપંચમીની આરાધના, કાલે નથી' એમ કહેશો ?

૩ કાર્ત્તિક સુદ પાંચમના ક્ષયની વખતે અંતર વાયણાં જ્ઞાનપંચમીનાં અંતરવાચણાં કહેશો કે નહિ ?

૪ કાર્ત્તિક સુદ ચૌદશના ક્ષયની વખતે તેનાં અંતરવાયણામાં ચોમાસીનાં અંતરવાયણાં કહેશો કે નહિ ?

**તા. ક.** અંતરવાયણા માટે રકમ મ્હેલનારે જ્ઞાનપંચમી અને ચોમાસીના અંતરવાયણાં માટે રકમ મ્હેલેલી છતાં બીજે દિવસે જ્ઞાનપંચમી અને ચોમાસીની તિથિ ન માનનાર છતાં જમે અને જમાડે તે કાયદાની વાત દુર રખાય તો પણ સત્યતાને અંગે ખરાબ ગણાય કે નહિ ? ॥૧૬૫૦॥

૫ કાર્ત્તિકીપૂનમની યાત્રા કે પટયાત્રાને અંગે સાકરના પાણી માટે મ્હેલેલી જૈનની રકમને પુનમના ક્ષયે શાસ્ત્રીય પૂનમ ન માનનારો મનુષ્ય તે રકમનો ઉપયોગ કરે તો તે ઉચાપતખોર ગણાય કે નહિ ?

૬ પોષ-માગશર વદ દશમ કે-જે 'પોષદશમી' કહેવાય છે તેને અંગે ઓચ્છવ, વરઘોડો, આંગી કે જમણને અંગે મ્હેલેલી રકમ પૌષીદશમી માને નહિં છતાં વાપરે કે ઉપયોગ કરે તો તે કાયદાથી ગુન્હેગાર છે કે નહિં ? ॥૧૬૫૧॥

**તા.ક.** આ પ્રમાણે જે જે તિથિથી નિયમિત થએલ તહેવારો કે વર્ષગાંઠ આદિ દિવસોને માટે પણ તે રામ કે રાવણપંથીઓને વિચારવું યોગ્ય છે. શાસનને અનુસારનારાઓ તો પરંપરારૂપ સીતાને પવિત્ર માનનારા છે; પંણ સીતાની આબરૂ લુંટનાર તો રાવણપંથીઓ જ છે! એ વાત તો સાફ છે કે-અંતરવાયણાની રકમ મ્હેલનારો ચોથ કે તેરસ માટે મ્હેલતો નથી વળી પાંચમ અને ચૌદશના ક્ષયની વખતે ચોથ અને તેરશે 'પાચમ અને ચૌદશ છે' એમ માની લ્યે તો જ્ઞાનપંચમી કે ચૌમાસી ચઉદશે ઘણી વખતે સાંજે છઠ અને પૂનમ બેસી જાય છે તે વખતે રાતના પૌષધ કરે અને તેનાં પારણાં કે અંતરવાયણામાં જમે તેઓને ચોકખી ચોરી લાગે કે નહિ ? એ પરંપરારૂપ સીતાની આબરૂ લુંટનાર રાવણપંથીઓએ વિચારવું રહ્યું. છઠ આદિ ઉત્તરતિથિના ક્ષયની વખતે તો તે દિવસ સમાપ્તિદિનવાળી છઠ વિગેરે છે.

પૃ ૧૨૨-'સિદ્ધચક્ર વર્ષ ૧૦ અંક ૫ થી ૮ મા'ના પૃ ૭૧માં સુધારો—

૧ "અસંખ્યાતા પલ્યોપમે'ની જગોપર અસંખ્યાતા વર્ષે પલ્યોપમ અને દસ કોટાકોટિ પલ્યોપમે' એમ વાંચવું.

卐卐卐

## સમાલોચના

૧ ગ્રંથી આવે ત્યારે અંતઃ કોટાકોટિ સાગરોપમ થાય છે. માટે ગ્રંથિ ભેદયા પછી સમ્યકત્વ પામતી વખત તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો હોય. ઘણા પલ્યોપમના અસંખ્યતમા ભાગો ત્યા ઘણા પલ્યોપમો પણ ઓછા થયા છતાં અંતઃ કોટાકોટિ સાગરોપમ કહી શકાય. ॥૧૬૫૨॥

૨ ભગવાન્ ઋષભદેવજીનો કેવલીપણાનો પર્યાય, હજાર વર્ષ ન્યુન લાખ પૂર્વનો છતાં બીજા તીર્થંકરોના કેવલિકાળને મેળવવાની વખતે હજારવર્ષની વિવક્ષા કરાય નહિં ॥૧૬૫૩॥ (રાજકોટ)

卐 卐 卐

**સિદ્ધચક્ર વર્ષ ૧૨ અંક ૨ સં. ૨૦૦૨ કારતક માસ સમાલોચના**

૧ શ્રીમાન્ રામવિજયજીએ પાલીતાણામાં પૂછેલા પંચાવન પ્રશ્નોને જોનારો સુજ્ઞ જૈન સહેજે સમજી શકે તેમ છે કે- ફક્ત પહેલા પ્રશ્ન સિવાય પ્રસ્તુત તિથિના મતભેદને ફરસનારો એક પણ પ્રશ્ન નથી.

૨ પંચાવન પ્રશ્નો પંદર દિવસ સુધી નવા મતવાલા તરફથી પૂછવામાં આવ્યા અને તેના શાસનપક્ષ તરફથી ઉત્તરો દેવામાં આવ્યા ! પછી જ્યારે શાસનપક્ષે નવા મતવાળાને ઉત્તર દેવા જણાવ્યું ત્યારે નવા મતવાલાએ ઉત્તર દેવાની ચોકખી ના કહી અને લખી આપી


૩ ઉત્તર નહિં દેવાનું કથન અને લખાણ વ્યાજબી નહિ હોવાથી ઉત્તર દેવડાવવાનું હા કહેવડાવાને માટે નવા મતના જમાદાર જીવાભાઈ. નવા મતના નાયકને પન્નાલાલની ધર્મશાળામાં લાવ્યા હતા અને શેઠ કસ્તુરભાઇને પણ તેઓ જ લાવ્યા હતા. (શાસન-પક્ષનો તેમાં વિરોધ ન હતો)

૪ નવા મતના નાયકને ઉતર દેવનું કહેવામાં આવ્યું ત્યારે નવા મતના નાયકે 'મારા પ્રશ્નો પૂરા થયા પછી ઉત્તર દઈશ' એમ જણાવ્યું ! ત્યારે શાસનપક્ષે પંદર દિવસ સુધી તમોએ પ્રશ્ન કર્યા છે અને હજુ કરવા હોય તો 'ચાર કે આઠ દિવસમાં

પૂરા કરશો' એમ સ્પષ્ટ કહેવામાં આવ્યું ત્યારે નવા મતના નાયકને ઉત્તર ન દેવા પડે માટે આડો ઉત્તર દીધો કે– 'જ્યારે પૂરા થાય ત્યારે' આ સાંભળીને તે વખતે તમામ સદ્‌ગૃહસ્થો ચમકયા હતા

૫ શાસનપક્ષ તરફથી પાંચ આચાર્યો અને નવામત તરફથી ત્રણ આચાર્યો એમ મળીને આઠ આચાર્યો શાસ્ત્રાર્થ કરે તેની પાંચ સદ્‌ગૃહસ્થોની સાથે કસ્તુરભાઇ વ્યવસ્થા કરે એ વાત મૂળ હતી

**તા. ક.** : લવાદને ફોડયા બાબતના રામવિ. વગેરેના કાગળો અને પૂનાના કાગળોથી વૈદ્યનું લખાણ અપ્રમાણ સિદ્ધ થઈ ચૂકયું જ છે એટલે હવે રામવિને આગળ પ્રશ્નો પૂછવાનો હકક રાખીને પંચાવન પ્રશ્નો, જાહેર પૂછાય તેનો ઉત્તર રામવિ પોતેજ જાતે આપવા તૈયાર થાય. ॥૧૬૫૪॥ (વીર (કથીર) શાસન)




૧ લોંકાશાના સંતાનીયાઓ, સ્ત્રી અને પરિગ્રહને આધિન રહેનારા ગૃહસ્થોના હુકમમાં રહે તે ધર્મરૂપ તો નહિ; પરંતુ રહેનારાના પાપના ઉદયે બને. ॥૧૬૫૫॥

૨ સૂરીશ્વરોના સંતાનો કોઈ દિવસ પણ આરંભ પરિગ્રહમાં ખુંચેલાની સરદારી કબુલ કરતા ન હતા, કરતા નથી અને કરશે પણ નહિ. ત્યાગીઓની સરદારી કરનારે સરદારીના મનોરથવાળા એ સર્વ આરંભ પરિગ્રહનો ત્યાગ કરી ત્યાગ કેળવીને જ આગળ આવાય.

૩ જૈનશાસનના સદ્‌ગૃહસ્થો અને સંસ્થાની સ્ટેંડીંગ કમિટિના મેંબરોના નિર્ણયોને સંસ્થા કોઈ દિવસ કચડે નહિ એ ભરોસે શાસનપ્રેમીઓએ કરેલો સહકાર, સંસ્થાની અન્યથાપ્રવૃતિ દેખીને ખેંચી લેવો પડયો તે કોઇપણ પ્રકારે ગેરવાજબી નથી.

૪ કોઇપણ ધર્મવાળો ધર્મના નેતા, ધર્મના સંચાલકો અને ધર્મનો સિદ્ધાંતો તેમજ આચારોને વફાદાર રહયા સિવાય પોતાને ધર્મવાળો ગણાવી શકે જ નહિ.

૫ જે સંસ્થાએ સ્વતંત્રપણે કરેલી ભૂલના પરિણામે મૂર્ચ્છા અનુભવી છે તે સંસ્થા, બોલાવીને વિશ્વાસઘાત કરવા સાથે શાસન આદિનો દ્રોહ કરનાર થઇ તે હવે જૈન નામને લાયક હોય એમ સુજ્ઞ જૈન માની શકે નહિ. (ચંદુલાલ)



સિદ્ધચક્ર વર્ષ ૧૨ અંક ૭ ૨૦૦૨ ચૈત્ર સમાલોચના

( ૧ )

શ્રી જયાનંદ ચરિત્રના નામે નીચે મુજબ શ્લોક રજુ કરવામાં આવ્યો છે:-

तद्बलाच्च लभंते ते, यावद ग्रैवेयकं गतिम् ॥
न लब्धीः काश्चिच्चक्याद्या आमौषध्यादिका अपि ॥

આ શ્લોકને અંગે નીચે મુજબ વિચારણા થાય તેનો ખુલાસો હોવો જોઇએ.

તદ્બલાત્ પદનો અર્થ 'સમ્યક્ક્રિયાના બલથી' એમ કરવામાં આવ્યો છે તો જે અભવ્ય, મોક્ષની શ્રદ્ધા કોઇપણ કાલે ધરાવતો નથી તે અભવ્ય, જે ધાર્મિક ક્રિયા કરે તેને નવા મતના હિસાબે વિષાનુષ્ઠાન કે ગરાનુષ્ઠાન ન કહેતાં સત્ક્રિયા કહેવાય ખરી ?

૨ નવા મતે પણ માનેલી અભવ્યની સત્ક્રિયાનો સાધુમહાત્માઓએ ઉપદેશ કરેલો હોય છે અને તેથી અભવ્યને પણ યથાવિધિ ઉપદેશાર્હ ગણેલા છે એમ ખરૂં ? ( અર્થાત્ તેવા ઉપદેશ કરનારા 'પાપોપદેશ જ કરનારા છે' એ નવામતનું કથન ખોટું ઠરતું નથી ?

૩ तद्बलात् ની આગળ કહેલો જે 'च' કાર છે તે નહિ કહેલ વાતને સૂચવનાર છે કે કેમ ? અને જો તેમ હોય તો મુક્તિઅદ્વેષને કારણ તરીકે નહિં જણાવવામાં શું ભૂલ થઈ નથી ? અને જો ઉકત સમુચ્ચયમાં હોય તો તે બીજો પણ હેતુ જણાવાયો નથી તેનું કેમ ?

૪ ત્રીજા પદમાં જે 'न' કાર કહેવામાં આવ્યો છે તે નકાર માત્ર ખોટો અને કલ્પિત જ ઉભેરેલો છે કેમકે- તે પ્રતોમાં નથી અને જોઇએ પણ નહિ.

૫ 'काश्चिद्' પદ જે મેલવામાં આવ્યું છે તે પ્રતમાં દ્કાર છતાં 'च' કાર કરીને મૂકવામા આવ્યું છે તે ખોટું અને કલ્પિત છે એમ નહિ ?

૬ आमौषधि નામની કોઇપણ સંસ્કૃત ગ્રન્થકારે લબ્ધિ કહી નથી, છતાં આ નવા મતના નાયકે સંસ્કૃતમાં આમૌષધિ કહી છે.

૭ આમાં લબ્ધિશબ્દ નિષેધમાં જોડેલો છે અને પાછો વિધાનમાં જોડવો પડે છે એ શું રીતિ વિરૂદ્ધ નથી ?

૮ चक्र्याद्या પદની આગળ काश्चित् પદ પહેલાં જોડીને ચક્રવર્ત્તિપણાદિની કેટલીક લબ્ધિઓને નથી પામતા એમ જણાવ્યા પછી સર્વ લબ્ધિનો નિષેધ ન કહેલો હોવાથી અને માત્ર કેટલીક જ લબ્ધિનો નિષેધ કહેલ હોવાથી આમર્શ ઔષધ્યાદિ લબ્ધિઓ હોય છે એમ જણાવવાની જરૂર ખરી ?

૯ જો આમર્શ ઔષધ્યાદિક લબ્ધિઓ પામે છે એમ જણાવવું હોત તો ત્યાં પણ ક્વાશ્ચિત્ એટલે કેટલીક આમર્શઔષધિ આદિ લબ્ધિઓ એમ જણાવવાની જરૂર નથી.

## હવે ખરી રીતે તે શ્લોક નીચે પ્રમાણે :-

तदूलाच्च लभन्ते ते, यावद् ग्रैवेयकं गतिम् ।
लब्धीः क्वाश्चित्चक्याधामशौषिध्यादिका अपि ।।

એનો અર્થ આ પ્રમાણે કરવો જોઈએ :-

તે અભવ્યજીવો પણ દ્રષ્ટ અને અદ્રષ્ટ સુખના કારણ તરીકે ધર્મને જાણીને ધર્મમાં પ્રવૃત્તિ કરે છે. માટે તેઓ પણ યથાવિધિ ઉપદેશને લાયક છે. (એટલે તે ઉપદેશથી મળે એવી) ધર્મની સત્ક્રિયાના બળથી અને મુક્તિના અદ્વેષથી તે અભવ્યો ગ્રૈવેયક સુધીની દેવગતિને પામે છે અને ચક્રવર્ત્તી આદિપણા સિવાયની આમર્શ ઔષધ્યાદિ કેટલીક લબ્ધિઓ પણ પામે છે.

**તા.ક.** :- શાસનદેવતા તેઓને સદ્બુદ્ધિ આપે અને તેથી તે નવામતના નાયક, આગ્રહપૂર્વકનું અજ્ઞાન છોડીને શુદ્ધ અને સાચો અર્થ કરે. ।।૧૬૫૬।।

(જૈન પ્રવચન)

(૨)

૧ આચાર્ય ભગવાન્ હરિભદ્રસૂરિજી, શ્રી નેમિચંદ્રસૂરિજી વિગેરે ધુરંધર આચાર્યોએ સૌભાગ્ય, કીર્ત્તિ વિગેરે આ લોકના ફળો માટે સૌભાગ્ય કલ્પવૃક્ષ વગેરે અનેક તપો કહ્યાં છે કે નહિ ? અને જો કહ્યાં હોય તો નવા મતના નાયક, તે બધા આચાર્યોને 'પાપોપદેશ' જ કરનારા છે એમ કહે છે કે કેમ ? ।।૧૬૫૭।।

૨ અંબા, રોહિણી આદિ દુનીઆદારીના દેવતાઓને ઉદ્દેશીને કરાતો તપ અને તે તપ કરવાનું કથન એ બંને વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન તથા પાપોપદેશજ છે કે કેમ ? ।।૧૬૫૮।।

૩ સાધુપણાનો, દેશવિરતિનો અને સમ્યક્ત્વનો ઉપદેશ સાંભલ્યા છતાં તે ત્રણોમાંથી એકકેય વસ્તુ નહિં ગ્રહણ કરનારને પણ મદ્ય માંસાદિની વિરતિ કરવાનો ઉપદેશ આપવો એમ શાસ્ત્રકારો કહે છે તો તે શું પાપોપદેશ જ છે ? અને તેવા તે જીવો તે મદ્યાદિની વિરતિ કરે તે શું વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન છે ? ।।૧૬૫૯।।

૪ ભગવાન મહાવીર મહારાજની પર્ષદામાં કાલિકસૌકરિક (કાલીઓ કસાઇ) આવતો હતો કે કેમ ? અને ભગવાન્ મહાવીર મહારાજનો ઉપદેશ તે શ્રવણ કરતો હતો એમ ખરૂં ? એટલે તે ઉપદેશને પણ નવો મત પાપોપદેશ જ કહેશે કે ?

૫ કાલીએ કસાઈ કે-જે અભવ્ય તરીકે જાહેર થયેા હતેા તેને પણ પાડા ન મારવા જોઈએ એમ કહેવાયું હતું કે નહિ ? અને તે કથન પાપોપદેશ ગણેા છેા કે કેમ ?

૬ સિદ્ધાર્થવ્યંતરે શૂલપાણિયક્ષને 'ઇન્દ્ર જાણશે તેા તારૂં સ્થાન નાશ કરશે' એવેા લૌકિક ડર બતાવીને ઉપસર્ગ કરવામાંથી રોકયેા તે પાપોપદેશનું જ કામ છે ને ?

૭ આચાર્યભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રી ધર્મબિન્દુ પ્રકરણમાં સમ્યક્ત્વ નહિ પામેલા જીવેાની આગળ પણ અહિંસાદિ સાધારણ ગુણેાની પ્રશંસા કરવાનું કહે છે તે પણ પાપોપદેશ જ ગણવેા ને ?

૮ જે જીવને મેાક્ષને જણાવનાર શાસ્ત્રો સાંભળવાની અરૂચિ ન હેાય તેવાએા આ લેાક અને પરલેાકની અપેક્ષાએ પણ ધર્મ કરવાને લાયક છે અને તેવાઓને પણ ધર્મનેા ઉપદેશ કરવેા તે પણ વ્યાખ્યાતાની ફરજ છે એમ શ્રી ઉપાધ્યાયજી કહે છે તે શું નવામતના નાયકને માન્ય નથી ?

૯ નવામતના નાયકની આગળ જ કેાઇ અભવ્ય, દુરભવ્ય કે મિથ્યાદ્રષ્ટિ જીવ આવ્યેા હેાય તેા શું તેને હિંસા, જૂઠ, ચેારી, પરસ્ત્રીગમન વગેરેનેા ત્યાગ કરવા માટેનેા તેએા ઉપદેશ નહિં જ આપે ? અથવા તેવેા મનુષ્ય તે તે પચ્ચકખાણ માંગે તેા તે પ્રતિજ્ઞા નહિંજ કરાવે ? અને જો કરાવશે તેા નવામતના નાયકનેા પાપોપદેશમય અવસ્થા થશે કે કેમ ? ॥૧૬૬॥ (જૈન પ્રવચન ?)

(૩)

૧ નવમા ગ્રૈવેયકની દેવગતિને પામી શકે એવુ ચારિત્ર કેવલીકાલમાં જ હેાય કે કેવલીના વિરહકાલમાં હેાય ? ॥૧૬૬૧॥

૨ ભગવાન તીર્થંકર મહારાજની ચક્રવર્ત્તીઓએ કરેલી પૂજાને દેખીને તે પૂજા વિગેરની અભિલાષાથી અભવ્યેા ચારિત્ર લે છે તેા પછી તે અભવ્યેાને થયેલાં દ્રવ્ય ચારિત્રેા ભગવાન્ કેવલિ અને તીર્થંકર મહારાજાએ છેાડાવ્યાં કે ? ન છેાડાવે તેથી વિષાનુષ્ઠાનની અનુમેાદના કેવલી અને તીર્થંકર મહારાજને લાગે કે નહિ ?

૩ ભગવાન્ હરિભદ્રસૂરિજી દ્રવ્યથી પણ ભગવાન જિનેશ્વરની આજ્ઞાને પાળનાર ગણાવે છે અને તેની અવિકલ-સંપૂર્ણ પાલનતાને લીધે જ નવમા ગ્રૈવેયક સુધી અભવ્યેા પણ જાય છે એમ ફરમાવે છે.

૪ અભવ્ય જીવેા પણ જીવાદિક આઠ તત્વેા તેા જિનેશ્વરેાના વચનથી માને છે એમ ખરૂં ને ?

૫ દેવલોકની પ્રાપ્તિ પણ તપ–સંયમથી થાય છે માટે 'હું સંયમ, તપ કરૂં' એવી ધારણાવાળો અભવ્ય ઉપદેશથી થાય કે સ્વભાવથી થાય ?

૬ વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાનમાં વિષપણું અને ગરપણું છોડવા લાયક છે કે તેનું અનુષ્ઠાન છોડવા લાયક છે ? ॥૧૬૬૨॥

૭ ભગવાન જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલ નવે તત્ત્વની શ્રદ્ધાવાળો જે આ લોક કે પરલોકના ફલની અપેક્ષાએ તપ આદિ કરે તો તે દ્રવ્યતપ કહેવાય કે વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન કહેવાય ?

૮ શ્રી આચારાંગજીમાં આહાર આદિને માટે પણ તપ કરનાર સમ્યગદ્રષ્ટિ હોય છે એમ કહ્યું છે ખરૂં કે ? ॥૧૬૬૩॥

૯ જયવીયરાયમાં 'ઇહ (ઇદુ) ફલસિદ્ધી એ પદથી આ લોકના જ ઈષ્ટ ફલ માંગ્યા છે એમ ખરૂં કે ? ॥૧૬૬૪॥

૧૦ અંગારમર્દક અભવ્ય આચાર્ય છે કે જેને જીવાદિ તત્ત્વની શ્રદ્ધા નહોતી તેને શિષ્યોએ માત્ર ગુરૂ તરીકે છોડી દીધો છે, કે – તેનો મુનિપણાનો વેષ લઇ ગૃહસ્થપણે કર્યો છે ? તમારા હિસાબે તો તેને મુનિવેષ લઇને ગૃહસ્થ ન કર્યો તે ખોટું છે ને ?

૧૧ દ્રવ્યક્રિયાવાળાની ખોટી ધારણા છોડવવાની હોય કે દ્રવ્યક્રિયા છોડાવવાની હોય?

❧ ❧ ❧

**સિદ્ધચક્ર વર્ષ ૧૨ અંક ૯ સં. ૨૦૦૨ જેઠ માસ સમાલોચના**

૧ ચૌદશ–પૂનમનો છઠ કરવો હોય તેને 'તેરસ ચૌદશનો છઠ કરવો અને બીજી પૂનમે ઉપવાસ કરવો' આવું કોઇપણ શાસ્ત્રમાં અને કોઇપણ પરંપરામાં છે જ નહિ. હોય તો વીર (?) શાસનના લેખકે તેવો પાઠ અને પૂરાવો જાહેર કરવો. (પૂરાવા વગરની તેની લખેલી વાત શાસ્ત્ર કે તેને અનુસરતી પરંપરાને માનવાવાળો મનુષ્ય તો ન જ માને માત્ર તેને અનુસરનારો અંધશ્રદ્ધાળુ જ માને.)

૨ પ્રમાણ આપ્યા વગર છઠના અભિગ્રહની જગોપર ત્રણ ઉપવાસ ગોઠવવાનું અને ચૌદશની જગો પર તેરશે ગોઠવવાનું લખવું તે ઉત્થાપક નવા મતવાળાનેજ શોભે ॥૧૬૬૫॥

૩ પૂનાના વૈદ્યનું લખાણ થયાં આજ ત્રણ-ત્રણ વર્ષ થવા આવ્યા છતાં હજુ સુધી નવામતના નાયકના મુરબ્બી અને તેને અનુસરનારાઓને વીર (?) શાસનના પંચાંગોમાં છેકછાક કરવાની અને છેકછાક કરીને પોતાના અનુસરનારાઓને તે લખી મોકલવાની જરૂરત

પડત નહિ વીર (?) શાસન દ્વારા કઠાતું પંચાંગ, નથી તો શાસ્ત્ર કે તેને અનુસરતી પરંપરા મુજબનું તેમજ નથી તો **લાલચ આપીને ફોડેલા પૂનાના વૈદ્યે** કરેલા લખાણને પણ અનુસરતું ! એ હકીકત હવે તો જૈન સમાજમાં દીવા જેવી જાહેર થયેલી છે **શાસન પક્ષે તો તે વૈદ્યની અપ્રમાણિકતા પહેલેથી જ જાહેર કરીને તે લખાણ પહેલેથીજ કચરાની ટોપલીમાં નાંખી દેવાનું જાહેર કરેલું જ છે.** ॥૧૬૬૭॥ વીર (?) શાસન

૧ तं सच्चं निस्संकं એમ લખવામાં 'तमेव' એવો શાસ્ત્રીય પાઠ ન લખવાનું કારણ શું ? વળી એ વાકય, સમ્યગ્દર્શનના સ્વરૂપ તરીકે છે કે કાંક્ષામોહનીયના બચાવ માટે છે ? ॥૧૬૬૮॥

૨ '૬૭૨૦૦ યોજન મેરૂ ઉંચો' આ વાકય લખનારે બાલ-અબલ જેટલો પણ બોધ મેળવવાની જરૂરત હતી. કેમ કે- આ વાત કોઈપણ જગોપર શાસ્ત્રમાં **નથી** શાસ્ત્રમાં તો 'મેરૂ, જમીનથી ૯૯૦૦૦ યોજન ઉંચો' કહેલો છે ॥૧૬૬૯॥

૩ '૧૦૦૦ યોજન પ્રમાણ અધોલોકમાં' આમ લખનારા મનુષ્ય સમભૂતળ, લોકમધ્ય અધો લોકની શરૂઆતના ફરકને ન સમજે અને લેખક બને તે નવામતની ઉત્થાપક ટોળીમાં જ ચાલે ॥૧૬૭૦॥

૪ उदम શબ્દનો અર્થ સમજનારો મનુષ્ય, હંમેશા આકાશમાં ચંદ્ર સૂર્ય ઉગતા જ છે એવું લખી શકે ખરો ? ॥૧૬૭૧॥

૫ 'ક્ષયોપશમ સમકિતમાં અનંતાનુબંધી ક્રોધાદિનો ક્ષય અને દર્શનમોહનીયનો ઉપશમ થાય છે' એવું કહેનારો સમ્યકત્વના ભેદોને શીખવા નીશાળે બેઠા પહેલાં જ લેખક બની બેસે તે ઠીક નથી ॥૧૬૭૨॥

૬ 'મોહનીયકર્મ ખપાવીને જીવ કષ્ટવાળો થયો થકો તેરમા ગુણ સ્થાનકને પામીને શાન્ત થાય છે' આવું લખનાર મનુષ્ય કર્મ ખપાવ્યાના પરિશ્રમનો વિસામો 'બારમે છે' તે પણ સમજી શકેલ નથી ॥૧૬૭૩॥

૭ 'વચનના પરમાણુઓને ખપાવવા માટે' આવું લખનાર મનુષ્ય, 'પરમાણુંથી ભાષા વર્ગણાની શરૂઆત છે કે- સ્કંધપરિણતિમાં પણ ઘણે દુર ગયા પછી ભાષા વર્ગણાની શરૂઆત છે એ પણ સમજી શકેલ નથી. જેમ ઔદારિક આદિનાં બંધન અને સંઘાત હોય છે તેમ ભાષાણુના બંધન અને સંઘાત હોય છે, તેવી માન્યતા તો એ ઉત્થાપકપંથી લેખક જ ધરાવી શકે. ॥૧૬૭૪॥

૮ 'પરમાણુઓની આઠ પ્રકારની વર્ગણા' આવું લખવા તો તે જ તૈયાર થાય કે- જેણે કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, આવશ્યક, આચારાંગ વિગેરે વર્ગણાને નિરૂપણ કરનારા શાસ્ત્રો જોયા કે સાંભળ્યા પણ ન હોય ! કેમકે કોઈપણ શાસ્ત્રમાં આઠ પ્રકારના પરમાણુઓ કે તેની વર્ગણાઓ હોય તો તેની જાહેરાત તે નવા મતવાળાએ કરવી જોઇએ ॥૧૬૭૫॥

૯ શ્રુતકેવલીનું વચન, કેવલીની જેમ કહ્યું, આવું લખનાર મનુષ્ય સામાન્ય વચન કે પ્રરૂપણવચનનો ભેદ જ સમજેલ નથી ॥૧૬૭૬॥

ફાગણ - ચૈત્રનું કલ્યાણ

કનકવિજય પિતા (?) સુબુદ્ધિવિજય

**તા.ક.** સમાલોચના ઉપરથી એમ નહિં સમજવું કે - સમાલોચનાવાળા કલ્યાણના આ અંકનું તેટલું જ લખાણ શાસ્ત્રથી વિરૂદ્ધ છે. તે જ અંકના બીજા લખાણો અને બીજા પણ અંકોના બીજા પણ લખાણો શાસ્ત્રથી વિરૂદ્ધ છે અને તે પણ સુધરે એ હેતુથી જ કંઈ કંઈ અંશે આ એક જ અંકના અને એક જ લેખકના લખાણની સમાલોચના કરવામાં આવે છે

卐 卐 卐

**સિદ્ધચક્ર પાક્ષિક વર્ષ ૧૪ અંક ૯ સં. ૨૦૦૪ જેઠ માસ સમાલોચના**

**આ વર્ષે ભાદરવા સુદ ૪ ને સોમવારેજ સંવત્સરી ક્યા જ્ઞાની કેમ ?**

**શાસનપ્રેમી જૈનજનતાએ આ વર્ષે—**

**ભાદરવા સુદ ૪ ને સોમવારે જ સંવત્સરી કરવી જોઇએ**

સુરત તા. ૧૫-૬-૪૮

ઠે નેમુભાઈ વાડીનો ઉપાશ્રય ગોપીપુરા-

એ બાબતના કારણો નીચે મુજબ છે

૧ પંચાંગનું નિયમિતપણું, ૨ પર્વાનન્તર પર્વના ક્ષયે પૂર્વતર અપર્વતિથિનો ક્ષય, ૩ અહ્નુદયવાળી પણ પર્વતિથિ 'ક્ષયે પૂર્વા૦' ના ન્યાયે માનવી જોઇએ.

૧ આ ત્રણ મુદ્દા પૈકી પહેલા મુદ્દાને અંગે જરૂર સમજવા જેવું છે કે શ્રી જૈન સંઘે કોઇપણ એક પંચાંગ નિયમિત અપનાવવાની સર્વકાળ માટે જરૂર છે. કેમકે- જો એમ ન કરવામાં આવે તો જુદા જુદા આચાર્યો જુદી જુદી પક્ખી અને ચૌમાસી કરે અને સંઘનું છિન્નભિન્નપણું થાય ! અને એટલાજ માટે વર્ત્તમાન શ્રીસંઘે સર્વ દેશોમાં જૈન પર્વતિથિ અને તહેવારો માટે 'જોધપુરીપંચાંગ' નક્કી કરેલું છે અને **તેથી જ્યાં સુધી સમસ્ત સંઘ મળીને બીજું પંચાંગ ભવિષ્ય માટે**

**માનવાનું નક્કી ન કરે ત્યાં સુધીમાં બીજા પંચાંગને આધારે પર્વતિથિ કે તિથિની હાનિ - વૃદ્ધિ કરેલી માનવી તે સંઘની આજ્ઞા બહારનું કામ છે.** એટલું જ નહિ; પરંતુ સંઘમાં સ્થાને સ્થાને અવ્યવસ્થા કરાવનારૂં છે. એ કોઇપણ સજ્જનને કબુલ કર્યા વગર ચાલશે નહિ.

આ સાલના જોધપુરી પંચાંગમાં ચોકખી રીતે ભાદરવા સુદ ૫ નો ક્ષય છે એટલે બીજી તિથિનો તે વખતે ક્ષય માનવો એ સંઘઆજ્ઞાની વિરૂદ્ધ હોવા સાથે ફાટફુટ અને કલેશ કરાવનાર છે.

વળી એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે - જૈનસંઘ, દેશ - દેશાંતરે રહેલો છે તો પણ પંચાંગ જોધપુરી માને છે કારણ કે- જો એમ ન માને તો એક જ આચાર્ય વિગેરેને પકખી - પકખી વચ્ચે, ચોમાસી-ચોમાસી વચ્ચે અને સવત્સરી - સંવત્સરી વચ્ચે ક્ષેત્રભેદ થવાથી આંતરાનો ભેદ થઈ જાય અને શાસ્ત્રમાં કહેલ કાળમર્યાદાનું ઉલ્લંઘન કરવાનું થાય ! માટે આચાર્યભેદે કે ક્ષેત્રભેદે જૈનસંઘે પંચાંગ ફેરવવાનું નહિ રાખતાં એક જ જોધપુરી પંચાંગ, સર્વક્ષેત્રે સર્વ આચાર્યોએ માનવાનું રાખેલુ છે અને તે પંચાંગમાં ભાદરવા સુદ ૫ નો ક્ષય છે તે ચોક્કસ છે

૨ જૈન શાસનમાં ગણિતના હિસાબે જ્યોતિષ્કમાં પર્વતિથિનો ક્ષય આવે અને લોકિક પંચાંગના હિસાબે વૃદ્ધિ પણ આવે; તો પણ જૈન શાસનને અનુસરનારાઓ પર્વતિથિના ક્ષયની વખતે પર્વતિથિની આરાધનાને ઉડાવવા માગતા નથી. તેમજ લૌકિક પંચાંગના આધારે વૃદ્ધિ વખતે પર્વતિથિના અનુષ્ઠાનો બેવડાવવા પણ માંગતા નથી. અર્થાત્ માસમાં અને વર્ષમાં જે જે પર્વતિથિઓ નિયત છે તે તે પર્વતિથિઓને ઉડાવ્યા વગર કે બેવડી કર્યા વગર માનવાને તૈયાર છે અને તેથી જ્યારે જ્યારે ટીપણામાં પર્વતિથિનો ક્ષય આવે છે ત્યારે ત્યારે તેનાથી પહેલાની અપર્વતિથિ કે - જે ઉદયવાલી હોય છે; છતાં પણ તેનો ક્ષય માનવામાં આવે છે.

૩ કેટલાકો તરફથી એમ કહેવામાં આવે છે કે- 'જોધપુરી પંચાંગને પકડી રાખવાથી તેમાં પાંચમનો ક્ષય હોવાથી ત્રીજનો ક્ષય કરવો પડે અને તેથી સંવત્સરી તથા પાંચમ બંને ઉદય વગરનાં માનવા પડે અને પર્યુષણની આઠેય તિથિઓમાં ગરબડ થાય ! માટે અમે જોધપુરી પંચાંગ છોડી દઇએ છીએ છીયે' આવું કહેવાવાળાઓ પણ શાસનને અવળે માર્ગે જ દોરી રહ્યા છે આ વાત સમજવા માટે બીજા પૂરાવા ઘણા છે છતાં પણ ગ્રન્થસ્થ એક પૂરાવો તેઓએ જરૂર વિચારવા યોગ્ય છે. તત્ત્વતરંગિણીમાં ખરતરો જ્યારે ચૌદશનો ક્ષય હોય તો પુનમના દિવસે ચૌદશ પર્વતિથિ હોવાથી 'ચૌદશ' કહી પકખી કરવા માગે છે. ત્યારે તેમને ઉત્તર દેતાં ગ્રંથકાર જણાવે છે કે- 'જો તું એમ કરીશ તો

ભાદરવા સુદ ૪ કે- જે સંવત્સરીનો દિવસ છે તેનો ક્ષય હશે ત્યારે તું ત્રીજના દિવસે ચોથ માની સંવત્સરી નહિ કરી શકે; પરંતુ તારે પાંચમનો દિવસ પર્વરૂપ હોવાથી સુદ પાંચમને દિવસે ચોથ માની સંવત્સરી કરવી પડશે અને તેમ કરવામાં તારો ઢંગધડો નહિ રહે' આ જણાવવા માટે પંક્તિ નીચે પ્રમાણે છે :—

કિંચ – પર્યુષણાચતુર્થ્યાઃ ક્षયે પંચમીસ્વીકારપ્રસંગેન ત્વં વ્યાકુલો ભવિષ્યસીત્યપિ જ્ઞેયમ્' આ પંક્તિ જોનારો સુજ્ઞમનુષ્ય, શાસ્ત્ર અને પરંપરાની શ્રદ્ધાવાળો હશે તો – 'ઉદય વગરની સંવત્સરી અગર આઠ તિથિઓનો ફેરફાર' વિગેરેનું બાનું કાઢી સંઘને ભરમાવશે નહિ અને પર્વતિથિ કે- જે તે વખતે ઉદય વગરની હોય છે તો પણ તેને ઉદયવાળી માનીને ઉદયકાળથી પર્વતિથિનો વ્યાપદેશ કરીને આરાધના કરવામાં આવે છે, તેવીજ રીતે વૃદ્ધિ વખતે પર્વતિથિને બેવડી માનીને એક દિવસનું વિરાધન કરવું જૈનસંઘને નહિ પોસવતું હોવાથી તે પહેલાના દિવસે પર્વતિથિ ઉદયવાળી હોય છે; છતાં પણ તેને અપર્વના ઉદયવાળી ગણી અપર્વના નામનો વ્યપદેશ કરી તેને અપર્વ તરીકેજ આચારમાં લે છે.

જેમ એકાકી પર્વતિથિના ક્ષય – વૃદ્ધિ વખતે તેના એક દિવસને અખંડિત અને નિયમિત રાખવા માટે પહેલાના અપર્વની હાનિ-વૃદ્ધિ કરાય છે તેવી રીતે પૂર્ણિમા, અમાવાસ્યા જેવી પર્વાનન્તર પર્વની ક્ષય–વૃદ્ધિ વખતે બંને પર્વો તો અખંડ રાખવાના વ્યવહાર માટે સાથે જ રાખવામાં આવે છે. તેથીજ ક્ષય હોય તો તે તેરશનો અને વૃદ્ધિ હોય તો પણ તેરસની વૃદ્ધિ થાય છે. તે હિસાબે અહીંયા ભાદરવા સુદ પાંચમ એ ભાદરવા સુદ ૪ પછીની પર્વતિથિ છે માટે તેની હાનિ કે વૃદ્ધિ વખતે તે સંવત્સરી અને પાંચમનું અખંડપણું અને સહચરિતપણું રાખવા માટે ત્રીજની જ ક્ષય વૃદ્ધિ કરવી એ શાસનપ્રેમીઓ માટે વ્યાજબી છે

આમ તત્ત્વતરંગિણીની પંક્તિ સ્પષ્ટ કરી આપે છે કે- શ્રી તપાગચ્છ અને ખરતર-ગચ્છવાળો સમગ્ર સમુદાય અનુદયવાળી એટલે ત્રીજને દિવસે ચોથ માનીને સંવત્સરી કરવામાં અને પર્યુષણાની આઠે તિથિઓનું તે સંવત્સરીની એક તિથિને લીધે પરાવર્ત્તન કરવાનું યોગ્ય જ ગણતો હતો. માટે જેઓ 'ઉદય વગરની ચોથ છે' એવા એવા બહાના કાઢે છે, તેઓ તપગચ્છ કે ખરતરગચ્છની એકેયની સામાચારી કે શાસ્ત્રને આગળ ન કરતાં પોતાની કલ્પનાને જ આગળ કરે છે.

**તા.ક.** : આ ઉપરથી સમસ્ત શાસનપ્રેમીઓને સ્પષ્ટપણે જણાઈ જશે કે પોતાની કલ્પનાના આધારે પ્રવર્ત્તવું પ્રવર્ત્તાવવું ન હોય અને જેને શાસ્ત્ર અને પરંપરાના આધારે પ્રવર્તવું પ્રવર્તાવવું હોય તેને તો આ વખત **ભાદરવા સુદી ૪ ને સોમવારે જ સંવત્સરી અને તે પ્રમાણે પર્યુષણા કરવા વ્યાજબી છે.**

( વિક્રમ સવત ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯ વિગેરે વર્ષોમાં સૂક્ષ્મ ગણિતનાં પંચાંગો નીકળતાં ન હતાં અને આ વખતે તો સૂક્ષ્મગણિતોના પંચાંગોની નકલો મોટી સંખ્યામાં બહાર પડી છે અને તે વિદ્વાનોમાં ઘણીજ માનીતી થયેલી છે. **તે સૂક્ષ્મગણિતના પંચાંગોની નકલોમાં સ્પષ્ટપણે ભાદરવા સુદી ત્રીજનો જ ક્ષય છે.** હવે જે જેઓ જ્ઞેયપુરી સિવાયના પંચાંગોને જ પકડવા માંગતા હોય તેમને ત્રીજનો ક્ષય જણાવેલ છે **તે સૂક્ષ્મગણિત પૂર્વકના પંચાંગોને ન પકડતાં છઠનાં ક્ષયવાળા પંચાંગને વળગવાની જરૂર શી ?**

લિ૦ આનંદસાગર

॥ ઈતિ શ્રી સમાલોચના સંગ્રહ
યાને
આગમોદ્ધારકની શાસનસેવા
ગ્રન્થઃ સમાપ્તઃ ॥



## પુ. આગમોદ્ધારક શ્રીએ રચેલા સંસ્કૃત - પ્રાકૃત ગ્રંથો

૧ અચિત્તાહારદ્વાત્રિંશિકા,
૨ અધિગમ-સમ્યકત્વૈકાદશી
૩ અધ્યક્ષોપયોગિતાષોડશિકા,
૪ અનંતાર્થાષ્ટક,
૫ અનાગાનુમિકાવધિ-વિચાર,
૬ અનુકરણસંચય,
૭ અનુક્રમ-પંચદશિકા,
૮ અનેકાંતવાદ વિચાર,
૯ અપૂર્વ ચતુર્વિંશિકા,
૧૦ અભવ્ય નવક,
૧૧ અમૃતસાગર ચરિત્ર,
૧૨ અમૃતસાગર તીર્થયાત્રા,
૧૩ અમૃત સાગરસ્તવ,
૧૪ અમૃત સાગરસ્તુતિ,
૧૫ અર્હચ્છતક,
૧૬ અષ્ટક બિન્દુ,
૧૭ અંગપુરૂષ-પંચવિંશતિકા,
૧૮ આગમમંદિર ચતુર્વિંશતિકા,
૧૯ આગમ મહિમા,
૨૦ આગમ મહિમાસ્તવ,
૨૧ આગમ સમિતિ-
સ્થાપનાસ્તવ,
૨૨ આગમ સુગમતા સ્તવ,
૨૩ આગમાધિકાર ષટ્ત્રિંશિકા,
૨૪ આગમાર્થ પ્રાધાન્યસ્તવ,
૨૫ આચેલકય,
૨૬ આભિગ્રહિકાનાભોગ-
મિથ્યાત્વ,
૨૭ આપ્તસ્તુતિવૃત્તિ
૨૮ આરાધના માર્ગ,
૨૯ આર્યત્રિભેદી વિચાર,
૩૦ આર્યરક્ષિત,
૩૧ ઇડરનગરશાંતિનાથસ્તવ,
૩૨ ઇર્યાદ્વાપંચાશિકા,
૩૩ ઇર્યાપથપરિશિષ્ટ,
૩૪ ઇર્યાપથિકા નિર્ણય,
૩૫ ઉત્સર્પણાર્થ વિચાર,
૩૬ ઉત્સૂત્રભાષણફલ,
૩૭ ઉદ્યમ પંચદશિકા,
૩૮ ઉદ્યાપન વિચાર,
૩૯ ઉપદેશ
૪૦ ઉપકાર દ્વાદશિકા,
૪૧ ઉપદેશ નવશતિ,
૪૨ કર્મગ્રંથસૂત્રાણિ,
૪૩ કર્મફલ વિચાર,
૪૪ કલ્પસૂત્ર વિવેચન,
૪૫ કેવલી ભુક્તિ,
૪૬ કેશરીયાજીવર્ણન,
૪૭ ધુલેવામંડન કેશરીયાજી
૪૮ કેશરીયાજી સ્તુતિ-
પંચદશિકા
૪૯ ક્રિયા દ્વાત્રિંશિકા,
૫૦ ક્રિયા સ્થાન વર્ણન,
૫૧ ક્ષમાવિંશતિકા,
૫૨ ક્ષાયિકભવ સંખ્યા વિચાર
૫૩ ક્ષાયોપશમિક ભાવ વિચાર
૫૪ ગણધર સાર્ધશતક દર્પણ
૫૫ ગર્ભાપહારસિદ્ધિષોડશિકા,
૫૬ ગર્હ્યકૃત્ય વિચાર,
૫૭ ગુણગ્રહણ શતક,
૫૮ ગુરૂમાહાત્મ્ય,
૫૯ ચાન્દનિકીષોડશિકા,
૬૦ ચૈત્યદ્રવ્યોત્સર્પણ,
૬૧ જમાલિમતખંડન,
૬૨ જયસોમ સિકબા,
૬૩ જિન મહિમા,
૬૪ જિન સ્તુતિ,
૬૫ જિન સ્તુતિ,
૬૬ જિન સ્તુતિ,
૬૭ જીવ સિદ્ધિ,
૬૮ જૈનગીતા,
૬૯ જૈન પુસ્તકભાંડાગારસ્તવ,
૭૦ જૈનપૂર્ણત્વાષ્ટાદશિકા,
૭૧ જૈનેન્દ્ર સ્તુતિ,
૭૨ જ્ઞાન પર્યુષણા,
૭૩ જ્ઞાન પદ્યાવલી,
૭૪ જ્ઞાન પંચવિંશતિકા,
૭૫ જ્ઞાનભેદ ષોડશિકા,
૭૬ તત્ત્વાર્થ પરિશિષ્ટ,
૭૭ તાત્વિક પ્રશ્નોત્તરાણિ,
૭૮ તારંગજિતનાથસ્તવ,
૭૯ તિથિ દર્પણ
૮૦ તીર્થ પટ્ટક,
૮૧ તીર્થમાલા
૮૨ ત્રયીતત્વ દ્વાદશિકા,
૮૩ ત્રિપદી પંચષષ્ટિકા,
૮૪ દયા વિમર્શ,
૮૫ દાનાદિ ધર્મ વિચાર,
૮૬ દિગંબર મત નિરાસ,
૮૭ દુષ્પ્રતીકાર વિચાર,
૮૮ દુઃખવર્જનષોડશિકા
૮૯ દ્રષ્ટાંત તત્વ-
ચતુર્વિંશતિકા,
૯૦ દેવદ્રવ્યદ્વાત્રિંશિકા,
૯૧ દેવસ્તુતિ નિર્ણય,
૯૨ દ્રવ્યબોધ ત્રયોદશી,

૯૩ દ્રષ્ટિસંમોહ વિચાર,
૯૪ દ્વેષજય દ્વાદશિકા,
૯૫ ધનોપાર્જનષોડશિકા,
૯૬ ધર્મતત્વ વિચાર,
૯૭ ધર્મદેશના,
૯૮ ધર્માસ્તિકાયાદિ વિચાર,
૯૯ ધર્મોપદેશ,
૧૦૦ નક્ષત્ર ભોગાદિ,
૧૦૧ નગ્નાટશિક્ષાશતક,
૧૦૨ નય વિચાર,
૧૦૩ નયવિચારદ્વાત્રિંશિકા,
૧૦૪ નયષોડશિકા,
૧૦૫ નયાનુયોગાષ્ટક.
૧૦૬ નયતત્ત્વ વ્યાખ્યાન,
૧૦૭ નિક્ષેપ શતક,
૧૦૮ નિર્જરાદિ,
૧૦૯ નિર્યાણ,
૧૧૦ નિષદ્યૈકાદશિકા,
૧૧૧ નિસર્ગદર્શી,
૧૧૨ ન્યાય પદ્ધતિ,
૧૧૩ ન્યાયાવતારદીપિકા,
૧૧૪ પદ્મનાભસ્તવ,
૧૧૫ પરમાણુપંચવિંશાતિકા,
૧૧૬ પર્યુષણા ચત્વારિંશિકા,
૧૧૭ પર્યુષણા પરાવૃત્તિ,
૧૧૮ પર્યુષણા પ્રભા,
૧૧૯ પર્વતિથિ પ્રકરણ,
૧૨૦ પર્વતિથિ સૂત્રાણિ,
૧૨૧ પર્વતિથિ સૂત્રાણિ,
૧૨૨ પર્વવિધાન,
૧૨૩ પર્યંદિ કલ્પવાંચન,
૧૨૪ પંચસૂત્ર તર્કાવતાર,
૧૨૫ પંચસૂત્રવાર્તિક,
૧૨૬ પંચસૂત્રી,
૧૨૭ પંચાસરાપાર્શ્વનાથસ્તવ,
૧૨૮ પુરૂષાર્થ જિજ્ઞાસા,
૧૨૯ પોસીન પાર્શ્વનાથસ્તવ,
૧૩૦ પૌષધકર્તવ્યતા નિર્ણય,
૧૩૧ પ્રકીર્ણ પદ્યાવલી.
૧૩૨ પ્રજ્ઞપ્તપદ દ્વાત્રિંશિકા,
૧૩૩ પ્રતિદિવસ પ્રતિનિયતાર્થ વિચારણાદિ,
૧૩૪ પ્રતિમાપૂજા દ્વાત્રિંશિકા,
૧૩૫ પ્રતિમાશતક ટિપ્પણ,
૧૩૬ પ્રમાણ પ્રમેય વિચાર,
૧૩૭ ફલ પ્રાપ્તિરીતિ,
૧૩૮ બુદ્ધિગુણ સમુચ્ચયો,
૧૩૯ મધ્યમ સિદ્ધપ્રભા-વ્યાકરણ,
૧૪૦ મહાનિશીથ લઘુ-અવચૂરિ;
૧૪૧ મહાવ્રત વિચાર,
૧૪૨ મહાવ્રત પ્રકરણ.
૧૪૩ મંગલ વિચાર,
૧૪૪ મંગલાદિ વિચાર,
૧૪૫ માસકલ્પસિદ્ધિ,
૧૪૬ મૂર્તિ મીમાંસા,
૧૪૭ મૂર્તિસ્થાપના,
૧૪૮ મોક્ષ પંચવિંશતિકા,
૧૪૯ મૌનષટત્રિંશિકા,
૧૫૦ યજ્ઞે હિંસા વિચાર,
૧૫૧ યથા ભદ્રકધર્મસિદ્ધિ,
૧૫૨ રાત્રિભોજન પરિહાર,
૧૫૩ રાત્રૌ ચૈત્યગમનં,
૧૫૪ લઘુતમ નામકોષ,
૧૫૫ લઘુસિદ્ધપ્રભાવ્યાકરણ.
૧૫૬ લુંપકકૌટિલ્ય,
૧૫૭ લોક વાર્તાસમુચ્ચય,
૧૫૮ લોકાચાર,
૧૫૯ લોકોત્તર તત્વ-દ્વાત્રિંશિકા.
૧૬૦ લોપકપાટી શિક્ષા
૧૬૧ વર્તમાનતીર્થસ્તવ,
૧૬૨ વર્દ્ધાપન,
૧૬૩ વિધિ વિચાર,
૧૬૪ વિવાહચર્યા.
૧૬૫ વિંશતિવિંશિકા-દીપિકા-ભા-૧
૧૬૬ વિંશતિવિંશિકા-દીપિકા-ભા-૨
૧૬૭ વિંશતિવિંશિકા-દીપિકા-ભા-૩
૧૬૮ વીતરાગત્વ વિરોધ-સમાધાન,
૧૬૯ વીરદેશના,
૧૭૦ વીરવિવાહ વિચાર,
૧૭૧ વેસમાહપ્પ,
૧૭૨ વ્યવહારપંચક,
૧૭૩ વ્યવહાર સિદ્ધિ-ષટત્રિંશિકા,
૧૭૪ વ્યવહાર રાશિ,
૧૭૫ શમસ્વરૂપ પંચાશિકા,
૧૭૬ શરણ ચતુષ્ક,
૧૭૭ શાસ્ત્રવાર્તા પરિશિષ્ટ,
૧૭૮ શિષ્ટક્રિયા,
૧૭૯ શિષ્ટ શતકાદિ,

૧૮૦ શિક્ષાક્રમ.
૧૮૧ શિષ્ય નિષ્ફેટિકા સ્વરૂપ
૧૮૨ શ્રમણ ધર્મસહસ્ત્રી,
૧૮૩ શ્રમણ શ્રાદ્ધદિનચર્યા,
૧૮૪ શ્રમણો ભગવાન્ મહાવીર,
૧૮૫ શ્રાવક ષટ્કૃત્ય વર્ણન,
૧૮૬ શ્રુતશીલ ચતુર્ભંગી
૧૮૭ ષોડશકાલોક
૧૮૮ સચેલધર્માષ્ટક,
૧૮૯ સત્સંગવર્ણન,
૧૯૦ સદ્ધર્માષ્ટક,
૧૯૧ સમવસરણયંત્રક,
૧૯૨ સમીપાર્શ્વનાથ સ્તવ,
૧૯૩ સમ્યક્ત્વભેદ- તત્વાષ્ટ ત્રિંશિકા,
૧૯૪ સમ્યક્ત્વભેદ નિર્ણય,
૧૯૫ સમ્યક્ત્વષોડશિકા,
૧૯૬ સલ્લક્ષણાનિ,
૧૯૭ સંઘાચાર.
૧૯૮ સંહનનાનિ.
૧૯૯ સામાયિકેર્યા- સ્થાન નિર્ણય.
૨૦૦ સાંવત્સરિક નિર્ણય.
૨૦૧ સિદ્ધગિરિમહિમા,
૨૦૨ સિદ્ધગિરિરાજાષ્ટક,
૨૦૩ સિદ્ધગિરિસ્તવ
૨૦૪ સિદ્ધપ્રભાવ્યાકરણ
૨૦૫ સિદ્ધપ્રાભૃત વ્યાખ્યા,
૨૦૬ સિદ્ધષટ્ત્રિંશિકા,
૨૦૭ સિયવાઓ.
૨૦૮ સુખદુઃખવેદન,
૨૦૯ સૂતક નિર્ણય પંચ- વિંશતિકા,
૨૧૦ સૂર્યોદય સિદ્ધાન્ત.
૨૧૧ સૌખ્ય (સાંખ્ય)ષોડશિકા
૨૧૨ સ્તવનાદ્રિસાહિત્ય,
૨૧૩ સ્ત્રીપૂજા નિર્ણય,
૨૧૪ સ્થાપનાચાર્ય- દ્વાત્રિંશિકા,
૨૧૫ સ્થાપના વિચાર,
૨૧૬ સ્થાપના સિદ્ધિ,
૨૧૭ સ્થાપના સિદ્ધિ ષષ્ટિકા,
૨૧૮ સ્થાપના સિદ્ધિ ષોડશિકા,
૨૧૯ સ્યાદ્વાદદ્વાત્રિંશિકા.
૨૨૦ હરિભદ્રસૂરિસમય દીપિકા-
૨૨૧ હિંસકત્વાહિંસકત્વે,
૨૨૨ તત્ત્વાર્થ સંક્ષિપ્ત ટીપણ



અરૂણોદય પ્રીન્ટીંગ પ્રેસ ખારગેટ ભાવનગર. ☎ ૨૪૯૮૫